આત્મ તત્ત્વ વિચાર

[પ્રથમ ભાગ]



* લેખક *

પ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ

વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

નમો જિણાણં ।

શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા

પુષ્પ ૩૯ મું

આત્મતત્ત્વવિચાર

[પ્રથમ ભાગ]

[પાંચમી આવૃત્તિ]

– વ્યાખ્યાતા –

બહુશ્રુત વ્યા. વા. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક

દક્ષિણુદીપક દક્ષિણુદેશોદ્ધારક જૈનાચાર્ય

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

卐

: સંગ્રાહક :

કવિકુલતિલક શતાવધાની પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરિજી મહારાજ

卐

—: સંપાદક :—

શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાનમંદિર ફ્રેર૮
મુંબઇ ૨૮ દાદર B. B.

વિ. સં. ૨૦૩૦
વી. સં. ૨૫૦૦
ઇ. સ. ૧૯૭૪

આત્મતત્ત્વવિચાર ભાગ ૧-૨

ગુજરાતી	પ્રથમાવૃત્તિ	નકલ ૨૦૦૦
ગુજરાતી	દ્વિતીયાવૃત્તિ	નકલ ૨૦૦૦
ગુજરાતી	તૃતીયાવૃત્તિ	નકલ ૨૦૦૦
ગુજરાતી	ચોથી આવૃત્તિ	નકલ ૨૦૦૦
ગુજરાતી	પાંચમી આવૃત્તિ	નકલ ૧૦૦૦
હિન્દી	પ્રથમાવૃત્તિ	નકલ ૨૦૦૦
અંગ્રેજી	પ્રથમાવૃત્તિ	નકલ ૨૦૦૦
		૧૩૦૦૦

કિંમત ૬ રૂપિયા

મળવાનું સ્થાન :
શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાનમંદિર, ૬ જ્ઞાનમંદિર રોડ
મુંબઇ ૨૮ દાદર B. B.

મુદ્રક :
ભાનુચંદ્ર નાનચંદ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ
પાલીતાણા (ગુજરાત)



દક્ષિણ દેશોદ્ધારક પરમ પ્રભાવક પૂ. પાદ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરિશ્વરજી મહારાજ

પૂ૦ પાદ આચાર્યદેવ

શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું

જીવન–દર્શન

જૈન સમાજમાં ભાગ્યે જ કોઇ એવું હશે કે જે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનાં નામથી પરિચિત નહિ હોય ? પ્રતિભાશાળી વ્યક્તિત્વ, ગૌરવર્ણ, ભવ્ય મુખાકૃતિ અને ચમકતાં નયનોને લીધે તેઓ પ્રથમ દર્શને જ સહુનું આકર્ષણ કરે છે.

તેમની વાણીમાં મધુરતા છે, તે સાથે સૌજન્ય તથા સહૃદયતાનો પણ સુંદર યોગ છે. વળી તેમનું હૃદય સાધુજનોચિત સરલતા, ઉદારતા અને પ્રસન્નતાથી પૂર્ણ ભરેલું છે, એટલે તેમનો થોડો સહવાસ પણ આગંતુકના મન પર ભારે અસર કરનારો નીવડે છે.

આજે અગણોતેર–૬૯ વર્ષનું વય હોવા છતાં તેઓ એક યુવાન જેવો ઉત્સાહ ધરાવે છે. અને શાસન સેવાનાં કાર્યોમાં નિરંતર મચ્યા રહે છે.

તેમનું વકતૃત્વ અત્યંત પ્રભાવશાળી છે. તે કઠોરતાને કોમલતામાં પલટી શકે છે, કૃપણતાને ઉદારતામાં ફેરવી શકે છે અને કુટિલતાનું સરળતામાં પરિવર્તન કરી શકે છે. ભારતવર્ષના લાખો લોકોએ તેમને સારી રીતે સાંભળ્યા છે, અને તેમાંથી તેમણે જીવન સુધારણાની પ્રબળ પ્રેરણા મેળવેલી છે. તેમણે છેલ્લાં પચીશ વર્ષમાં આચાર્યપદને અત્યંત શોભાવ્યું છે.

મનોહર માલવ દેશમાં આવેલી જાવરા તેની જન્મભૂમિ. તેમના પિતાનું નામ મૂળચંદભાઇ, માતાનું નામ ધાપુબાઇ, જન્મ સંવત ૧૯૫૩. જ્ઞાતિએ ઓસવાલ, તેમનું મૂળ નામ દોલતરામ. તેમને છ-સાત વર્ષે મોટાં રાજકુંવર નામના એક બહેન હતાં.

તેમની બાલ્યાવસ્થામાં પિતાએ ધંધાર્થે બીકાનેરમાં કાયમનો વસવાટ કર્યો, પરંતુ તેઓ ત્યાં લાંબો સમય જીવ્યા નહિ. માતા પણ લગભગ એજ અરસામાં મરણ પામ્યા. આથી તેઓ મામાને ત્યાં ઉછરીને મોટા થયા.

તેઓ સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા હતા અને કટ્ટર સ્થાનકવાસીને ત્યાં ઉછર્યા હતા, એટલે તેમનાં મન પર મૂર્તિપૂજાની વિરૂદ્ધ સંસ્કારો પડ્યા હતાં, પરંતુ સોળ વર્ષની ઉમરે પૂજ્ય આત્મારામજી મહારાજકૃત સમ્યક્ત્વ શલ્યોદ્ધાર નામનો ગ્રંથ વાંચવામાં આવ્યો અને તેમનાં અંતર્ચક્ષુ ખુલી ગયાં. મૂર્તિપૂજા શાસ્ત્રસિદ્ધ વસ્તુ છે, એ વાત તેમનાં સમજવામાં આવી ત્યારથી તેઓ નિત્ય જિન મન્દિરે જઇ પ્રભુદર્શન કરવા લાગ્યા તે સાથે તેમણે નમસ્કાર મહામંત્રની ત્રિકાલ ગણના કરવા માંડી.

થોડા વખત બાદ કારણ પ્રસંગે દિલ્હી જવાનું થયું. ત્યાં જિન મંદિરે દર્શન કરવા જતાં એક હસ્તપત્ર વાંચ્યું કે આજે 'રામા થિયેટરમાં મુનિશ્રી લબ્ધિવિજયજીનું (સ્વ. પૂ. આચાર્ય વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.) જાહેર વ્યાખ્યાન છે.' એટલે તેઓ એ વ્યાખ્યાન સાંભળવા રામા થિયેટરમાં ગયા. એ વ્યાખ્યાને તેમના દિલ-દિમાગપર અદ્‌ભૂત અસર કરી અને તેઓ વૈરાગ્ય રંગે પૂરા રંગાયા.

મુનિશ્રી લબ્ધિવિજયજી કે જે પાછલા જીવનમાં જૈનરત્ન કવિકુલકીરિટ વ્યાખ્યાન-વાચસ્પતિ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તરીકે ખ્યાતિ પામ્યા. તેઓ મનુષ્યની પરીક્ષા કરવામાં

ઘણા ચતુર હતા. તેમણે આ રત્નને તરત પારખી લીધું. દોલતરામે પણ ભયાનક ભવાટવીને પાર કરવા માટે તેમના પગ પકડી લીધા. અમારૂં તો એ દૃઢ માનવું છે કે મનુષ્યનો પ્રબળ પુણ્યોદય હોય તો જ તેને સદ્‌ગુરૂની પ્રાપ્તિ થાય છે.

ઘણાં વખત સુધી ગુરૂદેવ પાસે રહીને ધાર્મિક અભ્યાસ કર્યો. તેમાં વૈરાગ્યનો વિશેષ રંગ ચડતો જ ગયો. આખરે સં. ૧૯૭૧ માં સિકંદરાબાદ આમ્રા ખાતે તેમણે ભવતારિણી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને મુનિશ્રી લક્ષ્મણવિજયજી બન્યા.

તેમની સ્મરણશક્તિ સતેજ હતી, વળી દિલમાં વિદ્યાર્જનનો અનેરો ઉમંગ હતો, એટલે શાસ્ત્રાભ્યાસ સારી રીતે થવા લાગ્યો. તેઓ ધર્મશાસ્ત્ર ઉપરાંત વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ તથા મંત્રશાસ્ત્રમાં પણ પ્રવીણ થયા. તે સાથે તેમણે ઉપદેશ આપવાની કળા પણ હસ્તગત કરી. તેમાં ખૂબી એ હતી કે વિષય ગમે તેવો કઠીન હોય તો પણ તેને સરલ-સુગમ્ય બનાવી દેવો. તેમણે થોડાં વર્ષ પહેલાં મુંબઇમાં આત્મા, કર્મ અને ધર્મ પર જે વ્યાખ્યાનો આપ્યાં હતાં અને જે આજે '**આત્મતત્ત્વવિચાર**' ના બે ભાગ રૂપે પ્રગટ થયેલાં છે, તે આ વસ્તુનું પ્રબળ પ્રમાણ પૂરૂં પાડે છે.

તેઓશ્રીના ગુરૂદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે તેમને સં. ૧૯૯૧ માં ગણીપદ, સં. ૧૯૯૨ માં પંન્યાસપદ અને ૧૯૯૩ માં ચૈત્ર વદિ ૫ ને રોજ આચાર્યપદ અર્પણ કર્યું. એ વખતે પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી ગંભીરવિજયજી મહારાજને પણ આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા હતા અને પદવી સ્થાનનાં સ્થળે અર્થાત્ શિહોર (સૌરાષ્ટ્ર) શહેરમાં આઠ દિવસ સુધી ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. તે દિવસથી જૈનાચાર્ય શ્રીમદ્ **વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ** તરીકે પ્રસિદ્ધ થયા અને આજે તો એ નામ હજારો હોઠે ચઢી ખૂબ જ લોકપ્રિય બની ગયું છે.

પૂજ્ય આચાર્યશ્રીએ સૂરિમંત્રની પાંચે પીઠો સિદ્ધ કરેલી છે. તેમાં પહેલી અને બીજી પીઠ રોહીડા રાજસ્થાનમાં સિદ્ધ કરેલી છે, ત્રીજી અને ચોથી પીઠ અંધેરી મુંબઇમાં સિદ્ધ કરેલી છે અને પાંચમી પીઠ મુંબઇમાં નિપાણીના ચાતુર્માસમાં સોળ આયંબીલ પૂર્વક મૌન પાળી સ્ત્રીનું મુખ જોયા વિના સિદ્ધ કરેલી છે. તેનો જ એ પ્રભાવ છે કે તેમણે ચિંતવેલું દરેક કાર્ય સિદ્ધ થાય છે અને લોકો પર તેમનો અજબ પ્રભાવ પડે છે.

સૂરીશ્વરજીનું વ્યક્તિત્વ વિરલ છે. લાખો મનુષ્યમાં ભાગ્યે જ જોઇ શકાય તેવું છે. તેમનામાં પાંડિત્યનો પ્રકાશ છે, મુત્સદ્દીની કુનેહ છે, સાધુતાની સુવાસ છે, ધર્મપ્રચારની ધગશ છે, અને સહુથી મોટી વાત એ છે કે તેઓ જ્યાં જાય ત્યાં નાના કે મોટાં, સ્ત્રી કે પુરુષ, શિક્ષિત કે અશિક્ષિત સહુ કોઇનું પોતાના તરફ આકર્ષણ કરી શકે છે. વ્યાખ્યાન પ્રસંગે તેમની વાણી જાહ્નવીના પવિત્ર પ્રવાહની જેમ અસ્ખલિત વહ્યા કરે છે. તેમાં સિદ્ધાંતનું છટાદાર નિરૂપણ હોય છે. હેતુ અને યુક્તિઓનું પ્રૌઢ પ્રતિપાદન હોય છે અને વીર, અદ્‌ભૂત, હાસ્ય, કરુણ, ભયાનક આદિ રસોથી ભરેલા વિવિધ દૃષ્ટાંતોની કલામય રજૂઆત પણ હોય છે. મદારી મોરલી વગાડીને મૃગ સમૂહને મુગ્ધ કરી શકે છે, તેમ સૂરીશ્વરજી પોતાની અસાધારણ વકતૃત્વકલા છેડીને મોટા મોટા માનવ સમૂહને ડોલાવી શકે છે અને તેમને મંત્ર-મુગ્ધ બનાવી શકે છે. તેમનો વ્યવહાર ઉદાર છે અને મિજાજ આનંદી છે, તેથી સહુની પાસેથી સારી રીતે કામ લઇ શકે છે.

રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું અને લોકોને ધર્મ પમાડવો એ નિર્ગ્રંથ સૂત્રનું આચાર્યશ્રીએ પૂરી ચીવટથી પાલન કર્યું છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, માળવા, મધ્ય પ્રાંત, મહારાષ્ટ્ર, આંધ્ર અને તામીલનાડની ભૂમિ તેમના પગલે પાવન બની છે અને ત્યાંના હજારો સ્ત્રી પુરૂષોએ તેમનાં દર્શન, સહવાસ તથા વ્યાખ્યાન શ્રવણથી

કૃતાર્થતા અનુભવી છે. આજ સુધી તેમણે લગભગ વીસ હજાર માઇલનો પગપાળા પ્રવાસ કર્યો છે.

પૂજ્યશ્રીના ઉપદેશથી હજારો માણસોએ જીવહિંસા છોડેલી છે. મ્હૈસુર સ્ટેટમાં સંખ્યાબંધ ગામોમાં વર્ષના અમુક દિવસ કતલખાનાઓ બંધ થયેલાં છે અને સંખ્યાબંધ મનુષ્યોએ જૂગાર, ચોરી, સુરાપાન તથા વ્યભિચારને કાયમ માટે તિલાંજલી આપેલી છે. વળી તેમના ઉપદેશથી અનેક જિન મંદિરોની પ્રતિષ્ઠા થયેલી છે, સંઘો નીકળેલા છે, ઉપાશ્રયો, પાઠશાળાઓ, જ્ઞાનમંદિરો તથા આયંબિલ ખાતાઓ સ્થપાયેલાં છે અને સાધર્મિક ભક્તિ તથા માનવ રાહતનાં કાર્યો થયેલાં છે. અનેક આત્માઓએ જેમના ઉપદેશથી દીક્ષા અંગીકાર કરી છે.

પૂજ્યશ્રીનાં પ્રવચનનો પ્રભાવ એવો છે કે જ્યાં બસો–પાંચસો રૂપિયા થવાની ધારણા હોય ત્યાં હજારો રૂપિયાની રકમ ભરાય છે અને જ્યાં હજાર બે હજારની આશા રાખી હોય ત્યાં આંકડો લાખ પર પહોંચે છે.

તેઓ જ્ઞાન અને ક્રિયા ઉભયનો પ્રચાર કરવામાં માનનારા છે તેથી તેમના હાથે સાહિત્ય પ્રકાશન સારા પ્રમાણમાં થયું છે અને શાન્તિસ્નાત્રો, ઉપધાનતપ તથા ઉજમણાં વગેરે પણ ખૂબ થયેલાં છે.

તેમનાં પ્રવચનો ઉપાશ્રયો ઉપરાંત શાળાઓ, વિદ્યાલયો (કોલેજો); થિયેટરો, તથા ટાઉન–હોલોમાં પણ થતાં રહ્યાં છે અને તેના પરિણામે હજારો હૈયાંનો પલટો થયો છે. તેઓ મુમુક્ષુઓએ પુછેલા ગમે તેવા કૂટ પ્રશ્નોના ઉત્તરો ખૂબ શાંતિપૂર્વક આપે છે અને તેથી અનેક મુમુક્ષુઓ અનેક વાર તેમની પાસે આવતાં રહે છે.

તેમના ઉપદેશથી મ્હૈસુર નરેશ, ભાવનગર નરેશ, જામનગર નરેશ, ધ્રાંગધ્રા નરેશ, નાભા નરેશ, સાંગલી નરેશ, મીરજ નરેશ, દેલવાડા નરેશ, વગેરે રાજવીઓ તથા ચક્રવર્તી રાજગોપાલાચારી, મદ્રાસ રાજ્યના રીલીજિયન અને એન્ડોમેન્ટ ખાતાના પ્રધાન શ્રી

વેંટક સ્વામી નાયડુ, મદ્રાસ રાજ્યના ડેપ્યુટી સ્પીકર, શ્રી ભક્ત-વત્સલમ, મદ્રાસ રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી યુ. કૃષ્ણારાવ, મ્હૈસુર રાજ્યના મુખ્ય મંત્રી શ્રી હનુમંતય્યા, મ્હૈસુર કોંગ્રેસના પ્રમુખ શ્રી ચન્નૈયા, મ્હૈસુર રાજ્યના વિદ્યામંત્રી એ. જી. રામચંદ્રરાવ, ભારત સરકારના ઉદ્યોગ પ્રધાન શ્રી કે. સી. રેડ્ડી, શ્રી ગોપાલ રેડ્ડી, મેજર જનરલ કરિઅપ્પા વગેરે જૈન ધર્મ પ્રત્યે સદ્‌ભાવવાળા બન્યા છે. આ રીતે સહવાસમાં આવીને જૈન ધર્માનુરાગી બનેલા નાના અધિકારીઓ, વકીલો અને શિક્ષકો વગેરેની સંખ્યા ઘણી મોટી છે. તેઓ વર્ષમાં પ્રાયઃ એક વખત તેમનાં દર્શને આવે છે અને કૃતાર્થ થાય છે. મહારાષ્ટ્રના ગવર્નર શ્રી શ્રીપ્રકાશ પણ તેમની ઓજસ્વી વ્યાખ્યાન શૈલિથી અત્યંત પ્રભાવીત થયા હતા.

પૂજ્યશ્રી ઉદારતા, મધ્યસ્થતા, ખુશમિજાજ આદિ અનેક ગુણોથી અલંકૃત છે અને એક સમર્થ જૈનાચાર્યની ખ્યાતિ ધરાવે છે. અનેક નગરની નગરપાલિકાઓએ તથા અગ્રેસરોએ તેમને સન્માન-પત્ર અર્પણ કરેલા છે અને ભાવભરી અંજલિઓ સમર્પિત કરેલી છે. વળી તેમણે દક્ષિણમાં દૂર સુધી વિચરીને જે ભવ્ય લોકોપકાર કર્યો તે માટે તેમને દક્ષિણ દીપક અને દક્ષિણ દેશોદ્ધારકની પદવીઓ અર્પણ થયેલી છે.

વક્તા વિદ્વાન્ હોય, વિમલચારિત્ર–વિભૂષિત હોય અને વક્તૃત્વ–કલા–વિશારદ હોય ત્યાં ચમત્કારિક પરિણામો આવે એમાં આશ્ચર્ય શું ? ચારિત્રનાયકની દેશનાએ અનેક હિંસકોની હિંસા છોડાવી, અનેક જૂઠાઓને સાચું બોલતાં કર્યા, અનેક ચોરોને પ્રામાણિક જીવન જીવતાં શીખવ્યું, અનેક વિષયલંપટોને સન્માર્ગે આણ્યા, અનેક વ્યસનીઓને વ્યસનમાંથી મુક્ત કર્યા અને જ્યાં કલેશ, કંકાસ તથા કુસંપની હોળીઓ સળગી રહી હતી, ત્યાં શાંતિ, સમતા અને સંપના ફુવારા ઉડતા કર્યા. આ બધાનું વિગતવાર વર્ણન કરવાનો અહીં અવકાશ નથી, એટલે તેનું દિગ્‌દર્શન માત્ર એક જ પ્રસંગથી કરાવીશું.

વિ. સં. ૧૯૯૦-૯૧ ની આસપાસનો ઉત્તર ગુજરાતનો આ પ્રસંગ છે. ચાણસ્માના શ્રાવકોએ વિનંતિ કરી કે 'ગુરુદેવ! અહીંથી થોડે દૂર રામપુર નામનું ગામ છે, જ્યાં ચોરોના સવાસો જેટલાં ઘર છે. તેઓ લૂંટફાટ ખૂબ કરે છે અને પ્રજાને રંજાડવામાં બાકી રાખતા નથી. જો તેમને આપનો ઉપદેશ લાગે તો કામ થઇ જાય, માટે આપ કૃપા કરીને તેમને ઉપદેશ આપો.'

ચરિત્રનાયકે આ વિનંતિનો તરત જ સ્વીકાર કર્યો અને થોડા શ્રાવકો સાથે તેઓ રામપુર ગયા. ત્યાં લોકોએ તેમનું સ્વાગત કર્યું અને ઉપદેશ સાંભળવાની ઇચ્છા પ્રકટ કરી. ચરિત્રનાયકે તેમને સાદી અને સરળ ભાષામાં મનુષ્ય તરીકેનું કર્તવ્ય સમજાવ્યું અને હિંસા, જૂઠ, ચોરી, બદમાસી વગેરે છોડી દેવા પર ખાસ ભાર મૂક્યો. આ ઉપદેશની ભારે અસર લોક, પચીસ માણસોએ ત્યાં જ ઊભા થઇને પ્રણામપૂર્વક જણાવ્યું કે 'ગુરુમહારાજ, આજથી અમે હિંસા કરવાનું છોડી દઇએ છીએ, માંસમદિરા વાપરવાનું બંધ કરીએ છીએ તથા ચોરી નહિ કરવાનો નિર્ણય કરીએ છીએ. તે માટે અમને પ્રતિજ્ઞા કરાવો.' એટલે ચરિત્રનાયકે તેમને પ્રતિજ્ઞા આપી અને આ રીતે સારાં કામની પહેલ કરવા માટે અભિનંદન પણ આપ્યા. તે વખતે પેલા માણસોએ કહ્યું: 'બાપજી! નજીકમાં સુણસર ગામ છે, ત્યાં ચોરોનાં ચારસો ઘર છે. તેમને પણ આપ ઉપદેશ આપો. અમે આપની સાથે ચાલીશું.' એટલે ચરિત્રનાયક થોડા શ્રાવકો તથા ગામલોકો સાથે સુણસર પધાર્યા.

લોકોને ખબર પડી કે કોઈ મોટા મહાત્મા પધાર્યા છે, એટલે તેઓ ઢોલ-નગારા લઇને સામે આવ્યા અને ઉમળકાથી સ્વાગત કરતાં કહેવા લાગ્યા: 'મહારાજ! આપે મોટી મહેરબાની કરી આપ અહીં પધાર્યા, તેથી અમને ઘણો આનંદ થયો. હવે આપ ઘોડા પર બિરાજો અને ગામમાં પધારો.' અને તેમણે એક સુંદર શણગારેલો ઘોડો હાજર કર્યો.

ચરિત્રનાયકે કહ્યું: 'અમે હાથી-ઘોડા પર બેસતા નથી, પગે ચાલીને જ બધે જઇએ છીએ અને લોકોને બે શબ્દો સંભળાવીએ છીએ.'

આથી બધા લોકો ખુશ થયા અને તેમના સારા શબ્દો સાંભળવા માટે એક વિશાળ વૃક્ષની છાયામાં બેસી ગયા. ગામના નાના-મોટા તમામ માણસોએ તેમાં હાજરી આપી. જેવી સભા તેવું વ્યાખ્યાન, જેવું મોં તેવું ટીલું. શ્રોતાઓ સમજી શકે તેવું નહિ બોલવાથી મહાપંડિત કુમુદચંદ્ર-જે પાછળથી શ્રી સિદ્ધસેન દિવાકરના નામથી પ્રસિદ્ધ થયા તે-વૃદ્ધવાદી આચાર્ય સાથેના વિવાદમાં હારી ગયા હતા. તે બીના ઇતિહાસપ્રસિદ્ધ છે. તેથી ચરિત્રનાયકે ગામલોકો સમજી શકે તેવી ભાષામાં ઉપદેશ આપ્યો ને જણાવ્યું કે 'જીવહિંસા કરવી નહિ. જેવો આપણો જીવ તેવો બીજાનો જીવ. જૂઠું બોલીને કોઇને ફસાવવા નહિ. આપણે બીજાને ફસાવીએ તો બીજા આપણને ફસાવે. ચોરી મુદ્દલ કરવી નહિ, કોઇનું ઘર ફાડીએ, કોઇની દુકાન તોડીએ, કોઇ વટેમાર્ગુને લૂંટી લઇએ કે કોઇના ઢોર-ઢાંખર તગડી લાવીએ તો આપણને તેમનો શાપ લાગે અને પાપનાં પોટલાં બંધાય. એનો ભારે દંડ ભોગવવો પડે. હાથે પગે લૂલાં થઇએ, બૈરી માંદી પડે કે છોકરો મરી જાય અને આવતા ભવે નરકમાં જવું પડે તે જુદું.'

આ ઉપદેશની જાદુઇ અસર થઇ. ગામના આગેવાનોએ ઊભા થઇને જણાવ્યું કે 'પૂજ્ય મહારાજશ્રીનાં માનમાં એક મહિના સુધી કોઇએ જીવહિંસા કરવી નહિ.' રોજ બસો બસો જનાવરોના શિકાર કરનારાઓએ આ રીતે જીવહિંસા છોડી દીધી અને તેમાંનાં દશ જણા તો એવા નીકળ્યા કે જેમણે જીવનભર હિંસા ન કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. વળી તેમાંનાં કેટલાકે મદિરાપાનનો ત્યાગ કર્યો અને ચોરીના ધંધાને સદાને માટે તિલાંજલી આપી તે વખતે એક જણે ઊભા થઇને કહ્યું: 'મહારાજ! હિંસા તો આજથી જ બંધ

પણ લેવાદેવાની છૂટ ! જો એમ ન કરીએ તો અમારાં બૈરાંછોકરાં ખાય શું ? '

ચરિત્રનાયકે તેના મનનું સમાધાન કર્યું : જો સાચા માણસ થવું હોય તો ચોરી છોડયે જ છૂટકો. જેઓ ચોરી નથી કરતા તે શું ખાય છે ? શું તેમનાં બૈરાંછોકરાં ભૂખે મરી જાય છે ? માટે એક જ વાત રાખો કે કામ કરીને ખાવું. હરામનું–ખાવાની દાનત રાખવી નહિ.

આ જવાબથી તેમના મનનું સમાધાન થયું. અને તેમણે હિંસાની સાથે ચોરીના ધંધાનો પણ ત્યાગ કર્યો.

પછી સુણસરના ચોરોએ ડાભેડાના ચોરોને જણાવ્યું કે હવે અમે ગુરુના ઉપદેશથી સુધરી ગયા છીએ. અને જીવહિંસા કરવાનું તથા ચોરી કરવાનું છોડી દીધું છે. માટે તમે પણ જીવહિંસા બંધ કરો અને ચોરી કરવાની છોડી દો. નહિ તો તમારો અને અમારો સંબંધ તૂટી જશે.

આ અરસામાં પૂ૦ ગુરુદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ત્યાં પધાર્યા અને તેમણે એ ચોરોને સારી રીતે ઉપદેશ આપ્યો, એટલે તેમણે પણ જીવહિંસા છોડી દીધી અને ચોરીના ધંધાને તિલાંજલી આપી.

આ રીતે ગુરુ–શિષ્યના ઉપદેશથી ચોરોના ત્રણ ગામ સુધરી ગયા.

વિશેષ જિજ્ઞાસુઓને દક્ષિણમાં દિવ્યપ્રકાશ નામનો વિશાળ ગ્રંથ જોવા ભલામણ છે.

તેઓશ્રી જૈન શાસનની જવલંત પ્રભાવના કરી ૨૦૨૮માં દાહર આ૦ ક૦ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં અપૂર્વ સમાધિપૂર્વક ફા. વદ ત્રોમની રાત્રે ૪–૩૦ કલાકે સ્વર્ગે સીધાવ્યા. એક ભકતે રૂા. ૨૫૦૦૦) ની ઉછામણીથી અગ્નિસંસ્કાર કર્યો હતો. અને તેઓશ્રીની પાછળ અનેક સ્થળે ભવ્ય મહોત્સવો ઉજવાયા હતા.

卐 સંપાદકીય 卐

'આત્માની પ્રતીતિ થયા વિના, તેમજ કર્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા પ્રકટ્યા વિના ધર્મનું યથાર્થ આરાધન થઈ શકે નહિ, તેથી હું છેલ્લા કેટલાક વર્ષથી આત્મા, કર્મ અને ધર્મ વિષે વ્યાખ્યાનો આપી રહ્યો છું. એને હું પાયાનું શિક્ષણ માનું છું. લોકોને એ વ્યાખ્યાનો સાંભળવામાં રસ પડે છે અને તેનું સુંદર પરિણામ આવે છે.

આ શબ્દો દક્ષિણુદીપક દક્ષિણુદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણુસૂરીશ્વરજી મહારાજના મુખમાંથી સરકી પડયા હતા અને તે મેં કાનોકાન સાંભળ્યા હતા. લોકભાષામાં સરલ શૈલિએ ઉપદેશ આપવો એ આપણી પ્રાચીન પવિત્ર પરંપરા! તેનું આ રીતે પાલન થતું જોઈને કોને આનંદ ન થાય?

મેં તેમની વ્યાખ્યાનસભાઓ જોઈ છે અને વ્યાખ્યાનો સાંભળ્યા છે. તેમાં કઠિન વિષયને સરલ બનાવવાની અદ્ભુત કલા રહેલી છે, તેમજ પ્રાસંગિક દૃષ્ટાંતો અને કથાઓ રજૂ કરવાની અનોખી શૈલીનાં દર્શન થાય છે. શ્રોતાઓનું તે ભારે આકર્ષણ કરે છે અને તેથી સામાન્ય દિવસોમાં પણ એ સભાઓ પર્યુષણ પર્વની સભાઓ જેવું સ્વરૂપ ધારણ કરે છે!

તેમના આ વ્યાખ્યાનોની રીતસર નોંધ થઇ એ સમાજનું સદ્ભાગ્ય! આ નોંધના આધારે જ એ વ્યાખ્યાનો વ્યવસ્થિત અક્ષર-દેહ ધારણ કરી મુમુક્ષુઓની સમક્ષ આવી રહ્યાં છે અને તેમને અનેરો આનંદ આપી રહ્યાં છે.

તેમના ઉત્સાહી શિષ્યરત્ન કવિકુલતિલક શતાવધાની પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિએ (હાલ આચાર્ય શ્રી વિજય કીર્તિચંદ્રસૂરિજી) જો દીર્ઘદૃષ્ટિ દોડાવી એ નોંધોનો સંગ્રહ ન કર્યો હોત તો આ કામ ભાગ્યે જ બની શકયું હોત, એટલે આ ગ્રંથપ્રકાશનના શ્રેયમાં તેમનો ફાળો અગત્યનો છે

શ્રી હરકીશનદાસ ઝવેરી-પાર્લાવાળાએ આ વ્યાખ્યાનો લખવામાં સારો એવો પરિશ્રમ ઉઠાવેલો છે, તેમને પણ આ પ્રસંગે કેમ ભૂલાય ?

સંગ્રહિત નોંધોને વ્યવસ્થિત કરવાનું કામ સં. ૨૦૧૫ના મુંબઈ-કોટ ચાતુર્માસમાં મને સોંપાયું. એને હું મારું અહોભાગ્ય સમજું છું. એ કાર્ય મેં નિષ્ઠાપૂર્વક પૂરા પરિશ્રમથી કર્યું છે અને તેમાં મને ઘણો આનંદ આવ્યો છે. મેં આ વ્યાખ્યાનોના વિષયો ગોઠવ્યા છે, આગળ-પાછળ કહેવાયેલી હકીકતોને ક્રમબદ્ધ કરી છે અને કેટલીક જગાએ સંસ્કરણ પણ કર્યું છે, પરંતુ એમ કરતાં તેમની શૈલી કે તેમના કહેવાના આશયને બાધ ન આવે તેની પૂરતી કાળજી રાખી છે. ઉપરાંત પાઠકોને વિષય સમજવામાં સરલતા પડે તે માટે કેટલીક નોંધો પણ આપી છે.

આ વ્યાખ્યાનોનો મુખ્ય વિષય આત્મતત્ત્વ છે અને તેનાં અનુસંધાનમાં જ કર્મ અને ધર્મનો વિચાર કરવામાં આવ્યો છે, એટલે **'આત્મતત્ત્વવિચાર'** એ નામ સાર્થક છે. હું આશા રાખું છું કે ભૌતિકવાદની ભ્રમણામાં પડેલા અનેક મનુષ્યને તે અધ્યાત્મનો ઉમદા સંદેશો આપશે અને તેમના જીવનમાં વિકાસની કુંકુમપગલીઓ પાડશે.

તા. ૨૪-૭-૬૦
મુંબઈ

સંઘસેવક,
ધીરજલાલ ટોકરશી શાહ

* પ્રસ્તાવના *

લેખક—
[પ્રોફેસર શ્રી ઘનશ્યામ જોષી M.A.]

કોઇપણ ગ્રંથની પ્રસ્તાવના લખવા માટે પ્રસ્તુત ગ્રંથનો યથાર્થ અભ્યાસ આવશ્યક છે. સદ્ભાગ્યે પ્રસ્તુત ગ્રંથરત્નનું અંગ્રેજી ભાષાંતર કરવાનું કાર્ય મને સોંપવામાં આવ્યું અને તેથી ગ્રંથનું બહિરંગ અને અંતરંગ નિરૂપણ કરી મૂળ ભાવનાને યથોચિત્ત સમજી અંગ્રેજી ભાષા દેહનિરૂપણ કાર્ય કરતાં કરતાં મને આ ગ્રંથનું પરિશીલન કરવાનો અવસર સદ્ભાગ્યવશાત્ પ્રાપ્ત થયો.

સમુદ્ર રત્નાકર છે, મરજીવાની શક્તિ પર તેનાં રત્નોનો લાભ આધાર રાખે છે, તેમ આ 'આત્મતત્ત્વવિચાર' મહાગ્રંથરત્નની પ્રસ્તાવના લખવાનું કાર્ય પરિશીલકની સહૃદયતા સુપાત્રતા પર આધાર રાખે છે.

અદ્યતન પશ્ચિમના તત્ત્વચિંતકો બુદ્ધિથી પર પરમજ્ઞપ્રતાવસ્થા (Super Consciousness)ને સ્વીકારી ધ્યાન-ચિંતન દ્વારા તેને શોધવાને પંથે પ્રયાણ કરી રહ્યા છે. ભારતીય જૈન તત્ત્વજ્ઞાન બુદ્ધિથી પર આત્મતત્ત્વને બુદ્ધિ, યુક્તિ અને વ્યવહારદર્શનથી સિદ્ધ કરી બતાવવામાં અદ્વિતીય છે.

પ્રસ્તુત ગ્રંથ આત્મા-ધર્મ અને કર્મનો વૈજ્ઞાનિક ગ્રંથ છે. જેમાં વર્તમાન સમયમાં શિક્ષિત વર્ગના હૃદયમાં જાગતી સર્વ શંકા, કુશંકા અને તર્કોને પ્રેમપૂર્વક અદ્ભુત અને સરળ તર્કપદ્ધતિથી દૂર કરી આત્માના અસ્તિત્વને દીવા જેવું સ્પષ્ટ અને સિદ્ધ કરી બતાવ્યું છે.

કર્મની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારણા અદ્યતન વૈજ્ઞાનિક વિચારસરણી દ્વારા કરાઇ છે અને કર્મના પુદ્ગલો સાથે જ અસ્તિત્વ ધરાવી

આપણાં પ્રત્યેક કાર્યથી આપણા આત્મા સાથે એક રસ થાય છે, એમ લાગ્યા વિના રહેતું નથી.

પ્રત્યક્ષ પ્રમાણ કરતાંયે બલવત્તર પ્રમાણોદ્વારા પરલોકનું અસ્તિત્વ સિદ્ધ કરી પ્રત્યેક કર્મની ફલપરિણતિ સિદ્ધ કરી આત્મા સ્વાભાવિક રીતે જ ધર્મકાર્ય કરવા પ્રેરાય એવી આ ગ્રંથરત્નની મોહિની છે.

આધુનિક અંગ્રેજી શિક્ષણ પામેલા માટે કોઇપણ યુનિવર્સિટિના સ્નાતક થયેલા માટે–પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાયેલા માટે કે કોઈપણ ધર્મોવલંબીને આ ગ્રંથરત્ન સાથે જ કલ્પતરૂ સમાન નીવડશે. આજે વિશ્વમાં પ્રતિદિન ટનબંધ પુસ્તકો બહાર પડે છે. અને ચકલે ચકલે તત્ત્વજ્ઞાનની સુફીયાણી વાતો ચાલે છે, ત્યારે હૃદયપરિવર્તન સમ્યગ્દર્શન–સમકિતપ્રાપ્તિ–યથાયોગ્ય દર્શન–તથ્યાતથ્યવિમર્શ–કોઇપણ જાતના દુરાગ્રહ વિના કરાવવાની પરમશક્તિ આ ગ્રંથરત્નમાં છે.

ગ્રંથકર્તાની અનુભૂતિ–ઉંડી સમજ, ઉત્કૃષ્ટ વિદ્વત્તા, અને પરમ ધર્મપરાયણતા પૃષ્ઠે પૃષ્ઠે ટપકે છે. પૂ. આચાર્યશ્રી આર્ષદૃષ્ટા મહર્ષિ છે. અને આધિ, વ્યાધિ, ઉપાધિથી પીડાતા ભવ્ય આત્મા પર કરુણા કરી તેમણે ગ્રંથનિર્માણ કરી મુમુક્ષુ જીવો પર અનહદ ઉપકાર કર્યો છે.

આ ગ્રંથરત્નના બંને ભાગો મળી કુલ ૧૦૦૦ પૃષ્ઠ થવા જાય છે, છતાં વાંચક રસ–ઉત્સાહપૂર્વક ગ્રંથને સાંગોપાંગ વાંચી જાય છે. તત્ત્વજ્ઞાનને રહસ્ય (Mystery) માનીને ભૌતિકવાદીઓ તેનો ઉપહાસ કરે છે. ધર્મને બાહ્ય આચારનો આડંબર માનીને રહસ્યવાદીઓ તેની ઉપેક્ષા કરે છે; આ પ્રકારના વર્તમાન વિચારપ્રવાહોમાં 'આત્મતત્ત્વવિચાર' અભિનવ શૈલિ દ્વારા નવી ભાત પાડે છે. પ્રાયઃ તત્ત્વજ્ઞાન–વેદાંત શુષ્ક અને કર્કશ બુદ્ધિગમ્ય મનાય છે, પરંતુ અહિં કેટલીક પારિભાષિક સંજ્ઞા અને વિચારણા બાદ કરતાં અત્યંત સરલતા અને સાધારણ બુદ્ધિગમ્યતા નજરે પડે છે.

આત્માનાં કેન્દ્રની આસપાસ ધર્મની અને કર્મની વિચારણા કરે છે. કર્મનું યથાર્થ સ્વરૂપ દર્શન વૈજ્ઞાનિક–સયુક્તિક–બુદ્ધિગમ્ય છે. સ્વર્ગ–નર્કની કલ્પના હકીકત બને છે અને યથાર્થ ધર્મનાં નિરુપણથી વાંચક કર્મના બંધનોને તોડવા પ્રેરાય છે. આ ગ્રંથની પ્રેરકશક્તિ અદ્‌ભૂત છે. આ ગ્રંથના દૃષ્ટાંતો સચોટ છે. વિષયોની કડિબદ્ધતા રોચકશૈલિ, તર્ક–યુક્તિની પ્રચુરતા આ ગ્રંથને અનિવાર્ય સંપત્તિ બનાવે છે.

જૈનોનો 'કર્મવિમર્શ' અત્યંત સૂક્ષ્મ છે. જેવો તેમનો અહિંસા વિમર્શ છે તેવો જ. પરંતુ કર્મની પ્રકૃતિ, પુદ્‌ગલ સ્કંધનિયોજન, કર્મની આત્માના યોગપર થતી અસરો–કર્મ દળિયાનો આવિર્ભાવ અને પરિણતિ–આ બધી જ પ્રક્રિયાની રજૂઆત પ્રાણવંતી છે. મનબુદ્ધિથી પર આત્માને બુદ્ધિદ્વારા પામવાનો પ્રયાસ સફલ અને સ્તુત્ય છે. અને આ જ સિદ્ધિ પૂ. આચાર્યશ્રીની અપ્રતિમ મેધા, પ્રકાંડપાંડિત્ય–અને સ્વાનુભૂતિને આભારી છે.

૪૬ A ભારતનગર
મુંબઈ-૭

ઘનશ્યામ જોષી.
(બીજી આવૃત્તિમાંથી)

પ્રાસંગિક—

આત્મતત્ત્વવિચાર ભાગ ૧–૨ની ગુજરાતી ચાર આવૃત્તિ ટૂંક સમયમાં જ ખલાસ થવાથી આ પાંચમી આવૃત્તિ પ્રગટ થઇ રહી છે. જેનો હિન્દી અને અંગ્રેજીમાં પણ અનુવાદ થયો છે. પૂ૦ આચાર્યદેવનું આ પુસ્તક અત્યંત લોકપ્રિય અને મહાન ઉપકારક પૂરવાર થયું છે. —પ્રકાશક



શતાવધાની પ્રખર વક્તા પૂ. પાદ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરિજી મહારાજ

મંગલ પાથેય

લેખક : વિદ્વદ્વર્ય શાંતમૂર્તિ

પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર
[હાલ પૂ. આ. શ્રી કનકચંદ્રસૂરિજી મ૦]

પ્રખર પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણ-સૂરીશ્વરજી મહારાજશ્રીનાં આત્મા પરનાં પ્રવચનોનાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં પ્રકાશનો "આત્મતત્ત્વવિચાર" ભાગ–૧ તથા ૨ આત્માર્થી જીવોને જરૂર વાંચવા જેવા છે. ક્રાઉન ૧૬ પેજી ૪૯૬ પેજનો પ્રથમ વિભાગ તથા ક્રાઉન ૧૬ પેજી ૪૯૬ પેજનો બીજો વિભાગ એવા દળદાર ગ્રંથને હાથમાં લેતાં જ બાહ્ય દૃષ્ટિએ અવશ્ય ગમી જાય તેમ છે. ને અંદર–અભ્યંતર વિષયો તરફ દૃષ્ટિપાત કરતાં બન્ને ભાગોમાં આલેખાયેલ વિષય ખૂબ જ મૌલિક, તાત્ત્વિક તથા રસપ્રચુર છે. આત્માને અંગે તો આમ ઘણું ઘણું લખાયું છે. બોલાયું છે. ભારતના આસ્તિક દર્શનકારોએ આત્માને જ મધ્યગત રાખીને, કેન્દ્રસ્થ રાખીને, અનેક તાત્ત્વિક ચર્ચાઓ કરી છે. ખરી રીતે આત્મતત્ત્વ સિવાય કોઇ પણ તત્ત્વની વિચારણા સુસંવાદી તથા સંગીન બની શકતી નથી. માટે જ વેદ–પુરાણો-ઉપનિષદોનો એ જ સૂર છે કે આત્માને જોવો, સાંભળવો, માનવો ને સમજવો. " जे एगं जाणइ से सव्वं जाणइ " જે એકને જાણે છે–આત્માને જાણે છે, આત્માના યથાર્થ સ્વરૂપને જાણે છે, તે જ સર્વને જાણે છે, આ જૈન દર્શનનો આદેશ છે. આ આત્મ-તત્ત્વની યથાર્થ વિચારણા ઝીણવટભરી હોવા છતાં સરળી શૈલીમાં, સરળભાષામાં, સર્વ કોઇને ગ્રાહ્ય થઇ શકે તેવી રીતે આ ગ્રંથમાં

ખૂબ જ હૃદયંગમ પદ્ધતિથી દલીલો, દૃષ્ટાંતો તેમ જ વિસ્તારથી સૂક્ષ્મેક્ષિકાપૂર્વક રજૂ થઇ છે.

પ્રથમ ભાગમાં ૨૩ પ્રવચનો પ્રસિદ્ધ થયાં છે ને બીજા ભાગમાં પણ ૨૩ પ્રવચનો પ્રગટ કરાયાં છે. આવા અલ્પસંખ્યક પ્રવચનોમાં થયેલ સંગ્રહ સૌને મનન-ચિંતનપૂર્વક વાંચવા જેવો છે. એનાં વાંચનથી આત્માનાં અસ્તિત્વની વિચારણાથી માંડી આત્માનું સ્વરૂપ અને તેની અખંડિતતા, તેની સંખ્યા, તેની મહત્તા, તેની સર્વજ્ઞતા, તેની શક્તિ ને તેનામાં રહેલું સુખ, તેની સૂક્ષ્મ-તાત્ત્વિક હોવા છતાં સાત્વિક વિચારણા ગંભીર છતાં હળવી ભાષામાં અહીં પ્રથમ ખંડમાં પ્રસિદ્ધ થયેલી છે. પાને પાને દલીલો, દૃષ્ટાંતો અને ઝીણવટભર્યું ઊંડાણ આપણને અહીં મળી રહે છે. પુસ્તક વાંચતાં જાણે આપણે પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનાં સ્વમુખે જ વ્યાખ્યાન સાંભળતા હોઇએ તે શૈલીએ પુસ્તકના વિષયોને સંકલિત કરીને સંપાદિત કરાયા છે. આ માટે સંગ્રાહક શતાવધાની પંન્યાસજી (હાલ આચાર્યશ્રી) મહારાજશ્રીનો પરિશ્રમ પ્રશંસા માંગી લે છે. તદુપરાંત સંપાદકનો પરિશ્રમ પણ અવશ્ય ઉપકારક છે. આત્મતત્ત્વની વિચારણા આજે સર્વત્ર ભૂલાઇ ગઇ છે. તેના જ કારણે આજે જગતમાં અનેક પ્રકારના વૈર, વિખવાદ, કલહ, ક્લેશો, અનીતિ, અત્યાચારો તથા હિંસા, ક્રૂરતા અને અશાંતિનાં નિમિત્તો વધતાં જ ચાલ્યાં છે. આ જ કારણે પ્રથમ ખંડમાં રજૂ થયેલી આત્મતત્ત્વની વિચારણાની સાથોસાથ પુનર્જન્મ અને જૈન દર્શનનાં છ દ્રવ્યો, જીવાદિ નવતત્ત્વોનું સ્વરૂપ ટુંકમાં પણ સારગ્રાહી પદ્ધતિએ જે સંકલન થયેલ છે, તે એક વખત અવશ્ય વાંચવું જરૂરી છે, ને એમાંથી સૌ કોઇને સુંદર બોધ ને સદ્વિચારનું મંગલ પાથેય પ્રાપ્ત થશે. જીવનોપયોગી ઘણી ઘણી વાતો આ પુસ્તકોનાં વાચનમાંથી અવશ્ય મળી રહે તેમ છે. બાલ કે યુવાન, પૌઢ કે વૃદ્ધ દરેકને, વિદ્વાન કે અજ્ઞાન પ્રત્યેકને આમાંથી સમજવા જેવું, જાણવા જેવું ને ગ્રહણ કરવા જેવું ઘણું ઘણું છે.

વિષયોનું પ્રતિપાદન દુર્બોધ થાય તેવી શૈલી નથી, પણ સરલ શૈલી છે. દૃષ્ટાંતો પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ અનેક છે. દ્રવ્યાનુયોગથી માંડીને ચારે અનુયોગનું નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

બીજા ખંડમાં જૈન દર્શનના કર્મવાદનું વાસ્તવિક સ્વરૂપ સંકળાયું છે. જેમ પ્રથમ ખંડમાં આત્મા જેવા ગહન પદાર્થને સરલ કરીને પ્રવચનકાર જાણે આપણી સામે તેઓ વાત કરતા હોય તેમ સમજાવ્યું છે, તેવી જ રીતે આત્માનાં સ્વરૂપને સમજવામાં જેનો મહત્ત્વનો હિસ્સો છે તે કર્મવાદનું તત્ત્વજ્ઞાન આ બીજા ખંડમાં ખૂબ વિશદ શૈલીમાં નિરૂપિત કરવામાં આવેલ છે. કર્મનું સ્વરૂપ, કર્મની શક્તિ, કર્મબંધનાં કારણો અને કર્મના પ્રકારો પ્રકૃત્યાદિ તાત્ત્વિક હકીકત અહીં ઘણી રસમય ભાષામાં હળવી શૈલીએ રજૂ થઇ છે. જૈન દર્શનનું કર્મ વિષેનું તત્ત્વજ્ઞાન આ રીતે પ્રવચનોમાં મૂકવું એ પણ પૂ૦ વ્યાખ્યાનકાર આચાર્ય મહારાજશ્રીની વકતૃત્વશક્તિની વિશિષ્ટતા તથા તેઓશ્રીની નિરૂપણપદ્ધતિનું અપૂર્વ કૌશલ્ય દર્શાવે છે. ત્રીજા ખંડમાં ધર્મતત્ત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એ રીતે આત્મા, કર્મ તથા ધર્મતત્વની વિચારણાના આ સર્વજનોપયોગી ગ્રંથો સર્વ રીતે લોકોપકારક જૈન-જૈનેતર પ્રજાસમક્ષ જૈનદર્શનને વિશદ શૈલીએ સમજવા માટે અનુપમ અદ્વિતીય ગ્રંથરત્નો છે. તેઓશ્રીની વિદ્વતા અગાધ હોવા છતાં અહિં તેઓ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ-કરણાનુયોગ તથા ધર્મકથાનુયોગ એમ જૈન શાસનના ચારેય અનુયોગોને જે રીતે સરલ, સ્વચ્છ, બાલ તથા લોકભોગ્ય શૈલીએ રજૂ કરે છે, તે તેઓશ્રીનાં હૃદયમાં રહેલી સર્વજન હિતાવહની મંગલ ભાવનાનું મૂર્તિમંત પ્રતીક છે. સમગ્ર રીતે જોતાં અહિં એ ભાગમાં જે જે વિષયોનું નિરૂપણ થયું છે, તે તાત્ત્વિક હોવા છતાં કેવું હળવું અને કેવું સરસ, સરલ અને મનનીય રીતે થયું છે, તે ખૂબીની વાત છે. આ બન્ને ભાગો આ દૃષ્ટિએ સાહિત્ય જગતમાં રત્નસમા છે. જૈનશાસનને તેમ જ જગતને જાણવા માટે

માર્ગદર્શક ભોમિયા છે ને ગાગરમાં સાગરરૂપે સમસ્ત વિશ્વનાં તત્ત્વજ્ઞાનનો ખજાનો છે. દૃષ્ટાંતોથી પુસ્તક સભર છે. પ્રાચીન તથા અર્વાચીન દૃષ્ટાંતો વાંચતાં પ્રવચનકારશ્રી વર્તમાન દુનિયાના પ્રવાહથી વિશ્વના વર્તમાન રાજકારણથી માંડી દરેક વિષયો વિષે તલસ્પર્શી જ્ઞાનમાહીતી ધરાવે છે, તે સમજી શકાય છે. એકંદરે આવા સર્વસંગ્રહ-આકારરૂપ આ ગ્રંથરત્નોમાં પ્રસિદ્ધ થયેલાં આ પ્રવચનો એટલે પૂ૦ પ્રવચનકારશ્રીનો અતુલ બુદ્ધિવૈભવ, અગાધ જ્ઞાનગાંભીર્ય તથા અનન્ય જનહિતકરવૃત્તિ એ ત્રણેયનો સુભગ છતાં વિરલ સંયોગ જ કહી શકાય. તે સંયોગને આ રીતે સહજ બનાવી સદા જનકલ્યાણની ભાવના જેઓમાં ઓતપ્રોત રહી છે તે સંગ્રાહક શતાવધાની કવિકુલતિલક પંન્યાસજી (હાલ આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરિજી) મહારાજે ભારે પરિશ્રમ લઇને જે પોતાની શક્તિઓનો સદુપયોગ કર્યો છે, તે માટે સમાજ તેમનો ઉપકાર કદી ભૂલશે નહીં; તે જ રીતે સંપાદક મહાશયે સંપાદનકાર્યમાં જે ચીવટ, ધૈર્ય અને ખંત રાખી કાર્યને સાંગોપાંગ પાર પાડયું છે, તે પણ અવશ્ય લોકોપકારક છે.

અંતમાં આ પ્રસિદ્ધ થયેલ બે ભાગો જે સાહિત્યિક દુનિયાનાં ઉત્તમ ગ્રંથરત્નો ગણાય એવાં છે. તેને આત્માર્થી જીવો વાંચે, વંચાવે ને વિચારે અને સર્વ કોઇને આત્મતત્ત્વવિચારમાં રસ લેતાં કરી આત્મતત્ત્વના યથાર્થ જાણકાર બની, પરમાત્મપદને પ્રાપ્ત કરે, એ જ મંગલ ભાવના.

વિ. સં. ૨૦૧૭, પં. કનકવિજય ગણિ.
માગશર વદ-૧૦ (પોષદશમી). (હાલ આ. શ્રી કનકચંદ્રસૂરિ)



શતાવધાની પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિચંદ્ર-સૂરિજી મહારાજ-ગુરુદેવની પૂર્ણ કૃપાના પ્રભાવે આજે જૈન-જૈનેતર જગતમાં પ્રસિદ્ધિ પામી અવિરત જૈન શાસનની અનુપમ પ્રભાવના કરી રહ્યા છે. ગોરેગામ અને કાંદીવલીનું તેમનું પ્રભાવપૂર્ણ ચાતુર્માસ એના જ્વલંત ઉદાહરણ છે.

ભાદરણ નગરમાં જિન મંદિરની સ્થાપના-પ્રતિષ્ઠા, અને પૂ૦ ગુરુદેવ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી જૈન પાઠશાળા, શ્રીનગર સોસાયટીમાં જિનમંદિર આદિમાં મહત્ત્વનો ફાળો, નાલા સોપારામાં પ્રતિષ્ઠા, મહાવીરનગરમાં પ્રભુજીની પધરામણી અને ચલ પ્રતિષ્ઠા અને ઉજવાયેલ મહોત્સવ તથા તેમની વિનંતીથી ધામધૂમથી થયેલ ચાતુર્માસ પરિવર્તન.

તે પહેલા કાર્ટરરોડમાં મહોત્સવ તથા શ્રી સિદ્ધચક્ર પૂજન તથા જવાહરનગરમાં શ્રી સિદ્ધચક્રપૂજન, ૫૬ દિકકુમારીકાઓ, અને ૬૪ ઇંદ્રો વિ. ભવ્ય ઠાઠથી ઉજવાયેલ સ્નાત્ર મહોત્સવ, જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન અને ૧૦ હજાર જનમેદની સાથે ચૈત્ર સુદ ૧૩ ની ભ૦ મહાવીરસ્વામીના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી, ગોરેગામમાં થયેલ ઉપધાન તપ અને ઉપધાન નગરમાં થઈ રહેલ ગૃહમંદિર.

આ બધા શાસન પ્રભાવનાના કાર્યો સાથે વિપુલ સાહિત્યનો છૂટે હાથે પ્રચાર, તાજેતરમાં લખેલ ૪૪ પૃષ્ઠની રસથી ભરપૂર "મૃત્યુની ગોદમાં" નામની નાની પુસ્તિકા, જૈન ધર્મમાં ઉપયોગ એ એમની વિદ્વત્તા ભરી કૃતિ અને ભ૦ મહાવીર સ્વામીના ૨૫૦૦ વર્ષની પૂર્ણાહૂતિના મંગળ પ્રસંગની કાંદીવલીના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહે તેવી ભવ્ય ઉજવણી. તેમના તાત્ત્વિક પ્રવચનો શ્રવણ કરવા ઉમટતી જનમેદની. ખરે જ તેઓશ્રીનાં પુણ્ય પગલે સર્વત્ર જય જયકાર વર્તાય છે.

વ્યવસ્થાપક.

શતાવધાની પ્રખર વક્તા

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

કીર્તિચંદ્રસૂરિજી મ૦ની પ્રેરણાથી

પુસ્તક પ્રકાશનમાં નીચે મુજબ રકમ મળી છે.

૫૦૦૦) ગોરેગામ જૈન સંઘના જ્ઞાન ખાતામાંથી.

૧૦૦૦) જવાહરનગર જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.

૧૫૦૦) દાદર જૈન જ્ઞાનમંદિરના જ્ઞાનખાતામાંથી.

૫૦૧) શા. પોપટલાલ પ્રેમચંદ (ધાનેરા) જવાહરનગર.

૧૦૦૦) દેવકરણ મેન્શન લુહારચાલ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.

૨૦૧) ભાઇદરણનગર જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.

૧૦૧) કાર્ટરરોડ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.

જેમણે શ્રુતભક્તિમાં લાભ લીધો છે તેમનો સહર્ષ અમે આભાર માનીએ છીએ.

વ્યવસ્થાપક.

卐

વિષયાનુક્રમ

ખંડ પહેલો : આત્મા

વ્યાખ્યાન	વિષય	પાનું
પહેલું	આત્માનું અસ્તિત્વ	૩
	પ્રદેશી રાજાનો પ્રબંધ	૧૧
બીજું	આત્મા દેહ વગેરેથી ભિન્ન છે ...	૨૯
	મહેશ્વરદત્તની કથા	૩૧
	હું એટલે દેહ નહિ, આત્મા	૩૬
	દેહાત્મવાદીઓની દલીલો	૩૭
	આત્મા ઇંદ્રિયોથી ભિન્ન છે... ...	૪૫
	પ્રાણ અને આત્મા ભિન્ન છે... ...	૪૮
	આત્મા મનથી જુદો છે	૪૯
ત્રીજું	આત્મા એક મોટો પ્રવાસી ...	૫૦
	લખ્ખચોરાશીના ફેરા	૫૩
	ધર્મશ્રદ્ધા પર મંત્રીનું દૃષ્ટાંત	૫૪
	કથાંતર્ગત રજપૂતાણીનું દૃષ્ટાંત ...	૫૮
	મૂળ કથા ચાલુ	૬૧
	ચોરાશી લાખ યોનિનાં નામ વગેરે ...	૬૬
	છ પર્યાપ્તિ	૬૮
	દેહધારણક્રિયા	૭૧

ચોથું	પુનર્જન્મ	૭૪
	પુનર્જન્મનો સિદ્ધાંત સર્વજ્ઞકથિત છે ...	૭૫
	પુનર્જન્મ માનવાના કારણો	૭૭
	પાંચ પ્રકારનાં શરીરો	૮૨
	સંસ્કારનો સંચય અને તેની સુધારણા...	૮૪
	વસ્તુપાળ–તેજપાળનું દૃષ્ટાંત	૮૪
	પુનર્જન્મ કહેનારા મનુષ્યો મળી આવે છે	૮૬
પાંચમું	**આત્માની અખંડતા**	૮૮
	અખંડની વ્યાખ્યા	૮૮
	આત્મા સદા અખંડ રહે છે	૮૯
	આત્મા સંકોચ–વિસ્તારના ગુણોવાળો છે	૯૦
	આત્મા દેહપરિમાણ છે	૯૧
	એક શરીરમાં આત્મા કેટલા ? ...	૯૪
	લોકાકાશ	૯૬
	લોકનો સામાન્ય પરિચય	૯૭
	આત્માને ફસાવનાર પુદ્ગલ છે ...	૧૦૦
	શેઠ અને જાટનું દૃષ્ટાંત	૧૦૧
	નિદ્રાની છાતી પર ચડી બેસનાર શેઠનું દૃષ્ટાંત	૧૦૫
છટ્ઠું	**આત્માની સંખ્યા**	૧૦૭
	પારસમણિનું દૃષ્ટાંત...	૧૨૧
સાતમું	**આત્માનું મૂલ્ય**	૧૨૩
	ત્રણ મિત્રોનું દૃષ્ટાંત...	૧૨૬
	પુણ્યશાળી આત્માનો પ્રભાવ	૧૩૫
આઠમું	**આત્માનો ખજાનો**	૧૩૯
	ભીલ રાજાની ત્રણ રાણીનું દૃષ્ટાંત ...	૧૪૨
	અક્કલ લેવા અંગે પદભ્રષ્ટ મંત્રીની કથા	૧૫૦

નવમું	આત્માનો ખજાનો (ચાલુ)	૧૬૦
	ઈલાપુત્રનું દૃષ્ટાંત	૧૬૪
	જ્ઞાનની આરાધના	૧૬૯
	મતિજ્ઞાનના ભેદો	૧૬૯
	ઔત્પત્તિકી બુદ્ધિ	૧૭૨
	વૈનેયિકી બુદ્ધિ	૧૭૩
	કાર્મિકી બુદ્ધિ	૧૭૪
	પારિણામિકી બુદ્ધિ...	૧૭૫
	શ્રુતજ્ઞાનના ભેદો	૧૭૬
	અવધિજ્ઞાન વગેરેના ભેદો	૧૭૯
દશમું	આત્માનો ખજાનો (ચાલુ)... ...	૧૮૧
	હંસ અને કેશવની વાત	૧૮૮
	પુરુષાર્થની પ્રતિષ્ઠા...	૧૯૪
	પુરુષાર્થનાં પાંચ પગથિયાં	૧૯૪
	સદ્દાલપુત્રનું દૃષ્ટાંત	૧૯૫
	આત્માની શક્તિ કર્મથી દબાયેલી છે ...	૧૯૮
	શ્રદ્ધા	૧૯૯
	આનંદ	૨૦૧
અગિયારમું	સર્વજ્ઞતા...	૨૦૪
	કેવળજ્ઞાન કઈ ગતિમા થાય ?... ...	૨૦૫
	કેવળજ્ઞાન પોતાના પુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે	૨૦૭
	કેવળજ્ઞાનથી બધું જાણી-જોઇ શકાય છે	૨૦૮
	મૃગાવતી અને ચંદનબાળાને થયેલું કેવળજ્ઞાન	૨૦૯
	સર્વજ્ઞતા શાસ્ત્રસંમત છે	૨૧૦
	યુક્તિથી પણ સર્વજ્ઞતા સિદ્ધ થાય છે ...	૨૨૧
	અનુભવ પણ સર્વજ્ઞતાને મંજૂર રાખે છે	૨૧૪

	માનવી ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે.	૨૧૬
	સર્વજ્ઞતાથી જગતને થતો મહાન લાભ ...	૨૨૬
બારમું	**આત્મજ્ઞાન કયારે થાય ?**	૨૨૭
	આત્મજ્ઞાન કયાંથી મળે ?	૨૨૭
	વાંઝણી ગાયને ખરીદનારનુ દૃષ્ટાંત ...	૨૨૮
	સદ્‌ગુરુ કેવા હોય ?	૨૩૧
	આત્મજ્ઞાન માત્ર પુસ્તકોથી મળી શકે નહિ	૨૩૨
	ગુરુ એ દીવો છે	૨૩૩
	છોકરાઓ ગુરુ પાસે જશે તો	૨૩૪
	આત્મજ્ઞાન વિના બધુંયે નિરર્થક નીવડવાનું છે.	૨૩૬
	ચાર પંડિતોની વાત	૨૩૮
	મિથ્યાત્વનો મહારોગ	૨૪૧
તેરમું	**આત્માની શક્તિ (૧)**	૨૫૦
	તીર્થંકરો કઇ ભૂમિમાં થાય	૨૫૦
	તીર્થંકરોનો જન્મ અને દિક્કુમારિકાનું આગમન	૨૫૨
	એક પ્રાસંગિક ઘટના...	૨૫૩
	સૌધર્મેન્દ્રને જન્મની જાણ અને જવાની તૈયારી	૨૫૩
	નામના મોહ પર નરઘાંજીનો કિસ્સો ...	૨૨૫
	હરિણૈગમેષીની ઉદ્‌ઘોષણા અને પ્રયાણ ...	૨૫૭
	મેરુપર્વત પર સ્નાત્રાભિષેક	૨૫૮
	સૌધર્મેન્દ્રની શંકા અને પ્રભુએ બતાવેલી અજબ શક્તિ ...	૨૫૮
	સ્નાત્રાભિષેકની પૂર્ણાહુતિ	૨૬૦
	બકરિયા સિંહનું દૃષ્ટાંત	૨૬૧
	ઇપસેનની કથા	૨૬૩

ચૌદમું	**આત્માની શક્તિ (૨)**	૨૭૩
	બળદેવનું બળ	૨૭૫
	વાસુદેવનું બળ	૨૭૫
	ચક્રવર્તીનું બળ	૨૮૦
	વિષ્ણુકુમારની કથા	૨૮૨
પંદરમું	**આત્મસુખ (૧)**	૨૯૩
	દુન્યવી સુખ	૨૯૪
	વસ્તુમાં સુખ આપવાની શક્તિ નથી ...	૨૯૫
	દુન્યવી સુખો ક્ષણિક અને તુચ્છ છે ...	૨૯૮
	દુન્યવી સુખો રાગદ્વેષની પેદાશ છે ...	૨૯૮
	ભમરા અને ગીંગોડાનું દૃષ્ટાંત	૩૦૦
	શેઠ-શેઠાણીની વાત	૩૦૫
	દુન્યવી સુખોની સહુથી મોટી ખરાબી ...	૩૦૯
	સુખ એ આત્માનો સહજ સ્વભાવ છે ...	૩૧૦
	ચક્રવર્તીનું ભોજન	૩૧૧
સોળમું	**આત્મસુખ (૨)**	૩૧૪
	માનસિક શાંતીની જરૂર	૩૧૫
	દેડકાથી ઘડો કરનાર વાણિયાનું દૃષ્ટાંત ...	૩૧૭
	ઇચ્છારોધનું મહત્ત્વ સમજો	૩૨૦
	દુઃખ આવે ત્યારે	૩૨૨
	પંડિત અને રબારી	૩૨૩
	કામભોગ તરફની આસક્તિ	૩૨૪
	જ્યાં કોઇ પણ પ્રકારનું દુઃખ નથી ...	૩૨૫
	મુક્તિનાં સુખ સંબંધી કેટલાંક ઉદાહરણો...	૩૨૮
	વાપરો તેટલું ધન તમારું-	
	એ પર નગરશેઠનું દૃષ્ટાંત ...	૩૩૧
	આત્મસુખનો અનુભવ ક્યારે થાય ? ...	૩૩૪

બીજો ખંડ કર્મ

વ્યાખ્યાન	વિષય	પાનું
સત્તરમું	**કર્મની ઓળખાણ**	૩૩૯
	કર્મવિષયક ભવ્ય સાહિત્ય	૩૪૧
	કર્મનો અર્થ	૩૪૩
	છ દ્રવ્યો	૩૪૪
	કર્મ એ પૌદ્ગલિક વસ્તુ છે	૩૪૬
	હણુહણુપાલની વાત	૩૫૬
અઢારમું	**કર્મની શક્તિ**	૩૬૨
	ચિલાતીપુત્રનું ચમત્કારિક ચરિત્ર ...	૩૭૧
ઓગણીસમું	**કર્મબંધ**	૩૮૪
	આત્માને કર્મબંધન કયારે પ્રાપ્ત થયું ? ...	૩૮૫
	આત્મા કર્મના બંધવાળો છે	૩૮૬
	મૂર્ત કર્મોની અમૂર્ત આત્મા પર અસર થાય છે.	૩૯૦
	નવતત્ત્વ અને કર્મવાદ	૩૯૧
	ધર્મીઓની સંખ્યા કેટલી ? (વાર્તા) ...	૩૯૪
	કર્મબંધનનાં કારણો	૩૯૮
	મિથ્યાત્વ	૩૯૯
	અવિરતિ	૪૦૧
	કષાય	૪૦૩
	યોગ	૪૦૪
	કર્મબંધના પ્રકારો	૪૦૪
વીસમું	**યોગબળ**	૪૦૮
	યોગ એટલે પ્રવૃત્તિ	૪૧૦
	આત્મપ્રદેશમાં આંદોલન શાથી થાય ? ...	૪૧૦

	યોગસ્થાનક	૪૧૧
	પ્રદેશબંધ	૪૧૨
	પ્રકૃતિબંધ પણ યોગબળથી જ પડે છે ...	૪૧૩
	કર્મની મૂળ પ્રકૃતિ	૪૧૪
	આયુષ્ય પ્રકૃતિનો બંધ કયારે અને કેમ પડે?	૪૧૪
	સાર્થવાહના પુત્રોની કથા	૪૨૦
એકવીસમું	આઠ કર્મો (૧)	૪૩૦
	આઠ કર્મોનાં નામ આ રીતે કેમ ગોઠવાયાં?	૪૩૧
	જ્ઞાનાવરણીય કર્મ	૪૩૨
	દર્શનાવરણીય કર્મ	૪૩૬
	વેદનીય કર્મ	૪૩૯
	મોહનીય કર્મ	૪૪૧
	બાવાજીની વાત	૪૪૪
	ક્રોધ	૪૪૯
	માન	૪૫૦
	માયા	૪૫૦
	લોભ	૪૫૧
બાવીસમું	આઠ કર્મો (ચાલુ)	૪૫૬
	આયુષ્યકર્મ...	૪૫૬
	મોત માગનાર કઠિયારાની વાત ...	૪૫૮
	નામકર્મ	૪૬૦
	ગોત્રકર્મ	૪૭૦
	અંતરાયકર્મ	૪૭૧
તેવીશમું	અધ્યવસાયો	૪૭૪
	અધ્યવસાયોનો અર્થ...	૪૭૪
	અધ્યવસાયોની મહત્તા	૪૭૫

પ્રસન્નચન્દ્ર રાજર્ષિની કથા	...	...	૪૭૫
અધ્યવસાયોની સંખ્યા	...	...	૪૮૦
અધ્યવસાયો કોને હોય ?	...	...	૪૮૧
દેડકાને થયેલા શુભ અધ્યવસાય		...	૪૮૨
અધ્યવસાયોમાં પરિવર્તન	...	...	૪૮૪
સ્થિતિબંધમાં અધ્યવસાયો કારણભૂત છે...			૪૮૬
સ્થિતિના પ્રકારો	...	...	૪૮૬
આઠ કર્મની સ્થિતિ ...		...	૪૮૬
કોને કેવો સ્થિતિબંધ હોય ?	...	...	૪૮૯
અધ્યવસાયોની તરતમતા–લેશ્યા		...	૪૯૦
જંબૂવૃક્ષ અને છ પુરુષો	...	...	૪૯૦
આટલું યાદ રાખો ...	...	...	૪૯૨
લેશ્યા વિષે કેટલાક પ્રશ્નો	...	...	૪૯૧
છેલ્લું પૃષ્ઠ		...	૪૯૪



પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી
મહારાજના આચાર્યપદાર્પણના ૨૫ વર્ષની પૂર્તિ
પ્રસંગે ગવાયેલ.

ગુરુ–ગુણ–ગીત

આત્મકમલ લબ્ધિમાંથી, પ્રગટયું એક નિધાન,
લક્ષણવંતા લક્ષ્મણસૂરિજી, જિનશાસનની શાન;
વશીકરણી શી વાણી જેની, જ્યોતિ-કિરણ સમ જ્ઞાન,
આચારજ–પદ પચ્ચીશી મહોત્સવ, સંઘ કરે બહુમાન. આ૦ ૧

જન્મ દીધો અણમોલ રતનને, ધન્ય જાવરા ગામ,
દીપાવ્યું નિજ વતનને, નામ છે દોલતરામ;
નાની વયમાં લુપ્ત થઈ ગઇ, માત-પિતાની છાયા,
ભાગ્ય પ્રભાવે અવર જનોની, પામે મમતા માયા;
દોલતરામની સાચી દોલત, ધર્મનું સાચું જ્ઞાન. આ૦ ૨

દોલતરામ ગયેલા દીલ્હી, ત્યાં દિલડું રંગાયું,
લબ્ધિસૂરિની સુણી દેશના, ચરણે શીર નમાવ્યું;
દીક્ષા લીધી દોલતરામે, લક્ષ્મણવિજયજી નામ,
ગુરુદેવની આશીષ મળતાં, કરી રહ્યાં ઉત્થાન. આ૦ ૩

કંઇ કંઈ વેળા ગુરુ-શિષ્યની, જોડી સાથે વિચરે,
ચોર-જુગારી-એદી-પ્રમાદી, જન પર જાદુ કરે;
પંથ ભૂલ્યા અજ્ઞાન જીવોને, સાચો રાહ બતાવે,
વેર-ઝેર-કજીયા-કંકાસો, કલેશ-કુસંપ મિટાવે,
જૈન અને જૈનેતર જનતા, કરે અતિ સન્માન. આ૦ ૪

ગામે ગામ વિચરતાં મુનિવર, કચ્છ કાઠિયાવાડ,
ઘેલું કરે ગુજરાતને, મ્હેકાવે મારવાડ;
પગલે, પગલે ધરતી ઉપર, ધર્મ બીજ રોપાતાં,
વાણીની વર્ષાથી જાણે, જન હૈયા છલકાતાં,
ધર્મ ધ્વજા લહેરાય ગગનમાં, એ જ નિરંતર ધ્યાન. આ૦ ૫

એક હજાર નવસો ત્રાણુનો, ચૈત્ર પૂર્ણ પાંચમનો દિન,
શીહોરના આબાલ-વૃદ્ધ સૌ, ભક્તિભાવમાં લીન;
દૂર દૂરથી ભક્તજનો કંઈ, આવીને ઉભરાયાં,
માનવંતા શ્રી લક્ષ્મણમુનિનાં, ગુણ અનેરાં ગાયાં;
જય જય નાદે ગુરુએ દીધું, આચાર્ય પદવી દાન. આ૦ ૬

કીર્તિ ઉપર કળશ સરીખો, દક્ષિણ દેશ પ્રવાસ,
સૂરીશ્વરજીની શક્તિનો એ, અનુપમ છે ઇતિહાસ;
શ્રમણ-સંસ્કૃતિ કેરો એણે, દીધો દીવ્ય પ્રકાશ,
સત્ય અહિંસા ત્યાગ ધર્મની, પ્રસરાવી સુવાસ;
હજી સુધી કોઇ અન્ય મુનિને, મળ્યું ન આવું માન! આ૦ ૭

રાજા મહારાજા કે મંત્રીશ્વર, રાજ્યપાલ પણ આવે,
અદ્‌ભુત વાણી સૂણતાં સૂરિને, ચરણે શીષ નમાવે;
જૈનધર્મના સિદ્ધાંતોમાં, જિજ્ઞાસા બતલાવે,
પગલે પગલે લક્ષ્મણસૂરિજી, પરિવર્તન ઉપજાવે,
મુક્તહૃદયથી વીર વાણીનું, કરાવતા રસપાન. આ૦ ૮

મુખ પર વત્સલભાવ ચમકતો, કરુણા છલકે આંખે,
શબ્દે શબ્દે શ્રોતાજન પર, જાણે ભૂરકી નાંખે !
પ્રભાવશાળી વાણી સૂણવા, ટોળે ટોળા જામે,
તાસીર છે એવી કે સૂણતા, કોઇ ન તૃપ્ત પામે;
શાસનને સદ્‌ભાગ્યે મળિયા, એવા મુનિ મહાન. આ૦ ૯

એવા સંતપુરુષનો આજે, ઐતિહાસિક પ્રસંગ,
સંઘ સકલ ઉજવે છે આજે, ધરી ઉરમાં ઉમંગ;
ગુણ તમારા ગાઈ રહ્યાં છે, આજે સૌ નરનારી,
ભક્તિભાવે કરીએ વંદન, તમને હે ઉપકારી !
શાસનદેવ સૂરિને દેજો, દીર્ઘાયુ વરદાન,
આચાર્યજ પદ પચ્ચીશી મહોત્સવ, સંઘ કરે બહુમાન. આ૦ ૧૦

રચયિતા,
શ્રી શાન્તિલાલ શાહ
પ્રસિદ્ધ સંગીતરત્ન



શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા તરફથી પ્રગટ થયેલા પુસ્તકો

			નકલ
૧	આત્મતત્ત્વવિચાર ભા. ૧-૨	આવૃત્તિ-૫	ગુજરાતી ૧૦૦૦૦
૨	આત્મતત્ત્વવિચાર	આવૃત્તિ-૧	હિન્દી ૨૦૦૦
૩	Philosophy of Soul	આવૃત્તિ-૧	અંગ્રેજી ૨૦૦૦
૪	સંસ્કારની સીડી	આવૃત્તિ-૮	ગુજરાતી ૧૫૫૫૦
૫	અંતરનાં અજવાળા	આવૃત્તિ-૧૦	,, ૧૬૭૫૦
૬	આર્હત ધર્મ પ્રકાશ (જૈનધર્મ)	આવૃત્તિ-૫	,, ૧૦૦૦૦
૭	આર્હત ધર્મ પ્રકાશ	,, આવૃત્તિ-૩	હિન્દી ૬૦૦૦
૮	આર્હત ધર્મ પ્રકાશ	,, આવૃત્તિ-૧	તામિલ ૫૦૦૦
૯	આર્હત ધર્મ પ્રકાશ	,, આવૃત્તિ-૧	મરાઠી ૫૦૦૦
૧૦	Jainism in Nutshall	આવૃત્તિ-૨	અંગ્રેજી ૧૫૦૦૦
૧૧	આર્હત ધર્મ પ્રકાશ	આવૃત્તિ-૩	કન્નડ ૧૭૦૦૦
૧૨	અહિંસા અને માર્ગદર્શન	આવૃત્તિ-૧	ગુજરાતી ૧૦૦૦
૧૩	અહિંસા અને માર્ગદર્શન	આવૃત્તિ-૧	હિન્દી ૧૦૦૦
૧૪	અહિંસા અને માર્ગદર્શન	આવૃત્તિ-૧	કન્નડ ૩૦૦૦
૧૫	Ahimsa	આવૃત્તિ-૨	અંગ્રેજી ૧૫૦૦૦
૧૬	અહિંસા અને માર્ગદર્શન	આવૃત્તિ-૧	તેલુગુ ૧૦૦૦
૧૭	નમસ્કાર મહિમા	આવૃત્તિ-૨	ગુજરાતી ૪૦૦૦
૧૮	સન્માર્ગ દર્શન	આવૃત્તિ-૧	મરાઠી ૨૦૦૦
૧૯	ત્રણ મહાપુરુષો	આવૃત્તિ-૧	ગુજરાતી ૧૦૦૦
૨૦	શાસન પ્રભાવક સૂરિદેવ	આવૃત્તિ-૧	ગુજરાતી ૨૦૦૦
૨૧	જૈનાચાર્ય વિજયલક્ષ્મણસૂરીશ્વરજી	આવૃત્તિ-૧	ગુજરાતી ૧૦૦૦
૨૨	મુનિરાજ શ્રી કીર્તિવિજયજી	આવૃત્તિ-૧	ગુજરાતી ૨૦૦૦
૨૩	અમીના વહેણ	આવૃત્તિ-૧	ગુજરાતી ૧૫૦૦

૨૪	દીવાદાંડી અને મહાન વિભૂતિઓ	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૫૦૦
૨૫	નૂતન સ્તવનાવલિ	આવૃત્તિ–૨૩ ગુજરાતી	૨૩૦૦૦
૨૬	દક્ષિણુમાં દિવ્ય પ્રકાશ	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૫૦૦
૨૭	દક્ષિણુમાં દિવ્ય પ્રકાશ (નાની)	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૫૦૦
૨૮	નૂતન ગહુંલી સંગ્રહ	આવૃત્તિ–૫ ગુજરાતી	૫૦૦૦
૨૯	બાર વ્રતની ટીપ	આવૃત્તિ–૨ હિન્દી	૩૦૦૦
૩૦	ભગવાન મહાવીર	આવૃત્તિ–૪	૨૮૦૦૦
૩૧	Lord Mahavira	આવૃત્તિ–૧ અંગ્રેજી	૨૦૦૦૦
૩૨	પ્રસંગ પરિમલ	આવૃત્તિ–૩ ગુજરાતી	૬૦૦૦
૩૩	કથા પરિમલ (સુરતથી)	આવૃત્તિ–૩ ગુજરાતી	૫૫૦૦
૩૪	શ્રાદ્ધવિધિ	આવૃતિ–૧ ગુજરાતી	૨૦૦૦
૩૫	વિવિધ વાનગી	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦
૩૬	મહાબળકુમાર	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦
૩૭	વિદ્યા વિલાસ સંવાદ	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૫૦૦
૩૮	મનોરંજક ગીત સંગ્રહ	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૦૦૦
૩૯	ભક્તિરસ પ્યાલા	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૦૦૦
૪૦	કર્મફીલોસોફી અનેબીજાપ્રવચનો	આવૃતિ–૧ ગુજરાતી	૧૫૦૦
૪૧	કર્મફીલોસોફી	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૫૦૦
૪૨	જીવનમાં ધર્મ શા માટે?	આવૃતિ–૧ ગુજરાતી	૧૦૦૦
૪૩	ચૈત્યવન્દવાદ	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૦૦૦
૪૪	આદર્શ જીવન	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૦૦૦
૪૫	નૂતન સજ્ઝાય સંગ્રહ	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૦૦૦
૪૬	વૈરાગ્ય રસ ઝરણાં	આવૃત્તિ–૧ હિન્દી	૧૫૦૦

૪૭ જગત સ્વતંત્ર કયારે ?	આવૃત્તિ–૧ હિન્દી	૧૦૦૦
૪૮ પ્રાસંગિક-અંગ્રેજી-કાનડી તામિલ		૮૦૦૦
૪૯ રાત્રિ–ભોજન	આવૃત્તિ–૬ ગુજરાતી	૨૫૦૦૦
૫૦ ગુરુ–શિષ્ય	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦
૫૧ ધર્મ તત્ત્વ પ્રકાશ	આવૃતિ–૧ ગુજરાતી	૨૦૦૦
૫૨ જૈન ધર્મમાં ઉપયોગ	આવૃત્તિ–૧ ગુજરાતી	૧૦૦૦
૫૩ અણમોલ રત્નો	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦
૫૪ જીવન સૌરભ	,, ૧ ગુજરાતી	૪૦૦૦
૫૫ તેજસ્વી રત્નો	આવૃત્તિ–૨ ગુજરાતી	૩૦૦૦
૫૫ જીવન ઘડતર	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦
૫૬ જીવન સાફલ્ય	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦
૫૭ મૃત્યુની ગેાદમાં	આવૃત્તિ–૧ ગુજરાતી	૨૦૦૦



કવિકુલતિલક શતાવધાની પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજીમ૦ની

લોકપ્રિય કૃતિઓ

સંસ્કારની સીડી : દસમી આવૃત્તિનું પ્રકાશન એજ એની લોકપ્રિયતાનો મોટો પૂરાવો છે. નકલ ૧૫૫૫૦

અંતરનાં અજવાળાં : મહાપુરુષો અને મહાસતીઓની કથાઓને આ પુસ્તક કાવ્યો સાથે રોમાંચક ભાષામાં રજૂ કરે છે. તેની ૧૦ મી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે. નકલ ૧૬૭૫૧

આર્હત ધર્મ પ્રકાશ : આ લઘુ પુસ્તક જૈન ધર્મનો સુંદર પરિચય આપે છે. તેનો હિંદી, તામીલ, કાનડી, મરાઠી તેમજ અંગ્રેજી ભાષામાં અનુવાદ થયો છે. નકલ ૬૧૦૦૦

કથા પરિમલ : આ પુસ્તકમાં ૨૦ જેટલી નાની-મોટી રસપ્રદ કથાઓ લોકભોગ્ય શૈલિમાં આલેખવામાં આવી છે. પૃ. ૧૭૫ નકલ ૫૫૦૦ (શે. ન-મં-સાહિત્યોદ્ધાર ફંડ તરફથી) (ત્રણ આ.)

પ્રસંગ પરિમલ : લગભગ ૧૨૫ પૃષ્ઠના આ લઘુ પુસ્તકમાં અનેક વિધ પ્રસંગોનું આલેખન થયું છે. આવૃત્તિ-૩ ૬૦૦૦

નૂતન સ્તવનાવલિ : આ નાનકડી પુસ્તિકામાં નૂતન ઢબના ભાવવાહી ગીતો-સ્તવનોનો સંગ્રહ છે. તાજેતરમાં જ ૨૩ મી આવૃત્તિ પ્રગટ થઇ છે. નકલ ૨૩૦૦૦

અહિંસા : આ મનનીય નિબંધ અહિંસાનું સુંદર માર્ગદર્શન આપે છે. ૫ ભાષામાં જેની ૨૧૦૦૦ નકલ પ્રગટ થઇ છે.

Lord Mahavir : જેની ૨૫૦૦૦ નકલ બહાર પડી ચૂકી છે.

રાત્રિ-ભોજન : જેમાં રાત્રિ-ભોજન વિષે ટૂંકમાં સચોટ લખાણ છે. ૬ આવૃત્તિ ૨૫૦૦૦

અણમોલ રત્નો- આ. ૧, ૨૦૦૦ જીવન સૌરભ- આ. ૧, ૪૦૦૦
તેજસ્વી રત્નો- આ. ૩, ૫૦૦૦ જીવન સાફલ્ય- આ. ૧, ૨૦૦૦
જીવન ધડતર- આ. ૧, ૨૦૦૦ જૈન શાસનમાં ઉપયોગ ૧૦૦૦
મૃત્યુની ગોદમાં-આ. ૧, ૨૦૦૦

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર

૬ જ્ઞાનમંદિર રોડ, દાદર, પી. બી. મુંબઇ-૨૮

આત્મતત્ત્વવિચાર

ખંડ પહેલો

આત્મતત્ત્વવિચાર

પહેલો ખંડ

[પાંચમી–આવૃત્તિ]



:: વ્યાખ્યાતા ::

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

વ્યાખ્યાન પહેલું

* આત્માનું અસ્તિત્વ *

जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेणं ।
अमला असंकिलिट्ठा, ते हुंति परित्तसंसारी ॥

શાસ્ત્રકાર સ્થવિર ભગવંત શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના[૧] જીવાજીવવિભક્તિ નામનાં છત્રીશમા અધ્યયનની આ ગાથામાં

---

૧ જૈન ધર્મના પ્રમાણભૂત મૂળ ગ્રંથોને આગમો કહેવાય છે. હાલ આવા ૪૫ આગમોની પ્રસિદ્ધિ છે, તેમાં ૧૧ અંગો છે, ૧૨ ઉપાંગો છે, ૬ છેદસૂત્રો છે, ૪ મૂળસૂત્રો છે અને ૧૦ પ્રકીર્ણક છે. ચાર મૂળ સૂત્રો પૈકી એક ઉત્તરાધ્યયન સૂત્ર છે. તેમાં સાધુજીવનને ઉદ્દેશીને સુંદર હૃદયંગમ ઉપદેશ અપાયેલો છે તથા બીજા પણ આનુષંગિક વિષયોનું વર્ણન છે. બૌદ્ધધર્મમાં જે સ્થાન ધમ્મપદનું છે તે સ્થાન જૈન સાહિત્યમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું છે. 'ધી સેક્રેડ બુક્સ ઓફ ધ ઇસ્ટ' નામની જગપ્રસિદ્ધ ગ્રંથમાળામાં આ સૂત્રનો અંગ્રેજી અનુવાદ પ્રકટ થયેલો છે તથા ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. શતકોડી મુકરજી દ્વારા પણ તેનો અંગ્રેજી અનુવાદ કલકત્તા યુનિવર્સિટી તરફથી પ્રકટ થયેલો છે. આ સૂત્ર કુલ છત્રીશ અધ્યયનમાં વહેંચાયેલું છે. તેમાં છત્રીશમું-છેલ્લું અધ્યયન જીવ અને અજીવનાં વર્ણનને લગતું છે, એટલે તે 'જીવાજીવવિભક્તિ' એવી સંજ્ઞા પામેલું છે.

અલ્પસંસારી આત્માનું સ્વરૂપ બતાવે છેઃ ' જે આત્માઓ જિનવચનમાં અનુરક્ત છે–શ્રદ્ધાવંત છે, જિનવચનમાં પ્રરૂપાયેલાં અને કહેવાયેલાં અનુષ્ઠાનો હૃદયના ઉલ્લાસપૂર્વક કરે છે. જે મલરહિત[૧] તથા સંકલેશરહિત[૨] પરિણામવાળા છે, તે પરિમિતસંસારી[૩] બને છે. '

આ વચનો ગંભીર છે. તેનો યથાર્થ ભાવ સમજવા માટે પ્રથમ આત્માનું સ્વરૂપ સમજવું પડશે. આત્મસ્વરૂપમાં પણ પ્રથમ વિચાર આત્માનાં અસ્તિત્વનો કરવો પડશે, કારણ કે આત્મા વિના આત્મસ્વરૂપ સંભવતું નથી. મૂલં નાસ્તિ કુતઃશાખા ? જો મૂળ જ ન હોય તો ડાળી–ડાંખળાં શી રીતે સંભવે ?

શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યક્ત્વનાં ૬૭ બોલો[૪] કહ્યા છે, તેમાં છ બોલ સમ્યક્ત્વનાં સ્થાનને લગતાં છે. તે આ પ્રમાણે–

અત્થિ જિઓ સો નિચ્ચો, કત્તા ભોત્તા ય પુન્નપાવાણં ।
અત્થિ ધુવં નિવ્વાણં, તદુવાઓ અત્થિ છટ્ઠાણે ।।

---

૧ મલ એટલે મિથ્યાત્વ આદિ દોષો.

૨ સંકલેશ એટલે રાગ અને દ્વેષને લીધે થતો જીવનો પરિણામ.

૩ જેને સંસારમાં મર્યાદિત સમય સુધી જ પરિભ્રમણ કરવાનું હોય તે પરિમિતસંસારી કે અલ્પ સંસારી કહેવાય છે. પરિમિતસંસારી થવું એ આધ્યાત્મિક દૃષ્ટિએ બહુ મોટી પ્રગતિ છે.

૪–૪ શ્રદ્ધા, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધિ, ૫ દૂષણ, ૮ પ્રભાવના, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ યતના, ૬ આગાર, ૬ ભાવના અને ૬ સ્થાન એ શુદ્ધ સમ્યક્ત્વના ૬૭ ભેદો છે.

'૧ જીવ છે, ૨ તે નિત્ય છે, ૩ તે કર્મનો કર્તા છે, ૪ તે કર્મફળનો ભોક્તા છે, ૫ મોક્ષ છે અને તેનો ઉપાય પણ છે.'

એટલે જે 'જીવ છે' એમ માને છે, અર્થાત્ આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે, તેને જ સમ્યક્ત્વ સ્પર્શી શકે છે, બીજાને નહિ.

જો જીવ કે આત્મા જેવી કોઇ સ્વતંત્ર વસ્તુનો સ્વીકાર કરવામાં ન આવે તો પુણ્ય-પાપનો વિચાર નિરર્થક ઠરે, સ્વર્ગ નરકની વાતો પણ નિરર્થક ઠરે અને પુનર્જન્મ કે પરલોકની વાતો અર્થહીન બની જાય. એટલે આત્માનાં અસ્તિત્વનો સ્વીકાર એ આત્મવાદ કે મોક્ષવાદના પાયાની પહેલી ઇંટ છે, અને તેથી જ પ્રથમ વિચારણા તેની કરવામાં આવે છે.

કેટલાક સમજદાર અને ભણેલા ગણેલા માણસો આત્માનાં અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી.* તેઓ કહે છે કે 'આત્મા દેખાતો નથી, તેને શી રીતે માનીએ? જો દેખાડો તો માનવા તૈયાર છીએ.' પરંતુ આત્મા એ લોઢાં-લાકડાં જેવી વસ્તુ નથી કે તેને હાથમાં પકડીને દેખાડી

* આજનો શિક્ષિત વર્ગ મોટા ભાગે વૈજ્ઞાનિક મંતવ્યો અનુસરે છે અને વૈજ્ઞાનિક મંતવ્ય આત્મા જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ હોવાનો ઇનકાર કરે છે. પરંતુ હવે એ પરિસ્થિતિમાં પલટો આવ્યો છે. પ્રો. આલ્બર્ટ આઇન્સ્ટીન, સર એ. એસ. એડિંગ્ટન, સર જેમ્સ જીન, સર જે. એ. થોમસન, પ્રો જે. બી. એસ. હેલ્ડન વગેરે પ્રકૃતિમાં સ્વતંત્ર ચેતન હોવાનો સ્વીકાર કરવા લાગ્યા છે. **ધી ગ્રેટ ડીઝાઇન** નામનાં પુસ્તકમાં તેમના ચેતનાવિષયક અભિપ્રાયોનો સંગ્રહ પ્રસિદ્ધ થયેલો છે.

શકાય. જે વસ્તુ અરૂપી છે, નજરે દેખી શકાય તેવી નથી, તેને દેખવા માટે મહેનત કરવી પડે છે, ભેજું કસવું પડે છે અને તેના જાણકારનો સહવાસ પણ સેવવો પડે છે. જો આટલી તૈયારી હોય તો આત્માને દેખવાનું–આત્માની પ્રતીતિ કરવાનું કામ જરા યે અઘરૂં નથી.

આ દુનિયામાં વસ્તુ કે પદાર્થ નજરે દેખાય છે, તેને જ આપણે માનીએ છીએ એવું નથી, જે વસ્તુ કે પદાર્થ દેખાતા નથી, પણ તેનું કાર્ય દેખાય છે, તેને પણ આપણે માનીએ છીએ.

'અહીં ૫૦૦૦ વર્ષ પૂર્વે મોહન-જો-ડેરો નામનું શહેર હતું, તેના રસ્તા વિશાળ હતા, ઘરો સુંદર હતાં અને તે બાગબગીચાવાળું હતું.' એવું આજના એના દેખાવ ઉપરથી માલમ પડે છે, પણ તેનો કારીગર દેખાતો નથી. આ નગરનો બનાવનારો જરૂર હતો, પણ તે આજે દેખાતો નથી, તેનું નામનિશાન નથી, છતાં એ બનાવનારની સાબિતી તેનાં કાર્ય ઉપરથી થાય છે.

પવન કે વાયુ નજરે કોણ જોઈ શકે છે? પણ વૃક્ષની ડાળીઓ હાલવા લાગે કે મંદિરની ધજા ફરકવા માંડે તો સહુ કોઇ બોલી ઉઠે છે કે 'વાયુ વાય છે.' તાત્પર્ય કે

જૈન દર્શને પ્રમાણના બે પ્રકારો માનેલા છે, પ્રત્યક્ષ અને પરોક્ષ, તેમાં પરોક્ષ પ્રમાણના પાંચ ભેદો છે. (૧) સ્મરણ, (૨) પ્રત્યભિજ્ઞાન, (૩) તર્ક, (૪) અનુમાન અને (૫) આગમ. એક ચાર્વાક સિવાય બીજા બધાં દર્શનોએ અનુમાન-પ્રમાણનો સ્વીકાર કરેલો છે, એટલે અનુમાન વડે જે જ્ઞાન થાય તે પણ પ્રમાણભૂત છે.

પવન નજરે દેખી શકાતો નથી, પણ તેનાં કાર્ય વડે જ આપણે તેને જાણી શકીએ છીએ.

વીજળી દ્વારા અનેક પ્રકારનાં કાર્યો થાય છે. સ્વીચ (બટન) દાબો કે પંખો ફરવા માંડે છે અને ગ્લોબમાં અતિ પ્રકાશવંત દીવો થાય છે. પણ એ પંખો ફેરવનાર તથા પ્રકાશવંત દીવો કરનાર વિદ્યુતશક્તિને કોઇએ નજરે જોઈ છે ખરી ? ગમે તેવી તીણી નજરવાળો પણ એને જોઈ શકતો નથી અને એકનું સોગણું-હજારગણું બતાવનાર દુર્બીન આંખે લગાડો તો પણ એ જોઇ શકાતી નથી. માત્ર તેના કાર્યો પરથી જ આપણે કહીએ છીએ કે આ જગત્માં વિદ્યુત્ નામની એક શક્તિ અસ્તિત્વ ધરાવે છે.

આજ ઘર-ઘરમાં રેડિયો વાગે છે અને ' આ ગીત અમેરિકાથી આવ્યું, ' ' આ ગીત કોલંબોથી આવ્યું ' ' આ ગીત કલકત્તાથી આવ્યું ' એમ કહેવામાં આવે છે. તો એ ગીત અમેરિકા, કોલંબો કે કલકત્તાથી અહીં (મુંબઇમાં) શી રીતે આવ્યું ? કોઇએ તેને આવતાં જોયુ ખરું ? જો એમ કહેવામાં આવે કે ' એ તો ઈથરનાં મોજામાં ગતિમાન થતું અહીં આવ્યું ' તો એ ઇથરને કે તેનાં મોજાઓને ગતિમાન થતાં નજરે કોણે જોયાં ? માત્ર કાર્ય પરથી જ તેની પ્રતીતિ થાય છે.

' જે વસ્તુ નજરે જોઇએ-દેખીએ નહિ, તેનું અસ્તિત્વ માનવું નહિ ' એમ કહેનારાઓને પૂછવામાં આવે કે ' તમારા પિતામહ હતા કે નહિ ? તેમના પિતામહ હતા

કે નહિ ? અને તેમના પિતામહ (દાદા) પણ હતા કે નહિ ?' તો એ શું જવાબ આપશે ? તે એમ જ કહેશે કે 'હા, હતા.' ફરી તેમને પૂછવામાં આવે કે 'તમારી સોમી પેઢી હતી કે નહિ ? હજારમી પેઢી હતી કે નહિ ? અરે ! લાખમી પેઢી હતી કે નહિ ?, તો તેનો જવાબ પણ એમ જ આપશે કે 'હા, હતી.'

આમ કહેવાનું કારણ શું છે ? જ્યાં પાંચમી પેઢી જોવાનું પણ મુશ્કેલ છે ત્યાં સોમી, હજારમી કે લાખમી પેઢી કોણ જોઇ શકે ! વહીવંચાના ચોપડામાં, ઈતિહાસનાં મોટાં પોથાઓમાં કે પુરાણા લેખોમાં પણ તેનો નિર્દેશ મળે નહિ. છતાં કહે છે કે 'હા, હતી.' તેનું કારણ એ જ છે કે એ પેઢીઓ નજરે દેખાતી નથી. પણ તેનું કાર્ય નજરે દેખાય છે. તમે પોતે જ એનું કાર્ય છો, એનો જીવતો-જાગતો પૂરાવો છે. જો તમારી સોમી-હજારમી-લાખમી પેઢી ન હોત તો તમે હોત જ ક્યાંથી ?

આ પરથી એટલું નક્કી થયું કે જે વસ્તુ નજરે દેખાતી ન હોય, પણ તેનું કાર્ય દેખાતું હોય, તે અસ્તિત્વમાં છે એમ આપણે માનીએ છીએ અને એમ જ માનવું જોઇએ.

હવે આત્માનું કાર્ય દેખાય છે કે નહિ ? તે આપણે વિચારીએ. એક માણસ મૃત્યુ પામે છે, ત્યારે શરીર તો એનું એ જ હોય છે. એજ મુખ, એજ નાક, એજ કાન, એજ આકૃતિ; બધું એનું એ છતાં તે મૃત્યુ પામ્યા

પછી કંઈ કરી શકતો નથી, તેનું કારણ શું? પ્રથમ (મૃત્યુ પહેલાં) ભૂખ લાગતી ત્યારે ખાવાનું માગતો, તરસ લાગતી ત્યારે પાણી માગતો, પણ હવે તે કેમ કંઈ માગતો નથી? કદાચ વગર માગ્યે તેનાં મ્હોમાં અન્નનો કોળિયો મૂકવામાં આવે તો ખાય ખરો? અથવા પાણી રેડવામાં આવે તો પીએ ખરો? જ્યારે તે જીવતો હતો, ત્યારે એમ કહેતો હતો કે 'આ મારી પત્ની છે,' 'આ મારો પુત્ર છે,' 'આ મારી પુત્રી છે,' 'આ મારાં સગાં-સ્નેહીઓ છે,' 'તો હવે તે કેમ બોલતો નથી? ઘડી પહેલાં તે એમ કહેતો હતો કે 'હવે મારાં કુટુંબનું શું થશે? મારી માલમિલકતનું શું થશે? જે ઢોરઢાંખરને મેં ઘણા પ્રેમથી પાળ્યા છે, તેનું શું થશે?' અને તે નિસાસા મૂકતો હતો, અફસોસ કરતો હતો, આંખમાંથી આંસુ સારતો હતો. તે બધું એકાએક બંધ કેમ પડી ગયું? શું તેની કુટુંબ પ્રત્યેની લાગણી ઘટી ગઇ? માલમિલકત પરની મમતા ઓછી થઇ ગઈ? ઢોરઢાંખર પરનો પ્રેમ પરવારી ગયો? જો એવું થાય તો બેડો પાર થઇ જાય, પણ એવું કંઈ પણ બન્યા વિના તેનું બધું કાર્ય બંધ પડી ગયું, એ હકીકત છે.

મૃત્યુ પામેલાને કોઇ ગાળ દે તો બોલશે ખરો? અથવા લાત મારે તો ઊંકારો કરશે ખરો? પહેલાં કોઈ સળગતી દીવાસળી ચાંપે તો ગરમ થઇ જતો અને તેની સાથે લડી પડતો, પણ હવે તેને લાકડાંની ચેહમાં આખો

ને આખો સળગાવી દેવામાં આવે તો પણ ગરમ થશે નહિ કે ચૂં ચાં કરશે નહિ, એનું કારણ શું ? કારણ એ જ કે તેમાં જે જાણનારો હતો, જોનારો હતો, સ્પર્શનારો હતો, સૂંઘનારો હતો, ચાખનારો હતો, સાંભળનારો હતો, બોલનારો હતો, વિચારનારો હતો, અને ઇચ્છા મુજબ ક્રિયા કરી શકનારો હતો, તે ચાલ્યો ગયો.

જો જાણવું-જોવું વગેરે કાર્યો શરીરનાં હોત તો મડદામાં શરીર મોજૂદ છે અને તે કાર્યો થવા જોઇતાં હતાં, પણ તે કાર્યો થતાં નથી. એટલે ચોક્કસ છે કે એ કાર્યો શરીરનાં નહિ, પણ આત્માનાં જ હતાં. તાત્પર્ય કે ચૈતન્યભર્યો જીવનવ્યવહાર એ આત્માનાં અસ્તિત્વની મોટામાં મોટી સાખીતી છે. કોઇપણ સમજદાર તેનો ઇન્કાર કેમ કરી શકે ?

કીડી-મંકોડી વગેરેમાં ચૈતન્યભર્યો જીવનવ્યવહાર છે, એટલે તેનામાં આત્મા છે. કાગળ, પેન્સીલ, છરી, ચપ્પુ વગેરેમાં ચૈતન્યભર્યો જીવનવ્યવહાર નથી, એટલે તેમનામાં આત્મા નથી. ગાય, ભેંસ, હાથી, ઘોડા, માછલાં, સાપ, મનુષ્ય વગેરેમાં ચૈતન્યભર્યો જીવનવ્યવહાર છે, એટલે તેમનામાં આત્મા છે.

જેમ ધૂમાડા પરથી અગ્નિનું અનુમાન કરી શકાય છે, તેમ ચૈતન્ય પરથી આત્માનું અનુમાન કરી શકાય છે. શાસ્ત્રકાર ભગવંતોએ 'चैतन्यलक्षणो जीवः । એવું સૂત્ર કહ્યું, તેનો અર્થ એ છે કે 'જ્યાં જ્યાં ચૈતન્ય દેખાય, ત્યાં ત્યાં જીવ કે આત્માનું અસ્તિત્વ માનવું.'

આત્માનાં અસ્તિત્વ અંગે પ્રદેશી રાજાનો પ્રબંધ જાણવા જેવો છે. એ તમે એકાગ્રચિત્તે સાંભળશો, તો આત્માનાં અસ્તિત્વ સંબંધી તમારાં મનના સર્વ સંશયો દૂર થઇ જશે.

પ્રદેશી રાજાનો પ્રબંધ.

તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની પરંપરામાં કેશી-કુમાર નામના શ્રમણ થયા. તેઓ શાંત, દાંત, મહા તપસ્વી તથા અવધિ જ્ઞાનથી યુક્ત હતા.* ભવ્ય જનોને પ્રતિબોધ કરતાં તેઓ એકદા શ્રાવસ્તી નગરીએ પધાર્યા. રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું અને લોકોને કલ્યાણનો સાચો માર્ગ બતાવવો, એ ત્યાગી સંતોનું કર્તવ્ય છે.

કેશીકુમાર શ્રમણની ખ્યાતિ આ પ્રદેશમાં ખૂબ ફેલાયેલી હતી, એટલે અનેક લોકો તેમનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા. તેમાં કાર્યપ્રસંગે શ્રાવસ્તી આવેલો શ્વેતામ્બિકા નગરીના રાજાનો પરમ વિશ્વાસુ ચિત્ર નામે સારથિ પણ સામેલ હતો.

આચાર્ય મહારાજનું—ગુરુ મહારાજનું વ્યાખ્યાન શ્રવણ કરવા માટે પણ કેટલીક યોગ્યતા જોઇએ છે. એક કવિએ કહ્યું છે કે—

પ્રથમ શ્રોતા ગુણ એહ, નેહ ધરી નયણે નિરખે;
હસિત વદન હુંકાર, સાર પંડિતગુણ પરખે.

* ઉત્તરાધ્યયનસૂત્રનું ૨૩ મું અધ્યયન કેશીગૌતમીય નામનું છે. તેમાં કેશિકુમાર અને ગૌતમસ્વામી વચ્ચે થયેલા એક સુંદર સંવાદની નોંધ છે.

શ્રવણ દિયે ગુણ વયણ, સયણુતા રાખે સરખે;
ભાવભેદ રસ પ્રીંછ, રીજ મનમાંહી રાખે.

વેધક મનમાંહી વિચાર, સાર ચતુરાઇ ગુણ આગળા;
કહે કૃપા એવી સભા, તવ કવિયણ ભાખે કલા.

શ્રોતામાં પ્રથમ ગુણ એ હોવો જોઇએ કે તે બોલનારની–વક્તાની સામે સ્નેહભરી નજર રાખે અને મુખ જરા મલકતું રાખીને હોંકારો ભણતો આવે. વળી તે વક્તામાં રહેલા પંડિત તરીકેના ગુણોની પરીક્ષા કરે અર્થાત્ ગોળ–ખોળને સરખા ન ગણતાં આ ઉત્તમ વક્તા છે, આ મધ્યમ વક્તા છે, આ સામાન્ય વક્તા છે, એવો પોતાના મનમાં નિર્ણય કરે. તે પોતાના કાન વક્તાને તાબે કરે અને જે ગુણકારી વચનો તેનાં મુખમાંથી નીકળી રહ્યા હોય તે બરાબર સાંભળે. તે આજુબાજુના શ્રોતાઓ સાથે સજ્જનતા રાખે, એટલે 'જોઇને બેસો' નથી દેખાતું?' 'કેમ પગ લગાડ્યા?' વગેરે વચનો બોલીને તકરાર ન કરે, કયો વિષય ચાલે છે અને તેનો શું અધિકાર કહેવાય છે? તે ધ્યાનમાં રાખે અને તેમાં જે રસનું નિરૂપણ થઇ રહ્યું હોય તેને બરાબર ઝીલે તથા તેથી ઉત્પન્ન થતો આનંદ અમુક અંશે વ્યક્ત કરતો રહે. વળી મનમાં વેધક વિચારો કરે, એટલે હેય–જ્ઞેય–ઉપાદેયનો વિવેક કરે અને ઉત્તમ પ્રકારની ચતુરાઇ દર્શાવે. કૃપા કવિ કહે છે કે જ્યાં આવા શ્રેષ્ઠ ગુણ હોય ત્યાં વક્તાને પોતાની કલા દર્શાવવાનો ઉમંગ આવે છે.'

શ્રી કેશિકુમાર આચાર્યનું વ્યાખ્યાન એકચિત્ત શ્રવણ

કરતાં અનેક મનુષ્યો પ્રતિબોધ પામ્યા અને ચિત્ર સારથિએ પણ સમ્યક્ત્વમૂલ શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યાં * પછી તેણે વિદાય થતી વખતે આચાર્યશ્રીને વિનંતિ કરી કે 'હે ભગવન્! શ્વેતામ્બિકા નગરી પ્રાસાદિક છે, દર્શનીય છે અને રમણીય છે, માટે ત્યાં પધારવા કૃપા કરશો.'

ચિત્ર સારથિએ આમ બે ત્રણ વાર વિનંતિ કરી, ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે 'હે ચિત્ર! જે વનમાં ઘણા દુષ્ટ શ્વાપદો રહેતાં હોય, તે વનમાં વસવું સલામત ગણાય નહિ. તેમ જે નગરમાં ક્રૂર રાજાનું શાસન પ્રવર્તતું હોય, ત્યાં આવવું શ્રેયસ્કર ગણાય નહિ.'

ચિત્રે કહ્યું: 'હે સ્વામી! આપ દેવાનુપ્રિયને પ્રદેશી રાજાનું શું કામ છે? રાજધાનીમાં બીજા ઘણા શેઠ-શ્રીમંતો વસે છે, તેઓ આપનો આદર કરશે અને આહારપાણી વગેરેની

---

* સર્વ વ્રત નિયમો સમ્યક્ત્વપૂર્વક સફળ થાય છે. એટલે વ્રત ધારણ કરતાં પહેલાં સમ્યક્ત્વ ઉચ્ચારવામાં આવે છે. અને તેથી શ્રાવકોનાં વ્રતો સમ્યક્ત્વમૂલ કહેવાય છે. આ વ્રતોનાં નામો નીચે પ્રમાણે સમજવાં: (૧) સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત. (૨) સ્થૂલમૃષાવાદવિરમણવ્રત. (૩) સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત. (૪) પરદારાવિરમણસ્વદારાસંતોષવ્રત (૫) પરિગ્રહપરિમાણવ્રત (૬) દિક્પરિમાણવ્રત. (૭) ભોગોપભોગપરિમાણવ્રત. (૮) અનર્થદંડવિરમણવ્રત. (૯) સામાયિકવ્રત. (૧૦) દેશાવકાશિકવ્રત. (૧૧) પોષધવ્રત અને (૧૨) અતિથિસંવિભાગવ્રત. આમાંના પ્રથમ પાંચ અણુવ્રતો, પછીના ત્રણ ગુણવ્રતો અને છેલ્લાં ચાર શિક્ષાવ્રતો કહેવાય છે. આ વ્રતોનું વિસ્તૃત વર્ણન આગળ પીસ્તાલીશમા વ્યાખ્યાનમાં (બીજા ભાગમાં) જોઈ શકાશે.

વિપુલ સામગ્રીથી આપની સેવા કરશે. આપ ત્યાં પધારશો તો મહા ઉપકાર થશે, માટે જરૂર પધારવાનું રાખશો.'

ચિત્રનું આગ્રહભર્યું વ્યવસ્થિત આમંત્રણ જાણી આચાર્યશ્રીએ કહ્યું : 'જેવી ક્ષેત્રસ્પર્શના,' સાધુ મુનિરાજો આવા પ્રસંગે નિશ્ચયકારી ભાષાનો પ્રયોગ કરતા નથી, કારણ કે સંયોગોનું બળ તેમને કયારે-કયાં ખેંચી જાય તે કહેવું મુશ્કેલ હોય છે. તેઓ હા કહે અને જઈ ન શકે તો અસત્ય ભાષણનો દોષ આવે અને મહાપુરુષો પણ આવું મિથ્યા બોલે છે, એવો લોકોમાં પ્રવાદ થાય. જે કોઈપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.

ચિત્ર આચાર્યશ્રીનાં ઇંગિત પરથી એટલું સમજી શકયો હતો કે તેઓ એકવાર શ્વેતાંબિકા જરૂર પધારશે, એટલે તેણે શ્વેતાંબિકા પહોંચીને નગરના ઉદ્યાનપાલકોને બોલાવ્યા અને કહ્યું કે 'હે દેવાનુપ્રિયો! પાર્શ્વાપત્ય કેશિકુમાર શ્રમણ ફરતાં ફરતાં અહીં આવવાના છે. તેઓ અહીં આવે ત્યારે તમે તેમને વાંદજો-નમજો, રહેવાની અનુજ્ઞા આપજો અને પીઠ-ફલક વિગેરે લઈ જવાનું આમંત્રણ કરજો. પછી તેમનાં આગમનની ખબર મને આપજો.'

કેટલાક વખત પછી ઉદ્યાનપાલકે આવીને ચિત્રને વધામણી આપી કે 'હે બુદ્ધિનિધાન! ધીર, વીર, અનુપમ, ઉદાર, નિર્ગ્રંથ અને નિરારંભી તથા ચાર જ્ઞાનના ધણી એવા શ્રી કેશિ નામના ગણધર પોતાના શિષ્યપરિવાર સાથે આજે પ્રાતઃકાળ ઉદ્યાનને વિષે સમવસર્યા છે.'

આ વધામણી સાંભળતાં જ મંત્રીશ્વરનું હૃદય આનંદથી ઉભરાઇ ગયું અને તેણે ઉદ્યાનપાલકને જીવનભર ચાલે તેટલું પ્રીતિદાન આપી વિદાય કર્યો. પછી તે નાહી, શુદ્ધ વસ્ત્રો પહેરી તથા શરીરને શણગારી આચાર્યશ્રીનાં દર્શનાર્થે ગયો અને તેમનો ઉપદેશ સાંભળ્યા પછી કહેવા લાગ્યો કે 'હે ભગવન્! અમારો રાજા પ્રદેશી અધાર્મિક છે અને દેશનો કારભાર બરાબર ચલાવતો નથી. વળી તે કોઈ શ્રમણ, બ્રાહ્મણ કે ભિક્ષુઓનો આદર કરતો નથી. અને સર્વ કોઇને હેરાન કરે છે. માટે આપ તેને ધર્મોપદેશ કરો તો ઘણું ભલું થાય. સાથે શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુઓ, મનુષ્યો, પશુઓ અને પક્ષીઓનું પણ ઘણું ભલું થાય.'

આચાર્યશ્રીએ કહ્યું : 'હે ચિત્ર! તારા રાજા પ્રદેશીને અમે ધર્મ કેવી રીતે કહીએ? તે અમારી પાસે આવે તો ને?'

ચિત્રે કહ્યું : 'હું તેને કોઈ પણ ઉપાયે આપની પાસે લઈ આવીશ. આપ તેને ખૂબ છૂટથી ધર્મોપદેશ કરજો. લગારે સંકોચ રાખશો નહિ.'

પછી એક દિવસ ચિત્ર સારથિ પ્રભાતના પહોરમાં રાજા પાસે ગયો અને તેને જયવિજયથી વધાવતા બોલ્યો કે 'હે સ્વામી! મેં આપને કેળવેલા ચાર ઘોડાની ભેટ મોકલેલી છે. તેને આજે આપ તપાસી જુઓ. આજનો દિવસ ઘણો રળિયામણો છે, એટલે આ કાર્યને માટે યોગ્ય છે.'

રાજાએ કહ્યું: 'તું એ ચારે ઘોડાઓને રથમાં જોડી, તે રથ અહીં લઇ આવ. હું એટલામાં તૈયાર થાઉં છું.'

ચિત્ર એ રીતે તૈયાર કરીને રથ લાવ્યો, એટલે પ્રદેશી રાજા રથમાં બેઠો અને શ્વેતામ્બિકા નગરીની વચ્ચે થઇને બહાર નીકળ્યો. પછી ચિત્ર સારથિ એ રથને ઘણે દૂર ખેંચી ગયો, ત્યારે રાજાએ ગરમી, તરસ અને ઉડતી ધૂળથી કંટાળીને કહ્યું કે 'ચિત્ર! હવે રથ પાછો વાળ.' ત્યારે ચિત્રે રથને પાછો વાળ્યો અને તેને મૃગવનઉદ્યાન આગળ લાવી ઊભો રાખ્યો કે જ્યાં કેશિકુમાર શ્રમણ પોતાના શિષ્યપરિવાર સાથે ઉતર્યા હતા.

ચિત્રે કહ્યું: 'મહારાજ! આ મૃગવન ઉદ્યાન છે. ત્યાં ઘોડાને થોડો થાક ખવડાવીએ અને આપણો શ્રમ પણ દૂર કરીએ!' રાજાએ હા પાડતાં તે રથને અંદર લઇ ગયો અને કેશિકુમારના ઉતારાની પાસે જઈ ઘોડાઓને છોડી નાખી, તેમની સારસંભાળ કરવા લાગ્યો. રાજા પણ રથથી નીચે ઉતર્યો અને ઘોડાઓનાં શરીર પર હાથ ફેરવવા લાગ્યો. એમ કરતાં તેણે સભાની વચ્ચે ઉપદેશ કરી રહેલા શ્રી કેશિકુમાર શ્રમણને જોયા.

એમને જોતાં જ પ્રદેશીને વિચાર આવ્યો કે 'આ વળી કોણ જડ મુંડિયો બેઠો છે? એ શું ખાતો હશે? શું પીતો હશે? કે શરીરે આવો અલમસ્ત અને દેખાવડો લાગે છે? વળી લોકોને તે એવું શું આપે છે કે જેથી આવડી મોટી માનવમેદની અહીં એકત્ર થઇ છે?'

તેણે કહ્યું: 'ચિત્ર! જો તો ખરો કે આ બધું શું ચાલી રહ્યું છે? પેલો મોટો જડ બરાડા પાડીને જડ લોકોને શું સમજાવી રહ્યો છે? આવા નફકરા લોકોને લીધે આપણે આવી ઉદ્યાનભૂમિમાં પણ સારી રીતે હરીફરી શકતા નથી! માત્ર વિસામો અને શાંતિ મેળવવા અહીં આવ્યા, તો એ મોટા બરાડા પાડીને આપણું માથું પકવી રહ્યા છે!'

ચિત્રે કહ્યું: 'હે સ્વામી! એ કેશિકુમાર શ્રમણ પાર્શ્વાપત્ય છે, જાતિવંત છે, ચાર જ્ઞાનના ધારક છે અને તેઓ અન્નભક્ષી છે.'

રાજા કહે, 'ચિત્ર! તું શું કહે છે? શું એ પરમાવધિથી અધોવર્તિ અવધિજ્ઞાન થયેલું છે એટલે વિશાળ અવધિ જ્ઞાનના ધારક છે? શું એ અન્નજીવી છે?'

ચિત્રે કહ્યું: 'હા સ્વામી! એમ જ છે.'

રાજા કહે, 'ત્યારે શું એ પુરુષની પાસે જવા જેવું છે?'

ચિત્ર કહે, 'હા મહારાજ! એમની પાસે જવા જેવું છે.'

પછી રાજા અને ચિત્ર કેશિકુમારની સામે જઈને ઉભા રહ્યા. રાજાએ પૂછ્યું કે 'હે ભંતે! તમે શું પરમાવધિજ્ઞાન ધરાવો છો? તમે શું અન્નજીવી છો?'

આચાર્યે કહ્યું: 'દાણુચોરો દાણુમાંથી છટકી જવા માટે કોઈને ખરો રસ્તો પૂછતા નથી, પણ આડાઅવળા માર્ગે ચાલે છે, તેમ હે રાજન્! વિનયના માર્ગથી છટકી જવાને લીધે તને પ્રશ્ન પૂછતા પણ આવડતો નથી, વારુ, મને જોઈને તને એવો વિચાર થયેલો ખરો કે આ મોટો જડ બીજા જડ લોકોને શું સમજાવી રહ્યો છે? અને મારાં ઉદ્યાનમાં મોટા બરાડા પાડીને મને શાંતિ લેવા દેતો નથી?'

રાજાએ કહ્યું, 'એ વાત સાચી છે. પણ તમે આ શાથી જાણ્યું? તમને એવું કયું જ્ઞાન થયેલું છે કે જેથી તમે મારાં મનનો વિચાર જાણી લીધો?'

આચાર્યે કહ્યું: 'રાજન્! અમારા શ્રમણનિર્ગ્રંથોના શાસ્ત્રમાં પાંચ પ્રકારનાં જ્ઞાન કહેલાં છેઃ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ. તેમાં મને પ્રથમનાં ચાર જ્ઞાન થયેલાં છે, તેના લીધે તારાં મનનો સંકલ્પ હું જાણી શકું છું.'

રાજાએ પૂછ્યું: 'હે ભગવંત! હું અહીં બેસું?'

આચાર્યે કહ્યું: 'આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે, તેથી અહીં બેસવું કે ન બેસવું એ તારી ઇચ્છા પર છે.'

પછી રાજા અને ચિત્ર સારથિ તેમની પાસે બેઠા. રાજાએ આચાર્યને પૂછ્યું કે 'હે ભંતે! તમારા શ્રમણ-નિર્ગ્રંથોમાં એવી સમજ છે કે, 'જીવ જૂદો છે અને શરીર જૂદું છે,' એ વાત સાચી?'

કેશિકુમારે કહ્યું કે 'હા, અમારી સમજ એવી છે.'

રાજાએ કહ્યું : 'જીવ અને શરીર જૂદા નથી, પણ એક જ છે, એવા નિર્ણય પર હું શાથી આવ્યો, તે સાંભળો. મારો દાદો આ નગરીનો જ રાજા હતો. તે ઘણો અધાર્મિક હતો અને પ્રજાની બરાબર સારસંભાળ પણ કરતો ન હતો. તો તમારા મત પ્રમાણે તો મરણ પામીને કોઇ નરકમાં જ ગયેલો હોવો જોઇએ. મારા દાદાનો હું વહાલો પૌત્ર છું. તેને મારા પર ઘણું હેત હતું. હવે તમારા કહેવા પ્રમાણે જીવ અને શરીર જૂદા હોય અને તે મરીને નરકમાં ગયો હોય તો મને અહીં આવીને એટલું તો જણાવે ને કે 'તું કોઇપણ પ્રકારનો અધર્મ કરીશ નહિ, કારણ કે તેનાં ફળ રૂપે નરકમાં જવું પડે છે અને ભયંકર દુઃખો ભોગવવા પડે છે. પણ તે હજી સુધી કોઈ વાર મને કહેવા આવ્યો નથી, માટે જીવ અને શરીર એક જ છે અને પરલોક નથી, એવી મારી માન્યતા બરાબર છે.'

આચાર્યે કહ્યું : 'હે પ્રદેશી ! તારે સૂર્યકાંતા નામે રાણી છે. એ રૂડી-રૂપાળી રાણી સાથે કોઇ રૂડો રૂપાળો પુરુષ માનવીય કામસુખનો અનુભવ કરતો હોય તો એ કામૂક પુરુષનો તું શું દંડ કરે ?'

રાજાએ કહ્યું : 'હે ભંતે ! હું એ પુરુષનો હાથ કાપી નાખું, પગ છેદી નાખું અને તેને શૂળીએ ચડાવી દઉં, અથવા એક જ ઘાએ તેનો જાન લઉં.'

આચાર્ય : 'હે રાજન્ ! એ કામુક પુરુષ તને એમ કહે કે 'હે સ્વામી ! ઘડીક થોભી જાઓ, હું મારા કુટુંબીઓ

તથા મિત્રોને એમ કહી આવું કે કામવૃત્તિને વશ થઇ હું સૂર્યકાંતાના સંગમાં પડ્યો, તેથી મરણની શિક્ષા પામ્યો છું. માટે તમે ભૂલે-ચૂકે પાપાચરણમાં ન પડશો.' તો એ પુરુષનું એવું કાકલુદી ભરેલું વચન સાંભળીને તું એને સજા કરતો થોડી વાર થોભી જાય ખરો?'

રાજા—હે ભંતે! એમ તો ન બને. એ કામુક મારો અપરાધી છે, એટલે જરાયે ઢીલ કર્યા વિના હું તેને શૂળીએ ચડાવી દઉં.

આચાર્ય—હે રાજન્! તારા દાદાની હાલત પણ આવી જ છે. તે પરતંત્રપણે નરકનાં દુઃખો ભોગવી રહ્યો છે, એટલે તને કહેવા શી રીતે આવી શકે? નારકીમાં આવેલો તારો અપરાધી મનુષ્યલોકમાં આવવા તો ઇચ્છે છે, પણ તે ચાર કારણે અહીં આવી શકતો નથી. પ્રથમ તો નરકની ભયંકર વેદના તેને વિહ્વલ કરી નાખે છે, એટલે તે કિંકર્તવ્યવિમૂઢ બની જાય છે. બીજું નરકના કઠોર સંત્રીઓ-પરમાધામીઓ તેને ઘડીકે છૂટો મૂકતા નથી. ત્રીજું, તેનું વેદનીય કર્મ પૂરું ભોગવાયેલું હોતું નથી. અને ચોથું, તેનું આયુષ્ય પૂરું થયેલું હોતું નથી, એટલે તે મનુષ્યલોકમાં આવી શકતો નથી. મરીને નરકમાં પડેલો પ્રાણી અહીં આવી શકતો નથી, તેનું કારણ તેની પરતંત્રતા છે, નહિ કે નરક નામની ગતિ નથી.

રાજા—જીવ કોઇ સ્વતંત્ર વસ્તુ નથી એ મારી માન્યતા દૃઢીભૂત કરનારો બીજો દાખલો સાંભળો. આજ નગરીમાં મારી એક દાદી હતી. તે ઘણી ધાર્મિક હતી અને શ્રમણોપાસિકા

હતી. વળી તે જીવ-અજીવ વિગેરે તત્ત્વોને જાણનારી હતી અને સંયમ તથા તપ વડે પોતાના આત્માને ભાવિત કરતી હતી. મારી આ દાદી મરણ પામી અને તમારા કહેવા પ્રમાણે એ સ્વર્ગમાં ગયેલી હોવી જોઇએ. એ દાદીનો હું ઘણો વહાલો પૌત્ર હતો. તે મને જોઇને ઓછી ઓછી થઈ જતી હતી. તેણે સ્વર્ગમાંથી આવીને મને એમ કહેવું જોઈતું હતું કે 'હે પૌત્ર! તું પણ મારા જેવો ધાર્મિક થજે, જેથી તને સ્વર્ગનાં સુખો પ્રાપ્ત થશે. પણ તે હજી સુધી મને એવું કહેવા આવી નથી, એટલે નરકની જેમ સ્વર્ગની વાત પણ મારા માન્યામાં આવતી નથી. તેથી જીવ અને શરીર જૂદાં નહિ પણ એક જ છે, એવી મારી માન્યતા દૃઢ થયેલી છે.

આચાર્ય—હે રાજન્! માની લે કે તું દેવમંદિરમાં જવા માટે નાહેલો છે, ભીનાં કપડાં પહેરેલાં છે, તારા હાથમાં કળશ-ધૂપદાન રહેલું છે, અને તું દેવમંદિરમાં જવા માટે પગલાં ઉપાડે છે, ત્યાં પાયખાનામાં બેઠેલો કોઈ પુરુષ તને એમ કહે કે 'તમે અહીં પાયખાનામાં આવો, બેસો, ઉભા રહો અને ઘડીક શરીર લાંબુ કરો.' તો હે રાજન્! તું એ વાતને સાંભળે ખરો?

રાજા—હે ભંતે! હું એ વાતને બિલકુલ સાંભળું નહિ. પાયખાનું ઘણું ગંદુ હોય છે, એવી ગંદી જગામાં કેવી રીતે જઇ શકું?

આચાર્ય—હે રાજન્! એ જ પ્રમાણે દેવ થયેલી તારી દાદી અહીં આવી તને પોતાનાં સુખો કહેવાને ઇચ્છે,

તો પણ આવી શકે નહિ. સ્વર્ગમાં તાજો ઉત્પન્ન થયેલો દેવ મનુષ્યલોકમાં આવવા તો ઇચ્છે છે, પણ ચાર કારણોને લીધે તે અહીં આવી શકતો નથી, એક તો એ દેવ સ્વર્ગમાં દિવ્ય કામસુખોમાં ખૂબ મશગુલ બની જાય છે અને માનવી સુખોમાં તેની રુચિ રહેતી નથી. બીજું, એ દેવનો મનુષ્ય સાથેનો સંબંધ તૂટી ગયેલો હોય છે અને દેવદેવીઓ સાથેનો નવો પ્રેમસંબંધ તેમાં સંકળેલો હોય છે. ત્રીજું, દિવ્ય સુખોમાં પડેલો એ દેવ અબઘડી જાઉં છું. અબઘડી જાઉં છું.' એમ વિચારે છે. ત્યાં તો કેટલોય કાળ વહી જાય છે અને મનુષ્યલોકના અલ્પાયુષી સંબંધીઓ મરી ગયેલાં હોય છે, કારણ કે દેવની ઘડી એટલે આપણા હજારો વર્ષ. ચોથું, મનુષ્યલોકની દુર્ગંધ ઘણી હોય છે. તે ઉપર ચારસો પાંચસો યોજન સુધી ફેલાય છે, તેને દેવ સહી શકતો નથી, એટલે સ્વર્ગમાં ગયેલો પ્રાણી અહીં આવી શકતો નથી. આ પરથી તું સમજી શકયો હોઈશ કે તારી દાદી દેવરૂપે અહીં આવી શકી નહિ, તેનું કારણ સ્વર્ગનાં મોજશોખ તરફની અભિરુચિ છે, નહિ કે સ્વર્ગ નામની ગતિ નથી.

રાજા—જીવ અને શરીર જૂદા નથી તે માટે એક બીજો પૂરાવો પણ સાંભળો. હું રાજસભામાં સિંહાસન પર બેઠો હતો, મંત્રી વિગેરે પરિવાર બાજુમાં બેઠા હતા, તે વખતે કોટવાળ એક ચોરને પકડી લાવ્યો, મેં તે ચોરને જીવતો ને જીવતો લોઢાની કુંભીમાં પૂરી દીધો ને તેના પર લોઢાનું સજ્જડ ઢાંકણું ઢાંકી દીધું, તેને લોઢા અને સીસાનું રેણ કરાવી દીધું અને તેના પર મારા વિશ્વાસુ સૈનિકો

મૂકી તેના પર બરાબર દેખરેખ રાખી થોડા દિવસ પછી તે કુંભીને ખોલાવીને જોયું, તો પેલા પુરુષને મરેલો જોયો. જો જીવ અને શરીર જૂદા હોય તો એ પુરુષનો જીવ કુંભીમાંથી બહાર શી રીતે જાય? કુંભીને કોઇ પણ સ્થળે તલમાત્ર જેટલું યે કાણું ન હતું. જો એવું કાણું હોય તો એમ માનત કે એ રસ્તે જીવ બહાર નીકળી ગયો, પણ કુંભી કયાંયથી કાણી ન હતી. માટે જીવ અને શરીર બંને એક જ છે અને શરીર અક્રિય થતા જીવ પણ અક્રિય થાય છે, એમ મારું માનવું બરાબર છે.

આચાર્ય—હે રાજન્! એમ સમજ કે શિખરના ઘાટની ઘુમ્મટવાળી એક મોટી ઓરડી હોય, જે ચારે કોર લીંપેલી હોય, જેનાં બારણાં સજ્જડ વાસેલાં હોય અને જેમાં જરા જેટલીયે હવા પણ પેસી ન શકે તેવી હોય, તેમાં કોઇ પુરુષ ભેરી અને એને વગાડવાનો દંડો લઇને પેસે, પેસીને એનાં બારણાં બંધ કરે, પછી તે ભેરીને મોટેથી વગાડે તો એ ભેરીનો અવાજ બહાર નીકળે ખરો?

રાજા—હા, ભંતે! નીકળે ખરો.

આચાર્ય—એ ઓરડીમાં કયાંય કાણું છે?

રાજા—ના, ભંતે! એ ઓરડીમાં કયાંય કાણું નથી.

આચાર્ય—હે રાજન્! જે પ્રમાણે એ વગર કાણાની ઓરડીમાંથી અવાજ બહાર નીકળી શકે છે, તેમ વગર કાણાની કુંભીમાંથી જીવ પણ બહાર નીકળી શકે છે. અર્થાત્ ધાતુ, પથ્થર, ભીંત, પહાડ વગેરેને ભેદીને જવાનું

સામર્થ્ય જીવમાં રહેલું છે, માટે તેને ગમે ત્યાં પૂરવામાં આવે તો પણ તે બહાર નીકળી શકવાનો.

રાજા—હે ભંતે! જીવ અને શરીર જૂદા નથી, એવી મારી ધારણાને ટેકો આપતો બીજો પણ પૂરાવો સાંભળો. મારા કોટવાલોએ પકડી લાવેલા એક ચોરને મેં મારી નાંખ્યો અને તેને લોઢાની કુંભીમાં પૂર્યો. તેના ઉપર મજબૂત ઢાંકણું બેસાડ્યું અને તેને રેવરાવી, તેના પર પાકી ચોકી બેસાડી દીધી. પછી વખત જતાં એ કુંભી ઉઘાડીને જોયું તો તેમાં કીડા બદબદતા હતા. તે કુંભીમાં કયાંય પેસવાનું સ્થાન નહોતું, છતાં તેમાં એટલા બધા કીડા કયાંથી આવી ગયા? એટલે હું તો એમ જ સમજું છું કે જીવ અને શરીર એક જ છે અને તે બધાં શરીરમાંથી જ નીપજ્યા હોવા જોઈએ.

આચાર્ય—હે રાજન્! તેં કોઇ વાર ધમેલું લોઢું જોયું છે? અથવા કોઇ વાર લોઢું ધમાવેલું છે ખરૂં?

રાજા—હા, ભંતે! મેં ધમેલું લોઢું જોયું છે અને જાતે ધમાવેલું પણ છે.

આચાર્ય—એ લોઢું અગ્નિમય લાલચોળ થઈ ગયું હોય છે, એ વાત સાચી?

રાજા—હા, ભંતે! એ વાત સાચી છે.

આચાર્ય—હે રાજન્! એ નક્કર લોઢામાં અગ્નિ શી રીતે પેઠો? તેમાં જરા જેટલું યે કાણું ન હોવા છતાં જેમ તેમાં અગ્નિ પેસી શકયો, તેમ જીવ પણ અતિશીઘ્ર ગતિવાળો

હોવાથી સર્વત્ર પેસી શકે છે. એટલે કુંભીમાં તેં જે જીવ જોયા, તે બહારથી પેઠેલા છે.

રાજા—હે ભંતે! એકવાર મેં એક જીવતા ચોરને તોળાવ્યો, પછી તેને મારી નાખીને ફરીવાર તોળ્યો, તો તેનાં વજનમાં જરા પણ ફરક ન પડયો. જો જીવ અને શરીર જૂદા હોય, તો જીવ નીકળી જતાં તેનાં શરીરમાંથી કંઇક વજન તો ઓછું થવું જોઇએ ને? પણ તેમ બનતું ન દેખાયું, એટલે જીવ અને શરીર એક જ છે, એમ હું માનું છું.

આચાર્ય—હે રાજન્! તેં પહેલાં કોઈવાર ચામડાની મશકમાં પવન ભરેલો છે ખરો? અથવા ભરાવેલો છે ખરો? ચામડાની ખાલી મશક અને પવન ભરેલી મશક એ બંનેનાં વજનમાં કંઈ ફેર પડે છે ખરો?

રાજા—ના, ભંતે! કંઇ ફેર પડતો નથી.

આચાર્ય—હે રાજન્! પવન ભરેલી ખાલી ચામડાની મશકનાં વજનમાં કંઈ ફેર પડતો નથી, તેથી એમ કહેવાશે ખરૂં કે એ મશકમાં પવન જ ન હતો? આમ કહેવું એ વાસ્તવિકતાથી વિરૂદ્ધ હોઈ અપ્રામાણિક છે.

હે રાજન્! વજન કે ગુરુત્વ એ પુદ્ગલનો-જડનો ધર્મ છે અને તે વ્યક્ત થવા માટે સ્પર્શની અપેક્ષા રહે છે. એટલે કે એક વસ્તુનો જ્યાં સુધી સ્પર્શ થાય નહિ કે તેને કોઇ રીતે પકડી શકાય નહિ, ત્યાં સુધી તેનું વજન થઇ શકતું નથી. તો પછી જે પદાર્થ પુદ્ગલથી સર્વથા ભિન્ન છે

અને જેનો સ્પર્શ જ થઇ શકતો નથી, કે જેને કોઇપણ રીતે પકડી શકાતો નથી, તેનું વજન શી રીતે થઇ શકે ?

રાજા—હે ભંતે ! એક વાર મેં દેહાંતદંડથી શિક્ષા પામેલા એક ચોરના શરીરના બારીક ટુકડા કરાવીને જોયું કે તેમાં આત્મા કયાં રહેલો છે ? પણ મને તેમાંના કોઇ ટુકડામાં આત્મા દેખાયો નહિ, તેથી જીવ અને શરીર જૂદા નથી, એવી મારી ધારણા પુષ્ટ થઇ.

આચાર્ય—હે રાજન્ ! અરણીનાં લાકડામાં અગ્નિ રહેલો છે, એ વાત જગપ્રસિદ્ધ છે, પણ તે જોવા માટે તેના નાના નાના ટુકડા કરવામાં આવે ને પછી તપાસવામાં આવે કે અગ્નિ કયાં છે, તો શું એ દેખાય ખરો ? એ વખતે અગ્નિ દેખાય નહિ, તો શું એમ કહી શકાય કે તેમાં અગ્નિ નથી ? જો કોઈ એવું કથન કરે તો અવિશ્વસનીય જ ગણાય. તે રીતે શરીરના ટુકડામાં આત્મા ન દેખાયો, માટે તે નથી, એમ માનવું એ પણ ખોટું જ ગણાય.

રાજા—હે ભંતે ! જીવ અને શરીર એક જ છે, એમ હું એકલો જ માનતો નથી, પણ મારા દાદા અને મારા પિતા પણ એમ જ સમજતા આવ્યા હતા, એટલે મારી એ સમજ કુલપરંપરાની છે, તેથી એ સમજ હું કેમ છોડી શકું ?

આચાર્ય—હે રાજન્ ! જો તારી એ સમજને તું નહિ છોડે તો પેલો લોઢાનો ભારો ન છોડનાર કદાગ્રહી પુરુષની પેઠે તારે પસ્તાવું પડશે.

રાજા—એ લોઢાનો ભારો ન છોડનાર કદાગ્રહી પુરુષ કોણ હતો ? અને તેને કેમ પસ્તાવું પડયું ?

આચાર્ય—હે રાજન્ ! અર્થના કામી કેટલાક પુરુષો સાથે ઘણું ભાતુ લઈને ચાલતાં ચાલતાં એક મોટી અટવીમાં આવી ચડ્યા, ત્યાં એક સ્થળે તેમણે ઘણાં લોઢાથી ભરેલી ખાણ જોઈ. આથી તે પરસ્પર કહેવા લાગ્યા કે આ લોઢું આપણને ઘણું ઉપયોગી છે. માટે તેના ભારા બાંધી સાથે લઇ જવું સારું છે. પછી તેઓ એના ભારા બાંધી અટવીમાં આગળ ચાલ્યા, ત્યાં એક સીસાની ખાણ જોવામાં આવી. સીસું લોઢા કરતાં વધારે કિંમતી, એટલે બધાએ લોઢાના ભારાને છોડી નાખી સીસું બાંધી લીધું, પણ એક જણે પોતાનો લોઢાનો ભારો ન છોડયો. સાથીઓએ તેને ઘણું સમજાવ્યો, ત્યારે તેણે કહ્યું કે 'આ ભારો હું ઘણે દૂરથી ઉપાડી લાવ્યો છું અને તેને ઘણો મજબૂત બાંધેલો છે, માટે તેને મૂકીને સીસાનો ભારો બાંધવા હું ઇચ્છતો નથી.'

હવે સથવારો અટવીમાં આગળ વધ્યો, ત્યાં અનુક્રમે ત્રાંબાની, રૂપાની, સોનાની, રત્નની તથા હીરાની ખાણો જોવામાં આવી. એટલે તેઓ ઓછા મૂલ્યવાળી વસ્તુઓના ભારા છોડતા ગયા ને વિશેષ મૂલ્યવાળી વસ્તુઓના ભારા બાંધતાં ગયા. એમ કરતાં તેઓ પોતાનાં નગરમાં પહોંચ્યા. ત્યાં તેમણે એ બહુમૂલ્ય હીરા વેચ્યા. આથી તેઓ ઘણા ધનવાન થઈ ગયા અને સુખેથી રહેવા લાગ્યા. પેલા કદાગ્રહી પુરુષે પોતાનો લોઢાનો ભારો વેચ્યો, ત્યારે બહુ થોડા પૈસા મળ્યા. આથી તે ખેદ પામીને વિચાર કરવા લાગ્યો.

કે 'મેં પણ મારા સાથીઓની જેમ લોઢાનો ભારો છોડી વધારે સારી વસ્તુઓ લીધી હોત તો હું પણ તેમના જેવો વૈભવ મેળવી શકત.' આ રીતે હે રાજન્! જો તું તારો કદાગ્રહ છોડીશ નહિ તો આ લોઢાનો ભારો ઉચકી લાવનારની જેમ ખૂબ પસ્તાઈશ.

શ્રી કેશિકુમાર શ્રમણનાં આવા ઉપદેશથી પ્રદેશી રાજાને ખાતરી થઇ ગઇ કે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને તે પોતે કરેલા પુણ્ય-પાપનો બદલો અવશ્ય ભોગવે છે, એટલે તેણે આચાર્યશ્રી પાસે ધર્મનું શ્રવણ કરી સમ્યક્ત્વમૂલ શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યાં અને તે એનું વિધિપૂર્વક આરાધન કરવા લાગ્યો. હવે તેનું વલણ પૂરેપૂરું આધ્યાત્મિક થતાં તે ભોગથી વિમુખ થયો. આ વસ્તુ તેની રાણી સૂર્યકાંતાને પસંદ ન પડી, એટલે તેને ઝેર આપ્યું, છતાં તેણે છેવટ સુધી મનની સમાધિ બરાબર જાળવી રાખી અને મૃત્યુ બાદ સૂર્યાભ નામનો દેવ થયો કે જેનું વર્ણન રાયપસેણઈય સૂત્રમાં આવે છે.

'આત્મા છે' એ ભારતીય તત્ત્વજ્ઞાનની અમર ઘોષણા છે અને તે સાચી છે. +તેના સ્વીકારમાં જ સર્વનું કલ્યાણ રહેલું છે.

+ કઠોપનિષદમાં નચિકેતા અને યમનો સંવાદ આવે છે, તે આત્માના અસ્તિત્વ પર સુંદર પ્રકાશ પાડે છે. સનત્ કુમાર અને નારદનો સંવાદ પણ આત્માના સ્વતંત્ર અસ્તિત્વની પુષ્ટિ કરે છે. મનુસ્મૃતિના બારમા અધ્યાયમાં કહ્યું છે કે सर्वेषामपि चैतेषामात्मज्ञानं पर स्मृतम् । સર્વ જ્ઞાનોમાં શ્રેષ્ઠ આત્મજ્ઞાન છે.'



વ્યાખ્યાન બીજું

આત્મા દેહ વિગેરેથી ભિન્ન છે

મહાનુભાવો !

શ્રુતસ્થવિર ભગવંતે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં છત્રીસમા અધ્યયનની ૨૫૮ મી ગાથામાં અલ્પસંસારી આત્માનું જે વર્ણન કર્યું છે, તે પ્રસંગથી આત્માનો વિષય ચાલે છે.

કોઇપણ વસ્તુનું અસ્તિત્વ બે રીતે જાણી શકાય છેઃ એક તો તેને નજરે જોવાથી અને બીજું તેનાં કાર્યો જોવાથી. તેમાં આત્માનું અસ્તિત્વ તેનાં કાર્યો જોવાથી જાણી શકાય છે. આ વસ્તુ, ગત વ્યાખ્યાનમાં અનેક દાખલા-દલીલોપૂર્વક સમજાવવામાં આવી છે અને હું માનું છું કે તે તમારા ગળે બરાબર ઉતરી છે.

'આત્મા છે' એવું તો તમે પ્રથમ પણ માનતા હશો —માનતા હતા. પરંતુ કોઈ પૂછે કે એમ શાથી કહો છો? તો તેનો સ્પષ્ટ ઉત્તર આપી શકતા ન હતા. હવે તેનો સ્પષ્ટ ઉત્તર આપી શકશો, એમ માની લઈએ ને ?

આમાંથી (શ્રોતાવર્ગમાંથી) કેટલાના છોકરાઓ હાઈસ્કૂલ તથા કોલેજમાં ભણતા હશે. તેઓને ત્યાં જે શિક્ષણ આપવામાં આવે છે, તેમાં ધાર્મિકનો વિષય શીખવાતો નથી. કેટલીક શાળાઓમાં શીખવાતો, તે પણ સરકારે

બંધ કર્યો છે. આ સંયોગમાં તેઓ આત્મા, કર્મ કે ધર્મ સંબંધી શું જાણી શકે? તેમને બે ઘડી તમારી પાસે બેસાડીને આત્મા સંબંધી વાત કરજો અને અહીં જે કંઇ કહેવાયું છે, તે તેમનાં ગળે ઉતારજો. 'ફુરસદ નથી' 'શું કરીએ?' એમ કહીને છૂટી ન જતા. જાણો છો ને કે સ્વજનોને ધર્મનો ઉપદેશ કરવો એ શ્રાવકનું કર્તવ્ય છે! જે ગૃહસ્થ પોતાના પોષ્યવર્ગને ધર્મનો ઉપદેશ કરતા નથી, તે પોતાની સાચી ફરજ બજાવતા નથી.

'આત્મા છે' એમ માનવાથી જ તમારું કામ પૂરું થઈ જતું નથી. એ તો પાશેરામાં પહેલી પૂણી છે. એક માણસ મુંબઈ આવે, પણ તેના કોઈ વિભાગ કે લત્તાથી પરિચિત ન હોય તો મુંબઈમાં છૂટથી હરી ફરી શકે નહિ, તેમજ તેની મોજ માણી શકે નહિ. એ રીતે જેઓ 'આત્મા છે' એટલું જ જાણે, પણ તેનું સ્વરૂપ જાણે નહિ, તેના ગુણોથી પરિચિત થાય નહિ, તે આત્મગુણોનો વિકાસ શી રીતે કરી શકે? આત્મસુખનો સાચો આસ્વાદ શી રીતે માણી શકે? એટલે આત્માનું સ્વરૂપ વિશેષ પ્રકારે સમજવાની જરૂર છે.

'હું એટલે મારો દેહ' એમ સમજીને તમે વ્યવહાર ચલાવો છો અને તેની આળપંપાળમાં લાગ્યા રહો છો. એ આળપંપાળ આડે, તમને નથી તો તત્ત્વની કોઈ વિચારણા સ્ફુરતી કે નથી તો ધર્મનું આરાધન કરવાની ફુરસદ મળતી, પણ આ રીતે જીવન ગાળનારના હાલ કેવા થાય છે? તે જુઓ.

મહેશ્વરદત્તની કથા

વિજયપુર નામે એક મોટું નગર હતું. તેમાં મહેશ્વરદત્ત નામનો એક ક્ષત્રિય રહેતો હતો. તેની પત્નીનું નામ ગાંગિલા હતું. આ મહેશ્વરદત્તના માતા-પિતા વૃદ્ધ થયાં હતાં અને ધારે તો બધો વખત ઈશ્વરભક્તિમાં-ધર્મધ્યાનમાં ગાળી શકે તેમ હતાં, પણ તેમાં તેમનું ચિત્ત જરાયે ચોટતું ન હતું. જેમણે આખી જીંદગી સંસારના વ્યવહારોમાં જ ગાળી હોય તેમને ઈશ્વરભક્તિ કે ધર્મધ્યાન કયાંથી સૂઝે? કોઈ દિવસ સાધુ-સંત પાસે જતા હોય, વ્યાખ્યાન-વાણી સાંભળતા હોય અને કંઈ પણ વ્રતનિયમ કરતાં હોય તો મોટી ઉંમરે તેમાં વધારે રસ જાગે અને પોતાનું જીવન સુધારી શકે, પણ એ કોઈ દિવસ સાધુસંત પાસે જતા નહિ. એ ભલા ને એમનો વ્યવહાર ભલો!

મહેશ્વરદત્તની સ્થિતિ લગભગ આવી જ હતી, તે સવારથી સાંજ સુધી ધંધારોજગારમાં મચ્યો રહેતો અને કુટુંબનું પૂરું કરતો. તેનાં કુટુંબમાં માંસભક્ષણ પણ થતું અને મદિરા પણ પીવાતી. જ્યાં ધર્મના સંસ્કારો ન હોય ત્યાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કયાંથી હોય! આજે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ઘટી ગયો છે, તેનું કારણ એ છે કે ધર્મના સંસ્કારો નથી. સુજ્ઞો તો સમજતા જ હશે કે માંસ ભક્ષણ કરનારો અને મદિરા પીનારની ગતિ નરકની થાય છે અને તેમને અસહ્ય યાતનાઓ ભોગવવી પડે છે.

એકવાર મહેશ્વરદત્તનો પિતા માંદો પડયો. તે ઘણા

ઓસડવેસડ કરવા છતાં સારો થયો નહિ. ઓસડવેસડ પણ આયુષ્ય હોય તો જ લાગુ પડે છે. પોતાનો અંતસમય નજીક આવેલો જાણી તે ચિંતા કરે છે કે 'મારી પત્નીનું શું થશે? મારા પુત્રનું શું થશે? મારા કુટુંબ પરિવારનું શું થશે? અને મેં જે ઢોરો ખૂબ મમતાથી પાળ્યા છે, તેનું પણ શું થશે.' તેને ચેન પડતું નથી, ખૂબ અકળાય છે. આ જોઇ મહેશ્વરદત્તે કહ્યું કે 'પિતાજી! આપની કંઇ ઇચ્છા હોય તો જણાવો. તે હું પૂરી કરીશ. આપ કોઇ પણ જાતની ફિકર કરશો નહિ.' ત્યારે પિતાએ કહ્યું કે 'બેટા! તું ડાહ્યો છે અને ખૂબ કામગરો છે, એટલે કુટુંબનું પાલનપોષણ સારી રીતે કરીશ, પણ હવે સમય બારીક આવ્યો છે, માટે ખર્ચ કરવામાં સાવધાની રાખજે અને આપણી ભેંસોની સાર-સંભાળ બરાબર કરજે. મેં તેમને બહુ મમતાથી ઉછેરી છે અને બીજી એક વાત એ કે આપણાં કુળમાં શ્રાદ્ધનો દિન આવતાં એક પાડાનું બલિદાન દેવાય છે, તે ભૂલતો નહિ.'

આટલું કહી પિતા મરણ પામ્યા. અંતસમયે પ્રાણી-ઓની જેવી મતિ હોય છે, તેવી જ ગતિ થાય છે, એટલે મૃત્યુ બાદ તે પોતાની એક ભેંસના પેટે પાડારૂપે અવતર્યો'

થોડા વખત પછી મહેશ્વરદત્તની માતા પણ બિમાર પડી અને તે પણ 'મારું ઘર,' 'મારું કુટુંબ' 'મારી લાજ' 'મારો વહેવાર' એમ 'મારું મારું' કરતાં મરણ પામી, એટલે કૂતરી તરીકે જન્મ પામી અને મહેશ્વરદત્તનાં ઘરની આસપાસ રહેવા લાગી.

પિતા અને માતાનું ઉત્તરકાર્ય થયું, ન્યાત જમી, મહેશ્વરદત્તની આબરૂ વધી અને સંસારવ્યવહારનું નાવ આગળ ચાલ્યું.

મહેશ્વરદત્તની પત્ની ગાંગિલા રૂપાળી હતી, ઘરના કામકાજમાં કુશળ હતી, પણ વિષયલંપટ હતી. આ દુર્ગુણ એવો મોટો છે, કે જે બધા સદ્‌ગુણોને ઢાંકી દે છે. સો મણ દૂધનો તાવડો ભર્યો હોય અને તેમાં શેરડું સોમલ પડે તો? એ દૂધને તમે સારું કહેશો ખરા? સાસુ-સસરા છાતી પર હતા, ત્યાં સુધી ગાંગિલાની આ વિષયલંપટતાને અવકાશ મળતો ન હતો, પણ હવે તે દૂર થયા હતા અને મહેશ્વરદત્ત ધંધારોજગાર અંગે મોટા ભાગે બહાર રહેતો હતો; એટલે તેની વિષયલંપટતાને પૂરો અવકાશ મળી ગયો. તે પરપુરુષ સાથે પ્રેમમાં પડી.

પણ પાપનો ઘડો ફૂટ્યા વિના રહેતો નથી. એક દિવસ કોઈ કામપ્રસંગે મહેશ્વરદત્તને એકાએક ઘરે આવવાનું થયું, ત્યારે અંદરના બારણાં બંધ જોયાં. આથી તેને વહેમ પડ્યો. બારણાંની તડમાંથી જોયું તો અંદર કોઈ પુરુષ દીઠો. જ્યારે એક જનાવર પણ પોતાની માદાને બીજા જનાવર સાથે જોઈ શકતું નથી, ત્યારે મનુષ્ય કેમ જોઈ શકે? તેણે બૂમ મારી કે 'ગાંગિલા! બારણું ઉઘાડ.'

ઘાંટો સાંભળતાં જ ગાંગિલાના હોશકોશ ઉડી ગયા. તેણે પોતાના પ્રેમીને-યારને છૂપાવી દેવાનો વિચાર કર્યો, પણ ત્યાં છૂપાવી શકે એવું કોઈ સ્થાન હતું નહિ, એટલે

લાચારીથી બારણાં ઉઘાડી નાંખ્યાં અને ભયથી થરથર ધ્રૂજતી બાજુએ ઉભી રહી. જાણે વાયુથી કંપતું પીંપળાનું પાન !

મહેશ્વરદત્તે ઓરડામાં દાખલ થતાં જ ગાંગિલાના યારની ગળચી પકડી અને તેને ગડદાપાટુનો માર મારવા માંડયો. તેમાં એક પાટુ પેડુમાં આવી ગયુ, એટલે તેના રામ રમી ગયા ! પરંતુ આ વખતે મરનારને એટલી સન્મતિ આવી કે 'મારાં કુકર્મનું ફળ મને મળ્યું છે. તેમાં બીજા પર ક્રોધ શા માટે કરવો ?' મરણ સમયની આ સન્મતિને લીધે તેને મનુષ્યનો ભવ મળ્યો. અને તે ગાંગિલાની કૂંખે પોતાનાં જ વીર્યમાં ઉત્પન્ન થયો. જુઓ સંસારની ઘટના ! એક વખત પિતા હોય તે પુત્ર થાય છે અને પુત્ર હોય તે પિતા થાય છે. એક વખત માતા હોય તે પત્ની થાય છે અને પત્ની હોય તે માતા થાય છે. !

મહેશ્વરદત્તે યારને મારી નાખ્યો, પણ ગાંગિલાને અધિક ઠપકો આપ્યો નહિ, કારણ કે તેમ કરવા જતાં પોતાની જ ફજેતી થાય તેમ હતું. નીતિકારોએ કહ્યું છે કે આયુષ્ય, ધન, ઘરનું છિદ્ર, મંત્ર, દવા, કામક્રીડા, દીધેલું દાન, મળેલું સન્માન અને થયેલું અપમાન ગુપ્ત રાખવા યોગ્ય છે.'

દિવસો જતાં ગાંગિલાએ એક સુંદર મુખવાળા પુત્રને જન્મ આપ્યો અને આખું ઘર આનંદથી ઉભરાઈ ગયું. પુત્રજન્મ કયા માતા-પિતાને આનંદ આપતો નથી ?

હવે શ્રાદ્ધના દિવસો આવતાં મહેશ્વરદત્તને પિતાની વાત યાદ આવી અને તેણે બજારમાં જઈ પાડાની તપાસ

કરી. પણ જોઇએ તેટલી કિંમતમાં સારો પાડો મળ્યો નહિ, આથી તેણે ઘરમાં રહેલા પાડાનું બલિદાન દેવાનો નિર્ણય કર્યો. એ પ્રમાણે પાડાનું બલિદાન દેવાયું અને તેનું માંસ પકવીને સગાંવહાલાંઓને જમાડવાની તૈયારી કરી. ત્યાં પેલી કૂતરી ઘરમાં આવી અને ઓઠાં વાસણ પડયાં હતાં, તે ચાટવા લાગી. આથી મહેશ્વરદત્તને ક્રોધ આવ્યો અને તેણે પાસે પડેલી લાકડીનો છૂટો ઘા કર્યો. આથી કૂતરીની કમર તૂટી ગઈ અને તે ભૂંકો પાડતી બહાર ચાલી ગઇ.

હજી સગાંવહાલાઓને આવવાની થોડીવાર છે, એટલે મહેશ્વરદત્ત પોતાના બાલપુત્રને તેડી બારણામાં ઉભો છે અને તેને વારંવાર ચુંબન ભરી પ્યાર કરે છે. એવામાં ત્યાંથી કોઇ જ્ઞાની મહાત્મા નીકળ્યા. તેમણે આ દૃશ્ય જોઈ માથું ધૂણાવ્યું. તે મહેશ્વરદત્તના જોવામાં આવ્યું, એટલે તેણે વંદન કરીને પૂછયું કે 'મહારાજ! અહીં એવું શું બની ગયું કે જેથી આપને મસ્તક ધૂણાવવું પડયું?'

મહાત્માએ કહ્યું કે 'ભાઇ! આ વાત કહેવા જેવી નથી, છતાં તારી ઇચ્છા હોય તો મને કહેવામાં હરકત નથી.'

મહેશ્વરદત્તે કહ્યું: 'તો મને જરૂર સંભળાવો.'

મહાત્માએ કહ્યું: 'હે ભદ્ર! આજે તું તારા પિતાનું શ્રાદ્ધ કરે છે અને તે માટે તેં એક પાડાનો વધ કર્યો છે, એ પાડો તારો પિતા પોતે જ છે. મરતી વખતે ઢોરમાં વાસના રહી જવાથી તે તારે ત્યાં જ ઉત્પન્ન થયો હતો.

આ શબ્દો સાંભળતા જ મહેશ્વરદત્તને કંપારી આવી

ગઈ અને તેના ખેદનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું : 'હે પ્રભો ! શું આ વાત સાચી છે ?' મહાત્માએ કહ્યું : 'હા, આ વાત તદ્દન સાચી છે, પણ આટલેથી જ અટકતી નથી. તેં થોડીવાર પહેલાં લાકડીનો છૂટો ઘા કરીને જે કૂતરીની કમર તોડી નાખી તે તારી માતા છે, તે પણ મૃત્યુ સમયે 'મારું ઘર,' 'મારાં છોકરાં,' 'મારો વ્યવહાર,' એમ મારું મારું' કરતાં મરણ પામી એટલે આ સ્થિતિ પામેલી છે.'

મહેશ્વરદત્તે આ સાંભળી કાને હાથ દીધા. તે વખતે મહાત્માએ કહ્યું કે 'હે ભદ્ર ! જ્યારે તેં વાત સાંભળી જ છે, ત્યારે તે પૂરી જ સાંભળી લે. તું જે પુત્રને આટલી મમતાથી રમાડી રહ્યો છે, તે બીજો કોઈ નહિ, પણ તારી પાટુથી મરણ પામેલો તારી સ્ત્રીનો યાર છે. અંત સમયે તેને સન્મતિ આવવાથી તે મનુષ્યગતિ પામ્યો અને પોતાનાં જ વીર્યમાં ઉત્પન્ન થયો.'

આ શબ્દો સાંભળતાં જ મહેશ્વરદત્તને સંસાર પર ધિક્કાર છૂટ્યો અને તેણે તે જ ક્ષણે પેલા મહાત્માનાં ચરણે પોતાનું શિર ઢાળી દઇ વિનંતિ કરી કે 'હે પ્રભો ! મારો આ અસાર સંસારમાંથી ઉદ્ધાર કરો.' મહાત્માએ તેને કલ્યાણનો માર્ગ બતાવ્યો અને એ માર્ગે ચાલીને તેણે પોતાના આત્માનું કલ્યાણ કર્યું.

હું એટલે દેહ નહિ, પણ આત્મા.

મહાનુભાવો ! હું એટલે મગનલાલ, છગનલાલ, પાનાચંદ કે પોપટભાઈના નામથી ઓળખતો દેહ સમજવાનો નથી, પણ તેમાં વિરાજનારો ચૈતન્યલક્ષણવાળો આત્મા સમજવાનો

છે. જેમ મહેલમાં રહેનારો અને મહેલ એક નથી તેમ દેહમાં રહેનારો અને દેહ એક નથી. તરવારને મ્યાનમાં રહેલી જોઇને કોઈ તરવાર અને મ્યાનને એક જ સમજી લે તો આપણે કેવો કહીશું ? તરવાર અને મ્યાન એ બે જુદી જુદી વસ્તુઓ છે એ તો એક નાનું છોકરું પણ જાણે છે.*

દેહાત્મવાદીઓની દલીલો.

આમ છતાં કેટલાક મનુષ્યો દેહને જ આત્મા માનવાનું વલણ ધરાવે છે અને તે માટે કેટલીક દલીલો આગળ ધરે છે. એટલે તેની અહીં સમીક્ષા કરશું. તેઓ કહે છે કે 'પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ એ પંચભૂતના' સંયોગોથી ચૈતન્યશક્તિ ઉત્પન્ન થાય છે અને તે દ્વારા આ શરીરનું કામ ચાલે છે, એટલે ચૈતન્યની ઉત્પત્તિનું સ્થાન દેહ છે, અને ચૈતન્યવાળી વસ્તુને જ આત્મા કહેવાતો હોય તો એ દેહથી ભિન્ન નથી.

વૈજ્ઞાનિકો પંચભૂતની જગાએ બીજા પદાર્થોના નામ લે છે, પણ તેમના કહેવાની મતલબ તો એજ છે કે જડ પદાર્થોના સંયોગથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે અને તેથી જ શરીરની સર્વ ક્રિયાઓ ચાલે છે.

---

* દેહ અને આત્માની ભિન્નતા દર્શાવવા માટે આ દૃષ્ટાંતો ઉપયોગી છે. પરંતુ જૈન દર્શન અનેકાન્તવાદી હોવાથી દેહને આત્માથી સર્વથા ભિન્ન માનતું નથી. તેને આત્માથી સંબંધિત માને છે, એટલે દેહ આત્માથી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે; અર્થાત્ ભિન્નાભિન્ન છે.

× કેટલાક ભૂતની સંખ્યા ચારની પણ માને છે. તેમના મતે આકાશ એ ભૂત નથી.

'આ શરીરનું કામ બંધ કેમ પડે છે?' એમ પૂછીએ તો તેઓ કહે છે કે 'જ્યારે પાંચ પૈકીના કોઇપણ ભૂતનો સંયોગ સર્વથા છૂટો પડી જાય છે, ત્યારે ચૈતન્ય અદૃશ્ય થાય છે અને શરીરનું કામ બંધ પડે છે. તાત્પર્ય કે ચૈતન્યશક્તિ અથવા આત્મા દેહની સાથે જ ઉત્પન્ન થાય છે અને મૃત્યુ બાદ તેનું કોઇ અસ્તિત્વ રહેતું નથી.'

'આ પરિસ્થિતિમાં મનુષ્યે કેવી રીતે વર્તવું?' તેનો જવાબ આપતાં તેઓ જણાવે છે કે—

यावज्जीवं सुखं जीवेदृणं कृत्वा घृतं पीबेत् ।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

'જીવો ત્યાં સુધી સુખેથી જીવો, એટલે એશઆરામમાં રહી અને બને તેટલી મોજમજાહ કરી લ્યો. જો એ મોજમજાહ કરવાના તમારી પાસે પૂરતા પૈસા ન હોય તો કોઇ સ્નેહી-સંબંધી પાસેથી ઉછીના લો, પણ ઘી પીવાનું એટલે માલમલીદા ઝાપટવાનું ચાલુ રાખો. આ દેહ બળીને ભસ્મીભૂત થઈ ગયા પછી ફરી આવવાનો નથી, ફરીને મળવાનો નથી.

એક નાસ્તિક પોતાની પ્રિયતમાને કેવા શબ્દો કહે છે, તે સાંભળી લો—

पिब खाद च चारुलोचने !
यदतीतं वरगात्र ! तन्न ते ।
न हि भीरु ! गतं निवर्तते,
समुदयमात्रमिदं कलेवरम् ॥

હે સુંદર નેત્રવાળી સ્ત્રી ! તું ખાઈપીઇને મોજ કર.'

હે શ્રેષ્ઠ અંગવાળી! જે ગયું તે તારું નથી, એટલે યૌવન ચાલ્યું ગયું તો ફરી મળવાનું નથી. હે ભીરુ! (પાપથી ડરનારી!) ગયેલું (શરીર) પાછું આવતું નથી. આ શરીર તો માત્ર પંચભૂતનો સમુદાય જ છે. અર્થાત્ તેથી અતિરિક્ત આત્મા જેવી કોઇ વસ્તુ નથી કે જેનો વિચાર કરવો પડે અને પાપ કે પરલોકથી ડરવું પડે.'

નાસ્તિક લોકો 'આ ભવ મીઠો, પરભવ કોણે દીઠો?' એમ માનીને ભોગવિલાસમાં મસ્ત બને છે, પણ જ્યારે તેઓ વિવિધ પ્રકારના રોગોથી ઘેરાઈ જાય છે, ત્યારે તેમના શોક-સંતાપનો પાર રહેતો નથી. મૃત્યુ તેમને બિહામણું લાગે છે અને તેનાથી બચવા માટે તેઓ અનેક જાતના પ્રયત્નો કરે છે, પણ તે બધા વ્યર્થ નીવડે છે. મૃત્યુ તેમને છોડતું નથી. સિંહ જેમ બકરાનાં ટોળાં પર ત્રાટકે છે, તેમ મૃત્યુ તેમના પર ત્રાટકે છે અને તેઓ અનેક જાતનો વલોપાત કરતાં તેના પંજામાં સપડાઈ જાય છે. દશ દૃષ્ટાંતે દુર્લભ* માનવભવની આ

* મનુષ્યભવની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે, તે સમજાવવા માટે શાસ્ત્રકારોએ ચક્રવર્તીના ચૂલાનું, પાસાનું ધાન્યના ઢગલાનું, જુગારનુ, રત્નનું, સ્વપ્નનું, રાધાવેધનું, ચર્મનું (સેવાળનું), સમેલનું તથા પરમાણુનું એમ દશ દૃષ્ટાંતો આપેલાં છે. એક મનુષ્યને પ્રથમ ચક્રવર્તીના ચૂલે ભોજન કરાવ્યુ હોય અને પછી તેનાં (છ ખંડ ધરતી પર ફેલાયેલાં વિશાળ) રાજ્યમાં દરેક ચૂલે ભોજન કરવાનું હોય તો ફરી ચક્રવર્તીના ચૂલે ભોજન કરવાનો વારો આવવો જેટલો દુર્લભ છે, તેટલો મનુષ્યભવ પામવો દુર્લભ છે. આ રીતે દશે દૃષ્ટાંતોની યોજના સમજવી.

કેવી દુર્દશા ? જે ભવથી સકલ દુઃખોનો અંત લાવનાર, મુક્તિ મોક્ષ કે પરમપદની સાધના થઈ શકે તેમ છે, તેનાથી કંઈ સધાતું નથી. ઉલટું દુર્ગતિનું ભાથું બંધાય છે અને ભવ-ભ્રમણ અનેકગણું વધારી દેવામાં આવે છે !

'પાંચ જડ વસ્તુઓના સંયોગથી ચૈતન્યશક્તિ શી રીતે ઉત્પન્ન થાય ?' એમ પૂછીએ તો ભૂતવાદીઓ કહે છે કે 'જેમ મધનું–શરાબનું પ્રત્યેક અંગ–જેવું કે ધાવડીનું ફૂલ, ગોળ, પાણી એ કોઈમાં મદ્યશક્તિ દેખાતી નથી, છતાં જ્યારે તેનો સમુદાય બની જાય છે, ત્યારે તેમાંથી મદ્યશક્તિ ઉત્પન્ન થાય છે અને તે અમુક કાળ સ્થિર રહી વિનાશની સામગ્રી મળતાં નષ્ટ થઈ જાય છે; તેમ પૃથ્વી આદિ પ્રત્યેક ભૂતમાં ચૈતન્યશક્તિ દેખાતી નથી, પણ જ્યારે તેનો સમુદાય થાય છે, ત્યારે તે પ્રત્યક્ષ થાય છે અને અમુક કાળ સ્થિર રહી વિનાશની સામગ્રી મળતા નષ્ટ થઈ જાય છે.'

પરંતુ આ દાખલો બરાબર નથી. ધાવડીનાં ફૂલ, ગોળ, વગેરેમાં મદ્યની થોડી-ઘણી માત્રા રહેલી છે, તેથી જ તેનું સંયોજન થતાં મદ્યની શક્તિ ઉત્પન્ન થાય છે, જ્યારે ભૂતોમાં ચૈતન્યની ઉત્પત્તિ થવાનો સંભવ હરગીજ નથી. રેતીના કોઈ કણમાં તેમનો અંશ નથી, તો રેતીના સમુદાયમાં તે ક્યાંથી સંભવે ? આજ સુધીમાં કોઇએ રેતી પીસીને તેલ કાઢયાનું જોયું છે—સાંભળ્યું છે ? નહિ જ.

જો પંચભૂતના વિશિષ્ટ સંયોજનથી ચૈતન્યશક્તિ પેદા

થતી હોય તો તે બધાં પ્રાણીઓમાં–બધા જીવોમાં સરખી રીતે વ્યક્ત થવી જોઇએ, પણ તેમાં તરતમતા દેખાય છે. પંચેંદ્રિય (પંચેન્દ્રિય) પ્રાણીઓમાં[૧] એ શક્તિ જેટલા પ્રમાણમાં વ્યક્ત થાય છે, તેટલી ચઉરિંદ્રિય (ચતુરિન્દ્રિય) પ્રાણીઓમાં[૨] વ્યક્ત થતી નથી, ચઉરિંદ્રિય પ્રાણીઓમાં[૩] જેટલી વ્યક્ત થાય છે, તેટલી તેઇન્દ્રિય પ્રાણીઓમાં વ્યક્ત થતી નથી; તેઇન્દ્રિય પ્રાણીઓમાં જેટલી વ્યક્ત થાય છે, તેટલી બેઇન્દ્રિય (દ્વિન્દ્રિય) પ્રાણીઓમાં[૪] વ્યક્ત થતી

---

૧. જેને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયો હોય છે, તે પંચિંદિય–પંચેન્દ્રિય કહેવાય છે. મનુષ્ય એ પંચેન્દ્રિય પ્રાણી છે ઉપરાંત ગાય, ભેંસ, ઘોડા, હાથી વગેરે ભૂચરો, માછલા, કાચબા, મગર વગેરે જળચરો અને કાગડા, કબૂતર, પોપટ, મોર વગેરે ખેચરો પણ પંચેન્દ્રિય પ્રાણીઓ છે.

૨. જેને પ્રથમની ચાર ઇન્દ્રિયો હોય છે, તે ચઉરિંદ્રિય–ચતુરિન્દ્રિય કહેવાય છે. વીંછી, બગાઇ, ભમરા, ભમરી, તીડ, મચ્છર, ડાંસ, મસક, કંસારી, ખડમાકડી, વગેરે ચઉરિંદ્રિય પ્રાણીઓ છે.

૩. જેને પ્રથમની ત્રણ ઇન્દ્રિયો હોય છે, તે તેઇંદ્રિય–ત્રીન્દ્રિય કહેવાય છે. કાનખજૂરો, માંકડ, જૂ, કીડી, ઉધેઇ, મકોડા, ઇયળ, ધીમેલ, ગાય વગેરે પ્રાણી પર થતાં માંગોડા, ચોરકીડા, છાણના કીડા, ગોકળગાય વગેરે તેઇંદ્રિય પ્રાણીઓ છે.

૪. જેને પ્રથમની બે ઇન્દ્રિયો હોય છે, તે બેઇંદ્રિય-તેઇન્દ્રિય-વાળા પ્રાણી કહેવાય છે. શંખ, કોડા, ગંડોલ (પેટના મોટા કૃમિ), જળો, ચંદનક, અળસિયાં, લાળિયા, કાષ્ઠના કીડા, પાણીના પોરા, ચુડેલ તથા છીપ વગેરે બેઇંદ્રિય પ્રાણીઓ છે.

નથી અને જેટલી બેઇંદ્રિય પ્રાણીઓમાં વ્યક્ત થાય છે, તેટલી એગિંદિય (એકેન્દ્રિય) પ્રાણીઓમાં[૧] વ્યક્ત થતી નથી.

વળી મનુષ્ય–મનુષ્યમાં પણ શક્તિની તરતમતા જોવામાં આવે છે. એક પ્રખર બુદ્ધિશાળી હોય છે, તો બીજો અક્કલનો બૂઠો હોય છે. એકની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હોય છે, તો બીજાને પચીસ વાર ગોખવા છતાં ય યાદ રહેતું નથી. એકમાં ચાલાકી–ચબરાકપણું ખૂબ દેખાય છે, તો બીજો તદ્દન ભોટ હોય છે.

જો ભૂતનાં પ્રમાણમાં ચૈતન્યનો આવિર્ભાવ સ્વીકારવામાં આવે તો જાડા માણસમાં વધારે ચૈતન્ય હોવું જોઇએ અને પાતળા માણસમાં ઓછું ચૈતન્ય હોવું જોઈએ. પણ પરિસ્થિતિ તેથી ઉલટી જ જણાય છે. જાડા માણસોમાં સ્ફુર્તિ કમ હોય છે અને બેઠા. ત્યાંથી ઉભા થવાનું મન કરતા નથી, જ્યારે પાતળા માણસોમાં સ્ફુર્તિ ખૂબ હોય છે અને તે ફરકડીની જેમ ફર્યા કરે છે.

જો ચૈતન્યનું કારણ પંચભૂતનું વિશિષ્ટ સંયોજન છે, તો જીવનનું કારણ શું છે? એ પ્રશ્ન પણ ખડો થાય છે.

જો પંચભૂતનું વિશિષ્ટ સંયોજન એ જ જીવનનું કારણ

---

૧. જેને પ્રથમની એક એટલે માત્ર સ્પર્શનેન્દ્રિય હોય છે, તે એગિંદિય–એકેન્દ્રિય પ્રાણી કહેવાય છે. તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિનું શરીર ધારણ કરે છે. તેનાં વિશેષ વર્ણન માટે જીવાજીવાભિગમ તથા પન્નવણાસૂત્ર જોવા જરૂરી છે. સામાન્ય માહિતી માટે જીવવિચાર તથા નવતત્ત્વ પ્રકરણો પણ ઉપયોગી છે.

હોય તો બધાનું જીવન સરખા આયુષ્યવાળું હોવું જોઇએ. પણ તેમાં ઘણી તરતમતા દેખાય છે, એટલે પંચભૂતનું સંયોજન એ કારણ ઘટી શકતું નથી. સાચી હકીકત એ છે કે ચૈતન્યનું કારણ આત્મા છે અને જીવનનું કારણ કર્મ છે. કર્મને લીધે જેટલું આયુષ્ય પ્રાપ્ત થાય છે, તેટલો વખત પ્રાણી જીવે છે. જો આયુષ્ય પૂરું થયું ન હોય તો હાથપગ તૂટવા છતાં પ્રાણી મરતું નથી.

પંચભૂતનાં સંયોજનથી ચૈતન્યની ઉત્પત્તિનો સિદ્ધાંત બીજી રીતે પણ પોકળ ઠરે છે. જ્યારે આપણે એવું વિધાન કરીએ કે અમુક વસ્તુનાં સંયોજનથી અમુક વસ્તુ બને છે, ત્યારે તે વસ્તુઓનાં સંયોજનથી તે વસ્તુ અવશ્ય બનવી જોઇએ. હરડાં, બહેડાં અને આંબળાનાં સંયોજનથી ત્રિફલા ચૂર્ણ બને છે, એમ કહેનારાઓ હરડાં, બહેડાં અને આંબળાને ભેગા કરીને ત્રિફલા ચૂર્ણ કરી બતાવે છે, તથા આપણે પણ હરડાં, બહેડાં અને આંબળા સમભાગે એકત્ર કરીએ તો ત્રિફલા ચૂર્ણ બને છે. આ પ્રમાણે પંચભૂતથી કે અન્ય પદાર્થોથી ચૈતન્યશક્તિની ઉત્પત્તિ માનનારાઓએ પંચભૂતનાં સંયોજનથી કે અન્ય પદાર્થોનાં મિશ્રણથી ચૈતન્યશક્તિની ઉત્પત્તિ કરી બતાવવી જોઇએ. પણ હજી સુધી કોઈ ભૂતવાદી કે વૈજ્ઞાનિક એવો પાક્યો નથી કે જેણે આ રીતે ચૈતન્યની ઉત્પત્તિ કરી બતાવી હોય.

આજનું વિજ્ઞાન આગળ વધેલું ગણાય છે. છતાં તે આંખ જેવી આંખ, કાન જેવો કાન કે નાક જેવું નાક

બનાવી શકતું નથી. સાચી આંખ અને ખોટી આંખ વચ્ચે કેવો તફાવત હોય છે, તે જોયો છે ને? એકમાં અનેરી ચમક દેખાય છે, તો બીજી સાવ કોડા જેવી લાગે છે, બનાવટી કાન-નાકના હાલ પણ એવા જ હોય છે. જ્યારે જીવંત શરીરના એક ભાગની પણ નકલ થઇ શકતી નથી, ત્યારે સમગ્ર ચૈતન્યની ઉત્પત્તિ તો થઇ જ શી રીતે શકે?

થોડા વખત પહેલાં વર્તમાનપત્રોમાં વાત આવી હતી કે રશિયન ડૉક્ટરો મડદાંને અમુક પ્રકારનું ઇંજેકશન આપીને જીવંત કરવામાં સફળ નીવડયા છે, પણ આ વાત માનવા યોગ્ય નથી. વધારે સ્પષ્ટ કહીએ તો લોકોને એક પ્રકારના ભ્રમજાળમાં નાખનારી છે. માણસમાં પ્રાણ અવશેષ રહી ગયો હોય અને ઇંજેકશનથી તેનો ફરી સંચાર થાય તો તેણે મરેલાંને જીવતો કર્યો ન કહેવાય જો તે મરેલાંને જીવતા કરતા હોય તો પછી એ દેશના કોઇ પણ માણસને મરવા શા માટે દે? કમમાં કમ નેતાઓને તો મૃત્યુમાંથી મુક્તિ મળી જ જાય. પણ એ દેશમાં યે પ્રતિદિન હજારો માણસો મરે છે અને તેમાં નેતાઓ પણ સામેલ હોય છે. એટલે પંચભૂત કે અમુક પદાર્થોના સંયોજનથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે, એ વાત પ્રમાણની કસોટી પર જરાયે ટકતી નથી અને તેથી માનવા યોગ્ય નથી.

હવે આ ભૂતવાદીઓ કે વૈજ્ઞાનિકો મૃત્યુ માટે જે સિદ્ધાંત આગળ ધરે છે, તેની પોકળતા પણ જોઇ લઇએ. તેઓ કહે છે કે 'પાંચ પૈકીના કોઈ પણ ભૂતનો સંયોગ

સર્વથા છૂટો પડી જાય તો ચૈતન્યશક્તિ અદૃશ્ય થઈ જાય છે, અર્થાત્ મૃત્યુ નીપજે છે.'

'મૃત દેહમાંથી કયો ભૂત સર્વથા છૂટો પડી ગયો?' એમ પૂછવામાં આવે તો તેઓ વાયુ કે અગ્નિનું નામ આપે છે, પરંતુ સ્થિતિ આવી જ હોય તો મૃત શરીરમાં નળી વાટે વાયુ દાખલ કરતાં તેનામાં શક્તિનો સંચાર થવો જોઇએ, તે બિલકુલ થતો નથી. એટલું જ નહિ પણ જેઓને સીલીંડરમાંથી નળી વાટે પ્રાણવાયુ ઓક્સિજન વાયુ પુરો પાડવામાં આવે છે, તેઓ પણ મરતાં જણાય છે, એટલે વાયુની વાત કોઈ શાણો માણસ સ્વીકારે તેમ નથી. અગ્નિની વાત પણ એટલી જ નિરર્થક છે. મડદાંને તપાસવામાં આવે કે ગરમ દવાનાં ઇન્જેકશનો આપવામાં આવે તો શું તેનામાં શક્તિનો સંચાર થશે ખરો?

આ રીતે દેહાત્મવાદીઓની બધી દલીલોનું દલન થાય છે, એટલે દેહ અને આત્માને જુદા જ માનવા જોઇએ, દેહને આત્માની ભિન્નતાનો સ્પષ્ટતયા સ્વીકાર કરવો જોઇએ.

આત્મા ઇન્દ્રિયોથી ભિન્ન છે.

કેટલાક કહે છે કે દેહમાં રહેલી ઇન્દ્રિયો એ જ આત્મા છે, કારણ કે તેના વડે જ્ઞાન થાય છે અને જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. પરંતુ આ માન્યતા પણ ઉપરની માન્યતા જેટલી જ ભૂલ ભરેલી છે.

ઇન્દ્રિયો વડે જ્ઞાન થાય છે, એનો અર્થ તો એ થયો કે ઇન્દ્રિય અને જ્ઞાન એ બંને જુદી વસ્તુ છે. દાખલા તરીકે 'હથોડા વડે ઘાટ ઘડાય છે.' એમ કહીએ તો હથોડો અને ઘાટ એ બે વસ્તુઓ એક ઠરતી નથી, પણ જુદી જુદી વસ્તુઓ ઠરે છે. ત્યારે જ્ઞાન એ ઇન્દ્રિયોનો અસાધારણ ધર્મ (ગુણ) બની જતો નથી. કારણ કે જે જેનો અસાધારણ ધર્મ હોય તે તેના વિના રહી શકતો નથી. ઉષ્ણતા વિના અગ્નિ કે આર્દ્રતા વિના જળની કલ્પના કોણ કરી શકે છે? જ્યારે જ્ઞાન એ ઇન્દ્રિયોનો અસાધારણ ધર્મ નથી, ત્યારે તેને આત્મા શી રીતે માની શકાય?

જ્ઞાન એ આત્માનો અસાધારણ ધર્મ છે, તેથી જ આત્મા 'આ વસ્તુ આવી છે,' 'આ વસ્તુ તેવી છે.' એમ જાણી શકે છે અને તેની સ્મૃતિ પણ રાખી શકે છે, જ્યારે ઇન્દ્રિયો પોતે કોઈ વસ્તુ જાણી શકતી નથી કે તેનો અનુભવ યાદ રાખી શકતી નથી. એ અનુભવ તો ચૈતન્યના ભંડારમાં જ પડયો રહે છે અને નિમિત્તાનુસાર વ્યક્ત થાય છે.

જો ઇન્દ્રિયો પોતે જ જાણી શકતી હોત તો નિદ્રામાંયે તેનું જાણવાનું ચાલુ રહેત અને મૃતાવસ્થામાં પણ તેની એ પ્રવૃત્તિમાં કોઈ અંતરાય આવ્યો ન હોત; પરંતુ તેમ બનતું નથી એ વાત સિદ્ધ છે.

ઇન્દ્રિયો વડે જ્ઞાન કેવી રીતે થાય છે? તે બરાબર જાણવામાં આવે તો તેને આત્મા માની લેવાની ભૂલ કોઈ કરે નહિ, તેથી એ સંબંધમાં અહીં થોડું વિવેચન કરીશું.

દરેક ઇન્દ્રિયના દ્રવ્ય અને ભાવથી બે પ્રકારો છે, એટલે દ્રવ્ય સ્પર્શનેન્દ્રિય અને ભાવ સ્પર્શનેન્દ્રિય, દ્રવ્ય રસનેન્દ્રિય અને ભાવ રસનેન્દ્રિય, એમ બધી ઇન્દ્રિયોમાં સમજી લેવાનું છે. દ્રવ્યેન્દ્રિયમાં બે વિભાગો હોય છે તેમાંના એક ભાગને નિર્વૃતિ કહેવામાં આવે છે અને બીજાને ઉપકરણ કહેવામાં આવે છે. આ નિર્વૃત્તિ અને ઉપકરણના પણ બાહ્ય અને અભ્યંતર એમ બબ્બે વિભાગો છે, એટલે બાહ્ય નિર્વૃત્તિ, અભ્યંતર નિર્વૃત્તિ, બાહ્ય ઉપકરણ અને અભ્યંતર ઉપકરણ એમ કુલ ચાર વિભાગો થાય છે. તેમાં સ્પર્શનેન્દ્રિયને બાહ્ય નિર્વૃત્તિ હોતી નથી.

ઇન્દ્રિયની દશ્ય આકૃતિને નિર્વૃત્તિ કહેવાય છે. એ રીતે જીભ એ રસનેન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે, નાક એ ઘ્રાણેન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે, આંખ એ ચક્ષુરિન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે અને કાન એ શ્રોત્રેન્દ્રિયની બાહ્ય નિવૃત્તિ છે. તે જુદા જુદા પ્રાણીઓને જુદા જુદા પ્રકારની હોય છે.

ચામડી, જીભ, નાક, આંખ, કાન વગેરેના ચોક્કસ સંસ્થાનોમાં રહેલા પુદ્‌ગલોના આકારવિશેષને અભ્યંતર નિર્વૃત્તિ કહેવામાં આવે છે. તેમાં સ્પર્શનેન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ જુદા જુદા પ્રાણીઓનાં શરીર પ્રમાણે હોય છે, રસનેન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ ક્ષુરપ્ર એટલે અસ્ત્રાના આકારે હોય છે, ઘ્રાણેન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ અતિમુક્તક ફુલ કે પડઘમના આકારે હોય છે, ચક્ષુરિન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ મસુરની દાળના આકારે હોય છે; અને શ્રોત્રેન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ કદંબના પુષ્પ જેવી ગોળાકૃપ હોય છે.

અભ્યંતર નિર્વૃત્તિની અંદર વિષયને ગ્રહણ કરવામાં સમર્થ એવા પુદ્ગલોની જે વિશિષ્ટ રચના હોય છે. અને બાહ્ય ઉપકરણ (instrument) કહેવાય છે અને તેની અંદર રહેલી સૂક્ષ્મ રચનાને અભ્યંતર ઉપકરણ કહેવાય છે. તેમાં આઘાત ઉપઘાત વડે જો કંઇ ખામી આવે તો ઇન્દ્રિય પોતાનો વિષય બરાબર ગ્રહણ કરી શકે નહિ. ઇન્દ્રિયોનું રક્ષણ કરવું, એ બાહ્ય નિર્વૃત્તિનું પ્રયોજન છે.

ભાવેન્દ્રિયના પણ બે પ્રકારો છેઃ એક લબ્ધિ અને બીજો ઉપયોગ. તેમાં મતિજ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ક્ષયોપશમ એ લબ્ધિ કહેવાય છે અને તેનાં પરિણામે વિષય સંબંધી આત્માનો જે ચેતનાવ્યાપાર થાય, તેને ઉપયોગ કહેવાય છે.

આ રીતે ઇન્દ્રિયો એ એક જાતનાં યંત્રો છે અને આત્મા એ તેને ચલાવનારો કારીગર છે, એટલે આત્મા ઇન્દ્રિયોથી ભિન્ન છે.

પ્રાણ અને આત્મા ભિન્ન છે.

કેટલાક પ્રાણને જ આત્મા માનવાનું વલણ ધરાવે છે, પણ પ્રાણ એ શું વસ્તુ છે? તેનો ખુલાસો કરી શકતા નથી. એક વાર તેને એક જાતનો વાયુ માને છે, તો બીજી વાર તેને સૂક્ષ્મ પ્રવાહી પદાર્થ માને છે, અને ત્રીજી વાર તેને સૂર્યમાંની ગરમી માને છે, પરંતુ આ બધાયે ભૌતિક પદાર્થો છે, એટલે તે આત્માનું સ્થાન લઈ શકે નહિ. જૈન શાસ્ત્રોમાં પ્રાણની સંખ્યા દશની માની છેઃ પાંચ ઇન્દ્રિયો, ત્રણ

પ્રકારનાં બળ, એટલે મનોબળ, વચનબળ અને કાયબળ, તથા શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય. આ દશે પ્રાણને ધારણ કરનારો તેનાથી ભિન્ન એવો આત્મા છે અને તેના લીધે જ તે પ્રાણિન્-પ્રાણને ધારણ કરનારો કહેવાય છે.

આત્મા મનથી જુદો છે.

કેટલાક મનને જ આત્મા માને છે, તે પણ વ્યાજબી નથી. મન વડે વિચારો કરી શકાય છે અને લાગણી તથા ઇચ્છાઓ પ્રદર્શિત કરી શકાય છે, પણ એ વિચારો કરનારો અને લાગણી તથા ઇચ્છા પ્રદર્શિત કરનારો તેનાથી જુદો પડે છે અને તે આત્મા છે. આજના મનોવિજ્ઞાને મનનો ખૂબ ખૂબ અભ્યાસ કર્યા પછી જાહેર કર્યું છે કે આપણે જેના વડે વિચારો વ્યક્ત કરીએ છીએ, તે બાહ્ય મન છે. તેની અંદર એક બીજું મન રહેલું છે, જેને આંતરમન (subconcious mind) કહેવામાં આવે છે. વિચારો લાગણીઓ અને ઇચ્છાઓનો મૂળ સ્રોત એમાંથી વહે છે. પરંતુ વૈજ્ઞાનિકોનું એ આંતરમન જૈન શાસ્ત્રકારોએ વર્ણવેલું ભાવમન છે,* તેથી અતિરિક્ત બીજી કોઈ વસ્તુ નથી.

આ રીતે આત્મા દેહ, ઇન્દ્રિયો, પ્રાણ તથા મનથી ભિન્ન વસ્તુ છે અને વેદાંત આદિ અન્ય દર્શનોએ પણ તેનો એ જ રૂપમાં સ્વીકાર કરેલો છે.

જ્યાં સુધી દેહ-ઇન્દ્રિયો વગેરેને આત્મા માનવાનો ભ્રમ ટળે નહિ, ત્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિ શક્ય નથી.

* જૈન દર્શને મનના બે પ્રકારો માન્યા છે : (૧) દ્રવ્યમન અને (૨) ભાવમન. વિચાર કરવામાં જે પુદ્ગલરચના નિમિત્તભૂત થાય તે દ્રવ્યમન અને આત્મા તે ભાવમન.



વ્યાખ્યાન ત્રીજું

આત્મા એક મોટો પ્રવાસી

મહાનુભાવો !

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં આવેલા અલ્પસંસારી આત્માનાં વર્ણન પરથી આત્માનો વિષય ચાલે છે. તેમાં 'આત્મા છે' એ વાત નક્કી કરી ગયા અને તે દેહ, ઇન્દ્રિયો, પ્રાણ તથા મનથી ભિન્ન છે, તે પણ જોઈ ગયા. હવે આત્મા એક મોટો પ્રવાસી છે, તે હકીકત તમને સમજાવવા માગીએ છીએ.

એક પ્રવાસી પ્રવાસ કરતો કરતો એક સ્થળે જાય છે. ત્યાં એક ધર્મશાળા કે સિરાઈમાં થોડો વખત સ્થિરતા કરે છે અને ત્યાંથી બીજે સ્થળે ચાલ્યો જાય છે. ત્યાં પણ ધર્મશાળા કે સિરાઈમાં થોડો વખત રહે છે અને ત્યાંથી ત્રીજે સ્થળે ચાલ્યો જાય છે આમ તે પ્રવાસી જ્યાં સુધી પોતાનું ગંતવ્યસ્થાન ન આવે ત્યાં સુધી પ્રવાસ કર્યા જ કરે છે. તે જ રીતે કર્મથી આવૃત્ત થયેલો આત્મા એક દેહ ધારણ કરે છે, તેમાં અમુક વખત સ્થિરતા કરે છે અને તે છોડીને અન્યત્ર ચાલ્યો જાય છે. ત્યાં બીજો દેહ ધારણ કરે છે અને તેમાં પણ અમુક વખત સ્થિરતા કરી ત્રીજે સ્થળે ચાલ્યો જાય છે. આ રીતે તેનો પ્રવાસ–તેનું પરિભ્રમણ જ્યાં સુધી મુક્તિની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી ચાલુ જ રહે છે, એટલે આપણે તેને મોટો પ્રવાસી કહી શકીએ.

કોઈ માણસ પગપાળા ચાલતો હોય, તો એક દિવસના વીશેક માઈલની મુસાફરી કરે અને એક મહિનામાં ૬૦૦ માઈલ ચાલે. બાર મહિને ૭૨૦૦ માઈલ પૂરા કરે. એ ૫૦ વર્ષ સુધી ચાલ ચાલ કરે તો ૩૬૦૦૦૦ માઈલની મુસાફરી થાય.

બીજો મનુષ્ય રેલ્વે દ્વારા મુસાફરી કરતો હોય, તે કલાકના ૩૦ માઇલ કાપે, ચોવીશ કલાકમાં ૭૨૦ માઇલ જાય અને એક મહિનો લાગટ મુસાફરી કરે તો ૨૧૬૦૦ માઇલનું અંતર વટાવે. જો તેની મુસાફરી આખો વર્ષ ચાલુ રહે તો ૨૫૯૨૦૦ ની મુસાફરી થાય. પચાસ વર્ષે તે ૧૨૯૬૦૦૦૦ માઈલની મુસાફરી કરે.

વિમાનમાં મુસાફરી કરનાર કલાકના ૩૦૦ થી ૪૦૦ માઇલ કાપે છે. હવે નવા જેટ વિમાનો નીકળ્યા છે, તે કલાકના ૬૦૦ માઈલની ઝડપે પ્રવાસ કરે છે. એટલે તેમાં પ્રવાસ કરનારો રેલ્વે કરતાં વીશ ગણો વધારે પ્રવાસ કરે અને પચાસ વર્ષમાં ૨૫૯૨૦૦૦૦૦ પચીશ કોડ બાણુ લાખ માઈલની મુસાફરી કરે. કદાચ તે સો વર્ષ સુધી પ્રવાસ કરે તો તેથી બમણો કરે એટલે ૫૧૮૪૦૦૦૦ એકાવન કોડ ચોરાશી લાખ માઇલનો પ્રવાસ થાય.

પણ આત્માના પ્રવાસ આગળ આ પ્રવાસ કંઇ વિસાતમાં નથી. મનુષ્યનું શરીર છોડીને દેવલોકમાં જનારો આત્મા કે દેવલોકમાંથી ચ્યવીને મનુષ્ય લોકમાં આવનારો આત્મા આથી અસંખ્યગણો વધારે પ્રવાસ કરે છે.

મનુષ્યલોક અને અનુત્તર વિમાન વચ્ચે કાંઇક ન્યૂન સાત રજ્જુનું અંતર છે *આ એક રજ્જુનું માપ કેટલું છે તે જાણો છો? નિમિષમાત્રમાં એક લાખ યોજન જનારો દેવ છ મહિના સુધીમાં જેટલું અંતર કાપે તેને એક રજ્જુ કહેવાય. અથવા ૩૮૧૨૭૯૭૦ મણનો એક ભાર એવા એક હજાર ભારવાળા લોહગોળાને ઉપરથી જોરથી નાખવામાં આવે અને તે નીચે પહોંચતો ૬ માસ, ૬ દિવસ, ૬ પહોર, ૬ ઘડી અને ૬ સમયમાં જેટલું અંતર કાપે તેને એક રજ્જુ કહેવાય.

આ માપ સાંભળીને ભડકી ન જતા. આજના ખગોળે પણ આકાશી અંતર બતાવવા માટે આવાં જ ઉપમાનોનો પ્રયોગ કર્યો છે. અથવા તો આથી પણ મોટાં ઉપમાનોનો આશ્રય લીધો છે

---

* આ વિશ્વની ઉંચાઇ ચૌદ રાજની છે. તેથી તે ચૌદ રાજલોક કહેવાય છે. તેમાં એક રાજનું માપ એક રજ્જુપ્રમાણ છે. વિશ્વમાં સહુથી ઉપર સિદ્ધશિલા છે, તેની નીચે પાંચ અનુત્તર વિમાનો છે, તેની નીચે નવ ગ્રૈવેયક છે, તેની નીચે બાર દેવલોક છે, તેની નીચે ચંદ્ર સૂર્યાદિ છે,અને તેની નીચે મનુષ્યલોક આવેલો છે આટલો ભાગ સાત રાજલોકમાં આવે છે. એટલે અનુત્તર વિમાન અને મનુષ્યલોક વચ્ચેનું અંતર કાંઇક ન્યૂન સાત રજ્જુનું છે.

મનુષ્યલોકની નીચે વ્યંતર અને ભવનપતિનાં આવાસો છે અને સાત નરકનાં સ્થાન આવેલાં છે. બાકીના કંઇક અધિક છ રજ્જુમાં આ બધું સમાય છે.

હવે આ વાત તો આત્માના એક જ પ્રવાસની થઈ, પણ આવા પ્રવાસો તો તેણે આજ સુધીમાં અનંતી વાર કર્યા છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે—

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

'આ લોકમાં—ચૌદ રાજપ્રમાણ વિશ્વમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી અને એવું કોઇ કુલ નથી કે જ્યાં સર્વ જીવો અનંતી વાર જન્મ્યા અને મર્યા ન હોય.'

આ પ્રવાસના આંકડા કોણ માંડી શકે? એક લાખ માઇલ લાંબી કાગળની પટ્ટી હોય તો પણ તે ઓછી જ પડે. તાત્પર્ય કે આત્મા એક ન કલ્પી શકાય એવો મોટો પ્રવાસી છે અને તેના પ્રવાસનું કોઇ માપ નથી.

લાખ ચોરાશીના ફેરા.

જન્મ ધારણ કરવાનાં ક્ષેત્રને-સ્થાનને યોનિ કહેવામાં આવે છે. તેની સંખ્યા ચોરાશી લાખની હોવાથી આ સંસાર લખ ચોરાશીના ફેરા કહેવાય છે. મતલબ કે આત્માને પોતાનાં કરેલાં કર્મોને લઇને આ ચોરાશી લાખ યોનિમાં ફરી ફરીને અવતરવું પડે છે. ઘણા ભાગ્યશાળીઓ આ ચોરાશી લાખ યોનિનાં નામ જાણતા નહિ હોય, કારણ કે એ વિષય બે પ્રતિક્રમણમાં આવે છે અને બે પ્રતિક્રમણ સુધી પહોંચનારા બહુ થોડા હોય છે.

હમણાં મુંબઇની એક જ્ઞાતિનું વસ્તીપત્રક બહાર પડયું. તેના કામ કરનારાઓ ડાહ્યા હતા, એટલે તેમાં ધાર્મિક શિક્ષણનું પણ એક ખાનું રાખ્યું હતું. તેના પરથી હિસાબ નીકળ્યો કે ૮૬૫૭૭ની વસ્તીમાં માત્ર ૪૮૦૧ સ્ત્રીપુરુષો જ ધાર્મિક ભણેલાં છે; અને તેમાં પણ ૬૬૪ પુરુષો અને ૪૦૭ સ્ત્રીઓ બે પ્રતિક્રમણ સુધી પહોંચેલા નથી! બાકીના બે માત્ર નવકાર મંત્ર શીખીને જ સંતોષ માનેલો છે. જૈન કુલમાં જન્મેલાઓની આ દશા? જૈન કુલમાં જન્મેલાઓને પોતાના ધર્મ પર કેવી શ્રદ્ધા હોય તે સાંભળો.

ધર્મશ્રદ્ધા પર મંત્રીનું દૃષ્ટાંત.

એક રાજાનો મંત્રી જૈન કુલમાં જન્મ્યો હતો અને જિનેશ્વર દેવનો પાકો ભક્ત હતો. તે ન્યાયનીતિથી ચાલતો, સદાચારનું પાલન કરતો અને કોઈનું પણ ભલું કરવામાં ઉત્સાહી રહેતો.

રાજાની સ્થિતિ આથી જુદી હતી. તેને ધર્મ પર પ્રીતિ ન હતી, બલ્કે કંઇક દ્વેષ હતો અને તેથી મંત્રીનું આ ધર્મનિષ્ઠ જીવન તેને પસંદ ન હતું. પણ મંત્રી પોતાના કામકાજમાં ઘણો કુશળ હતો. તે ગુનામાં ન આવે ત્યાં સુધી રાજા તેને શું કહી શકે?

એક વાર ચૌદશનો દિવસ આવ્યો, ત્યારે મંત્રીએ ગુરુ પાસે પોસહ લીધો અને તે પોતાનો સમય ધર્મધ્યાનમાં ગાળવા લાગ્યો. હવે દરબારમાં મંત્રીની જરૂર પડી, પણ

મંત્રી હાજર નહિ. રાજાએ મંત્રીને બોલાવી લાવવા માટે સિપાઇઓ મોકલ્યા. સિપાઇઓ મંત્રીનાં ઘરે આવ્યા, પણ મંત્રી તો ગુરુદેવ પાસે પોસહમાં છે, એટલે સિપાઇઓ ત્યાં પહોંચ્યા અને સંદેશો આપ્યો કે 'રાજા આપને બોલાવે છે.'

સામાન્ય લોકો રાજાનું વેણ ઉત્થાપે નહિ અને પોસહ છોડી રાજદરબારમાં દોડી જાય. મનમાં એમ માને કે પોસહ આજે નહિ તો કાલે કરીશું, આવતી પર્વતિથિએ કરીશું પણ રાજાના હુકમનો અનાદર કેમ થાય? જો અનાદર કરીશું તો જાનથી જઇશું અથવા ભૂખે મરીશું. પણ મંત્રી આવા વિચારનો ન હતો. તેનું હૃદય ધર્મના રંગે બરાબર રંગાયેલું હતું, એટલે તે માનતો હતો કે ધર્મ પહેલો અને રાજસેવા પછી. તેણે સિપાઇઓને જણાવી દીધું કે 'આજે મારે પોષધવ્રત છે, એટલે આવી નહિ શકું.'

સંદેશો રાજાને પહોંચ્યો, એટલે તેની આંખો લાલ થઈ ગઇ. 'આ મંત્રી શું સમજે છે? તે મારા હુકમનો અનાદર કરે છે? પગાર મારો ખાય છે અને સેવા ધર્મની કરે છે. માટે હું તેને જોઇ લઉં.' એમ વિચારી તેણે પોતાના એક વિશ્વાસુ અંગરક્ષકને મંત્રી પાસે મોકલ્યો અને કહેવડાવ્યું કે 'રાજદરબારમાં આવો, નહિ તો મંત્રીમુદ્રા પાછી મોકલો.' આ અંગરક્ષક જાતનો હજામ હતો, અને હજામોની ટેવ તો તમે જાણો છો! નારદવિદ્યા કરવામાં જરાય પાછો ન પડે અને થોડું આળું મળ્યું કે માખીની માફક ચોંટી પડે.

તેણે રૂઆબથી રાજાનો સંદેશો સંભળાવ્યો કે 'રાજ-

દરબારમાં આવો નહિ તો મંત્રીમુદ્રા પાછી આપો.' મંત્રીને માટે આ પળ કસોટીની હતી. મંત્રીપદ મૂકે તો આજીવિકા જાય અને ઈજ્જત પર પાણી ફરે. છતાં તેણે એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના કે ગુરુની સલાહ લીધા વિના મંત્રીમુદ્રા અંગરક્ષકના હાથમાં મૂકી. મંત્રીએ રાજાની લોહુકમીને કારણે મંત્રીપદ છોડયું પણ પોસહ ન છોડયો.

આ જોઈ ગુરુને આશ્ચર્ય થયું. તેમણે મંત્રીને પૂછયું કે 'આમ શા માટે કર્યું?' મંત્રીએ કહ્યું કે 'મુદ્રા ગઇ તો ઉપાધિ ગઇ. તે હતી ત્યારે ધર્મધ્યાનની વચ્ચે આવતી હતી હવે ધર્મધ્યાન નિરાંતે કરી શકીશ.'

આવા શબ્દો કયારે બોલાય? આવી ટેક કયારે આવે? જયારે ધર્મનો રસ બરાબર લાગ્યો હોય, ત્યારે જ આવું બની શકે. તમને આ મંત્રી જેવો ધર્મનો રસ લાગવો જોઇએ. એ રસ ગુરુના પડખાં સેવો તો જરૂર લાગી શકે.

હવે આપણે પેલા અંગરક્ષક તરફ આવીએ. તેના હર્ષનો પાર નથી. તે મનમાં વિચાર કરે છે કે રાજાની મારા પર પૂરી મહેરબાની છે, એટલે મંત્રીપદ તો મને જ મળશે! પણ એને કયાં ખબર છે કે આ મંત્રીમુદ્રા એના હાલ-હવાલ કરશે?

હજામ વિચાર કરે છે કે આ મંત્રીમુદ્રા જઇને હમણાં જ રાજાને આપું કે થોડીવાર પછી આપું? લાવને આ મુદ્રા પહેરી મંત્રીપદની મોજ માણી લઉં. એમ વિચારી રાજાને પૂછયા વિના જ તેણે મંત્રીમુદ્રા આંગળી પર પહેરી. હવે

જે મંત્રીમુદ્રા પહેરે તે મંત્રી કહેવાય, એટલે પોતે મંત્રી થયો છે, એમ બતાવવા બજાર ભણી ચાલ્યો.

ત્યાં પહેલી દુકાન તંબોળીની આવી. તે મંત્રીને જોઈ અડધો અડધો થઈ ગયો, મારી દુકાને મંત્રી ક્યાંથી? એમ વિચારી તેણે એક સુંદર પાન બનાવી આપ્યું અને હજમે તેને મુખમાં મૂક્યું. ત્યાંથી હજમ બીજી દુકાને ગયો, તો ત્યાં પણ તેવું જ માન મળ્યું. માન તો મંત્રીમુદ્રાને છે ને? અન્ય દુકાનદારોએ પણ તેનો સુંદર સત્કાર કર્યો અને હજમભાઈના હૃદયમાં આનંદ માયો નહિ.

હવે આગળ શું બને છે, તે જુઓ. રાજાના કેટલાક પ્રધાનો પોતાની મરજી મુજબ રાજ્યમાં વર્તવાની ભાવનાવાળા હતા, પણ મંત્રીની ન્યાયનિષ્ઠતાનાં કારણે તેમની દાળ રાજા પાસે બિલકુલ ચાલતી ન હતી, એટલે તેઓ મંત્રીનું કાસળ કાઢવાની તક શોધ્યા કરતા હતા. આ વખતે તેમણે ચાર માણસોને ઉઘાડી તરવારે મંત્રીનું કાસળ કાઢવા મોકલ્યા હતા. તેઓ નગરમાં પેઠા, ત્યાં પહેલી દુકાન તંબોળીની આવી. તેમણે તંબોળીને પૂછ્યું કે 'અહીંના રાજાના મંત્રી ક્યાં રહે છે?' તંબોળીએ આંગળી ચીંધીને કહ્યું કે 'પેલા જાય તે મંત્રી.' પછી માણસોએ બીજા દુકાનદારને પૂછ્યું તો તેમણે પણ આંગળી ચીંધીને તે હજમને બતાવ્યો. આથી માણસોને ખાતરી થઈ કે 'પેલો જાય છે, તે જ અહીંના રાજાનો મંત્રી છે.' એટલે તેઓ એની પાછળ

ચાલ્યા. લોકો સમજ્યા કે આ તો મંત્રીના અંગરક્ષક છે, તેથી આ રીતે તેની પાછળ પાછળ જાય છે.

હવે પેલો હજામ એક શેરીમાં દાખલ થયો કે મારાઓ તેના પર તૂટી પડયા અને તેના ટૂકડા કરી નાસી છૂટયા. ત્યાં પોલીસ આવી. પંચનામુ થયું અને લોકોમાં વાત વહેતી થઈ કે 'મંત્રી મરાયો.'

આ બાજુ રાજા વિચાર કરે છે કે 'હજી સુધી અંગરક્ષક પાછો કેમ ન ફર્યો? શું મંત્રીએ તેને દાદ દીધી નહિ હોય? તે પગાર ખાય મારો અને સેવા કરે ધર્મની, એ હવે ચાલવા નહિ દઉં. હું પોતે જ તેની પાસે જઉં અને તેની ખબર લઉં.'

રાજા ઘોડેસ્વાર થઈને ઉઘાડી તરવારે મંત્રીના સ્થાન ભણી ચાલ્યો. ત્યાં રસ્તામાં ધૂમ સાંભળી કે 'મંત્રી મરાયો.' એટલે ઘોડા પરથી નીચે ઉતર્યો અને શેરીમાં દાખલ થઇને જોયું તો પોતાના અંગરક્ષક હજામના ટૂકડા થઇ ગયા છે. અને તેની આંગળીમાં મંત્રીની મુદ્રા ચમકી રહેલી છે.

'આમ કેમ બન્યું હશે?' તેનો વિચાર કરતાં રાજાને લાગ્યું કે મંત્રીમુદ્રા ગઈ, એટલે મંત્રીએ આ કારસ્થાન રચ્યું હશે પરંતુ આ એક ભળતું જ અનુમાન હતું. ભળતા અનુમાનના કેવા ભવાડા થાય છે, તે પણ તમને જણાવીએ.

કથાંતર્ગત રજપૂતાણીનું દૃષ્ટાંત

એક ગામની બહાર એક બાવાજી આવ્યા. તે એક ઝાડ શોધી, તેની નીચે ધૂણી ધખાવીને બેઠા. સાંજના સમયે ગામની

ત્રણ સ્ત્રીઓ આ ઝાડ નજીકના કૂવે પાણી ભરવા આવી તેમાં પહેલી બ્રાહ્મણી હતી, બીજી રજપૂતાણી હતી અને ત્રીજી વાણિયાણ હતી. આ વખતે બાવાજી જાપ જપે છે અને તે પણ મોટેથી. 'અગલી ભી અચ્છી, પીછલી ભી અચ્છી, બીચ લીકો જુત્તે કી માર.' આ સાંભળી બ્રાહ્મણી અને વાણિયાણ મોઢું ઢાંકી હસવા લાગી અને રજપૂતાણીનો તો એવો પીત્તો ગયો કે ત્યાં બેડું પછાડી પોતાનાં ઘરે પાછી ફરી.

ઘરે પાછી ફર્યા પછી તેણે ન પેટાવ્યો ચૂલો કે ન કર્યો દીવો. એક તૂટેલ ખાટલામાં જેમ તેમ પડી રહી. રાત્રે નોકરી પરથી તેનો ધણી ઘરે આવ્યો. ઘરમાં અંધારું જોઈ આશ્ચર્ય પામ્યો. તેણે રજપૂતાણીના ખાટલા પાસે જઈને પૂછ્યું કે 'આમ કેમ! શું તારું કોઇએ અપમાન કર્યું છે?'

રજપૂતાણીએ કહ્યું: 'જેનો ધણી બાયલો હોય, તેનું કોઇ પણ અપમાન કરે.'

આ તો રજપૂતની જાત. તે આવાં વચનો કેમ સાંભળી રહે? તેણે હાથમાં તરવાર લીધી અને પૂછ્યું કે 'કોણ છે તારું અપમાન કરનાર? જલ્દી તેનું નામ લે. હું તેની ખબર લઉં છું.'

રજપૂતાણીએ કહ્યું કે 'ગામ બહાર કૂવા પાસેનાં ઝાડ નીચે એક જોગટો બેઠો છે. તેણે મારું હડહડતું અપમાન કર્યું છે.' પછી બધી વાત કરી. રજપૂતે કહ્યું કે 'હમણાં જ હું તેનું માથું ધડથી જૂદું કરી આવું છું. તું જરાયે આમણી દુમણી થઈશ મા.'

રજપૂત કૂવા પાસે પહોંચ્યો, ત્યાં ઝાડ નીચે બાવાજી આગળ દશ-બાર રજપૂતોની મંડળી જામેલી હતી. આથી સાહસ કરવું યોગ્ય ન લાગ્યું. તે ઝાડની પછવાડે છૂપાઇ રહ્યો અને યોગ્ય સમયની રાહ જોવા લાગ્યો. ધીરે ધીરે રજપૂતોની મંડળી વિખરાઇ ગઈ અને બાવાજી એકલા પડયા, એટલે તે બોલવા લાગ્યા કે 'અગલ્લી ભી અચ્છી, પીછલ્લી ભી અચ્છી 'બિચલ્લી કો જુત્તે કી માર.' આ શબ્દો સાંભળી રજપૂત વિચારમાં પડયોઃ 'અત્યારે અહીં કોઇ સ્ત્રી નથી, છતાં આ બાવો આમ કેમ બોલતો હશે? માટે આમાં કંઇક રહસ્ય છૂપાયેલું છે, તેથી સાહસ કરવું નહિ.'

પછી રજપૂતે બાવાજીની સન્મુખ આવી નમસ્કાર કરીને પૂછયું કે 'આપ શું બોલી રહ્યા છો? બાવાજીએ કહ્યું કે 'એ તો મારે સમજવાની વાત છે, પણ તારે જાણવી હોય તો કહું કે આપણી ત્રણ અવસ્થા છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. તેમાં પહેલી અને છેલ્લી અવસ્થા સારી છે કારણ કે તેમાં આત્માને કાંઇ વાંધો આવતો નથી. બાલ્યાવસ્થામાં સંસારનું અજ્ઞાનપણું હોય છે અને વૃદ્ધાવસ્થામાં સંસારનો પૂરો અનુભવ થઈ ગયો હોય છે. ઉપરાંત ઇન્દ્રિયો પણ શિથિલ થઇ ગઇ હોય છે. માટે પહેલી ભી અચ્છી અને પીછલ્લી ભી અચ્છી એમ કહું છું. વચલ્લી યુવાવસ્થામાં ઇન્દ્રિયો તોફાની ઘોડા જેવી હોય છે, એટલે તેને કાબૂમાં રાખવાનું ઘણું મુશ્કેલ હોય છે. મતલબ કે તે આત્માને ખૂબ હેરાન કરે છે, એટલે તેને જુત્તે મારવી જોઇએ, અર્થાત્ તેનું

નિયંત્રણ કરવું જોઇએ. આથી કહું છું કે બિચલીકા જુત્તે કી માર.'

આ શબ્દો સાંભળતાં જ રજપૂત બાવાજીના ચરણોમાં પડયો અને કહેવા લાગ્યો કે 'બાપજી! મને ક્ષમા આપો. મારી સ્ત્રીએ આપનાં આ વચનો સાંભળ્યાં હતાં, તેથી તેને ઘોર અપમાન લાગ્યું હતું, કારણ કે ત્રણ પનિહારીઓમાં તે વચલી હતી અને તેના અપમાનનો બદલો લેવા માટે હું આપનું ખૂન કરવા આવ્યો હતો, પણ આપે જે ખુલાસો કર્યો, તેથી મારાં મનનું પૂરેપૂરું સમાધાન થઈ ગયું છે.' બાવાજીએ તેનાં માથા પર હાથ મૂકયો, એટલે રજપૂત ખુશ થઈ પોતાનાં ઘરે ગયો અને સ્ત્રીને બધી વાત કહી સમજાવી તેનાં મનનું પણ સમાધાન કર્યું.

તાત્પર્ય કે એક વાતમાં ઊંડા ઉતર્યા વિના ભળતું જ અનુમાન કરી લેવામાં આવે તો મહા અનર્થ થાય છે. પણ રાજાએ ભળતું જ અનુમાન કરી લીધું હતું અને મનમાં મંત્રીને જાનથી મારવાનો સંકલ્પ પણ કરી લીધો હતો.

મૂળ કથા ચાલુ

આ તરફ મંત્રી મનથી દૃઢ છે. તેને મન દુનિયાદારી કરતાં આત્માનો ધર્મ પહેલો છે. જે ધર્મની રક્ષા કરે તે આબાદ થાય. જે ધર્મની અવહેલના કરે તે બરબાદ થાય. આજે જગતમાં ત્રાસ-ઉપદ્રવ-અશાંતિનું વાતાવરણ જામ્યું છે, તેનું કારણ ધર્મની અવહેલના છે. આખી દુનિયાનું ભલું કરી

શકે એવી તાકાત ધર્મમાં રહેલી છે. જો આપણે દિલમાં ધર્મને વસાવ્યો હોય તો તે આપણું રક્ષણ કરી શકે છે, આપણને શરણ આપી શકે છે. કહ્યું છે કે—

व्यसनशतगतानां क्लेशरोगातुराणां ।
मरणभयहतानां दुःखशोकार्दितानाम् ॥
जगति बहुविधानां व्याकुलानां जनानां,
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥

'સેંકડો કષ્ટને પામેલા, કલેશ અને રોગથી પીડાતા, મરણના ભયથી હતાશ થયેલા, દુઃખ અને શોકથી રીબાતા એમ બહુ રીતે વ્યાકુલ થયેલા આ જગતના અસહાય મનુષ્યોને ધર્મ જ નિત્ય શરણભૂત છે.'

રાજા વિચાર કરે છે કે 'આ મંત્રી ધર્મી છે; તેણે વગર વાંકે હજામને શા માટે માર્યો હશે? હજામ તો મારો અંગરક્ષક છે, ચીઠ્ઠીનો ચાકર છે, મારા કહેવાથી તે મંત્રી પાસે ગયો, તેમાં વાંક હોય તો મારો છે. મંત્રીએ જો પોતાની તાકાત જ દેખાડવી હતી, તો મારા પર દેખાડવી હતી, પણ તેણે એક નોકર પર હાથ શા માટે ઉગામ્યો!'

ગુસ્સો જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે તેનો વેગ ઘણો હોય છે, પછી જેમ સમય જાય છે, તેમ તે ધીમો પડતો જાય છે. આથી જ અનુભવીઓએ કહ્યું છે કે જ્યારે ગુસ્સો આવે ત્યારે પરિણામનો વિચાર કરવો; પણ ઉતાવળ કરવી નહિ. અહીં વિચાર કરતાં કેટલોક સમય નીકળી ગયો, એટલે રાજાનો ગુસ્સો કંઈક ઠંડો પડયો. તે વિચારવા લાગ્યો

કે 'મંત્રી ન્યાયનીતિથી ચાલનારો છે એટલે લોકોમાં ખૂબ પ્રિય છે. જો તેનો એકાએક વધ કરીશ તો ખૂબ ઉશ્કેરણી ફેલાશે અને મારે રાજ્યમાં રહેવું ભારે થઈ પડશે. માટે પ્રથમ તો તેનો ગુનો સાબીત કરવો અને તે માટે અંગરક્ષકનું ખૂન કરનારા મારાઓને પકડી મંગાવવા. તેમની પાસેથી સાચી હકીકત જરૂર જાણી શકાશે.

રાજાનો હુકમ થતાં માણસો છૂટયા. પેલા મારાઓ પગપાળા નાસતા હતા, જ્યારે આ માણસો ઘોડા પર સવાર થયેલા હતા, એટલે તેમણે થોડા વખતમાં જ મારાઓને પકડી પાડયા અને રાજા સમક્ષ રજૂ કર્યા.

રાજાએ સત્તાવાહી અવાજે પૂછયું, કે 'તમે મારા અંગરક્ષક હજામને શા માટે માર્યો?' મારાઓએ કહ્યું કે 'અમે તમારા અંગરક્ષક હજામને નહિ પણ મંત્રીને માર્યો છે તેના હાથમાં રહેલી મુદ્રા તેની નિશાની છે.'

આ શબ્દો સાંભળતાં જ રાજાને સાચી હકીકતનો ખ્યાલ આવી ગયો, છતાં વધારે ખાતરી કરવા મારાઓને પૂછયું, કે 'તમને આ કામ માટે કોણે રોકયા હતા? સાચું બોલો, નહિ તો ગરદન મારીશ.' આથી મારાઓએ સાચા નામ આપી દીધાં.

આ સાંભળી રાજા સ્તબ્ધ થઈ ગયો અને હજામ તો મંત્રીપણાનો લહાવો લેવા જતાં ફૂટાઇ ગયો છે, એ વાત તેના ધ્યાનમાં આવી ગઈ પરંતુ સામંતોએ મંત્રીને મારવા મારા શા માટે મોકલ્યા? એ પ્રશ્ન તેનાં મનમાં ઘોળાવા

લાગ્યો. વધારે વિચાર કરતાં તે સમજી ગયો કે મંત્રી રાજ્યનો હિતસ્વી છે અને તે મારા હકમાં જરાય નુકશાન થવા દેતો નથી, જ્યારે આ સામંતો મારી પાસે મનમાન્યું કરાવવું છે, તેથી તેમણે વચ્ચેનો કાંટો કાઢવા આ તરકટ રચ્યું અને મંત્રીને બદલે હજામ માર્યો ગયો. જો મેં સાહસ કર્યું હોત તો શું થાત ? લોકો મને કેવો ગણત ?

રાજાની આંખ ઉઘડી ગઇ. તેને મંત્રી માટે પહેલાં કરતાં પણ વધારે માન થયું અને તે મનથી માનવા લાગ્યો કે મંત્રીની ધર્મબુદ્ધિએ-મંત્રીના પોસહે જ મને ભારે અપકીર્તિથી બચાવ્યો છે, એટલે તેણે હજામના હાથમાં રહેલી વીંટી કાઢી લઇ પોતાની પાસે રાખી અને મંત્રીની માફી માગી લઈ તેને પાછી આપવી એવો વિચાર કરી, મંત્રીના નિવાસ ભણી આગળ વધ્યો. ખુલ્લી તરવાર હજી તેના હાથમાં એમને એમ રહેલી છે.

પોસહમાં બેઠેલો મંત્રી બારીમાંથી રાજાને ખુલ્લી તરવારે પોતાના ભણી આવતો જુએ છે, એટલે તે પોતાને મારવા જ આવી રહ્યો છે, એવો ખ્યાલ કરે છે. તેને ખબર નથી કે રાજા તેની માફી માગવા, તેને ભેટવા, તેનો ઉપકાર માનવા આ તરફ આવી રહ્યો છે. મંત્રી પોતાના આત્માને કહે છે કે, 'તું આ પહેલાં ઘણી વખત મર્યો હોઇશ, પણ તે તો મોહને વશ થઇને કે બીજા નિમિત્તે મર્યો હોઈશ પરંતુ ધર્મનાં કારણે-ધર્મમાં અડગ રહીને હજી સુધી એકે વાર મર્યો નથી. એટલે આ અવસર તારા માટે અપૂર્વ છે.

તું અડગ રહેજે. જરાયે ગભરાઈશ નહિ અને માનજે કે રાજા તારો મિત્ર છે. તે દુશ્મન નથી. એ તો કેવળ નિમિત્ત છે. તેના પર રોષ શા માટે કરવો ? હે આત્મન્ ! તું શાંતિ રાખજે, ધર્મ જ તને આ સંસારમાંથી તારનારો છે. મરવાથી તારે શા માટે ડરવું ? 'मरने से वो डरता है, जो पापी या अधर्मी है ।' તું નથી પાપી કે નથી અધર્મી. તો મૃત્યુથી શા માટે ડરવું ?'

મંત્રી આ રીતે આત્માને હિતશિક્ષા આપી મજબૂત કરે છે, ત્યાં રાજા ઉપર આવે છે અને હાથમાંથી તરવાર મ્યાન કરીને નમસ્કાર કરતો કહે છે કે 'મંત્રીશ્વર ! તમારા ધર્મને કારણે તમે બચ્યા, હું પણ બચ્યો અને મારૂં રાજ્ય પણ બચ્યું, માટે આ મંત્રીમુદ્રાનો ફરી સ્વીકાર કરો. આજથી તમારો પગાર બમણો કરી આપું છું વળી હવે પછી તમને ધર્મક્રિયા કરવામાં કોઈ બાધ ન આવે તેની પૂરી કાળજી રાખીશ. તમારી આ ધર્મક્રિયા પૂરી થયે તમે કામ ઉપર ચડજો અને મને પણ તમારા જેવો ધર્મી બનાવજો.'

આ શબ્દો સાંભળી મંત્રી ઘણો ખુશ થયો. તેની ખુશીનું કારણ મંત્રીમુદ્રા પાછી મળી કે પગાર બમણો થયો એ ન હતું, પણ રાજા પર ધર્મનો પ્રભાવ પડયો અને તે ધર્મ પ્રત્યે પ્રીતિવાળો થયો એ હતું.

જો મંત્રી ધર્મમાં અડગ રહ્યો, તેની શ્રદ્ધા જરાયે ચલિત ન થઇ તો પોતે ઉન્નતિ પામ્યો અને રાજા ઉપર પણ ઉપકાર કરી શકયો. જો તે દુન્યવી વિચારોમાં ફસા-

ઇને ધર્મથી ડગમગી ગયેા હેાત તેા ધર્મ પણ ગુમાવત અને પેાતાનેા જાન પણ ગુમાવત. માટે સુજ્ઞ પુરૂષેાએ ધર્મમાં પૂરેપૂરેા રસ લેવેા અને પ્રાણાંતે પણ તેને છેાડવેા નહિ.

ચેારાશી લાખ યેાનિનાં નામ વગેરે

હવે આપણે મૂળ વાત પર આવીએ. ચેારાશી લાખ યેાનિનાં નામેા* શાસ્ત્રકારેાએ આ પ્રમાણે ગણાવ્યાં છે—

૭ લાખ પૃથ્વીકાય	આ બધી એકેન્દ્રિય જીવેાની જાતિ છે.
૭ લાખ અપ્કાય	
૭ લાખ તેઉકાય	
૭ લાખ વાઉકાય	
૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય	
૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય	
૨ લાખ બેઇન્દ્રિય	
૨ લાખ તેઇન્દ્રિય	
૨ લાખ ચઉરિન્દ્રિય	

---

* ચેારાશી લાખ જીવયેાનિ સંબંધી જીવવિચાર-પ્રકરણમાં નીચેની ગાથાએ જોવામાં આવે છેઃ—

तह चउरासी लक्खा, संखा जोणीण होइ जीवाणं ।
पुढवाईणं चउण्हं, पत्तेयं सत्त सत्तेव ॥ ४५ ॥
दस पत्तेय तरुणं, चउदस लक्खा हवंति इयरेसु ।
विगलिंदिएसु दो दो, चउरो पंचिंदि-तिरियाणं ॥ ४६ ॥
चउरो । चउरो नारय-सुरेसु मणुआण चउदस हवंति ।
संपिंडिया य सव्वे, चुलसी लक्खा उ जोणीणं ॥ ४७ ॥

૪ લાખ દેવતા

૪ લાખ નારકી

૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય

૧૪ લાખ મનુષ્ય

કુલ ૮૪ લાખ યોનિ

આ ચોરાશી લાખ યોનિમાંથી* દેવતાની ૧ ગતિ નારકીની ૧ ગતિ, મનુષ્યની ૧ ગતિ અને બાકીમાં બધાં તિર્યંચોની ૧ ગતિ ગણતાં કુલ ચાર પ્રકારની ગતિ ગણાય છે. દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ તેનો ક્રમ છે. તેમાં દેવતાની ગતિ સહુથી ઉત્તમ અને નરકની ગતિ સહુથી કનિષ્ઠ છે.

---

* જેમાંથી શક્તિનો નાશ થયો નથી અને જે જીવને ઉપજવવાની શક્તિએ કરીને સંપન્ન હોય છે, તેવું જીવને ઉત્પન્ન થવાનું સ્થાન યોનિ કહેવાય છે. તેના મુખ્ય પ્રકારો નવ છે. (૧) સચિત્ત, (૨) અચિત્ત, (૩) સચિત્તાચિત્ત, (૪) શીત, (૫) ઉષ્ણ, (૬) શીતોષ્ણ, (૭) સંવૃત, (૮) વિવૃત અને (૯) સંવૃત-વિવૃત. તેમાં જીવપ્રદેશવાળી યોનિ તે સચિત, જીવપ્રદેશથી રહિત યોનિ તે અચિત્ત. તે બંનેના મિશ્રણવાળી તે સચિત્તાચિત્ત, જેનો સ્પર્શ ઠંડો તે શીત, જેનો સ્પર્શ ગરમ તે ઉષ્ણ. જેનો સ્પર્શ કેટલાક ભાગમાં શીત અને કેટલાક ભાગમાં ઉષ્ણ તે શીતોષ્ણ. જે ઢંકાયેલી હોય તે સંવૃત, ઉઘાડી હોય તે વિવૃત અને કંઇક ઢંકાયેલી તથા કંઇક ઉઘાડી હોય તે સંવૃત-વિવૃત.

વૈદિક ધર્મમાં પણ યોનિની સંખ્યા ૮૪ લાખ મનાયેલી છે. તે આ પ્રમાણે—

स्थावरं विंशतेर्लक्षं, जलजं नवलक्षकम् ।
कृमिश्चरुद्रलक्षश्च, दशलक्षश्च पक्षिणः ॥
त्रिंशल्लक्षं पशूनां च, चतुर्लक्षं तथा नरः ।
ततो मनुष्यतां प्राप्य ततः कर्माणि साधयेत् ॥

'વૃક્ષાદિ સ્થાવરયોનિ ૨૦ લાખ, જલજંતુયોનિ ૯ લાખ, કૃમિયોની ૧૧ લાખ, પક્ષિયોની ૧૦ લાખ, પશુયોનિ ૩૦ લાખ અને મનુષ્યયોનિ ૪ લાખ. આ ચોરાશી લક્ષ યોનિમાં મનુષ્યયોનિ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ કર્મો કરવાં.'

છ પર્યાપ્તિ

આત્મા ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરે છે, તેનો અર્થ એ નથી કે ત્યાં તે જાતનું શરીર તૈયાર હોય છે, તેમાં તે પ્રવેશે છે; પણ તેનો અર્થ એ કે તે ત્યાં ઉત્પન્ન થઈને પોતાના કર્માનુસાર દેહની રચના કરે છે. તે માટે શાસ્ત્રકારોએ છ પર્યાપ્તિનો જે ક્રમ વર્ણવ્યો છે, તે બરાબર લક્ષમાં રાખવા જેવો છે. છ પર્યાપ્તિમાં પહેલી આહારપર્યાપ્તિ છે, બીજી શરીરપર્યાપ્તિ છે, ત્રીજી ઇન્દ્રિયપર્યાપ્તિ છે, ચોથી શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ છે, પાંચમી ભાષાપર્યાપ્તિ છે અને છઠ્ઠી મનઃપર્યાપ્તિ છે.

પર્યાપ્તિનું અંતરંગ કારણ કાર્મણયોગ છે અને બાહ્ય કારણ પુદ્ગલગ્રહણ છે. પુદ્ગલમાં રહેલ પરિણમનશક્તિને ઉપયોગમાં લેવાની જીવની શક્તિ એનું નામ પર્યાપ્તિ છે.

પૂર્વસ્થાને પોતાનો દેહ છોડી પોતાની નવી આનુપૂર્વી, ગતિ, જાતિ, આદિ નામકર્મરૂપ* કાર્મણ શરીર અનુસાર નવીન જન્મક્ષેત્રમાં પહોંચી સ્વજાતિયોગ્ય દેહ ધારણ કરવા જીવ જે શક્તિ વડે પુદ્ગલ ગ્રહણ કરે છે, તેને આહારપર્યાપ્તિ કહેવામાં આવે છે. આહારપર્યાપ્તિ વગેરે પર્યાપ્તિઓ સર્વ જીવો બીજા જન્મમાં આવતાં જ શરૂ કરે છે. તેમાં આહારપર્યાપ્તિ પહેલા સમયે જ પૂરી થાય છે અને બાકીની પર્યાપ્તિઓ અંતર્મુહૂર્તમાં પૂરી થાય છે.

આહારપર્યાપ્તિ વડે ગ્રહણ કરેલ અને ખલરસ રૂપે થયેલ પુદ્ગલમાંથી ખલ-અસાર પુદ્ગલને ત્યાગી બીજા સાર પુદ્ગલને ધાતુરૂપે પરિણમાવી શરીરનામકર્મ અનુસાર તેને દેહરચનામાં રૂપાંતર કરવાં એ શરીરપર્યાપ્તિ છે.

સાત ધાતુ રૂપે પરિણમાવેલ પુદ્ગલમાંથી ઇન્દ્રિયયોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી ગતિ, જાતિ આદિ નામકર્મ અનુસાર દેહની ઇન્દ્રિયરચના કરવામાં તેને રૂપાંતર કરવા એ ઇન્દ્રિયપર્યાપ્તિ છે.

સાત ધાતુ રૂપે પરિણમાવેલ પુદ્ગલમાંથી ઉદ્ભવ પામતી શક્તિવડે શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી તેને શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવી શ્વાસોચ્છ્વાસની લે-મૂક કરવી એ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ છે.

સાત ધાતુ રૂપે પરિણમાવેલ પુદ્ગલમાંથી ઉદ્ભવતી શક્તિવડે ભાષાવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી તેને વચનરૂપે પરિણમાવી વચન રૂપે લે-મૂક કરવા એ ભાષાપર્યાપ્તિ છે.

* આ કર્મનો પરિચય બાવીશમા વ્યાખ્યાનમાં અપાયેલો છે.

સાત ધાતુરૂપે પરિણમાવેલ પુદ્ગલમાંથી ઉદ્ભવતી શક્તિ વડે મનોવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી તેને મનરૂપે પરિણમાવી, અવલંબીને, વિસર્જન કરવાની શક્તિવડે વિચાર, ચિંતન, મનન આદિ મનોવ્યાપારમાં ઉતારવા એ મનઃપર્યાપ્તિ છે.

શરીરની રચના પ્રથમ થાય છે અને આત્મા તેમાં પછી પ્રવેશે છે, એમ જો માનવામાં આવે તો તે વ્યાજબી નથી, કારણ કે એ રીતે તો મશીનમાંથી બહાર પડતી ટીકડીઓની માફક પુદ્ગલોનાં બનેલાં બધાં શરીર સરખાં જ હોવા જોઇએ; પણ તમે જુઓ છો કે તેમાં કેટલો બધો તફાવત હોય છે. કોઈ એમ કહેતું હોય કે જુદાં જુદાં વીર્ય અને રજને લીધે (ઉત્પાદન પદાર્થોને લીધે) આમ બને છે, તો એમ કહેવું પણ યુક્ત નથી, કારણ કે એક જ માતાપિતાથી ઉત્પન્ન થતાં સંતાનોનાં શરીર પણ રૂપરંગ, લાવણ્ય, આકૃતિ[૧] અને

---

૧. જૈન શાસ્ત્રોમાં આકૃતિને માટે **સંસ્થાન** શબ્દ યોજાયેલો છે અને તેના છ પ્રકારો માનવામાં આવ્યાં છે. (૧) **સમચતુરસ્ર**-બધા અંગો પ્રમાણોપેત અને લક્ષણયુક્ત. (૨) **ન્યગ્રોધપરિમંડલ**-નાભિની ઉપરનો ભાગ પ્રમાણોપેત અને લક્ષણયુક્ત, પણ નીચેનો ભાગ પ્રમાણ અને લક્ષણથી રહિત. (૩) **સાદિ**-નાભીની નીચેનાં અંગો પ્રમાણોપેત અને લક્ષણયુક્ત પણ ઉપરના અંગો પ્રમાણ અને લક્ષણથી રહિત. (૪) **વામન**-હાથ, પગ, મસ્તક, ડોક પ્રમાણોપેત તથા લક્ષણયુક્ત પણ બીજાં અંગો પ્રમાણ તથા લક્ષણથી રહિત. (૫) **કુબ્જ** હાથ, પગ, મસ્તક, ડોક પ્રમાણ તથા લક્ષણથી રહિત પણ બીજાં અંગો પ્રમાણોપેત અને લક્ષણથી યુક્ત. (૬) **હુંડક**-શરીરનાં બધાં અંગો પ્રમાણ અને લક્ષણથી રહિત.

બાંધાઓમાં[૧] જુદી જુદી જાતના હોય છે, એટલે આત્મા દેહમાં ઉત્પન્ન થતો નથી, પણ દેહને બનાવે છે અને પૂર્વકર્મ અનુસાર તેનું નિર્માણ કરે છે.

દેહધારણક્રિયા

આત્માની આ દેહધારણક્રિયા વસ્ત્રધારણ જેવી છે. તે માટે ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય,
નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણા-
ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

'જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ દેહધારી આત્મા, જૂનાં શરીરો ત્યજીને નવાં શરીરો ધારણ કરે છે.'

---

૧. જૈન શાસ્ત્રોમાં શરીરના બાંધાને માટે **સંઘયણ**-શબ્દ વપરાયેલો છે અને તેનાં પણ છ પ્રકારો માનવામાં આવ્યા છે. (૧) **વજ્રઋષભ, નારાચ, સંઘયણ** જે સાંધામાં મર્કટબંધ (એક પ્રકારનું બંધન,) તેને ફરતો પાટો અને તેની વચ્ચે વજ્ર જેવી ખીલી મારેલી હોય, (૨) **ઋષભ, નારાચ, સંઘયણ** જેમાં ખીલી ન હોય પણ મર્કટબંધ અને પાટો હોય. (૩) **નારાચ, સંઘયણ** જેમાં કેવળ મર્કટબંધ હોય. (૪) **અર્ધનારાચ, સંઘયણ** જેમાં અર્ધ મર્કટબંધ હોય, (૫) **કીલિકા, સંઘયણ** જેમાં મર્કટબંધ બિલકુલ ન હોય પણ એ સાંધા ખીલીથી જડેલા હોય. અને (૬) **છેવટ્ટું, સંઘયણ** જેમાં સાંધાઓ માત્ર એકબીજાને અડીને રહેલા હોય. તીર્થંકરો અને ચરમશરીરી પ્રથમ સંઘયણવાળા હોય છે.

આત્માની એક દેહધારણ કરીને છોડવા સુધીની ક્રિયાને આપણે ભવ કે અવતાર કહીએ છીએ. આ ભવ કે અવતારની શરૂઆત ગર્ભધારણ કે જન્મથી થાય છે અને અંત મરણથી આવે છે, એટલે આત્મા જન્મ્યો અને મર્યો એ શબ્દો ઔપચારિક છે. જન્મ અને મરણ દેહનાં થાય છે, પણ આત્માનાં થતાં નથી.

આત્મા કયારે પણ જન્મતો નથી, એટલે તે અજ કહેવાય છે અને કદી પણ નાશ પામતો નથી, એટલે અવિનાશી કે અમર કહેવાય છે. તે અરૂપી હોવાથી શસ્ત્રો વડે છેદાતો-ભેદાતો નથી, અગ્નિ વડે બળતો-પ્રજળતો નથી, પાણી વડે ભીંજાતો નથી કે પવન વડે સૂકાતો નથી.* તે ગમે તેવી કઠિન દિવાલો કે પહાડોને નિમિષમાત્રમાંx

---

*ભગવદ્ગીતાના બીજા અધ્યયનમાં નિમ્ન પંક્તિઓ નજરે પડે છે:-

નૈન છિન્દન્તિ શાસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયંત્યાપો ન શોષયતિ મારુતઃ ॥


'આ આત્માને શાસ્ત્રો છેદતા નથી, અને અગ્નિ બાળતો નથી, અને પાણી ભીંજવતું નથી અને પવન સૂકવતો નથી,'

x અહીં નિમિષમાત્ર શબ્દનો પ્રયોગ વસ્તુસ્થિતિ સરલતા સમજવામાં આવે તે માટે કરેલો છે. વાસ્તવિક રીતે આત્મા નિમિષના અસંખ્યાતમા ભાગે એટલે એક, બે, ત્રણ સમયમાં જ પોતાના ગંતવ્યસ્થાને પહોંચી જાય છે. આત્માની આ ગતિને વિગ્રહગતિ કહેવામાં આવે છે, આત્માની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ છે, તે ઉપર જણાવ્યું છે.

ઓળંગી જાય છે અને કોઈ તેની રૂકાવટ કરી શકતું નથી. તેથી જ તે ચૌદ રાજલોકના એક છેડાથી બીજા છેડા સુધી ગમે ત્યાં જઈ શકે છે.

આત્માનો પ્રવાસ, આત્માનું સંસારપરિભ્રમણ કયારે શરૂ થયું તે વર્ષોની સંખ્યાથી બતાવી શકાય તેવું નથી. લાખ વર્ષ પહેલાં પણ તેનું સંસારપરિભ્રમણ ચાલુ હતું, ક્રોડ વર્ષ પહેલાં પણ ચાલુ હતું અને અબજ વર્ષ પહેલા પણ ચાલુ હતું. તે માટે જે સમયનો નિર્દેશ કરો તે પૂર્વે પણ ચાલુ હતું, એટલે તે અનાદિ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

સોનું જેમ પહેલેથી જ માટીમાં મળી ગયેલું હોય છે, તેમ આત્મા અનાદિકાલથી કર્મથી ખરડાયેલો છે અને તેનું કર્મબંધન સમયે સમયે ચાલુ જ છે, એટલે તેનાં ફળ ભોગવવા માટે તેને દેહ ધારણ કરવો પડે છે. જ્યારે કર્મનો નવીન બંધ થતો અટકી જાય છે અને સત્તામાં રહેલા કર્મો ખરી જાય છે, ત્યારે તેને નવીન જન્મ ધારણ કરવો પડતો નથી. એ વખતે તે પોતાની સ્વાભાવિક ઉર્ધ્વગતિથી લોકના અગ્રભાગે પહોંચી જાય છે અને સિદ્ધશિલાના અગ્રભાગે બિરાજી મોક્ષનાં અક્ષય–અનંત સુખનો ઉપભોક્તા બને છે. ત્યારથી આ મહાન પ્રવાસીનો પ્રવાસ પૂરો થાય છે અને તે એક જ સ્થાને અનંત કાળ સુધી સ્થિર રહે છે.





વ્યાખ્યાન ચોથું

પુનર્જન્મ

મહાનુભાવો !

શ્રુતસ્થવિર ભગવંતે રચેલું શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, તેનું છત્રીશમું અધ્યયન અને તેમાં અલ્પસંસારી આત્માનું વર્ણન તેના પરથી આત્માનો વિષય ચાલે છે.

આત્મા એક મોટો પ્રવાસી છે અને તે અનાદિ કાળથી પોતાનાં કર્માનુસાર ચાર ગતિ અને ચોરાશી લાખ જીવ-યોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે. આ પરિભ્રમણનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે તે મુક્તિની પ્રાપ્તિ કરે છે. આ હકીકત તમને ગત વ્યાખ્યાનમાં વિસ્તારથી જણાવી છે, પણ કેટલાકને પુનર્જન્મ* વિષે શંકા છે, એટલે એ સંબંધી વિશેષ વિચારણા કરીશું.

જેમને પુનર્જન્મ વિષે શંકા છે, તેઓ એમ કહે છે કે 'જો અમારો પુનર્જન્મ થયો હોય તો અમને પૂર્વ-ભવની વાતો યાદ કેમ ન રહે? જ્યારે અમે પચીસ, પચાસ કે તેથી પણ અધિક વર્ષની વાતો યાદ રાખી શકીએ છીએ, ત્યારે અમને પૂર્વજન્મની વાત પણ યાદ રહેવી જ જોઇએ. કોઈ એમ કહેતું હોય કે અમારી યાદદાસ્ત એટલી તીવ્ર નથી કે આ બધું યાદ રહી શકે, તો આ જગતમાં એવી યાદદાસ્તવાળા માણસો પણ પડયા છે કે જે એક વાર

* મૃત્યુ પછી ફરી જન્મવું તે પુનર્જન્મ.

જોયેલું કે એકવાર વાંચેલું ભૂલતા નથી, તેમને પણ પૂર્વ-જન્મની વાતો યાદ નથી, એટલે માનવાને કારણ છે કે પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ જ નથી.'

પુનર્જન્મનો સિદ્ધાંત સર્વજ્ઞકથિત છે.

આ દલીલનું અમે બરાબર નિરાકરણ કરશું, પણ તે પહેલાં એટલું જણાવવા ઇચ્છીએ છીએ કે પુનર્જન્મનો સિદ્ધાંત કોઇએ કલ્પેલો નથી, પણ જેઓ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલીન સર્વ પદાર્થોના સર્વ પર્યાયોને (સ્વરૂપોને) સાક્ષાત્ જાણી-જોઇ શકે છે.* તેમણે કથન કરેલો છે, એટલે તે અન્યથા હોય જ નહિ, એ સર્વજ્ઞ મહાપુરુષો વીતરાગ હતા, એટલે તેમને કોઇ પ્રત્યે રાગ કે કોઈ પ્રત્યે દ્વેષ ન હતો. બીજા શબ્દોમાં કહીએ તો તેમને આ જગતનો કોઈ પણ સ્વાર્થ ન હતો કે પોતાનાં જ્ઞાનમાં વસ્તુને જુએ એક પ્રકારની અને વર્ણવે બીજા પ્રકારની એટલે તેમણે વચનો જે પ્રકારે કહ્યાં છે, તે પ્રમાણે જ તેને માનવાં જોઇએ. ધર્મશ્રદ્ધાળુ આત્માઓ તો એ વચનો એ જ પ્રમાણે ગ્રહણ કરે છે.

અનંત જ્ઞાનીનાં વચનો પર વિશ્વાસ ન રાખવો અને પોતાની મામુલી-તુચ્છ બુદ્ધિ પર વિશ્વાસ રાખવો, એ કઈ જાતનું ડહાપણ? તમારે મોટી ઇમારત બાંધવી હોય તો તમારી બુદ્ધિ પર વિશ્વાસ રાખો છો કે ઈજનેરની બુદ્ધિ

* કેવળજ્ઞાનીને પ્રથમ જ્ઞાન અને પછી દર્શન હોય છે એટલે અહીં જાણી-જોઇ શકે છે, એવો પ્રયોગ કરેલો છે. તેની વિશેષ હકીકત આગળ આવશે.

ઉપર? રોગનિવારણ કરવું હોય તો તમારી બુદ્ધિ પર વિશ્વાસ રાખો છો કે વૈદ્ય-હકીમ-ડૉક્ટરની બુદ્ધિ પર? જો આવી બાબતમાં તમે તમારી બુદ્ધિ પર વિશ્વાસ ન રાખતાં એક કુશળ ઈજનેર કે કુશળ વૈદ્ય-હકીમ-ડૉક્ટરની બુદ્ધિ પર વિશ્વાસ રાખો છો, તો તત્ત્વની બાબતમાં તત્ત્વપારંગત એવા સર્વજ્ઞ ભગવંત પર વિશ્વાસ કેમ રાખતા નથી?

સર્વજ્ઞ ભગવંતે સંસારને ભવસમુદ્ર કહ્યો છે, તેનો અર્થ એ છે કે ભવની સંખ્યા સમુદ્રમાં રહેલાં જલબિંદુઓની જેમ અનંત છે. આ ભવની અનંતતા પુનર્જન્મને માન્યા સિવાય શી રીતે ઘટી શકે? જો ફરી જન્મ થતો હોય તો જ ભવની સંખ્યા અનેક-અસંખ્યાત-અનંત સુધી પહોંચે. વળી પુણ્ય-પાપનો એટલે સારાં અને ખોટા કર્મોનો ભોગવટો કરવા માટે જીવને અમુક ગતિમાં ઉત્પન્ન થવું પડે છે, એમ પણ તેમણે કહેલું છે, તે પુનર્જન્મ સિવાય શી રીતે સંભવી શકે? વિશેષમાં એ સર્વજ્ઞ મહાપુરુષોએ પોતાના પૂર્વભવોની હકીકત વિસ્તારથી કહેલી છે, તેથી પણ પુનર્જન્મ હોવાની ખાતરી થાય છે. જો પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ જ ન હોય તો એ મહાપુરુષો પૂર્વભવનું વર્ણન શા માટે કરે? બુદ્ધે પણ પોતાના પૂર્વભવોનું વર્ણન કરેલું છે અને હિંદુ મહર્ષિઓએ પણ પૂર્વભવની અનેક કથાઓ કહેલી છે. આ રીતે આર્ય સંસ્કૃતિ તો પુનર્જન્મમાં દૃઢ શ્રદ્ધા ધરાવનારી છે.

કોઈ પણ વસ્તુ ત્રણ પ્રકારે સિદ્ધ થાય છે—શ્રુતથી (શાસ્ત્રપ્રમાણોથી), યુક્તિથી (દલીલોથી) અને અનુભૂતિથી

(અનુભવ પરથી). તેમાં શ્રુતિની વાત પણ આપણે કરી ગયા. હવે આવીએ યુક્તિ પર.

પુનર્જન્મ માનવાનાં કારણો.

પૂર્વજન્મની વાત યાદ નથી, માટે પુનર્જન્મ નથી, એમ કહેનારને આપણે પૂછી શકીએ કે 'તમને ગર્ભની વાત યાદ છે ખરી? જો ગર્ભની વાત યાદ હોય તો કહી બતાવો.' તે શું જવાબ આપશે? 'ગર્ભની વાત યાદ નથી.' એ જ કે બીજું કંઈ? જો ગર્ભની વાત યાદ નથી તો તમે ગર્ભને માનો છો કે નહિ? તમે ગર્ભમાંથી ઉત્પન્ન થયા કે આ જગતમાં એમને એમ પટકાઈ પડયા? એનો પણ જવાબ આપો.

આ જગતમાં જેટલા મનુષ્યો જન્મ્યા છે, તે બધા એક વાર માતાના પેટમાં હતા, નીચે માથું અને ઉપર પગ. એ રીતે નવ માસથી પણ અધિક સમય તેમાં લટકયા હતા. એ હતી અંધારી કોટડી! અને તેમાં હતી અનાજને પણ પચાવી દે એવી ઉત્કૃષ્ટ ગરમી! ઉપરાંત ત્યાં મોહું ફેરવી લેવાનું મન થાય એવી દુર્ગંધ પણ હતી! રહેવાનું હતું બરાબર જકડાઈને, ન હાથ લાંબો થાય કે ન પગ ટૂંકો થાય. પણ ગર્ભમાંથી બહાર આવ્યા પછી એકદમ પલટો થયો અને આપણે એ બધું ભૂલી ગયા. તેથી એમ કહેવાશે ખરું કે આપણે ગર્ભમાં હતા જ નહિ?

જો મનુષ્યને ગર્ભાવસ્થાનું આ દુઃખ યાદ રહે તો ફરી ગર્ભમાં આવવાનું પસંદ કરે જ નહિ, પણ મનુષ્ય

એ બધું ભૂલી જાય છે અને જે નવું જીવન પ્રાપ્ત થયું છે, તેમાંજ આનંદ માને છે.

આપણું જીવન નદીના બે કિનારાને જોડતાં પુલ જેવું છે. તેમાં એક કિનારાને આપણે જન્મ કહીએ છીએ અને બીજા કિનારાને મરણ કહીએ છીએ. વાસ્તવિકતાએ કોઇ તફાવત નથી. એકમાં આવવાનું છે, બીજામાં જવાનું છે. આવનાર પૂર્વમાં મરીને જ આવે છે અને જનાર પણ મરીને જ જાય છે. પણ આપણે જન્મ વખતે વાજાં વગાડીએ છીએ, મીઠાઇઓ વહેંચીએ છીએ અને મોટો ઉત્સવ માંડીએ છીએ, જ્યારે મૃત્યુ વખતે રોકકળ કરીએ છીએ ને દિવસો સુધી શોક પાળીએ છીએ. આનું કારણ શું ? આપણો રાગ, આપણો સ્વાર્થ કે બીજું કંઇ ? રાગ અને દ્વેષ એ બે જ આપણને આ સંસારમાં રખડાવનારા મહાન શત્રુઓ છે, છતાં આપણે તેની સોબત મૂકતા નથી, એ શું ઓછું ખેદજનક છે?

મનુષ્ય ગર્ભાવસ્થાનું દુઃખ બહાર આવતાં કેમ ભૂલી જાય છે? તે પણ તમને સમજાવવા માગીએ છીએ. મરણ પથારીએ પડેલો માણસ એમ કહે છે કે 'જો હું બચીશ તો ધર્મ કરીશ.' પણ તે ખરેખર બચી જાય તો શું કરે છે ? માંદગીમાં જે અનેક પ્રકારનું દુઃખ ભોગવવું પડયું હતું, તેમાંથી છૂટકારો થયાનો આનંદ માણે છે અને એ આનંદમાં પોતે કરેલો સંકલ્પ ભૂલી જાય છે.

તમે એક હોડીમાં બેઠા છો અને પવનનું તોફાન થતાં હોડી ડગમગવા લાગે, ત્યારે શું કહો છો ?' 'હે પ્રભુ! મને બચાવો ! હે શાસનદેવ મારી રક્ષા કરો ! હે ચક્રેશ્વરી માતા !

મારે વારે ધાજો. હે પદ્માવતી માતા! આ પવનનાં તોફાનને શાંત કરી દો.' વગેરે વગેરે. પરંતુ પવનનું તોફાન પસાર થઇ ગયા પછી તમે એ બધાંને કેટલા યાદ કરો છો? બે-ચાર વાર નામ લેવું એ યાદ કર્યા ન કહેવાય. દિલમાં બરાબર રટણ ચાલે ત્યારે યાદ કર્યા કહેવાય. આવી રીતે યાદ કેટલી વખત કરો છો?

કોઈ જુવાનનું મરણ થાય છે અને તમે આભડવા જાઓ છો, ત્યારે તમારાં મનમાં કેવા વિચારો આવે છે? અહો! આ સંસાર અસાર છે! મૃત્યુ કોઇને મૂકતું નથી! મારે પણ વહેલું-મોડું આ રીતે જવું પડશે, માટે હવે બીજું બધું છોડીને ધર્મની આરાધનમાં જ લાગી જાઉં.' પણ આભડીને પાછા આવો છો ને વ્યવહારમાં પડો છો, ત્યારે તેમાંનું કેટલું યાદ રહે છે? એ જ ખાન, એ જ પાન, એ જ રહેણી અને એ જ કરણી! બધું પૂર્વવત્ ચાલુ થઈ જાય છે અને પેલો સ્મશાનિયો વૈરાગ્ય ભૂંસાઈ જાય છે.

નાનું બાળક એક રમકડાંથી રમે છે. એ રમકડું હાનિકારક છે, પણ તેને આંચકીને લઈ લેવામાં આવે તો બાળક રડે છે અને તોફાન કરે છે, પરંતુ જો તેને ફોસલાવીને બીજું રમકડું હાથમાં મૂકી દઇએ તો તે રાજી થાય છે અને તેનાથી રમવા લાગે છે, એટલે પહેલાનું રમકડું આપોઆપ છૂટી જાય છે. તે જ રીતે મનુષ્યને નવું જીવન પ્રાપ્ત થાય છે. એટલે તે ગર્ભાવસ્થાનું દુઃખ ભૂલી જાય છે.

ગર્ભાવસ્થામાં બાળક કોઇક વખત રડતું હોય છે. એ સંબંધી એક કિસ્સો યાદ આવે છે. અમદાવાદમાં એક

ડૉક્ટરની સ્ત્રીનું પેટ વધ્યું. ડૉક્ટરે માન્યું કે તે ગાંઠ છે. અમદાવાદના સારા સારા ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા. બધાએ દર્દીને તપાસીને એકીમતે જાહેર કર્યું કે 'આના પેટમાં ગાંઠ છે, તે દૂર કરવા ઓપરેશન કરવું પડશે.'

ઓપરેશનની તૈયારીઓ થઈ. દર્દી સ્ત્રીને ઓપરેશન ટેબલ પર સુવાડવામાં આવી. હવે તે જ વખતે મીરજનો એક પ્રખ્યાત ડૉક્ટર કોઈ કામપ્રસંગે અમદાવાદ આવ્યો હતો. તેની ફી એક હજાર રૂપિયા હતી. તેના આવવાની આ ડૉક્ટરને ખબર પડી, એટલે તેને બોલાવીને સલાહ લેવાનું નક્કી કર્યું. પત્ની પર તેનો ઘણો પ્રેમ હતો. તે સારી થતી હોય તો હજાર રૂપિયા એ તેને મન મોટી વિસાત ન હતી.

તેણે મીરજના ડૉક્ટરને બોલાવ્યો અને એ સ્ત્રીનું પેટ જોયું. પછી તે હસતાં હસતાં કહેવા લાગ્યો કે 'તમે આ શું કરી રહ્યા છો?' પેલા ડૉક્ટરો પણ મનમાં હસવા લાગ્યા, તેઓ વિચાર કરે છે કે, 'કેવો મૂર્ખ છે ? આટલું પણ સમજતો નથી ?' પછી પ્રકટ રીતે જવાબ આપ્યો કે 'ઓપરેશન કરીએ છીએ.' પેલાએ પૂછ્યું : 'શાનું ?' ડૉક્ટરોએ કહ્યું કે 'ગાંઠનું' ત્યારે મીરજના ડૉક્ટરે કહ્યું કે 'અરે ભાઈઓ ! આ ગાંઠ નથી, આ તો ગર્ભ છે.' આમ કહી તેણે સ્ત્રીનાં પેટ પર ભૂંગળી મૂકી બધાને બતાવ્યું કે બાળક પણ ગર્ભમાં ઝીણું ઝીણું રડે છે.

આ જોઈ અમદાવાદના ડૉક્ટરો ખસિયાણા પડી ગયા. જો તેઓએ આ સ્ત્રીનું ઓપરેશન કર્યું હોત તો બે જીવની હાની થાત અને વધારામાં પેલા ડૉક્ટરનું જીંદગી સુધી મહેણું

રહેત. થોડા સમય પહેલાં મીરજના ડૉકટરની મનમાં હાંસી કરનારાઓએ તેનો આભાર માન્યો. આ સ્ત્રીએ પછી ગર્ભનું પાલન કર્યું અને પૂરા દિવસે પુત્ર અવતર્યો.

મરણનું દુઃખ જન્મનાં દુઃખ કરતાં આઠ ગણું વધારે હોય છે. હજારો-લાખો વીંછી કરડે અને જે યાતના ભોગવવી પડે, તેવી યાતના મરણ વખતે જીવને ભોગવવી પડે છે. ત્યાંથી તે જન્મક્ષેત્રમાં પ્રવેશે છે, ત્યારે મરણનાં દુઃખની સરખામણીમાં ગર્ભનું દુઃખ ઓછું હોવાથી તે પહેલાનું બધું ભૂલી જાય છે.

જેઓ પચીસ કે પચાસ વર્ષની વાત યાદ રાખવાનું કહે છે તેમને તેમનાં વર્તમાન જીવનનાં પહેલા અને બીજા વર્ષની હકીકતો પૂછીએ તો કહી શકશે ખરા ? જો તમને પોતાના જીવનનાં પહેલાં અને બીજા વર્ષની વાત યાદ નથી, તો પહેલું અને બીજું વર્ષ હતું જ નહિ, એમ કહેવાશે ખરું ?

આત્મા જ્યારે ગર્ભમાં હોય છે, ત્યારે તે કોઇની સોબતમાં આવતો નથી, છતાં એક બાળક ક્રૂર, બીજો દયાળુ, ત્રીજો લોભી તો ચોથો ઉદાર શા માટે ? તેનો સ્વભાવ ઘણી વાર માતાપિતાથી પણ વિરુદ્ધ જોવામાં આવે છે. મમ્મણશેઠ કૃપણ હતા. પણ તેની માતા કૃપણ ન હતી. વસુદેવ ભોગી હતા અને તેમના છ પુત્રો પરમ વૈરાગી હતા. બહાદુર માતાનો પુત્ર કાયર અને કાયર માતાનો પુત્ર બહાદુર, મૂર્ખ પિતાનો પુત્ર જ્ઞાની અને જ્ઞાની પિતાનો પુત્ર મૂર્ખ જોવામાં આવે છે. વળી તીર્થંકરો અસાધારણ કોટિના

હોય છે, તેના માટે શું કહેશો ? આનો ખુલાસો એક જ હોઇ શકે કે આત્માએ જ્યારે આ દેહ ધારણ કર્યો, ત્યારે તે પૂર્વભવના સંસ્કારોની કેટલીક મૂડી પોતાની સાથે લેતો આવ્યો હતો અને તે જ આ રીતે વ્યક્ત થઈ રહી છે.

અહીં એ પણ જણાવી દઇએ કે આત્મા જ્યારે એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરવા માટે ગતિ કરે છે, ત્યારે તેની સાથે આ સંસ્કારોની મૂડી ઉપરાંત તૈજસ અને કાર્મણ નામનાં બે શરીરો પણ હોય છે. આ શરીરો અતિ સૂક્ષ્મ હોવાથી કોઈ તેની રૂકાવટ કરી શકતું નથી. એટલે આત્માની સાથે તે ગમે ત્યાં જઈ શકે છે

પાંચ પ્રકારનાં શરીરો.

અહીં તમને પ્રશ્ન થશે કે શરીર કેટલી જાતનાં હોય છે ? એટલે તેનો ખુલાસો કરી દઇએ. શાસ્ત્રકાર ભગવંતે શ્રીપન્નાવણાસૂત્રમાં કહ્યું છે કે—પચ શરીરા પણત્તા, તંજહા ઓરાલિયે વેઉવ્વિએ આહારએ, તેયએ કમ્મએ। જ્ઞાની ભગવંતોએ પાંચ પ્રકારનાં શરીરો કહેલાં છે, તે આ પ્રમાણે: ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ.

જે શરીર ઉદાર એટલે ઉત્કૃષ્ટ પુદ્ગલોનું બનેલું હોય તે ઔદારિક કહેવાય. અથવા અન્ય શરીરોની અપેક્ષાએ જે ઉચ્ચ સ્વરૂપવાળું હોય તે ઔદારિક કહેવાય. અથવા જેનું છેદન, ભેદન, ગ્રહણ દહન વગેરે થઇ શકે તે ઔદારિક કહેવાય.

શાસ્ત્રમાં ઔદારિકને માટે ઓરાલિય શબ્દ છે, તે ઉરલ, ઉરાલ કે ઓરાલ પરથી બનેલો છે. તેમાં ઉરલ નો અર્થ છે વિરલ, એટલે આ શરીર અન્ય શરીરોની અપેક્ષાએ સ્વલ્પ પ્રદેશવાળું છે. વિરલ પ્રદેશવાળું છે. ઉરાલ નો અર્થ છે ઉદાર, એટલે આ શરીર બધાં શરીરો કરતાં સ્થૂલ છે, એમ સમજવાનું છે. ઓરાલ નો અર્થ છે હાડ-માંસ એટલે જે શરીરમાં હાડ-માંસ વિગેરે હોય તે ઔદારિક. બાકીનાં શરીરોમાં હાડ-માંસ હોતાં નથી.

જે શરીર નાનામાંથી મોટું થવાની અને મોટામાંથી નાનું થવાની, અથવા જાડામાંથી પાતળું થવાની અને પાતળામાંથી જાડું થવાની અથવા એક રૂપમાંથી અનેકરૂપ ધારણ કરવાની અને અનેક રૂપમાંથી એક રૂપ ધારણ કરવાની વિક્રિયાને પામે તે વૈક્રિય કહેવાય. દેવ અને નારકીઓને આવું શરીર જન્મથી હોય છે અને મનુષ્ય અને તિર્યંચને લબ્ધિથી પ્રાપ્ત થાય છે. ઔદારિક શરીર આત્માથી છૂટું પડયા પછી પણ એવું ને એવું રહી શકે છે, જ્યારે વૈક્રિય શરીર આત્માથી છૂટું પડયા પછી કપૂરની જેમ ઉડી જાય છે-વિખરાઈ જાય છે.

ચતુર્દશપૂર્વધર* મુનિ સૂક્ષ્મ અર્થનો સંદેહ નિવારવા કેવલી ભગવંત પાસે જવા માટે અથવા તીર્થંકરની ઋદ્ધિ જોવાના હેતુથી તીર્થંકર પાસે મોકલવા માટે વિશુદ્ધ પુદ્ગ-

* ચૌદપૂર્વને સૂત્ર અને અર્થથી જાણનાર ચતુર્દશપૂર્વધર કહેવાય છે. ચૌદપૂર્વ એ બારમાં અંગ દૃષ્ટિવાદનો એક ભાગ હતો અને તેમાં અનેક ગૂઢ વિદ્યાઓ હતી.

ગલોનું બનાવેલું જે અવ્યાઘાતી* શરીર ધારણ કરે છે, તે આહારક કહેવાય છે.

જે શરીર ખાધેલા આહારનું પાચન કરવામાં સમર્થ છે તથા તેજોમય છે અને ઉષ્મા આપનારું છે, તે તૈજસ કહેવાય છે. અને જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો સમૂહ જે આત્મ-પ્રદેશમાં એકતા પામેલો છે, તે કાર્મણ શરીર કહેવાય છે

આ શરીરો ઉત્તરોત્તર સૂક્ષ્મ છે, એટલે ઔદારિક કરતાં વૈક્રિય સૂક્ષ્મ છે, વૈક્રિય કરતાં આહારક સૂક્ષ્મ છે, આહારક કરતાં તૈજસ સૂક્ષ્મ છે અને તૈજસ કરતાં કાર્મણ સૂક્ષ્મ છે.

સંસ્કારો સંચય અને તેની સુધારણા

આત્મા શરીર દ્વારા ક્રિયા કરે છે અને તેના સંસ્કાર તેના પર પડે છે; એટલે સારી ક્રિયાના સારા સંસ્કાર પડે છે અને ખરાબ ક્રિયાના ખરાબ સંસ્કાર પડે છે. જેઓ જિનમંદિરે જતા હોય, દેવદર્શન કરતા હોય, સેવાપૂજા કરતા હોય, સદ્‌ગુરુનો સમાગમ કરતા હોય, તેમની વ્યા-ખ્યાનવાણી સાંભળતા હોય, વ્રતનિયમ કરતા હોય તથા સારાં સારાં ધાર્મિક પુસ્તકો વાંચતા હોય તે ધાર્મિક બને છે. અને જેઓ ખાવાપીવાની વાતમાં જ મશગુલ રહેતા હોય, નવી નવી ભોગસામગ્રી શોધતા હોય, નાટકચેટકમાં પોતાનો સમય વીતાવતા હોય તથા શરાબી, ગંજેરી કે

* કોઇથી વ્યાઘાત-આઘા ન પામે તે અવ્યાઘાતી. આ શરીર પહાડ-પત્થર ગમે તે વસ્તુને ભેદીને આરપાર ચાલ્યું જાય છે.

જુગારી મિત્રોની સોબતમાં ફસ્યા હોય તે અધર્મી બને છે. જેવો સંગ તેવો રંગ' એ કહેવત દુનિયામાં પ્રસિદ્ધ છે.

વસ્તુપાળ-તેજપાળનું દૃષ્ટાંત

સંજોગવશાત્ આ સંસ્કારો સુધરી પણ શકે છે. વસ્તુપાળ અને તેજપાળ પહેલેથી ઉદાર નહોતા. પણ એક વખત સહકુટુંબ જાત્રાએ જવાનું થયું. મિલકત ઘણી હતી, તે કોણ સાચવશે? એમ વિચારી સોનામહોરનો ચરૂ ભર્યો અને તે સાથે લીધો. જાત્રામાં ગમે ત્યાં જાય, ત્યાં સાથે રાખે, પૂજા કરવા જાય તો ચરૂ જોઇને જાય અને પૂજા કરીને આવે ત્યારે પાછો જોઇ લે. પૂજામાં પણ ધ્યાન ચરૂમાં રહે. ખાતાં પીતાં, ઉઠતાં, બેસતાં, નહાતાં, ધોતાં બધો વખત ચરૂની ફીકર રાખે. તેમની માતા સંસ્કારી હતા તેનાથી આ સહન ન થયું. તેણે કહ્યું: 'બેટાઓ! ઘડી ઘડી ચરૂમાં ધ્યાન રાખો છો, તો યાત્રા શી રીતે થશે? યાત્રામાં તો ધર્મ કરવો જોઇએ. તે આ રીતે થાય નહિ. આમાં તો મોહની વૃદ્ધિ થઇ રહી છે.'

પુત્રો વિનયી હતા. તેમણે કહ્યું: 'તો આ ચરૂનું શું કરીએ?' માતાએ કહ્યું: 'તેને વગડામાં દાટી દો. વળતી વખતે ત્યાંથી લઈ લેજો.' માતાનાં આ વચનનો સ્વીકાર કરીને રાત્રિના સમયે બન્ને ભાઇઓ એ ચરૂ દાટવા વગડામાં ગયા. ત્યાં થોડી જમીન ખોદી તો કોદાળી કોઇ નક્કર વસ્તુ સાથે અથડાય. વિશેષ ખોદ્યું તો તેમાંથી એક ચરૂ નીકળ્યો. તે ગ્રહો સુધી સોનામહોરોથી ભરેલો હતો.'

તેઓ બન્ને ચરૂ માતા પાસે લઇ ગયા. માતાને લાગ્યું

કે ઉપાધિ વધી. તેણે પૂછયું: 'બેટાઓ! આ ચરૂ કોનો?' પુત્રોએ કહ્યું કે 'તેના માલિકની ખબર નથી.' માતાએ કહ્યું કે 'જેમ તેનો ધણી તેને છોડી ગયો, તેમ તમારે પણ એને છોડી જવો પડશે કે નહિ?' પુત્રો આ વચનનો મર્મ સમજી ગયા. તેમણે એ ચરૂ જમીનમાં દાટયો નહિ, પણ તેમાં રહેલી લક્ષ્મી છૂટા હાથે સુકૃતમાં વાપરવા માંડી અને બીજું પણ ઘણું ધન સારાં કામોમાં વાપરી દાનેશ્વરી તરીકે પ્રખ્યાત થયા. તાત્પર્ય કે નિમિત્ત મળતાં મનુષ્યના સંસ્કારોમાં પરિવર્તન થાય છે.

સંસ્કારથી સ્વભાવ ઘડાય છે અને સ્વભાવ પ્રમાણે પ્રવૃત્તિ થાય છે. આ રીતે બાળકોના જુદા જુદા સ્વભાવ અને જુદી જુદી પ્રવૃત્તિઓનું રહસ્ય પૂર્વ જન્મના સંસ્કારોમાં રહેલું છે. આ રીતે યુક્તિથી પણ પુનર્જન્મ સિદ્ધ થાય છે.

પુનર્જન્મ કહેનારા મનુષ્યો મળી આવે છે.

હવે આવીએ અનુભૂતિ ઉપર. આ જગતમાં દરેક સમયે એવા કેટલાક મનુષ્યો મળતા રહ્યા છે કે જેમને પૂર્વભવનું જ્ઞાન થયું હોય. આધુનિક યુગમાં પણ એવા દાખલાઓ જોવામાં આવે છે અને તે વર્તમાનપત્રોનાં પૃષ્ઠ પર પ્રકટ થતા રહે છે. તમારામાંના ઘણા ખરાયે તે વાંચ્યા હશે!

પ્રશ્ન–પણ એવા દાખલા કેટલા?

ઉત્તર–એવા દાખલા ભલે લાખોમાં બે-ચાર હોય, પણ તે પુનર્જન્મ સાબીત કરે છે, એટલે તેની મહત્તા ઘણી છે. આવો એક દાખલો અમને યાદ છે, તે તમને જણાવીએ છીએ.

પાટણ પાસે ચાણસ્મા નામે એક ગામ છે. ત્યાં એક છોકરાને પૂર્વભવનું જ્ઞાન થયું તેણે કહ્યું : 'હું પૂર્વભવમાં પાટણ શહેરમાં અમુક લત્તામાં રહેતો હતો. મારું નામ કેવલચંદ હતું.' આ વાતની ખાતરી કરવા લોકો તેને પાટણ લઈ ગયા. ત્યાં જે રસ્તેથી તેનાં ઘરે જવાતું હતું તે રસ્તો તેણે બતાવી દીધો અને ઘર પણ ઓળખી બતાવ્યું તથા તેને જે જે નિશાનીઓ બતાવી, તે પણ બધી મળતી આવી. ત્યાં તેના છોકરાનો છોકરો મણિલાલ નામનો હતો, તેને પણ ઓળખી લીધો.

એટલે અનુભૂતિથી પણ પુનર્જન્મની વાતને સબળ ટેકો મળે છે, તેથી પુનર્જન્મના સિદ્ધાંતમાં કોઈ શંકા રાખવા જેવી નથી *



* મિસિસ એની બેસેન્ટે 'Reincarnation–પુનર્જન્મ' નામનું એક મહત્વપૂર્ણ પુસ્તક લખ્યું છે. તેમાં અનેક દાખલા-દલીલોથી પુનર્જન્મની સિદ્ધિ કરેલી છે.



વ્યાખ્યાન પાંચમું

આત્માની અખંડતા

મહાનુભાવો !

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનાં છત્રીશમા અધ્યયનમાંથી ઉપસ્થિત થયેલો આત્માનો વિષય આગળ ચાલે છે. તેમાં આત્માની અખંડતા વિષે વિવેચન કરવાનું છે. આ વિષયને પસંદ કરવાનું કારણ એ છે કે આત્માની અમરતાને આત્માની અખંડતા સાથે નિકટનો સંબંધ છે. જો આત્માની અખંડતા દિલમાં ન વસી, તો આત્માની અમરતા પણ દિલમાં વસવાની નહિ; અને આત્માની અમરતા દિલમાં ન વસી તો સ્થિતિ ચાર્વાકો *જેવી જ થવાની. જો આત્મા રહેવાનો નથી તો પાપપુણ્યનું ફળ ભોગવવાનું કોને ? અને પાપપુણ્યનું ફળ ભોગવવાનું ન હોય તો તેનો વિવેક કરવાનું પ્રયોજન શું ? એટલે આત્મા નિત્ય છે, અમર છે, એ વાત અંતરના અણુએ અણુમાં ઠસાવાની જરૂર છે. તેની પુષ્ટિ માટે જ આજના આ વિષયની પસંદગી છે

અખંડની વ્યાખ્યા

અખંડ કોને કહેવાય ? તે પહેલું વિચારીએ. જેના

---

* બીજા વ્યાખ્યાનમાં દેહાત્મવાદીઓનો જે ઉલ્લેખ છે, તેનો અગ્રણી ચાર્વાક નામે હતો. તે નાસ્તિક શિરોમણી હોવાથી કોઈ ને પણ નાસ્તિક કહેવો હોય તો તેની ઉપમા અપાય છે.

ખંડ એટલે ટુકડા ન થાય તે અખંડ કહેવાય. વિશેષતાથી કહીએ તો જે વસ્તુના એક, બે, ત્રણ અથવા ન્યૂનાધિક રૂપમાં, પરિણામમાં, આકારમાં કે અન્ય સંભાવ્ય પ્રકારોમાં કોઇ પણ ક્રિયાથી ટુકડા ન થઈ શકે તેને અખંડ કહેવાય.

આત્મા સદા અખંડ રહે છે.

વસ્ત્રાદિ કાલાંતરે ફાટે છે, તૂટે છે અને તેના ખંડ ખંડ ટુકડા થઈ જાય છે. વળી વસ્ત્રાદિ તદ્દન નવાં હોય અને તેના ટુકડા કરવા ધારીએ તો ચીરીને, ફાડીને કે તોડીને કરી શકીએ છીએ. પણ આત્માની સ્થિતિ આથી જૂદી છે. ગમે તેટલો કાલ જવા છતાં તેનો કોઇ પ્રદેશ* તૂટતો નથી, છૂટો પડતો નથી કે તેનાં સ્વરૂપમાં કોઈ ન્યૂનાધિકપણું થતું નથી. વળી તેના પર ગમે તેવી ક્રિયા કરવામાં આવે કે ગમે તેવો પ્રયોગ કરવામાં આવે તો પણ તેના ખંડ કે ટુકડા થતા નથી. 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ' વગેરે વચનો તેની આ અખંડતા–અમરતાનાં કારણે જ ઉચ્ચારાયાં છે. આનો અર્થ એમ સમજવાનો છે કે આત્મા ભૂતકાલમાં અખંડ હતો, વર્તમાન કાળે પણ અખંડ છે અને ભવિષ્યમાં પણ તે અખંડ જ રહેશે.

તમે કહેશો કે 'હાથીનાં શરીરમાં રહેલો આત્મા કીડીનાં શરીરમાં પ્રવેશ કરે ત્યારે શું થતું હશે? હાથીનું શરીર ઘણું મોટું હોય છે અને કીડીનું શરીર ઘણું નાનું

* આત્માના અતિ સૂક્ષ્મ અંશને પ્રદેશ કહેવામાં આવે છે.

હોય છે, તેથી હાથીનાં શરીરમાં રહેલો આત્મા જ્યાં સુધી ખંડ રૂપ ન બને ત્યાં સુધી કીડીનાં શરીરમાં શી રીતે દાખલ થઇ શકે? પરંતુ આવો પ્રશ્ન આત્માનું સ્વરૂપ નહિ સમજવાને લીધે જ મનમાં ઉઠે છે.

આત્મા સંકોચ-વિસ્તારના ગુણવાળો છે.

આત્મા જેમ અખંડ છે, તેમ સંકોચ-વિસ્તારના ગુણવાળો પણ છે તેથી મોટાં અને નાનાં બધાં શરીરોમાં તેમની અવગાહના પ્રમાણે વ્યાપીને રહે છે. એટલે હાથીના શરીરમાં રહેલો આત્મા કીડીનાં શરીરમાં પ્રવેશ કરે ત્યારે સંકોચાય છે, પણ ખંડિત થઇને નાનો બનતો નથી. એક વસ્ત્રની ઘડી કરીને તેને નાનું બનાવીએ તો તેનો સંકોચ કર્યો કહેવાય, અને તેને ફાડીને નાનું બનાવીએ તો તેનો ખંડ કર્યો કહેવાય, તેનું ખંડન કર્યું કહેવાય. સંકોચ અને ખંડન વચ્ચેનો આ તફાવત હવે તમારાં લક્ષમાં બરાબર આવી ગયો હશે

સંકોચ અને વિસ્તારનો ગુણ સમજવા માટે દીપ-પ્રકાશનું દૃષ્ટાંત ઉપયોગી છે. એક દીપને ૪૦ × ૪૦ ફૂટના ઓરડામાં મૂકયો હોય તો તેનો પ્રકાશ તેટલી જગામાં વ્યાપીને રહે છે, ૨૦ × ૨૦ ફૂટના ઓરડામાં મૂકયો હોય તો તેનો પ્રકાશ તેટલી જગામાં વ્યાપીને રહે છે અને ૧૦ × ૧૦ ફૂટના ઓરડામાં મૂકયો હોય તો તેનો પ્રકાશ તેટલી જગામાં વ્યાપીને રહે છે.

આત્મા દેહપરિમાણ છે.

આત્મા દેહ પ્રમાણે વ્યાપીને રહે છે, એટલે દેહ-પરિમાણ કહેવાય તે. *આત્માના ગુણો દેહ બહાર જણાતા નથી, એટલે તેને દેહથી અધિક પરિમાણવાળો માની શકાય નહિ. જો આત્માને દેહથી અધિક પરિમાણવાળો માનીએ તો ત્યાં સુખ-દુઃખનો અનુભવ શી રીતે થાય? અને સુખ-દુઃખનો અનુભવ ન થાય તો કર્મનું ભોકતૃત્વ કયાં રહ્યું? જો કર્મનું ભોકતૃત્વ ન હોય તો કર્તૃત્વનો પણ શો અર્થ? આ રીતે આત્માને દેહથી અધિક પરિમાણવાળો માનવા જતાં અનેક આપત્તિઓ આવે છે.

કેટલાક આત્માને દેહથી સૂક્ષ્મ પરિમાણવાળો માને છે. તેઓ કહે છે કે આત્મા તો માત્ર ચોખા કે જવના દાણા જેટલો છે. માત્ર અરીઠા જેટલો છે, માત્ર વેંત જેટલો છે, વગેરે. પણ આત્મા એ રીતે દેહથી સૂક્ષ્મ હોય તો કયાં રહે છે? એ પ્રશ્ન થાય છે. જો એમ કહેવામાં આવે કે તે હૃદયમાં રહે છે, તો બાકીના ભાગમાં સુખ-દુઃખનું સંવેદન

---

* આત્મા દેહપરિમાણ છે, એવી માન્યતા ઉપનિષદોમાં પણ મળે છે, કૌષીતકી ઉપનિષદ્‌માં કહ્યું છે કે જેમ છરો તેના મ્યાનમાં જેમ અગ્નિ તેના કુંડમાં વ્યાપ્ત છે, તેમ આત્મા શરીરના નખથી માંડીને શિખ સુધી વ્યાપ્ત છે. તૈત્તરીય ઉપનિષદ્‌માં આત્માને અન્ન-મય-પ્રાણમય, મનોમય-વિજ્ઞાનમય કહેવામાં આવ્યો છે, તે શરીર પ્રમાણ માનતાં જ ઘટી શકે છે.

કેમ થાય છે ? કોઇ હાથ પગ પર ટાંકણી ઘોંચે તો તરત દુઃખ થાય છે અને ચંદનાદિનો લેપ કરે તો સુખ ઉપજે છે. એટલે આત્મા દેહથી અધિક પરિમાણવાળો પણ નથી અને સૂક્ષ્મ પરિમાણવાળો પણ નથી. પરંતુ દેહ જેટલા જ પરિમાણવાળો છે.

એક શ્રોતા અહીં પ્રશ્ન કરે છે કે 'રબ્બરને ખેંચીને ખૂબ પહોળું કરીએ, અર્થાત્ તેનો ઘણો વિસ્તાર કરીએ તો તેના ટુકડા થઈ જાય છે, તેમ આત્મા કોઇ ઘણાં મોટાં શરીરમાં જાય અને બહુ વિસ્તાર પામે તો તેના ટુકડા થઈ જાય કે નહિ ?' તેનો ઉત્તર એ છે કે 'આત્માની શક્તિ ચૌદ રાજલોકપર્યંત વ્યાપવા જેટલી છે, એટલે ગમે તેવા મોટાં શરીરમાં વ્યાપવા છતાં તેના ટુકડા પડતા નથી, ખંડ થતો નથી.'

હવે બીજો શ્રોતા પ્રશ્ન કરે છે કે 'શરીરની મોટામાં મોટી અવગાહના ૧૦૦૦ યોજનથી કંઇક અધિક હોય છે, *તેથી આત્માને વધારેમાં વધારે ૧૦૦૦ થી કંઇક અધિક વિસ્તારવાનો પ્રસંગ આવે, પણ ચૌદ રાજલોક જેટલું તો કોઇ શરીર નથી, એટલે વિસ્તાર થવાનો પ્રસંગ શી રીતે આવે!

---

* जोयणसहस्समहिअं एगिंदियदेहमुक्कोसं ॥ २६१ ॥

—શ્રી બૃહત્સંગ્રહણીસૂત્ર.

એકેન્દ્રિયનું ઉત્કૃષ્ટ દેહમાન હજાર યોજનથી કંઇક અધિક હોય છે. આવા અવગાહના તેટલાં ઊંડાં જલાશયમાં કમલ આદિને આશ્રિત માનેલી છે.

અને જો એવો પ્રસંગ ન આવે તો આત્માની શક્તિ ચૌદ રાજલોકમાં વ્યાપવા જેટલી છે, તે શી રીતે જણાય ?'

તેનો ઉત્તર એ છે કે શરીરની મોટામાં મોટી અવગાહના ૧૦૦૦ યોજનથી કંઈક અધિક હોય છે, તે બરાબર છે, પણ જ્યારે આત્માને કેવલી સમુદ્‌ઘાત* કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે આત્મપ્રદેશો શરીરની બહાર નીકળે છે અને તે ચૌદ રાજલોકપર્યંત વ્યાપે છે. તે આ પ્રમાણેઃ જો સર્વજ્ઞ કેવલી ભગવંતને નામ, ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિ પોતાનાં આયુષ્યકર્મની સ્થિતિથી અધિક ભોગવવી બાકી રહી હોય તો તે કેવલી ભગવંત ઉક્ત ત્રણે કર્મની સ્થિતિ આયુષ્યકર્મની સ્થિતિ જેટલી બનાવવા માટે પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, પહેલે સમયે લોકાન્ત એટલે લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી ચૌદ રાજલોક પ્રમાણ ઊંચો અને સ્વદેહ પ્રમાણ જાડો આત્મપ્રદેશોનો દંડાકાર રચે છે, બીજે સમયે પૂર્વથી પશ્ચિમ અથવા ઉત્તરથી દક્ષિણ લાંબો લોકાંત સુધી કપાટ આકાર બનાવે છે, ત્રીજે સમયે ઉત્તરથી દક્ષિણ અથવા પૂર્વથી પશ્ચિમ આત્મપ્રદેશો લંબાવી બીજો

* સમુદ્‌ઘાતમાં આત્મપ્રયત્ન અને કર્મની ઉદીરણા મુખ્ય હોય છે. (ઉદયમાં ન આવેલા કર્મને આકર્ષીને ભોગવી લેવા તેનું નામ ઉદીરણા.) તે (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ, (૪) વૈક્રિય, (૫) તૈજસ, (૬) આહારક અને (૭) કેવલી એમ સાત પ્રકારે હોય છે. તેમાં પ્રથમના છ છદ્મસ્થ જીવોને પ્રત્યેક અંતર્મુહૂર્તપ્રમાણ હોય છે અને છેલ્લો સર્વજ્ઞોને આઠ સમયપ્રમાણ હોય છે. આ સમુદ્‌ઘાતનું વિશેષ સ્વરૂપ દંડક વિગેરેમાંથી જાણી લેવું

કપાટાકાર એટલે મંથાન આકાર (ચાર પાંખવાળા રવૈયાનો આકાર) બનાવી ચોથે સમયે ચાર આંતરાં પૂરે છે, એટલે તે કેવલી ભગવંતનો આત્મા સ્વાત્મપ્રદેશો વડે સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ જાય છે, કેમ કે એક આત્માના પ્રદેશો લોકાકાશ જેટલા છે.

ત્યાર બાદ પાંચમે સમયે આંતરામાં પૂર્વ સમયે પૂરેલા આત્મપ્રદેશો સંહરે છે, છઠ્ઠે સમયે મંથાનના અર્ધ ભાગના આત્મપ્રદેશો સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરી લે છે અને આઠમે સમયે દંડાકાર પ્રદેશો સંહરી આત્મા પૂર્વવત્ હતો તેમ સંપૂર્ણ શરીરસ્થ થાય છે. આ કેવલી સમુદ્‌ઘાત પૂર્ણ થયા બાદ કેવલી ભગવંત અન્તર્મુહૂર્ત જીવીને મન-વચન-કાયાનો યોગનિરોધ કરીને મોક્ષગામી બને છે.

એક શરીરમાં આત્મા કેટલા ?

હવે એ જાણવું જરૂરનું છે કે એક શરીરમાં એક આત્મા પણ રહે અને અનંત આત્માઓ પણ રહે. આપણા શરીરમાં તેમજ ગાય—ભેંસ—ઘેડા—હાથીનાં શરીરમાં એક આત્મા હોય છે, માછલાં—દેડકાં—પતંગિયા—કુંથા—કીડીમંકોડી વિગેરેનાં શરીરમાં પણ એક આત્મા હોય છે, તેજ રીતે પ્રત્યેક વનસ્પતિકાયનાં મૂળ, પાંદડાં, બીજ, છાલ, લાકડું, ફળ વગેરે અંગોમાં પણ એક આત્મા હોય છે, પરંતુ સાધારણ વનસ્પતિકાયમાં એક શરીરે અનંતા આત્માઓ હોય છે. ત્યાં તેનું માપ આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે.

'આટલા આત્માઓ એક સાથે શી રીતે રહી શકતા હશે? તેઓ પરસ્પર ટકરાતા હશે કે નહિ? પરસ્પર સંઘર્ષ થતો હશે કે નહિ? તેઓ એક બીજાની અસરથી ખંડિત થતા હશે કે નહિ?' વગેરે પ્રશ્નો તમારાં મનમાં ઉઠતા હશે, પણ તેનું તરત જ સમાધાન કરીશું. જેમ એક ઓરડામાં અનેક દીપકોના પ્રકાશો સાથે રહી શકે છે તેમ એક શરીરમાં અનંત આત્માઓ સાથે રહી શકે છે, આ દીપકોના પ્રકાશો એક જ ઓરડામાં સાથે રહેવા છતાં જેમ પરસ્પર ટકરાતા નથી, પરસ્પર સંઘર્ષ પામતા નથી કે એક બીજાથી ખંડિત થતા નથી, તેમ એક શરીરમાં અનંત આત્માઓ સાથે રહેવા છતાં પરસ્પર ટકરાતા નથી. પરસ્પર સંઘર્ષ પામતા નથી કે એક બીજાથી ખંડિત થતા નથી.

કોઇ એમ કહેતું હોય કે આ આત્માઓ પાણીમાં મીઠું ઓગળી જાય-લય પામી જાય તેમ એક બીજામાં લય પામી જતા હશે તેથી જ પરસ્પર ટક્કર લાગતી નહિ હોય કે સંઘર્ષાદિ નહિ થતા હોય, તો એ કહેવું વ્યાજબી નથી. દીપકના વિવિધ પ્રકાશો સાથે રહેવા છતાં જેમ પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખે છે, તેમ અનંત આત્માઓ સાથે રહેવા છતાં પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખે છે.

'દીપકના પ્રકાશો શી રીતે પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખે છે?' એમ પૂછવામાં આવતું હોય તો કહીએ છીએ કે એ દીપકમાંથી કોઇપણ દીપકને બહાર લઇ જવામાં આવે તો તેનો પ્રકાશ પણ તેની સાથે જ બહાર જશે

તાત્પર્ય કે અનેક દીપકોની સાથે રહેવા છતાં તે પોતાનો મૂળ પ્રકાશ ગુમાવતો નથી, પોતાનું વ્યક્તિત્વ છોડતો નથી.

દેવો પોતાની શક્તિથી અનેક જાતનાં રૂપો બનાવી શકે છે, એ હકીકત જાણીતી છે. માનો કે તેમણે આ લોકમાં એક રૂપ બનાવ્યું, તો તેઓ પોતાના આત્માનો એક ખંડ કે ટુકડો તેમાં મૂકી દેતા નથી, પણ પોતાના આત્મપ્રદેશોને ત્યાં સુધી લંબાવે છે. આ લંબાયેલા આત્મપ્રદેશોને કોઇની ટક્કર લાગતી નથી કે અગ્નિ, વાયુ જળ આદિનો ઉપઘાત થતો નથી, કારણ કે સ્વભાવથી એ અખંડ અને અરૂપી છે.

જે જમાનામાં સૂક્ષ્મદર્શક યંત્રો ન હતાં કે ટેલીસ્કોપ ન હતા, તે જમાનામાં આ બધું કહેવાયું છે, તે શી રીતે કહેવાયું હશે? સર્વજ્ઞ ભગવંતોએ પોતાનાં જ્ઞાનથી જે જોયું તે આપણને કહ્યું છે અને તે પરમ સત્ય છે. આજના વિજ્ઞાને આ વિષયમાં થોડો ચંચુપાત કર્યો છે, પણ તે જૈન શાસને આપેલાં જ્ઞાનને પહોંચી શકયું નથી. જૈન શાસનમાં ભવ્ય તત્ત્વજ્ઞાન ઉપરાંત ગણિત, ખગોળ, ભૂગોળ, ઇતિહાસ વિગેરેનો ખજાનો ભરેલો છે, ઇટાલિયન વિદ્વાન્ ડૉ. ટેસીટોરીએ ઠીક જ કહ્યું છે કે 'આધુનિક વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ જૈન સિદ્ધાંતોને જ સાબીત કરતું જાય છે.

લોકાકાશ

એક આત્માના પ્રદેશો લોકાકાશ જેટલા છે, એમ ઉપર કહેવામાં આવ્યું છે, એટલે અહીં લોકાકાશ સંબંધી પણ

થોડી સ્પષ્ટતા કરી લઇએ. આકાશ એટલે અવકાશ (Space) એ બાબતમાં કોઇનો ય મતભેદ નથી. આજના વિજ્ઞાને પણ તેની અનંતતા કબૂલ રાખી છે. આ અનંત આકાશના જેટલા ભાગમાં લોક વ્યવસ્થિત થયેલો છે, તેને લોકાકાશ કહેવામાં આવે છે, અને બાકીના બધા આકાશને અલોકાકાશ કહેવામાં આવે છે, એટલે કે ત્યાં માત્ર આકાશ સિવાય કોઈ વસ્તુ નથી.

લોકનો સામાન્ય પરિચય

લોક કોને કહેવો ? અથવા તેમાં શું હોય ? તેનો ઉત્તર શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનાં અઠ્ઠાવીસમાં અધ્યયનમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે.

धम्मो अहम्मो आगासं, कालो पुग्गल-जंतवो ।
एस लागोत्ति पण्णतो. जिणेहिं वरदंसिहिं ॥

'૧ ધર્મ, ૨ અધર્મ, ૩ આકાશ, ૪ કાલ, ૫ પુદ્ગલ, અને ૬ આત્મા. એ છ દ્રવ્યના સમૂહને શ્રેષ્ઠ દર્શનવાળા એટલે સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર ભગવંતોએ લોક કહ્યો છે.'

તાત્પર્ય કે આપણે જેને લોક એટલે વિશ્વ, બ્રહ્માંડ, જગત કે દુનિયા (Universe) કહીએ છીએ, તેમાં મૂળ દ્રવ્યો છ છે—(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) કાલ, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) જીવાસ્તિકાય. પાંચ દ્રવ્યોને અસ્તિકાય શબ્દ લગાડવાનું કારણ એ છે કે તેમાં અસ્તિ એટલે પ્રદેશોનો, કાય એટલે સમૂહ હોય છે. કાલને અસ્તિકાય ન કહેવાનું કારણ

એ છે કે ભૂતકાલ તો નષ્ટ થયેલો છે અને ભવિષ્યકાળ અવિદ્યમાન છે, તેમ જ વર્તમાનકાળ તો સમય માત્ર છે. એટલે તેમાં પ્રદેશોનો સમૂહ સંભવી શકતો નથી.

આત્માનું સ્વરૂપ સારી રીતે સમજવા માટે આ દ્રવ્યોનો સામાન્ય પરિચય મેળવી લેવો જરૂરી છે, એટલે તે સંબંધી અહીંનું થોડું વિવેચન કરીશું.

(૧) ધર્માસ્તિકાય એટલે ગતિસહાયક દ્રવ્ય. (Medium of motion) તે સકલ લોકાકાશમાં વ્યાપેલું છે અને જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાય કરે છે જેમ માછલીમાં તરવાની શક્તિ હોવા છતાં તે જળ વિના તરી શકતી નથી, તેમ પુદ્ગલ અને આત્મા ગતિ કરવામાં સમર્થ હોવા છતાં ધર્માસ્તિકાયની સહાય વિના ગતિ કરી શકતા નથી.

(૨) અધર્માસ્તિકાય એટલે સ્થિતિસહાયક દ્રવ્ય. Medium of rest.) તે પણ સકલ લોકાકાશમાં વ્યાપેલું છે અને પદાર્થોને સ્થિતિ થવામાં સહાય કરે છે. *જેમ મુસાફરમાં સ્થિર થવાની શક્તિ હોવા છતાં વૃક્ષની છાયા સ્થિર થવામાં ખાસ આલંબનભૂત છે તેમ પુદ્ગલ અને આત્મા સ્થિર થવાને સમર્થ હોવા છતાં અધર્માસ્તિકાયની સહાય વિના સ્થિર થઈ શકતા નથી.

પ્રથમ ઘણા દાર્શનિકો આ ધર્માસ્તિકાય અને અધ-

* જીવોને ગમનાગમનાદિ ચેષ્ટામાં, ભાષા ગ્રહણમાં, મનોયોગ, વચનયોગ અને કાયયોગ આદિમાં પણ ધર્માસ્તિકાય કારણ બને છે. (લો. પ્ર. ૨. ૧૯.)

માસ્તિકાયનાં નિરૂપણ અંગે જૈન દર્શનની મજાક કરતા હતા પણ આધુનિક વિજ્ઞાને ઇથરની શોધ કરી અને ધ્વનિ વગેરેને ગતિ કરવા માટે તેની ઉપયોગિતા સ્વીકારી, ત્યારે તેમનાં મોઢાં ઉતરી ગયાં. તાત્પર્ય કે ગતિસહાયક અને સ્થિતિસહાયક દ્રવ્યોનો સહુથી પહેલો ખ્યાલ જૈન દર્શને આપ્યો છે અને તે સાચો છે.

(૩) આકાશાસ્તિકાય. (Space) તેની હકીકત ઉપર આવી ગઈ છે.

(૪) કાલ. (Time) કોઈ પણ વસ્તુની વર્તનાનો ખ્યાલ આ દ્રવ્યને લીધે આવે છે. આ વસ્તુ હતી, આ વસ્તુ છે, આ વસ્તુ હશે. એ બધું કાલના આધારે જ કહેવાય છે.

(૫) પુદ્ગલાસ્તિકાય એટલે પૂરણ અને ગલન સ્વભાવવાળું અણુ અને સ્કંધરૂપ વર્ણાદિથી યુક્ત દ્રવ્ય (Matter) પૂરણ એટલે ભેગા થવું અને ગલન એટલે જૂદા પડવું. વર્ણાદિ એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ. તાત્પર્ય કે જે દ્રવ્ય ભેગું પણ થઈ શકે છે, છૂટું પણ થઈ શકે છે, તથા જેને રૂપ હોય છે, વાસ હોય છે, સ્વાદ હોય છે, સ્પર્શ હોય છે તથા જેનાથી શબ્દ એટલે ધ્વનિ (Sound) ઉત્પન્ન થાય છે, તેને પુદ્ગલદ્રવ્ય સમજવાનું છે.*

---

* सद्दंधयार उज्जोओ, पहा छायाऽऽतवेइ वा ।
वण्ण-रसगंध-फासा पुग्गलाणं तु लक्खणं ॥
श्री उत्तराध्ययनसूत्र, अ० २८ मुं.

'શબ્દ, અંધકાર, પ્રકાશ, કાંતિ, છાયા, આતપ, વર્ણ રસ, ગંધ અને સ્પર્શ એ પુદ્ગલનું લક્ષણ છે.'

આ પાંચે દ્રવ્યો જડ એટલે ચૈતન્યરહિત છે અને છઠ્ઠું દ્રવ્ય આત્મા તે ચૈતન્યથી યુક્ત છે. આ આત્મા સંબંધી આપણે કેટલુંક વિવેચન કરવાનું છે, પરંતુ અહીં પ્રાસંગિક એટલું જણાવી દઈએ કે આત્માને ફસાવનાર પુદ્ગલ છે.

આત્માને ફસાવનાર પુદ્ગલ છે.

સારો શબ્દ, સારુ રૂપ, સારી ગંધ, સારુ ભોજન, વહાલો સ્પર્શ આત્માને ફસાવે છે, ખરાબ, કડવી કે દુર્ગંધવાળી વસ્તુ આત્માને ફસાવી શકતી નથી તમને કોઈ કઠોર સ્પર્શવાળા ખાટલામાં સૂવાડે તો સૂઓ ખરા? સુકુમારીની વાત તો ઘણી જાણીતી છે. ધનવાનની પુત્રી હોવા છતાં તે કુરૂપ હતી. તેને પરણવા કોઇ તૈયાર ન હતું. અરે! તેની નજીક જવા માટે પણ કોઈની તૈયારી ન હતી. છેવટે ધનિક પિતાએ તેને એક રસ્તે રખડતાં ભીખારી સાથે પરણાવી. એ ભૂખ્યા, બેહાલ, ઘરબાર વિનાના રઝળતા ભીખારીને શેઠે ધન આપ્યું, મકાન-મિલકત આપ્યા, સુંદર જરિયાન વસ્ત્રો પહેરાવ્યાં, પણ જ્યારે તે સુકુમારિકાને ભેટયો, ત્યારે તેનો અત્યંત અનિષ્ટ સ્પર્શ ક્ષણ પણ સહી ન શકયો અને બધું છોડીને ભાગી ગયો *

ઇન્દ્રિયો ચપળ ઘોડા જેવી છે. તેને બહેકાવશો તો તમને કયાંની કયાં લઇ જશે! તેને તો જિનેશ્વરના ઉપદેશ

* દ્રૌપદી પૂર્વભવમાં સુકુમારિકા નામની શેઠની પુત્રી હતી. તેની આ કથા છે.

રૂપી દોરડાથી બાંધી લેશો તો જ ઠેકાણું પડશે. જો ઇન્દ્રિયોના વિષયમાં લલચાયા તો ડૂબ્યા સમજજો. તેનાથી દૂર ભાગવું જ સારું છે.

ઇન્દ્રિયોનાં સુખો ગુડરાબ જેવાં છે અને આત્મિક સુખો બરફી-પેંડા જેવા છે, તે માટે એક દૃષ્ટાંત સાંભળો:—

શેઠ અને જાટનું દૃષ્ટાંત

મારવાડનો એક વેપારી શેઠ સાસરે જવા નીકળ્યો, સાસરું પાંચ કોશ દૂર. સવારમાં ચાલવાનું શરૂ કર્યું કે દશ વાગે અઢી કોશ પહોંચ્યો. હવે માથે તડકો અને નીચે ગરમ વેળુ (રેતી) આ મરુભૂમિમાં આકડાના અને કેરડાના નાના નાના ઝાડો સિવાય એક પણ ઝાડ જોવા ન મળે. આકડાની છાયા તો તેના પોતાનામાં જ બેસી જાય.

શેઠ મુંઝાયા. આગળ કેમ જવું? તેણે પાછળ જોયું તો એક જાટનું ગાડું ચાલ્યું આવતું હતું. તેને ઊભું રાખીને શેઠે પૂછ્યું: 'કયાં જાઓ છો?' પેલાએ જવાબ આપ્યો: 'આગળના ગામ.' શેઠે કહ્યું: 'હું થાકી ગયો છું. તારા ગાડામાં બેસવા દઈશ?'

જાટે પણ શેઠની આ સ્થિતિનો લાભ લઈ પૂછ્યું: 'શું આપશો?' શું જોઈએ તારે?' શેઠે સામું પૂછ્યું. જાટે ઈસારાથી કહ્યું: 'ખાવાનું.' શેઠ તો જમાઈ તરીકે જવાના હતા, એટલે તેમણે હા પાડી. પેલાએ કહ્યું: 'છાશ-રોટલો નહિ ચાલે. ગુડરાબ આપો તો આવું.'

હવે શેઠ જાણતા હતા કે જમાઈને દૂધપાક મળે, રબડી પણ મળે, જે પકવાન-મિષ્ટાન જોઈએ તે પણ મળે, પરંતુ સસરાના ઘરમાં ગુડરાબ ન મળે, કારણ કે તે ગરીબ લોકોનું મિષ્ટાન્ન છે. એટલે તેમણે કહ્યું : 'ગુડરાબ કરતાંયે સારું ખાવાનું આપીશ' પરંતુ જાટે કહ્યું : 'ના શેઠ! આ જગતમાં તેનાથી સારું કંઈ ન હોય. મારે તો ગુડરાબ જોઈએ. જો તે માટે કબૂલ થતાં હો તો બેસવા દઉં, નહિ તો હું મારે આ ચાલ્યો.'

શેઠે સમય ઓળખી તેની શરત કબૂલ કરી. આમ ગાડામાં બેસી શેઠ સાસરે આવ્યા. શેઠ સાથે જાટનો પણ સત્કાર થયો. શેઠને નવરાવ્યા-ધોવરાવ્યા અને સાથે પેલા જાટને પણ નવરાવ્યો-ધોવરાવ્યો. પણ પેલાને ચેન ન પડે. તેનું મન તો ગુડરાબમાં જ ભરાઈ ગયું હતું. પરંતુ આ શેઠનું સાસરું હતું, એટલે બોલાય નહિ, એટલું તે સમજતો હતો.

બંનેને જમવા બેસાડયા. બરફી, પેંડા અને બીજી જાત-જાતની વાનીઓ પીરસાઈ, પણ પેલી ગુડરાબ એટલે ગોળનું ગરમાણું ન આવ્યું. પીરસવા ધારેલું તે બધું પીરસાઈ ગયું, એટલે સાળાઓએ શેઠને કહ્યું : કે 'જમવાનું ચાલુ કરો.' આ વખતે શેઠે જાટના સામું જોયું અને ઈસારાથી જમવાનું ચાલુ કરવા કહ્યું, ત્યારે જાટે ઈસારાથી સામું પૂછયું : કે 'ગુડરાબ કયાં?' શેઠે ઇસારાથી કહ્યું : 'એ હમણાં આવશે, તું ખાવા માંડ.'

આથી જાટ ખીજાયો. તે મનમાં વિચાર કરે છે કે 'બાર વાગ્યા સુધી મને ભૂખ્યો બેસાડી રાખી હવે આ ધૂળ અને ઢેફાં આપે છે અને શરત પ્રમાણે ગુડરાબ નથી આપતો માટે તને જોઇ લઉં.'

શેઠ આ વસ્તુ પામી ગયા. પરંતુ સાળાઓની આગળ કંઇ બોલાય તેમ ન હતું. હવે સાળાઓને બીજા ઓરડામાં મોકલવા શેઠે મોઢામાં કોળિયો મૂકયો. મારવાડનો રિવાજ છે કે મહેમાન જમવાનું શરૂ કરે, પછી જ બીજાઓથી જમાય, શેઠે જમવાનું શરૂ કર્યું જાણી સાળાઓ બીજા ઓરડામાં જમવા માટે ચાલ્યા ગયા.

પોતાને ભૂખ્યો રાખી શેઠે જમવાનું ચાલુ કર્યું, એ જોઇ જાટનો પિત્તો ગયો. ખેડૂત એ ખેડૂત. તેણે ભેટ બાંધી અને હાથમાં ડાંગ લીધી, પછી શેઠની પાસે જઇને કહ્યું કે 'તમે જૂઠું બોલ્યા છો અને શરત તોડી છે, માટે તેનાં પરિણામ માટે તૈયાર રહો.'

શેઠ પણ ગાંજ્યા જાય તેવા ન હતા. તેઓ જાણતા હતા કે આ ગમારે હજી સુધી બરફી-પેંડાનો સ્વાદ ચાખ્યો નથી, એટલે 'ગુડરાબ' 'ગુડરાબ' ગોખ્યા કરે છે. પણ એક વાર તેનો સ્વાદ ચાખશે, તો બધું ભૂલી જશે. આથી તેઓ ઉઠયા અને જાટની થાળીમાંથી બરફીનો એક મોટો ટુકડો લઇ જાટને બોચીએથી પકડી તેણે બોલવા માટે ફાડેલાં મુખમાં ખોસી દીધો.

હવે જાટ પેલો ટુકડો મોઢામાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરે, તે પહેલાં તેનો સ્વાદ તેની જીભને લાગી ગયો હતો, એટલે તેનો ગુસ્સો ઠંડો પડી ગયો અને ડાહ્યોડમરો થઈ પોતાની જગાએ બેસી ગયો. શેઠ પણ પોતાની જગાએ બેસી ગયા.

શેઠે હજી બે ત્રણ કોળિયા ગળે ઉતાર્યા હશે, ત્યાં તો પેલા જાટની થાળીમાં પીરસાયેલું બધું ખતમ. શેઠે બધી વસ્તુઓ બીજી વાર મંગાવી અને પોતે અડધું-પડધું જમ્યા, ત્યાં પેલાની થાળી ફરી વાર ખતમ. આ રીતે શેઠ જમી રહ્યા ત્યાં સુધીમાં પેલો જાટ ચાર થાળી ભરીને મીઠાઈ સફાચટ કરી ગયો.

હવે તે શેઠ પર ખૂબ ખુશ હતો. તેણે પોતાની મૂછ મરડતાં કહ્યું કે 'શેઠ! હવે જ્યારે તમારે સાસરે આવવાનું થાય, ત્યારે મારે ગામ કહેવડાવી દેશો, તો હું ગાડું જોડીને અરધી રાતે પણ ચાલ્યો આવીશ અને તમને સાસરે સારી રીતે પહોંચાડી દઈશ.'

શેઠના પર જાટની આવી કૃપા ઉતરવાનું કારણ ઉત્તમ પ્રકારની મીઠાઈઓનો લહાવો હતું. આત્માનું પણ આવું જ છે. જેણે દુન્યવી સુખો રૂપી ગુડરાબનો સ્વાદ ચાખ્યો છે, પણ આત્મિક સુખરૂપી મીઠાઈઓનો સ્વાદ ચાખ્યો નથી, તેને જો શેઠ જેવા કોઈ ગુરૂ મળી જાય અને આત્મિક સુખોનો સ્વાદ લગાડી દે, તો પછી પેલા દુન્યવી સુખોરૂપ ગુડરાબ

સામું જુએ પણ નહિ, કારણ કે એ સુખો તો તેને બરબાદ કરનારાં છે, દુર્ગતિએ લઈ જનારાં છે.

જે ચીજનો રસ લાગવો જોઈએ, તે ન લાગે, તેની ઉપાધિ છે. તમને સારું સારું ખાવાનો, પહેરવાનો, સારી જગામાં રહેવાનો, સંસાર માંડવાનો રસ લાગે છે, પણ રસ તો જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નોનો લાગવો જોઈએ.

ગુરુ આવો રસ લગાડવા માટે સૂત્રસિદ્ધાંતનું વ્યાખ્યાન કરે છે અને તત્ત્વજ્ઞાનનો વિષય પીરસે છે. ત્યારે ભાગ્ય-શાળીઓની હાલત કેવી હોય છે, તે જુઓ.

નિદ્રાની છાતી પર ચડી બેસનાર શેઠનું દૃષ્ટાંત

ગુરુ મહારાજનું વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. તે વખતે એક શેઠ સહેજ મોડા પડયા, પણ આગેવાન હોવાથી તેમને આગળ બેસાડવામાં આવ્યા. આ વખતે કેટલોક વિષય ચાલી ગયો હતો અને તત્ત્વજ્ઞાનની ઝીણી વાત છણાતી હતી, એટલે શેઠ તે પકડી શકયા નહિ. તેમની આંખો ઊંઘથી ઘેરાવા માંડી. આથી ગુરુ મહારાજે પૂછયું: 'કેમ શેઠ ઊંઘો છો?'

શેઠ જરા રમુજી હતા. તેમણે કહ્યું: 'ગુરુદેવ! હું ઊંઘતો નથી, પણ નિદ્રાદેવી આવવા માટે તૈયારી કરી રહી છે, તેથી હું આંખના દરવાજા બંધ કરી રહ્યો છું.'

વ્યાખ્યાન આગળ ચાલ્યું અને શેઠ ઝોકે ચડયા. આ

જોઈ ગુરુ મહારાજે ફરી પૂછયું: 'કેમ શેઠ! ઝોકાં ખાઓ છો?' ત્યારે શેઠે કહ્યું: 'ગુરુદેવ! હું ઝોકાં ખાતો નથી, પણ નિદ્રાદેવી મને પૂછે છે કે હું અંદર આવું? એટલે તેને કહું છું કે આવી જા'

શેઠની આ રમુજથી વાતાવરણ જરા હળવું થયું અને ગુરુ મહારાજનું વ્યાખ્યાન આગળ ચાલ્યું. પરંતુ થોડી વારે શેઠ ઢળી પડયા, એટલે ગુરુ મહારાજે જરા મોટા સાદે પૂછયું કે 'કેમ! ઊંઘી ગયા?' આથી શેઠ સફાળા જાગી ઉઠયા અને કહેવા લાગ્યા કે 'ગુરુદેવ! હું ઊંઘી ગયો ન હતો, પણ નિદ્રાદેવી આવી ગઇ, તેથી તેની છાતી પર ચડી બેઠો હતો!'

આ જવાબથી બધા શ્રોતાઓ હસી પડયા અને ગુરુ મહારાજને પણ હસવું આવી ગયું.

જ્યાં સુધી તત્ત્વજ્ઞાનની બાબતમાં રસ પડતો નથી, ત્યાં સુધી આવું બને છે. તેથી ભાગ્યશાળીઓએ તત્ત્વની વાતમાં રસ લેવો જોઇએ. શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'बुद्धेः, फलं तत्त्वविचारणं च-બુદ્ધિનું ફલ તત્ત્વની વિચારણા છે.'

તમે બધા તત્ત્વની વાતમાં રસ લઇ રહ્યા છો, તે આનંદની વાત છે, પણ હજી વિશેષ રસ લ્યો અને તત્ત્વબોધ પામી સાચો પુરુષાર્થ કરવા માંડો એ અમારી ભાવના છે.



વ્યાખ્યાન છટ્ઠું

આત્માની સંખ્યા

મહાનુભાવો !

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીશમાં અધ્યયનમાંથી ઉદ્ભવેલો આત્માનો વિષય ચાલી રહ્યો છે. તમે તેનું રોજ શ્રવણ કરીને ' શ્રૃણોતિ જિનવચનમિતિ શ્રાવકઃ—જે જિનવચનોને ગુરુમુખેથી સાંભળે તે શ્રાવક ' આ વ્યાખ્યા સિદ્ધ કરી રહ્યા છો, પરંતુ એક કાનેથી સાંભળી બીજા કાને કાઢી નાખવું, એ ખરું સાંભળ્યું ન કહેવાય. સાંભળવાની પણ રીત છે અને તે શ્રાવક શબ્દના બીજા અર્થમાં બતાવેલી છે. શ્રાવક શબ્દનો બીજો અર્થ એવો છે કે જે શ્રા એટલે શ્રદ્ધા, વ એટલે વિવેક અને ક એટલે ક્રિયાથી યુક્ત હોય, તે શ્રાવક. તેથી તમે જે કાંઈ સાંભળો, તે શ્રદ્ધાપૂર્વક સાંભળવાનું છે, જિનવચન અન્યથા હોય નહિ એવા દૃઢ વિશ્વાસ પૂર્વક સાંભળવાનું છે. તેમાં આ જાણવા યોગ્ય છે, આ આચરવા યોગ્ય છે, આ છોડવા યોગ્ય છે, એવો મનથી નિર્ણય કરતાં જાઓ. એ વિવેક છે અને જે આચરવા યોગ્ય લાગે તેનું આચરણ કરતા રહો, એ ક્રિયા છે.

' જે એક જાણે છે, તે સર્વને જાણે છે ' એવું જ્ઞાની

ભગવંતનું વચન છે, તેથી તમે એક આત્માને જ સારી રીતે જાણી લો.

આત્માનું અસ્તિત્વ છે, તે નિત્ય એટલે અજર-અમર છે, કર્મનાં ફળો ભોગવવા માટે જુદી જુદી યોનિઓમાં જન્મે છે અને હર હાલતમાં અખંડિત રહે છે. આટલી વાત આપણે વિસ્તારથી જોઇ ગયા. હવે આત્માની સંખ્યા કેટલી? તે સંબંધી કેટલીક વિચારણા કરીએ.

કેટલાક કહે છે કે આ લોકમાં—વિશ્વમાં એક બ્રહ્મ (આત્મા) છે, બીજું કંઇ નથી તેમને પૂછીએ કે 'આ વિશ્વમાં એકલો બ્રહ્મ જ હોય તો સંસારનો પ્રપંચ શાથી જણાય છે?' તો કહે છે કે 'માયાથી.' આનો અર્થ તો એ થયો કે આ વિશ્વમાં માત્ર બ્રહ્મ નથી, પણ માયા નામની બીજી વસ્તુ પણ છે.

'આ માયા કયાંથી આવી?' એમ પૂછીએ તો કહે છે કે 'અવિદ્યાના પ્રતાપે' 'આ અવિદ્યા શું છે?' એમ પૂછીએ તો કહે છે કે 'અજ્ઞાન.' આ તો 'મુઆ નહિ ને પાછા થયા' એના જેવી વાત છે. માયા કહો, અવિદ્યા કહો કે અજ્ઞાન કહો, એથી પરિસ્થિતિમાં શું ફેર પડયો? એક બ્રહ્મને બદલે બીજી વસ્તુ માનવી જ પડી. આ બીજી વસ્તુ શું છે? કેમ આવી? કયાંથી આવી? તેનો સ્પષ્ટ ખુલાસો તેઓ કરી શકતા નથી.*

* આત્મા એક જ છે એવો મત વેદાંત દર્શનનો છે. ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, ઉત્તરમીમાંસા વગેરેની માન્યતા આથી ભિન્ન છે.

જો આ વિશ્વમાં એક જ બ્રહ્મ હોય તો બધા જીવોના સ્વભાવ સરખા હોવા જોઈએ; બધાંની પ્રવૃત્તિ પણ સમાન જોઇએ અને બધાને સુખ-દુઃખનો અનુભવ પણ સરખા પ્રમાણમાં થવો જોઇએ. પણ આપણે જોઇએ છીએ કે જીવોના સ્વભાવ જુદી જુદી જાતના હોય છે. કોઈ ઉદાર તો કોઇ કૃપણ, કોઈ શૂરવીર તો કોઈ બાયલા, કોઈ મહેનતુ તો કોઈ આળસુ. કોઈ શાંત તો કોઇ ઉગ્ર વળી બધા જીવોની પ્રવૃત્તિ પણ જુદી જુદી હોય છે. કોઈ અધ્યયન અધ્યાપન કરે છે તો કોઇ શસ્ત્રસજ્જ થઈ લડાઇ લડે છે, કોઇ ખેતી કરે છે, તો કોઈ ગોપાલન કરે છે; કોઇ વેપાર કરે છે, તો કોઈ મજૂરી કરે છે. તે જ રીતે બધાનો સુખ-દુઃખનો અનુભવ પણ જુદી જુદી જાતનો હોય છે. જ્યારે કેટલાક જીવો જ્ઞાનતાનમાં મસ્ત બની ખૂબ આનંદ માણતા હોય છે, ત્યારે કેટલાક જીવો કરુણ આક્રંદ કરી પોતાનું કષ્ટ

જો આત્મા એક જ હોય તો સંસારમાં પ્રત્યક્ષ થતા અનેક જીવોનો તેની સાથે શો સંબંધ છે? તે ખુલાસો જરૂરી છે. આ ખુલાસો આપવા બ્રહ્મસૂત્રના વ્યાખ્યાનકારોએ પ્રયત્ન કર્યો છે, પણ તેમાં એક-મતી જળવાઇ નથી. શંકરાચાર્યે તેનો ખુલાસો માયાવાદથી કરવાનો પ્રયત્ન કર્યો તો ભાસ્કરાચાર્યે સત્યોપાધિવાદને આગળ કર્યો. રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈતવાદ પર જોર આપ્યું તો નિમ્બાર્કે દ્વૈતાદ્વૈત એટલે ભેદાભેદવાદનું સમર્થન કર્યું. મધ્વાચાર્યે ભેદભાવનો સ્વીકાર કર્યો તો વિજ્ઞાનભિક્ષુએ અવિભાગાદ્વૈતની ઘોષણા કરી. ચૈતન્યે અચિંત્ય ભેદાભેદવાદને પ્રાધાન્ય આપ્યું તો વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત માર્ગની પ્રરૂપણા કરી. આ મતભેદનું વિશેષ વર્ણન જોવું હોય તેમણે શ્રી ગોવિંદલાલ હ. ભટ્ટ કૃત બ્રહ્મસૂત્રાણુભાષ્યના ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવના જોવી.

પ્રદર્શિત કરતા હોય છે. કેટલાક સાહિત્ય, સંગીત અને કલા વડે ઉચ્ચ પ્રકારનો આનંદ માણતા હોય છે, તો કેટલાક ગાળાગાળી કરી બારે કલહ મચાવતા હોય છે અને એકબીજાને પીટી દુઃખ ઉપજાવતા હોય છે કેટલાક શરીરને સુંદર વસ્ત્રાભૂષણોથી શણગારી ઉત્સવમાં મહાલતા હોય છે, તો કેટલાક ભયંકર રોગોનો ભોગ બની પથારીમાં પડયા પડયા હાયવોય કરતા હોય છે. આ પ્રમાણે જીવોના સ્વભાવ, પ્રવૃત્તિ અને સુખ-દુઃખના અનુભવમાં ઘણી તરતમતા દેખાય છે.

વળી આ વિશ્વમાં એક જ બ્રહ્મ હોય તો બધાની ઉન્નતિ કે અવનતિ સાથે જ થવી જોઈએ; પરંતુ જોવામાં જુદું જ આવે છે. એક જીવ ઉન્નતિની ટોચે જણાય છે, બીજો ઉન્નતિના માર્ગે જણાય છે, ત્રીજો અવનતિ તરફ પ્રયાણ કરતો હોય છે, તો ચોથો અવનતિના નીચલા થરે પહોંચી ગયો હોય છે.

વળી આ વિશ્વમાં એક જ બ્રહ્મ વ્યાપેલું હોય તો બંધ અને મોક્ષ જેવી કોઈ વસ્તુ સંભવે નહિ. જ્યાં એક બ્રહ્મ હોય ત્યાં બંધ શેનો થાય? જો બંધ માનો તો બીજી વસ્તુ સ્વીકારવી પડે. 'હાથે પાટો બાંધ્યો' એમ કહે તો હાથ અને પાટો, આવી બે ભિન્ન વસ્તુઓ સિદ્ધ થાય કે નહિ? તે જ રીતે જ્યાં એક જ બ્રહ્મ હોય ત્યાં મોક્ષ કોનો થાય? કોણ કોનામાંથી છૂટે? 'વાડામાંથી પાડું એક, છૂટું થઈને નાઠું છેક' એમ કહીને ત્યાં વાડો અને પાડું એમ બે વસ્તુઓનું પ્રતિપાદન થાય કે નહિ?

એક આત્માનો સિદ્ધાંત સમજાવવા માટે કેટલાક એમ કહે છે કે' ચંદ્ર એક હોવા છતાં, જેમ તેનું પ્રતિબિંબ અનેક જલાશયોમાં પડે છે, તેમ આત્મા મૂલસ્વરૂપે એક હોવા છતાં તેનું પ્રતિબિંબ જુદા જુદા જીવોમાં પડે છે * આનો અર્થ તો એ થયો કે બધા જીવોમાં જે આત્મા જણાય છે, તે સાચો નથી, પણ ભાસ માત્ર છે, અહીં વિચારવાનું એ છે કે જો બધા જીવોમાં રહેલો આત્મા સાચે ન હોય અને ભાસમાત્ર હોય તો તે આત્માનું કાર્ય કેવી રીતે કરી શકે? જલમાં રહેલું ચંદ્રનું પ્રતિબિંબ શું સાચા ચંદ્રનું કાર્ય કરી શકે ખરું! ત્યારે અહીં તો દરેક આત્મા આત્માનું કાર્ય કરતો જણાય છે એટલે આ માન્યતાને ઊભા રહેવાનો પગ નથી.

જો કહેવાનો આશય એવો હોય કે મૂળ આત્મા તો એક જ છે, પણ બધા જીવોમાં તેનો અંશ હોય છે, તો એ કથન પણ યોગ્ય નથી, કારણ તે એ રીતે બધા આત્માની સ્થિતિ એક જ પ્રકારની હોવી જોઇએ. એક કારખાનામાંથી નીકળેલો પેટન્ટ માલ એક સરખો હોય કે જૂદો? ડોકા છાપનો દોરો લેવો હોય તો તેનું ગમે તે ટેલર લો, પણ તેમાંથી દોરો એક સરખો જ નીકળવાનો. આ રીતે બધા આત્મા એક આત્માનો અંશ હોય તો સ્વભાવ, પ્રકૃતિ, સુખદુઃખનો

* एव एव हि भूतात्मा, भूते भूते प्रतिष्ठित्त ।
एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥
—બ્રહ્મ બિંદુ-ઉપનિષદ્.

અનુભવ બધું સમાન પ્રકારે જ થાય; પણ વસ્તુસ્થિતિ જુદા પ્રકારની જોવાય છે, એટલે બધા આત્માઓને એક જ આત્માનો અંશ માની શકાય નહિ.

આ રીતે એક આત્માનો વાદ એટલે એકાત્મવાદ કે અદ્વૈતવાદ આપણી બુદ્ધિને સંતોષી શકતો નથી, એટલે તેનો સ્વીકાર કેમ થઈ શકે? બુદ્ધિમાન મનુષ્યો તો એમ જ કહે છે કે જ્યારે દરેક ભૂત, સત્ત્વ કે પ્રાણીઓનું પોતાનું વ્યક્તિત્વ હોય છે, પોતાની આસિયત હોય છે, એને સુખ-દુઃખનો અનુભવ ભિન્ન ભિન્ન પ્રકારે થાય છે. ત્યારે તે દરેકમાં જુદો જ આત્મા માનવો જોઈએ. જ્ઞાની ભગવંતોનું વચન પણ આવું જ છે. તેઓ કહે છેઃ

પુઢવી જીવા પુઢો સત્તા, આઉજીવા તહાઽગણી ।
વાઉજીવા પુઢા સત્તા, તણ-રુક્ખા સબીયગા ॥
અહાવરા તસા પાણા, એવં છકાય આહિયા ।
એયાવએ જીવકાએ, નાવરે કોઇ વિજ્જઇ ॥

—સૂયગડાંગ સૂત્ર ૧, ૧૧

પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, અને બીજસહિત તૃણ, વૃક્ષ આદિ વનસ્પતિકાય એ સર્વ જીવો પૃથક્ પૃથક્ છે. અર્થાત્ ઉપરથી એક આકારવાળા દેખાવા છતાં તે દરેક જુદું જુદું વ્યક્તિત્વ ધરાવનારા જીવો છે.

ઉક્ત પાંચ સ્થાવર જીવો ઉપરાંત બીજા ત્રસ પ્રાણીઓ પણ છે. બધાને છકાય-ષડ્કાય કહેવાય છે. આ સંસારમાં

જેટલા પણ જીવો છે, તે સર્વનો સમાવેશ આ ષડ્‌નિકાયમાં થઈ જાય છે. એના સિવાય અન્ય કોઈ જીવનિકાય નથી.'

જિનશાસનમાં પ્રાણીઓ વિષે જેટલું વિજ્ઞાન છે, તેટલું બીજે નહિ મળે. પ્રાણી કેટલા પ્રકારના હોય છે? તે દરેકનાં શરીરનું જઘન્ય અને ઉત્કૃષ્ટ પ્રમાણ શું? તે દરેકનું આયુષ્ય કેટલું? વગેરે તમામ હકીકતો તમને જિનશાસનમાંથી મળી શકશે. શ્રી જીવાભિગમસૂત્ર, શ્રી પન્નવણાસૂત્ર એ વિષયના મહાન ગ્રંથો છે. શ્રી ભગવતીજી વિગેરેમાં પણ તેને લગતા અનેક પ્રશ્નો ચર્ચાયેલા છે. તે બધાનો સાર તમને ટૂંકમાં જાણવા મળી જાય તે માટે જીવવિચાર અને દંડક જેવા પ્રકરણ ગ્રંથો પણ રચાયેલા છે. તમારામાંના કેટલાકે તેનો અભ્યાસ કર્યો હશે. જેણે ન કર્યો હોય તે હજી પણ દરરોજની એક-એક-બે-બે ગાથાઓ લઈને તેનો અભ્યાસ જરૂર કરી લે.

હવે સંખ્યા પર આવીએ, પણ સંખ્યા વિષેનો આપણો ખ્યાલ ઘણો સંકુચિત છે, પેલા કૂવાના દેડકા જેવો છે. એક વાર કોઈ સરોવરનો દેડકો કૂવામાં આવી ગયો. ત્યાં એક દેડકો કાયમ રહેતો હતો. આ દેડકાએ પેલા સરોવરના દેડકાને પૂછ્યું, કે 'ભાઈ! કયાંથી આવે છે?' પેલા દેડકાએ કહ્યું કે 'સરોવરમાંથી.' આથી કૂવાના દેડકાને કંઈ સમજ પડી નહિ. તેણે પેલાને પૂછ્યું કે 'સરોવર એટલે શું?' પેલાએ કહ્યું 'સરોવર એટલે પાણીનો મોટો જથ્થો.' કૂવાના દેડકાએ પૂછ્યું: 'મોટો એટલે કેટલો? શું આ કૂવાના ચોથા ભાગ જેટલો હશે?' સરોવરના દેડકાએ ઠંડે કલેજે જવાબ આપ્યો: કે 'ના, ઘણો મોટો.' ત્યારે કૂવાના દેડકાએ ફરી પૂછ્યું: કે

'શું તે કૂવાના અર્ધા ભાગ જેટલો હશે?' પેલાએ પ્રથમની ઢબે જ કહ્યું: 'ના, એથી ઘણો મોટો.' આથી કૂવાનો દેડકો આશ્ચર્ય પામ્યો અને કહેવા લાગ્યો કે, ત્યારે શું તે આખા કૂવા જેવડો હશે?' પેલાએ બિલકુલ ઠંડા કલેજે કહ્યું: 'અરે ભાઇ! એથી પણ ઘણો મોટો.' આ સાંભળી કૂવાના દેડકાએ કહ્યું: કે 'આ તો તું મારી મનાવટ કરી રહ્યો છે. આ આખા કૂવા કરતાં પાણીનો કોઈ જથ્થો મોટો હોય જ નહિ. મેં મારી આખી જીંદગીમાં આથી મોટો પાણીનો જથ્થો જોયો નથી.'

તમને પૂછીએ કે 'મોટી સંખ્યા કઈ?' તો તમે કોડ કે અબજ કહેશો. કોઇએ લીલાવતી વગેરે જૂનાં ગણિતો જોયા હશે, તે કહેશે પરાર્ધ. પણ આ કંઈ સંખ્યાનો છેડો નથી. એમાં તો માત્ર અઢાર જ અંકો હોય છે, જ્યારે સંખ્યા તો તેથી ઘણી આગળ વધે છે. જૈન શાસ્ત્રકારોએ ૧૯૪ અંકની સંખ્યાને શીર્ષપ્રહેલિકા કહી છે. અને જ્યોતિષ કરંડક વગેરે ગ્રંથોમાં ૨૪૦ અંકની સંખ્યા પણ આવે છે વળી સંજ્ઞાથી સંખ્યા બતાવવી હોય તો અંકની સંખ્યા લાખો-કોડો સુધી

× શીર્ષપ્રહેલિકાની સંખ્યા નીચે મુજબ સમજવી—

૭૫૮, ૨૬૩, ૨૫૩, ૭૭૩, ૦૧૦, ૨૪૧, ૧૫૭, ૯૭૩, ૫૬૯, ૯૭૫, ૬૯૬, ૪૦૬, ૨૬૮, ૯૬૬, ૮૪૮, ૦૮૦, ૧૮૩, ૨૯૬, એ રીતે કુલ ૫૪ અંક અને ઉપર ૧૪૦ શૂન્ય એટલે કુલ અંક ૧૯૪.

÷ જ્યોતિષકરંડકમાં નીચેની રકમ આવે છે—

૧૮૭, ૬૫૫, ૧૭૬, ૫૫૦, ૧૧૨, ૫૬૫, ૪૧૬, ૭૦૬, ૬૬૬, ૮૧૩, ૪૩૦, ૭૭૦, ૭૬૭, ૪૬૫, ૪૬૪, ૨૬૧, ૯૭૭, ૭૪૭, ૬૫૭, ૨૫૭, ૩૪૫, ૭૧૮, ૬૮૧, ૬ કુલ ૭૦ અંક અને ઉપર ૧૭૦ શૂન્ય આ રીતે કુલ અંક ૨૪૦.

પહોંચે છે. દાખલા તરીકે નવ ઉપર નવ અને તેના પર નવની સંખ્યા લખી હોય (9^{9}) તો તેનો જવાબ ૩૮ કોડ અંક કરતાં પણ વધારે આવે. તમે પૂછશો કે આ શી રીતે બને? એટલે તેનો થોડો ખુલાસો કરીશું. જ્યારે કોઇ પણ સંખ્યાનો વર્ગ વગેરે બતાવવો હોય ત્યારે તેના ઉપર એક નાનો અંક મૂકવામાં આવે છે. ૯ ઉપર ઝીણો ૨ મૂકીએ એનો અર્થ એ થયો કે ૯ ગુણ્યા ૯ તેનો જવાબ ૮૧ આવે અને અહીં ૯ ઉપર ૯ અને તેના ઉપર ૯ મૂકયા છે, તેનો અર્થ એ થયો કે ૯ ની ઉપર ૩૮૭૪૨૦૪૮૯ મૂકેલો છે, ($9^{387420489}$). હવે ૯ ને આટલી વાર ગુણવાના હોય તો તમારામાંનો કોઈ તે ગુણી શકે નહિ. ગણિતનો મોટો પ્રોફેસર હોય તો પણ ગુણી શકે નહિ. એમાં કેટલો વખત જાય અને કેવડાં મોટાં સાધનો જોઇએ તેનો વિચાર કરો! પરંતુ તેમાં કેટલા અંક આવે તે જાણી શકાય. ૯ ને જેટલી વાર ૯ થી ગુણતા જાઓ એટલી વાર એક એક અંક વધતો જાય છે, એટલે તેનો

× ૯

× ૯

૮૧ બે અંક

× ૯

૭૨૯ ત્રણ અંક

× ૯

૬૫૬૧ ચાર અંક

× ૯

૫૯૦૪૯ પાંચ અંક વગરે.

જવાબ ૩૮ કોડ, ૭૪ લાખ, ૨૦ હજાર અને ૪૮૯ અંકનો આવે. ઉપર વખત અને સાધનની વાત કરીએ તેનો ખુલાસો પણ કરી દઇએ. એક માણસ ખાવું-પીવું બધું છોડીને માત્ર અંકો લખતો જ રહે અને એક મીનીટના ૧૦ અંકો લખે તો આ સંખ્યાને લખતાં લખતાં લગભગ ૭૪।।। વર્ષ લાગે× અને એક ઇંચમાં ૧૦ અક્ષરો લખે તો તેને લખવા માટે ૬૧૧ માઈલથી પણ વધારે લાંબી પટી જોઇએ. હવે તમે જ કહો કે આટલો સમય અને આટલું સાધન કોણ લાવી શકે?

પરંતુ શાસ્ત્રીય ગણિત આથી પણ આગળ વધે છે અને ઉત્કૃષ્ટ સંખ્યાનો ખ્યાલ અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકાનાં ઉપનામો વડે આપે છે.

અહીં એ જણાવી દઇએ કે વ્યવહાર-ગણિત ગણના માટે સંખ્યાત અને અસંખ્યાત એવા બે જ પ્રકારો માને છે અને અસંખ્યાતને જ અનંત કહે છે, પણ જૈન શાસ્ત્રકારોએ એથી આગળ વધીને વસ્તુની ગણના માટે ત્રણ પ્રકારો બતાવ્યા છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંત. તેમાં સંખ્યાત ત્રણ પ્રકારના બતાવેલા છે—જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. ૧ ની ગણના સંખ્યામાં થતી નથી, એટલે ૨ એ જઘન્ય સંખ્યા છે, ૩ થી માંડીને ઉત્કૃષ્ટ સુધીની સંખ્યા મધ્યમ છે અને

*૧ મિનિટના દશ, તો કલાકના ૬૦૦ અને ૨૪ કલાકના ૧૪૪૦૦ તેને વર્ષના દિવસ ૩૬૦ થી ગુણીએ તો ૧૫૮૪૦૦૦ ની સંખ્યા આવે. તેને ઉપર્યુક્ત ૩૮૭૪૨૦૪૮૯ સંખ્યાએ ભાંગતાં ૭૪ ભાગાકાર આવે. અને ૩૬૦૪૪૮૯ શેષ વધે એટલે અહીં લગભગ ૭૪।।। વર્ષ કહ્યા છે.

જેનું ઉપર જણાવેલાં ઉપમાનો વડે કથન કરવામાં આવે છે, તેનાથી માત્ર ૧ ઓછા તે ઉત્કૃષ્ટ સંખ્યા છે.

અસંખ્યાતના ત્રણ પ્રકારો છેઃ પરિત્ત, યુક્ત અને નિજ-પદયુક્ત. આ ત્રણેના પાછા ત્રણ ત્રણ પ્રકારો છેઃ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, એટલે અસંખ્યાતના કુલ નવ પ્રકારો થાય છે. તે આ પ્રમાણે.

૧ જઘન્ય પરિત્ત અસંખ્યાત.
૨ મધ્યમ પરિત્ત અસંખ્યાત.
૩ ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત.
૪ જઘન્ય યુક્ત અસંખ્યાત.
૫ મધ્યમ યુક્ત અસંખ્યાત.
૬ ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત.
૭ જઘન્ય અસંખ્યાત અસંખ્યાત.
૮ મધ્યમ અસંખ્યાત અસંખ્યાત.
૯ ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત.

ઉત્કૃષ્ટ સંખ્યાતમાં ૧ ઉમેરીએ એટલે જઘન્ય પરિત્ત અસંખ્યાત બને. આ રીતે અસંખ્યાતનું ગણિત ઘણું સૂક્ષ્મ છે, એટલે તેનું વિવેચન નહિ કરીએ, પરંતુ ટૂંકામાં એટલું જણાવીશું કે અસંખ્યાતને અસંખ્ય વાર ગુણીએ ત્યારે અસંખ્યાત અસંખ્યાત થાય છે.

આ ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતમાં એક ઉમેરીએ એટલે અનંત કહેવાય. શાસ્ત્રકારોએ અનંતના પણ ત્રણ પ્રકારો માન્યા છે. પરિત્ત યુક્ત અને નિજપદયુક્ત. અને તેના પણ

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ પ્રકારો માન્યા છે. એટલે અનંત પણ નવ પ્રકારનું બને છે. તે આ પ્રમાણે—

૧ જઘન્ય પરિત્ત અનંત.
૨ મધ્યમ પરિત્ત અનંત.
૩ ઉત્કૃષ્ટ પરિત્ત અનંત.
૪ જઘન્ય યુક્ત અનંત.
૫ મધ્યમ યુક્ત અનંત.
૬ ઉત્કૃષ્ટ યુક્ત અનંત.
૭ જઘન્ય અનંતાનંત.
૮ મધ્યમ અનંતાનંત.
૯ ઉત્કૃષ્ટ અનંતાનંત.

તેમાં ગણના તો મધ્યમ અનંતાનંત સુધીની જ થાય છે, પણ ઉત્કૃષ્ટ અનંતાનંત સુધીની થતી નથી,* એટલે કે તે માત્ર સમજવા પૂરતું જ છે.

ઉત્કૃષ્ટ અનંતાનંત કેમ નથી? તેનો એક દાખલો વ્યવહાર ગણિતથી આપીશું. એક મનુષ્યને એમ કહીએ કે, ૧ ના બમણા કરતાં જ જાઓ તો તે કયાં સુધી કરી શકે? માનો કે એ મનુષ્યનું આયુષ્ય અમળે વર્ષનું છે. તો પણ એ પ્રક્રિયાનો અંત આવે ખરો? તે જ રીતે ૧ ના બે બે વિભાગ કરવાના હોય તો પણ તેનો અંત આવે નહિ. એટલે અનંત એ બુદ્ધિગમ્ય હોવા છતાં છેવટે તો અન્-અંત-છેડા રહિત જ રહે છે અને તેથી ઉત્કૃષ્ટ અનંત સંભવતું નથી.

* 'उक्कोसयं अणंताणं नत्थि' ઉત્કૃષ્ટ અનંતાનંત નથી.
—શ્રી અનુયોગદ્વારસૂત્ર.

અનંત વિષે બીજી પણ એક વાત સમજી લેવાની છે કે અનંતમાં અનંત ઉમેરાય તો પણ અનંત રહે છે અને અનંતમાંથી અનંત બાદ થાય તો પણ અનંત જ રહે છે. સમુદ્રના પાણીમાં પાંચ લાખ મણ નવું પાણી આવે તો એનું કદ વધી જતું નથી અને પાંચ લાખ મણ તેમાંથી લઈ લેવામાં આવે તો તે ઘટતુ નથી.

સંખ્યાઓ વિષેનો આ ખ્યાલ મનમાં રાખીને આપણે આત્માની સંખ્યા પર આવીએ. આ વિશ્વમાં મનુષ્યોની સંખ્યા થોડી છે, એટલે કે મધ્યમ સંખ્યાત છે. દેવ અને નરકના જીવોની સંખ્યા તેથી અસંખ્યાત ગુણી છે અને તિર્યંચની સંખ્યા અનંત ગુણી છે. અહીં તિર્યંચ શબ્દથી જલચર, સ્થલચર અને ભૂચર એવા પંચેન્દ્રિય પ્રાણીઓ જ નહિ. પણ એકેન્દ્રિયાદિ ચારે વર્ગ પણ સમજવાના છે.

એકેન્દ્રિયના પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, અને વનસ્પતિકાય એ પાંચ ભેદો છે. તેમાં પ્રથમના પૃથ્વી આદિ ચારે જીવો સૂક્ષ્મ અને બાદર એ બે જાતના છે. વનસ્પતિકાયની બે જાતો છે. એક પ્રત્યેક અને બીજી સાધારણ. તેમાં પ્રત્યેક વનસ્પતિ એક શરીરમાં એક જીવવાળી છે, જ્યારે સાધારણ વનસ્પતિ એક શરીરમાં અનંત જીવવાળી છે. આ સાધારણ વનસ્પતિનાં જીવોનાં શરીરને જ નિગોદ તરીકે ઓળખાય છે. તેમાં પ્રત્યેક વનસ્પતિ બાદર જ હોય છે અને સાધારણ વનસ્પતિ અથવા નિગોદ સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારની હોય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ નિગોદ અંગે કહ્યું છે કે—

गोला य असंखिज्जा, असंख निगोअओ हवइ गोलो ।
एक्केक्कम्मि निगोए, जणंत जीवा मुणेयव्वा ॥

'આ વિશ્વ એટલે ચૌદ રાજલોક અસંખ્ય (સૂક્ષ્મ) ગોળાઓથી વ્યાપ્ત છે. આ દરેક ગોળામાં અસંખ્ય નિગોદ છે અને દરેક નિગોદમાં અનંત જીવો છે, એમ જાણવું.'

એટલે એકલા સાધારણ વનસ્પતિકાયના જીવોની સંખ્યા જ અનંતાનંત છે. તેમાં બીજા ગમે તેટલા આત્માઓ ઉમેરાય તો પણ એ માપ અનંતાનંતનું જ રહે છે, એટલે આત્માની સંખ્યા મધ્યમ અનંતાનંત છે, એમ સમજવાનું છે.

'આ વિશ્વ અનાદિ કાળથી ચાલી રહ્યું છે અને તેમાં રહેલા જીવોનું મુક્તિગમન ચાલુ છે, તો કોઇ કાળે આ વિશ્વ આત્માથી તદ્દન રહિત થઈ જાય કે નહિ?' તેનો ઉત્તર નીચેની ગાથામાં આપે છે.

जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया।
इक्कस्स निगोयस्स, अणंत भागो उ सिद्धिगओ ॥

'જિનમાર્ગમાં જ્યારે પણ એવી પૃચ્છા કરવામાં આવે છે કે અત્યાર સુધીમાં કેટલા આત્માઓ સિદ્ધ થયા, ત્યારે તેનો ઉત્તર એ મળે છે કે અત્યાર સુધીમાં એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધ થયો છે.'

એટલે અનંતમાંથી અનંત જવા છતાં અનંત જ રહેવાનું અને આ વિશ્વ આત્માઓથી કદી ખાલી નહિ થવાનું, એ નિશ્ચિત છે.

આ બધી વાતો સૂક્ષ્મ છે, પણ સદ્‌ગુરુનો સંગ કરો

અને તેમના સહવાસમાં આવતા રહો તો અજ્ઞાનનો પડદો ઉચકાતા વાર લાગશે નહિ. પારસમણિ અને લોઢાની ડબ્બી વચ્ચે રહેલો પડદો ઉચકાયો કે લોઢાની ડબ્બી સોનાની બની ગઇ, એ દૃષ્ટાંત અહીં વિચારવા યોગ્ય છે.

પારસમણિનું દૃષ્ટાંત—

એક બાવાજી હતા. તેમની પાસે એક પારસમણિ હતો. પારસમણિ લોખંડને અડે તો લોખંડનું સોનું થઈ જાય. ગામના નગરશેઠને આ વાતની ખબર પડી, એટલે પોતાનો ધંધોધાપો છોડી બાવાજી પાસે દોડયા અને તેમની ચાકરી શરૂ કરી દીધી. બાવાજીને કષ્ટ ન પડે તે માટે શેઠે પોતાનું રહેવાનું બાવાનું, સૂવાનું, બેસવાનું બધું બાવાજીની સાથે રાખ્યું.

બાવાજી ઉઠે તે પહેલાં શેઠ ઉઠી જાય અને બાવાજીની સેવામાં લાગી જાય. બાવાજીનાં દાતણપાણી, સ્નાન, કપડાં, ભોજન, શયન બધાની ખૂબ કાળજી રાખે અને અંતપૂર્વક બાતર-બરદાસ કરે, પરંતુ આ સેવા શેઠ કોની કરતા હતા ? પેલા બાવાજીની કે પારસમણિની ? લાલચ એવી વસ્તુ છે કે તે માણસ પાસે ગમે તેવાં કામો કરાવે છે.

બાવાજી પણ પાકા હતા, બધો તાલ જોયા કરતા પણ કશું બોલતા નહિ. એમ કરતાં બાર વરસ વીતી ગયાં, ત્યારે બાવાજી પ્રસન્ન થયા અને શેઠને કહેવા લાગ્યા કે 'તમારી સેવાથી હું પ્રસન્ન થયો છું માટે તમારે માગવું હોય તે માગો.' શેઠે કહ્યું. 'પારસમણિ આપો.' બાવાજીએ કહ્યું : 'બહુ સારું. તે પેલી ઝોળીમાં લોખંડની ડબ્બીમાં પડયો છે, માટે ઝોળી અહીં લાવો.'

શેઠે તો સાંભળ્યું હતું કે પારસમણિ લોખંડને અડે તો સોનું થઇ જાય અને બાવાજી કહે કે તે લોખંડની ડબ્બીમાં પડયો છે, એટલે શેઠને વહેમ પડયો કે બાવાજી પારસમણિને બદલે પોતાને કોઇ બીજી જ વસ્તુ વળગાડી દેશે. બાર બાર વરસની એક સરખી સેવાચાકરીનું શું આ ફળ? આ વિચારે શેઠ ઢીલા પડી ગયા. પણ બાવાજીએ કહ્યું હતું, એટલે ઉઠીને ઝોળી લઇ આવ્યા અને તે બાવાજીને આપી.

બાવાજીએ તેમાંથી લોખંડની એક ડબ્બી કાઢી અને તેને ખોલી તો કપડાંની પોટલીમાં કંઇક બાંધેલું હતું. શેઠને વહેમ છે કે આમાં પારસમણિ નહિ, પણ બીજું જ કંઇ બાંધેલું છે પણ બાવાજીએ કપડાંની પોટલી છોડી કે ઝળહળ પ્રકાશ થયો અને તે મણિ હોય એવું લાગ્યું. પછી તે મણિને લોખંડની ડબ્બીમાં મૂકયો કે તે સોનાની થઇ ગઇ. આથી શેઠના જીવમાં જીવ આવી ગયો અને આ જરૂર પારસમણિ છે, એવી ખાતરી થઇ ગઈ. બાવાજીએ તેમને એ પારસમણિ ભેટ આપી દીધો અને શેઠની ઇચ્છા પૂરી કરી.

લોખંડ અને પારસમણિ વચ્ચે કપડાંનું અંતર હતું, એટલે લોખંડનું સોનું થતું ન હતું, તેમ તમારી અને ગુરુની વચ્ચે મોહમાયાનું અંતર છે, એટલે તમને સાચું જ્ઞાન થતું નથી. જો એ મોહમાયારૂપી પડદો હઠી જાય તો તમને આજે ને અબઘડી જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય અને તમે તેના આધારે ચારિત્રમાં પ્રગતિ કરી અનંત સુખ ભોગવી શકો. માટે મોહ-માયા છોડો અને સદ્‌ગુરુનો સંગ કરવામાં ઉજમાળ રહો.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન સાતમું

આત્માનું મૂલ્ય

મહાનુભાવો !

શ્રી ઉત્તરાધ્યનસૂત્રમાં છત્રીશમા અધ્યયનમાં આવતું અલ્પસંસારી આત્માનું વર્ણન એ આપણા વિષયની મૂળ પીઠિકા છે. જો આત્માનું સ્વરૂપ સારી રીતે સમજાયું હોય તો જ એ પીઠિકા પર તમારી દૃષ્ટિ સ્થિર થાય અને તમે પણ અલ્પસંસારી આત્માના ગુણો કેળવી આ ભયાનક ભવસાગરનો શીઘ્ર પાર પામી શકો, તેથી આત્માનું સ્વરૂપ પ્રકાશવાનો અમારો પ્રયાસ છે.

જિનવચન આપણે માટે છેલ્લો શબ્દ છે. આમ છતાં તેની સાથે અમે યુક્તિ અને ઉદાહરણો પણ સારા પ્રમાણમાં આપીએ છીએ, જેથી તમારાં મનમાં ઉઠતી શંકાઓનું સમાધાન થાય અને તમે નિઃશંક બનીને આરાધનામાં આગળ વધી શકો.

તમે વ્યાપારી છો અને દરેક વસ્તુનું મૂલ્યાંકન કરો છો. તેમાં જે વસ્તુ વધારે મૂલ્યવાન–વધારે કિંમતી જણાય તેને મહત્વ આપો છો અને તેની પ્રાપ્તિથી આનંદ પામો છો. જેની પાસે થોડા ત્રાંબિયા છે, તે ચાંદીના સિક્કાથી આનંદ પામે છે, કારણ કે તેનું મૂલ્ય ત્રાંબા કરતાં વધારે છે જેની પાસે ચાંદીના સિક્કા છે તે સોનામહોરોથી આનંદ પામે છે, કારણ કે તેનું મૂલ્ય ચાંદી કરતાં વધારે છે. જેની પાસે સોના

મહોરો છે, તે મણિ–મુક્તાથી આનંદ પામે છે, કારણ કે તેનું મૂલ્ય સોના કરતાં વધારે છે અને જેની પાસે મણિ–મુક્તા છે, તે મહામણિ કે ઉત્તમ મુક્તાથી આનંદ પામે છે, કારણ કે તેનું મૂલ્ય સામાન્ય મણિ–મુક્તા કરતાં વધારે છે. આમ જેનું મૂલ્ય વધારે હોય તે તમને વધારે આનંદ આપે છે, એ વસ્તુ બરાબર ને?

પરંતુ દુનિયાની મહા મૂલ્યવાન વસ્તુઓ કરતાં પણ તમારું શરીર વધારે મૂલ્યવાન છે. કોઈ તમને મૂઠી ભરીને હીરા આપે અને બદલામાં કાન કે નાકની માગણી કરે અથવા એક હાથ કે એક પગ આપવાનું જણાવે, તો તમે આપો ખરા?

એક માણસ સવારથી સાંજ સુધી મહેનત–મજૂરી કરીને પેટ ભરતો હશે, તે પણ આ માગણી કબૂલ નહિ કરે, કારણ કે ધનદોલત કે મણિ–મુક્તા કરતાં શરીરની કિંમત તમે વધારે આંકો છો.

જરા તાવ આવ્યો, માથું દુખ્યું કે પેટપીડ ઉપડી તો તરત વૈદ્ય—હકીમ—ડૉક્ટરને બોલાવો અને તે માટે તેટલી ફી આપીને દવા લો છો. તે એમ કહે કે 'બીમારી ઊંડી છે અને તમારે ફોટા કઢાવવા પડશે, અમુક ઇંજેક્શનનો કોર્સ લેવો પડશે તથા અમુક ખર્ચ કરવો પડશે,' તો તે માટે તમે કબૂલ થાઓ છો ને જે ધનને ઘણી મમતાથી એકઠું કર્યું હોય તેની કોથળીનું મોઢું છોડી નાખો છો. જો તમને ધન—દોલત કરતાં શરીર વધારે પ્યારું ન હોય તો તમે શરીરની ખાતર ધનનો ભોગ કેમ આપો?

શરીર તમને પ્યારું છે, એટલું જ નહિ પણ તે ખૂબ પ્યારું છે. તેને રખે કંઈ થઈ જાય એ ભીતિ તમારાં મનમાં સદા રહ્યા કરે છે અને તેથી જ તમે અનેક જાતની સાવચેતી રાખો છો, અનેક જાતના ઉપાયો કરો છો.

જીવન સંરક્ષણની ભીતિ શરીર પર કેવી અસર ઉપજાવે છે, એ એક વાર ચાર ડૉક્ટરોએ ભેગા થઈને પ્રયોગ કર્યો હતો. એક તદ્દન તંદુરસ્ત અને ખડતલ જણાતાં માણસને તપાસીને પ્રથમ ડૉક્ટરે કહ્યું કે 'આમ તો તમારું શરીર બરાબર જણાય છે પણ થોડી વારમાં તમને તાવ આવશે.' આ સાંભળી પેલો માણસ ભડક્યો. 'શું મને તાવ આવશે?' એ વિચાર તેનાં મનમાં સવાર થઈ ગયો. થોડી વાર પછી બીજા ડૉક્ટરે તેને તપાસીને કહ્યું કે 'તમારાં શરીરમાં તાવ છે અને તે વધી જવા સંભવ છે, માટે હમણાં જ દવાનો એક ડોઝ લઈ લો.' આ સાંભળી પેલા માણસને ફાળ પડી કે કોઇ મોટી બિમારી તો લાગુ નહિ પડી જાય? તેનાં મનમાં એ ભયની એટલી બધી અસર થઈ કે તે થોડી જ વારમાં તાવથી હમહમવા લાગ્યો. તેને ત્રીજા ડૉક્ટરે તપાસ્યો ત્યારે તેનાં શરીરમાં ૧૦૪ ડીગ્રી તાવ હતો. તેને ભયની અસર પૂરેપૂરી થઈ ચૂકી હતી. એટલે હવે તેને ભયમુક્ત કરવાની જરૂર હતી. આથી એ ડૉક્ટરે કહ્યું કે 'તમને તાવ ખૂબ આવેલો છે, પણ અમારી પાસે તેની અકસીર દવા છે. તમે જરાયે ફીકર કરશો નહિ. થોડી વારમાં તમારો તાવ ઉતરી જશે. આથી પેલા માણસને ખૂબ રાહત મળી અને ડૉક્ટરની દવા પીધા પછી થોડી જ વારમાં તાવ ઉતરવા લાગ્યો. ત્યારબાદ ચોથા ડૉક્ટરે તેને તપાસ્યો

અને કહ્યું કે ' માણસનું શરીર છે, તો કોઇ વાર તાવ-તરીયો આવી જાય. બાકી તમારાં શરીરમાં કોઇ રોગ નથી. તમે થોડા જ વખતમાં સારા થઈ જશો.' આ શબ્દોએ પેલા માણસનાં મનમાંથી ભીતિને સદંતર ભૂંસી નાખી અને તે તાવથી તદ્દન મુક્ત થઈ ગયો. કહેવાની મતલબ એ છે કે આ શરીર તમને એટલું પ્યારું છે કે તેને કંઇ પણ થઈ જવાના વિચારે પણ તમે ભયથી વ્યાકુળ બની જાઓ છો અને અનેક જાતના વિચારો કરવા લાગી જાઓ છો.

શરીર દુબળું ન પડી જાય તે માટે તપશ્ચર્યા કરતા નથી. મોટી તિથિ કે પર્વનો દહાડો હોય તો પણ ત્રણે ટંક સારી રીતે ઝાપટો છે. નોકારસી જેવું નાનું પચ્ચક્ખાણ-નાનો નિયમ પણ તેઓ કરતાં નથી. આ તે શરીર પરનો કેવો વ્યામોહ ? પણ જાણો છો કે આ શરીર નિત્યમિત્ર જેવું છે. અને તે તમને વફાદાર રહેવાનું નથી.

ત્રણ મિત્રોનું દૃષ્ટાંત—

રાજાનો એક કારભારી. તે કામકાજમાં ઘણો કુશળ. પોતાની જવાબદારી બરાબર અદા કરે. તેને એક વખત વિચાર આવ્યો કે ' આજે તો રાજાના મારા પર ચારે હાથ છે, પણ તે કયારે રૂઠે તે કહેવાય નહિ. માટે એક એવો મિત્ર કરું કે જે મને મુશ્કેલીના સમયમાં મદદ કરે.' તેથી તેણે એક મિત્ર બનાવ્યો. તેની સાથે પાકી દોસ્તી કરી તે એટલે સુધી કે હંમેશ સાથે રાખે, સાથે નવડાવે, સાથે જમાડે અને જ્યાં જાય ત્યાં સાથે લઇ જાય.

કેટલાક વખત પછી એ કારભારીને વિચાર આવ્યો કે એક કરતા બે ભલા એટલે બીજો મિત્ર બનાવ્યો, પરંતુ તેને કોઈ પર્વ કે તહેવારનો દહાડો હોય ત્યારે જ મળવાનું રાખ્યું. ત્યાર પછી એક ત્રીજો મિત્ર પણ બનાવ્યો, પરંતુ તે કોઈક જ વાર મળતો અને જુહાર કરીને ચાલ્યો જતો. આમ એકના બે થયા અને બેના ત્રણ થયા, એટલે તેમને ઓળખવા માટે કંઈક નામ રાખવું જોઈએ, તેથી કારભારીએ એ ત્રણે મિત્રોના નામ રાખ્યાં. પહેલાંનું નામ નિત્યમિત્ર, બીજાનું નામ પર્વમિત્ર અને ત્રીજાનું નામ જુહારમિત્ર.

એક વખત કારભારીને વિચાર આવ્યો કે 'મેં મિત્રો તો બનાવ્યા, પણ તે સંકટસમયે કેટલી સહાય કરે છે, તેની પરીક્ષા કરવી.' આથી તેણે એક પ્રપંચ રચ્યો. રાજાના કુંવરને પોતાને ત્યાં જમવા તેડ્યો અને તેને પોતાના પુત્રની સાથે રમતગમતમાં લગાડી ઘરની અંદરનાં ગુપ્ત ભોંયરામાં ઉતારી દીધો. પછી બીજા પુત્રની સાથે પોતાની સ્ત્રીને પિયર મોકલી દીધી અને જેનાં પેટમાં વાત ન ટકે એવા એક નોકરને બોલાવીને કહ્યું કે 'આજે રાજાના કુંવરને આપણે જમવા તેડ્યો હતો, પણ તેનાં અતિ મૂલ્યવાન ઘરેણાં જોઈને મારી બુદ્ધિ બગડી. એટલે મેં તેની ડોક મરડીને ઘરેણાં કાઢી લીધાં. પણ હવે મને રાજાની બીક લાગે છે, એટલે હું ઘર છોડીને જતો રહું છું–અને કોઈક સ્થળે સંતાઈ રહીશ. જો રાજાના માણસો તપાસ કરવા આવે તો આ ગુપ્ત ભેદ પ્રકટ કરીશ નહિ, પણ તારી અક્કલ લડાવીને એનો જવાબ આપજે કે જેથી મારા પર ઘાડ આવે નહિ.' આટલી ભલામણ કરી

કારભારીએ પોતાનું ઘર છોડયુ અને તે સીધો નિત્યમિત્રને ત્યાં ગયો.

કારભારી એકાએક હાંફળો ફાંફળો પોતાને ત્યાં આવ્યો, એટલે નિત્યમિત્ર વિચારમાં પડી ગયો અને દાળમાં જરૂર કંઈક કાળું છે, એવા અનુમાન પર આવી ગયો. પરંતુ કારભારીએ તે કંઈ પણ સવાલ પૂછે તે પહેલાં જ જણાવી દીધું કે 'મારા વ્હાલા મિત્ર! કહેતાં જીભ ઉપડતી નથી, પણ આજે મારા હાથે એક એવું કામ બની ગયું છે કે જેથી રાજા મને જરૂર પકડશે અને ફાંસીએ લટકાવશે. માટે મારું રક્ષણ કર.'

નિત્યમિત્રે પૂછયું, પણ વાત શું બની છે?' કારભારીએ કહ્યું કે, 'આજે રાજાના કુંવરને મારે ત્યાં જમવા તેડયો હતો. તે અતિ સુંદર આભૂષણથી સજ્જ થઇને મારે ત્યાં આવ્યો હતો એ જોઈ મારું મન લલચાયું અને તેનું ખૂન કરી બધાં આભૂષણો ઉતારી લીધાં. પણ હવે મને રાજાનો ડર લાગે છે, માટે મને બચાવ.'

નિત્યમિત્રે કહ્યું: 'તમે તો ભારે કરી એક રાજકુંવરનું ખૂન છૂપું કેમ રહી શકે? હમણાં રાજાના સિપાઈઓ છૂટશે અને તે ઘરેઘર ઢુંઢી કાઢશે. તે વખતે તમે મારે ત્યાંથી મળી આવો, તો મારી શી દશા થાય? માટે તમે વધારે વખત લગાડયા વિના અહીંથી ચુપચુપ ચાલ્યા જાઓ અને બીજા કોઈ સ્થળે આશ્રય લો.

કારભારીએ પોતાને આશ્રય આપવા માટે તેને ખૂબ સમજાવ્યો પણ એ બધી સમજાવટ નિષ્ફળ ગઈ. જ્યારે

કારભારીએ તેને ત્યાંથી વિદાય લીધી, ત્યારે પેલાએ પોતાનાં ઘરનું બારણું બંધ કરી દીધું ને 'આવજો' એટલું પણ તે મોઢેથી બોલ્યો નહિ. એ તો એમ જ સમજ્યો કે આ બલા માંડ છૂટી.

કારભારી સમજ્યા કે આ મિત્ર પૂરો મતલબી છે, એટલે ત્યાંથી નીકળીને સીધા પર્વમિત્રને ત્યાં ગયા અને પોતાની હકીકત જણાવી આશ્રય આપવાની વિનંતિ કરી. ત્યારે પર્વમિત્રે કહ્યું કે 'તમને મદદ કરવી એ મારી ફરજ છે. પણ મારાં ઘરમાં તમને છૂપાવી શકું એવું સ્થાન નથી. વળી હું બાળબચ્ચાવાળો માણસ રહ્યો, એટલે રાજાનો મારા પર બોજ ઉતરે અને જેલ ભેગો થાઉં તો મારાં બૈરાંછોકરાનું શું થાય? માટે તમે કોઇ બીજા સ્થળે ગોઠવણ કરી લો.'

કારભારીએ કહ્યું કે 'હાલ તો મારી મતિ મુંઝાઇ ગઇ છે. તેથી ક્યાં જાઉં ને શું કરું? તે સૂઝતું નથી માટે તું જ ભલો થઇને આશ્રય આપ. 'પર્વમિત્ર એકનો બે ન થયો. એટલે કારભારી મનમાં પામી ગયો કે આ પણ પૂરો સ્વાર્થી છે.

ત્યાંથી પહોંચ્યા જુહારમિત્રને ત્યાં. તેણે કારભારીને જોતાં જ આવકાર આપ્યો અને 'મારા લાયક શું કામ પડયું?' એમ પ્રેમથી પૂછયું. કારભારીએ બધી હકીકત જણાવી અને પોતાને આશ્રય આપવાની માગણી કરી જુહારમિત્રે કહ્યું: 'મારાં એવા સદ્‌ભાગ્ય ક્યાંથી કે આપને હું કામ આવું. હાલ ખુશીથી મારે ત્યાં રહો. આપને કોઈ જાતની અગવડ આવવા નહિ દઉં.' આમ કહી તેણે કારભારીને આશ્રય આપ્યો.

આ બાજુ શું હકીકત બની તે પણ જોઇએ. છીછરાં પેટમાં કોઈ વાત ટકતી નથી, અથવા તો ભૂંડા ભૂંડાનો ભાવ જરૂર ભજવે છે. પેલા નોકરે કારભારીની વાત ગુપ્ત રાખવાને બદલે રાજાની આગળ જઇને ખુલ્લી કરી દીધી કે જેથી તેને વહાલા થવાય અને કંઇક ઈનામ મળે.

આ વાત સાંભળીને રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે રાજસેવકોને હુકમ આપ્યો કે 'આ કમબખ્ત કારભારીને જ્યાં ત્યાંથી પકડીને મારી આગળ હાજર કરો.' આથી રાજસેવકો છૂટયા અને કારભારીના બેસવા-ઉઠવાનાં જે ઠેકાણાં હતાં, ત્યાં તપાસ કરવા લાગ્યા. એમ કરતાં તેઓ નિત્યમિત્રને ત્યાં આવ્યા. ત્યારે નિત્યમિત્રે કહ્યું કે 'એ કાળાં કામનો કરનારો કારભારી મારે ત્યાં આવ્યો હતો અને આશ્રયની માગણી કરતો હતો, પણ હું એવો મૂર્ખ નથી કે તેના જેવા એક ખૂનીને આશ્રય આપું. હું માનું છું કે તે ઘણા ભાગે પર્વમિત્રને ત્યાં ગયો હશે, માટે ત્યાં તપાસ કરો.'

નિત્યમિત્રે સંકટ સમયે સહાય તો ન કરી પણ ઉપરથી રાજસેવકો આગળ તેનું વાંકું બોલી આશ્રય મેળવવાનું સંભવિત સ્થાન પણ બતાવી દીધું!

રાજસેવકો પર્વમિત્રને ત્યાં પહોંચ્યા, ત્યારે તેણે કહ્યું કે 'મેં કારભારીને આશ્રય આપ્યો નથી. શક આવતો હોય તો મારું ઘર તપાસી લો. બાકી એના વિષે હું કંઈ જાણતો નથી'

હવે રાજસેવકો કોઈની પાસેથી સમાચાર મળતાં જુહાર-

મિત્રને ત્યાં ગયા અને દમ મારીને કહેવા લાગ્યા કે 'તમે કારભારીને આશ્રય આપ્યો તે સારું કર્યું નથી. હજી પણ તમારું હિત ચાહતા હો તો તેમને અમારે હવાલે કરો.' ત્યારે જુહારમિત્રે કહ્યું કે 'એ વાત ખોટી છે. તમારે તપાસ કરવી હોય તો કરી શકો છો.' રાજસેવકોએ બે ત્રણ વાર ફેરવી ફેરવીને કહેવા છતાં જુહારમિત્રે એક જ જવાબ આપ્યો, એટલે પેલાઓની શંકા ટળી અને ત્યાંથી ચાલતા થયા.

કોઇ સ્થળેથી કારભારીનો પત્તો મળ્યો નહિ, એટલે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઇ કારભારીને પકડી લાવશે, તેને રાજ્ય તરફથી મોટું ઈનામ મળશે!'

કારભારીને ત્રણે મિત્રોની પરીક્ષા કરવી હતી, તે પૂરે-પૂરી થઇ ગઈ હતી, આથી તેણે જુહારમિત્રને કહ્યું કે 'તું રાજાનો ઢંઢેરો ઝીલી લે અને રાજાની પાસે જઇને કહે કે હું કારભારીનો પત્તો મેળવી આપું, પણ તમે ધારો છો એવી રીતે કારભારી ગુનેગાર નથી, કારણ કે અખંડ આયુષ્ય-વાળા કુમારશ્રી સલામત છે અને આપ આજ્ઞા કરો તે સમયે જ અહીં આવી શકે તેમ છે.'

જુહારમિત્રે તે પ્રમાણે કર્યું, એટલે રાજાએ કુંવર તથા કારભારીને હાજર કરવાનો હુકમ કર્યો. જુહારમિત્રે તે બંનેને હાજર કર્યા. આ જોઇને રાજા ઘણો ખુશ થયો અને જુહાર-મિત્રને મોટું ઈનામ આપ્યું. પછી રાજાએ કારભારીને પૂછ્યું કે 'આ બધું શું છે?' ત્યારે કારભારીએ અથથી માંડીને ઇતિ સુધીની તમામ હકીકત કહી સંભળાવી. આથી રાજાને તેની

દીર્ઘદૃષ્ટિ માટે ઘણું માન ઉપજ્યું અને તેના પગારમાં ઘણો વધારો કરી આપ્યો. પછી કારભારીએ નિત્યમિત્ર તથા પર્વમિત્રની સંગત છોડી દીધી અને માત્ર જુહારમિત્ર સાથે જ મહોબ્બત રાખી. આથી તે ઘણો સુખી થયો.

અહીં કારભારી તે જીવ જાણવો. નિત્યમિત્ર તે હંમેશના પરિચયવાળું શરીર જાણવું. પર્વમિત્ર તે સગાંવહાલાં અને સંબંધીઓ જાણવા અને જુહારમિત્ર તે કોઈક વખતે થતું ધર્મનું આરાધન જાણવું. જ્યારે મૃત્યુ આવીને ઉભું રહે છે, ત્યારે શરીર સર્વ સંબંધ છોડીને અળગું થઈ જાય છે અને સામે પણ જોતું નથી. સગાંવહાલાં થોડે સુધી વળાવવા આવે છે અને આંખમાંથી બે આંસુ પાડી તરત પાછા વળી જાય છે. જ્યારે જુહારમિત્ર સમો ધર્મ થોડો આચર્યો હોય તો પણ પરલોકમાં સાથે આવે છે અને વિપત્તિઓમાંથી રક્ષણ કરી સુખ-શાંતિ આપે છે, તેથી નિત્યમિત્ર જેવા બેવફા શરીરનો મોહ છોડો અને જુહારમિત્ર સમા પરમ વફાદાર ધર્મમિત્રની સોબત કરો.

શરીર કરતાં પણ એક વસ્તુ વધારે મૂલ્યવાન છે અને તે તમારો આત્મા. જો એ ન હોય તો આ શરીરનાં રૂપરંગની લંબાઈ પહોળાઈની કંઈ કિંમત ખરી? જ્યારે આત્મા શરીરને છોડીને ચાલ્યો જાય છે, ત્યારે લોકો શું કહે છે? હવે ઉતાવળ રાખો. શેની ઉતાવળ? પેલા આત્મરહિત શરીરને ઘરમાંથી બહાર કાઢવાની વધારે વખત જાય તો મડદું ભારે થાય અને ઉચકવું મુશ્કેલ પડે, એટલે તેને ઘરમાંથી જલ્દી બહાર કાઢી વાંસ-નળીની બનેલી નનામીમાં બાંધવામાં આવે છે અને

સ્મશાન ભેગું કરવામાં આવે છે. ત્યાં એને લાકડાંની ચેહમાં મૂકી અગ્નિ પ્રકટાવવામાં આવે છે અને તેમાં તે ભડભડાટ બળી જાય છે. તમે જે શરીરને નિત્ય નવાં નવાં ભોજનો કરાવી રુષ્ટપુષ્ટ રાખતા હતા, સ્નાનવિલેપનથી સ્વચ્છ અને સુગંધિત રાખતા હતા અને જેની કાળજી કરવામાં ધર્મની આરાધના પણ વિસરી જતા હતા, તે શરીરની છેવટે આ કેવી દશા?

આ રીતે આત્મા એ જગતની સહુથી મૂલ્યવાન વસ્તુ છે. લાખો-કરોડો હીરા પણ તેની આગળ કંઈ વિસાતમાં નથી, છતાં તેની દરકાર તમે કેટલી રાખો છો? પણ સાચી હકીકત એ છે કે તમને આત્માનું સાચું મૂલ્ય સમજાયું નથી. જો સાચું મૂલ્ય સમજાયું હોય તો આ હાલત હોય નહિ.

કિંમતી વસ્તુનું મૂલ્ય કરવું હોય તો અક્કલ અને અનુભવ બંને જોઈએ.

પેશ્વા નાના ફડનવીસ બહુ બુદ્ધિશાળી ગણાતો હતો. તેને જોવા માટે લોકો દૂરદૂરથી આવતા હતા, એક વખત એક સોદાગર તેની સભામાં આવ્યો અને તેણે એક પાણીદાર હીરો કાઢી તેનું મૂલ્ય પૂછયું. એ રાજસભામાં કેટલાક ઝવેરીઓ પણ બેઠા હતા. તેમણે એ હીરો જોઈને કહ્યું કે આની કિંમત આશરે રૂપિયા દોઢ લાખની ગણાય. પછી એ હીરો નાના ફડનવીસના હાથમાં આવ્યો. તેણે એનું બારીકાઈથી નિરીક્ષણ કરવા માંડયું. એવામાં એક માખી ઉડતી તે હીરા ઉપર બેઠી. આથી નાનાફડનવીસને તરત જ ખ્યાલ આવી ગયો કે આ હીરો સાચો નથી, પણ બનાવટી છે અને તે એક પ્રકારની

સાકરમાંથી પહેલ પાડીને બનાવ્યો છે, નહિ તો માખી તેના પર બેસે નહિ. પછી તેણે પેલા સોદાગરને ઉદ્દેશીને કહ્યું કે 'તમે આ હીરાનું મૂલ્ય પૂછો છો, તો હું જણાવું છું કે તેની કિંમત સાકરના એક કકડા જેટલી છે.' એમ કહી તેણે એ હીરો મોઢામાં મૂકી દીધો. એને બધાનાં દેખતાં કડકડ ચાવી નાખ્યો. પેલા સોદાગરે કાન પકડયા.

પરંતુ તમે તો સાકરના ટુકડાને જ હીરો માનીને કામ ચલાવી રહ્યા છો અને પાછા જગતમાં બુદ્ધિમાન તરીકે ડાહ્યા તરીકે ખપો છો. તમે માનો છો કે અમે દિવસરાત મહેનત પરિશ્રમ કરીને કમાણી કરી રહ્યા છીએ પણ જે કમાણીમાંથી કંઇ પણ સાથે ન આવે તે શા કામની ?

એક માણસના મકાનમાં આગ લાગી. તેનાં આખા જીવનની કમાણી તેની તીજોરીમાં હતી. તે જ તીજોરીનાં એક ખાનામાં કેટલાંક કોરાં કાગળિયાં પણ હતાં. પેલા માણસને આગમાંથી માત્ર તીજોરી બચાવવાનું મન થયું, એટલે ઉતાવળ અને ગભરાટમાં તીજોરીનું ખાનું ખોલી જે હાથમાં આવ્યું તે લઇને ભાગ્યો. બહાર નીકળતાં લોકોએ પૂછયું કે 'શું લાવ્યો ? પેલાએ કહ્યું: 'મારાં જીવનની કમાઈ' આ વખતે તેના હાથમાં કોરાં કાગળિયાં જ હતાં. આ જોઈ લોકોએ હસતાં હસતાં કહ્યું: 'વાહ રે તારી કમાઈ ! શું તારી જીંદગીમાં તું આ કમાયો ?'

શરીરરૂપી મકાનમાંથી ભાગતી વખતે તમારા હાથમાં કોરાં કાગળિયા ન આવી જાય તેની સાવચેતી રાખજો.'

પૈસાની કમાણી એ સાચી કમાણી નથી, કારણ કે તેમાંથી સાથે કંઈ પણ આવવાનું નથી. હીરા–મોતીના દાગીના કે નોટોનાં બંડલમાંથી કંઇ પણ સાથે આવવાનું હોય તો કહી દેજો. જ્યાં દાંત ખોતરવાની સળી જેટલું યે સાથે લઇ શકવાના નથી, ત્યાં બીજી વસ્તુની વાત શી કરવી ? સાથે આવવાનાં છે, માત્ર પુણ્ય અને પાપ. જો પુણ્યની કમાણી કરી હશે તો ગતિ પણ સારી મળશે, શરીર પણ સારું મળશે અને સંયોગો પણ સારા મળશે.

પુણ્યશાળી આત્માનો કેવો પ્રભાવ હોય છે, તે પર એક દૃષ્ટાંત સાંભળો—

પુણ્યશાળી આત્માનો પ્રભાવ.

એક ગામનો રાજા સભા ભરીને બેઠો છે. ત્યાં એક નિમિત્તિયો આવે છે. નિમિત્તિયો એટલે અષ્ટાંગ નિમિત્તનો જાણકાર, ભવિષ્યવેત્તા. રાજા તેને પૂછે છે કે 'ભવિષ્યમાં શું થવાનું છે?' નિમિત્તિયો કહે છે કે 'હે રાજન્! આવતે વર્ષે મોટો દુકાળ પડે એવા ગ્રહયોગો છે, માટે અનાજનો પૂરતો સંગ્રહ કરી લેજો, જેથી પ્રજા ભૂખે મરે નહિ.'

રાજા કહે છે કે 'હું અનાજનો સંગ્રહ તો કરું, પણ સુકાળ પડે અને ભાવમાં નુકશાન થાય તો ? નિમિત્તિયો કહે, 'જો મારું વચન ખરું ન પડે તો મારી જીભ ખેંચી નાખજો. બીજું તો શું કહું ? રાજાએ તેને નજરકેદ રાખ્યો અને ગામપરગામથી અનાજ એકઠું કરવા માંડયું.

પરંતુ જેઠ મહિનો બેઠો ન હતો, ત્યાં આકાશ વાદળોથી

ઘેરાવા લાગ્યું અને વરસાદ–પાણી ખૂબ સારાં થયાં. એ વર્ષે એટલું અનાજ પાકયું કે કૂતરા પણ ન ખાય. આથી રાજા વિચાર કરે છે કે અનાજનો મોટો જથ્થો હવે ફેંકી દેવો પડશે અને રાજ્યને તેથી ખૂબ નુકશાન સહન કરવું પડશે. આ બધું નુકશાન પેલા નિમિત્તિયાને આભારી છે, માટે તેને સખત શિક્ષા કરવી જોઇએ.'

એવામાં એક જ્ઞાની પુરુષ તે ગામમાં પધાર્યા. લોકો તેમનો ઉપદેશ સાંભળવા ઉમટયા. શું તેમનો ઉપદેશ! શું તેમની વાણી! લોકોના આનંદનો પાર રહ્યો નહિ. આ વાત રાજાએ જાણી, એટલે તે પણ ઉપદેશ સાંભળવા આવ્યો. ઉપદેશ સાંભળતાં તેના મન પર ખૂબ અસર થઈ અને હૃદયમાં ભક્તિભાવ જાગ્યો. પછી તો રોજ ઉપદેશ સાંભળવા આવે.

એક વાર રાજાએ પૂછ્યું કે 'હે ભગવંત! નિમિત્તિયો ઘણો જ્ઞાની હતો, છતાં ખોટો કેમ પડયો? તેના કહેવા મુજબ દુકાળ તો ન પડયો. પણ એવો સુકાળ પડયો કે ન પૂછો વાત.'

ગુરુએ કહ્યું: કે 'ગ્રહોના યોગ એવા છે કે આ વર્ષે દુકાળ પડવો જોઇતો હતો, પણ એક શેઠને ત્યાં મહાપુણ્યશાળી આત્માનો જન્મ થયો, એટલે દુકાળ સુકાળમાં ફરી ગયો અને સહુને લીલાલહેર થઇ.' આ જ વખતે વ્યાખ્યાનમાં પેલા શેઠ હાજર હતા કે જેને ત્યાં એનો જન્મ થયો હતો. તેણે ગુરુ મહારાજનાં કથનમાં સંમતિ આપીને કહ્યું કે 'આ છોકરાનો જન્મ થયા પછી મારી રિદ્ધિસિદ્ધિમાં ઘણો વધારો થયો છે. આજે અમે ખૂબ સુખી અને સંતુષ્ટ છીએ.'

પછી ગુરુમહારાજે એ છોકરાના પૂર્વજન્મની વાત કહી. 'આ છોકરો પૂર્વજન્મમાં ભીખારી હતો. તેને પોતાના જીવન પ્રત્યે ભારે અણગમો થયો, ત્યારે મારી પાસે આવ્યો અને કોઈપણ રીતે પોતાને ઊંચો લાવવાની માગણી કરી. મેં તેને નવકાર મંત્ર શીખવ્યો, સાથે એક શ્લોક પણ શીખવ્યો અને કહ્યું કે આ જિનેશ્વરદેવની સ્તુતિ છે. રોજ જિનેશ્વરદેવનાં મંદિરમાં જઈ આ સ્તુતિ કરજે અને જે કાંઈ મળે તેમાંથી ચોથો ભાગ ગરીબ-ગરબાંને આપી દેજે.'

ભીખારીએ તે પ્રમાણે કરવા માંડયું. રોજ નવકારમંત્ર ગણે, પેલો શ્લોક બોલે અને ભિક્ષામાં જે કંઈ પ્રાપ્ત થાય તેમાંથી ચોથો ભાગ ગરીબ-ગરબાંને આપી દે. ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તેણે આ નિયમ પાળવા માંડયો. હવે લોકોને જાણ થઈ કે ગુરુમહારાજે એક ભિખારીને શ્રાવક કર્યો છે અને તે વ્રતનિયમ બરાબર પાળે છે, એટલે તેઓ એને આવાનું વધારે પ્રમાણમાં આપવા લાગ્યા. તો પણ પેલો ભીખારી પોતાનો નિયમ છોડતો નથી. જે મળે છે, તેમાંથી ગરીબોને ચોથો ભાગ આપ્યા કરે છે.

આમ કરતાં તેની પાસે થોડા પૈસા એકઠા થયા, તેમાંથી તેણે ધંધો કરવા માંડયો અને તેમાં સફળતા મળતી રહી, એટલે થોડા જ સમયમાં તે એક મોટો વેપારી બની ગયો. આમ છતાં તે પોતાનો નિયમ ભૂલ્યો નહિ તેને જે કંઈ નફો મળતો, તેનો ચોથો ભાગ ગરીબ-ગરબાંને આપી દેતો. આ રીતે પુણ્યનો સંચય થવા માંડયો અને છેવટે ઘણું પુણ્ય

એકત્ર થયું. પછી સમાધિપૂર્વક કાળ કરી, પુણ્ય પ્રભાતે આ શેઠને ત્યાં જન્મ પામ્યો.

ગુરુમહારાજનાં મુખેથી આ વાત જાણી રાજાએ પેલા નિમિત્તિયાને નજરકેદમાંથી મુક્ત કર્યો અને સાચી ભવિષ્ય-વાણી બદલ શિરપાવ પણ આપ્યો. પછી રાજાએ પેલા શેઠ પાસે તેના પુત્રની માગણી કરી, કેમકે તેને વારસ ન હતો. આ રીતે શેઠનો પુત્ર રાજાનો વારસ બન્યો. તે રાજા બન્યા પછી એ રાજ્યમાં કોઈ વાર દુકાળ પડ્યો નહિ કે મોટું સંકટ આવ્યું નહિ. પુણ્યશાળી આત્માનો પ્રભાવ આવો હોય છે.

સમસ્ત લોકમાં છ દ્રવ્યો વ્યાપેલાં છે. તેમાં આત્મા જ ચેતનવાળો છે, બાકીનાં બધાં જડ છે, એટલે પ્રધાનતા આત્માની છે. જો આત્મા ન હોય તો બાકીનાં દ્રવ્યોની કિંમત શું ?

તમે આત્માનું આ મૂલ્ય બરાબર સમજો અને તેનાં હિતની પ્રવૃત્તિ કરો.

વિશેષ અવસરે કહેવાશે.





વ્યાખ્યાન આઠમું

આત્માનો ખજાનો

મહાનુભાવો !

શ્રુતસ્થવિરભગવંત પ્રણીત શ્રીઉત્તરાધ્યનસૂત્ર, તેનું છત્રીસમું અધ્યયન અને તેમાં અલ્પ સંસારી આત્માનું વર્ણન. આ વસ્તુઓ તમને બરાબર યાદ હશે. તેમાંથી નીકળેલા આત્માના વિષય અંગે અત્યાર સુધીમાં ઠીક ઠીક વિચારણા થઇ છે, પરંતુ વિષય અતિ ગહન છે, એટલે તે સંબંધી હજી ઘણી વિચારણા કરવાની બાકી રહે છે.

તમે શ્રીમંત કે રાજાના ખજાના જોયા હશે. તેમાં રોકડ નાણું, સોનું, રૂપું, તથા હીરા, મોતી, માણેક, નીલમ વગેરે ઝવેરાત હોય છે. કેટલાક રાજાના ખજાના બહુ મોટા હોય છે અને તેમાં ઘણી કિંમતી તથા અજાયબ ચીજો સંઘરેલી હોય છે. થોડા વખત પહેલાં લોકો વડોદરાના નજરબાગ પેલેસમાં ગાયકવાડ સરકારનું ઝવેરાત જોવા જતાં અને તેમાં સાચાં મોતીની ચાદર વગેરે જોઇ આશ્ચર્ય અનુભવતા.

એમ કહેવાય છે કે નંદરાજાના ખજાનામાં ઘણું ધન હતું અને સિકંદરનો ખજાનો સોના તથા ઝવેરાતની બહુમૂલ્ય વસ્તુઓથી તર હતો. પરંતુ આ બધા ખજાના કરતાં

આત્માનો ખજાનો મોટો છે અને તે આજ તમારી સમક્ષ ખોલી નાખવાનો છે. વળી તેની ચાવી પણ તમને જ સોંપવાની છે, માટે પૂરી સાવધાની રાખશો.

આ ખજાનો ખોલતાં પહેલાં તેની બે વિશેષતાઓ જણાવી દઈએ. શ્રીમંત કે રાજાના ખજાનાઓ ચોર-ડાકુઓ વડે લૂંટાય છે, અગ્નિ વડે બળી જાય છે અને જલપ્રલયાદિ કુદરતી આફતોને કારણે નાશ પામે છે, પરંતુ આત્માનો ખજાનો નથી તો ચોર-ડાકુઓ વડે લૂંટી શકાતો કે નથી તો અગ્નિ વડે બાળી શકાતો કે નથી તો જલપ્રલયાદિ કુદરતી આફતોને કારણે નાશ પામતો. બીજું, શ્રીમંત કે રાજા બહાર જાય કે પ્રવાસમાં સીધાવે ત્યારે પોતાનો કિંમતી ખજાનો સાથે લઈ જઈ શકતા નથી. કદાચ લઈ જાય તો બહુ મોટું જોખમ ખેડવું પડે છે, પરંતુ આત્માનો ખજાનો એવો છે કે તે જ્યાં જાય ત્યાં સાથે લઈ જઈ શકાય છે અને તેમાં કંઈ જોખમ ખેડવું પડતું નથી.

ખજાનો મેળવવા ખાતર લોકો કેવાં જોખમો ખેડે છે? તેઓ અંધારી રાતે જંગલનો પ્રવાસ કરે છે, પહાડોની બિહામણી ગુફાઓમાં દાખલ થાય છે અને ઊંડા અંધારાં ભોંયરાઓમાં પણ ઉતરે છે. વળી ચારે બાજુ સાગરની છોળો ઉછળતી હોય અને જ્યાં ખાવાપીવાની કોઈ વસ્તુ ભાગ્યે મળતી હોય એવા બેટોમાં પણ જાય છે અને કોઈ તેમના માર્ગમાં અંતરાય નાંખે તો તેમની સાથે જીવ સટોસટના યુદ્ધ પણ ખેલે છે. પરંતુ આત્માનો ખજાનો મેળવવા માટે તમારે જંગલ, પહાડો, ભોંયરા કે દરિયાઈ

બેટામાં જવાની જરૂર નથી. એ તમારી નજીક છે, ઘણો નજીક છે અને તેમાંની વસ્તુઓ તમે સહેલાઇથી પ્રાપ્ત કરી શકો તેમ છો. આ કંઈ જેવી તેવી તક ન ગણાય! પરંતુ એ ખજાનાનો તમને ખરો ખ્યાલ નથી, એટલે મળેલી તક એળે જાય છે અને તમે જીવનભર દરિદ્રી રહી જાઓ છો.

ધનની દરિદ્રતા કરતાં ગુણની દરિદ્રતા વધારે ખતરનાક છે. એકથી અન્ન, વસ્ત્ર તથા રહેઠાણ વગેરેની તંગી અનુભવવી પડે છે, જ્યારે બીજાથી પ્રગતિ, વિકાસ, કે અભ્યુદયના સર્વ માર્ગો રૂંધાઈ જાય છે અને માનવતા ચાલી જાય છે. આથી ગુણની દરિદ્રતાનો તો પડછાયો પણ લેશો નહિ.

આત્માના ખજાનામાં અનેક ગુણરત્નો ભરેલા છે, પણ તેમાં બે ગુણરત્નો બહુ મોટાં છે. તેમનો પ્રકાશ અનેરો છે, તેમનું પાણી અનોખું છે. તેમનાં નામ છે–જ્ઞાન અને દર્શન.

ઉત્પત્તિના ક્રમથી જોઇએ તો દર્શન પહેલું છે અને જ્ઞાન પછી છે, મહત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો જ્ઞાન પહેલું છે અને દર્શન પછી છે.

જ્ઞાનપ્રાપ્તિનું નિમિત્ત મળતાં આપણને 'કંઈક, એવો જે અસ્ફુટ કે સામાન્ય બોધ થાય છે. તે દર્શન અને તેના

---

* जं सामन्नगहणं भावाणं नैय कट्टु आगारं ।
अविसेसिउण अत्थे दंशणमिइ वुच्चए समये ॥

'સ્ફુટ આકાર કર્યા વિના તથા અર્થની વિશેષતા વિના ભાવોનું જે ગ્રહણ કરવું તેને શાસ્ત્રોમાં દર્શન કહેલું છે.'

હાલનું માનસશાસ્ત્ર આ ક્રિયાને Pereception કહે છે.

રૂપ, રંગ, અવયવ, સ્થાન વગેરેનો સ્ફુટ વિશેષ બોધ થાય છે તે જ્ઞાન. જ્ઞાયતે અનેન અસ્માદ્ વા ઇતિ જ્ઞાનમ્-જેના વડે તે જેનાથી જાણી શકાય તે જ્ઞાન. આ વ્યાખ્યા પ્રમાણે દર્શનને પણ જ્ઞાનનો જ એક ભાગ કહી શકાય, કારણ કે તે વસ્તુનું જ્ઞાન થવામાં ઉપયોગી છે.

જાણવું એ એક પ્રકારનો ચેતનાવ્યાપાર છે, એટલે તે ચેતનાયુક્ત દ્રવ્યમાં જ સંભવે છે, આવું ચેતનાયુક્ત દ્રવ્ય આત્મા છે, એટલે જાણવાની ક્રિયા આત્મામાં જ સંભવે છે. તળાઈ મશરૂની હોય. પણ તેની સુંવાળપ ખાટલા કે પલંગને જણાતી નથી. મીઠાઈ ગમે તેટલી સ્વાદિષ્ટ હોય. પણ કડછી કે ચમચાને તેનો સ્વાદ લાગતો નથી. ફુલ ગમે તેવા સુગંધી હોય, પણ ટોપલી કે ફુલદાનીને તેનું ભાન થતું નથી. મુગટ, હાર વગેરે ગમે તેટલાં સુંદર હોય, પણ ડાભડાને એ સુંદરતાનો ખ્યાલ આવતો નથી. અને વીણા-સીતાર વગેરેમાં સ્વરની ગમે તેવી મધુરતા હોય, પણ ખુરશી કે દિવાલને તેનો અનુભવ થતો નથી.

ચેતના વ્યાપારને કહેવામાં આવે છે ઉપયોગ, પણ તે તમે સમજો છો એવા અર્થમાં નથી. એક જ શબ્દના જુદા જુદા અર્થો થાય છે. તે પર એક દૃષ્ટાંત સાંભળો.

ભીલ રાજાની ત્રણ રાણીનું દૃષ્ટાંત.

ત્રણ રાણીઓ સાથે લઈને ભીલ રાજા પ્રવાસ કરી રહ્યો હતો. જ્યાં પહોંચવાનું હતું, તે સ્થાન હજી ઘણું દૂર હતું. તે વખતે એક રાણીએ કહ્યું કે 'હે સ્વામિન્! તરસથી

મારું ગળું સૂકાય છે, તો પાણી લાવી આપો.' બીજી રાણીએ કહ્યું કે 'હે નાથ! મને ખૂબ ભૂખ લાગી છે અને આપણી પાસે કંઇ બાતું નથી, માટે કોઈ પ્રાણીનો શિકાર કરી લાવો તો મારી ભૂખ ભાંગું.' ત્રીજી રાણીએ કહ્યું કે 'હવે તો રસ્તો બહુ કંટાળા ભરેલો લાગે છે, માટે કોઇ સુંદર ગીત ગાઓ, તો ચિત્ત પ્રસન્ન થાય અને રસ્તો સહેલાઇથી કપાઈ જાય.'

ભીલ રાજાએ ત્રણેની વાત સાંભળ્યા પછી જવાબમાં એટલું જ કહ્યું કે 'સરો નત્થિ.' આથી ત્રણે રાણીઓને એમ લાગ્યું કે અમારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

પહેલી સમજી કે નજીકમાં કોઈ સર એટલે સરોવર નથી, તો પાણી કયાંથી લાવું? એમ એ કહે છે.' બીજી સમજી કે 'બાથામાં સર એટલે બાણ નથી, તો શિકાર શી રીતે કરું?' એમ એ જણાવે છે. ત્રીજી સમજી કે 'સર એટલે સ્વર નથી, તો શી રીતે ગાઉં? એમ એનો જવાબ છે.' આમ સર શબ્દના ત્રણ અર્થ થયા : સરોવર, બાણ અને સ્વર

અહીં ઉપયોગ શબ્દનો અર્થ છે, વસ્તુના બોધ પ્રતિ આત્માની પ્રવૃત્તિ અથવા વિષય તરફની અભિમુખતા. શાસ્ત્રકારોએ તેને જ જીવનું લક્ષણ માન્યું છે. શ્રી ઉત્તરા-

× उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीवोऽनेनेत्युपयोगः ।

જેના વડે જીવ વસ્તુના પરિચ્છેદ એટલે બોધ પ્રતિ વ્યાપાર કરે-પ્રવૃત્ત થાય તે ઉપયોગ. અથવા ઉપ એટલે સમીપ અને યોગ એટલે જ્ઞાન દર્શનનું પ્રવર્તન. જેના વડે આત્મા જ્ઞાન દર્શનનું પ્રવર્તન કરવાની અભિમુખતાવાળો થાય એવો જે ચેતનાવ્યાપાર તે ઉપયોગ.

ધ્યયન સૂત્રના અઠ્ઠાવીશમા અધ્યયનમાં 'जीवो उवओगलक्खणो' એવા શબ્દો આવે છે અને પાંચસો પ્રકરણ ગ્રંથના કર્તા વાચક શેખર ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયમાં 'उपयोगो लक्षणम्' એ સૂત્રથી 'જીવનું લક્ષણ ઉપયોગ છે' એમ કહ્યું છે.

જીવ ઉપયોગ લક્ષણવાળો છે. એનો અર્થ એ કે દરેક જીવને ઉપયોગ હોય છે અને તેથી તે વસ્તુનો સામાન્ય અને વિશેષ બોધ પ્રાપ્ત કરી શકે છે. અહીં તમે પૂછશો કે નિગોદના જીવને ઉપયોગ હોય છે ખરો? તેઓ શું જાણી શકતા હશે?' પરંતુ નંદિસૂત્રમાં કહ્યું છે કે 'સર્વ જીવોને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે.' એટલે તમને પણ ઉપયોગ હોય છે અને તે પણ કંઈક જાણે છે.

અહીં એટલી વસ્તુ ધ્યાનમાં રાખો કે ઉપયોગ દરેક જીવને હોય છે. પણ તે બધાને સરખો હોતો નથી. કર્મના ક્ષયોપશમ પ્રમાણે તે ઓછોવત્તો હોય છે. દીવા પર ખાદીનું જાડું કપડું ઢાંકેલું હોય તો તેમાંથી આવતો પ્રકાશ ઘણો મંદ હોય છે. મારપાટનું કપડું ઢાંકયું હોય તો તેમાંથી આવતો પ્રકાશ કંઈક ઠીક હોય છે અને શરબતી મલમલ

---

* તે આખી ગાથા નીચે મુજબ છે.

* वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो ।
नाणेणं दंसणेणं च, सुहेण य दुहेण य ॥ ८० ॥

કાલ વર્તનાલક્ષણવાળો છે અને જીવ ઉપયોગ લક્ષણવાળો છે. તે જ્ઞાન અને દર્શન વડે તથા સુખ અને દુઃખના અનુભવ વડે જાણી શકાય છે.

ઢાંકી હોય તો તેમાંથી આવતો પ્રકાશ ઘણો તેજસ્વી હોય છે. આ રીતે જે આત્માને કર્મનું આવરણ ગાઢ હોય તેનો ઉપયોગ ઓછો હોય છે અને કર્મનું આવરણ પાતળું હોય તેનો ઉપયોગ વધારે હોય છે. આત્માની મધ્યમાં આવેલા આઠ રુચક પ્રદેશો સર્વથા શુદ્ધ રહે છે, એટલે તેના પર કર્મનું આવરણ હોતું નથી. જો આ પ્રદેશો પણ કર્મથી ઢંકાઈ જતા હોત તો જડ પદાર્થમાં અને તદ્દન નીચલા થરના આત્મામાં કોઇ તફાવત રહેત નહિ.

જ્ઞાન અને દર્શન એ આ ઉપયોગના જ બે પ્રકારો છે. જે ઉપયોગ સાકાર એટલે વિશેષતાવાળો હોય તે જ્ઞાન કહેવાય અને જે ઉપયોગ અનાકાર એટલે સામાન્ય પ્રકારનો હોય તેને દર્શન કહેવાય.

તમે અહીં બેઠા છો અને વ્યાખ્યાન સાંભળી રહ્યા છો એટલે તમારો ઉપયોગ વ્યાખ્યાનમાં છે, એમ કહેવાય. તમે ડોકું પાછું ફેરવો અને કોણ આવ્યું, એ જુઓ એટલે તમારો ઉપયોગ ત્યાં ગયો ગણાય. અથવા ઘડિયાળ સામે જુઓ અને તેના કાંટા પર નજર નાખો તો તમારો ઉપયોગ ત્યાં ગયો ગણાય. આ રીતે તમે કોઈ પણ વસ્તુ સાંભળો, જુઓ, સૂંઘો, ચાખો કે સ્પર્શો, ત્યારે તમારો ઉપયોગ તેમાં ગયો ગણાય તેમ જ મનથી કોઇ વિચાર કરવા માંડો, ત્યારે ઉપયોગ તેમાં ગણાય.

આપણો ઉપયોગ ફરતો રહે છે, એક જ વસ્તુ પર સ્થિર રહેતો નથી. જો એક જ વસ્તુ પર સ્થિર રહે તો આપણને

ધ્યાન સિદ્ધ થઇ ગયું ગણાય અને તેથી આપણે બેડો પાર થઇ જાય' પણ છદ્મસ્થ આત્માઓને એક વસ્તુ પરનો દર્શનોપયોગ તથા જ્ઞાનોપયોગ વધારેમાં વધારે અંત-મુંહૂર્ત સુધી હોય છે, તેમાં દર્શનોપયોગ કરતાં જ્ઞાનોપયોગનો સમય સંખ્યાત ગણો વધારે હોય છે. કેવળીઓને બંને ઉપયોગ એકેક સમયના જ હોય છે.

આપણું જ્ઞાન વૃદ્ધિ પામે છે, તે સાકાર ઉપયોગ કે જ્ઞાનોપયોગને આભારી છે. તે સંબંધી શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે 'सव्वाओ लद्धीओ सागारोवओगवउत्तस्स नो अनागारोवओगवउत्तस्स-કેવલજ્ઞાનાદિ સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગવાળા આત્માને હોય છે, પણ અનાકાર ઉપયોગવાળા આત્માને હોતી નથી.'

જ્ઞાન પાંચ પ્રકારનું છે : (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યવ અને (૫) કેવળ.

---

* લોક પ્રકાશમાં કહ્યું છે કે—

समयेभ्यो नवभ्यःस्यात् प्रभृत्यन्तर्मुहूर्तकम् ।
समयोनमूहूर्तान्तमसङ्ख्यातविधं यतः ॥

'નવ સમયોથી માંડીને અંતર્મુહૂર્તની શરૂઆત થાય છે અને તે મૂહૂર્ત એટલે બે ઘડીમાં જ્યાં સુધી એક સમય ઓછો રહે ત્યાં સુધીના બધાં સમયાંતરોને લાગુ પડે છે.' સમય એટલે જેના કલ્પનાથી પણ બે ભાગ ન પડી શકે એવો કાલનો નિર્વિભાજ્ય ભાગ.

સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠા મન વડે વસ્તુનો જે બોધ થાય. તેને મતિજ્ઞાન કહેવાય છે ×

શબ્દનાં નિમિત્ત વાચ્ય-વાચકના સંકેત રૂપે ઇન્દ્રિયો અને મન દ્વારા જે મર્યાદિત જ્ઞાન થાય તેને શ્રતજ્ઞાન કહેવાય છે.

ઇન્દ્રિય અને મનની મદદ વિના આત્માને પ્રત્યક્ષ થતું અમુક ક્ષેત્રવર્તી–અમુક કાલવર્તી જ્ઞાન તે અવધિજ્ઞાન કહેવાય છે.

કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન હોતાં નથી, એટલે તે એક હોય છે. તે વખતે જ્ઞાનાવરણીય કર્મનો મેલ જરા યે હોતો નથી, એટલે તે નિર્મલ હોય છે, તેમાં કોઇ જાતની અપૂર્ણતા હોતી નથી, એટલે તે પરિપૂર્ણ હોય છે. તેના જેવું બીજું જ્ઞાન હોતું નથી, એટલે તે પરિપૂર્ણ હોય છે. અને આવ્યા પછી ચાલ્યુ જતું નથી, એટલે તે અનંત હોય છે.×

જેને કેવળજ્ઞાન થાય તે આત્મા તે જ ભવમાં સકલ કર્મનો ક્ષય કરી મોક્ષમાં જાય છે, એટલે સર્વ મુમુક્ષુઓનું ધ્યેય આ કેવળજ્ઞાનની પ્રાપ્તિ હોય છે.

× તત્ત્વાર્થ સૂત્રના પ્રથમ અધ્યયનમાં કહ્યું છે કે 'મતિઃ સ્મૃતિઃ સંજ્ઞા ચિન્તાઽભિનિબોધ ઇત્યનર્થાન્તરમ। મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અભિનિબોધ એ એકાર્થી શબ્દો છે, આગમોમાં મતિ જ્ઞાનને માટે આભિનિબોહિવ–અભિનિબોધિક એ શબ્દનો પ્રયોગ વિશેષ થયેલો છે. અભિ–અભિમુખ, નિ–મર્યાદિત, બોધ–જ્ઞાન, ઇન્દ્રિયો અને મનના નિમિત્તથી થતું જે જ્ઞાન અર્થાભિમુખ અને મર્યાદિત હોય તે અભિનિબોધ

× જ્ઞાનનું વિશેષ વર્ણન આગળ આવશે.

મિથ્યાત્વીનું મતિજ્ઞાન તે મતિઅજ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વીનું શ્રુતજ્ઞાન તે શ્રુતઅજ્ઞાન કહેવાય છે અને મિથ્યાત્વીનું અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વીને મનઃપર્યવ અજ્ઞાન કે કેવળ અજ્ઞાન સંભવતા નથી.

આ રીતે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન મળી જ્ઞાનોપયોગ આઠ પ્રકારનો મનાય છે.

દર્શન ચાર પ્રકારનું છે. (૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવલદર્શન

ચક્ષુ વડે વસ્તુનો સામાન્ય બોધ થવો તે ચક્ષુદર્શન ચક્ષુ સિવાયની બીજી ઇન્દ્રિયો તથા મન વડે સામાન્ય બોધ થવો તે અચક્ષુદર્શન. ઇન્દ્રિય અને મનની સહાયતા વિના આત્માને રૂપી દ્રવ્યનો જે સામાન્ય બોધ થાય તે અવધિદર્શન અને આત્માને કેવળજ્ઞાન થયા પછી જે સામાન્ય ઉપયોગ થાય તે કેવળદર્શન. કેવળજ્ઞાન અને કેવળદર્શન સાથે જ હોય છે.

અહીં તમને પ્રશ્ન થશે કે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એવા બે ભેદો કેમ કર્યા? તેનું સમાધાન એ છે કે ચક્ષુદર્શન એ સામાન્ય બોધ હોવા છતાં બીજી ઇન્દ્રિયોની અપેક્ષાએ વિશ્વસ્ત છે, એટલે તેનો ભેદ જુદો ગણ્યો. 'મનઃપર્યયદર્શન કેમ નહિ?' એ પ્રશ્ન પણ તમારાં મનમાં ઉઠશે, પણ મનઃપર્યય માત્ર મનોગત ભાવનાઓનું જ જ્ઞાન કરે છે, એટલે તેનો વિષય છે આલોચનાત્મક જ્ઞાન, માનસિક અવસ્થાઓનું જ્ઞાન, તેથી તેમાં મનઃપર્યવદર્શન હોતું નથી.

આઠ પ્રકારનો જ્ઞાનોપયોગ અને ચાર પ્રકારનો દર્શનોપયોગ મળી ઉપયોગ કુલ બાર પ્રકારનો થાય છે.

આત્મા જ્યારે જનાવરની યોનિમાં જાય છે, ત્યારે તેનું જ્ઞાન મનુષ્ય કરતાં ઓછું થઇ જાય છે. ચઉરિંદ્રિયમાં તેથી ઓછું, તેઇંદ્રિયમાં તેથી ઓછું, બેઇંદ્રિયમાં તેથી ઓછું અને એગિંદ્રિયમાં તેથી ઓછું થાય છે. જેમ સોનું ઘડતાં ઘડતાં ઓછું થવા છતાં એ સોનું જ રહે છે, તેમ જ્ઞાન ઓછું થવા છતાં આત્મા એ આત્મા જ રહે છે.

મનુષ્યયોનિમાં જ્ઞાનનો ઘણો વિકાસ થઇ શકે છે, ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી શકાય છે, તેથી જ તેને શ્રેષ્ઠ ભવ ગણવામાં આવ્યો છે. મનુષ્યનો ભવ મળવા છતાં જેઓ જ્ઞાનનો વિકાસ કરતા નથી, તેને માટે શાસ્ત્રકારોએ કેવા શબ્દો વાપર્યા છે, તે જાણો છો?

જ્ઞાન વિના પશુ સારીખા, જાણો ઇણ સંસાર;
જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદસુખ શ્રીકાર.

'આ સંસારમાં જેઓ જ્ઞાન વગરના છે, અર્થાત્ પોતાનાં સ્વાભાવિક જ્ઞાનગુણનો વિકાસ કરતા નથી, તે પશુ જેવા છે. જેમણે જ્ઞાનની આરાધના–ઉપાસના કરી છે, તેમણે શ્રીકાર એવું મોક્ષસુખ મેળવ્યું છે.'

જ્ઞાન–મતિ અક્કલ વિના સામાન્ય વ્યવહાર પણ ચાલતો નથી. તેથી જ અનુભવી પુરુષોએ કહ્યું છે કે 'પોતાની અક્કલ ન પહોંચતી હોય તો બીજાની અક્કલ લેવી.' પદભ્રષ્ટ મંત્રીએ

બીજાની અક્કલ લીધી, તો ફરી મંત્રીપદે આવ્યો અને સુખી થયો.

અક્કલ લેવા અંગે પદભ્રષ્ટ મંત્રીની કથા.

એક રાજાનો મંત્રી સ્વભાવનો સરળ હતો અને નાયબ મંત્રી મહા ખટપટી હતો. ચંદ્રને માટે રાહુ જેવો આ નાયબ મંત્રી મુખ્ય મંત્રીની વિરુદ્ધ રોજ રાજાના કાન ભંભેરયાં કરતો. દોરડું રોજ પત્થર સાથે ઘસાય છે, તો પત્થરમાં પણ ખાડો પડી જાય છે, તો જીવંત એવા માણસનું કહેવું શું ? રોજની ભંભેરણીથી રાજા ભરમાયો અને તેણે મંત્રીને પદભ્રષ્ટ કર્યો તેનું સ્થાન પેલા નાયબ મંત્રીને આપ્યું, પરંતુ નાયબ મંત્રીને એટલાથી સંતોષ ન થયો. પદભ્રષ્ટ મંત્રી પાસે પૈસા હોય, પ્રતિષ્ઠા હોય તો ફરી પોતાનું સ્થાન ખૂંચવી લે, એટલે અનેક જાતના કાવાદાવા કરી, તેની પાસેના તમામ પૈસા ખલાસ કરાવી નાખ્યા. પૈસા જાય એટલે પ્રતિષ્ઠા જાય, એ દેખીતું છે.

હવે પદભ્રષ્ટ મંત્રીએ વિચાર કર્યોઃ 'આ ગામમાં વધારે વખત રહેવું સારું નથી. મંત્રીપદ ગુમાવ્યું, પૈસા ગુમાવ્યા, તેમ કદાચ જાન પણ ગુમાવીશ, માટે બીજે ગામ ચાલ્યા જવું અને ત્યાં નશીબ અજમાવવું. આ વખતે તેની પાસે માત્ર સવાસો રૂપિયા બચ્યા હતા. તે લઈને પરગામ ચાલી નીકળ્યો.

થોડા દિવસ બાદ તે એક શહેરમાં દાખલ થયો. ત્યાં ફરતાં ફરતાં એક દુકાન જોઈ. તેના ઉપર 'અક્કલની દુકાન' એવું પાટિયું મારેલું હતું. મંત્રીએ આજ સુધીમાં અનેક

પ્રકારની દુકાનો જોઈ હતી, પણ તેમાં અક્કલની દુકાન ન હતી. અક્કલની દુકાન જોવાનો પ્રસંગ આ પહેલવહેલો જ હતો, એટલે તે આશ્ચર્ય અને કુતૂહલથી દુકાન ઉપર ચડયો.

દુકાનમાં એક માણસ બેઠો બેઠો વાંચતો હતો. તેની આસપાસના કબાટમાં પુસ્તકો સિવાય બીજું કંઈ નજરે પડતું ન હતું. દુકાનદારે પૂછયું: 'કેમ ભાઈ! શું જોઈએ છે?' મંત્રીએ કહ્યું: 'શું તમે અક્કલ વેચો છો? એ વેચાતી મળી શકે ખરી?' દુકાનદારે કહ્યું: 'અલબત્ત, અક્કલ અમારે ત્યાંથી વેચાતી મળી શકે છે. બોલો તમારે કેટલાવાળી અક્કલ જોઈએ છે? ઓછામાં ઓછી પચીશ રૂપિયાવાળી છે. વધારે તો માગો તેટલી.

આ જવાબ સાંભળી મંત્રીએ વિચાર કર્યો કે 'મારી પાસે સવાસો રૂપિયા છે. તેમાંથી પચીસ રૂપિયાવાળી એક અક્કલ લેવા દે.' પછી દુકાનદારને કહ્યું કે 'મને પચીસ રૂપિયાવાળી અક્કલ આપો.'

દુકાનદારે કહ્યું: 'રૂપિયા પહેલા આપો, માલ પછી મળશે.' એટલે મંત્રીએ પચીસ રૂપિયા રોકડા ગણી આપ્યા. દુકાનદારે તે પૈસા ગલ્લામાં મૂકયા, પછી મંત્રીને કહ્યું કે 'મુસાફરીમાં જવું તો એકલા ન જવું. આ સાંભળી મંત્રીને લાગ્યું કે પોતાના પૈસા પાણીમાં ગયા. આણે આમાં નવું શું કહ્યું? પણ હાથો જુગારી જમણું રમે, એ ન્યાયે તેણે બીજા પચીસ રૂપિયા આપીને કહ્યું કે 'બીજી અક્કલ આપો.' તેના મનમાં એમ કે પહેલાંની કસર બીજામાં વળી રહેશે.

દુકાનદારે એ પચીસ રૂપિયા ગલ્લામાં મૂકીને કહ્યું કે 'પાંચ માણસ કહે તે વાત માનવી.' પરંતુ મંત્રીને આ અક્કલમાં પણ ખાસ નવું લાગ્યું નહિ. એટલે બીજા પચીસ રૂપિયા આપીને કહ્યું કે 'આ વખતે કોઈ સુંદર અક્કલ આપો.' પેલાએ રૂપિયા ઠેકાણે મૂકીને કહ્યું કે 'જે જગાએ બધા સ્નાન કરતા હોય ત્યાં આપણે સ્નાન ન કરવું.'

'આમાં તે દુકાનદારે કઈ અક્કલ આપી નાખી?' એ વિચારે મંત્રીને ભારે વસવસો થયો, પરંતુ એક વાર વધુ અજમાયશ કરવા દે. એમ વિચારી તેણે ચોથા પચીસ રૂપિયા આપ્યા અને ચોથી અક્કલ માગી. પેલાએ રૂપિયા લઈને કહ્યું કે કોઇ ગુપ્ત વાત સ્ત્રીને ન કહેવી.'

મંત્રી વિચાર કરે છે કે 'આ તો ભારે થઈ. જો આટલા રૂપિયા ખાવાપીવા માટે સાથે રાખ્યા હોત તો ઘણું સારું થાત. પણ રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું?'

દુકાનદાર તેનાં મોઢા પરથી સમજી ગયો કે મેં આને આપેલી ચાર સલાહથી સંતોષ નથી થયો, એટલે તેણે કહ્યું: 'કેમ ભાઈ! તને મારી આ સલાહોમાં વિશ્વાસ નથી બેસતો? આ વાતો જ્યાં સુધી વિચારરૂપે છે, ત્યાં સુધી તને એમ જ લાગ્યા કરશે કે આમાં શું? પણ જ્યારે તું એનો અનુભવ કરીશ ત્યારે એની મહત્તા સમજાશે. તેમ છતાં જો તું બીજા પચીસ રૂપિયા ખર્ચવા તૈયાર હો તો તને એક એવી ચમત્કારિક વસ્તુ આપું કે જેનું ફળ તને નજર સામે જ મળે.'

હવે પચીસ રૂપિયા ખર્ચવા એટલે ગજવાની બધી મૂડી

સાફ કરી નાખવી. આથી મંત્રી ખૂબ વિમાસણમાં પડ્યો, છતાં 'પલાળ્યું તો પૂરું મૂંડાવી લેવા દે' એવો વિચાર કરી તેણે બાકીના પચીસ રૂપિયા પણ પેલા દુકાનદારને આપી દીધા. આ વખતે દુકાનદારે પોતાની પાસેથી થોડાં બીજ કાઢી રેતી પર પાથર્યાં અને તેના પર પાણી રેડ્યું કે તરત સાકરટેટીનો વેલો ફૂટ્યો અને જોતજોતામાં તેના પર સુંદર મજાની ટેટી બેશી ગઈ. આ ટેટી કાપીને મંત્રીને ખવડાવી તો અમૃત જેવી મીઠી લાગી પછી પેલા દુકાનદારે કહ્યું કે 'આમાં ખૂબી તો એ છે કે આ રીતે ટેટી તૈયાર થયા પછી તેમાંથી જે બીજ થશે તે પણ આવું જ કામ આપશે.' પછી તેમાંના થોડાં બીજ તેણે મંત્રીને આપ્યાં. આ છેલ્લી વસ્તુ મંત્રીને ગમી, એટલે પૈસા ગયાનો અફસોસ ઘણો ઓછો થઈ ગયો. તેણે વિચાર કર્યો કે 'હવે પરદેશ જવાની જરૂર શી છે? આ બીજની કરામતથી જ જોઈતા પૈસા પેદા કરી લેવાશે. માટે ઘર તરફ પાછા ફરવું.

તે ઘર તરફ પાછો ફર્યો, ત્યાં પહેલી અક્કલ સામે આવી કે 'મુસાફરીમાં જવું તો એકલા ન જવું.' પરંતુ અહીં સથવારો કોનો લાવવો? થોડી વાર વિચાર કરીને તે આજુ-બાજુ નજર કરે છે, ત્યાં વાડની નજીક પડેલો એક શેરો તેની નજરે પડ્યો. શેરો ગોળ દડા જેવો હોય છે અને તેની ચારે તરફ તીક્ષ્ણ કાંટા હોય છે. ખાવા વગેરેનાં કામસર તે મોઢું બહાર કાઢે છે, નહિ તો કોચલામાં મોઢું છૂપાવી રાખે છે.

'જ્યારે બીજો કોઈ સથવારો મળતો નથી, ત્યારે આ

શેરો શું ખોટો? એ પણ જીવ કહેવાય.' એમ વિચારી મંત્રીએ તેને ખડિયામાં નાખ્યો અને મુસાફરી ચાલુ કરી.

સાંજ વેળાએ તે એક ઝાડ આગળ આવ્યો, ત્યારે ખૂબ થાકી ગયો હતો, એટલે ઊંઘવાનો વિચાર કરી, ઝાડના એક થડ પાસે લેટયો, ત્યાં પેલો શેરો યાદ આવ્યો. જો તેને બહાર છૂટો મૂકી દે તો ફરી પત્તો લાગવો મુશ્કેલ, એટલે ખડિયામાંથી દોરી કાઢી તેને શેરાના એક પગે બાંધી અને તેનો બીજો છેડો પોતાના પગે બાંધ્યો. આથી શેરો છૂટથી હરીફરી શકે અને ભાગી પણ ન શકે. પછી તે સૂતાંની સાથે જ ઘસઘસાટ ઊંઘી ગયો.

સવારે ઉઠીને જોયું તો ભયંકર દૃશ્ય નજરે પડયું. થોડે દૂર એક કાળો નાગ લોહીલુહાણ હાલતમાં નિષ્પ્રાણ થઈને પડયો છે અને તેની પૂંછડી શેરાના મુખમાં છે. આથી મંત્રી સમજી ગયો કે રાત્રે મારો કાળ આવી પહોંચ્યો હતો. પણ આ શેરાએ તેની સાથે લડાઈ કરીને મને બચાવી લીધો છે. આ વખતે તેણે પેલા દુકાનદારે આપેલી સુંદર અક્કલ માટે તેનો આભાર માન્યો અને હવે પછી તે પ્રમાણે જ વર્તવું એવો નિર્ણય કર્યો.

સાંજે એક ગામમાં પહોંચ્યો ત્યાં ઉતારો ચોરામાં કર્યો અને તેના જેવા બીજા કેટલાક મુસાફરો સાથે સૂઈ રહ્યો. સવારે ઉઠીને જોયું તો એક સિવાય બીજા બધા મુસાફરો ઉઠીને ચાલ્યા ગયા હતા. તપાસ કરતાં તે જાણી શકયો કે પેલો ન ઉઠનાર મુસાફર રાત્રિ દરમ્યાન મૃત્યુ પામેલો છે.

થોડી વાર પછી ગામલોકો ચોરે એકઠા થયા. ત્યારે પ્રશ્ન એ થયો કે આને અવલમંજલ કોણ પહોંચાડે? મુસાફર તદ્દન અજાણ્યો હતો, તેનું સગુંવહાલું અહીં કોઇ ન હતું. એટલે બધા લોકોએ મંત્રીને કહ્યું કે તમે આને અવલમંજલ પહોંચાડી દો. આ વખતે મંત્રીને બીજી અક્કલ યાદ આવી કે 'પાંચ માણસ કહે તે કરવું.' એટલે મંત્રી મડદું ખભે ઉંચકીને તેને સ્મશાનમાં લઇ ગયો. તેને અગ્નિદાહ દેતાં પહેલાં તેનું શરીર તપાસ્યું તો કમરે એક વાંસળી બાંધેલી હતી અને તે સોનામહોરોથી ભરેલી હતી. મંત્રીએ તે કાઢી લીધી અને મડદાને અગ્નિદાહ દીધો. આમ બીજી અક્કલ ફળેલી જોતાં મંત્રીના આનંદનો પાર રહ્યો નહિ.

હવે અગ્નિદાહ દીધા પછી સ્નાન કરવા માટે તે નદી પર ગયો, ત્યાં ઘાટ પર ઘણા લોકો નહાતા હતા. આ વખતે ત્રીજી અક્કલ યાદ આવી કે 'જે જગ્યાએ બધા સ્નાન કરતા હોય ત્યાં આપણે સ્નાન ન કરવું.' એટલે ઘાટથી થોડે દૂર સારી એવી જગા શોધી કાઢી ઝટપટ સ્નાનાદિ ક્રિયા પતાવી લઈ ક્ષુધા સંતોષવા ગામ તરફ ચાલ્યો. થોડે દૂર જતાં પેલી વાંસળી યાદ આવી. તે તેણે સ્નાન કરતી વખતે નદીકિનારે મૂકી હતી, પણ ઉતાવળમાં લેવાની ભૂલી ગયો હતો. 'હવે વાંસળીનું શું થયું હશે?' એ વિચારે તેનાં પેટમાં ફાળ પડી, એટલે તે દોડીને નદીકિનારે પહોંચ્યો, ત્યાં વાંસળી એની એ હાલતમાં પડી હતી. તે જોતાં તેના જીવમાં જીવ આવ્યો અને આ ત્રીજી અક્કલ પણ ફલદાયક બની, તે માટે પેલા દુકાનદારનો આભાર માનવા લાગ્યો.

થોડા દિવસ બાદ તે ઘરે પહોંચ્યો અને ઉત્સાહના આવેશમાં પોતે અનુભવેલી બધી વાત પોતાની પત્નીને જણાવી દીધી આ વખતે તેને ખ્યાલ ન રહ્યો કે પોતે ચોથી અક્ષલનો ભંગ કરી રહ્યો છે. વળી તેણે પેલાં બીજ પણ પત્નીને આપી દીધાં.

બીજે દિવસે સવારે તે રાજદરબારમાં ગયો. રાજાએ તેને આવકાર આપી કુશળ સમાચાર પૂછ્યા. નાયબ મંત્રીને આ ન ગમ્યું. શેનું ગમે? જેનું હૃદય માત્ર સ્વાર્થ અને લુચ્ચાઈથી ભરેલું હોય તે બીજાને સારા કે સુખી જોઇ શકતા નથી આ વખતે મંત્રીએ વાતમાં ને વાતમાં કહ્યું કે 'મહારાજ! આ જગતમાં કંઈક ચમત્કાર જેવું પણ છે,' એ સાંભળી નાયબ મંત્રી બોલ્યો કે 'આ જગતમાં ચમત્કાર જેવી કોઈ વસ્તુ છે જ નહિ. એ તો લોકોને છેતરવા માટેની ચાલબાજી છે. જો ખરેખર ચમત્કાર હોય તો કરો સાબીત.'

આ સાંભળી મંત્રીને પણ પાનો ચડયો તેણે કહ્યું 'જો હું સાબીત કરી આપું તો તું શું હોડમાં મૂકીશ?' પેલાએ કહ્યું: 'જે જીતે તે સામાને ઘરે જાય અને જે વસ્તુને હાથ લગાડે તે વસ્તુ જિતનારની' મંત્રીએ આ શરત કબૂલ કરી. હવે પોતાને અક્ષલ આપનાર પર તેની શ્રદ્ધા પૂરેપૂરી બેસી ગઈ હતી. ઉપરાંત રાજાને પોતાની બુદ્ધિપ્રતિભા બતાવવાની પણ નેમ હતી, એટલે રાજાને સાક્ષીમાં રાખીને કહ્યું કે 'આ બીજ સાકરટેટીનાં છે. તે રેતી પર નાખીને તેના પર પાણી છાંટીશ કે વેલો ફુટશે અને તેની સાકરટેટી તમને

બાવા મળશે.' આ સાંભળી નાયબ મંત્રી લુચ્ચું હાસ્ય કરવા લાગ્યો.

મંત્રીએ બીજ રેતી પર નાખ્યાં અને પાણી રેડયું, પછી પરિણામની રાહ જોવા લાગ્યો. પરંતુ થોડી વાર થવા છતાં એ બીજમાં કંઈ ફેરફાર ન થયો. આ જોઈ મંત્રી હેબતાઈ ગયો. તેને સમજ ન પડી કે આમ શાથી થયું? બધી અક્કલો ફળી ને આમાં વાંધો કેમ આવ્યો? તેણે પોતાની હાર કબૂલ કરી. પણ શરતનો અમલ કરતાં પહેલાં પંદર દિવસની મુદત માગી. નાયબમંત્રીને જિતનો મદ હતો, વળી તે પોતે બહુ ઉદાર છે, એમ રાજાને દેખાડવા માગતો હતો, એટલે તેણે પંદર દિવસની મહેતલ કબૂલ કરી.

માજી મંત્રી ઘરે પાછો ન જતાં દડમજલ કરતો પેલા અક્કલ વેચનાર દુકાનદાર પાસે પહોંચ્યો અને બનેલી બધી હકીકત અક્ષરશઃ કહી સંભળાવી. દુકાનદારે કહ્યું કે 'આમાં તમે એક સ્થળે ભૂલ બાધી છે. બધી વાત સ્ત્રીને કહેવી જોઈતી ન હતી. જો તમે એને વાત ન કરી હોત તો બધાં સારાં વાનાં થાત. મને લાગે છે કે તમારી સ્ત્રી અને નાયબ-મંત્રી મળેલાં છે અને તેમણે તમને ઉથલાવી પાડવા માટે છેતરપીંડી કરેલી છે. તમે આ બીજ બારીકાઈથી જોશો તો બબર પડશે કે તે શેકાયેલાં છે.'

પછી દુકાનદારે પોતાની પાસેનાં બીજ કાઢી ફરી પ્રયોગ કરી બતાવ્યો અને નવાં બીજ આપ્યાં તથા હવે શું કરવું? એ બાબતમાં થોડી સલાહ પણ આપી. આથી માજી મંત્રી

સંતોષ પામ્યો અને પોતાને ગામ પાછો ફર્યો. પણ તે ઘરે ન જતાં સીધો રાજદરબારમાં ગયો અને હવે પોતાની શરત પાળવા તૈયાર છે, માટે તમે નાયબમંત્રીને સાથે લઈ ઘરે પધારો એમ જણાવી પોતાનાં ઘરે ગયો.

મંત્રીનું ઘર જૂની બાંધણીનું હતું. ઉપર મેડે ચડવા માટે એક નીસરણી મૂકવી પડતી હતી. તેણે એ નીસરણી મારફત પત્નીને ઉપર મોકલી અને ભોંયતળિયેથી દરેક ચીજ ઉપર ચડાવી દીધી. પછી પત્નીને પણ ઉપર જ રહેવા દીધી, તે એમ કહીને કે તું ઉપર હોય તો જોઈતું કરતું નીચે આપી શકે અને નીસરણી બાજુએ મૂકી દીધી.

થોડી વાર પછી રાજા પેલા નાયબમંત્રીને લઈ મંત્રીને ઘરે આવ્યા. મંત્રીએ તેમનું સ્વાગત કર્યું. હવે નાયબ મંત્રી ચારે બાજુ નજર કરીને જુએ છે, પણ જે ચીજ પર પોતાને હાથ મૂકવો છે, તે નજરે પડતી નથી. આ વખતે મંત્રીની પત્નીએ શરમ છોડીને કહ્યું કે. 'હું ઉપર બેઠી છું.' એટલે નાયબ મંત્રીએ તેનાં માથે હાથ મૂકવાના વિચારથી ઉપર ચડવાનો નિર્ણય કર્યો અને ત્યાં પડેલી નીસરણી ઉપાડી દાદર પર ગોઠવી. એ જ વખતે મંત્રીએ કહ્યું, 'બસ, આપણી શરત પૂરી થાય છે. તમે આ નીસરણીને હાથ લગાડયો છે, એટલે એ નીસરણી તમારી છે.' ત્યારે જ નાયબ મંત્રીને ભાન આવ્યું કે પોતે ગંભીર ભૂલ ખાધી છે. પણ હવે બીજો ઉપાય ન હતો.

આ વખતે મંત્રીએ કહ્યું કે 'મહારાજ! આ બધી

વસ્તુ તો પતી, પણ મારે તમને ટેટીવાળો ચમત્કાર બતા-વવાનો છે' એમ કહી પોતાની પાસેનાં બીજ કાઢયાં અને રેતી પર નાખી, પાણી છાંટયું કે તરત તેમાંથી વેલો ફુટયો અને સાકરટેટી તૈયાર થઇ ગઇ એ રાજાને ચખાડી તો અમૃત જેવી મીઠી લાગી. તે ખૂબ ખુશ થઇ ગયો. તેણે મંત્રીને પૂછયું કે 'લે આ બીજમાં આવી શક્તિ છે, તો પ્રથમ આમ કેમ થયું?' મંત્રીએ કહ્યું કે 'આ નાયબ મંત્રીની દગલબાજીથી એ બીજ રાતોરાત શેકાઈ ગયાં હતાં.' આ ઉત્તરથી રાજા સમજી ગયો કે નાયબ મંત્રીએ નીસરણી પર હાથ મૂકયો તે નીસરણી લેવા માટે નહિ, પણ નીસરણી પરથી ઉપર ચઢીને મંત્રીની સ્ત્રી પર હાથ મૂકવા માટે જ મૂકયો હતો, તેથી આ મંત્રી ખરાબ ચાલનો છે અને મારા સાચા મંત્રીને ખોટી રીતે હેરાન કરવા માગે છે. આથી રાજાને નાયબ મંત્રી પર ખૂબ ગુસ્સો આવ્યો અને તેના ગળામાં પેલી નીસરણી બાંધી તેને આખા ગામમાં ફેરવ્યો. પછી તેને પદભ્રષ્ટ કરી દેશનિકાલની સજા કરી અને તેનું સ્થાન જૂના મંત્રીને આપ્યું આ રીતે અક્કલ મળવાથી પદભ્રષ્ટ મંત્રી ફરી પોતાનાં સ્થાને આવ્યો અને સુખી થયો. એટલે જ્ઞાનનુ મહત્ત્વ કદી પણ ઓછું આંકવું નહિ.

જ્ઞાનના પ્રકારો તથા બીજા ગુણો વિષે જ્ઞાની મહારાજે જોયું હશે તો હવે પછી કહેવાશે.



વ્યાખ્યાન નવમું

આત્માનો ખજાનો

[ચાલુ]

મહાનુભાવો !

વ્યાખ્યાનના પ્રારંભે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અને છત્રીશમું અધ્યયન યાદ કરી લઇએ, કારણ કે તે ચાલી રહેલા આત્માના વિષયનું ઉદ્‌ગમસ્થાન છે. લોકો નદી કરતાં નદીનાં મૂળને વધારે પવિત્ર માને છે અને તેથી જ નદીની પરકમ્મા કરતા કરતાં તેનાં મૂળ સુધી પહોંચે છે. દર વર્ષે હજારો લોકો હિમાલયનાં ગંગોત્રી-જમ્નોત્રી શિખરની યાત્રાએ જાય છે, તેનું મુખ્ય કારણ એ છે કે ગંગા અને જમના નદીનાં મૂળ ત્યાં માન છે.

ગઇ કાલે આત્માનો ખજાનો ખોલ્યો અને તેમાંનું ઝવેરાત તપાસવા માંડયું, ત્યાં જ્ઞાન-દર્શન આપણી નજરે ચડયા, તેમાં પણ જ્ઞાને આપણું ધ્યાન વિશેષ ખેંચ્યું. આજે આ જ્ઞાન વિષે જ તમને કંઈક વધુ કહેવું છે.

જ્ઞાન એ આત્મદ્રવ્યની વિશેષતા છે. તે તમને કોઇ જડ પદાર્થમાં મળશે નહિ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ અને પુદ્‌ગલાસ્તિકાય, એ પાંચ જડ છે. તે કોઇમાં જ્ઞાન હોતું નથી.

આત્મા જ્ઞાન વડે પદાર્થને જાણે છે અને જુએ છે, તેના પર શ્રદ્ધા કરે છે તથા હેય-ઉપાદેયનો વિવેક કરી ચારિત્ર-માર્ગમાં આગળ વધવાને શક્તિમાન થાય છે. એટલે જ્ઞાન એ ધાર્મિક પ્રગતિનું મૂળ છે, આધ્યાત્મિક વિકાસનો પાયો છે અને સિદ્ધિસોપાન ચડવાની નીસરણી છે. 'પઢમં નાણં તઓ દયા' 'નાણકરિયાહિં મોક્ખો' 'સમ્યગ્ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' વગેરે સૂત્રો જિનપ્રવચનમાં પ્રચલિત છે. તેનો અર્થ એ છે કે દયા, સંયમ અથવા કોઇ પણ પ્રકારની ધાર્મિક ક્રિયા કરવી હોય તો પ્રથમ જ્ઞાન જોઇએ. જ્ઞાન ન હોય તો એ ક્રિયાઓ બરાબર થઇ શકે નહિ. પોતાનું ખરું ફળ આપી શકે નહિ.

જીવોની દયા પાળવી, એવું ગુરુમુખેથી સાંભળ્યું, પણ જીવ કોને કહેવાય? અજીવ કોને કહેવાય? જીવનું લક્ષણ શું? જીવના પ્રકારો કેટલા? એ જાણવામાં ન આવે તો જીવની દયા શી રીતે પળાય? તે જ રીતે સંયમ તથા બીજી ક્રિયાઓમાં સમજી લેવાનું.

સંથારાપોરિસીમાં એક ગાથા આવે છે.

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ ।
સેસા મે બાહિરા ભાવા સવ્વે સંજોગલક્ખણા ॥

આ ગાથાનો અર્થ બરાબર સમજવા જેવો છે. આત્માનું અનુશાસન કેમ કરવું, આત્માને ઠેકાણે શી રીતે રાખવો? એ સંબંધમાં આ ગાથા કહેવાયેલી છે. ત્યાં પ્રથમ એમ ચિંતવવાનું છે કે 'એગોઽહં નત્થિ મે કોઇ-હું' આ જગતમાં

એકલો છું. મારું કોઇ નથી' 'नाहमन्नस्स कस्सई–તેમ હું પણ કોઇનો નથી.' જેનાં સગાંવહાલાં મરી પરવાર્યાં છે, તેઓ પણ દીન બનીને-રાંક બનીને આવો વિચાર કરે છે, પણ અહિં એવી દીનતાથી આ વિચાર કરવાનો નથી. અહીં તો આત્માની સાચી પરિસ્થિતિ સમજીને આ વિચાર કરવાનો છે. તેથી જ કહ્યું છે કે 'एवं अदीणमणसो अप्पाणमणुसासई–આ રીતે અદીન મનથી આત્માનું અનુશાસન કરે.'

પછી જે વિચારવાનું છે, તે આ ગાથામાં કહ્યું છે. 'एगो मे सासओ अप्पा–એક મારો આત્મા જ શાશ્વત છે.' આ આત્મા કેવો છે? 'नाणदंसणसंजुओ–જ્ઞાન અને દર્શનથી યુક્ત' જ્ઞાન અને દર્શન એ આત્માના સ્વાભાવિક ગુણો છે, એટલે તે કોઈ કાળે છૂટા પડતા નથી. માટે જ આત્માને જ્ઞાનદર્શન યુક્ત કહ્યો. અહીં કોઇને એવો પણ પ્રશ્ન થાય કે 'આત્મા જો એકલો જ છે, તો માતા, પિતા, ભાઇ, ભગિની, પત્ની, પરિવાર, સગાવહાલાં, સબંધીજનો, મિત્રો વગેરે શું છે? શું તે પોતાના નથી?' ત્યાં એમ સમજવાનું કે 'सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा–જ્ઞાન અને દર્શન સિવાયના બધા ભાવો બહિર્ભાવો છે, કારણ કે તે જન્મના સંયોગથી પ્રાપ્ત થયેલા છે, એટલે આ જન્મ પૂરતા જ છે, પણ બીજા જન્મ વખતે સાથે આવવાના નથી.' જેમને તમે 'મારા' 'મારા' કરો છો અને જેમને પાળવા, પોષવા તથા રાજી રાખવા માટે ન કરવાનાં કામો કરવાની હદે પહોંચી જાઓ છો, તે તમને બે ડગલાં વળાવીને જ પાછા ફરે છે, પણ તેમાંનું કોઈ સાથે આવતું નથી. ત્યારે

ધનમાલ શું સાથે આવે છે? ઘરેણાંના દાબડા, નોટોના બંડલો અને આલીશાન ઈમારતો બધું યે અહીં જ પડયું રહે છે. આત્મા આ વસ્તુઓના મોહથી દુઃખી થાય છે અને દુર્ગતિમાં જાય છે, એટલે આ બધા સંયોગો આત્માને દુઃખદાયી હોવાથી ત્યાજ્ય છે.

આત્મા એકલો આવ્યો અને એકલો જવાનો; એમાં કંઈ ફેર નથી.

આત્માની જ્ઞાનશક્તિ ઘણી મોટી છે. લોકો અણુબોંબ અને અણુશસ્ત્રોની વાત સાંભળીને ચકિત થઈ જાય છે, પણ એ શોધ્યાં કોણે? જ્ઞાને કે બીજા કોઈએ? અલબત્ત, આવા જ્ઞાનને આપણે અજ્ઞાન કહીએ છીએ, કારણ કે તે મિથ્યાત્વથી યુક્ત છે, પણ એ એક પ્રકારનું જ્ઞાન તો છે જ.

અણુશક્તિમાં પુદ્ગલના અણુનું સ્ફોટન કરવાની ગજબ શક્તિ મનાય છે, પણ આત્મા જ્ઞાનશક્તિ વડે કોડો વર્ષમાં સંચિત થયેલાં કર્મનાં ક્ષણ માત્રમાં ભુક્કા ઉડાડી દે છે. કહ્યું છે કે—

જ્ઞાની સાસોસાસમેં, કરે કર્મનો ખેહ;
પૂર્વ કોડી વરસા લગે, અજ્ઞાની કરે તેહ.

'અજ્ઞાની જે કર્મનો ક્ષય કોડો વર્ષના પરિશ્રમે કરી શકે છે, તે કર્મનો ક્ષય જ્ઞાની માત્ર શ્વા.સોચ્છવાસ જેટલા સમયમાં કરી નાખે છે.'

આને કોઈ અતિશયોક્તિ ન માનતા. અતિશયોક્તિ કવિઓ કરે. પણ જૈન મહર્ષિઓ ન કરે. તેઓ તો જેવું હોય

તેવું જ કહે. પરંતુ તમારી બુદ્ધિ દાખલા અને દલીલોથી ટેવાયેલી છે, એટલે દરેક બાબતમાં દાખલા-દલીલની ઇચ્છા રાખો છો. અમે પણ તમારી બુદ્ધિને સંતોષવા પૂરતા પ્રમાણમાં દાખલા-દલીલો આપીએ છીએ. આ વિષયમાં તમારાં મનનું સમાધાન એક દૃષ્ટાંતથી કરીશું.

ઇલાપુત્રનું દૃષ્ટાંત.

ધનદત્ત શેઠ બધી વાતે સુખી હતા. પણ તેમને એકે પુત્ર ન હતો. લોકો પુત્ર માટે શું નથી કરતા? અનેક જોશીઓને પૂછે છે, ભગત-ભૂવાને મળે છે તથા દેવ-દેવીઓની બાધા-આખડીઓ રાખે છે. આ પ્રમાણે ધનદત્ત શેઠે ઘણી બાધા-આખડીઓ રાખ્યા પછી ઇલાદેવીની કૃપાથી તેમને એક પુત્ર થયો, એટલે તેનું નામ ઇલાપુત્ર* રાખ્યું.

એકનો એક પુત્ર અને શ્રીમંત ઘર એટલે તેના લાડ કોડમાં શી મણા રહે? 'દિન દોગુના, રાત ચોગુના' એ રીતે ઉછરીને તે મોટો થયો અને અનુક્રમે યુવાવસ્થા પામ્યો. આ અવસ્થામાં મનુષ્યને વિષયાભિલાષા જાગે છે અને પૂર્વ સંસ્કારોનું બળ પૂરતા પ્રમાણમાં ન હોય તો તેના હાથે કેટલોક અનર્થ થાય છે. ઇલાપુત્રનું પણ તેમ જ બન્યું.

એક વાર નટ લોકો રમવા આવ્યા. તેમની એક યુવાન પુત્રીને જોઇને ઇલાપુત્ર મોહિત થયો. 'જો પરણું તો આ નટપુત્રીને જ પરણું.' એવી મનમાં ગાંઠ વાળી, પછી તે આમણો-દુમણો થતો એક તૂટેલી ખાટ પર સૂઈ રહ્યો માતા-

* જૈન સાહિત્યમાં અન્યત્ર ઇલાચીકુમાર એવું નામ પણ આવે છે.

પિતાએ તેને ઘણો મનાવ્યો, ત્યારે બોલ્યો કે 'આજે આપણા મકાનની નીચે જે નટ લોકો નાચતા હતા, તેમની પુત્રી મને પરણાવો તો હા, નહિ તો ના.'

પિતાએ કહ્યું: 'આપણે ત્યાં સુંદર કન્યાની કયાં ખોટ છે કે તું આ નટપુત્રીને પરણવાની ઇચ્છા રાખે છે?' પણ ઇલાપુત્ર સમજ્યો નહિ. આખરે ધનદત્ત શેઠે નટલોકોને બોલાવીને કહ્યું, કે 'તમારે લેવું હોય તેટલું ધન લો, પણ તમારી પુત્રી મારા પુત્રને પરણાવો.' નટલોકોએ કહ્યું: શેઠ! અમે અમારી પુત્રીને વેચવા ઇચ્છતા નથી. પરંતુ તમારો પુત્ર જો અમારી સાથે રહે અને અમારી બધી વિદ્યાઓ શીખી કોઈ રાજાને રીઝવે અને તેની પાસેથી મોટું ઇનામ મેળવે, તો તેને અમારી પુત્રી પરણાવીએ.

આ શરતને નામોશીભરેલી ગણી ધનદત્ત શેઠે તેનો સ્પષ્ટ ઈન્કાર કર્યો, પણ ઇલાપુત્રનું મન નટડીમાં ચોંટયું હતું એટલે તેણે એ શરત સ્વીકારી લીધી અને માતપિતા તથા ધનવૈભવનો ત્યાગ કરી નટની સાથે ચાલી નીકળ્યો. મોહથી મનુષ્યનાં મનમાં કેવી વ્યાકુળતા પેદા થાય છે, તેનો આ નમુનો છે.

નટોની સાથે રહેતાં ઇલાપુત્ર તેમની બધી વિદ્યાઓ શીખી ગયો અને રાજાને રીઝવવાના ઈરાદાથી તે બેનાતટ નગરે આવ્યો. ત્યાં રાજાની રજા લઈ રાજમહેલની પાસેના ચોકમાં ખેલ કરવા લાગ્યો. આજે સર્કસના ખેલ જોઇ લોકો રસ્તામાં આંગળા નાખે છે, પણ આપણા નટલોકોના ખેલો તેના કરતાં ઘણા ચડિયાતા હતા. વાંસ પર વાંસ બાંધે અને તેના પર

પણ વાંસ બાંધે, પછી માથે સાત બેડાની હેલ લઈ તેના પર ચડી જાય. તેમાં ન તો તેનો પગ લથડે કે ન એકે બેડું ફૂટે. તે જ રીતે હાથમાં છરા, જમૈયા કે તલવાર લે અને વાંસ પર ચડી તેના અનેક પ્રકારના ખેલો કરી બતાવે. ઈલાપુત્રે પણ આવા અદ્‌ભુત ખેલો કરવા માંડયા. રાજા અને રાણી આ ખેલો જોવા માટે ઝરૂખે આવીને બેઠાં અને લોકો ચોકમાં ટોળે મળ્યા.

ઈલાપુત્ર વાંસ પર ચડયો છે અને નટપુત્રી પગમાં ઘુઘરા બાંધી, કિન્નર સાદે ગાયન ગાતી, ઢોલ બજાવી રહી છે. 'આ ખેલથી રાજા જરૂર રીઝશે અને નટપુત્રી સદાને મારી થશે.' એવો ઇલાપુત્રને દૃઢ વિશ્વાસ છે, પણ રાજાએ નટપુત્રીનું અદ્‌ભૂત સૌંદર્ય જોયું, ત્યારથી એની દાનત બગડી છે. તે એવો વિચાર કરે છે કે 'જો આ નટ વાંસ પરથી નીચે પડે અને મૃત્યુ પામે તો આ નટપુત્રીને હું મારા અંતઃપુરમાં બેસાડી દઉં.' આ પણ કર્મની એક વિચિત્રતા જ ગણાય ને! જેને રીઝવવો છે, જેને રીઝવીને મોટું ઈનામ લેવું છે, તે જ મનમાં દુષ્ટ વિચાર કરી રહ્યો છે.

ઈલાપુત્રે ખેલ ઘણો અદ્‌ભૂત કર્યો અને લોકો ખૂબ રાજી થયા; પણ રાજા રીઝયો નહિ. એટલે તે ફરી વાર વાંસ પર ચડયો. છતાં યે પરિણામ પહેલાં જેવું જ આવ્યું. જો રાજા રીઝે નહિ, તો જેને માટે બાર બાર વરસ મહેનત કરી હતી, તે બધી ફોગટ જાય, એટલે ઈલાપુત્ર ત્રીજી વાર, ચોથી વાર વાંસ પર ચડયો અને પોતાની વિદ્યાનું પાણી

બતાવવા લાગ્યો, પણ જેણે પહેલેથી જ મનમાં ગાંઠ વાળી હોય તે શેનો રીઝે ?

લોકો વિચાર કરે છે કે આવા અદ્‌ભુત ખેલ છતાં રાજા કેમ રીઝતો નથી ? જરૂર દાળમાં કંઈક કાળું છે. રાણીને પણ રાજાનું આ વલણ ઊંડા વિચારમાં મૂકી દે છે અને રખે રાજાની દાનત પેલી નટપુત્રી પર પડી હોય, એવી શંકા તેનાં મનમાં પેદા કરે છે.

છેવટે ઇલાપુત્ર પાંચમી વાર વાંસ પર ચઢયો અને જીવ સટોસટનો ખેલ કરવા લાગ્યો. ત્યાં તેની નજર બાજુની હવેલીમાં ગઈ. ત્યાં એક અત્યંત રૂપવતી નવ યૌવના સ્ત્રી હાથમાં મોદકનો થાળ લઈને ઉભી છે અને મુનિરાજને તે ગ્રહણ કરવા વિનંતિ કરી રહી છે, પણ મુનિરાજ મોદક લેતા નથી કે આંખ ઊંચી કરીને પેલી સ્ત્રી સામું જોતા પણ નથી.

જ્ઞાન થવામાં પણ કંઈક નિમિત્ત જોઈએ, તે ઇલાપુત્રને મળી ગયું. તે વિચાર કરવા લાગ્યો કે 'પોતે યુવાન છે, સામે રૂપવતી સ્ત્રી છે અને એકાંતનો યોગ છે, છતાં તેમનું રૂંવાડું ફરકતું નથી અને હું એક નટડીના પ્રેમમાં પાગલ બનીને ઠેર ઠેર ભટકી રહ્યો છું. ધિક્કાર હો મારી જાતને ! ફીટકાર હો મારી આ મોહાંધ દશાને ! હું આ ખુંખ્વાર રાજાને રીઝવવા મારી જીંદગીને હોડમાં મૂકી રહ્યો છું એ પણ મૂર્ખતાની પરાકાષ્ટા છે. હું ઘણું ભૂલ્યો, પણ હવે મારી બાજી સુધારી લઈશ.

ઇલાપુત્રને ભોગની નિઃસારતા સમજાઇ અને આત્મા

પ્રત્યેનું કર્તવ્ય યાદ આવ્યું. આનું નામ જ ખરું જ્ઞાન. એ જ્ઞાનનો ઝળહળાટ જેમ વધતો ગયો, તેમ તેનો કર્મરાશિ નાશ પામવા માંડયો. હજી તે વાંસ પર જ છે, લોકો તેને ખેલ કરતો જોઇ રહ્યા છે, એવામાં રંગ બદલાઇ ગયો. ક્રોડો વર્ષોથી ઉપાર્જિત કરેલાં કર્મો નાશ પામ્યાં અને તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ ક્ષણે ચમત્કાર ખડો થયો, વાંસ મટીને સિંહાસન બની ગયો અને ઇલાપુત્ર કેવળી તેના પર બિરાજેલા સહુના જોવામાં આવ્યા. દેવોએ ત્યાં જ્ઞાન-મહોત્સવ કરવા માંડયો.

આ જોઇ રાણી વિચાર કરવા લાગી કે 'આટઆટલી રૂપાળી રાણીઓ અંતઃપુરમાં હોવા છતાં રાજાનું મન એક નટપુત્રીમાં ગયું, માટે આ સંસાર જ અસાર છે,' આ રીતે તેનાં હૃદયમાં જ્ઞાનની જ્યોતિ પ્રકટી અને તે પ્રતિક્ષણે વધવા લાગી, એટલે તેનાં ઘાતીકર્મોનો પણ નાશ થયો અને તે કેવલજ્ઞાન પામી.

આ દૃશ્ય જોતાં રાજાનું હૃદય પણ પલટાયું અને તેને પોતાની અધમતા માટે તિરસ્કાર છૂટયો. તેની આંખમાંથી પશ્ચાત્તાપનાં આસું ટપ ટપ ટપકવા લાગ્યા. તેને પણ આ સંસાર અસાર ભાસ્યો અને તેમાંથી આત્માને ઉગારી લેવાની ભાવના પ્રકટી. આ ભાવનાના પ્રતાપે તે પણ થોડી ક્ષણોમાં ઘાતીકર્મોનો નાશ કરી કેવલજ્ઞાની બન્યો.

આ બાજુ નટડી વિચાર કરે છે કે 'હું જ બધા અનર્થનું મૂળ છું. મારાં રૂપે જ આ ઇલાપુત્રને ઘેલો કર્યો

અને રાજાની દાનત બગડી, માટે ધિક્કાર હો આ રૂપને ! હવે મારે આ નટવિદ્યાથી પણ સર્યું ! હું સાધુતાના માર્ગે સંચરીશ અને મારું કલ્યાણ કરીશ' જ્ઞાનનો ઉદય અજ્ઞાનનો નાશ કરે છે, મોહનો પરાજય કરે છે, એટલે નટડીના હૃદયમાં પણ ભારે પરિવર્તન થયું અને શુભ ભાવના ભાવતાં તે પણ કેવલજ્ઞાન પામી. પછી તે ચારે કેવળીઓએ જગતને ધર્મનો બોધ આપી મહા ઉપકાર કર્યો.

તાત્પર્ય કે જે કર્મને અજ્ઞાની કોડો વર્ષમાં ખપાવી શકતો નથી, તે જ્ઞાની માત્ર શ્વાસોચ્છ્વાસમાં ખપાવી દે છે અને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિનો અધિકારી બને છે.

જ્ઞાનની આરાધના.

દરેક વર્ષે જ્ઞાનપંચમી આવે છે અને જ્ઞાનની આરાધના ઉત્કટ ભાવે કરવાનો સાદ દઈ જાય છે, પણ એ સાદને કોણ-કેટલો સાંભળે છે? જો એ સાદ સાંભળતા હોઈએ તો આપણી સ્થિતિ આવી ન હોય. ધર્મશાસ્ત્રનું જ્ઞાન નથી, આત્માનું જ્ઞાન નથી, કર્તવ્યનું જ્ઞાન નથી, ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયનો વિચાર પણ બહુ થોડાને આવે છે, જો સાચું જ્ઞાન વધે તો આ પરિસ્થિતિ દૂર થાય અને ઉદ્ધારનો માર્ગ મોકળો બની જાય.

જ્ઞાન પાંચ પ્રકારનું છે, એ વાત ગઈ કાલે કહેવાઈ ગઈ છે. આજે તેના ભેદો પર પ્રકાશ પાડીશું, જેથી જ્ઞાનનું સ્વરૂપ તમારી સમજમાં બરાબર આવી જશે.

મતિજ્ઞાનના ભેદો.

મતિજ્ઞાન ચાર પગથિયે થાય છે, એટલે તેના મુખ્ય ભેદો ચાર છે. (૧) અવગ્રહ, (૨) ઈહા. (૩) અપાય અને (૪) ધારણા.

અર્થને એટલે જાણવા યોગ્ય પદાર્થને ગ્રહણ કરવો તે અવગ્રહ તેમાં પ્રથમ વ્યંજન (પૌદ્ગલિક સામગ્રી) ગ્રહણ કરાય છે અને પછી 'કંઈક' એવો અવ્યક્ત બોધ થાય છે. એટલે અવગ્રહના પણ વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એવા બે પ્રકારો છે. ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ થતો નથી, કારણ કે તે અપ્રાપ્યકારી છે. અપ્રાપ્યકારી એટલે વસ્તુને પ્રાપ્ત કર્યા વિના જ તેનો બોધ કરનાર. ચક્ષુ દૂર રહેલા વૃક્ષ, પર્વત તથા ચંદ્રસૂર્યાદિને જોઇ શકે છે અને મન અહીં બેઠું દૂરસુદૂરના વિચારો કરી શકે છે.

'આ શું હશે?' એવો તે વિચાર ઈહા, 'આ અમુક વસ્તુ છે' એવો નિર્ણય તે અપાય, અને તેનું અવધારણ કરવું એટલે યાદ રાખવું તે ધારણા.

તમને એમ થશે કે આપણે તો ઘોડાને જોતાં જ આ ઘોડો છે, એમ જાણી જઇએ છીએ. તેમાં આ ચાર પગથિયાં શી રીતે મંડાતાં હશે? પણ એ અવશ્ય મંડાય છે. ચિર-પરિચિત વસ્તુમાં આપણો ઉપયોગ ઘણો ઝડપી હોવાથી બધાં પગથિયાંનો ખ્યાલ આવતો નથી, પણ કોઇ અજાણી વસ્તુ જોઇએ, ત્યારે એ ખ્યાલ બરાબર આવે છે. માનો કે સાંજ વેળાએ તમે એક ખેતરમાં થઇને પસાર થઈ રહ્યા છો ત્યાં દૂર કંઈક દેખાય છે, એટલે તમે બરાબર નજર માંડો છો

અને વિચાર કરો છો કે 'આ શું હશે? શું એ કોઈ ઝાડનું ઠુંઠું હશે કે મનુષ્ય?' પછી તમે એવો વિચાર કરો છો કે 'માણસ હોય તો કંઈક હલનચલન થાય, વળી તેનો ઉપરનો ભાગ નીચેના ભાગ કરતાં પ્રમાણમાં નાનો હોય, ત્યારે આ તો તદ્દન સ્થિર જણાય છે અને તેનો ઉપરનો ભાગ નીચેના ભાગ કરતાં પ્રમાણમાં કંઈક મોટો લાગે છે, માટે તે ઝાડનું ઠુંઠું જ છે.' પછી તમે યાદ રાખી લો છો કે 'મેં ઝાડનું ઠુંઠું જ જોયું'. આ રીતે તમને અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એ ચારે પગથિયાં અહીં સ્પષ્ટ સમજાય છે.

એ પ્રકારના અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એ પાંચને પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠાં મનથી ગુણીએ તો ૩૦ ની સંખ્યા આવે, પણ તેમાં ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ હોતો નથી, એટલે મતિજ્ઞાનના કુલ ૨૮ ભેદો ગણાય છે* આ ભેદો જ્ઞાનપ્રાપ્તિના ક્રમને અનુલક્ષીને માનવામાં આવ્યા છે,

* મતિજ્ઞાનના જે ૨૮ ભેદો થાય છે, તે બધા ક્ષયોપશમ અને વિષયની વિવિધતાથી બાર બાર જાતના થાય છે.

(૧) બહુગ્રાહી, (૨) અલ્પગ્રાહી, (૩) બહુવિધગ્રાહી, (૪) અલ્પ-વિધગ્રાહી, (૫) ક્ષિપ્રગ્રાહી, (૬) અક્ષિપ્રગ્રાહી, (૭) અનિશ્રિતગ્રાહી, (૮) નિશ્રિતગ્રાહી. (૯) અસંદિગ્ધગ્રાહી, (૧૦) સંદિગ્ધગ્રાહી, (૧૧) ધ્રુવગ્રાહી, (૧૨) અધ્રુવગ્રાહી.

એટલે મતિજ્ઞાનના કુલ ૨૮ × ૧૨ = ૩૩૬ ભેદોની ગણના પણ શાસ્ત્રમાં થએલી છે. આ ભેદોના અર્થ-વિવેચન માટે જુઓ તત્ત્વાર્થ સૂત્રનો પ્રથમ અધ્યાય, સૂત્ર ૧૬.

પરંતુ મતિ એટલે બુદ્ધિના પ્રકારો જોઈએ તો ચાર છે. ૧ ઔત્પત્તિકી, ૨ વૈનેયિકી, ૩ કાર્મિકી અને ૪ પારિણામિકી. જે બુદ્ધિ સૂત્ર, ગુરુ કે વડીલની મદદ વિના જન્માંતરીય સંસ્કારોની ક્ષયોપશમની તીવ્રતાને લીધે વસ્તુના યથાર્થ મર્મને પકડી શકે છે અને તેના યોગ્ય ઉપાયો યોજી શકે છે, તે ઔત્પત્તિકી. જે બુદ્ધિ ગુરુ અને શાસ્ત્રનો વિનય કરવાથી પ્રગટે છે, તે વૈનયિકી. જે બુદ્ધિ કર્મ એટલે વારંવારના અભ્યાસથી ઉત્પન્ન થાય છે, તે કાર્મિકી; અને જે બુદ્ધિ અનુભવથી પાકટ થયેલી હોય છે, તે પારિણામિકી

બુદ્ધિના આ ચારે પ્રકારોનું સ્વરૂપ તેનાં દૃષ્ટાંતોથી ખ્યાલમાં આવી જશે.

ઔત્પત્તિકી બુદ્ધિ.

ગામડાનો એક ખેડૂત કાકડીનું ગાડું ભરીને નજીકના શહેરમાં વેચવા ગયો. ત્યાં એક ચાલાક માણસે આવીને કહ્યું કે જો કોઈ માણસ આ ગાડાની બધી કાકડીઓ ખાઈ જાય તો તેને શું આપે?' આ તે કંઈ બનતું હશે? એમ માનીને પેલા ખેડૂતે કહ્યું કે 'જો કોઈ એમ કરે તો તેને આ નગરના દરવાજામાંથી બહાર નીકળી શકે નહિ એવો લાડું આપું.'

ચાલાક માણસે એ શરતનો સ્વીકાર કર્યો અને તેનાં ગાડામાં ભરેલી બધી કાકડીઓ જરા જરા ચાખી લીધી. પછી તે ખેડૂત એ કાકડીઓ વેચવા લાગ્યો, ત્યારે લોકોએ કહ્યું કે 'આ બધી કાકડીઓ ખાધેલી છે.' પેલા ચાલાકે આ શબ્દો પકડી લીધા અને ખેડૂતને જણાવ્યું કે 'મારી શરત મેં પૂરી કરી છે, માટે તારી શરત તું પૂરી કર.'

ખેડૂતે તો માનેલું કે આવો લાડુ આપવાનો વખત જ આવવાનો નથી, એટલે તે સંબંધી તેણે કંઇ વિચાર કરેલો નહિ, પણ હવે તે ગભરાયો અને પેલાને શરતમાંથી મુક્ત કરવા માટે પચીસ રૂપિયા આપવા લાગ્યો. પરંતુ પેલાએ તેનો સ્વીકાર કર્યો નહિ. ખેડૂતે તેને પચીસને બદલે પચાસ રૂપિયા આપવાની વાત કરી, સો રૂપિયા આપવાની વાત કરી, પણ પેલો માન્યો નહિ. છેવટે ખેડૂતે વિચાર કર્યો કે 'આ ધૂર્ત મને છોડવાનો નથી. માટે કોઇ બુદ્ધિશાળીને શોધી કાઢું અને આનો ઉપાય પૂછું' પછી તે એક બુદ્ધિશાળી માણસ પાસે ગયો કે જે તેની ઔત્પત્તિકી બુદ્ધિ માટે પંકાતો હતો. તે બુદ્ધિમાને ખેડૂતની બધી વાત સાંભળીને કહ્યું કે આમાં ગભરાય છે શું? આ તો બહુ સહેલી વાત છે. તું એ માણસને એવો લાડું આપી શકીશ કે જે નગરના દરવાજામાંથી બહાર નીકળી શકે નહિ.' પછી તેણે શું કરવું તે જણાવ્યું.

હવે તે ગામડીઓ કંદોઈની દુકાનેથી મૂઠીમાં સમાય તેવો એક લાડું લઇને પેલા ધૂર્ત તથા નગરલોકો સાથે શહેરના દરવાજે ગયો અને તે લાડુને દરવાજા વચ્ચે મૂકીને કહેવા લાગ્યો કે 'હે લાડુ! તું આ નગરના દરવાજામાંથી બહાર નીકળ.' પણ લાડુ નગરના દરવાજામાંથી બહાર નીકળી શકયો નહિ, એટલે તેણે એ લાડુ ધૂર્તને આપતાં જણાવ્યું કે 'આ લાડુ એવો છે કે જે નગરના દરવાજામાંથી બહાર નીકળી શકે એવો નથી.'

પેલો શું બોલે? શેરને માથે સવાશેર બરાબર મળી ગયો હતો.

વૈનેયિકી બુદ્ધિ,

એક રાજા સૈન્ય લઈને વિજયયાત્રા કરવા નીકળ્યો. તે દંડમજલ કરતો એક જંગલમાં આવી પહોંચ્યો. ત્યાં બધાં તૃષાતુર થઈને પાણીની શોધ કરવા લાગ્યા, પણ પાણી મળ્યું નહિ. આખરે એક વૃદ્ધ સૈનિકે કહ્યું કે 'ગધેડાઓને છૂટા મૂકો. તે ભૂમિ સૂંઘતાં જે સ્થળે પહોંચશે, ત્યાંથી પાણી મળી આવશે' સૈન્યમાં ભાર ઉંચકવા માટે કેટલાંક ગધેડાં પણ રાખવામાં આવ્યાં હતાં, તેને રાજાએ છૂટાં મૂકી દેવાનો હુકમ કર્યો. આ ગધેડાં ભૂમિ સૂંઘતાં સૂંઘતાં એવા સ્થળે પહોંચ્યાં કે જ્યાં પાણીથી ભરેલું એક તળાવ હતું. એ તળાવનું પાણી પીને રાજાએ તથા સૈન્યે પોતાના પ્રાણ બચાવ્યા. અહીં વૃદ્ધ સૈનિકની બુદ્ધિને વૈનયિકી જાણવી, કારણ કે તેણે આ બુદ્ધિ વડીલોનો વિનય કરીને મેળવી હતી.

કાર્મિકી બુદ્ધિ.

ઘાણી ચલાવવી અને લોકોને તેલ આપવું, એ ધાંચીનો ધંધો. ધાંચણ રોજ થડે બેસતી અને લોકોને જોઈતું તેલ આપતી. એમ કરતાં તેને જોઇતું તેલ આપવાનો ખૂબ મહાવરો પડી ગયો.

એકવાર કંઇ કામે તે મેડી ઉપર ગઈ અને નીચે ઘરાકો આવી પહોંચ્યા. તેઓ કહેવા લાગ્યા કે 'આ ઘરાકીટાણે ધાંચણ કયાં ગઈ? અમારે કયાં સુધી રોકાવું?' ધાંચણે ઉપર રહ્યાં આ શબ્દો સાંભળ્યા, એટલે તે બોલી કે 'જેને તેલ લેવું હોય તે આ બારી નીચે આવો. જેને જેટલું જોઇશે તેટલું આપીશ.' એટલે તેલ લેનારા બારી નીચે ગોઠવાઈ ગયા.

પહેલાએ કહ્યું: 'એક શેર' એટલે ઘાંચણે ઉપરથી તેલની ધાર કરી. તેનાથી વાસણમાં બરાબર એક શેર તેલ પડયું. ન ઓછું કે વધારે. વળી તેણે ધાર એવી કરી કે તેનું એક ટીપું પણ બહાર પડયું નહિ. આ રીતે જે ઘરાકે જેટલું તેલ માંગ્યું. તેટલું તેણે બરાબર આપ્યું. આ તેની કાર્મિકી બુદ્ધિ જાણવી.

પારિણામિકી બુદ્ધિ.

રાજાને ત્યાં નાના-મોટા અનેક સેવકો હોય છે. તેમાંથી એક વાર તરુણ સેવકોએ રાજાને કહ્યું કે 'મહારાજ! સફેદ વાળવાળા અને જીર્ણ શરીરવાળા વૃદ્ધોને નોકરીમાં ન રાખતાં જે તરુણ હોય તેને જ નોકરીમાં રાખો, જેથી આપનો મહેલ શોભશે'

રાજા ઠરેલ હતો, અર્થાત્ પારિણામિકી બુદ્ધિવાળો હતો. તેણે કહ્યું: 'હું તમારી વાત ધ્યાનમાં રાખીશ.'

આ વાતને થોડા દિવસ વીતી ગયા પછી રાજાએ તરુણ સેવકોને ભેગા કરીને પૂછયું કે 'મને લાત મારનારને શું શિક્ષા કરવી જોઇએ?' તરુણ સેવકોએ તરત જવાબ આપ્યો કે 'એને શૂળીની શિક્ષા કરવી જોઇએ.' પછી રાજાએ વૃદ્ધ સેવકોને ભેગા કરીને એ જ સવાલ પૂછયો, ત્યારે તેમણે કહ્યું કે 'અમને થોડો સમય આપો. વિચારીને ઉત્તર આપીશું.'

બધા વૃદ્ધ સેવકો ભેગા થઇને વિચાર કરવા લાગ્યા કે 'રાજાને લાત કોણ મારી શકે? કાં તો રાણી કે કાં તો

તેમના બાળકુંવર માટે તેનો તો સત્કાર કરવો જોઇએ.' થોડીવારે તેમણે જવાબ આપ્યો કે 'મહારાજ! આપને લાત મારનારનો સત્કાર કરવો જોઇએ'

આશય પ્રમાણે જવાબ મળવાથી રાજા ખુશ થયો અને તેણે તરૂણ સેવકોને આ જવાબનો હવાલો આપીને કહ્યું કે 'હવે તમે જ કહો કે મારે તરુણ નોકરોને નોકરીમાં રાખવા કે કેમ?'

તરુણ સેવકો શું જવાબ આપે? તેમણે મનથી રાજાની તથા વૃદ્ધોની ઠરેલ બુદ્ધિની પ્રશંસા કરી.

મતિજ્ઞાનનો વિષય અહીં પૂરો થાય છે. હવે શ્રુતજ્ઞાનના ભેદો વિચારીએ.

શ્રુતજ્ઞાન કોને કહેવાય? તે અમે ગઈ કાલે જણાવ્યું છે. જે જ્ઞાન પુસ્તક વાંચીને, ગુરુનો ઉપદેશ સાંભળીને કે શબ્દનાં નિમિત્તથી થાય તે શ્રુતજ્ઞાન કહેવાય છે. આપણાં જ્ઞાનનો બહુ મોટો ભાગ આ રીતે પ્રાપ્ત થાય છે, એટલે તેનું મહત્ત્વ ઘણું છે. શાસ્ત્રકારોએ ચાર જ્ઞાનને મૂંગા કહ્યા અને શ્રુતને બોલતું કહ્યું, તે આજ કારણે. કેવળી ભગવંતો કેવળજ્ઞાનથી બધું જાણી શકે, પણ તેનું વ્યાખ્યાન તો શબ્દ દ્વારા જ કરે છે.

શ્રુતજ્ઞાનના ચૌદ ભેદો માનવામાં આવ્યા છે. તેનો તમને સામાન્ય પરિચય કરાવી દઇએ. આ ભેદો જાણવાથી તમને શ્રુતજ્ઞાનને લગતી પરિભાષા બરાબર સમજાઇ જશે.

વિવિધ પ્રકારની લિપિઓ એટલે અક્ષરો વડે જે જ્ઞાન

થાય તે **અક્ષરશ્રુત** કહેવાય અને અક્ષરના ઉપયોગ વિના એટલે હાથ-પગના ઈશારાથી, ડોકું હલાવવાથી, ચપટી વગાડવાથી ખોંખારો ખાવા વગેરેથી જે જ્ઞાન થાય તે **અનક્ષરશ્રુત** કહેવાય.

અસંજ્ઞી જીવોનું જે શ્રુતજ્ઞાન તે **અસંજ્ઞીશ્રુત** કહેવાય. એકેન્દ્રિયથી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના જીવો અસંજ્ઞી છે. અને બાકીના પંચેન્દ્રિય જીવો સંજ્ઞી છે, એટલે સંજ્ઞી જીવોનું જે શ્રુતજ્ઞાન તે **સંજ્ઞીશ્રુત** કહેવાય.

સમ્યકત્વધારીનું રચેલું શ્રુત તે **સમ્યકૂશ્રુત** કહેવાય અને મિથ્યાત્વીઓનું રચેલું શ્રુત તે **મિથ્યાશ્રુત** કહેવાય.

જે શ્રુતની આદિ હોય તે **સાદિશ્રુત** કહેવાય અને આદિ ન હોય તે **અનાદિશ્રુત** કહેવાય. જે શ્રુતનો અંત હોય તે **સપર્યવસિતશ્રુત** કહેવાય અને અંત ન હોય તે **પર્યવસિતશ્રુત** કહેવાય.

સાદિ, અનાદિ, સપર્યવસિત અને અપર્યવસિત શ્રુતનો વિચાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ કરવાનો છે. એક વ્યક્તિની અપેક્ષાએ શ્રુતજ્ઞાન આદિ અને અંતવાળું છે, એટલે તે સાદિ અને સપર્યવસિત છે અને અનેક વ્યક્તિની અપેક્ષાએ તે આદિ અને અંતવાળું નથી, એટલે અનાદિ-અપર્યવસિત છે. ક્ષેત્રની અપેક્ષાએ પાંચ ભરત અને પાંચ ઐરવતમાં સાદિસપર્યવસિત શ્રુત છે અને મહાવિદેહમાં અનાદિઅપર્યવસિત શ્રુત છે. કાલની અપેક્ષાએ ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં સાદિસપર્યવસિત શ્રુત છે અને નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી (મહાવિદેહ ક્ષેત્રમાં આવો કાળ છે)માં અનાદિ અપર્યવસિત શ્રુત છે. ભાવની અપેક્ષાએ ભવ્ય જીવો માટે

સાદિસપર્યવસિત શ્રુત છે, અભવ્ય જીવો માટે અનાદિ અપર્યવસિત શ્રુત છે.

જેમાં સરખા આલાપકો હોય તેવું દૃષ્ટિવાદ (બારમા અંગ)નું શ્રુત તે **અંગમિકશ્રુત** કહેવાય અને જેમાં સરખા આલાપકો નથી, તેવું દૃષ્ટિવાદ સિવાયનું બીજું શ્રુત તે **અગમિકશ્રુત** કહેવાય.

શ્રીગૌતમસ્વામી વગેરે ગણધર ભગવંતોએ રચેલું તે **અંગપ્રવિષ્ટશ્રુત** કહેવાય અને શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે સ્થવિર ભગવંતોએ રચેલું તે **અંગબાહ્યશ્રુત** કહેવાય. દ્વાદશાંગી એ અંગપ્રવિષ્ટશ્રુત છે અને ઉપાંગો, પયન્ના વગેરે અંગબાહ્યશ્રુત છે.

શાસ્ત્રોનું જ્ઞાન સાંભળવાથી મળે છે, તેથી તેને શ્રુત કહેવામાં આવે છે. આપણું શ્રુત-સાગર જેટલું વિશાળ છે, એટલે તેને શ્રુતસાગરની ઉપમા અપાય છે.* જ્ઞાનને લગતો જે આઠ પ્રકારનો આચાર છે, તે આ શ્રુતજ્ઞાન અંગે સમજવાનો છે.

શ્રુત યોગ્ય કાલે ભણવું, તે કાલ નામનો જ્ઞાનાચાર; શ્રુત ગુરુ અને શાસ્ત્રના વિનયપૂર્વક ગ્રહણ કરવું, તે વિનય નામનો જ્ઞાનાચાર; શ્રુત ગુરુ અને શાસ્ત્ર પ્રત્યેના બહુમાનપૂર્વક ગ્રહણ કરવું, તે બહુમાન નામનો જ્ઞાનાચાર; શ્રુત ઉપધાનપૂર્વક ગ્રહણ કરવું તે ઉપધાન નામનો જ્ઞાનાચાર. ઉપધાન તો આજે ખૂબ થઇ રહ્યાં છે, એટલે તેનું સ્વરૂપ તમે જાણતા જ હશો.

જ્ઞાન આપનાર ગુરુનું નામ, જાતિ વગેરે છૂપાવવા નહિ, તે અનિહ્નવતા નામનો જ્ઞાનાચાર; સૂત્રપાઠના અક્ષરો હોય

* શ્રી હરિભદ્રસૂરિએ શ્રી મહાવીરસ્તુતિ અપરનામ સંસારદાવાનલ સ્તુતિનાં બીજા પદ્યમાં 'सारं वीरागमजलनिधिं सादरं साधु सेवे।' એ શબ્દોથી આગમોની સરખામણી સાગર સાથે કરેલી છે, અન્યત્ર પણ તેમણે જિનાગમોને સાગર સદશ કહ્યાં છે.

તે પ્રમાણે જ ગ્રહણ કરવા, તે વ્યંજન નામનો જ્ઞાનાચાર; સૂત્રપાઠનો અર્થ હોય તે પ્રમાણે જ ગ્રહણ કરવો, તે અર્થ નામનો જ્ઞાનાચાર અને અક્ષરો તથા અર્થ ઉભય શુદ્ધ પ્રકારે ગ્રહણ કરવા, તે તદુભય નામનો જ્ઞાનાચાર.

જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે અને કાંકરે કાંકરે પાળ બંધાય છે, તેમ થોડું થોડું શીખતાં ઘણું જ્ઞાન મળી શકે છે, તેથી જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છાવાળાએ રોજ થોડો શાસ્ત્રાભ્યાસ અવશ્ય કરવો. તમે સાંભળ્યું હશે કે—

देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने ॥

'ગૃહસ્થે છ કર્તવ્યો હંમેશાં કરવા લાયક છે. પહેલું દેવપૂજા, બીજું ગુરુની સેવા, ત્રીજું સ્વાધ્યાય એટલે શાસ્ત્રનો અભ્યાસ, ચોથું સંયમ, પાંચમું તપ અને છટ્ઠું દાન,' એટલે શાસ્ત્રાભ્યાસ એ માત્ર સાધુઓનું જ નહિ પણ તમારું યે નિત્ય કર્તવ્ય છે. તમે અધિકાર મુજબના ગ્રંથો વાંચી શકો છો.

અવધિજ્ઞાન વગેરેના ભેદો.

અવધિ, મનઃપર્યવ અને કેવળ એ ત્રણે ઉચ્ચ કોટિનાં જ્ઞાનો છે. તે મનુષ્યોને સંયમ તથા તપના પ્રભાવે પ્રગટ થાય છે. દેવો તથા નારકીના જીવોને અવધિજ્ઞાન ભવપ્રત્યય એટલે કે ભવનાં નિમિત્તથી સહજ હોય છે. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે એટલે આત્મા દૂર-સુદૂર રહેલાં રૂપી દ્રવ્યોને જોઈ-જાણી શકે છે.

અવધિજ્ઞાનના મુખ્ય ભેદો છ છે. **અનુગામી** એટલે અવધિજ્ઞાનવાળા પુરુષની સાથે જનારું. **અનનુગામી** એટલે સાથે નહિ જનારું. **વર્ધમાન** એટલે ઉત્તરોત્તર વૃદ્ધિ પામનારું

અને હીયમાન એટલે ઉત્તરોત્તર ઓછું થનારું. પ્રતિપાતી એટલે આવ્યા પછી ચાલ્યું જનારું અને અપ્રતિપાતી એટલે આવ્યા પછી કાયમ રહેનારું.*

આજના વિજ્ઞાને કલેરવોયન્સ વગેરે શક્તિઓને માન્ય રાખી છે, તે આ જ્ઞાનના પૂરાવારૂપ છે.

મનઃપર્યય જ્ઞાનના બે ભેદો છે. ઋજુમતિ અને વિપુલમતિ. તેમાં ઋજુમતિ મનોગત ભાવોને સામાન્યરૂપે જાણે છે અને વિપુલમતિ વિશેષ રીતે જાણે છે. આજે જેને ટેલીપથી કહેવામાં આવે છે, તે આવું જ્ઞાન હોવાની સાબીતી આપે છે.

કેવલજ્ઞાનમાં કોઇ ભેદ નથી, એટલે તે એક છે. આ રીતે મતિજ્ઞાનના ૨૮, શ્રુતજ્ઞાનના ૧૪, અવધિજ્ઞાનના ૬, મનઃપર્યયજ્ઞાનના ૨ અને કેવલજ્ઞાનનો ૧ મળી જ્ઞાનના કુલ ૫૧ ભેદો થાય છે.

આત્માના ખજાના વિષે હજી કેટલુંક કહેવાનું છે, તે અવસરે કહેવાશે.

જઘન્ય દેશાવધિનું ક્ષેત્ર ઉત્સેધાંગુલનો અસંખ્યાતમો ભાગ છે. ઉત્કૃષ્ટ દેશાવધિનું ક્ષેત્ર સંપૂર્ણ લોક છે અને અજઘન્યોત્કૃષ્ટ દેશાવધિનું ક્ષેત્ર એ બંનેની વચ્ચેનું છે, જે અસંખ્યાત પ્રકારનું છે.

જઘન્ય પરમાવધિનું ક્ષેત્ર એક પ્રદેશાધિકલોક છે. ઉત્કૃષ્ટ પરમાવધિનું ક્ષેત્ર અસંખ્યાત લોકપ્રમાણ છે અજઘન્યોત્કૃષ્ટ પરમાવધિનું ક્ષેત્ર એ બંનેની વચ્ચેનું છે.

સર્વાવધિનું ક્ષેત્ર ઉત્કૃષ્ટ પરમાવધિનાં ક્ષેત્રથી પણ અસંખ્યાત ગણું વધારે છે.

લોકથી અધિક ક્ષેત્ર હોતું નથી, કારણ કે ત્યાં એવો કોઇ પદાર્થ નથી કે જે અવધિજ્ઞાની જાણી શકે. તેથી અહીં લોકથી અધિકનો જે નિર્દેશ છે તે ઉત્તરોત્તર જ્ઞાનની સૂક્ષ્મતાનો સમજવો.



વ્યાખ્યાન દશમું

આત્માનો ખજાનો

[ચાલુ]

મહાનુભાવો !

સાગર સમા વિશાળ જૈન શ્રુતમાં અનેક રત્નો પડેલાં છે, તેમાંનું એક મહારત્ન તે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. તેનાં અધ્યયને અધ્યયનમાંથી પ્રજ્ઞાનો પવિત્ર પ્રકાશ ઝળહળે છે અને તે મુમુક્ષુઓને મોક્ષસાધનાનું સુંદર માર્ગદર્શન કરાવે છે. છત્રીસમાં અધ્યયનમાં અલ્પસંસારી આત્માનો વિષય આવ્યો, તે પરથી આપણે આત્મસ્વરૂપની ઊંડી વિચારણા કરવા માંડી. તેમાં બીજી અનેક બાબતો ઉપરાંત આત્માની અમરતા જોઈ, અખંડતા જોઈ, સંખ્યા તથા મૂલ્યનો પણ વિચાર કર્યો અને હવે તેના સમૃદ્ધ ખજાના તરફ વળ્યા છીએ. હાલ તે ખજાનો તપાસવાનું કામ ચાલી રહેલું છે.

આત્મા જેમ જ્ઞાનદર્શનથી યુક્ત છે, તેમ વીર્યથી પણ યુક્ત છે. વૈદકની પરિભાષામાં વીર્યનો અર્થ શુક્ર થાય છે, પણ અહીં તેનો અર્થ ક્રિયાશક્તિ સમજવાનો છે, આ ક્રિયાશક્તિ વડે આત્મા કોઇ પણ ક્રિયા કે પ્રવૃત્તિ કરવાને શક્તિમાન થાય છે. ખાવું, પીવું, સૂવું, ઉઠવું, બેસવું, ચાલવું, દોડવું, વિચારો કરવા, વાતો કરવી, આનંદવિનોદ કરવો,

ભોગવિલાસ કરવો, ધર્મની આરાધના કરવી વગેરે ક્રિયાઓ આત્માની આ શક્તિને લીધે જ સંભવે છે. જો આત્મામાં આ શક્તિ ન હોય તો આત્માનું કંઈ પણ સંભવે નહિ.

જડ વસ્તુઓમાં યંત્રાદિના પ્રયોગથી ક્રિયાશક્તિ ઉત્પન્ન થાય છે, પણ તે ક્રિયામાં અને આ ક્રિયામાં ઘણો મોટો તફાવત છે. યાંત્રિક ક્રિયામાં સંજ્ઞા (Instinct) વિચાર (Thought), લાગણી (Feeling) કે ઇચ્છા (Will) જેવું કંઇ હોતું નથી. માત્ર એકધારી ગતિ (Motion) હોય છે અને તે વેગ (Speed) પૂરો થતાં અટકી પડે છે, જ્યારે આત્મા વડે થતી ક્રિયામાં સંજ્ઞા, વિચાર, લાગણી કે ઇચ્છાનું તત્ત્વ હોય છે અને તેથી તેમાં વિવિધતા દેખાય છે.*

કૂતરાનું રમકડું ચાવી દેવાથી ચાલે-દોડે ખરૂં, પણ તે જીવંત કુરકુરિયાની જેમ ઇચ્છાપૂર્વકની વિવિધ ગતિ કરી શકે નહિ. જીવંત કુરકુરિયાને ચાલતાં આનંદ આવે તો તે પોતાની પૂંછડી પટપટાવે, કાન ઊંચાનીચા કરે કે જીભ બહાર કાઢે-પણ જડ રમકડું તેવું કશું કરી શકે નહિ.

મનુષ્ય, પશુ આદિ જીવંત પ્રાણીઓ ચાલીને કે દોડીને અમુક સ્થળે પહોંચી શકે છે, પણ જડ યંત્રો પોતાની મેળે ચાલીને કે ગતિમાન થઇને અમુક સ્થળે પહોંચી શકતા નથી.

---

* જે આત્માઓ હજી અવિકસિત સ્થિતિમાં છે તેમની ક્રિયાઓમાં વિચાર નહિ પણ સંજ્ઞા મુખ્ય હોય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર મુખ્ય સંજ્ઞાઓ છે. પ્રકારાંતરે દશ, પંદર અને સોળ સંજ્ઞાઓનો પણ શાસ્ત્રમાં ઉલ્લેખ છે.

મોટર પોતાની મેળે ચાલશે કે ગતિમાન થશે ખરી? મોટરમાં પેટ્રોલ ભરીને તેને ચાલતી કરી હોય અને એક દિશામાં છોડી મૂકી હોય તો શું પરિણામ આવે? મનુષ્ય, પશુ વગેરે જીવંત પ્રાણીઓ રસ્તામાં વળાંક આવતો હશે તો વળાંક લેશે, ખાડો આવતો હશે તો કૂદી જશે અને સામેથી માલની ભરેલી કોઇ લોરી આવતી હશે તો બાજુએ હઠી જશે. પણ મોટર નહિ તો વળાંક લે, નહિ તો ખાડો કૂદે કે નહિ તો બાજુએ હઠે. એ તો ચાલી એટલે ચાલી. પછી ભલે થોડી જ વારમાં અકસ્માત થાય અને તેના ભુક્કા ઉડી જાય. જો મોટર પોતાની મેળે જ કોઈ સ્થળે પહોંચી શકતી હોત તો ડ્રાઈવરની જરૂર રહેત નહિ. પણ દરેક મોટરને ડ્રાઇવર જોઇએ છે, તે એમ બતાવે છે કે તે પોતાની મેળે કોઈ પણ સ્થળે જઇ શકતી નથી. રેલ્વે, સ્ટીમર, સબમરીન, વિમાન વગેરે સર્વ યાંત્રિક વાહનોનું એમ જ સમજવું.

મનુષ્ય, પશુ વગેરે જીવંત પ્રાણીઓ અમુક સ્થળે જવું હોય તો રસ્તામાં થોભશે, આરામ કરશે, ખાશે-પીશે અને વળી પોતાનો માર્ગ કાપશે, પણ યંત્રથી ગતિમાન થયેલ જડ પદાર્થ તેમ કરી શકશે નહિ. બંદુકમાંથી ગોળી છૂટી એટલે સીધી નિશાન તરફ જ જવાની. તે રસ્તામાં કયાંય થોભે કે કયાંય આરામ કરે.

યંત્રબળથી ગતિ કરતું એક રોકેટ હમણાં ચંદ્રની સપાટી પર પહોંચ્યું કહેવાય છે. તે ત્યાં જઇને અથડાયું કે ઉતર્યું? જો તેમાં જીવંત ક્રિયાશક્તિ હોત તો તે રીતસરનું ઉતરાણ

કરત, પણ એ હતી જડ શક્તિ એટલે અથડાયા સિવાય બીજું પરિણામ શું આવે? રોકેટમાં મનુષ્યોને મોકલવાના પ્રયત્નો થાય છે, તે એટલા જ માટે કે યંત્ર પર કાબુ રહી શકે. તેની દિશા બદલવી હોય તો દિશા બદલી શકે અને ધાર્યું ઉતરાણ કરી શકે.

આ રીતે જડની ક્રિયાશક્તિમાં અને આત્માની ક્રિયા-શક્તિમાં ઘણો મોટો તફાવત છે.

જો આત્મા શુભક્રિયાઓમાં પ્રવૃત્ત થાય તો પુણ્યનો સંચય કરે છે અને અશુભ ક્રિયાઓમાં પ્રવૃત થાય તો પાપનો સંચય કરે છે. આ પુણ્ય-પાપનાં ફળ તેને આ લોકમાં કે પરલોકમાં અવશ્ય ભોગવવાં પડે છે, તેથી જ આત્માને કર્મનો કર્તા અને ભોક્તા માનવામાં આવ્યો છે.

કેટલાક કહે છે કે આત્મા પોતે કંઈ પણ ક્રિયા કરતો નથી, પણ ઈશ્વર તેને ક્રિયા કરવાની પ્રેરણા કરે છે, એટલે તે સારી કે ખોટી ક્રિયા કરવામાં પ્રવૃત્ત થાય છે.* અહીં પ્રશ્ન એ થાય છે કે જો ઈશ્વર જ આત્માને ક્રિયા કરવાની પ્રેરણા કરતો હોય તો માત્ર સારાં કામો કરવાની જ પ્રેરણા કેમ કરતો નથી? ખરાબ કે દુષ્ટ કામો કરવાની પ્રેરણા શા

---

* ईश्वरप्रेरितो गच्छेत्, स्वर्गं वा श्वभ्रमेव वा ।
अन्यो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ॥

'ઈશ્વરની પ્રેરણાથી જીવ સ્વર્ગમાં અથવા નરકમાં જાય છે, તેમ જ ઈશ્વરની પ્રેરણા વિના આ જીવ પોતાને સુખ મેળવવામાં કે દુઃખ મેળવવામાં સમર્થ નથી.'

માટે કરે છે? ખરાબ કે દુષ્ટ કામો કરવાનું પરિણામ દુઃખ-પ્રાપ્તિમાં જ આવે, એટલું આપણે સામાન્ય બુદ્ધિના માણસો પણ જાણીએ છીએ, તો સર્વજ્ઞ એવા ઈશ્વરની ધ્યાન બહાર એ વસ્તુ કેમ હોય? જો એ વસ્તુ ધ્યાનમાં હોવા છતાં તે પ્રાણીઓ પાસે દુષ્ટ કામો કરાવે તો એનો અર્થ એ થયો કે પ્રાણીઓને તે જાણીબૂઝીને દુઃખનાં દરિયામાં ધકેલી દે છે. તો પછી 'મહાદયાળુ' 'કૃપાસિંધુ' 'પરમ પિતા' એ વિશેષણો સાર્થક શી રીતે થવાનાં?

દુનિયાનો કાયદો તો એમ કહે છે કે જે ગુનો કરે તે સજાને પાત્ર અને ગુનો કરાવે તે પણ સજાને પાત્ર. કોઇને ગુનો કરવાની ઉશ્કેરણી કરવા માટે ઇંડિયન પીનલ કોડમાં ૧૧૪ મી અને ૧૦૯ મી કલમો રાખેલી છે, તે જાણો છો ને? એટલે પ્રાણીઓ પાસે દુષ્ટ કાર્યો કે ગુનો કરાવવા માટે ઈશ્વર પણ સજાને પાત્ર જ ગણાય. અહીં કોઇ એમ કહે કે 'ઈશ્વર સહુથી મોટો છે, તેથી તેને સજા ભોગવવાની હોય નહિ.' તો આમાં ન્યાય કયાં રહ્યો? મોટો ગુનો કરવાની પ્રેરણા કરીને છૂટી જાય અને નાનો ગુનો કરવાની સજા ભોગવ્યા જ કરે એ તો હડહડતો અન્યાય જ કહેવાય. જો ખરાબ કામ માટે શિક્ષા થતી હોય-થાય જ છે-તો તે બંનેને થવી જોઇએ અને સરખા પ્રમાણમાં થવી જોઇએ. આમ ઈશ્વરને કર્મનો પ્રેરક માનવા જતાં તેનામાં અનેક દોષોનો આરોપ થાય છે, એટલે એમ માનવું યોગ્ય નથી.

પરંતુ આ સિદ્ધાંતની સહુથી વધારે ખરાબી તો ત્યારે પ્રકટ થાય છે કે જ્યારે મનુષ્યો અનેક પ્રકારનાં દુષ્ટ કર્મો

કરવા છતાં પોતાને જવાબદાર માનતા નથી અને તેના દોષનો સર્વ ટોપલો ઈશ્વરને માથે ઓઢાડે છે. 'તેં દારૂ કેમ પીધો?' તો કહે કે 'ઈશ્વરે પ્રેરણા કરી.' 'તેં માંસ કેમ ખાધું?' તો કહે કે 'ઈશ્વરે પ્રેરણા કરી.' 'તેં અમુકને ત્યાં ચોરી કેમ કરી?' તો કહે કે 'ઈશ્વરે પ્રેરણા કરી.' અને 'તેં અમુકની સ્ત્રી સાથે વ્યભિચાર કેમ કર્યો?' તો પણ કહે કે 'ઈશ્વરે મને પ્રેરણા કરી.'

થોડા વખત પહેલાનો જ એક કિસ્સો છે. એક મનુષ્યનાં મનમાં એવી ભ્રમણા થવા માંડી કે 'મારાં ઘરના બધા માણસો દુષ્ટ છે' આથી તેણે એક રાત્રે ઈશ્વરનું સ્મરણ કર્યું અને 'હે ઈશ્વર! તું મને આ દુષ્ટોનો સંહાર કરી નાખવાનું બળ આપ.' એવી પ્રાર્થના કરી બધાનાં ખૂન કરી નાંખ્યા. સવારે લોકોને ખબર પડી, એટલે તેમણે પોલીસને ખબર આપી અને પોલીસે ખૂનના આરોપસર તેની ધરપકડ કરી. તે અંગે કામ ચાલ્યું, ત્યારે ન્યાયધીશે પૂછ્યું, કે 'તેં આ બધાનાં ખૂન શા માટે કર્યાં?' ત્યારે પેલાએ જવાબ આપ્યો કે 'ઈશ્વરે મને પ્રેરણા કરી, એટલે મેં આ ખૂનો કર્યાં છે.' આ સાંભળી ન્યાયાધીશે કહ્યું, કે 'ઈશ્વર મને એવી પ્રેરણા કરે છે કે તને ફાંસીની સજા કરવી, એટલે તને ફાંસીની સજા ફરમાવું છું.'

ઈશ્વરને કર્મનો પ્રેરક માનવા જતાં ન્યાય અને નીતિનું તથા સંયમ અને સદાચારનું કેવું દેવાળું નીકળી જાય છે, તે આ પરથી સ્પષ્ટ સમજી શકાશે, એટલે સારાં અને ખોટાં

બંને ક્રમોનો કર્તા આત્મા જ છે અને તેનાં ફળો તેને અવશ્ય ભોગવવાં પડે છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં એક સ્થળે કહ્યું છે કે—'યથાકારી યથાચારી તથા ભવતિ, સાધુકારી સાધુર્ભવતિ, પાપકારી પાપો ભવતિ પુણ્યઃ પુણ્યેન કર્મણા ભવતિ, પાપઃ પાપેન । અથો ખલ્વાહુઃ કામમય એવાયં પુરુષ ઇતિ સ યથાકામો ભવતિ, તત્કર્તુર્ભવતિ યત્કર્તુર્ભવતિ તત્કર્મ કુરુતે કદભિસંપદ્યતે । –માણસ જેવું કામ કરે છે ને જેવું આચરણ રાખે છે, તેવો તે બને છે. સારુ કામ કરનારો બને છે, પાપનું કામ કરનારો પાપી બને છે. તેથી જ કહ્યું છે કે માણસ કામનાઓનો બનેલો છે. જેવી તેમની કામના હોય, તેવો તે નિશ્ચય કરે; જેવો નિશ્ચય કરે તેવું કામ કરે, જેવું કામ કરે તેવું ફળ મેળવે.

આ શબ્દો સાંભળ્યા પછી કોઈને આત્માની કર્તૃત્વ અને ભોકતૃત્વ શક્તિ વિષે કંઈ પણ શંકા રહેવી ન જોઈએ.

આત્માની ક્રિયાશક્તિને કામે લગાડવી, તેને પુરુષાર્થ કહેવાય છે. આ પુરુષાર્થના યોગે જ ધર્મની આરાધના થઈ શકે છે. પુરુષાર્થ ન કરો તો અહિંસા પાળી શકાય નહિ, તેમ જ સંયમમાં સ્થિરતા આવે નહિ. ધર્મ થવો હશે તો થશે એમ માનીને બેસી રહો તો ધર્મનું આરાધન કદી પણ થઈ શકે જ નહિ. તે માટે દૃઢ સંકલ્પ કરવો જોઈએ અને આત્માનું વીર્ય બરાબર ફોરવવું જોઈએ. હંસ અને કેશવની વાત સાંભળો, એટલે તમને આ વાતની ખાતરી થશે.

હંસ અને કેશવની વાત.

એક ગામની બહાર બે ભાઇઓ ચાલ્યા જતા હતા. તેમાં હંસ મોટો હતો અને કેશવ નાનો હતો. રસ્તામાં ગુરુ મહારાજ મળ્યા. તેમણે બંનેને ઉપદેશ આપ્યો કે રાત્રિ-ભોજન એ નરકનો દરવાજો છે, માટે તેનો ત્યાગ કરો. તે વખતે બંને ભાઇઓએ રાત્રિભોજન ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

કામથી પરવારી ઘરે પાછા ફર્યા, ત્યારે રાત્રિ પડી ગઈ હતી, એટલે તેમણે જમવાની ના પાડી દીધી. પિતાએ પૂછ્યું કે 'કેમ જમવું નથી ?' ત્યારે તેમણે પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. પિતાને આ બિલકુલ ગમ્યું નહિ. તેમણે ઘરમાં કહી દીધું કે 'આવતી કાલથી આમને દિવસના ભાગમાં કંઈ પણ ખાવાનું આપશો નહિ.'

સવારે બંનેને દુકાને લઇ ગયા અને સાંજ સુધી છોડ્યા નહિ. રાત્રે પાછા આવ્યા, ત્યારે માતાએ ભોજન આગળ ધર્યું, પણ પ્રતિજ્ઞામાં દૃઢ રહી બંને જણાએ જમવાની ના પાડી દીધી. મા-બાપને થયું કે આજે નહિ તો કાલે જમશે.

બીજા દિવસે પણ પિતાએ તેમને દુકાને લઈ જઇ સાંજે છોડ્યા અને તેઓ રાત્રે ઘરે પહોંચ્યાં. આ વખતે તેમની આગળ ખાવાનું ધરવામાં આવ્યું, પણ તેમણે એની સામે નજર પણ કરી નહિ. આમ કરતાં ચોથો દિવસ થયો, ત્યારે પિતાએ કહી દીધું કે 'મારા ઘરમાં રહેવું હોય તો રાતે જમવું પડશે, નહિ તો તમે તમારો રસ્તો શોધી લો.'

આથી બંને ભાઈઓ ત્યાંથી ચાલતા થયા. પણ એ વખતે હંસને કંઈક ઢીલો જોઈ પિતાએ તેનો હાથ પકડી લીધો અને તેને ઘરમાં રાખ્યો.

કેશવ પોતાની પ્રતિજ્ઞામાં અચળ છે, પરંતુ બને છે એવું કે દિવસે કંઈ ખાવાનું મળતું નથી. એટલે તેને કડાકા ઉપર કડાકા થાય છે. આ રીતે સાતમો દિવસ થયો. ત્યારે તે મધ્યરાત્રિના સમયે ભંડીરવ યક્ષનાં મંદિર પાસે આવી પહોંચ્યો.

પૂનમની રાત્રિ છે અને લોકો ત્યાં યક્ષની પ્રાર્થના કરતાં બેઠાં છે. તેમને એવી પ્રતિજ્ઞા છે કે આ વખતે કોઈ અતિથિ આવી પહોંચે, તો તેને જમાડીને જમવું, તેઓ કેશવને જોતાં હર્ષમાં આવી ગયા અને તેને જમાડવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ કેશવે જણાવી દીધું કે 'મારે જમવું નથી; માટે કંઈ તૈયારી કરશો નહિ.'

લોકો તેને વિનવે છે કે 'ભાઈ આમ શા માટે કરો છો? અમે બધા અહીં ભૂખ્યા બેઠા છીએ. તમે જમી લો, એટલે અમે પણ જમી શકીએ.' સાત દિવસના કડાકા છે, લોકોની ખૂબ વિનંતી છે, પણ કેશવ પોતાની પ્રતિજ્ઞામાંથી ચળતો નથી. તે લોકોને નમ્રતાપૂર્વક કહે છે કે 'મારે રાત્રે નહિ જમવાની પ્રતિજ્ઞા છે. માટે તમે સવાર સુધી થોભી જાઓ. પછી હું જમીશ.' લોકો કહે છે કેઃ 'જો તમે અત્યારે નહિ જમો, તો વાત કાલ મધ્યરાત્રિ પર જશે અને ત્યાં સુધીમાં કેટલાક ભૂખના માર્યા મરી પણ જશે; માટે ભલા થઈને અમારું માનો. તમારે રાત્રે ન જમવાની પ્રતિજ્ઞા હોય તો

પણ ઘણાનાં કલ્યાણની ખાતર રાત્રે જમો.' પરંતુ એ વચનો કેશવને તેની પ્રતિજ્ઞામાંથી ચલાવી શકયા નહિ.

હવે એ જ વખતે યક્ષ પ્રકટ થયો અને હાથમાં મુદ્ગર લઈ કેશવની સમક્ષ આવ્યો. તે ક્રોધથી ધમધમતો મોટા અવાજે કહેવા લાગ્યો કે 'આ લોકોનું કહ્યું તું કેમ માનતો નથી? જો જીવવું હોય તો અત્યારે જ જમી લે, નહિ તો આ મુદ્ગરથી તારું માથું ફોડી નાખીશ.'

યાત્રાળુઓ યક્ષને જોઈ હર્ષના પોકારો કરવા લાગ્યા, પણ કેશવની સ્થિતિ ઘણી કફોડી થઈ પડી, તે વિચાર કરે છે. 'હવે શું કરવું? આ યક્ષ મને જીવતો છોડશે નહિ. તેનું કહ્યું માની લેવું અને જીવ બચાવવો કે પ્રતિજ્ઞા પાળીને પ્રાણનું બલિદાન આપવું?' જો તેની જગાએ કોઈ કાચો-પોચો માણસ હોત તો યક્ષની ધમકી સ્વીકારી લીધી હોત અને ચૂપચાપ જમી લીધું હોત, પણ કેશવે ભારે હિંમત દાખવીને કહ્યું કે 'આપને કરવું હોય તે કરો, બાકી અત્યારે મારાથી જમી શકાશે નહિ.'

આ વખતે યક્ષ તેને પ્રતિજ્ઞા આપનાર ગુરુ મહારાજને હાજર કરે છે અને ગુરુ મહારાજ કહે છે કે 'હવે બહુ થયું. તું ઘણાનાં ભલાની ખાતર જમી લે.' પણ કેશવ વિચારમાં પડે છે. 'જે ગુરુએ મને રાત્રે ન જમવાની પ્રતિજ્ઞા આપી તે મને રાત્રે જમવાનું કેમ કહે? માટે આમાં કંઈક દગો લાગે છે.' એટલે તે કંઈ પણ બોલ્યા વિના ઊભો રહ્યો. ત્યારે યક્ષે કહ્યું કે 'જો તું નહિ માને તો તને

પ્રતિજ્ઞા આપનાર આ ગુરુનો નાશ કરીશ અને તારો પણ નાશ કરીશ.' એમ કહીને તેણે ગુરુ પર મુદ્ગરનો પ્રહાર કર્યો. ગુરુ આર્ત્તનાદ કરવા લાગ્યા, પરંતુ હજી યે કેશવને લાગે છે 'મારા ગુરુ તો એવા શક્તિશાળી હતા કે તેને આ રીતે કોઈ યક્ષ સતાવી શકે નહિ અને તેઓ મને આ રીતે બોવાની વિનંતી પણ કરે નહિ, માટે મારે આનાથી છેતરાવું નહિ.'

યક્ષે જોયું કે આથી પણ કેશવ ડગતો નથી, એટલે તે ગુરુને છોડીને તેના તરફ વળે છે અને દાંત કચકચાવીને મુદ્ગર ઉગામતાં બોલે છે કે 'જોઈ લે, મારી આજ્ઞા ન માનવાનું પરિણામ.'

એક મહાબળવાન યક્ષનો લોખંડી મુદ્ગર માથા પર પડે તો માનવીના શા હાલ? પરંતુ ત્યાં હકીકત જૂદી જ બની. તેનાં માથા પર તોળાયેલો મુદ્ગર અદૃશ્ય થયો, યક્ષ પણ અદૃશ્ય થયો અને યાત્રાળુઓ પણ અદૃશ્ય થયા. એક મહા તેજસ્વી દેવ તેની સમક્ષ ઊભો છે અને કહે છે કે 'હે કેશવ! આ બધી દેવમાયા હતી, તારી આવી અડગ પ્રતિજ્ઞાથી હું પ્રસન્ન થયો છું, માટે તને ત્રણ વરદાન આપું છું. આજથી સાતમે દિવસે તું રાજા થઇશ. તારા શરીરનો કોઈપણ ભાગ ધોઈ તે પાણી રોગીનાં શરીર પર છાંટીશ, તો ગમે તેવો ભારે રોગ પણ મટી જશે અને તારા આતુર મને જે ઇચ્છા કરીશ, તે હું પૂર્ણ કરીશ. આટલું કહી દેવ અદૃશ્ય થયો.

બીજા દિવસે કેશવ એક નગરમાં દાખલ થયો અને ત્યાં પારણું કર્યું. છ દિવસ ત્યાં પસાર કર્યા. હવે તે રાત્રે સૂતો

છે, ત્યાં ગામનો રાજા અપુત્રિયો મરણ પામે છે, એટલે મંત્રી વગેરે પંચદિવ્ય કરે છે, તેમાં હાથણીની સૂંઢમાં કળશ આપી નવા રાજાની શોધમાં નીકળે છે તે હાથણી ચાલતાં ચાલતાં જ્યાં કેશવ સૂતો છે ત્યાં આવે છે, અને તેનાં માથે કળશ ઢોળે છે. એવી રીતે બીજા પણ ચાર દિવ્યો થાય છે આથી મંત્રીઓ વગેરે તેનો રાજા તરીકે સ્વીકાર કરી રાજમહેલમાં લઈ જાય છે અને તેને ગાદીએ બેસાડી વિધિસર અભિષેક કરે છે. આ રીતે દેવતાનું આપેલું પ્રથમ વરદાન પૂરું થાય છે.

થોડા દિવસ બાદ કેશવ શહેરમાં ફરવા નીકળ્યો છે, ત્યાં એક ચીંથરેહાલ ભીખારી જેવા ઘરડા માણસને જુએ છે. તેનું મોઢું જોતાં જ તે સમજી જાય છે કે 'આ બીજું કોઈ નહિ, પણ મારા પિતા છે.' એટલે દોડીને પગે પડે છે અને પૂછે છે કે 'પિતાજી! આ શું?' પિતા પણ તેને ઓળખી લે છે અને કહે છે કે 'બેટા કેશવ! તું અહીં કયાંથી!' કેશવ કહે છે: 'હું અહીંનો રાજા થયો છું.' પછી બધી વાત કરે છે. તે વખતે પિતા કહે છે કે 'ભાઈ! તેં બહુ સારૂં કર્યું. જો ટેક ન છોડી, તો આવા સારા દિવસો જોવાનો વખત આવ્યો. હું તો તું ગયો છે, તે દિવસથી દુઃખી દુઃખી થઈ ગયો છું. તે દિવસે તારા ભાઈ હંસે રાત્રિભોજન કર્યું, તેમાં કોઈ ઝેરી જંતુની લાળ આવી ગઇ, આથી તેને ઉલટી અને ઝાડા થવા લાગ્યા. ઘણા ઉપચાર પછી પણ તેના પર કાબૂ આવ્યો નહીં, તેનું શરીર ઢીલું કાચ થઇ ગયું અને આખા શરીરમાં વેદના થવા લાગી. ગમે તેટલા ઉપાયો કરવા છતાં આ વેદના મટી નહિ. આખરે એક અનુભવી વૃદ્ધ વૈદે કહ્યું કે, તમે ત્રીસ

દિવસ પહેલાં અમુક ઔષધ લઇ આવો તો તમારો પુત્ર સાજો થઈ શકશે, પછી કોઈ ઉપાય નથી ' એટલે હું ઔષધની શોધમાં નીકળ્યો છું અને ગામોગામ રખડી રહ્યો છું.

આ સાંભળી કેશવને ઘણું દુઃખ થયું. પોતાનું અંગ ઘોઈને તેનું પાણી પાય તો એનો રોગ જરૂર મટી જાય પણ એ સેંકડો માઇલ દૂર, ત્યાં શું થાય? એવામાં દેવનું ત્રીજું વરદાન યાદ આવ્યું, એટલે પોતાને તથા પોતાના પિતાને પોતાનાં મૂળ ઘરે મૂકી દેવાની ઉત્કટ ઇચ્છા કરી અને દેવે તેમને થોડી જ વારમાં ત્યાં મૂકી દીધા. દેવો નિમિષ માત્રમાં ધાર્યું કાર્ય કરી શકે છે, એ ભૂલવાનું નથી.

કેશવે પોતાનું શરીર ઘોઈને પાણી હંસને પાયું કે હંસનું શરીર મૂળ રંગમાં આવી ગયુ અને તેની વેદના પણ શાંત થઈ ગઇ. બધાએ કેશવને ખૂબ ધન્યવાદ આપ્યા અને હવે પછી રાત્રિભોજન ન કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. પછી પોતાના બધા કુટુંબીજનોને સાથે લઇ તે પોતાનાં રાજ્યમાં ગયો અને ધર્મનું પાલન કરી સુખી થયો.

તાત્પર્ય કે ધર્મનું આરાધન કરવું હોય તો દૃઢ સંકલ્પ અને પુરુષાર્થની જરૂર છે.

પુરુષાર્થની પ્રતિષ્ઠા.

વ્યવહારમાં પણ પુરુષાર્થની પ્રતિષ્ઠા ઓછી નથી. એક કામ હાથ ધરી તેની પાછળ સતત મંડ્યા રહેનાર ગમે તેવાં દુર્ઘટ કાર્યો પણ પાર પાડે છે અને યશ-લાભના અધિકારી

થાય છે. મહાભારતના મોરચે જય મેળવવો એ જેવું તેવું કામ ન હતું, પણ પાંડવોએ પુરુષાર્થ છોડયો નહિ, અને વિજય મેળવ્યો. શ્રી રામચંદ્રજીએ લંકાના યુદ્ધમાં વિજય શી રીતે મેળવ્યો ? સૈન્યમાં વાનરો હતા. સમુદ્ર તરવાનો હતો અને સામે મહાબળિયો રાવણ જેવો રાજા હતો, છતાં પુરુષાર્થને વળગી રહ્યા, તો વિજયની વરમાળા તેમના ગળામાં પડી. કવિઓ, લેખકો, પત્રકારો અને રાજદ્વારી પુરુષોનાં જીવનમાં પણ તમને આ હકીકતને પુષ્ટિ કરનાર અનેક દાખલાઓ મળી આવશે.

કેટલાક કહે છે કે લક્ષ્મી તો ભાગ્યનો ખેલ છે, પણ ભાગ્ય એ પૂર્વ ભવના પુરુષાર્થ વિના બીજું શું છે ? પૂર્વ ભવમાં જે પુણ્યની કમાણી કરી તેનું નામ ભાગ્ય, એટલે આખરે તો બધી વાત પુરુષાર્થ પર આવીને ઊભી રહે છે.

પુરુષાર્થનાં પાંચ પગથિયાં.

પુરુષાર્થનાં પાંચ પગથિયાં માનવામાં આવ્યાં છે, તે પણ તમારે જાણી લેવા જોઇએ. **ઉત્થાન** એટલે આળસ મરડીને ઊભા થવું, એ પહેલું પગથિયું છે. **કર્મ** એટલે કામે લાગવું, એ બીજું પગથિયું છે **બલ** એટલે સ્વીકારેલાં કાર્યમાં કાયા, વાણી અને મનમાં બળનો અને તેટલો ઉપયોગ કરવો, એ ત્રીજું પગથિયું છે. **વીર્ય** એટલે સ્વીકારેલાં કામને પાર પાડવાનો ઉલ્લાસ રાખવો, આનંદ માણવો એ ચોથું પગથિયું છે અને **પરાક્રમ** એટલે ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરીને ધૈર્યપૂર્વક ઊભા રહેવું, એ

પાંચમું પગથિયું છે. પ્રભુ મહાવીરે સાધનાકાલમાં કેવું પરાક્રમ દર્શાવ્યું હતું તે તમે જાણો છો.

ગોશાળો કહેતો હતો કે 'જગતમાં બધા ભાવો નિયત છે, એટલે ઉત્થાન, કર્મ બલ, વીર્ય અને પરાક્રમથી કંઈ પણ થવાનું નહિ. સુખ-દુઃખ નિયત છે અને તે પ્રાણીને અવશ્ય ભોગવવાં પડે છે.' તેના આ નિયતિવાદની નિરર્થકતા પ્રભુ મહાવીરે કેવી રીતે દર્શાવી આપી, તેની નોંધ શાસ્ત્રમાં થયેલી છે.

નિયતિવાદની નિરર્થકતા ઉપર સદ્દાલપુત્રનું દૃષ્ટાંત.

પોલાસપુરમાં સદ્દાલપુત્ર નામે એક ગૃહસ્થ રહેતો હતો. તેની પાસે પુષ્કળ ધન હતું. એક કોટિ હિરણ્ય નિધાનમાં હતું, એક કોટિ વ્યાજે ફરતું હતું અને એક કોટિ પોતાના વ્યવહારધંધાના ઉપયોગમાં હતું. તેની પાસે દસ હજાર ગાયો હતી, તેની માટીકીનાં પાંચસો હાટ પોલાસપુર નગરીની બહાર આવેલાં હતા. તેમાં તેણે અનેક માણસોને રોકયાં હતાં. તેઓ વાસણ તથા બીજી વસ્તુઓ બનાવતા હતા અને રાજમાર્ગમાં લઈ જઈને વેચતા હતા. સદ્દાલપુત્રની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું.

સદ્દાલપુત્ર ગોશાલાનો ભક્ત હતો, એટલે નિયતિવાદમાં દૃઢ શ્રદ્ધાવાળો હતો. એક વાર તે પોતાના બગીચામાં બેઠો હતો, ત્યાં આકાશવાણી થઈ કે 'આવતી કાલે અહીં એક સર્વજ્ઞ સર્વદર્શી ત્રૈલોકયપૂજિત મહાપુરુષ પધારશે તેમને તું વંદન કરજે અને અશનપાનાદિનું નિમંત્રણ કરજે.'

સદ્દાલપુત્ર સમજ્યો કે આવા મહાપુરુષ તો મારા ગુરુ ગોશાલક વિના બીજા કોઈ હોય નહિ. પરંતુ બીજા દિવસે શ્રમણ ભગવાન મહાવીર ત્યાં પધાર્યા. આકાશવાણી થઈ હતી, એટલે સદ્દાલપુત્ર તેમનાં દર્શને ગયો. તે વખતે ભગવાને આકાશવાણીની વાત કહી. આથી સદ્દાલપુત્ર આશ્ચર્ય પામ્યો અને તેમના પ્રત્યે શ્રદ્ધાવાળો થયો. પછી તેણે ભગવાનને પોતાને જોઈતી વસ્તુઓ લેવાનું નિમંત્રણ આપ્યું.

એક વાર સદ્દાલપુત્ર કાચાં વાસણોને તડકે સૂકવતો હતો. ત્યાં ભગવાન પધાર્યા અને તેમણે કહ્યું : 'હે સદ્દાલપુત્ર ! આ વાસણ કેવી રીતે બન્યું છે?' સદ્દાલપુત્રે કહ્યું : 'ભગવન્! પહેલાં તો તે માટીરૂપે હતું. પછી તેને મસળીને ચાકડે ચડાવવામાં આવ્યું, ત્યારે હવે તે વાસણરૂપે બન્યું છે.

ભગવાને કહ્યું : 'તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમની જરૂર પડે કે નહિ?' આ પ્રશ્નથી સદ્દાલપુત્ર ચમકયો, પણ તેણે પોતાના આજીવિકા સિદ્ધાંત પ્રમાણે જવાબ આપ્યો કે, 'ભગવન્! ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમ વિના જ નિયતપણે તે બન્યે જાય છે.'

ભગવાને કહ્યું : જો 'હે સદ્દાલપુત્ર! કોઈ માણસ તારાં આ વાસણો ઉપાડી જાય, ફેંકી દે કે ફોડી નાખે અથવા તારી આ અગ્નિમિત્રા ભાર્યા સાથે ભોગો ભોગવે તો તું તેને શિક્ષા કરે કે નહિ?'

સદ્દાલપુત્રે કહ્યું : 'હે ભગવન્! તો હું જરૂર તે દુષ્ટ પુરુષને પકડું, બાંધું અને મારું.'

ભગવાને કહ્યું: 'બધું કોઈનાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમ વિના નિયતપણે બનતું હોય તો કોઈ વાસણ ચોરતું નથી, ફોડતું નથી કે તારી સ્ત્રી સાથે ભોગ ભોગવતું નથી, તો પછી તું શા માટે એ પુરુષને પકડે, બાંધે અને મારે? તારે હિસાબે તો આ બધુ નિયત છે અને કોઇના પ્રયત્ન વિના બન્યે જાય છે.'

આ શબ્દોએ સદ્દાલપુત્રની આંખ ઉઘાડી નાખી. પછી તેણે ભગવાનનો સિદ્ધાંત સાંભળવાની ઇચ્છા કરી. ભગવાને તેને પોતાનો સિદ્ધાંત સારી રીતે સમજાવ્યો, એટલે તેણે પોતાની સ્ત્રી સહિત ભગવાનના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો અને તેમની પાસે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં. આ વ્રતોનું પાલન તેણે એવી દૃઢતાથી કર્યું કે તે પ્રભુ મહાવીરના સુપ્રસિદ્ધ શ્રાવકોમાં સ્થાન મેળવી શકયો.*

---

* ભગવાન બુધ્ધે પણ ગોશાલકના નિયતિવાદને નિકૃષ્ટ ગણ્યો હતો. અંગુત્તરનિકાયના મંકૃખલિવર્ગમાં કહ્યું છે કે 'હે ભિક્ષુઓ! આ અવનિ ઉપર મિથ્યાદૃષ્ટિ જેવો બીજો કોઇ અહિતકર પાપી નથી. મિથ્યાદૃષ્ટિ એ સર્વ પાપીઓમાં શિરોમણિ છે, કારણ કે તે સદ્ધર્મથી વિમુખ રાખે છે. હે ભિક્ષુઓ! આવા મિથ્યાદૃષ્ટિ જીવો ઘણા છે, પણ મોઘપુરુષ ગોશાલક જેવું અન્યનું અહિત કરનાર હું બીજા કોઇને જોતો નથી, સમુદ્રમાંની જાળ જેવી રીતે અનેક માછલીઓ માટે દુઃખદાયી અહિતકર અને ઘાતક નિવડે છે, તેવી રીતે આ સંસારસાગરમાં મોઘપુરુષ ગોશાલક અનેક જીવોને ભ્રમમાં નાખીને દુઃખદાયી અને અહિતકર નીવડે છે...મંકૃખલિ ગોશાલકનો વાદ બધા શ્રમણવાદોમાં નિકૃષ્ટ છે.'

આત્માની શક્તિ કર્મથી દબાયલી છે.

જેમ કર્મને લીધે આત્માની-જ્ઞાન-દર્શનશક્તિ દબાય છે, તેમ ક્રિયાશક્તિ પણ દબાય છે. તેથી જ જૂદા જૂદા પ્રાણીઓમાં તેની તરતમતા જણાય છે. જ્યારે કર્મનાં આવરણો સદંતર હઠી જાય છે, ત્યારે આત્મા આ શક્તિનો સ્વામી છે, એ વાત સિદ્ધ થાય છે.

પરમાત્મા મહાવીર સ્વામીએ જન્મ્યા તે જ રાત્રિએ મેરુ પર્વત ઉપર ચોસઠ ઈન્દ્ર વડે થતા અભિષેકના સમયે પોતાના પગના અંગૂઠાનાં જરાક દબાણથી લાખ જોજનનો મેરુ પર્વત કંપાવ્યો, તેવી શક્તિ આપણામાં પણ છે, પણ આપણી શક્તિ કર્મથી દબાયેલી છે. આખા જગતનો ધ્વંસ અને રક્ષણ કરવાની તાકાત આત્મામાં રહેલી છે. કર્મને લીધે આપણે કમજોર છીએ, કર્મનો ધ્વંસ થતાંની સાથે જ આત્મા અનંત બલી બને છે.

શ્રદ્ધા.

પુરુષાર્થ શ્રદ્ધાથી ઉદ્‌ભવે છે અને શ્રદ્ધાથી જ આગળ વધે છે. તમારાં મનમાં એવી શ્રદ્ધા હોય કે હું અમુક રસ્તે ચાલીશ અને અમુક અંતર વટાવીશ તો અમુક સ્થળે પહોંચાશે, ત્યારે જ તમે એ ગામ તરફનો રસ્તો પકડો છો અને ચાલવા માંડો છો.

તમારાં મનમાં એવી શ્રદ્ધા હોય કે હું અમુક જાતનું ભોજન કરીશ તો મારું શરીર સાજું-નરવું રહેશે, તો જ

તમે એ જાતનું ભોજન કરો છો અને તમારાં મનમાં એવી શ્રદ્ધા હોય કે હું અમુક ધંધો કરીશ તો ધન કમાઇશ, ત્યારે જ તમે એ ધંધો કરવા તૈયાર થાઓ છો ને એ ધંધો કરવા લાગો છો.

મનુષ્ય દોરડાના આધારે ગમે તેવી ઉંચી ભીંત પર ચડી જાય છે, પણ એ દોરડું તૂટે તો શું પરિણામ આવે છે? શ્રદ્ધાની બાબતમાં પણ એમ જ સમજવાનું છે, કારણ કે એ પણ એક જાતનું આલંબન છે. જ્યાં શ્રદ્ધા તૂટી, વિશ્વાસ ડગ્યો, એટલે પ્રવૃત્તિ બંધ થાય. આ ધંધામાં બરકત આવવાની નથી. એમ તમારાં મનમાં પાકું ઠસ્યા પછી તમે એ ધંધો કરો ખરા?

ધર્માચરણની બાબતમાં શ્રદ્ધાને પહેલી મૂકવામાં આવે છે. શ્રદ્ધા વિનાની ક્રિયા પૂર્ણ ફલ આપતી નથી. જો તમને ધર્મપ્રવર્તક પ્રત્યે શ્રદ્ધા હોય, ધર્મગુરુ પ્રત્યે શ્રદ્ધા હોય અને તેમના દ્વારા ઉપદેશાતા સિદ્ધાંતો પ્રત્યે શ્રદ્ધા હોય તો એ સિદ્ધાંતોને આચરણમાં મૂકવા તૈયાર થાઓ, એટલે પ્રથમ પુષ્ટિ શ્રદ્ધાની કરવામાં આવે છે.

શ્રદ્ધા કોના પર મૂકવી? તે પણ વિચારવા જેવું છે. ખોટી દવા પર શ્રદ્ધા રાખીને તેનું સેવન કર્યા કરીએ તો ફાયદો દૂર રહે અને નુકશાન જરૂર થાય. દેવ, ગુરુ અને

સિદ્ધાંતોની બાબતોમાં પણ એમ જ સમજવાનું છે. જેઓ કુદેવ, કુગુરુ અને કુવચનમાં શ્રદ્ધા રાખીને તેને અનુસરે છે, તેમને ફાયદો થવાને બદલે નુકશાન થાય છે, તેથી જ શાસ્ત્રકારોએ દેવ, ગુરુ અને પ્રવચનની પરીક્ષા કરવાનું કહ્યું છે અને તેમાં જે સમ્યક્ એટલે સાચા જણાય, તેને અનુસરવાનો આદેશ આપ્યો છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મ પરની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. સમ્યક્ત્વના પ્રતાપે જ જ્ઞાન અને ક્રિયા સફળ થાય છે. એક મનુષ્ય બહુશ્રુત હોય અને ધાર્મિક ક્રિયા પણ કરતો હોય, પરંતુ તે સમ્યક્ત્વથી રહિત હોય તો તેનો આધ્યાત્મિક વિકાસ થવાનો નહિ શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

विना सम्यक्त्वरत्नेन व्रतानि निखिलान्यपि ।
नश्यन्ति तत्क्षणादेव ऋते नाथान्यथा चमूः ॥
तद्विमुक्तः क्रियायोगः प्रायः स्वल्पफलप्रदः ।
विनानुकूलवातेन कृषिकर्म यथा भवेत् ॥

'સમ્યક્ત્વ રત્ન વિના બધાં વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તરત જ નાશ પામે છે. અનુકૂળ પવન વિના જેમ ખેતી ફલદાયક થતી નથી, તેમ સમ્યક્ત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પ ફળ આપનારી થાય છે.'

શ્રાવકનાં બાર વ્રતો સમ્યક્ત્વનું મૂલ કહેવાય છે, કારણ

કે તેમાં પહેલું સમ્યક્‌ત્વ ઉચ્ચારવામાં આવે છે અને પછી વ્રતો અપાય છે.

સમ્યક્‌ત્વ વિષે આગળ ઘણું વિવેચન કરવાનું છે, તેથી અહીં તેનો વિસ્તાર નહિ કરીએ, પણ એટલું જણાવીએ છીએ કે 'સમ્યક્‌ત્વ એ આત્માનો મૂળ ગુણ છે, એટલે તેને બરાબર ખીલવો. જેનું સમ્યક્‌ત્વ નિર્મળ અને દૃઢ હશે તે એક કાળે અવશ્ય મુક્તિ પામશે.'

આ નં દ.

લોકો આનંદને શોધે છે. કોઈ ખાનમાં, કોઇ પાનમાં કોઈ ગાનમાં તો કોઇ તાનમાં. કોઈને તે કંચનમાં દેખાય છે, તો કોઇને કામિનીમાં દેખાય છે. કોઇને તે મકાન-મહેલોમાં દેખાય છે, તો કોઇને તે માન-પાન ને અધિકારમાં દેખાય છે. પણ એ બધો ભ્રમ છે, માયાજાળ છે. એ કોઈમાં આનંદ નથી, આનંદ આપવાની શક્તિ નથી. આ તો કસ્તૂરિયા મૃગ જેવી સ્થિતિ છે. કસ્તૂરિયા મૃગને કસ્તૂરીની મીઠી સુગંધ આવે છે, એથી તે મોહિત બને છે આવી સુગંધ કયાંથી આવે છે? તે શોધવા આખા વનમાં ભમે છે, પણ તે એનું મૂળ સ્થાન શોધી શકતો નથી. કસ્તૂરી છે પોતાની ડુંટીમાં અને શોધે છે બહાર; તે કયાંથી મળે? આ રીતે આનંદનો સ્રોત વહે છે તમારા આત્મામાંથી અને શોધો છો બહાર, તે તમને કયાંથી મળે?

ખાનપાન, ગાનતાન વગેરેમાં તમે આનંદ માન્યો છે, માટે તે આનંદદાયક લાગે છે, અર્થાત્ એ આનંદ ખાનપાન, કે ગાનતાન વગેરેનો નથી, પણ તમારી માન્યતાનો છે. એ માન્યતા બદલાય તો તેમાંની કઇ વસ્તુ આનંદ આપી શકે ?

અરુચિ રોગવાળાની આગળ મેવા–મીઠાઇના થાળ ધરો તો તે શું કહેશે ? 'મહેરબાની કરીને આ વસ્તુઓ દૂર લઈ જાઓ.' એ જ કે બીજું કંઇ ? કોઈ માણસનો યુવાન પુત્ર મરણ પામ્યો હોય અને તેની આગળ ગાનતાન કરવામાં આવે તો તે તરત જ બોલી ઉઠશે કે 'ભલા થઇને આ બધું બંધ કરો અને મને શાંતિથી બેસવા દો.' કંચન પણ તેવું જ છે જ્યાં સુધી મનમાં મોહરાયનું તાંડવ ચાલુ હોય છે, ત્યાં સુધી તે આનંદજનક લાગે છે, પણ એ તાંડવ શમ્યું કે તે બંધનરૂપ ભાસે છે અને તેના પાશમાંથી છૂટવાનું મન થાય છે. માન્યતા બદલાય તો મહેલો કેદખાનાં જેવા લાગે છે, માનપાન મિથ્યોપચાર ભાસે છે અને અધિકાર અકળામણ જગાડનારો જણાય છે.

આત્મા આ બધી વસ્તુઓમાં આનંદ માને છે, તેનું કારણ તેની વિભાવ દશા છે. વિભાવ દશા એટલે મોહગ્રસ્ત સ્થિતિ. આ સ્થિતિ જેમ જેમ દૂર થતી જાય છે તેમ તેમ તે સ્વભાવમાં આવતો જાય છે અને નિજાનંદ માણતો થાય છે.

આત્માના ખજાનામાં આનંદ ઠાંસી ઠાંસીને ભર્યો છે, એટલે જ તે આનંદઘન કહેવાય છે, આ આનંદ કદી ખૂટે એવો નથી, કદી નાશ પામે એવો નથી, એટલે તે અક્ષય અને અવિનાશી છે. સિદ્ધ ભગવંતો આવો આનંદ સદા માણી રહ્યા છે અને તે જ સર્વે આત્માર્થી પુરુષોનું લક્ષ્ય છે.

તમે મોહને છોડો, એટલે આ આનંદનો અનુભવ થશે. એક વાર આ આનંદનો અનુભવ થયો કે પછી તમને પૌદ્ગલિક આનંદ ગમશે નહિ, પૌદ્ગલિક આનંદની ઇચ્છા થશે નહિ. જેને ચક્રવર્તીનું ભોજન મળતું હોય તે કુસકાકોદરીનાં ભોજનની ઇચ્છા શા માટે કરે ?

અમે તમને આ વ્યાખ્યાનના પ્રારંભમાં જ કહ્યું હતું કે 'આત્માનો ખજાનો અપૂર્વ છે, તેની સરખામણી આ જગતના કોઇ પણ પાર્થિવ પદાર્થથી થઇ શકે તેમ નથી,' એ વચનોનો મર્મ હવે બરાબર સમજાય છે ને ?

વિશેષ અવસરે કહેવાશે.





વ્યાખ્યાન અગીયારમું

સર્વજ્ઞતા

મહાનુભાવો !

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનાં છત્રીશમાં અધ્યયનમાંથી ઉદ્ભવેલા આત્માના વિષય પર અત્યાર સુધીમાં કેટલુંક વિવેચન થઈ ગયું છે, તે તમને યાદ હશે. મહત્ત્વની વાતો તો તમે નહિ જ ભૂલ્યા હો. સાંભળેલા વિષય પર ચિંતન-મનન કરવાથી તે બરાબર યાદ રહે છે અને તેનું રહસ્ય પણ હૃદયમાં ઊંડું ઉતરે છે. પરંતુ અહીં સાંભળેલું અહીં જ મૂકતા જાઓ તો સ્થિતિ રળિયા ગઢવી જેવી સમજવી. 'રળિયા ગઢવી કયાં ગયા' તા, તો કહે ઠેરના ઠેર.'

સ્વાધ્યાયના પાંચ પ્રકારોમાં ત્રીજો પ્રકાર પરાવર્તનાનો છે. એનો અર્થ છે કે જે કંઇ શીખ્યા હોઇએ, તેને વારંવાર યાદ કરતાં રહેવું. એક ગુરુ ચેલાને પૂછે છે કે—

પાન સડે ઘોડા હઠે, વિદ્યા વિસર જાય;
તવા ઉપર રોટી જલે, કહો ચેલા કયું થાય?

'હે ચેલા? નાગરવેલનાં પાન સડી રહ્યાં છે, ઘોડો હઠ કરી રહ્યો છે, શીખેલી વિદ્યા ભૂલાઈ રહી છે અને તવા ઉપર નાખેલી રોટલી બળી રહી છે, તેનું કારણ શું?'

ચેલો બુદ્ધિશાળી છે. તે ચારે પ્રશ્નનો એક જ ઉત્તર આપે છે કે 'ગુરુજી ફેરવ્યા વિના. એટલે નાગરવેલનાં

પાનને ફેરવ્યા હોત તો તે સડત નહિ, ઘોડાને રોજ ફેરવ્યા કર્યો હોત તો તે હઠીલો બનત નહિ શીખેલી વિદ્યાને ફેરવ્યા કરી હોત તો ભૂલાત નહિ અને તવા પર રોટલી નાખ્યા પછી તેને ફેરવી હોત તો તે બળી જાત નહિ. એટલે જે કંઈ શીખો-સાંભળો તેને ફેરવતા રહેવાની જરૂર છે.

કેટલાક સર્વજ્ઞતા વિષે સાશંક છે, તો કેટલાક સર્વજ્ઞતા હોઈ શકે જ નહિ, એવો અભિપ્રાય દર્શાવી રહ્યા છે. ખેદની વાત તો એ છે કે કેટલાક જૈન પંડિતો પણ આવું માનવા-મનાવવા લાગ્યા છે. આ હવા તમારાં દિલને સ્પર્શી ન જાય તે માટે આજે સર્વજ્ઞતા સંબંધી જ વિશિષ્ટ વિવેચન કરવા ઈચ્છીએ છીએ

જ્ઞાન અને દર્શન આત્માનો સ્વભાવ છે, તેથી આત્મા કદી પણ જ્ઞાન અને દર્શનરહિત હોતો નથી. આત્મા જ્યારે પ્રાથમિક નિગોદ અવસ્થામાં હોય છે, ત્યારે તેનું જ્ઞાન ઓછામાં ઓછું હોય છે અને જ્યારે તે કેવલજ્ઞાની બને છે, ત્યારે તેનું જ્ઞાન વધારેમાં વધારે હોય છે. કેવલજ્ઞાની એટલે પૂર્ણજ્ઞાની, સર્વજ્ઞ. તે સર્વ પદાર્થોના સર્વ પર્યાયો જાણી-જોઈ શકે છે, તેમ જ ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની તમામ હકીકતો માલુમ કરી શકે છે.

કેવળજ્ઞાન કઈ ગતિમાં થાય ?

કર્મવશાત્ સંસારમાં પરિભ્રમણ કરી રહેલો આત્મા દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર પૈકી એક ગતિમાં અવશ્ય હોય, તેમાં કેવળજ્ઞાન કઈ ગતિમાં થાય ? તે પ્રથમ બતાવીશું.

દેવોને સુખવૈભવ ઘણો હોય છે, પણ ચારિત્ર હોતું નથી.

તેઓ અંતરથી ઇચ્છે છે કે જો અમને માત્ર બે ઘડી સામાયિકની સામગ્રી મળી જાય,* અર્થાત્ ચારિત્રની પ્રાપ્તિ થાય તો અમારું દેવત્વ સફલ થાય, પણ એ સામગ્રી તેમને પ્રાપ્ત થતી નથી, દેવોને અવધિજ્ઞાન જન્મથી હોય છે, પણ ચારિત્રના અભાવે તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી.

નારકીના જીવો દેવની માફક જન્મથી જ અવધિજ્ઞાનવાળા હોય છે, પણ નિરંતર દુઃખનો અનુભવ કરતા હોવાથી ચારિત્રપરિણામી થતા નથી, એટલે તેમને પણ કેવળજ્ઞાન થઈ શકતું નથી.

તિર્યંચોની હાલત કેવી કફોડી હોય છે, તે તમે જાણો છો. ભૂખ, તરસ, ઠંડી, ગરમી તથા બીજા અનેક જાતના ઉપદ્રવો તેમને સહન કરવાના હોય છે, તેમાં ચારિત્રનાં પરિણામ કયાંથી હોય? × તિર્યંચોને–સંજ્ઞી પંચેન્દ્રિયોને નિમિત્તવશાત્ જાતિસ્મરણજ્ઞાન થાય છે અને તેઓ પોતાનો પૂર્વભવ જોઈ શકે તે તથા તેમને નિમિત્તવશાત્ અવધિજ્ઞાન પણ થાય છે.* પરંતુ ચારિત્રના અભાવે તેઓ કેવલજ્ઞાન પામી શકતા નથી.

---

* સામાઇયસામગ્ગિં, દેવાવિ ચિંતંતિ હિંયયમજ્ઝમ્મિ ।
જઇ હોઇ મુહુત્તમેગં:, તા અમ્હ દેવત્તગં સુલહં ॥

× તિર્યંચોમાં મહાવ્રતોનો આરોપ હોવા છતાં તેમને ચારિત્રના પરિણામોનો અભાવ હોય છે, આ વસ્તુ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષણવતી નામના ગ્રંથમાં સ્પષ્ટ કરી છે.

* શ્રીતત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયમાં 'યથોક્તનિમિત્તઃ ષડવિકલ્પઃ શેષાણામ્ ॥ ૨૩ ॥ એ સૂત્રથી નારક અને દેવ સિવાયના બીજાઓને નિમિત્તવશાત્ અવધિજ્ઞાન થાય છે, અને તે ૬ પ્રકારનું હોય છે, એમ જણાવેલું છે.

બાકી રહી મનુષ્યગતિ. તેમાં ચારિત્ર હોવાથી કેવળજ્ઞાન સંભવે છે, મનુષ્ય ગતિને-મનુષ્યભવને શ્રેષ્ઠ માનવાનું કોઇ પણ કારણ હોય, તો તે આજ છે. મનુષ્યભવ વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના કેવળજ્ઞાન નથી, અને કેવળજ્ઞાન વિના મુક્તિ નથી.

જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એવા જે પાંચ પ્રકારો કહ્યા છે. તે પાંચ મનુષ્યને વિષે જ સંભવે છે. મતિ અને શ્રુતજ્ઞાન તેને સહજ હોય છે. તથા અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન લબ્ધિજન્ય હોય છે.

કેવળજ્ઞાન પોતાના પુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે.

કેવળજ્ઞાન કોઇનું આપ્યું આવતું નથી. પણ જાતે જ મેળવવાનું હોય છે. જે પુરુષાર્થ કરે અર્થાત્ સંયમ-તપ-જપ ધ્યાનના માર્ગે વિચરે અને તેમાં અપ્રમત્ત રહે તેને તે પ્રાપ્ત થાય છે. આજ સુધીમાં અનંત કેવળીઓ થઇ ગયા છે, તે બધાએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ આ રીતે જ કરેલી છે અને હવે પછી જે અનંત કેવળી થવાના છે, તેઓ પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ આ રીતે જ કરવાના છે.

કેવળજ્ઞાની પોતાનું પણ ભલું કરે છે અને દુનિયાનું પણ ભલું કરે છે. તમારે પણ પોતાનું તથા દુનિયાનું ભલું કરવું હોય તો કેવળજ્ઞાની બનવાનું ધ્યેય રાખવું જોઇએ. કોઇ એમ કહેતું હોય કે આવું ધ્યેય રાખવાથી શો ફાયદો ? કેવળજ્ઞાન તો હાલ પ્રાપ્ત થવાનું નથી, તો એ કહેવું સમજણ વિનાનું છે. આજે વેપાર કરીએ અને આજે જ લક્ષાધિપતિ થઇ

જઇએ એવું હોતું નથી. છતાં વેપાર કરવામાં આવે છે, તેનું કારણ શું? એ જ કે ભવિષ્યમાં મોટો નફો થવાની ધારણા છે. તો અહીં પણ ભવિષ્યમાં થનારા મોટા લાભને ધ્યાનમાં રાખીને કેવળજ્ઞાની બનવાનું ધ્યેય રાખવાનું છે. આ ભવે નહિ તો બીજા ભવે, બીજા ભવે નહિ તો ત્રીજા ભવે. ત્રીજા ભવે નહિ તો તેરમા ભવે, અને તેરમા ભવે નહિ તો તેંતાલીશમા ભવે પણ કેવળજ્ઞાની થવું એ સાચું, એવો દૃઢ સંકલ્પ મનમાં કર્યો હશે અને તે અનુસાર પુરુષાર્થ કરવા માંડયો હશે, તો એક કાળે તમે અવશ્ય કેવળજ્ઞાની થવાના. દૃઢ સંકલ્પ અને પુરુષાર્થ જીવનને સફળ બનાવવાના અમોઘ ઉપાયો છે, એ કદી પણ ભૂલતા નહિ.

કેવળજ્ઞાનથી બધું જાણી–જોઇ શકાય છે.

આજે આપણને કોઇ પણ પૂછે કે તમારી પીઠ પાછળ શું થઈ રહ્યું છે? તો તે આપણે કહી શકતા નથી, કારણ કે આપણી જોવાની શક્તિ મર્યાદિત છે. પણ કેવળજ્ઞાન–કેવલ-દર્શનની પ્રાપ્તિ થાય તો આપણે પીઠ પાછળ શું થઈ રહ્યું છે, તે જોઈ શકીએ; ભીંત પાછળ શું થઇ રહ્યું છે, તે પણ જોઈ શકીએ; અંધારા ભોંયરામાં શું બની રહ્યું છે તે પણ જોઇ શકીએ; અને નગરમાં, જીલ્લામાં, પ્રાંતમાં, દેશના કોઇ પણ ભાગમાં, શું બની રહ્યું છે, તે પણ જોઈ શકીએ.

ઘુવડ રાતે અંધારામાં જોઈ શકે છે, પણ દિવસે જોઇ શકતું નથી. કાગડો દિવસે જોઈ શકે છે, પણ રાતે જોઈ શકતો નથી. આપણે દિવસે સારી રીતે જોઇ શકીએ છીએ અને રાત્રે સામાન્ય જોઈ શકીએ છીએ. કદાચ અંધારું

વધારે હોય તો રાત્રે જોઈ શકતા નથી, પરંતુ કેવળજ્ઞાન થાય તો આપણે દિવસે અને રાતે બરાબર જોઇ શકીએ. ગમે તેવો ઘોર અંધકાર પણ આપણી એ દર્શનભક્તિને આવરી શકે નહિ. અતિ ઘોર અંધકારમાં મૃગાવતી સાધ્વીએ કાળા નાગને પસાર થતો જોયો હતો.

મૃગાવતી અને ચંદનબાળાને થયેલું કેવળજ્ઞાન.

ભગવાન મહાવીર કૌશાંબીમાં વિરાજતા હતા, ત્યારે ચંદ્ર અને સૂર્ય પોતાના સ્વાભાવિક વિમાન સાથે તેમને વંદન કરવા આવ્યા. એ વિમાનના તેજથી આકાશ પ્રકાશવંતુ રહ્યું. તેથી લોકો મોડી રાત થવા છતાં હજી દિવસ છે, એમ સમજીને બેસી રહ્યા. સાધ્વી મૃગાવતીનું પણ એમ જ થયું, જો કે તેમનાં ગુરુણી મહત્તરા ચંદનબાળા તો યોગ્ય સમય થતાં પોતાનાં સ્થાને ચાલ્યા ગયા હતા.

જ્યારે મૃગાવતીને ખ્યાલ આવ્યો કે આ તો મોડી રાત થઈ ગઇ છે, ત્યારે તેમને આઘાત થયો અને તેઓ પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેઓ ઉપાશ્રયે પહોંચ્યા ત્યારે ચંદનબાળાની માફી માગવા લાગ્યા. ગુરુણી ચંદનબાળાએ કહ્યું કે 'સાધ્વીઓથી મોડી રાત સુધી બહાર રહી ન શકાય. તેમણે સમયસર ઉપાશ્રયમાં આવી જ જવું જોઈએ.'

મૃગાવતી કોઈ સામાન્ય સાધ્વી ન હતા. તે મહારાજા ચેટકની પુત્રી હતા, કૌશાંબીની રાજરાણી હતા. સંસારીપક્ષે ચંદનબાળાનાં માસી હતા અને કરવા ધારે તો બચાવ થઇ

× આ ઘટનાની ગણના એક આશ્ચર્યકારી ઘટનામાં થાય છે.

શકે એમ હતો, પણ ભૂલનો બચાવ શા માટે? એમ વિચારી તેઓ ચૂપ રહ્યા. 'જ્યારે મેં સર્વ છોડયું, ત્યારે આટલી ચે સ્ખલના શા માટે?' એ વિચારે તેમનાં મનને આવરી લીધું, તેઓ શુદ્ધ ભાવનાથી દારુણ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આ પશ્ચત્તાપનાં પરિણામે તેમની કર્મશૃંખલાઓ તૂટી ગઈ, ઘાતી-કર્મો નાશ પામ્યાં અને તેઓ કેવલજ્ઞાન પામ્યા.

મૃગાવતીનો સંથારો મહત્તરા ચંદનબાળાના સંથારાની પાસે હતો. એ વખતે ઉપાશ્રયમાં રાત્રિનો ગાઢ અંધકાર વ્યાપેલો હતો. એવામાં મૃગાવતીએ ચંદનબાળાના હાથ તરફ આવી રહેલો એક કાળો નાગ જોયો, એટલે તેમણે ચંદન-બાળાનો હાથ ઊંચો કર્યો એ નાગ ચંદનબાળાના હાથ નીચેથી પસાર થઇ ગયો.

ચંદનબાળા જાગી ગયા અને તેમણે પોતાનો હાથ ઊંચો કરવાનું કારણ પૂછયું. મૃગાવતીએ કહ્યું કે આપના હાથ તરફ એક કાળો નાગ આવી રહ્યો હતો, એટલે મેં આપનો હાથ ઊંચો કર્યો.

'પણ તમે આવા ગાઢ અંધકારમાં એક કાળા નાગને જોયો શી રીતે?' મહત્તરા ચંદનબાળાએ આશ્ચર્યથી પૂછયું.

'આપના પ્રતાપે થયેલાં કેવલજ્ઞાનનાં કારણે' સાધ્વી મૃગાવતીએ વિનયથી જવાબ આપ્યો. તે જ વખતે ચંદનબાળા ઊભા થયા અને તેમણે મૃગાવતીનાં ચરણોમાં પડી થયેલી આશાતના માટે ક્ષમા માગી. આ બધી ઘટના પર વિચાર કરતાં તેમનાં હૃદયમાં પણ પશ્ચાત્તાપનો અગ્નિ પ્રજ્વલિત થયો.

અને તેના વડે સર્વ ઘાતીકર્મો બળીને ભસ્મ થતાં તેમને પણ તે જ વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

સર્વજ્ઞતા શાસ્ત્રસંમત છે.

કેટલાક કહે છે કે આત્માની જાણવાની-જોવાની શક્તિ અમે કબૂલ રાખીએ છીએ, પણ તે સર્વ જાણી જોઇ શકે એ વાત અમારાં ગળે ઉતરતી નથી. 'કેમ ઉતરતી નથી?' એમ પૂછીએ તો તેઓ કહે છે કે 'એ વાતનું કોઇ પ્રત્યક્ષ પ્રમાણ નથી. આજે કોઇ સર્વજ્ઞ હોય તો બતાવો' પરંતુ દરેક વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી જ સિદ્ધ થતી નથી. કેટલીક શાસ્ત્રાધારે સિદ્ધ થાય છે. કેટલીક યુક્તિથી સિદ્ધ થાય છે, તો કેટલીક અનુભવના આધારે સિદ્ધ થાય છે. વળી આજે કોઇ સર્વજ્ઞને ભલે બતાવી ન શકીએ, પણ એવી વ્યક્તિઓ જોવામાં આવે છે કે જેના પરથી સર્વજ્ઞનું અનુમાન આપણે કરી શકીએ છીએ.

શાસ્ત્રોમાં જ્ઞાનના પાંચ પ્રકારો જણાવેલા છે, તેમાં કેવળજ્ઞાનનો નિર્દેશ છે. જો કેવળજ્ઞાન જેવી-સર્વજ્ઞતા જેવી કોઇ વસ્તુ આ વિશ્વમાં હોત જ નહિ, તો શાસ્ત્રકારો તેનો નિર્દેશ શા માટે કરત? વળી દરેક તીર્થંકરો સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે, તેથી જ તેમની 'सव्वन्नूणं सव्वदरिसीणं' તરીકે સ્તુતિ કરવામાં આવે છે. તેમને આ સર્વજ્ઞ-સર્વદર્શીપણું કેવી રીતે પ્રાપ્ત થાય છે, તેનાં વિસ્તૃત વર્ણનો શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. અન્ય મહાપુરુષો અને મહાસતીઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયાની હકીકતો પણ શાસ્ત્રોમાં-ચરિત્રગ્રંથોમાં સંગ્રહાયેલી છે. શું આ બધું યે ખોટું? શાસ્ત્રકારોને ભૂલ્યા માનીએ, પણ

બધા શાસ્ત્રકારો ભૂલ્યા ? કોઇને સાચું કહેવાનું ન સૂઝયું ? બધા શાસ્ત્રકારોને ખોટા કહેવાનું સાહસ તો તેઓ જ કરી શકે કે જેની પોતાની બુદ્ધિ ઠેકાણે ન હોય, અથવા ભૌતિકવાદના ભારથી જડ બની ગયેલી હોય.

યુક્તિથી પણ સર્વજ્ઞતા સિદ્ધ થાય છે.

યુક્તિથી વિચાર કરીએ તો પણ પલ્લું સર્વજ્ઞતાની તરફેણમાં જ ઢળે છે. ફાનસ પર જાડું કપડું ઢાંકયું હોય તો દીવાનો પ્રકાશ ઓછો આવે છે. પાતળું કપડું ઢાંકયું હોય તો એ પ્રકાશ વધારે આવે છે અને કપડું ઉઠાવી લીધું હોય તો એ પ્રકાશ પૂરો આવે છે, તેમ આત્મા પરથી કર્મનું આવરણ પૂરેપૂરું હઠી જાય તો એને પૂર્ણજ્ઞાન કેમ ન થાય ? જો કર્મ એ જ્ઞાનનું આવરણ કરનારો પદાર્થ છે, તો એનો નાશ થવાથી આત્માને પૂર્ણજ્ઞાન થવું જ જોઇએ. વળી જે થોડું જાણી શકે તે વધારે જાણી શકે અને વધારે જાણી શકે તે પૂરું પણ જાણી શકે એવો ન્યાય છે. ક ને જાણનારો ખ, ગ, ઘ વગેરે અક્ષરોને જાણી શકે છે અને ખ, ગ, ઘ, વગેરે અક્ષરોને જાણનારો બાકીના બધા અક્ષરોને જાણી શકે છે. આ રીતે આત્મા થોડામાંથી વધારે અને વધારેમાંથી પૂર્ણ કેમ ન જાણી શકે ?

આપણું જ્ઞાન સામાન્ય હોવા છતાં આપણે ભૂત અને ભવિષ્યનું અનુમાન કરી શકીએ છીએ. પગલાં જોઇને કહેવું કે અહીંથી હરણ પસાર થાય છે, તે ભૂતકાલીન ઘટના સંબંધી અનુમાન છે અને વાદળાં તથા પવન વગેરે પરથી કહેવું કે અમુક સમયમાં વરસાદ આવશે, એ ભવિષ્યકાળની ઘટના

સંબંધી અનુમાન છે. આપણું આ અનુમાન ઘણી વખત સાચું હોય છે. તો પછી જેઓ સર્વશ્રેષ્ઠ જ્ઞાનવાળા છે, તે ભૂત અને ભવિષ્યકાલના સાક્ષાત્ દર્શન કેમ ન કરી શકે?

કોઇ તર્ક કરશે કે આપણી પાસે સામગ્રી છે, વસ્તુ છે, કંઇ પણ પદાર્થ કે નીશાન છે, માટે આપણે ભૂતકાલીન કે ભવિષ્યકાલીન અનુમાન કરી શકીએ છીએ. પણ જ્યાં વસ્તુનું નામનીશાન ન હોય, કોઇપણ એંધાણ ન હોય, ત્યાં તેનું સાક્ષાત્ દર્શન શી રીતે થાય? પરંતુ આ તર્ક કરનારે ભૂલવું ન જોઈએ કે દ્રવ્યના પર્યાયોનો નાશ થાય છે, પણ દ્રવ્યનો નાશ થતો નથી, એ તો આ વિશ્વમાં કોઇને કોઈ સ્વરૂપે વિદ્યમાન હોય જ છે. એટલે તેના પરથી ભૂતકાલીન તથા ભવિષ્યકાલીન સ્થિતિનાં દર્શન કરી શકાય. ખાણમાંથી નીકળેલો એક પત્થર જુદા જુદા અનેક હાથોમાંથી પસાર થઇને 'સાઈકોમેટ્રી' જાણનાર પાસે આવ્યો હોય તો એ તેને કપાળે અડાડીને કહી શકે છે કે આ પત્થર અમુક ખાણમાંથી નીકળેલો છે, તેને અમુક વ્યક્તિએ કાઢ્યો છે, તેની પાસેથી અમુક અમુક પાસે આવ્યો છે, વગેરે. આમાંની બધી વ્યક્તિઓ વિદ્યમાન હોય છે, એવું નથી. ઘણી મરી પરવારી હોય છે, છતાં સાઇકોમેટ્રીસ્ટ તેનાં નામો કહે છે. તેનું વર્ણન કરે છે અને તે બરાબર હોય છે.

રાવણ એક નીતિમાન રાજા હતો. તેને ફક્ત સીતા તરફ જ રાગ જન્મ્યો હતો. તે સિવાય કોઈ પરસ્ત્રી તરફ તેણે ઊંચી આંખે જોયું ન હતું. એક દિવસ તેણે રાજ્યના નિમિત્તિયાને-જ્યોતિષીને બોલાવીને પૂછ્યું કે મારું મરણ કયારે—કેમ છે?'

નિમિત્તિયાઓ ગ્રહદશા જોઈ બરાબર ગણતરી કરીને કહ્યું કે 'ભવિષ્યમાં થનાર દશરથ રાજાના પુત્રો બળદેવ અને વાસુદેવ દ્વારા અને જનકરાજાની પુત્રી સીતાનાં નિમિત્તે તમારું મૃત્યુ થશે' આ વ્યક્તિઓ તે વખતે જગતમાં વિદ્યમાન ન હતી, છતાં નિમિત્તિયાએ એ વાત કરી અને આપણે જાણીએ છીએ કે તે ખરી પડી.

નિમિત્તિયાઓ આ પ્રમાણે ચોક્કસ ભવિષ્ય ભાખી શકતા, કારણ કે ભાવીના આ બનાવો તેમનાં અંતરચક્ષુ સમક્ષ ખડાં થતાં, તો પછી તેના કરતાં અનેકગણા શક્તિશાળી કેવળ-જ્ઞાનીનાં અંતરચક્ષુ સમક્ષ એ બધું ખડું કેમ ન થાય? એ વસ્તુને તે યથાર્થરૂપે કેમ ન જાણી શકે?

આપણે માણસોને જુદા જુદા વિષયમાં નિષ્ણાત જોઈએ છીએ. કોઈ વ્યાકરણમાં નિષ્ણાત, કોઈ કાવ્યમાં નિષ્ણાત, કોઈ ઇતિહાસમાં નિષ્ણાત, કોઇ ભૂગોળમાં નિષ્ણાત, કોઈ તત્ત્વજ્ઞાનમાં નિષ્ણાત, તો કોઈ વિજ્ઞાનમાં નિષ્ણાત. સામાન્ય મનુષ્યોની અપેક્ષાએ તેમનું આ જ્ઞાન ઘણું જ ઉચ્ચ કોટિનું હોય છે. વળી એવા પણ પ્રભાવશાળી માણસો જોવામાં આવે છે કે જે સેંકડો શ્લોકો એક વાર સાંભળીને યાદ રાખી લે અને બરાબર બોલી બતાવે. એટલે આત્માની જ્ઞાનશક્તિ અગાધ છે. આ શક્તિ જ્યારે ચરમ સીમાએ પહોંચે ત્યારે સર્વ વસ્તુઓના સર્વ ભાવો કેમ ન જાણી શકે?

અનુભવ પણ સર્વજ્ઞતાને મંજુર રાખે છે.

તમે મેસ્મેરીઝમ કરનાર માણસોને જોયા હશે. જેને મેસ્મેરાઇઝ કરવામાં આવે છે, તેની આંખે પાટા બાંધી દેવામાં

આવે છે, અથવા તેના આખા શરીર પર કાળું જાડું કપડું ઓઢાડી દેવામાં આવે છે. પછી મેસ્મેરીઝમ કરનારો પોતાના હાથમાં કોઈ ચોપડી લે અને તેના પર મીટ માંડે કે પેલો મેસ્મેરાઇઝ થયેલો મનુષ્ય તે કડકડાટ બોલી જાય છે અથવા કોઇ માણસ રસ્તેથી પસાર થતો હોય તેના તરફ મેસ્મેરિઝમ કરનારો આંગળી કરીને પૂછે તો પેલો તેનું યથાર્થ વર્ણન કરી જાય છે. કેવલજ્ઞાન ન હોવાનો તર્ક કરનારને અમે પૂછીએ છીએ કે 'જ્યારે એક મનુષ્યની આંખો બંધ હોય છે અને તેના ઉપર કપડું ઢાંકેલું હોય છે, ત્યારે તે મનુષ્ય આ બધું શી રીતે જોઇ શકે છે?' આ પરથી એટલું સમજી શકાય છે કે આંખો વિના પણ જોઈ શકાય છે અને તે જોનારો બીજો કોઇ નહિ પણ આત્મા છે.

હીપ્નોટીઝમની અવસ્થામાં મનુષ્ય બેહોશ હોય છે, છતાં તેની આગળ મૂકવામાં આવેલાં પુસ્તકમાંથી તે હીપ્નોટીઝમ કરનાર ધારેલું પાનું કાઢે છે અને તેમાંનો ધારેલો પરિચ્છેદ વાંચી જાય છે અને કાગળ પર લખી પણ આપે છે. ખૂબીની

× પોલ બ્રન્ટન પી એચ. ડી. કે જે જગતનો એક મહાન લેખક છે અને જેણે દુનિયાનાં અનેક ભાગમાં સંશોધન કરીને અધ્યાત્મવિદ્યા ઉપર પુસ્તકો લખ્યાં છે, તેણે 'A search in secret Egypt–ગુપ્ત ઇજિપ્તમાં શોધખોળ' નામનાં અતિ વખણાયેલાં પુસ્તકમાં પૃષ્ઠ ૯૭ થી શરૂ કરીને હીપ્નોટીઝમનાં અદ્‌ભુત પ્રયોગો કરી બતાવનાર મોંસ્યર એડવર્ડ એડીઝનું જે વર્ણન કર્યું છે, તે આ વિષયમાં 'પ્રમાણરૂપ છે. આવૃત્તિ ૧૬ મી પૃ. ૧૦૦ ઉપર આ રીતે લખી આપેલી પંક્તિઓનું ચિત્ર પણ આપેલું છે.

વાત તો એ છે કે આ પુસ્તક તેમણે અગાઉ કદી જોયેલું હોતું નથી.

મુંબઈમાં વસતા અધ્યાત્મવિશારદ ડૉ. મુળશંકર હીરજી-ભાઈ વ્યાસ અહીં બેઠાં સેંકડો માઈલ દૂરની વસ્તુ જોઈને તેનું વર્ણન કરી શકે છે. તેમણે સં. ૨૦૧૫ની સાલમાં સુંદર-ભાઇ હોલમાં જૈન સાહિત્ય પ્રકાશનમંદિર તરફથી યોજાએલા શિક્ષાસ્મૃતિ-સમારોહ* પ્રસંગે આંખે પાટા બાંધીને અનેક વસ્તુનાં નામ કહી આપ્યાં હતાં, તથા જુદી જુદી ભાષાનાં-પુસ્તકોનાં નામ પણ કહી આપ્યાં હતાં. તેમની આંખો પ્રથમ બંધ કરાવીને ઉપર રૂના મોટા પોલ મૂકવામાં આવ્યા હતા, પછી રૂમાલ કસીને બાંધવામાં આવ્યો હતો, ત્યાર બાદ આઠવડું ખાદીનું કપડું બાંધવામાં આવ્યું હતું, એટલે પાટામાં કોઈ ગફલત હોવાની શંકાને સ્થાન નથી. જ્યારે તેઓ કબાટમાં રહેલી, ભોંયમાં રહેલી, પાણીમાં રહેલી અને સેંકડો માઈલ દૂર રહેલી વસ્તુ કહી શકે છે, ત્યારે આપણને આત્માની ગમે તેટલી દૂર રહેલી વસ્તુ જોવા જાણવાની શક્તિ વિષે ખાતરી થાય છે.

થોડા વખત પહેલાં મુંબઈ સમાચાર સાપ્તાહિકમાં શ્રી ગિરિશચંદ્ર વનવાસીએ 'માનવી ભૂત, ભવિષ્ય અને વર્તમાન

* આ સમારોહ જૈન શિક્ષાવલીની પ્રથમ શ્રેણીનાં પ્રકાશન-નિમિત્તે સં. ૨૦૧૫ ના મહા વદિ ૧૩ ના દિવસે શ્રી મંગલદાસ પકવાસાનાં અધ્યક્ષસ્થાને ઉજવાયો હતો અને તેમાં મુંબઇના અનેક ધીમાન્-શ્રીમાનો હાજર હતા. તેમની સમક્ષ આ પ્રયોગો કરવામાં આવ્યા હતા.

જાણી શકે છે.' એવો એક લેખ પ્રગટ કર્યો હતો. તેમાં જે હકીકત જણાવી છે તે, ધ્યાનમાં લેવા જેવી છે. તેઓ એ મનનીય લેખમાં જણાવે છે કે—

માનવી ભૂત ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે?

આપણી અનેક ધાર્મિક પુરાણ-કથાઓમાં આપણે મહાન ઋષિમુનિઓને ભૂત, ભવિષ્ય અને વર્તમાન બતાવનાર તરીકે વાંચીએ છીએ અને હજી પણ તેવા સંત-મહાત્માઓ આપણા ભારતમાં છે કે જેઓ હિમાલય, ગિરનાર વગેરે પહાડોની ગુફાઓમાં વાસ કરે છે અને પોતાની ધ્યેય-સાધનામાં મગ્ન રહે છે. તે સંત-મહાત્માઓ કોઈ કોઈને મળે છે અને તેમની વાત સાંભળી આપણે વિચારમાં પડી જઈએ છીએ કે શું સાચે જ માનવી ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે?.....હા, એ વાત સાચી જ છે.

ઘણા માણસો કહે છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાન માનવીએ જાણી શકવાની વાત વાહિયાત અને એક જાતનો ઠંભ છે. આપણા ભારતીય ઋષિ-મુનિઓની મહત્તા વધારવા માટે આવી અફવાઓ ઉડાડવામાં આવે છે. બાકી જો માનવી ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકતો હોય તો દુનિયામાં જે અશાંતિ છે, તે તરત જ દૂર થઈ જાય, વગેરે મને તેમનાં અજ્ઞાન ઉપર હસવું આવે છે અને દુઃખ થાય છે.

આજે પણ હોલાંડમાં આવો એક માનવી વસે છે. તેનું નામ છે પિટર હરકોસ. તે ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે.

(ઇંગ્લાંડના) સ્કૉટલેંડ યાર્ડના એક પોલીસ અધિકારીએ આ વાત સાંભળી અને તે શંકિત બનતા આશ્ચર્ય પામ્યો. તેને અને તેના સહકાર્યકર્તાઓને આ અંગે ખાતરી કરવા વિચાર થયો. અને તેમણે પિટરને તેડું મોકલ્યું.

ઇ. સ. ૧૯૫૧ની નાતાલના તહેવારો હતા. તે વખતે સ્કૉટલેંડ યાર્ડની પોલીસનું તેડું આવતાં પિટર વિચારમાં પડ્યો, પણ તે બહાર આવ્યો, પોલીસ અધિકારીએ પિટરને આવકાર આપતાં કહ્યું: 'મિ. પિટર ! અમે સાંભળ્યું છે, કે આપ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકો છો, એ વાત સાચી છે?

'જી.....' પિટરે નમ્રતાપૂર્વક માથું નમાવતાં કહ્યું, અને પિટર એ પોલીસ અધિકારીની ખુરસીમાં ગોઠવાયો.

'એમ? આપ ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકો છો?' અધિકારીએ આશ્ચર્યપૂર્વક પૂછ્યું.

'જી.....હોલાંડવાસી બધાય આ હકીકતથી વાકેફ છે.' પિટરે હસીને કહ્યું.

'તો આપ આપની શક્તિ અમને બતાવશો? અમને મદદ કરશો?' પોલીસે અધિકારીએ પૂછ્યું.

'કહો.' પિટરે ટૂંકમાં જ જવાબ આપ્યો.

'વેસ્ટ મિનસ્ટર એબેમાંથી રાજ્યાભિષેકની એક બહુ મૂલ્યવાન ચીજ ચોરાઈ ગઇ છે. તેની શોધમાં આપ અમને મદદ કરશો તો અહેસાન ભૂલાશે નહિ અને આપની એ અદ્‌ભુત શક્તિની અમને પ્રતીતિ પણ થશે.' પોલીસ અધિકારીએ કહ્યું.

'અવશ્ય, આપને મદદ-સહકાર આપીશ '

'તો ચાલો લંડન....' પોલીસ અધિકારીએ કહ્યું.,

'હું તૈયાર જ છું.'

અને પોલીસ અધિકારી સાથે પિટર એરોપ્લેનમાં લંડન આવ્યો. હવાઇમથકે લંડનના પોલીસ અધિકારીએ પિટરનું આશ્ચર્યપૂર્વક બહુમાન કર્યું. પિટરને તરત જ વેસ્ટ મિનસ્ટર અબેમાં લાવવામાં આવ્યો.

પિટર આવવાની જાણ થતાં કેટલાય લંડનવાસી પ્રેક્ષકો પિટરને જોવા ઉમટી પડ્યા. પોલીસે પ્રેક્ષકોને દૂર કર્યા અને વેસ્ટ મિનસ્ટર અબેના દરવાજા બંધ કર્યા.

આપ શાંતિપૂર્વક બધું જોયા કરજો અને હું જે કહું તેની નોંધ કરજો. કોઇપણ બોલશો નહિ અને શાંતિનો ભંગ કરશો નહિ, એવી મારી વિનંતિ છે; પિટરે કહ્યું.

અને બધા જ પોલીસ અધિકારીઓ—સી. આઇ. ડી. (લંડન) ઓફિસરો આશ્ચર્ય પામતાં પિટરની કાર્યવાહી જોતા જ રહ્યા.

પાંચેક મિનિટમાં શાંતિભર્યું વાતાવરણ છવાઇ ગયું. પિટર બેઠો ઘુંટણભર રાજ્યાભિષેકના સિંહાસન સામે..... અને તે ધ્યાનસ્થ બની ગયો, જાણે કોઇ ભારતીય યોગી !

થોડીક ક્ષણો વહી ગયા પછી પિટરે બોલવું શરૂ કર્યું.

'ચોરી પાંચ માણસોએ કરી છે.' સી. આઈ. ડી. ઓફિસરે ડાયરીમાં નોંધ કરી.

'એક બે અંદર આવ્યા છે અને બાકીના બહાર ચોકી કરતા હતા.' પિટરે મંદ સ્વરે કહ્યું. તેની આંખો બંધ હતી, શ્વાસ ધીમો અને મંદ ચાલતો હતો. સી. આઈ. ડી. ઓફિસરે તેની પણ નોંધ કરી લીધી.

પિટર બોલતો બંધ થયો, થોડીવાર મૌન રહ્યો અને પાછો તે બોલ્યોઃ 'ચોરીમાં મોટરનો ઉપયોગ કરવામાં આવેલ.' તે મોટરની લાયસન્સ પ્લેટના આંકડા પિટરે કહ્યા અને તે પાછો થોડીવાર મૌન રહ્યો.

'લોઅર ટેમ્સ સ્ટ્રીટ' પિટરે કહ્યું અને તે ભાગનું ચિત્ર પણ બતાવ્યું. પિટરના એક એક શબ્દે પોલીસ અધિકારીઓ આશ્ચર્યમુગ્ધ બનતા જતા હતા. તેણે જે સ્ટ્રીટનું નામ આપ્યું અને ચિત્ર બતાવ્યું તે બરાબર હતું અને પિટર કયારે ય આ પહેલાં ઇંગ્લાંડ આવ્યો ન હતો!

તમારી પાસે ચોરી કરનાર ડાકુઓની કોઇ ચીજ છે?' પિટરે પોલીસ અધિકારીઓને પૂછ્યું.

'હા, આ કોશ છે. તેનાથી ડાકુઓએ તાળું તોડયું છે.' પોલીસ અધિકારીએ કોશ પિટર સામે રજૂ કરતાં કહ્યું.

પિટરે કોશને જોઈ અને કોશ ઉપાડી પાછો ધ્યાનસ્થ બન્યો. પાંચેક મિનિટ એમ જ પસાર થયા પછી પિટર આંખો ખોલતાં બોલ્યો કે 'ચાલો મારી સાથે.'

'કઈ તરફ?' પોલીસ અધિકારીએ પૂછ્યું.

'ગ્રીનલેનમાં' પિટરે કહ્યું, અને તેઓ બધા એક મોટરમાં ચડી બેઠા. થોડીવારે મોટર ગ્રીનલેનમાં આવી પહોંચી.

'સામે લુહારની દુકાન છે, ત્યાંથી પેલા ચોરોએ આ કોશ ખરીદી છે.' પિટરે કહ્યું અને પાછા તેઓ વેસ્ટ મીનસ્ટર એબેમાં આવ્યાં.

'લુંટની ચીજ પહેલાં લંડનમાં જ ખપાવેલી, પણ પછી ગ્લાસગો લઇ ગયેલ છે?' પિટરે કહ્યું.

અને પોલીસો, સી. આઈ. ડી. કામે વળગી ગયા. પિટરે કહેલી હકીકત સત્ય જ હતી. આખરે ગુન્હેગારો પકડાયા અને પિટરને પ્રસિદ્ધિ મળી. લંડનના પત્રોમાં તેના ફોટાઓ અને પરિચય છપાયા.

આવો જ એક બીજો પ્રસંગ પેરીસનો છે. ઈ. સ. ૧૯૫૨માં પેરીસના એક લત્તામાં જૂનાં મકાનમાં જૂનો સામાન વેચવાની દુકાન હતી તેમાં ભેદી ખૂન થયું. ખૂનીએ ખૂન કરીને શબ ગુમ કર્યું હતું.

પેરીસની પોલીસને ખૂન થયાની જાણ થતાં તે ઘટનાસ્થળે આવી અને તેની કાર્યવાહી શરૂ કરી. ખૂનીને પકડવા માટે પોલીસે તે મકાનના માણસોના અને આજુબાજુમાં રહેતા પાડોશીઓનાં નિવેદનો લીધાં પણ ન ખૂની મળ્યો કે ન ખૂન થયેલ વ્યક્તિનું શબ મળ્યું. ખૂનની જગ્યાની આસપાસ સી આઈ. ડી. અને પોલીસો સાદા વેશમાં ફર્યા કરતા હતા, પણ કંઈ પણ જાણવા મળતું ન હતું.

પેરીસની પોલીસે કમર કસી ખૂબ દોડધામ કરી શક પડતી વ્યક્તિઓને પકડી, ચૌદમા રત્નનો પરચો પણ બતાવ્યો, ખૂબ સમજાવ્યા, પણ પોલીસની એ બધીય મહેનત વ્યર્થ ગઇ. ખૂન થયાને એક સપ્તાહ....બીજું સપ્તાહ....ત્રીજું સપ્તાહ વ્યતીત થયું.

વર્તમાનપત્રો પેરીસની પોલીસની કડક ટીકા કરતાં હતાં ત્યારે પોલીસો આમતેમ દોડધામ કરી વ્યર્થ પશીનો પાડતાં હતાં. ખૂની પકડાતો ન હતો, શબ હાથ લાગતું ન હતું.

ખૂન થયાને ચોથું સપ્તાહ, પાંચમું સપ્તાહ; છટ્ઠું સપ્તાહ પસાર થયું. પેરીસના પોલીસ અધિકારીઓ માથે હાથ દઇને બેઠા! સી. આઈ. ડી.ઓએ કપાળ કૂટયું ત્યાં એક પોલીસ અધિકારી કૂદકો મારીને ઊભો થયો ગયા વર્ષમાં લંડનમાં રાજ્યાભિષેકની ચોરાયેલી ચીજના ગુન્હેગારો મેળવી આપનાર ભવિષ્યવક્તા પિટર યાદ આવ્યો. અને તે હર્ષમાં નાચી ઉઠયો પિટરને ટ્રંક ફોલ કર્યો. બનેલ ઘટનાની જાણ કરી અને પેરીસ બોલાવ્યો. થોડા જ વખતમાં પિટર પેરીસ પોલીસ અધિકારી સામે હાજર થયો. તેણે વિસ્તૃત હકીકત માગી અને પોલીસ અધિકારીઓએ તે પૂરી પાડી. પિટરે સ્થળ જોવા માગ્યું અને જે વ્યક્તિનું ખૂન થયું હતું તેનો ફોટો જોવા માગ્યો. પોલીસ અધિકારીઓએ મૃત વ્યક્તિનો ફોટો આપ્યો.

પિટર તે ફોટા સામે ધ્યાનસ્થ બની જોઈ રહ્યો. બાદ બોલ્યો 'મારી સાથે ચાલો.' અને પિટર ચાલતો થયો.

પેરીસનાં ઊંચાં ઊંચાં મકાનો અને શેરીઓ વટાવતો તે જૂના મકાન પાસે આવીને ઊભો રહ્યો. પોલીસ અધિકારીઓ તેની સાથે હતા. તેઓ આશ્ચર્યમુગ્ધ બની ગયા. તે મકાનમાં આગળ વધ્યો. પોલીસ અધિકારીઓએ તેને ઘટનાસ્થળ બતાવ્યું.

'ખૂન અહીં થયું નથી' પિટરે કહ્યું.

'શું કહો છો, મિ. પિટર?' પોલીસ અધિકારીથી પૂછાઈ ગયું. 'આ ઘટનાસ્થળના પૂરાવા કહે છે ખૂન અહીં જ થયું છે!'

'તમારા પૂરાવા કહેતા હશે. તમે આ મકાનનું ખૂબ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું છે?' પિટરે પૂછ્યું.

'હા. મકાનનો એક પણ ખૂણો અને એક પણ દિવાલ ખૂબ જ નિરીક્ષણપૂર્વક જોયા વિના મૂકયા નથી.' પોલીસ અધિકારીએ કહ્યું.

આ મકાનમાં ભૂગર્ભ છે. નીચે એક ઓરડો છે.'

'શું કહો છો? શું આ વાત શકય હોઈ શકે? આશ્ચર્ય! મી. પિટર! ભ્રમ તો નથી ને?' પોલીસ અધિકારીએ પૂછ્યું.

'આવો' પિટરે કહ્યું અને તેણે એક જગાએ બૂટની એડી દબાવી કે સામે ભૂગર્ભમાં રહેલા ઓરડાનું દ્વાર ખુલી ગયું અને તે ભૂગર્ભમાં ઉતર્યો. ભૂગર્ભના ઓરડામાં એક ખૂણો બતાવ્યો. 'અહીં ખૂન થયેલ વ્યક્તિનું શબ છે,' પિટરે કહ્યું. અને પોલીસોએ તે સ્થળ તરત જ ખોદયું તો મરનાર વ્યક્તિનું શબ મળી આવ્યું. પછી પિટરે ત્યાં ઊભા ઊભા જ

તેનું ખૂન કરનાર એક સ્ત્રી અને બે પુરુષોનાં નામ આપ્યાં. પોલીસને તેમાંની એક વ્યક્તિનાં રહેઠાણની તો ખબર હતી. આ રીતે પોલીસે પિટરની અદ્‌ભુત શક્તિની મદદથી એક મુશ્કેલ અને મુંઝવણભર્યો ગુન્હો પકડ્યો.

આ બંને કિસ્સાઓ ભૂતકાળના જોયા. હવે તેની ભવિષ્ય-કથનની શક્તિનો એક કિસ્સો જોઈએ.

પેરીસમાં એક 'લીઓરેગેટ' નામના પરામાં વસતાં અને એક સારો ઉદ્યોગ ધરાવતા વહેપારીએ પિટરને બોલાવ્યો. પિટર વહેપારીએ આપેલા સમયે તેનાં કારખાને–ઓફિસે મળ્યો. એ વખતે તે વેપારીને કાર્બોનિક ગેસની બાટલીમાં ભરવાનો એક નવો ઉદ્યોગ શરૂ કરવાનો વિચાર હતો. તેના માટે જ વહેપારીએ પિટરને બોલાવ્યો હતો.

વહેપારી અને પિટર એક બીજાને જરા પણ ઓળખતા ન હતા, તેમ વહેપારીનું કારખાનું પણ પિટરે કયારેય જોયું ન હતું. તેમ તેના કારખાનામાં રહેલાં આધુનિક મશીનો પણ જોયા ન હતાં.

વહેપારી, મેનેજર, કારખાનાનો મિકેનિક અને પિટર ફરતાં ફરતાં એક પછી એક મશીન જોતાં જાય છે. એવામાં પિટર એક મશીન પર હાથ મૂકતાં બોલ્યો અને બોલ્યો : 'આ મશીન નહિ ચાલે અને તમને ખૂબજ મુશ્કેલીમાં મૂકશે.'

મેનેજર પિટરની વાત સાંભળી ઉપેક્ષાપૂર્વક હસ્યો અને બોલ્યોઃ 'મિ. પિટર! તમે કેવી વાત કરો છો? આ મશીન તદ્દન નવું છે, કેમ કામ નહિ આપે?'

'કામ નહિ આપે એ વાત ચોક્કસ છે' પિટરે કહ્યું. અને તેઓ આગળ ચાલ્યા.

એક દિવસ પિટરનાં ઘરે ફોન આવ્યોઃ 'મિ. પિટર! આપે કહેલ હકીકત સંપૂર્ણ સત્ય ઠરી છે. આજે અમે એ મશીનને ચાલુ કરવાની ખૂબ મહેનત કરી, પણ તેણે આખરે કામ ન આપ્યું.

પિટર કોઈ મિકેનિક નથી, છતાંય તે મશીનના દોષો જોઈ શકે છે. એ રસાયણશાસ્ત્રી નથી છતાં રસાયણની ફોર્મ્યુલાઓને જાણી શકે છે. આ અદ્‌ભુત શક્તિનાં કારણે તે જાણીતી રેડિયો-ટેલીવીઝન નિર્માણ સંસ્થા ફીલીપ્સ કંપનીમાં ભારે પગારે જોડાઈ ગયો છે.

પિટર પહેલાં તો સાધારણ-સામાન્ય મજૂર હતો. તે મકાનોને રંગવાનું કામ કરતો હતો અને સાદાઈભર્યું સામાન્ય માનવીનું જીવન જીવતો હતો. ઈ. સ. ૧૯૩૪માં એક ઊંચા મકાનની બારીને રંગતો હતો. તે બારી જમીનથી ૪૦-૪૫ ફુટ ઊંચી હતી. તેને રંગ કરતાં કરતાં તેનો પગ લપસ્યો અને એક ચીસ નીકળતાં જ તે સીધો જમીન પર પટકાયો, તેનાં માથામાં સખ્ત વાગ્યું. ખૂબ જ લોહી વહી ગયું અને તે બેભાન બની ગયો. તેને એમ્બ્યુલન્સમાં નાખી હોસ્પીટલમાં લાવવામાં આવ્યો.

પિટરને ભાનમાં લાવવાના ડૉકટરી ઉપચારો શરૂ થયા. પણ તે ભાનમાં ન આવ્યો. અઠવાડિયા સુધી બેહોશ રહ્યો. એક દિવસ તે હોશમાં આવ્યો, જાગૃત થયો અને સાથે સૂતેલું ભાગ્ય પણ જાગૃત બન્યું! તેને ભૂત, ભવિષ્ય અને વર્તમાન

જાણવાની અદ્‌ભુત શક્તિ મળી ગઇ હતી ! એ અદ્‌ભુત શક્તિનાં કારણે તે બધું અદૃશ્ય જોવા માંડયો. પિટરને પણ આશ્ચર્ય થયું કે આ બધું શી રીતે જોઇ શકાય છે ?'

આવાં જ્ઞાનને આપણે વિભંગજ્ઞાનના પ્રકાર તરીકે વર્ણવી શકીએ. કયા કારણે તે ઉત્પન્ન થયું, તે કદાચ કહી શકીએ નહિ. તેનું કારણ ગમે તે હો, પણ આવા બનાવો પુરવાર કરે છે કે આત્મામાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળને જાણવા-જોવાની શક્તિ છે, તેથી સર્વજ્ઞતા એ સિદ્ધ વસ્તુ છે. તેમાં કોઇએ કશી શંકા કરવાનું કારણ નથી.

સર્વજ્ઞતાથી જગતને થતો મહાન લાભ.

પરમ પુરુષો આવું જ્ઞાન મેળવીને જગતને કલ્યાણનો સાચો માર્ગ બતાવે છે. તે સાચા માર્ગને મેળવીને જગતના કરોડો જીવો પોતાનું કલ્યાણ કરે છે અને હંમેશને માટે પરમ સુખી થાય છે. આવા પરમ મહર્ષિઓનું જીવન, જ્ઞાન અને ચર્યા જગતના તમામ આત્માઓનાં હિતને માટે હોય છે, આવા મહાન પુરુષો દુન્યવી પદાર્થોના પોષણમાં પડતા નથી, પરંતુ સાચો માર્ગ બતાવે છે.

---

* સર્વજ્ઞતાની સિદ્ધિ કરનારા અનેક ગ્રંથો અને ગ્રંથાધિકારો જૈન શ્રુતમાં મોજુદ છે. શ્રી હરિભદ્રસૂરિની સર્વજ્ઞસિદ્ધિ, નંદિસૂત્રની વ્યાખ્યામાં શ્રી મલયગિરિ મહારાજે કરેલું સર્વજ્ઞસિદ્ધિનું નિરૂપણ, સન્મતિતર્કની નિવૃત્તિમાં શ્રી અભયદેવસૂરિએ રચેલો સર્વજ્ઞતાવાદ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિએ પ્રમાણમીમાંસામાં કરેલી સર્વજ્ઞ-સિદ્ધિ વગેરે આ વિષયમાં ખાસ જોવા લાયક છે.



વ્યાખ્યાન બારમું.

આત્મજ્ઞાન કયારે થાય ?

મહાનુભાવો !

વ્યાખ્યાનનાં પ્રારંભે આપણે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું અભિવાદન કરીએ, કારણ કે તેમાં ઊંડું અધ્યાત્મજ્ઞાન ભરેલું છે. તેનાં છત્રીસમાં અધ્યયને આપણને અલ્પસંસારી આત્મા'નું સ્વરૂપ સમજાવ્યું છે અને આત્મા સંબંધી વિશેષ વિચાર કરવાની પ્રેરણા આપી છે.

'આત્મજ્ઞાન કયારે થાય ?' એ આજ વિસ્તારથી સમજાવવું છે. જો આ વસ્તુ બરાબર સમજાશે, તો બેડાપાર છે, નહિ તો હાલત કફોડી સમજજો. જીવનની સાચી કમાણી શું ? આત્મજ્ઞાન કે રૂપિયા ! જો આત્મજ્ઞાન હશે તો પાપથી બચી શકશો, પુણ્ય ઉપાર્જન કરી શકશો અને સંયમના માર્ગે સંચરી મોક્ષની સાધના કરી શકશો. રૂપિયા તમને શું મદદ કરવાના ? જો ઉદારતાથી એનો સદુપયોગ કરશો તો પુણ્ય મળશે પણ એ ઉદારતાયે આત્મજ્ઞાન વિના થોડી જ ઉદ્ભવવાની ?

આત્મજ્ઞાન કયાંથી મળે ?

તમારે શાક લેવું હોય તો કાછિયા પાસે જાઓ છો, અનાજ લેવું હોય તો દાણાવાળા પાસે જાઓ છો, કરિયાણાં લેવાં હોય તો ગાંધી પાસે જાઓ છો, કાપડ લેવું હોય તો

કાપડિયા પાસે જઈએ છીએ અને ઘરેણાં લેવાં હોય તો સોની કે ઝવેરી પાસે જઈએ છીએ, તેમ આત્મજ્ઞાન લેવું હોય તો સદ્‌ગુરુ પાસે જવું જોઈએ. આત્મજ્ઞાનના વેપારી–આત્મજ્ઞાનનો પ્રકાશ કરનારા, આત્મજ્ઞાનને આપનાર સદ્‌ગુરુ છે. એ માલ તેમના સિવાય બીજા કોઈ પાસેથી મળી શકશે નહિ. તમે કાછિયાની દુકાને જઈને કાપડનો તાકો માગો કે દાણા-વાળાની દુકાને જઈ હીરાનો હાર માગો તો કયાંથી મળે? જે વસ્તુ જ્યાંથી મળતી હોય, ત્યાં જ મળી શકે. એટલે તમારે એ વસ્તુ લેવા ત્યાં જ જવું જોઈએ.

સદ્‌ગુરુ શબ્દનો પ્રયોગ કર્યો છે, તે લક્ષમાં રાખજો. ગમે તેવા ગુરુ તમને આત્મજ્ઞાન આપી શકશે નહિ. જો કોઈ કુગુરુના પનારે પડ્યા તો ધનમાલ ધૂતી લેશે અને તમારૂં મગજ ભમાવી દેશે. બહારના ડોળદમામથી જરાયે લોભાશો નહિ. જો લોભાયા તો પેલા વાંઝણી ગાયને ખરીદનારના જેવા હાલ થશે.

વાંઝણી ગાયને ખરીદનારનું દૃષ્ટાંત.

એક મનુષ્ય ખૂબ ભોળો હતો. તે બિમાર પડતાં વૈદ્યોએ એવી સલાહ આપી કે 'તમારે માત્ર ગાયના દૂધ ઉપર જ રહેવું.' ગાયનું દૂધ હલકું અને પાચક છે તથા બળ-બુદ્ધિને વધારનારૂં છે.

માત્ર ગાયના દૂધ ઉપર જ રહેવું હોય તો રોજનું છ-સાત શેર દૂધ જોઈએ. તેથી પેલા ભોળા મનુષ્યે એક ગાય ખરીદી લેવાનો વિચાર કર્યો. તે ઢોર-બજારમાં ગયો અને ગાયોના વિભાગમાં પહોંચ્યો. ત્યાં અનેક જાતની ગાયો

ઊભેલી હતી. કેટલીક રાતી, કેટલીક પીળી, કેટલીક કાળી કેટલીક કાબરી તો કેટલીક ધોળી. તેમાં કેટલીક ગાયો દુબળી હતી, કેટલીક મધ્યમ હતી અને કેટલીક રુષ્ટપુષ્ટ હતી. તેમાં એક રુષ્ટપુષ્ટ ગાયના ગળે ઘંટ બાંધેલો હતો. આ જોઇને પેલાએ વિચાર કર્યો કે બીજી કોઈ ગાયનાં ગળે ઘંટ બાંધેલો નથી અને આ ગાયનાં ગળે ઘંટ બાંધેલો છે, માટે તે જ બધામાં સારી હોવી જોઇએ. વળી શરીરે રુષ્ટપુષ્ટ છે, એટલે તે બીજી ગાયો કરતાં વધારે દૂધ આપતી હશે.'

આ રીતે તેનું મન માન્યું, એટલે વિશેષ પૂછપરછ કરી નહિ. ગાય વેચનારે માગ્યા તેટલા રૂપિયા ગણી આપ્યા અને ગાયને ઘરે લાવ્યો. તેની ઘરવાળી ચતુર હતી. તેણે આ ગાયને જોતાં જ પૂછયું કે ' આ ગાયને કેટલાં વેતર થયાં છે ?' પેલાએ કહ્યું ' એ તો મેં પૂછયું નથી.' સ્ત્રીએ ફરી પૂછયું, ' એ દૂધ કેટલું આપે છે ?' પેલાએ કહ્યું: ' એ પણ મેં પૂછયું નથી,' તો શું એને દોહીને લીધી છે ?' સ્ત્રીએ નવો પ્રશ્ન કર્યો પેલાએ કહ્યું: 'ના, એને મેં દોહી પણ નથી.' ત્યારે એનું આઉ તપાસ્યું છે ?' તેનો ઉત્તર પણ પેલાએ ના માં જ આપ્યો. છેવટે સ્ત્રીએ પૂછયું કે 'તો તમે આ ગાયને શી રીતે ખરીદી ?' પેલાએ કહ્યું કે 'બધી ગાયોમાં એ રુષ્ટપુષ્ટ હતી અને ગળામાં સુંદર ઘંટ બાંધેલો હતો, એટલે મેં જાણ્યું કે આ ગાય બધામાં સારી છે અને ખૂબ દૂધ દેતી હશે. એટલે મેં માગ્યા પૈસા આપીને તેને ખરીદી લીધી.' સ્ત્રીએ કહ્યું: ' એ બધા પૈસા પાણીમાં ગયા. આ ગાય તો પાંકણ

(વાંઝણી) છે. તે જરા પણ દૂધ આપશે નહિ.'

આ સાંભળીને પેલો ભોળો મનુષ્ય વિચારમાં પડી ગયો. હવે શું કરવું ? તે થોડીવારે બોલ્યો કે 'વાત જો એમ હોય તો આ ગાય આપણે બીજાને વેચી દઇશું.' સ્ત્રીએ કહ્યું: 'પણ તમારા જેવાં હૈયાકુટા બીજા કોણ હશે કે જે ગાયને આ રીતે વગર તપાસ્યે લેશે ? એટલે આટલેથી જ સર્યું.'

તાત્પર્ય કે એ ગાય પેલાને માથે પડી અને બધા પૈસાનું પાણી થયું.

આ શાસ્ત્રીય દૃષ્ટાંત છે અને શાસ્ત્રીય દૃષ્ટાંત ઘણા ધાર્મિક હોય છે. જુદા જુદા રંગની ગાયો તે જુદા જુદા વેશવાળા ગુરુઓ સમજવા. તેમાં પાતળાપણું, મધ્યમપણું અને રુષ્ટપુષ્ટપણું ત્યાગ અને તપશ્ચર્યા અંગે સમજવું. જે ગુરુ આત્માની ઉન્નતિ કરવા માટે ત્યાગના માર્ગે સંચરે છે અને વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરે છે, તે શરીરે દુબળા-પાતળા હોય છે, જે ગુરુઓ ઉત્સાહથી ત્યાગમાર્ગનો સ્વીકાર કરે છે. પણ તપશ્ચર્યાદિ વિશેષ પ્રમાણમાં કરી શકતા નથી તે મધ્યમ શરીરવાળા હોય છે અને જેઓ સાધુપણું લીધા પછી ત્યાગ વૈરાગ્યને ભૂલી જઇ મનગમતા માલમલીદા ઉડાવે છે, તે શરીરે રુષ્ટપુષ્ટ હોય છે એવાઓ બાહ્ય આડંબર ઘણો રાખે પણ ધર્મ રૂપી દૂધ આપી શકતા નથી તેવા ગુરુઓ ગળામાં ઘંટવાળી સુંદર ગાય જેવા સમજવા, આવા ગુરુઓની સમીપે જવાથી, તેમનું શરણ સ્વીકારથી આત્મજ્ઞાન રૂપી દૂધ મળી શકતું નથી.

સદ્‌ગુરુ કેવા હોય ?

સદ્‌ગુરુ કેવા હોય ? તેનો જવાબ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં આપ્યો છે.

મહાવ્રતધરા ધીરા, ભૈક્ષ્યમાત્રોપજીવિનઃ ।
સામાયિકસ્થા ધર્મોપદેશકા ગુરવો મતાઃ ॥

મહાવ્રતધરા એટલે જેઓ મહાવ્રતને–પાંચ મહાવ્રતને ધારણ કરનારા હોય, ધીરાઃ એટલે જેઓ ધીર હોય, સહનશીલ હોય, બાવીશ પ્રકારના પરિષહો સહન કરનારા હોય, ભૈક્ષ્યમાત્રોપજીવિનઃ એટલે તેઓ માત્ર ભિક્ષા ઉપર નભનારા હોય પણ રસોડા ચલાવનારા ન હોય કે જાતે રસોઇ કરીને ખાનારા ન હોય, સામાયિકસ્થાઃ એટલે જેઓ સામાયિકમાં રહેનારા હોય, સમભાવને ધારણ કરનારા હોય, એક પ્રત્યે રાગ અને બીજા પ્રત્યે દ્વેષ કરનારા ન હોય. અને ધર્મોપદેશકાઃ એટલે ધર્મનો ઉપદેશ કરનારા હોય, શ્રી સર્વજ્ઞ ભગવંતોએ પ્રાણી માત્રનાં હિતને માટે જે દયામય–દાનમય ધર્મ બતાવ્યો છે, તેની પ્રરૂપણા કરનારા હોય તે જિનશાસનમાં ગુરુઓ મનાયેલા છે.

આવા ગુરુઓને શાસ્ત્રકારોએ ગાય જેવા, મિત્ર જેવા, બંધુ જેવા, પિતા જેવા, માતા જેવા અને કલ્પવૃક્ષ જેવા કહ્યા છે. તે જ તમને સાચું આત્મજ્ઞાન આપી શકે અને આ સંસારમાંથી તમારો ઉદ્ધાર કરી શકે.

આત્મજ્ઞાન માત્ર પુસ્તકોથી મળી શકે નહિ.

કેટલાક કહે છે કે 'આત્મજ્ઞાન લેવું હોય તો ગુરુ પાસે જવાની શી જરૂર છે ? ઘરે બેઠા આત્માને લગતા પુસ્તકો વાંચીશું તો પણ આત્મજ્ઞાન થઈ જશે.' પરંતુ આ મોટી ભૂલ છે. માત્ર પુસ્તકો વાંચીને મેળવેલું જ્ઞાન અધૂરું હોય છે, અપૂર્ણ હોય છે અને શાસ્ત્રકારોના શબ્દોમાં કહીએ તો જાર પુરુષથી ઉત્પન્ન થયેલા પુત્રની જેમ શોભાને ધારણ કરી શકતું નથી. પુસ્તકો વાંચીને પોતાની મેળે આત્મજ્ઞાની કેટલા થયા ? આનો અર્થ કોઇ એમ ન સમજે કે અમે પુસ્તકો વાંચવાનો નિષેધ કરીએ છીએ કે વિરોધ કરીએ છીએ. સારા પુસ્તકોનું વાંચન સ્વાધ્યાયરૂપ છે અને તે કર્મનિર્જરાનું કારણ છે, પણ માત્ર પુસ્તક વાંચવાથી જ આત્મજ્ઞાન મળી જાય એમ માનવું ભૂલભરેલું છે.

પુસ્તકોમાં અમુક હકીકત અમુક સ્વરૂપે લખેલી હોય તે પોતાની મેળે યથાર્થપણે સમજાય નહિ. વળી એ હકીકતો વાંચતાં મનમાં અનેકવિધ શંકાઓ ઉઠે, તેનું સમાધાન પણ થાય નહિ. તેથી જ અમે કહીએ છીએ કે સાચું જ્ઞાન સદ્‌ગુરુ જ આપી શકે. શ્રી ઇંદ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર બ્રાહ્મણ વિદ્વાનોએ ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં અને તેમાંની દરેક બાબત પર વાદવિવાદ કરવાને પણ તેઓ સમર્થ હતા, પરંતુ તેમનાં મનમાં કેટલીક શંકાઓ ભરાઇ પેઠી હતી, તેનું સમાધાન કેમે ય થતું ન હતું, એટલે તેઓ આત્મજ્ઞાનથી વંચિત રહ્યા હતા. જ્યારે તેમને મહાવીર પ્રભુ જેવા સદ્‌ગુરુ

મળ્યા અને તેમણે તેમની* શંકાઓનું નિરાકરણ કર્યું, ત્યારે જ તેઓ સાચું આત્મજ્ઞાન પામી શકયા.

ગુરુ એ દીવો છે.

ગુરુ એ દીવો છે. તે તમારા હૃદયમાં રહેલા મિથ્યાત્વરૂપ અંધકારને દૂર કરી શકે છે અને તમારે જે માર્ગે જવા જેવું હોય તેનું સત્ય દર્શન કરાવી શકે છે. વળી એ માર્ગ વિકટ હોય, વિઘ્નોથી ભરેલો હોય તો તેઓ ભોમિયાનું કામ પણ કરે છે અને તમને સહીસલામત પાર ઉતારી દે છે. જેમ પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે, તેમ સદ્ગુરુના સંગથી ગમે તેવો નાસ્તિક મનુષ્ય પણ આસ્તિક બની જાય છે અને સંસાર પરથી વૈરાગ્ય પામી સંયમના માર્ગે વળે છે.

રોહણિયાનો પિતા પાકો ચોર હતો. તેણે પોતાના પુત્રને આદેશ આપ્યો કે 'તું બધું જ કરજે પણ મહાવીરની પાસે જઈશ નહિ અને કદાચ જવાનો પ્રસંગ આવે તો તેનો ઉપદેશ કાને ધરીશ નહિ.' રોહણિયાનો બાપ મહાવીરની તાકાત જાણતો હતો. તેને ખબર હતી કે જો રોહણિયો તેમની પાસે જશે અને તેમનો ઉપદેશ સાંભળશે તો આ ચોરીનો ધંધો છોડી દેશે, એટલું જ નહિ પણ તે સંસારનો ત્યાગ કરી સાધુ થઈ જશે.

---

* ગણધરવાદમાં આ હકીકત સવિસ્તર જણાવેલી છે, તેનું વ્યાખ્યાન પર્યુષણ પર્વના છઠ્ઠા દિવસે થાય છે.

છોકરાઓ ગુરુ પાસે જશે તો—

આ અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. ત્યારે ચોરો આવું બોલતા હતા. આજે શાહુકારો આવું બોલતા થયા છે. તેઓને બીક છે કે છોકરાઓ ગુરુ પાસે જશે તો ધર્મના રસ્તે ચડી જશે અને સંસારી મટી સાધુ થઇ જશે. તેથી તેઓ એમને અનાર્યની સોબત કરવા દે છે, ગમે તેની સાથે રખડવા દે છે અને જે કેળવણીમાં કશો શકરવાર નથી, તે આપવામાં આનંદ પામે છે. આ છોકરાઓનું કલ્યાણ શી રીતે થવાનું ?

જૂના જમાનામાં ક્ષીરકદંબ ઉપાધ્યાય તેના ત્રણ શિષ્યો સાથે રાત્રે અગાશીમાં સૂતા હતા, ત્યારે ત્યાંથી બે ચારણ મુનિઓ પસાર થયા તેમાંના એકે બીજાને કહ્યું કે આ ત્રણ શિષ્યોમાંથી એક સ્વર્ગે જશે અને બે નરકમાં જશે. સ્વર્ગે જનાર નારદ હતો અને નરકમાં જનાર વસુ અને પર્વત હતા. ક્ષીરકદંબ ઉપાધ્યાય જાગતા પડ્યા હતા, તેથી તેમણે મુનિવાણી સાંભળી અને તેમને ખૂબ લાગી આવ્યું. તેઓ વિચાર કરવા લાગ્યા કે 'જે મારી પાસે ભણનાર નરકમાં જાય તો મને ધિક્કાર છે.' તેમને પોતાની શિક્ષક તરીકેની શક્તિમાંથી શ્રદ્ધા ઉઠી ગઈ અને તેમણે સંસારનો ત્યાગ કર્યો. ત્યારે આજના શિક્ષકો ઘમંડી થઇને ફરે છે અને મિથ્યાજ્ઞાન આપે છે. વળી નીતિ, સદાચાર તથા સુસંસ્કારોનું પોષણ પણ જોઇએ તેવું કરતા નથી. આવા શિક્ષકોને પૈસા આપી તમારાં બાળકોનું ભાવી જોખમમાં શા માટે મૂકો છો ?

જો માતપિતા તરીકે તમારાં બાળકોનું કલ્યાણ ઇચ્છતા હો તો પણ નાનપણથી જ તેમને ત્યાગી ગુરુ મહારાજનો સંગ કરાવો, ગુરુ મહારાજનાં પડખાં સેવવા દો, તેઓ એમને જે જ્ઞાન આપશે જે સંસ્કાર આપશે તે આ ભાડુતી શિક્ષકો આપી નહિ શકે. છોકરાઓને પ્રથમ રખડવા દેવા અને પછી બૂમ મારવી કે છોકરો રખડેલ થઈ ગયો.' 'કોઇનું માનતો નથી.' 'હાથથી ગયો' એથી શો દહાડો વળે ? ડાહ્યા માણસે જે કંઇ કરવું તે પ્રથમથી જ સમજી-વિચારીને કરવું.

તમને ભીતિ છે કે બાળકને જો ત્યાગી ગુરુ મહારાજનો સંગ કરાવીશું, તેમની પાસે વધારે જવા દઈશું તો તે વૈરાગી-ત્યાગી બની જશે અને આપણાં કામનો નહિ રહે, પણ દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ પામીને તે અજ્ઞાનમાં સબડે, અનાચારનું સેવન કરે અને પરિગ્રહમાં મૂર્છિત બની દુર્ગતિનો ભાગી થાય, એની કોઈ ફીકર નથી ને? વૈરાગ્ય અને ત્યાગ સારી વસ્તુ છે કે ખરાબ? એનો પ્રથમ તમારાં દિલમાં બરાબર નિર્ણય કરો. તમે વૈરાગ્ય અને ત્યાગને ખરાબ માનતા હો અને સંસારસુખને જ સાચું સુખ માનતા હો તો તમારાં બાળકને ત્યાગી ગુરુ મહારાજથી દૂર રાખો એ સમજી શકાય એવું છે, પણ તમે વૈરાગ્ય અને ત્યાગને ઉત્તમ માનો, તેની વારંવાર અનુમોદના કરો અને તમારાં બાળકોને ત્યાગી ગુરુ મહારાજથી દૂર રાખવાનો વિચાર કરો, એ કઇ રીતે સંગત ગણાય? જેમ હસવું અને લોટ ફાકવો એ સંગત નથી, તેમ વૈરાગ્ય-ત્યાગને ઉત્તમ માનવા અને બાળકોને તેનાથી દૂર રાખવા એ સંગત નથી.

તમે નાનપણથી ધર્મના સંસ્કારો પાડ્યા અને મોટી ઉમરે તેનું મહત્ત્વ સમજતા થયા તો નિયમિત દેવદર્શન અને સેવાપૂજા કરો છો. ગુરુ મહારાજનાં વ્યાખ્યાન-વાણી સાંભળો છો ને યથાશક્તિ વ્રત-નિયમની આરાધના કરો છો. પણ જે નાનપણમાં કંઈ ધર્મ સંસ્કારો નહિ પામે તેની દશા શી થશે?

આત્મજ્ઞાન વિના બધું યે નિરર્થક નીવડવાનું છે.

આજે ભૌતિકવાદ જોર પર આવ્યો છે, એટલે જ્યાં ત્યાં આર્થિક વિકાસ, હુન્નરઉદ્યોગની ખીલવણી તથા વધારે ઉત્પાદનની વાતો સંભળાય છે, પણ આત્મજ્ઞાન વિના આ બધું યે નિરર્થક નીવડવાનું છે. એનાથી દુનિયા સુખશાંતિનો અનુભવ કરી શકવાની નથી.

આજે આર્થિક વિકાસને નામે યંત્રવાદને આગળ ધપાવવામાં આવે છે, પણ તેથી કેટલા સ્વાશ્રયી લોકો બેકાર બની જાય છે, તેનો વિચાર આવે છે ખરો? મોટાં મોટાં કારખાનાઓથી આર્થિક વિકાસ થતો હોય તો મૂડીવાદીઓનો થાય છે, તેથી ગરીબ માણસોને કંઈ રાહત મળતી નથી. સેંકડો ધંધા ભાંગે અને પાંચ માણસોને કારખાનામાં કામે લગાડવામાં આવે એ વ્યવસ્થા બરાબર ગણાય નહિ. જ્યારે આ દેશમાં યંત્રવાદ આવ્યો ન હતો, ત્યારે દેશની આર્થિક સ્થિતિ વધારે સારી હતી કે અત્યારે? તે વખતે જેટલું સોનું-જેટલું ધન આ દેશમાં હતું, તેનો સોમો ભાગ પણ અત્યારે રહ્યો છે.

હુન્નર-ઉદ્યોગની ખીલવણીના, નામે, વધારે ઉત્પાદનને નામે આજે હિંસા ખુબ વધી રહી છે અને અનાજનાં બે ડૂંડાં મોંમાં નાખવા માટે જનાવરોને ગોળીએ મારવામાં આવે છે. તે માટે ખાસ શિકારી ટોળીઓની ગોઠવણ કરવામાં આવી છે. વળી મત્સ્યઉદ્યોગ જેવા અતિ હિંસક ઉદ્યોગને પણ ઉત્તેજન અપાઇ રહ્યું છે. આ બધો ધર્મવિહીન કેળવણીનો પ્રતાપ છે અને એ જ સ્થિતિ ચાલુ રહેશે તો માણસો પર કુદરતી કોપ મોટા પ્રમાણમાં ઉતર્યા વિના રહેશે નહિ. આજે પહેલાં કરતાં કુદરતી કોપનું પ્રમાણ વધ્યું છે અને જ્યાં ત્યાં જળપ્રલય, ધરતીકંપ, રેલ્વે અકસ્માત અને વિમાની હોનારતોની વાતો સંભળાય છે, તેનું કારણ એ છે કે અનીતિ વધી છે, અનાચાર વધ્યો છે અને આત્મહિત કે આત્મકલ્યાણ તરફ બિલકુલ લક્ષ રહ્યું નથી. જ્યાં આત્મજ્ઞાન નથી ત્યાં આત્મહિત કે આત્મકલ્યાણ તરફ લક્ષ રહે જ કયાંથી ?

આર્થિક વિકાસ એ જીવનની એક જરૂરિઆત છે, પણ તે જીવનનું ધ્યેય હોઇ શકે નહિ. જીવનનું ધ્યેત્ર હોય તો આત્મકલ્યાણ જ હોઈ શકે અને તે માટે સાચા આત્મજ્ઞાનની જરૂર છે.

આત્મા વિષે શાસ્ત્રમાં હજારો શ્લોકો લખાયેલા છે, તે બધાનો સાર અહીં તમને થોડા શબ્દોમાં મળી જાય છે. કોઈને એમ લાગતું હોય કે હજારો શ્લોકોનો સાર થોડા શબ્દોમાં શી રીતે આવે ? તો ચાર પંડિતની વાત તમારા મનનું સમાધાન કરશે

ચાર પંડિતોની વાત.

એક નગરમાં ચાર મહાપંડિતો રહેતા હતા. એક આયુર્વેદનો મહાપંડિત, બીજો ધર્મશાસ્ત્રનો મહાપંડિત, ત્રીજો નીતિશાસ્ત્રનો મહાપંડિત અને ચોથો કામશાસ્ત્રનો મહાપંડિત. તેમણે પોતપોતાના વિષયનો એક મહાગ્રંથ રચવાનો વિચાર કર્યો મહાગ્રંથ એટલે દશ-વીશ હજાર શ્લોક નહિ. પણ પૂરા એક લાખ શ્લોક. તેમણે પોતાની જે પંડિતાઇ હતી, તે બધી આ ગ્રંથ રચનામાં પૂરેપૂરી રેડી દીધી.

આગલા જમાનામાં આ દેશમાં આર્યસંસ્કૃતિના પોષક સાહિત્યની ખૂબ કદર થતી અને સુંદર શ્લોકરચના માટે લાખ-લાખ સોનામહોરો ઈનામમાં અપાતી. એટલે આ પંડિતોને લાગ્યું કે કોઇ કદરદાન રાજાને આપણી આ ગ્રંથરચના બતાવીશું તો તે પ્રસન્ન થઇને આપણને ખૂબ મોટું ઈનામ આપશે અને આપણને જીવનપર્યંત અર્થચિંતા-ધનચિંતા કરવી નહિ પડે. પંડિતોને પણ પેટ વળગ્યું છે, તે ભૂલવાનું નથી. સમય થાય, એટલે તેમને પણ ખાવા જોઇએ છે, વળી પુસ્તકપાનાં પણ સારા પ્રમાણમાં રાખવાં પડે છે અને કુટુંબનો નિર્વાહ કરવાનો તથા વ્યવહાર સાચવવાનો હોય છે.

તે વખતે જિતશત્રુ રાજા ભારે કદરદાન ગણાતો, એટલે આ ચારે પંડિતો પોતાના ગ્રંથોને સુંદર રેશમી બંધનમાં સારી રીતે બાંધી, મજૂરનાં માથે ઊપડાવી જિતશત્રુ રાજા આગળ લઇ ગયા અને કહેવા લાગ્યા કે હે 'રાજન્! અમે સુંદર ગ્રંથરચના કરી છે, તે તમે સાંભળો.

રાજાએ કહ્યું: 'આ ગ્રંથો તો ખૂબ મોટા જણાય છે.' તેનું શ્લોક પ્રમાણ શું છે ?

પંડિતોએ કહ્યું: 'દરેક ગ્રંથ એક લાખ શ્લોક પ્રમાણ છે.'

આ સાંભળી રાજાએ કહ્યું કે 'હે પંડિતવર્યો ! તમારી બુદ્ધિને ધન્ય છે કે તમે એક એક વિષય પર લાખ લાખ શ્લોકની રચના કરી, પણ તમે મારી સ્થિતિ જાણો છો. મારે રાજ્યને લગતી અનેક બાબતો સાંભળવાની હોય છે, તેથી તમે આ ગ્રંથનો સંક્ષેપ કરો તો સાંભળી શકું.'

પંડિતોએ રાજાની આ સૂચના પર વિચાર કરીને જણાવ્યું કે 'આપને વધારે સમય ન હોય તો દરેક ગ્રંથને પચીસ પચીસ હજાર શ્લોકમાં સમાવી દઈએ.'

રાજાએ કહ્યું: 'એ પણ વધારે કહેવાય.' એટલે પંડિતોએ હજાર હજાર શ્લોકની દરખાસ્ત કરી, પણ રાજાનું મન માન્યું નહિ. પછી તેઓ રાજાનું મન મનાવવા હજાર પરથી પાંચસો પર આવ્યા, સો પર આવ્યા, દસ પર આવ્યા અને છેવટે એક શ્લોક પર આવ્યા. રાજાએ કહ્યું કે હજી પણ આનો સંક્ષેપ થતો હોય તો કરો. ત્યારે ચારે પંડિતો માત્ર એક એક ચરણ સંભળાવવા તૈયાર થયા. રાજાએ તે સાંભળવાની ઈચ્છા દર્શાવી.

પ્રથમ પંડિતે કહ્યું: જીર્ણેભોજનમાત્રેય: બીજાએ કહ્યું: કપિલ: પ્રાણીનાં દયા। ત્રીજાએ કહ્યું: બૃહસ્પતિરવિશ્વાસ:, અને ચોથાએ કહ્યું: પાઞ્ચાલ: સ્ત્રીષુ માર્દવમ્ ॥ આ રીતે શ્લોક પૂરો થયો.

આનો અર્થ સમજીએ. આયુર્વેદના મહાપંડિતે કહ્યું કે

'અમારા શાસ્ત્રમાં આત્રેય ઋષિનો મત ઘણો પ્રમાણભૂત ગણાય છે. તેઓ એમ કહે છે કે 'પ્રથમનું ભોજન પચી જાય પછી જ ભોજન કરવું. આમ કરનાર રોગમાંથી બચી શકશે અને દીર્ઘ આયુષ્ય ભોગવી શકશે.' ધર્મશાસ્ત્રના મહાપંડિતે કહ્યું કે 'અમારાં શાસ્ત્રોમાં કપિલઋષિને માટે ઘણું માન છે. તેઓ એમ કહે છે કે 'પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી, એનાથી શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી.' નીતિશાસ્ત્રના મહાપંડિતે કહ્યું કે નીતિશાસ્ત્રો તો અનેક રચાયાં છે, પણ તેમાં બૃહસ્પતિનું સ્થાન ઘણું ઊંચું છે. તેઓ કહે છે કે 'જીવનમાં સફળ થવું હોય તો કોઈ પર આંધળો વિશ્વાસ મૂકવો નહિ.' ચોથા કામશાસ્ત્રના મહાપંડિતે કહ્યું કે કામશાસ્ત્રમાં પરમ વિશારદ પાંચાલ ઋષિનો અભિપ્રાય એવો છે કે 'પ્રીતની સાચી રીત સ્ત્રીઓ સાથે મૃદુતાથી વર્તવું એ જ છે.'

આ શ્લોક સાંભળી રાજાએ કહ્યું કે 'હે પંડિતવર્યો! તમે એક એક વિષય પર લાખ લાખ શ્લોક રચ્યા, એટલે તમારી બુદ્ધિ વિષયનો વિસ્તાર કરવામાં ઘણી નિપુણ છે, એ વાત પ્રથમ જ મારા લક્ષમાં આવી ગઈ હતી, પરંતુ મારે એ જોવું હતું કે તમે કોઈપણ વિષયનો સંક્ષેપ કરવો હોય તો કેટલો કરી શકો છો? તે તમે અજબ રીતે કરી બતાવ્યો છે. તમારી આવી પ્રગલ્ભ બુદ્ધિથી હું ઘણો પ્રસન્ન થયો છું અને તમને દરેકને લાખ લાખ સોનામહોરો ઈનામમાં આપું છું.

આ રીતે પંડિતોની કદર થઇ, એટલે તેઓ ખૂબ આનંદ પામ્યા. પછી ઈનામ લઈ, રાજાને આશીર્વાદ આપી હસતે

મુખડે પોતાનાં ઘરે પાછા ફર્યા. તાત્પર્ય કે હજારો શ્લોકોનો સાર થોડા શબ્દોમાં સમાઈ શકે છે.

આવાં સારભૂત વચનો સાંભળવા મળે તેને પણ પ્રબળ પુણ્યોદય સમજવો. શાસ્ત્રકાર ભગવંતોએ મનુષ્યત્વની જેમ શાસ્ત્રશ્રવણના યોગને પણ દુર્લભ જ કહ્યો છે. જો તમને આ વચનો પર રુચિ થાય, શ્રદ્ધા થાય, અનુરાગ થાય તો સમજજો કે તમે અલ્પસંસારી છો, તમારાં ભવભ્રમણની મર્યાદા બંધાઈ ગઈ છે. અલ્પસંસારી આત્માનું વર્ણન પ્રથમ વ્યાખ્યાનમાં જ કરેલું છે, તે તમને યાદ હશે. તેમાં જિનવચણે અણુરત્તા એ શબ્દો પ્રથમ આવે છે.

મિથ્યાત્વનો મહારોગ.

તમને પૈસાની વાતમાં રસ આવે, સ્ત્રીની વાતમાં રસ આવે, નાટક-સીનેમાની વાતમાં રસ આવે, ક્રિકેટ અને ફુટબોલની મેચ રમાતી હોય તેના સમાચાર સાંભળવામાં રસ આવે અને ગામગપાટા કે કોઈની કુથલી ચાલતી હોય તે સાંભળવામાં રસ આવે, પરંતુ સર્વજ્ઞ ભગવંતનાં વચનો કે જેનો જોટો આ જગતમાં નથી, જે પીયૂષરસથી પૂર્ણ છે અને જેનામાં આત્માનું કલ્યાણ કરવાની શક્તિ ભારોભાર ભરેલી છે, તે સાંભળવામાં રસ ન આવે, રુચિ ન જાગે તો સમજજો કે સ્થિતિ ગંભીર છે. આત્માને લાગેલો મિથ્યાત્વનો મહારોગ ટળ્યો નથી.

મિથ્યાત્વ-મહારોગનાં પરિણામો કેવાં ભયંકર છે, તે તમારાં ધ્યાન બહાર તો નહિ જ હોય. આત્મા મિથ્યાત્વના

યોગે અસત્યને સત્ય માને છે અને સત્યને અસત્ય માને છે, એટલે તે ખોટા રસ્તે ચડી જાય છે અને પરિણામે તેનું ભવભ્રમણ અનેકગણું વધી જાય છે.

ભવભ્રમણમાં જન્મ, જરા અને મૃત્યુનાં મહાદુઃખો ઉપરાંત બીજાં પણ અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. આવા મહા અનર્થકારી મિથ્યાત્વને તમે હૃદયમાંથી દૂર ન કરો, હાંકી ન કાઢો તો તમારી ચતુરાઈ શા કામની? તમારાં ડહાપણનો ઉપયોગ શો?

અમે તો તમને જિનવચન અનુસાર પોકારીને કહીએ છીએ કે 'મિથ્યાત્વને દૂર કરો, એટલે સમ્યક્ત્વનો સૂર્ય તમારાં હૃદયમાં પ્રકાશમાન થશે અને સમ્યક્ત્વનો સૂર્ય પ્રકાશમાન થશે, એટલે બધી વસ્તુઓ સાચાં સ્વરૂપે નજરે પડશે જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તે અંગે શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે—

નાદંસણિસ્સ નાણં, નાણેણ વિણા ન હુંતિ ચરણગુણા ।
અગુણિસ્સ નત્થિ મોક્ખો, નત્થિ અમોક્ખસ્સ નિવ્વાણં ॥

'જેને સમ્યગ્દર્શન અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતું નથી. જેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થતું નથી; જેનામાં સમ્યક્ચારિત્રના ગુણો પ્રકટ્યા નથી, તે કર્મબંધનમાંથી મુક્તિ પામતો નથી અને જે કર્મબંધનમાંથી મુક્તિ પામતો નથી, તેનું નિર્વાણ થતું નથી.'

આનો અર્થ એમ સમજવો કે જે સમકિતી છે, જેને

દેવ, ગુરુ અને ધર્મ પર પાકી શ્રદ્ધા છે–તે જ સાચું આત્મજ્ઞાન પામી શકે છે અને બાકીના બધા રખડી જાય છે. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે—

શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં, તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥

'શ્રદ્ધાવાન, જ્ઞાન મેળવે છે અને જ્ઞાની જીતેન્દ્રિય બને છે અને તે (આત્મ) જ્ઞાન મેળવીને તરત પરમ શાંતિ પામે છે.'

અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।
નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥

'પરંતુ અજ્ઞાની તથા શ્રદ્ધા વિનાનો સંશયમાં રહી નાશ પામે છે. સંશયમય રહેલાને આ લોક નથી, પરલોક નથી અને સુખ પણ નથી.'

માણસ વિદ્વાન હોય, પંડિતની પ્રસિદ્ધિ પામ્યો હોય અને રાજદરબારમાં તેનાં વખાણ થતાં હોય કે તેની કૃતિઓને ઈનામ મળતાં હોય, પણ હૃદયમાં શ્રદ્ધાનો છાંટો ન હોય તો એ બધું યે ધૂળ છે. એ વિદ્વતા, એ પંડિતાઈ, એ રાજદરબારનાં સન્માન કે ઈનામો તેને ભવભ્રમણમાંથી બચાવી શકવાનાં નથી.

નીતિકારોએ કહ્યું છે કે—

દુર્જનઃ પરિહર્તવ્યો, વિદ્યયાલંકૃતોઽપિ સન્ ।
મણિના ભૂષિતઃ સર્પઃ કિમસૌ ન ભયંકરઃ ॥

'વિદ્યાથી વિભૂષિત હોય તો પણ દુર્જનને છોડવો. સાપ મણિથી વિભૂષિત હોય તો પણ શું તે ભયંકર હોતો નથી ?'

શ્રદ્ધાહીન શુષ્ક તર્કવાદી પંડિતોને દુર્જન સમજવા, કારણ કે તેઓ ખોટા તર્ક કરીને ભૂંડા હાલે મરે છે અને સાથે બીજા અનેકનું બગાડતા જાય છે.

એક તર્કવાદી પંડિત હતો. તે દરેક વાતમાં તર્ક કર્યા કરે અને કોઇની વાત માને નહિ. એક વાર તે ચાલ્યો આવતો હતો ત્યારે સામેથી હાથી આવ્યો. ઉપર મહાવત બેઠેલો હતો, પણ હાથી મસ્તીએ ચડેલો હોવાથી તેના કાબૂમાં રહેતો ન હતો. આથી મહાવતે બૂમ મારી કે 'અલ્યા ભાઇ! દૂર ભાગ, નહિ તો આ હાથી તને મારી નાખશે.'

આ તો પંડિત, એ કંઇ એક અભણ મહાવતની વાત એમ ને એમ થોડી જ માની લે? તેણે પોતાની ટેવ પ્રમાણે તર્ક કરીને કહ્યું કે 'અલ્યા મહાવત! આ હાથી અડીને મારશે કે અડ્યા વિના મારશે? જો તે હાથી અડીને મારતો હોય તો તું અડીને રહ્યો છે, છતાં કેમ મરી ગયો નથી? અને આ હાથી અડ્યા વિના મારતો હોય તો હું ગમે તેટલો દૂર ભાગું તો યે શું? માટે તારું કહેવું નિરર્થક છે.'

એ તર્કવાદી રસ્તામાંથી દૂર હઠયો નહિ. એવામાં હાથી આવી પહોંચ્યો અને તેણે એ તર્કવાદીને સૂંઢથી પકડી પોતાના પગ નીચે દબાવી ભોંયભેગો મારી નાખ્યો. જો આ તર્કવાદીએ અનુભવી મહાવતનું કહેવું માન્યું હોત તો તેના હાલ કદાપિ આવા થાત નહિ. માટે અનુભવીઓનું માનવું અને બીનજરૂરી ખોટા તર્કો કરવા નહિ.

જેઓ વિદ્યાના મદમાં આવી મહાપુરુષોના ઉપદેશને ખોટો ઠરાવવા મથે છે અથવા તેની હાંસી-મજાક ઉડાવવા પ્રયત્ન કરે છે; તેઓનું ભવભ્રમણ અનેકગણું વધી જવાનું અને તેઓ વિવિધ પ્રકારની ભયંકર યાતનાઓના ભોગ થવાના, માટે ભૂલેચૂકે આવાઓના પડછાયામાં જવું નહિ કે તેમની વાત માનવી નહિ.

સાચું જ્ઞાન કોને કહેવું ? તે પણ બરાબર સમજી લેવું જોઇએ. શાસ્ત્રકારોએ સાચાં જ્ઞાનનો ખ્યાલ આપવા માટે ત્રણ પ્રકારનું જ્ઞાન કહ્યું છે, તે અહીં વિચારવા યોગ્ય છે. પહેલું વિષયપ્રતિભાસ, બીજું આત્મપરિણતિમત્ અને ત્રીજું તત્ત્વસંવેદન

જેમાં વિષયનો નામ માત્રથી બોધ હોય પણ તેના હેય ઉપાદેય અંશોનું જ્ઞાન ન હોય તે વિષયપ્રતિભાસ નામનું જ્ઞાન કહેવાય. દાખલા તરીકે બાળક એમ જાણે છે કે આ ઝેર કહેવાય, આ કાંટો કહેવાય, આ રત્ન કહેવાય, પણ ઝેર શા માટે ત્યાજ્ય છે? કાંટો શા માટે પરિહાર્ય છે? અને રત્ન શા માટે ગ્રહણીય છે, તે એ જાણતું નથી. અથવા પોપટ કોઇનાં શીખવવાથી મોઢે 'રામ, રામ' એવા શબ્દો બોલે છે, પણ રામ કોણ હતા? અને તેમનું નામ શા માટે બોલવું ? તે વિષે કંઇ પણ જાણતો નથી. વ્યવહારમાં આવા જ્ઞાનને પોપટિયું જ્ઞાન કહેવામાં આવે છે.

આ રીતે જે મનુષ્યો મોઢેથી 'આત્મા છે, આત્મા છે' એવું બોલે છે, પણ તે કેવો છે? કયાં રહે છે? તેનામાં

કેવી શક્તિઓ રહેલી છે? વિગેરે વિષે કંઈ પણ જાણતા નથી, તેમનું જ્ઞાન વિષયપ્રતિભાસ કે પોપટિયું છે.

જેમાં વસ્તુના હેય અને ઉપાદેય અંશોનું જ્ઞાન હોય પણ તથાવિધ નિવૃત્તિ કે પ્રવૃત્તિ ન હોય તે આત્મપરિણતિમત્ જ્ઞાન કહેવાય. દાખલા તરીકે પંડિત પુરુષો જાણે છે કે વિષય અને કષાય છોડવા યોગ્ય છે, કારણ કે તેથી આત્માની અસદ્ગતિ થાય છે, પણ તેઓ એ જાતની નિવૃત્તિ કે પ્રવૃત્તિ યથાર્થપણે કરી શકતા નથી, એટલે તેમનું એ જ્ઞાન આત્મ-પરિણતિમત્ છે.

જેમ કે, શ્રેણિક મહારાજા સમ્યગ્દૃષ્ટિ હતા, એટલે આશ્રવ અને બંધ છોડવા યોગ્ય છે તથા સંવર અને નિર્જરા આદરવા યોગ્ય છે, એમ જાણતા હતા, પણ તથાવિધ નિવૃત્તિ કે પ્રવૃત્તિ કરી શકતા ન હતા. કેટલાક માણસોને સમ્યગ્જ્ઞાન પણ હોતું નથી અને સમ્યગ્ શ્રદ્ધા પણ હોતી નથી. ખાલી વાતો કરવામાં હોંશિયાર હોય છે આવી વ્યક્તિના વ્યવહારમાં આવા જ્ઞાનને પોથીનાં રીંગણાં જેવું કહેવામાં આવે છે. કેટલાંકને પોથીમાંનાં રીંગણાં શું? એની ખબર નહિ હોય, એટલે ખુલાસો કરીશું.

એક શાસ્ત્રીજી કથા કરી રહ્યા હતા. તેમાં અભક્ષ્યનો વિષય આવ્યો અને રીંગણાની વાત નીકળી. શાસ્ત્રીજીએ અનેક દાખલા-દલીલોથી પુરવાર કરી દીધું કે રીંગણાં અભક્ષ્ય છે, તેથી તે ન જ ખવાય.

તેમનાં આ વક્તવ્યથી શ્રોતાઓ મુગ્ધ બની ગયા અને તેમાંનાં કેટલાકે હવે પછી રીંગણાં ન જ ખાવા એવી ટેક લીધી. એમ કરતાં કથા પૂરી થઇ અને શાસ્ત્રીજી પોથી બગલમાં મારી ચાલવા લાગ્યાં, ત્યાં હાથમાંની થેલી પડી ગઈ અને તેમાંથી બે-ત્રણ રીંગણાં બહાર નીકળી પડ્યાં. આથી શ્રોતાઓ આશ્ચર્ય પામીને પૂછવા લાગ્યા કે 'શાસ્ત્રીજી આ શું ? તમે પોતે રીંગણા ખાઓ છો ?' શાસ્ત્રીજીએ ઠાવકાઇથી જવાબ આપ્યો કે 'પોથીમાંનાં રીંગણાં ન ખવાય, બાકી આ રીંગણા ખાવામાં હરકત નથી.'

આવો જ એક કિસ્સો વડોદરામાં બનેલો, ગાયકવાડ સરકારને વિદ્યા પ્રત્યે ભારે પ્રેમ હતો, એટલે તે જુદા જુદા વિદ્વાનોને આમંત્રણ આપતા અને પોતાના લક્ષ્મીવિલાસ મહેલમાં રાજકુટુંબ વગેરે સમક્ષ તેમનાં ભાષણો કરાવતા. આ રીતે એક વખત એક વિદ્વાનને અહિંસા પર ભાષણ કરવા નોતર્યા. આ વિદ્વાને અહિંસા પર ઘણું સુંદર ભાષણ કર્યું અને માંસ, મચ્છી તથા ઇંડાનું ભક્ષણ કરવામાં જે મહાદોષો રહેલા છે, તેનું સચોટ નિદર્શન કર્યું.

આ વખતે ગરમીના દિવસો ચાલતા હતા અને ભાષણ ખૂબ જોરથી થતું હતું, એટલે વિદ્વાન વક્તાને ખૂબ પસીનો વળ્યો અને તે પસીનો લૂછવા માટે તેણે ગજવામાંનો રૂમાલ ખેંચ્યો. એ જ વખતે રૂમાલની સાથે ગજવામાં રહેલું એક ઇંડું બહાર નીકળી પડ્યું અને તે જમીન પર પછડાઇને ફૂટી ગયું.

આ ભાષણ સાંભળીને બધાને એમ થયું હતું કે હવે પછી આ વસ્તુઓ ન જ વાપરવી, પણ વક્તાનાં ગજવામાંથી ઈંડું નીકળી પડયું, તેણે બધો રંગ પલટી નાખ્યો. ગંભીરતાની જગાએ હાસ્યનું મોજું ફરી વળ્યું અને વિદ્વાન્ વક્તાને ત્યાંથી વિદાય લેતાં ભારે વિમાસણ થઈ પડી. તાત્પર્ય કે એક વસ્તુ સમજણમાં ઉતરે પણ શ્રદ્ધામાં ન હોય અને આચરણમાં પણ ન હોય તો એવાં જ્ઞાનથી કલ્યાણ સાધી શકાતું નથી.

જેઓ આત્મા છે, તે નિત્ય છે, પુણ્યપાપનો કર્ત્તા છે, પુણ્યપાપનાં ફળનો ભોક્તા છે, વગેરે વાતો કરે છે પણ પાપને છોડતા નથી કે પુણ્યની વૃદ્ધિ કરતા નથી, તેમનું એ જ્ઞાન શા કામનું ? શાસ્ત્રકારો એને અજાગલસ્તનવત્, બકરીનાં ગળે ઉગેલા આંચળ જેવું નિરર્થક ગણે છે.

જેમાં વસ્તુના હેય અને ઉપાદેય અંશોનાં યથાર્થ જ્ઞાન સાથે તથાવિધ નિવૃત્તિ અને પ્રવૃત્તિ હોય તેને તત્ત્વસંવેદન જ્ઞાન કહેવાય. મહાપુરુષો આવાં જ્ઞાનવાળા હોય છે. તેથી જેવું સમજે છે, તેવું જ બોલે છે અને જેવું બોલે છે, તેવું કરે છે. હોઠે એક વાત અને હૈયે બીજી વાત એવો વ્યવહાર તેમનામાં હોતો નથી. આવું જ્ઞાન એ સાચું જ્ઞાન છે અને તેથી જ કલ્યાણ સાધી શકાય છે.

જે મનુષ્યો જીવ અને અજીવની, આત્મા અને અનાત્માની જુદાઈ બરાબર જાણે છે અને હું આત્મા છું, દેહ નથી, ઇન્દ્રિય નથી, પ્રાણ નથી, મન નથી, એવું સતત ભાન

રાખી માત્ર આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં જ નિરંતર મચ્યા રહે છે. તેમને સાચું આત્મજ્ઞાન થયું કહેવાય. જેમને આવું જ્ઞાન થયું હોય તે પુદ્ગલને પોષવાની વૃત્તિ ધરાવે નહિ, વિષયને વિષ માની તેની નજીક જાય નહિ અને કષાયને કાળા નાગ માની તેનાથી સદંતર બીતા રહે.

તમને આત્મા અને અનાત્માનો ભેદ બરાબર સમજાય તે માટે અમે આત્માનો વિષય આટલા વિસ્તારથી ચર્ચ્યો છે અને તેની અનેક બાજુઓ તમારી સમક્ષ રજૂ કરી છે. તમે એનો નિરંતર વિચાર કરતા રહો તો 'હું દેહ છું' એવી બુદ્ધિ હઠી જશે અને 'હું સર્વજ્ઞ સર્વ શક્તિમાન આત્મા છું' એવી બુદ્ધિ ઉત્પન્ન થશે. જ્યારે એવી બુદ્ધિ તમારામાં સ્થિર થઈ હશે, ત્યારે શ્રેય સામું આવશે અને કલ્યાણ તમારા કાનમાં ટકોર મારીને કહેશે કે 'હું તમારી પાસે આવી ગયેલ છું.'

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન તેરમું.

આત્માની શક્તિ.

(૧)

મહાનુભાવો !

અધ્યાત્મના ખજાનારૂપ ઉત્તરાધ્યયનસૂત્રનું સ્મરણ કરતાં જ તેનું છત્રીસમું અધ્યયન યાદ આવે છે, અને તેમાં અલ્પસંસારી આત્માનું જે વર્ણન કર્યું છે, તે નજર સમક્ષ તરવરવા લાગે છે. જો આત્માનું સ્વરૂપ બરાબર સમજીએ તો આ વર્ણન આપણાં મનમાં ઠસે, આપણાં દિલમાં બરાબર ઉતરે, એ હેતુથી અમે આત્માનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું અને હજી જે થોડી વસ્તુઓ બાકી રહી ગઇ છે તે તમને સમજાવવા ઇચ્છીએ છીએ.

આત્માની શક્તિ કેટલી ?' એ વિષય એક રીતે નવો નથી. કારણ કે આત્માનો ખજાનો કેવો સમૃદ્ધ છે ? તેની વિચારણા કરતી વખતે આત્માની ક્રિયાશક્તિ વિષે કેટલોક ઉલ્લેખ કર્યો હતો અને આત્મા અનંતબળી છે, એમ પણ જણાવ્યું હતું, પરંતુ એ વખતે સમયના અભાવે તેના પર વિશેષ પ્રવચન કરી શકયા ન હતા. તે વિવેચન આજે કરીએ છીએ.

એક આત્મામાં કેટલી શક્તિ હોય છે ? તેનો ખ્યાલ આપણને તીર્થંકરોનાં જીવન પરથી આવી શકશે કારણ કે તેમની શક્તિનો વિકાસ ચરમ સીમાએ થયેલો હોય છે.

તીર્થંકરો કઇ ભૂમિમાં થાય ?

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરાવર્ત ખંડ મળી અઢીદ્વીપ કહેવાય છે. તેનું કુલ માપ પીસ્તાલીસ લાખ યોજનનું છે. હાલની ભૂગોળવાળા દુનિયાનો પરીઘ ૨૨૦૦૦ માઇલનો બતાવે છે, પણ એ ભૂગોળ પૂરી નથી. પહેલાં તેઓને અમેરિકાની ખબર ન હતી, ઓસ્ટ્રેલિયાની ભાળ પણ પછી જ મળી. એ રીતે તેઓ પાંચ ખંડને પૂરી દુનિયા માનવા લાગ્યા. પણ છેલ્લાં થોડાં વર્ષથી છઠ્ઠા ખંડની વાત બહાર આવી છે અને ત્યાં પ્રવાસો થવા લાગ્યા છે. હવે પછીનાં થોડાં વર્ષો વ્યતીત થયા પછી સાતમા ખંડની વાત નહિ આવે એની શી ખાતરી ? સૈકા-બે સૈકા બાદ તેમને આઠમો તથા નવમો ખંડ પણ જડી આવે. સાચી હકીકત એ છે કે આજે જેને દુનિયા કહેવામાં આવે છે, તે જંબૂદ્વીપના ભરતખંડનો એક ભાગ છે.

અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ× અને ૫૬ અંતરદ્વીપમાં મનુષ્યનો વાસ હોય છે. આ ક્ષેત્રો પૈકી તીર્થં-

× જર્મનીના સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક પ્રો. નિત્શે વગેરેએ Superman–સર્વશ્રેષ્ઠ મનુષ્યની જે કલ્પના કરી છે, તેનાં કરતાં પણ તીર્થંકરોનું જીવન વધારે સુંદર અને વધારે શક્તિશાળી હોય છે. એથી વિશેષ શક્તિ આ સંસારમાં કોઇ આત્માની હોતી નથી. તીર્થંકર એટલે ચતુર્વિધ સંઘરૂપી તીર્થને કરનાર–સ્થાપનાર, અર્હંત, જિન, જિનેશ્વર એ તેના પર્યાય શબ્દો છે.

* અકર્મભૂમિમાં રહેનાર મનુષ્યો યુગલિક અવસ્થામાં હોય છે, એટલે ત્યાં સંસ્કૃત કે ધર્મનો પ્રચાર હોતો નથી. ત્યાં સદાકાળ સહજ જીવન જ હોય છે.

કરોનો જન્મ ૧૫ કર્મભૂમિમાં જ થાય છે, કારણ કે કૃષિ, વાણિજ્ય, આદિ કર્મોનો વ્યવહાર એ ભૂમિમાં જ હોય છે અને તપ સંયમ આદિ અનુષ્ઠાનો પણ એ ભૂમિમાં જ થાય છે.

૧૫ કર્મભૂમિમાં ૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ હોય છે. તેમાં ભરત અને ઐરવતમાં અવસર્પિણી તથા ઉત્સર્પિણી કાળ હોય છે. તેના ત્રીજા આરામાં અને ચોથા આરામાં તીર્થંકરો જન્મે છે.× મહાવિદેહમાં બધો કાળ સમાન હોય છે અને ત્યાં તીર્થંકરો સદા વિદ્યમાન હોય છે.

તીર્થંકરોનો જન્મ અને દિક્કુમારિકાઓનું આગમન.

તીર્થંકરોનો જન્મ બરાબર અર્ધરાત્રિએ વિજય મુહૂર્તમાં

× કાલચક્રના બે ભાગ હોય છેઃ અવસર્પિણી અને ઉત્સર્પિણી જેમાં વસ્તુના રસ-કસનું અવસર્પણ થાય, ઉતરવાપણું થાય તે અવસર્પિણી અને ઉત્સર્પણ થાય, ચડવાપણું થાય તે ઉત્સર્પિણી. આ દરેક કાલના છ-છ ભાગ હોય છે, જેને છ આરા કહેવામાં આવે છે. અવસર્પિણીનો ત્રીજો આરો સુષમ-દુઃષમા અને ચોથો આરો દુઃષમ-સુષમા હોય છે. ઉત્સર્પિણીનો ત્રીજો આરો દુઃષમ-સુષમા અને ચોથો આરો સુષમ-દુઃષમા હોય છે.

હાલ અવસર્પિણીનો દુઃષમા નામે પાંચમો આરો આવી રહ્યો છે, જેમાં દુઃખનું પ્રમાણ ઘણું મોટું હોય છે.

* દેવો દશ પ્રકારના હોય છે. (૧) ઇન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશત્, (૪) પારિષદ્ય, (૫) આત્મરક્ષક, (૬) લોકપાલ, (૭) અનીક, (૮) પ્રકીર્ણક, (૯) અભિયોગ્ય અને (૧૦) કિલ્બિષિક. તેમાં અભિયોગ્ય દેવો દાસસ્થાને હોય છે, એટલે તેમને દાસ જેવું કામ કરવાનું હોય છે.

થાય, જેવો તેમનો જન્મ થાય કે તરત જ દિક્કુમારિકાઓના આસન કંપે, આસન કંપ્યા પછી પોતાનાં સહજ અવધિ-જ્ઞાનથી તેઓ જાણી લે કે હવે કયે સ્થળે કોને ત્યાં તીર્થંકરનો જન્મ થયો છે. ત્યાર પછી આભિયોગ્ય દેવોને* વિમાન બનાવવાનો અને તૈયારી કરવાનો હુકમ આપે અને વિમાનો તૈયાર થતાં તેમાં ચડી જન્મસ્થળે આવી પહોંચે. તીર્થંકરની માતાનું સૂતિકાકર્મ અને બીજું કામ આ દિક્કુમારિકાઓ સંભાળી લે.

એક પ્રાસંગિક ઘટના

દેવોએ આવવાની ગતિ સંબંધમાં એક પ્રાસંગિક ઘટના કહીશું. થોડા વખત પહેલાં જ્યારે અમારું ચોમાસું બેંગલોરમાં હતું, ત્યારે મદ્રાસની સાઉથ ફ્લોર મીલવાળા શેઠ પુનમચંદ રૂપચંદ અમારી પાસે પર્યુષણ પર્વ કરવા માટે આવ્યા. પર્યુષણ પછી તેઓ બેંગલોરના એક ભાઈ સાથે મૈસૂર જવા માટે મોટરમાં નીકળ્યા. રસ્તામાં એ મોટરને અકસ્માત થયો. એ જ વખતે એમનાં મુખમાંથી 'નમો અરિહંતાણં' શબ્દ નીકળી પડયો. જેમને નમસ્કારમાં શ્રદ્ધા હોય, દિલમાં નમસ્કારનું રટણ હોય, તેનાં મનમાંથી જ આવી રીતે અણીના સમયે 'નમો અરિહંતાણં'નો ઉચ્ચાર થાય.

પછી શું થયું? તેની તેમને ખબર ન પડી. જ્યારે આંખો ખોલી ત્યારે મોટરમાં બેઠેલા બધા મોટરની બહાર ઊભા હતા. કોઇને કશી ઈજા થઈ ન હતી. ફક્ત પેલા બેંગલોરવાળા ભાઇને પગમાં થોડું વાગ્યું હતું. બાજુમાં મોટર તૂટેલી પડી

હતી. દરવાજો કયારે ખુલ્યો? તેઓ બહાર કયારે નીકળ્યા? કેવી રીતે નીકળ્યા? તે વિષે કંઇ પણ જાણતા ન હતા. પરંતુ નમસ્કારનાં સ્મરણથી પ્રસન્ન થયેલા અધિષ્ઠાયક દેવે સહાય કરી હતી. દેવતાને ખબર પડે એટલે આંખનાં પલકારામાં આવી પહોંચે અને બધું કામ પતાવી દે. આ બધું મોઢેથી કહેતાં વાર લાગે, તેટલી વાર પણ દેવતાઓને આવતાં લાગે નહિ.

સૌધર્મેન્દ્રનાં જન્મની જાણ અને જવાની તૈયારી.

દિક્કુમારિકાઓનું બધું કામ પતી ગયા પછી સૌધર્મેન્દ્રનું સિંહાસન કંપે. સૌધર્મેન્દ્ર ૩૨ લાખ વિમાનોવાળા સૌધર્મ-દેવલોકનો માલીક છે. જેવું તેનું સિંહાસન કંપે, તેવો તે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે અને જાણી લે કે તીર્થંકર ભગવંતનો જન્મ થયો છે. પછી તે હરિણેગમેષી દેવને બોલાવીને હુકમ કરે કે 'બધા દેવોને ખબર આપો કે તીર્થંકર ભગવંતનો જન્મ થયેલો હોવાથી ઇન્દ્ર અભિષેક કરવા જાય છે, માટે સહુએ તૈયાર થઇને ઇન્દ્રની પાસે હાજર થવું.

આ ખબર આપવાની રીત પણ સમજવા જેવી છે. સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક વિમાનમાં સૌધર્મ સભામાં સુઘોષા નામનો એક મોટો ઘંટ છે. તે હરિણેગમેષી દેવ વગાડવા માંડે કે બત્રીશ લાખ વિમાનમાં રહેલા ઘંટો પણ વાગવા લાગે છે. આ ઘંટ કુલ ત્રણવાર વગાડવામાં આવે છે.

વિમાનમાં મોટા અને શાશ્વત મહેલો હોય છે અને તે દરેક મહેલની અંદર આનંદપ્રમોદનાં સાધનો હોય છે. તેથી દેવો નિરંતર આનંદમય-પ્રમોદમય ક્રીડા કરતા હોય છે. આ

મહેલોમાં બહારના ભાગમાં ઘંટડીઓ હોય છે. જ્યારે હરિ-ણેગમેષી સુઘોષા ઘંટ વગાડે ત્યારે વિમાનમાં રહેલો સ્થાનિક ઘંટ વાગવા લાગે છે અને તેની સાથોસાથ મહેલની ઘંટડીઓ પણ રણકી ઉઠે છે.

આ વાત આપણે એક આત્મામાં કેટલી શક્તિ રહેલી છે. અને તેનો પ્રભાવ ઇન્દ્રો અને દેવો પર પણ કેવો પડે છે? એ દર્શાવવાના હેતુથી કહી રહ્યા છીએ. તીર્થંકરોની પૂજા કરતી વખતે ઈન્દ્રો પણ તેમને પોતાના સ્વામી કહીને સંબોધે છે. એનો અર્થ એ કે આટલી રિદ્ધિસિદ્ધિના માલીક ઇન્દ્રો પણ તેમના સેવક છે.

નામના મોહ પર નરઘાજીનો કિસ્સો.

ગુરુ મહારાજ આગળ શ્રાવકોનું સ્થાન પણ એવું જ ગણાય. પરંતુ આજકાલ આચાર્ય મહારાજ કોઈ પૈસાદાર શ્રાવકને નામથી બોલાવે અને તેની આગળ માનાર્થે શેઠ ન કહે તો તેને બોટું લાગી જાય છે અને 'આ આચાર્ય મહારાજ તો કંઈ કામના નહિ' એવું બોલવા માંડે છે. દાદા ગુરુ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ આચાર્ય હતા, ત્યારની આ વાત છે. એ વખતે શ્રી વીરવિજયજી મહારાજ ઉપાધ્યાય હતા અને મારવાડમાં વિચરતા હતા. તેઓ સ્વભાવે હસમુખા હતા. તેમને વ્યાખ્યાન વખતે શ્રાવકોને નામથી બોલાવવાની આદત હતી. વ્યાખ્યાન સાંભળવા ગામના નગરશેઠ નરઘાજી પણ નિય-મિત આવતા. તે વખતે ગુરુ મહારાજ 'કેમ નરઘાજી? આ વાત ખરીને?' એ શબ્દોથી સંબોધન કરતા. પરંતુ તે વખતે

નરઘાજીનું મોઢું ઉતરી ગયેલા જેવું જણાતું. ગુરુ મહારાજની ચકોર દૃષ્ટિમાં તે આવ્યા વિના ન રહેતું. તેમને આશ્ચર્ય થતું કે જ્યારે હું નરઘાજીને નામથી બોલાવું છું ત્યારે તેમને આનંદ થવાને બદલે દુઃખ કેમ થાય છે? વળી વ્યાખ્યાન પૂરું થાય છે કે તેઓ એક મિનિટ પણ થોભ્યા વિના ચાલ્યા જાય છે. એટલે તેમને કોઈ પણ પ્રકારનું મનદુઃખ અવશ્ય છે.

મહારાજે પોતાની જિજ્ઞાસા સંતોષવા એક શ્રાવકને તેનું કારણ પૂછયું. તે શ્રાવકે પ્રથમ તો કંઈ પણ કહેવાની આનાકાની કરી, પણ ગુરુ મહારાજનો વિશેષ આગ્રહ થયો. એટલે તેણે જણાવ્યું કે 'નરઘાજીને ગામમાં બધા ઠાકરાંજીનાં માનભર્યા નામથી બોલાવે છે અને આપ તેમને નરઘાજી કહો છો તે ગમતું નથી. પરંતુ તે વિવેકી હોવાને કારણે રોજ વ્યાખ્યાન-સભામાં નિયમિત હાજરી આપે છે.'

બીજે દિવસે વ્યાખ્યાનમાં પ્રસંગ આવતાં ગુરુ મહારાજે કહ્યું: 'કેમ ઠાકરાંજી ખરી વાત ને? આ શબ્દો સાંભળતાં જ નરઘાજીનાં મુખ પર પ્રસન્નતા છવાઈ ગઈ અને હર્ષના આવેશમાં તેઓ એકદમ ઊભા થઈ ગયા. પછી તેમની ભાષામાં મહારાજશ્રીનાં તથા તેમનાં વ્યાખ્યાનનાં બેમોઢે વખાણ કરવા લાગ્યા. મહારાજશ્રી અને આખી સભા ખડખડાટ હસી પડી. ત્યારથી મહારાજશ્રી તેમને ઠાકરાંજી કહીને સંબોધતા અને ઠાકરાંજી વ્યાખ્યાન પછી પણ ગુરુ મહારાજ આગળ બેસીને વાર્તાલાપ કરતા.

તમને બહુમાનથી બોલાવવામાં આવે તે તમને ગમે છે.

પણ તેથી તમારો દહાડો શું વળવાનો ? નામ કરતાં કામ પર વધારે લક્ષ આપો. જો તમારો આત્મા ઉંચો હશે, પરોપકારી હશે, નીતિમાન હશે, ધર્મબુદ્ધિથી ધર્મની આરાધના કરનારો હશે, શુદ્ધ હશે તો તમારું કલ્યાણ થવાનું. વળી ગુરુ મહારાજના તો તમે ઉપાસક છો, સેવક છો, એટલે તમને સાહા નામે બોલાવે તો પણ તમારે આનંદ માનવો જોઇએ.

હરિણેગમેષીની ઉદ્‌ઘોષણા અને પ્રયાણ.

આ પ્રમાણે ઘંટ વાગી રહ્યા પછી બધા દેવો ઇંદ્રનો હુકમ સાંભળવા સાવધાન થાય છે. તે વખતે હરિણેગમેષી દેવ આકાશમાં ખૂબ ઊંચે જઇ ઘણા મોટા અવાજથી બધા દેવોને સંભળાય તે પ્રમાણે ઉદ્‌ઘોષણા કરે છે કે 'તીર્થંકર ભગવંતનો જન્મ થયો હોવાથી તેનો ઉત્સવ કરવા ઈન્દ્ર મહારાજ પધારવાના છે. માટે દરેક દેવોએ તેમની સાથે જવા માટે તૈયાર થઇ જવું.

પછી ઈન્દ્રના હુકમથી પાલક નામનો દેવ સુંદર વિમાન તૈયાર કરે છે, તેમાં બેસીને બધા મનુષ્યલોકમાં તીર્થંકરનાં જન્મસ્થળે આવે છે.

પ્રભુને મેરુ પ્રત્યે લઇ જવું.

તેમાંથી ઈન્દ્ર નીચે ઉતરીને તીર્થંકરની માતા પાસે જાય છે અને તેમને નમન કરીને કહે છે કે 'તમે જરા પણ ગભરાશો નહિ. અમે તીર્થંકર ભગવાનને અભિષેક કરવા તેમને મેરુ પર્વત પર લઇ જઇએ છીએ.' આમ કહી ઈન્દ્ર ભગવાનનું એક આબેહૂબ પ્રતીક બનાવી માતાના પડખામાં મૂકે છે.

મહાવીર પ્રભુનાં સંબંધમાં પણ આ પ્રમાણે બધો વિધિ થયા પછી ઇન્દ્રે પાંચ રૂપ બનાવ્યા. તેમાંનાં એક રૂપે પ્રભુજીને ગ્રહણ કર્યા, બે રૂપે ચામર વીંઝવા લાગ્યા, એક રૂપે છત્ર ધર્યું અને એક રૂપે અંગરક્ષકની જેમ હાથમાં વજ્ર લઈ આગળ ચાલવા લાગ્યા. ઇન્દ્રની આગળ અને પાછળ દેવો વરઘોડારૂપે આનંદથી ચાલવા લાગ્યા. આ વરઘોડો થોડી જ વારમાં મેરુ પર્વત પર પહોંચ્યો.

મેરુપર્વત પર સ્નાત્રાભિષેક.

સૌધર્મેન્દ્ર વગેરે દેવોનો વરઘોડો મેરુ પર્વત પર પહોંચ્યો ત્યારે ૬૩ ઇન્દ્રોનાં* સિંહાસનો કંપ્યાં, એટલે તે પણ સૌધર્મેન્દ્રની જેમ તૈયાર થઇ મેરુ પર્વત પર તેમના પરિવાર અને વૈભવસહિત આવી પહોંચ્યા.

પછી બારમા દેવલોકના ઇન્દ્રે એટલે અચ્યુતેન્દ્રે આભિયોગ્ય દેવોને અભિષેક માટે સામગ્રી તૈયાર કરવા હુકમ આપ્યો. શ્રી તીર્થંકર ભગવાનના સ્નાત્રાભિષેકમાં કુલ ૨૫૦ અભિષેક થાય છે.

આ અભિષેકમાં કળશો ઘણા મોટા હોય છે. તેની કલ્પના સામાન્ય મનુષ્યને આવી શકે નહિ. તેમાં ક્ષીરસમુદ્રનું પાણી ભરી લાવવામાં આવે છે, કારણ કે તે ઘણું મીઠું અને દૂધ જેવું ઉજળું હોય છે.

---

* સુર-અસુરના મળી ઇન્દ્રોની સંખ્યા ૬૪ની હોય છે.

સૌધર્મેન્દ્રની શંકા અને પ્રભુએ બતાવેલી અજબશક્તિ.

સહુથી પ્રથમ અભિષેક બારમા દેવલોકના ઇન્દ્રનો થાય છે. આ વખતે વિશાળ સ્નાત્રકળશોમાંથી શ્રી મહાવીર પ્રભુના શરીર પર ધોધમાર પાણી પડવાનું છે. આ પાણીમાં એટલું બળ હોય છે કે તેમાં હાથીના હાથી તણાઈ જાય. સૌધર્મેન્દ્રને કોઈ તીર્થંકર વખતે શંકા થઇ ન હતી પણ આ વખતે શંકા થઇ કે 'પ્રભુ આટલી મોટી જળધારાઓને કેમ સહન કરી શકશે?' ઇન્દ્ર ભક્તિપરાયણ છે અને તે જાણે છે કે આ સાક્ષાત્ પરમાત્મા છે. છતાં તેને શંકા થઇ તે ભગવાને પોતાનાં અવધિજ્ઞાનથી જાણી અને તેની શંકા દૂર કરવા પોતાની શક્તિ બતાવવા માટે ડાબાપગનો અંગૂઠો સિંહાસન પર દબાવ્યો કે તે સિંહાસન, શિલાપટ અને સમસ્ત મેરુ પર્વત ધ્રુજી ઉઠ્યો. આખા જંબૂદ્વીપમાં કંપારી થઈ. તેનો ખળભળાટ લવણસમુદ્ર સુધી પહોંચ્યો.

આ બધું આંખના પલકારામાં બની ગયું. હજી તો બારમા દેવલોકના ઇન્દ્રનો અભિષેક થવાનો છે. સૌધર્મેન્દ્ર મેરુ પર્વત અને જંબૂદ્વીપને કંપતો જોઇને તથા લવણસમુદ્રમાં ખળભળાટ થતો જોઇને વિચાર કરવા લાગ્યો કે 'આ બધું શું થાય છે?' તેને કંઇક ક્રોધ પણ આવ્યો કે આવા શુભ અવસરે આવો ઉપદ્રવ કરનાર કોણ છે? એટલે તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો અને જોયું તો સાવ ઝંખવાણો પડી ગયો. તે વિચારવા લાગ્યો કે 'આ તો ખુદ ભગવાને મારાં મનનો સંશય દૂર કરવા પોતાનો અંગૂઠો દબાવ્યો તેનો પ્રતાપ છે. અરેખર

પ્રભુની શક્તિ અગાધ છે. તેઓ મારી શંકા જાણી ગયા. તેનું નિવારણ કરવા જ તેમણે આમ કર્યું છે.' એટલે તેને શંકા અને ક્રોધ કરવા બદલ પશ્ચાત્તાપ થયો અને તે ભગવાનનાં ચરણમાં પડી ક્ષમા માંગવા લાગ્યો. પછી બધું શાંત થઈ ગયું.

તર્ક કરનારાઓ, જૈનેતરો, અરે! દયાનંદ સરસ્વતી જેવા પણ તર્ક કરે છે કે ભગવાન સહેજ અંગૂઠો દબાવે અને મેરુ પર્વત હાલી ઉઠે તો પછી તેઓ ચાલે ત્યારે તો પૃથ્વી કેટલી કંપતી હશે? તે વખતે જમીનમાં ખાડા કેમ પડતા નહિ હોય? પરંતુ આવા પ્રશ્ન કરનારાઓ સામાન્ય બુદ્ધિનો પણ ઉપયોગ કરતા નથી. પહેલવાન રામમૂર્તિ ચાલતી મોટરને અટકાવવાની શક્તિ ધરાવતો હતો. આ મોટરની તાકાત ૩૦ હોર્સ પાવરની હતી; એટલે તે ૩૦ ઘોડાના બળને રોકવાની શક્તિ ધરાવતો હતો. તે પોતાની છાતી પર હાથી પણ ઊભો રાખતો, છતાં શું તે ચાલતો ત્યારે જમીનમાં ખાડા પડતા? માણસ ચાલે ત્યારે પોતાનાં શરીરનાં વજન પર ચાલે છે અને જ્યારે બળના પ્રયોગો કરે છે, ત્યારે પોતાના આત્માની શક્તિ પ્રમાણે કાર્યો કરે છે.

દીવાસળીની આખી પેટી રૂના ઢગલામાં રહી શકે છે. પણ એક જ દીવાસળી ઘસીને-સળગાવીને મૂકો તો હજારો મણ રૂને બાળી નાખે છે, એટલે બળનો જ્યારે પ્રયોગ થાય છે, ત્યારે જ તેનો ખરો ખ્યાલ આવે છે.

સ્નાત્રાભિષેકની પૂર્ણાહુતિ.

બારમા ઇન્દ્રનો અભિષેક પૂરો થયા પછી બીજા ઇન્દ્રનો

વારો આવ્યો અને તે બધાએ અભિષેક કર્યો. છેવટે ઇશાનેન્દ્રે ભગવાનને ખોળામાં બેસાડ્યા અને સૌધર્મેન્દ્રે ખૂબ ધામ-ધૂમથી અભિષેક કર્યો. આ ઉત્સાહમાં દેવો એટલા આનંદ-મસ્તીમાં આવી જાય છે કે તેની પાસે તેમનો દેવલોકનો આનંદ-પ્રમોદ તુચ્છ લાગે છે.

ત્યાર પછી મહાવીર પ્રભુને જેમ મેરુ પર્વત ઉપર લાવ્યા હતા, તેમ જન્મસ્થલે પાછા લાવ્યા અને માતાના પડખામાં સૂવાડી બધા દેવો પોતાના સ્થાને સીધાવ્યા.

તીર્થંકરમાં અનંત શક્તિ હોય છે. તે આત્માની છે. જેવો તીર્થંકરનો આત્મા તેવો આપણો આત્મા. તો પછી આપણા આત્મામાં આવી શક્તિ-આવું બળ કેમ નથી? આત્માના ગુણોમાં કે મૂળભૂત શક્તિમાં કોઈ તફાવત નથી? પણ આપણામાં એ શક્તિ કર્મને લઇને દબાયેલી છે અને તીર્થંકર દેવમાં અનંત શક્તિ પ્રગટ રૂપમાં છે. ખરેખર! આપણી હાલત બકરિયા સિંહ જેવી છે.

બકરિયા સિંહનું દૃષ્ટાંત.

એક ભરવાડને વનમાં બકરાં ચારતાં તરતનું જન્મેલું સિંહનું બચ્ચું મળી આવ્યું. તે એને ઘેર લાવ્યો અને બકરાનું દૂધ પીવરાવી મોટું કર્યું. તે સિંહ હતો, પણ બકરાંની સાથે જ હરતોફરતો અને સાથે જ ખાતોપીતો, એટલે પોતાને બકરી જ માનતો અને જીવનનો સર્વ વ્યવ-હાર બકરાંની માફક જ ચલાવતો.

એક દિવસ બધાં બકરાં ભેગો તે વનમાં ચરવા ગયો,

ત્યારે એક સિંહ ત્યાં આવી ચડ્યો અને તેણે પોતાના સ્વભાવ મુજબ ગર્જના કરી. આથી બધાં બકરાં નાસવા લાગ્યાં. તેમની સાથે પેલો બકરિયો સિંહ પણ નાસવા લાગ્યો. આ જોઈને વનના સિંહે કહ્યું: 'અરે ભાઈ! મારી ગર્જનાથી બકરાં તો નાસી જાય, પણ તું કેમ નાસે છે? તું તો મારા જેવો સિંહ છે.'

ત્યારે બકરરિયા સિંહે કહ્યું કે, તુ ખોટું બોલે છે. હું સિંહ નથી, પણ બકરો છું અને તારું ખાદ્ય હોવાથી તારાથી ભય પામીને નાસી જાઉં છું.

વનનો સિંહ સમજી ગયો કે આ ઘણા દિવસ બકરાંની સોબતમાં રહ્યો છે, એટલે પોતાને બકરો માની બેઠો છે. પરંતુ એનો ભ્રમ ભાંગવા દે. તેણે કહ્યું: 'ભાઇ! મારું કહેવું ખોટું છે? જો તું તારાં મોટાં શરીર પરથી એમ સમજતો હોય કે હું મોટો બકરો છું, તો એ સમજ સાચી નથી. તારું મોઢું મારા મોઢા જેવું ગોળ છે, પણ બકરા જેવું લાંબુ નથી. તારી કેડ મારી કેડ જેવી પાતળી છે, પણ બકરાં જેવી જાડી નથી. વળી તારા પગે નહોર છે, પણ બકરાં જેવી ખરીઓ નથી. અને તારું પૂછડું તો જો! તે કેવું લાંબું અને સુંદર છે? જ્યારે આ બકરાંનું પૂછડું તો તદ્દન નાનકડું છે અને દેખાવમાં જરાયે સારું નથી. તેમજ તારી ગરદન પર કેશવાળી છે, એવી કોઈ બકરાંની ગરદન પર દીઠી? માટે તારામાં અને બકરામાં મોટો તફાવત છે. દરેક બકરાંને માથે બબ્બે શીંગડાં ઉગેલાં છે, અને તારે ભલા ભાઈ! એક પણ શીંગડું ઉગેલું નથી! માટે તારો ભ્રમ દૂર કર અને તું પણ મારા જેવો સિંહ છે, એમ ખાતરીથી માન.'

આ શબ્દોએ બકરિયા સિંહનો ભ્રમ ભાંગી નાંખ્યો. તે હવે પોતાને સિંહ સ્વરૂપે જોવા લાગ્યો અને પેલા સિંહની સાથે વનમાં જઈ સિંહનું જીવન જીવવા લાગ્યો.

આ રીતે તમે પણ લાંબા સમયથી દેહાદિ પુદ્ગલોની સામે રહ્યા છો, એટલે પોતાને દેહરૂપ માનો છો અને તમારી શક્તિ બહુ મર્યાદિત આંકો છો, પણ દેહાદિ પુદ્ગલો એ તમારું વાસ્તવિક સ્વરૂપ નથી. તમે અનંત શક્તિમાન આત્મા છો, એ વાત ધ્યાનમાં રાખી તમારી શક્તિઓનો વિકાસ થવા દો અને તે માટે વિષય તથા કષાયથી દૂર રહો. જેઓ વિષયની પાછળ ભૂલા ભમે છે, તેઓ રૂપસેનના જેવી દુર્દશાને પ્રાપ્ત થાય છે.

રૂપસેનની કથા.

પૃથ્વીભૂષણ નામે એક નગર હતું. ત્યાં પ્રજાના પાલક રાજા કનકધ્વજને સુનંદા નામે એક સુંદર પુત્રી હતી. તે યૌવનના ઉંબરે પગ મૂકી ચૂકી હતી અને તેનું રૂપ પ્રભાતનાં કમળની જેમ અનેરી છટાથી ખીલી ઉઠયું હતું. તે એક દિવસ મહેલના ઝરૂખામાં બેસીને નગરચર્ચા જોઇ રહી હતી. એવામાં તેની નજર સામેનાં મકાનમાં પડી. ત્યાં એક પુરુષ પોતાની સ્ત્રીને નિર્દય માર મારી રહ્યો હતો. સ્ત્રી પગે પડીને કહેતી હતી કે 'હે સ્વામિન્! હું ફરીને ભૂલ નહિ કરું.' છતાં પેલો તેને મારવાનું બંધ કરતો ન હતો. આ દૃશ્ય જોઇ સુનંદા કમકમી ઉઠી. તેણે વિચાર કર્યો કે લગ્નજીવનમાં જો આવી પરાધીનતા

હોય, આવાં દુઃખ સહન કરવા પડતાં હોય, તો બહેતર છે કે પરણવું જ નહિ.

સુનંદા ઉંમર લાયક હતી અને રૂપલાવણ્યથી યુક્ત હતી, એટલે તેના હાથ માટે દેશપરદેશથી માગાં આવતાં હતાં, પરંતુ માતા-પિતા પૂછે ત્યારે તે એક જ ઉત્તર આપતી હતી કે 'મારે પરણવું નથી.' માતા-પિતાને આ ઉત્તર સાંભળી વિચાર થતો કે આ પરણવાની ના પાડે છે, તો શું દીક્ષા લેવાની ભાવના વાળી હશે ? પરંતુ એવું યે કશું બોલતી નથી, માટે આગળ પર સૌ સારાં વાનાં થઈ રહેશે.

તે નગરમાં વસુદત્ત નામના એક વ્યાપારીને ચાર પુત્રો હતા. તેમાં સહુથી નાનાનું નામ રૂપસેન હતું. નાનો પુત્ર વધારે લાડકો હોય છે અને તેના પર કામકાજનો બોજો ઓછો હોય છે. રૂપસેનનું પણ એમ જ હતું. આથી તે ઇચ્છા મુજબ નગર-ઉદ્યાન વગેરેમાં ફર્યા કરતો અને આનંદમાં દિવસો ગુજારતો, તે દિવસે તે ફરતો ફરતો રાજમહેલની સામે આવેલી પાનવાળાની દુકાને આવ્યો હતો. અને ત્યાં એક આસન પર બેસીને પાન ખાતો હતો. ત્યાં સુનંદાની નજર તેના પર પડી, એટલે તેને અતિ હર્ષ થયો. તે જ વખતે તેણે કાર્ય કરવામાં અતિ ચતુર એવી દાસીને નીચે મોકલીને પેલા યુવાનને કહેવરાવ્યું કે 'તમારે રોજ અહીં આવી અમારી સખીને દર્શન આપવા.' રૂપસેનને એ વાત પસંદ પડી, એટલે તેણે આ વાતનો સ્વીકાર કર્યો, અને તે રોજ ત્યાં આવવા લાગ્યો.

અત્યાર સુધી નહોતું રૂપસેનને કોઇ વાતનું દુઃખ કે

નહોતી સુનંદાને કોઇ પ્રકારની ચિંતા. બંને પોતપોતાના જીવનમાં મસ્ત હતાં અને સુખચેનમાં દિવસો પસાર કરતાં હતાં. પણ હવે બંનેને પોતાની સુખશય્યા ઝેર જેવી લાગવા માંડી, કારણ કે બંનેને એકબીજાને મળવાની તાલાવેલી જાગી હતી. સુનંદાનું હૃદય રૂપસેને ચોરી લીધું હતું અને રૂપસેનનું હૃદય સુનંદાએ ચોરી લીધું હતું. બંને એકબીજાના મોહમાં પડવાથી દુઃખનો અનુભવ કરી રહ્યા હતા, માટે જ શાસ્ત્રકારોએ મોહને સર્વ દુઃખનું કારણ કહ્યો છે.

આ રીતે દિવસો ઉપર દિવસો પસાર થાય છે અને બંનેને અરસપરસ મળવાની ઉત્કંઠા તીવ્ર બનતી જાય છે. એવામાં રાજા તરફથી ઢંઢેરો પીટાયો કે કૌમુદી-ઉત્સવ નજીક આવી રહ્યો છે, તેની ઉજવણી માટે રાજારાણી નગર બહાર પધારશે, તે વખતે બધા નગરજનોએ તેમની સાથે ગામ બહાર આવવું અને ઉત્સવમાં ભાગ લેવો.

સુનંદાને લાગ્યું કે આ અવસરે રૂપસેનને મળી શકાશે, એટલે તેણે રૂપસેનને કહેવડાવ્યું કે 'તમારે કોઇપણ બહાનું કાઢીને ઘરે રહેવું અને અમુક સમયે રાજમહેલના પાછળના ભાગમાં આવવું. ત્યાં ઉપર ચડવા માટે દોરડાની સીડી તૈયાર હશે.'

કૌમુદી-ઉત્સવના દિવસે સુનંદા માથું દુઃખવાનું બહાનું કાઢી ઘરે રહી, રૂપસેન પેટ દુઃખવાનું બહાનું કાઢી ઘરે રહ્યો હવે રાત્રિ કયારે પડે અને એકબીજાને કયારે મળીએ, એ

વિચાર બંનેનાં મનમાં ઘોળાઇ રહ્યો છે. ત્યાં બનાવ કેવો બને છે, તે જુઓ.

એક જુગારી જુગાર રમતાં ઘણા પૈસા હારી ગયો છે અને દેવાદાર બની ગયો છે. જીતનાર તેની પાસે પૈસાની ઉઘરાણી કરે છે, અને પૈસા નહિ આપે તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપે છે. પેલો તેમને આશ્વાસન આપતાં કહે છે કે 'ભલા થઇને એક દિવસ વધુ થોભી જાઓ, હું ચોરી કરીને પણ તમારા પૈસા આપી દઇશ.' જીતનારાઓ તેના પર વિશ્વાસ રાખીને તેણે માગેલી મુદત આપે છે. હવે તે જુગારી 'શું કરવું? કયાં જવું? ચોરી કઇ રીતે કરવી?' તેના અનેક વિચારો કરતો રાત્રિના અંધકારમાં ચાલ્યો જાય છે.

બધા નગરજનો ઉત્સવ માણવા નગર બહાર ગયા છે, એટલે રાજ્ય તરફથી શહેરમાં પોલીસનો બંદોબસ્ત ઘણો મજબૂત રાખવામાં આવ્યો છે. આથી જુગારી ગલી-કુંચીઓમાંથી પસાર થાય છે અને રાજમહેલમાં ચોરી કરવાના વિચારે તેની પાછલી ગલીમાં આવી પહોંચે છે. તે દિવાલની ઓઠે-ઓઠે ચાલે છે, ત્યાં દોરડાની સીડી જોવામાં આવે છે અને તે બરાબર મજબૂત છે કે કેમ? તે જોવા માટે તેને હલાવે છે.

સંકેત સીડીને હલાવવાનો હતો, તેથી દાસીઓ સમજી કે રૂપસેન આવી ગયો. તેમણે સુનંદાને ખબર આપી. સુનંદાએ

કહ્યું કે 'તેને જલ્દી ઉપર ખેંચી લો.' આથી દાસીઓએ સીડી ખેંચી અને પેલો જુગારી ઉપર આવી ગયો. તેને તો ભાવતું હતું અને વૈદ્યે કહ્યા જેવું થયું. પણ સમજ પડતી ન હતી, કે આમ શાથી બન્યું ? એ ગમે તે હોય પણ હવે મળેલી તકનો પૂરો લાભ લેવો એવો તેણે મનથી નિર્ણય કરી લીધો. મહેલમાં અંધારપટ હતો, કારણ કે આવું કામ કરનારા અજવાળું રાખે નહિ. અંધકારમાં આ રૂપસેન છે કે બીજો તે ઓળખી શકાયો નહિ.

દાસીએ એ તેને લઈ જઈને સુનંદાના પલંગ ઉપર બેસાડ્યો. સુનંદા તો એમ જ સમજે છે કે રૂપસેન આવ્યો છે, એટલે તેને પ્રેમથી ભેટે છે. જુગારીને સુનંદાનો સ્પર્શ થતાં કામવિકાર જાગે છે અને તે એની સાથે ભોગવિલાસ માણે છે. સુનંદા તેનો નિષેધ કરતી નથી.

એવામાં કેટલીક દાસીઓ હાથમાં દીવો લઈ સુનંદાના ખંડ તરફ આવતી દેખાય છે, એટલે સુનંદા કહે છે કે 'આપણને વાત કરવાનો અંતરાય હશે, એટલે કંઈ પણ વાત કરી શકયા નહિ, પણ હાલ તો તમે જતા રહો, ફરી કોઈવાર મળશું.' પેલો જુગારી પણ ન બોલ્યામાં નવ ગુણ માની ત્યાં કામક્રીડા કરતાં તૂટી પડેલાં કિંમતી અલંકારો લઈને જે રસ્તેથી આવ્યો હતો, તે રસ્તેથી જ ચાલ્યો જાય છે.

આ બાજુ રૂપસેનનું શું થયું ? તે પણ જોઇએ. તે નિર્ધારિત સમયે રાજમહેલમાં આવી પહોંચવા માટે ઘરેથી નીકળે છે અને ગલીકુંચીઓ વટાવતો આગળ વધે છે, ત્યાં એક જર્જરિત મકાનની દિવાલ તૂટી પડે છે અને તેમાં તે દબાઈ જતાં મરણ પામે છે. અંતસમયે જેવી મતિ હોય તેવી ગતિ થાય છે, એટલે તે મરીને પેલા જુગારીનાં વીર્યમાં સુનંદાની કુક્ષિએ ગર્ભપણે ઉત્પન્ન થાય છે.

સમય જતાં સુનંદાનું પેટ વધે છે, તેથી તે ગભરાય છે. માબાપને ખબર પડશે તો તેઓ મને ધિક્કારશે અને દુનિયા પણ ફીટકાર આપશે, એ ભયથી તે વિશ્વાસુ દાસીઓ મારફત દવા મંગાવી ગર્ભપાત કરે છે,

ગર્ભમાં જ મરણ પામવું, એ કંઇ ઓછું દુઃખ નથી, પણ મોહગ્રસ્ત આત્માઓની હાલત આવી જ થાય છે. રૂપસેનનો આત્મા ત્યાંથી સર્પયોનિમાં જાય છે અને સર્પ બને છે.

હવે સુનંદા પુરુષદ્વેષિણી રહી નથી. તેને લગ્નની ઇચ્છા થાય છે અને તેને એક રાજા સાથે પરણાવવામાં આવે છે. તે પોતાના પતિ સાથે યથેચ્છ વિષયસુખ ભોગવતી દિવસો પસાર કરે છે. હવે જે નગરમાં અને જે મહેલોમાં તે રહેતી હતી, તેના બગીચામાં જ પેલો સર્પ ઉત્પન્ન થયેલો છે. તે એક દિવસ ફરતો ફરતો મહેલમાં આવે છે અને સુનંદાને જુએ છે. પૂર્વનો રાગ છે, એટલે તે હર્ષમાં આવીને ડોલવા લાગે છે તથા સુનંદાને મળવા માટે સુનંદા તરફ દોડે છે. એક ભયંકર સાપને પોતાના તરફ આવતો જોઇ સુનંદા રાડ

પાડે છે અને સિપાઇઓ ઉઘાડી તલવારે દોડી આવી તે સર્પના ટુકડા કરી નાખે છે.

સુનંદાની સાથે ભોગ ભોગવવાના વિચારમાં રૂપસેનના ત્રણ ભવ પૂરા થયા. ચોથા ભવમાં તે કાગડો બન્યો. એક વખત રાજારાણી સંગીતના જલસામાં બેઠા છે અને તેની મોજ માણી રહ્યા છે, ત્યાં પેલો કાગડો આવી પહોંચ્યો અને સુનંદાને જોતાં જ હર્ષના આવેશમાં આવીને કા-કા કરવા લાગ્યો. કાગડાનો કઠોર અવાજ કોને ગમે? વળી તે સંગીતના રસાસ્વાદમાં ખલેલ પહોંચાડનારો હતો. આથી રાજાએ પોતાના સિપાઇઓને હુકમ કર્યો કે 'આ દુષ્ટ કાગડાને અહીંથી દૂર કરો.' સિપાઇઓ સમજ્યા કે કાગડાને ઉડાડી મૂકીશું તો તે પોતાના સ્વભાવ પ્રમાણે ફરી આવીને કા-કા કર્યા વિના નહિ રહે, માટે તેને પૂરો જ કરવો અને તેમણે તીર છોડી તેના પ્રાણ હરી લીધા.

પાંચમાં ભવે રૂપસેન હંસ થયો અને રાજમહેલના બગીચામાં આવેલાં તળાવમાં મોટો થવા લાગ્યો. એક વાર સુનંદાને જોતાં તેનાં દિલમાં પૂર્વનો રાગ જન્મ્યો, એટલે તે ઉડી ઉડીને સુનંદાના શરીર પર પડવા લાગ્યો. આથી સુનંદા કંટાળી ગઇ અને તેણે ધૂમ મારી સિપાઇઓને બોલાવ્યા. તેમણે આવીને આ હંસને મારી નાખ્યો.

વિષયવાસનાના આત્માને જન્મ જન્માંતરમાં કેવો રખડાવે છે અને તેના શા હાલ થાય છે? તે આ પરથી સમજી શકાશે. છઠ્ઠા ભવમાં તે હરણ થાય છે અને જંગલમાં રહી પોતાનું પેટ ભરે છે.

હવે એક વાર સુનંદા રાજા સાથે મૃગયા જોવા જંગલમાં જાય છે. ત્યાં પારધિ લોકો પાવો વગાડે છે અને હરણા તો સાંભળવા ઊભા રહી જાય છે. તેમાં પેલું હરણ પણ આવી પહોંચે છે અને તે સુનંદાને જોઈ હર્ષ અનુભવે છે. તે સુનંદાનું રૂપ જોવામાં એવું લીન થઈ જાય છે કે તેને બીજી કંઈ ખબર રહેતી નથી. એવામાં રાજા બાણ મારે છે અને તે વિંધાઈ જાય છે. પછી રાજા તેનું માંસ પકવવાનો સેવકોને હુકમ કરે છે. સેવકો તેને ઉપાડી રાજવાટિકામાં લાવે છે. અને ત્યાં તેનું માંસ પકવે છે.

રાજારાણી આ હરણનું માંસ ખાઈ રહ્યા છે અને તેનાં વખાણ કરી રહ્યાં છે, ત્યાં બે મુનિવરો ત્યાંથી નીકળે છે. તે જ્ઞાની છે, એટલે સુનંદા અને રૂપસેનનું ચરિત્ર જાણી પોતાનું માથું હલાવે છે. આ જોઈ રાજા વિચારમાં પડે છે અને તે પેલા મુનિવરોને બોલાવી માથું હલાવવાનું કારણ પૂછે છે. મુનિવરો કહે છે કે 'આ વાત જાણશો તો તમને દુઃખ થશે, માટે જાણવી રહેવા દો.' પરંતુ રાજારાણી બંનેનો આગ્રહ થતાં તેઓ અથથી ઇતિ સુધી બધી વાત કહી સંભળાવે છે. તે સાંભળી રાજારાણી બંનેને સંસાર પરથી વૈરાગ થાય છે. છેવટે સુનંદા પૂછે છે કે 'હરણ મરીને કયાં ઉત્પન્ન થયેલો છે? તેનો ઉદ્ધાર થશે કે નહિ?' પેલા મુનિવરો કહે છેઃ 'હરણ મરી વિંધ્ય અટવીમાં સુગ્રામ નજીક હાથી થયેલો છે. તે તમારા ઉપદેશથી પ્રતિબોધ પામશે અને જાતિસ્મરણથી પોતાના પૂર્વ-ભવો નિહાળી, વૈરાગ્ય પામી, તપ કરીને આઠમા દેવલોકમાં

ઉત્પન્ન થશે અને ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં આવી મોક્ષ પામશે.'

પછી રાજા-રાણી બંને બીજા અનેક નગરજનો સાથે દીક્ષા લે છે અને સુનંદા સાધ્વીને સંયમનું પાલન કરતાં અવધિ-જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ જ્ઞાનથી હાથીને પ્રતિબોધ કરવાનો સમય નજીક જાણી તે પોતાની ગુરુણીની આજ્ઞા લઈ વિંધ્ય અટવીના કિનારે આવેલ સુગ્રામ ગામમાં ચાતુર્માસ કરે છે અને ચાતુર્માસ પૂર્ણ થયે હાથીને પ્રતિબોધ કરવા તેના તરફ જાય છે.

આ હાથીના ત્રાસથી આખું ગામ ગભરાઈ ગયું હતું, કારણ કે તેણે આ ગામના અનેક લોકો અને ઘરનો નાશ કર્યો હતો. જ્યારે પણ તે હાથી આ તરફ આવતો દેખાતો, ત્યારે લોકો આડાઅવળા થઈ જતા ને કોઈ ઊંચા છાપરા કે વૃક્ષ પર આશ્રય લેતા. ગામ લોકોએ સાધ્વીને જંગલ તરફ જતાં જોયા અને જ્યાં હાથીનું રહેઠાણ હતું, તે તરફ જ આગળ વધી રહેલા નિહાળ્યા, ત્યારે તેઓ કહેવા લાગ્યા કે 'આપ એ રસ્તે જશો નહિ. હાથી આપને અવશ્ય મારી નાખશે.' છતાં સુનંદા સાધ્વી નીડરતાથી એ તરફ આગળ વધવા લાગ્યા. એવામાં હાથી ઝાડીમાંથી બહાર આવ્યો અને સુનંદા સાધ્વીની સામે ધસ્યો, છતાં સાધ્વીએ હિંમત છોડી નહિ. તેમણે તો એનો ઉદ્ધાર કરવાનો દૃઢ સંકલ્પ પોતાના મનથી કરી જ લીધો હતો. લોકો સમજ્યા કે હમણાં આ સાધ્વીનું આવી બનશે. આ મદોન્મત્ત હાથી કોઈને છોડવાનો નહિ.

પરંતુ હાથી નજીક આવ્યો અને જ્યાં સાધ્વીને જોયા

કે તે ઠંડો પડી ગયો. પૂર્વનાં પ્રબળ સંસ્કારો શું નથી કરતા? તેને સાધ્વી પર રાગ થયો અને તે પોતાની સૂંઢ ઊંચી-નીચી કરી એ રાગ પ્રદર્શિત કરવા લાગ્યો.

સુનંદા સાધ્વીએ કહ્યું: 'હજી રાગથી ધરાયો નથી? મારાં નિમિત્તે તું છ છ ભવમાં મરણ પામ્યો, માટે હવે સમજ અને એ રાગને તારાં હૃદયમાંથી દૂર કર.' તે જ વખતે હાથી તદ્દન શાંત બની ગયો અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું એ જ્ઞાનનાં બળે તેણે પોતાના પૂર્વભવો જોયા અને તે પ્રતિબોધ પામ્યો.

આ જોઈ લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ સાધ્વીનાં સત્ત્વને વખાણવા લાગ્યા, પછી સાધ્વીનાં વચનથી તે ગામનો રાજા એ હાથીને પોતાની હસ્તીશાળામાં લઈ ગયો. ત્યાં એ હાથી છઠ્ઠને પારણે છઠ્ઠ કરવા લાગ્યો. તેણે બાકીનાં સમસ્ત જીવનપર્યંત તપ કર્યું અને એ તપના પ્રભાવે મરીને આઠમા દેવલોકે દેવ તરીકે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને જ્ઞાની મુનિવરોનાં કહ્યા પ્રમાણે તે મનુષ્યનો ભવ પામી મોક્ષમાં જશે.'

વિષયવાસનાનું આ પરિણામ જાણી સુજ્ઞજનોએ તેનાથી દૂર રહેવું અને ધર્મનું આરાધન કરી પોતાના જીવનને સફળ બનાવવું, એ મહર્ષિઓનો ઉપદેશ છે અને અમારું કહેવું પણ એ જ છે.

આત્માની શક્તિ વિષે હજી વિશેષ કહેવાનું છે, તે અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ચૌદમું.

આત્માની શક્તિ.

[૨]

મહાનુભાવો !

આત્માની શક્તિ કેટલી હોય છે? એ વિષય ચાલી રહ્યો છે. તેમાં તીર્થંકરની શક્તિનો કેટલોક પરિચય શ્રી મહાવીર પ્રભુનાં દૃષ્ટાંતથી કરાવ્યો. હવે મનુષ્યમાં મહાબલી ગણાતા બળદેવ, વાસુદેવ તથા ચક્રવર્તીની શક્તિનો પણ કેટલોક પરિચય કરાવીશું.

એક અવસર્પિણી કે ઉત્સર્પિણીકાળમાં જેમ ૨૪ તીર્થંકરો થાય છે, તેમ ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળદેવ પણ અવશ્ય થાય છે. એ બધાને સમગ્ર રીતે ત્રેસઠ શલાકા પુરુષ કહેવામાં આવે છે.* શલાકા પુરુષ એટલે પવિત્ર

---

* આ અવસર્પિણીના ૨૪ તીર્થંકરોનાં નામ પ્રસિદ્ધ છે.

૧૨ ચક્રવર્તિઓનાં નામોઃ (૧) ભરત, (૨) સગર, (૩) મઘવા, (૪) સનત્‌કુમાર, (૫) શાંતિ, (૬) કુંથુ, (૭) અર, (૮) સુભૂમ, (૯) મહાપદ્મ, (૧૦) હરિષેણ, (૧૧) જય અને (૧૨) બ્રહ્મદત્ત.

૯ વાસુદેવનાં નામોઃ (૧) ત્રિપૃષ્ઠ, (૩) સ્વયંભૂ, (૪) પુરુષોત્તમ. (૫) પુરુષસિંહ, (૬) પુરુષપુંડરીક, (૭) દત્ત, (૮) લક્ષ્મણ અને (૯) કૃષ્ણ.

પુરુષ, જેમનાં મોક્ષગમનનો નિર્ણય થયેલો છે, એવા મહાપુરુષ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આ ત્રેશઠે શલાકા પુરુષોનાં ચરિત્ર સંસ્કૃત ભાષામાં સુંદર શ્લોકબદ્ધ રચના વડે આલેખેલાં છે.

આજે તો કોઇ બળદેવ, વાસુદેવ કે ચક્રવર્તી આપણી સામે નથી એટલે તેનાં બળનો ખ્યાલ કયાંથી આવી શકે? પણ એવા મનુષ્યો જોવામાં આવે છે કે જે બળવાન આખલાને પોતાના હાથની એક જ કોણી મારીને નીચો પાડી દે, મદોન્મત્ત હાથીને મૂઠીઓ મારીને મહાત કરી દે અને વાઘ તથા સિંહ જેવા ભયાનક પશુઓની સાથે કુસ્તી કરી તેને હરાવી દે.

મુંબઈમાં થોડા વખત પહેલાં દુનિયાભરના કુસ્તીબાજોનું એક દંગલ ગોઠવાયું હતું. તે વખતે કીંગકોંગે એક કુસ્તીબાજને હવામાં આઠ ફુટ ઊંચો ઉછાળી નાખ્યો હતો. ધ્રાંગધ્રાની ગાદીએ રાયમલ નામના એક રાજા થઈ ગયા. તેમનામાં એટલું બળ હતું કે તેમણે એક મૂઠી મારીને દિલ્હીના લાલ કિલ્લાનો પત્થર નીચેના ભાગમાંથી કાઢી નાખ્યો હતો. તે અંગે નીચેનો દુહો પ્રચલિત છે.

---

૯ પ્રતિવાસુદેવનાં નામોઃ (૧) અશ્વગ્રીવ, (૨) તારક, (૩) મેરક, (૪) મધુ, (નિષ્કુંભ), (૬) બલિ, (૭) પ્રહ્લાદ, (૮) રાવણ અને (૯) જરાસંધ.

૯ બળદેવનાં નામોઃ (૧) અચલ, (૨) વિજય, (૩) ભદ્ર, (૪) સુપ્રભ, (૫) સુદર્શન, (૬) આનંદ, (૭) નંદન, (૮) પદ્મ, (શ્રી રામચંદ્ર) અને (૯) રામ (બળભદ્ર).

કટારી અમરેસરી, તેાગારી તરવાર;
હથેરી રાયમલ્લરી, દિલ્હી રે દરબાર.×

બળદેવનું બળ.

બળદેવનું બળ આથી ઘણું વધારે હેાય છે. તે એકલેા હજારેા યેાદ્ધાને ભારે પડી જાય છે. અનાર્યો મેાટી સંખ્યામાં મિથિલા પર ચડી આવ્યા, મિથિલાના દરવાજા બંધ થઇ ગયા અને જનકરાજાએ મદદ માટે અયેાધ્યાપતિ દશરથને સંદેશેા મેાકલ્યેા, ત્યારે દશરથે શ્રી રામને સૈન્ય સાથે મિથિલા મેાકલ્યા. એ સૈન્ય અનાર્યો સાથે લડવા લાગ્યું, પણ અનાર્યોએ તેને ભેાંયભેાંભાં વેરવિખેર કરી નાખ્યું. આ વખતે શ્રી રામે એકલાએ એ બધાનેા સામનેા કર્યો અને બાણવૃષ્ટિ કરી બધાને હરાવી દીધા. શ્રીરામ બળદેવ હતા, એટલે તેમનામાં આ જાતનું બળ હતું.*

વાસુદેવનું બળ.

બળદેવ કરતાં વાસુદેવનું બળ બમણું હેાય છે. પ્રતિ-વાસુદેવનું બળ તેના કરતાં કંઇક ઓછું હેાય છે. લક્ષ્મણજી

× અમરસિંહ રાઠેાડની કટાર ચલાવવાની કરામત, તેાગાજી રાજપુતની તરવાર ચલાવવાની કળા અને રાયમલ્લ રાજાની હથેળીનું બળ દિલ્હીના દરબારમાં અભૂતપૂર્વ પ્રશંસા પામ્યાં હતાં.

* જૈન સાહિત્યમાં પ્રાકૃત, સંસ્કૃત તથા કન્નડ ભાષામાં પદ્મ ચરિત્ર અર્થાત્ રામાયણેા રચાયેલાં છે. વાલ્મિકીકૃત રામાયણ અને આ રામાયણની હકીકતેામાં ઘણેા ફેર આવે છે અહીં જે ઉલ્લેખ કરવામાં આવે છે, તે જૈન રામાયણ મુજબનેા સમજવેા.

વાસુદેવ હતા. તેમના પર રાવણે શક્તિનો પ્રયોગ કર્યો અને તેઓ બેહોશ બની ગયા. આથી રામ ગભરાયા અને તેમણે વિશલ્યાને લઇ આવવાનો હનુમાનજીને હુકમ આપ્યો. આ વિશલ્યામાં એવી શક્તિ હતી કે તે કોઈ બેહોશ માણસ પર હાથ ફેરવે તો તે શુદ્ધિમાં આવી જાય અને ગમે તેવા રોગીને પણ સાજો કરી શકે.

હનુમાનજી વિશલ્યાને લઇ આવ્યા, તેણે લક્ષ્મણજીનાં શરીર પર હાથ ફેરવ્યો અને લક્ષ્મણજી હોશમાં આવી ગયા. રામની સેનામાં આનંદ વ્યાપી ગયો. હવે તે સેના બમણા જોરથી લડવા લાગી. આ સેનાએ કુંભકર્ણ વગેરે કેટલાક સેનાપતિઓને પકડી કેદ કરી લીધા. ફક્ત રાવણ એક બાકી રહ્યો, તે લડાઇ બંધ કરી બહુરૂપિણી વિદ્યા સાધવા બેસી ગયો, આ વિદ્યાની સાધના કઠિન છે, પણ એક વાર સિદ્ધ થઇ કે મનુષ્ય ધારે તેટલાં રૂપ કરી શકે છે અને પોતાનાં કાર્યમાં સિદ્ધિ મેળવી શકે છે. રાવણ પોતાના મહેલની નીચે ભૂગર્ભખંડમાં આ વિદ્યા સાધવા બેઠો છે. મંદોદરીએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો છે કે 'કોઇએ હિંસા કરવી નહિ.'

આ વસ્તુની અંગદ વગેરેને ખબર પડી, એટલે તેઓ એ વિદ્યાની સિદ્ધિમાં વિઘ્ન નાખવા માટે રજા લેવા રામ પાસે ગયા. રામ સમજી અને ઉદારચરિત હતા. તેમણે અંગદ વગેરેને વિઘ્નો નાખવાની ના કહી. વધારામાં જણાવ્યું કે 'જે આત્મા શાંત ચિત્તે આરાધના કરતો હોય તેનાં કાર્યમાં ખલેલ કરવી નહિ.' પરંતુ અંગદ વગેરેને ભય લાગ્યો કે રાવણને આ વિદ્યા

સિદ્ધ થઇ જશે તો બધાનો નાશ કરી નાખશે અને પોતે સર્વોપરી બની જશે એટલે રામની ભક્તિને વશ થઈ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને રાવણની સાધનામાં તેઓ જાતજાતનાં વિઘ્નો નાખવા લાગ્યા, પરંતુ આથી રાવણ ડગ્યો નહિ. જે રાવણ હજાર વિદ્યા સાધતી વખતે દેવો અને દેવીઓના સમૂહથી ડગ્યો ન હતો, તે આ લોકોથી શેનો ડગે ?

મંદોદરી રોજ રાવણની બાજુમાં બેસતી. અંગદ વગેરેએ છેલ્લો પ્રયત્ન કરી જોયો. તેઓ કોઇ પણ રીતે રાજમહેલની નીચે આવેલા ભૂગર્ભખંડમાં પહોંચી ગયા અને તેમણે મંદોદરીના વાળ પકડીને તેને રાવણની સમક્ષ ઘસડી. એક રાજાની રાણીનું, પ્રતિવાસુદેવની અર્ધાંગનાનું આવું અપમાન કોણ સહન કરી શકે? આવા વખતે ભલભલા મનુષ્યો તપ કે સાધના છોડી ક્રોધના આવેશમાં આવી જાય અને આ રીતે અપમાન કરનારનું માથું ધડથી જુદું કરી નાખે. પરંતુ આ તો રાવણ હતો. તે જરા પણ ચલાયમાન થયો નહિ. તે જ વખતે તેને બહુરૂપિણી વિદ્યા સિદ્ધ થઈ ગઈ. આ વસ્તુની ખબર પડતાં જ અંગદ વગેરે પલાયન થઈ ગયા.

બહુરૂપિણી વિદ્યાએ પ્રસન્ન થઈ રાવણને જે જોઇએ તે માગવા કહ્યું. રાવણના હર્ષનો પાર ન રહ્યો. તેણે કહ્યું: 'હું બોલાવું ત્યારે આવજે.' પછી રાવણ સીતા પાસે ગયો અને પોતાની શક્તિનું વર્ણન કરીને કહેવા લાગ્યો કે 'મારી આ શક્તિથી હવે તારા રામ-લક્ષ્મણ અને તેની સેના કોઈ જીવતા રહી શકશે નહિ. હું તને મારી બનાવીશ, માટે મારી સાથે લગ્ન કર.'

પરંતુ સીતા મહાસતી હતી, તે એની વાત કબૂલ શેની કરે? તેને તો આ શબ્દો સાંભળતાં જ મૂર્છા આવી ગઈ. આ બાજુ રામની સેનામાં રાવણને બહુરૂપિણી વિદ્યા સિદ્ધ થયાના સમાચાર પહોંચતાં જ હાહાકાર મચી ગયો. પણ રામ-લક્ષ્મણનું રૂંવાડું ય ફરકયું નહિ.

જ્યાં સુધી રાવણ વિદ્યા સાધતો હતો, ત્યાં સુધી લડાઈ બંધ હતી, કારણ કે આ યુદ્ધ નીતિનું હતું. હવે રાવણ ફરી લડાઈમાં ઉતર્યો અને જોરથી લડવા લાગ્યો. રાવણ મદાંધ બનેલો હતો. તેને પોતાની શક્તિમાં વધારે પડતો વિશ્વાસ હતો. તેને લક્ષ્મણજી સાથે યુદ્ધ શરૂ કરી દીધું અને બહુરૂપિણી વિદ્યાને યાદ કરી, હવે લક્ષ્મણને ચારે તરફ રાવણ સિવાય બીજું કોઈ દેખાતું નથી. બધા રાવણો એકલા લક્ષ્મણ ઉપર એક સામટા બાણો વરસાવે છે. પરંતુ લક્ષ્મણજી વાસુદેવ છે, મહાબળવાન અને મહાધૈર્યવાન છે. તે જરાયે હિંમત હારતા નથી. પોતાના ખાસ ધનુષ્ય પર ચીલ્લ ઝડપે બાણ ચડાવી એક પછી એક છોડયે જ જાય છે અને રાવણના એક એક રૂપને એક યા બીજી જગાએ ઘાયલ કરે છે, તે રાવણ સહન કરી શકતો નથી. મનમાં સમજી જાય છે કે લક્ષ્મણ સામે ટકવું ઘણું અઘરું છે. એટલે પોતાનાં મૂળ સ્વરૂપમાં આવી છેલ્લો પાસો ફેંકવાનો નિશ્ચય કરે છે. છેવટે પોતાના દેવાધિષ્ઠિત ચક્રને યાદ કરે છે. યાદ કરતાંની સાથે જ તે ચક્ર રાવણના હાથમાં આવી જાય છે. પછી લક્ષ્મણજીને કહ્યું: 'હજી સમજી અને સીતાને મને સોંપી દે. નહિતર તારું મોત તારી રાહ જોઈ રહ્યું છે.'

લક્ષ્મણે શાંત ચિત્તે હસતાં હસતાં જવાબ આપ્યોઃ 'આ તારો લોખંડનો ટુકડો મને શું કરવાનો હતો? છોડ તારે છોડવો હોય તો.' અને રાવણ જોરથી ચક્ર છોડે છે.

આ બાજુ રામની સેના આ ચક્રનો સામનો કરવા માટે અનેક પ્રકારના શસ્ત્ર-અસ્ત્રનો પ્રયોગ કરે છે. પણ જેમ કમળ-પત્ર પર જળબિંદુ અથડાઈને ખરી જાય, તેમ એ શસ્ત્રો-અસ્ત્રો ચક્રને અથડાઈને ખરી પડે છે અને ચક્ર લક્ષ્મણ પાસે આવી પહોંચે છે.

આ દૃશ્ય જોતાં જ રામ સુદ્ધાં બધાને શ્વાસ ચઢી જાય છે, પણ ચક્રનો એવો નિયમ છે કે તે વાસુદેવને કંઈ કરી શકે નહિ. ઓટલે તે લક્ષ્મણની ત્રણ પ્રદક્ષિણા દઈને ઊભું રહે છે અને તેમના હાથમાં આવે છે.

હવે લક્ષ્મણ રાવણને નમ્રતાથી કહે છેઃ 'સીતાજીને સોંપી દે અને તારાં રાજ્યમાં લહેર કર. અમારે રાજ્યનો ખપ નથી. નહિતર તારું આ ચક્ર તારું જ મોત લાવશે.'

રાવણ હજી અહંકારમાં છે. તે એમ સમજે છે કે મારું ચક્ર મને શું કરશે? પણ પ્રતિવાસુદેવ પોતાનાં ચક્રથી જ મરે છે અને લોકનો એ શાશ્વત નિયમ હોવાથી તેમાં કંઈ ફેર પડતો નથી. રાવણ કહે છેઃ 'એ ચક્રથી મને કંઈ નહિ થાય, માટે તારે છોડવું હોય તો છોડ.' લક્ષ્મણજી પોતાનાં બળથી

એ ચક્ર છોડે છે, તે સીધું રાવણ ભણી જાય છે, તેની છાતીમાં અથડાય છે અને તેનું પ્રાણપંખેરું ઉડી જાય છે.

પરસ્ત્રીમાં લંપટ થનાર અને છેવટ સુધી પોતાની ભૂલ ન સુધારનાર આત્માની ગતિ કેવી થાય ? તે તમે સમજી શકો છો. રાવણનો આત્મા ચોથા નરકે ગયો અને ત્યાં આજે પણ ઘોર યાતના ભોગવી રહ્યો છે.

રાવણનાં મૃત્યુથી તેની સેનામાં હાહાકાર મચ્યો અને રામની સેનામાં હર્ષના પોકારો થવા લાગ્યા. રામે લંકાનું રાજ્ય બિભીષણને સોંપ્યું.

તાત્પર્ય કે રાવણ જેવા એક મહાન બળવાન રાજાએ પોતાનાં લાખો રૂપ કર્યાં, છતાં તે વાસુદેવને મહાત કરી ન શક્યો, એટલે વાસુદેવની શક્તિ ગજબની હોય છે.

ચક્રવર્તીનું બળ.

ચક્રવર્તી એટલે સમસ્ત ભરતખંડનો રાજા. તેના રાજ્ય વિસ્તારમાં નાના મોટા ૩૨૦૦૦ દેશ, ૭૨૦૦૦ હજાર નગર અને ૯૬ કોડ ગામડાં હોય છે. તે ૯૬ કોડ પાયદળ સૈન્ય વગેરે મોટી ઋદ્ધિનો તેમજ ૧૪ રત્ન, ૯ નિધિ અને ૬૪૦૦૦ સ્ત્રીનો સ્વામી હોય છે.

રત્ન એટલે હીરા-માણેક વગેરે ન સમજતા. એવા રત્નો તો તેની પાસે લાખોની સંખ્યામાં હોય. અહીં રત્નથી વિશિષ્ટ

શક્તિવાળી વસ્તુ સમજવાની, તે આ પ્રમાણે—પહેલું સેનાપતિરત્ન, બીજું ગાથાપતિરત્ન, ત્રીજું પુરોહિતરત્ન, ચોથું અશ્વરત્ન, પાંચમું ગજરત્ન, છટ્ઠું વર્ધકિરત્ન, સાતમું સ્ત્રીરત્ન, આઠમું ચક્રરત્ન, નવમું છત્રરત્ન, દશમું ચર્મરત્ન, અગિયારમું મણિરત્ન, બારમું કાકિણીરત્ન, તેરમું ખડ્ગરત્ન અને ચૌદમું દંડરત્ન.

ચક્રવર્તીનો સેનાપતિ એવી કુશળતાવાળો હોય કે મહાન લશ્કરને યોગ્ય દોરવણી આપી શકે અને ચક્રવર્તીની સહાય વિના પણ દેશો જિતી શકે. ગૃહપતિરત્ન ચક્રવર્તીનાં લશ્કરને જોઇતી ભોજનસામગ્રી તથા ફળફૂલ પૂરાં પાડે. પુરોહિતરત્ન શાંતિકર્મ કરે તથા ધાર્મિક ક્રિયાઓ કરાવે. અશ્વરત્ન ચક્રવર્તીને બેસવાનાં કામમાં આવે. એવો અશ્વ દુનિયામાં બીજો ન મળે.

ગજરત્ન એટલે ઉત્તમ પ્રકારનો હાથી, તે પણ ચક્રવર્તીને બેસવાનાં કામમાં આવે. વર્ધકિરત્ન દરેક જાતનું બાંધકામ કરે તથા રસ્તામાં પુલો વગેરે બનાવે.

સ્ત્રીરત્ન એટલે ચક્રવર્તીની પટરાણી થવા યોગ્ય સ્ત્રી. તે પણ વિશિષ્ટ શક્તિવાળી હોય. ચક્રરત્ન એટલે શત્રુનો પરાજય કરનારૂં શસ્ત્ર. છત્રરત્ન એટલે મસ્તકે ધારણ કરવાનું અતિ મનોહર છત્ર. ચર્મરત્ન એટલે ચામડાનું એક પ્રકારનું વિશિષ્ટ સાધન. તે નદી, સરોવર વગેરે જલાશયોને પાર કરવામાં

ઉપયોગી થાય. આ ચર્મરત્ન દ્વારા આખી સેના નદી વગેરે તરીને કિનારે પહોંચી શકે છે. મણિરત્ન એટલે દૂર સુધી પ્રકાશ આપનારો એક પ્રકારનો અદ્‌ભુત મણિ. કાકિણીરત્ન એટલે ખડકને પણ કોરી શકે એવી એક પ્રકારની વિશિષ્ટ વસ્તુ. ખડગરત્ન એટલે ઉત્તમ પ્રકારની તરવાર અને દંડરત્ન એટલે વિષમ ભૂમિને સમ કરનાર તથા અદ્‌ભુત ત્વરાથી જમીન ખોદી આપનારું એક પ્રકારનું હથિયાર. આ રત્નો વડે ચક્રવર્તી રાજ્યનો વિસ્તાર કરી શકે છે.

નવનિધિમાં શાશ્વત કલ્પો હોય છે અને તેમાં અનેક પ્રકારની વિદ્યાઓ તથા વસ્તુનું વર્ણન હોય છે. તેથી ચક્રવર્તી પોતાનાં રાજ્યની આબાદી બહુ સારી રીતે કરી શકે છે. નવ-નિધિનાં નામો આ પ્રમાણે સમજવાઃ નૈસર્પ, પાંડુક, પિંગલક, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક અને શંખ.

ચક્રવર્તીને ૬૪૦૦૦ સ્ત્રીઓ હોય, ચક્રવર્તી જે દેશોને જીતે છે, ત્યાંની એક રાજકન્યા અને એક બીજી સુંદર સ્ત્રી એમ બે બે સ્ત્રીઓ તેને લગ્નદાન તરીકે આપવામાં આવે છે. અને આવા નાના મોટા દેશો ૩૨૦૦૦ હોવાથી તેની સંખ્યા ૬૪૦૦૦ બને છે.

આ બધી સ્ત્રીઓ પાસે ચક્રવર્તી પોતાનાં બીજા રૂપો કરીને જઈ શકે છે, એટલે ચક્રવર્તી પોતાને વરેલી વિશિષ્ટ શક્તિથી ૬૪૦૦૦ રૂપો કરી શકે છે.

હવે ચક્રવર્તીનાં બળ પર આવીએ. તે કૂવા કે વાવને કાંઠે સ્નાન કરતો બેઠો હોય, તે વખતે એક હાથે દોરડું પકડે અને તેનો બીજો છેડો તેનું આખું લશ્કર પૂર્ણ બલથી ખેંચે તો પણ તેને ત્યાંથી હઠાવી શકે નહિ અને તેના હાથને નમાવી શકે નહિ. એ તો દોરડાનો એક છેડો પકડીને બીજા હાથે પોતાની સ્નાન ક્રિયા ચાલુ રાખે.

શેરને માથે સવાશેર હોય તેમ કોઈવાર ચક્રવર્તી કરતાં પણ વધારે બળવાન માણસો નીકળી આવે છે. દાખલા તરીકે ભરત ચક્રવર્તી હતા, પરંતુ બાહુબલીમાં તેમનાં કરતાં વધારે બળ હતું. તેમની સાથે દ્વંદ્વયુદ્ધ કરતાં ભરત હારી ગયા હતા, પરંતુ આવા દાખલાઓ અપવાદિક સમજવા.

સંયમપૂર્વક આકરી તપશ્ચર્યા કરતાં આત્માને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને તેની શક્તિ આશ્ચર્યજનક બની જાય છે. મહામુનિ વિષ્ણુકુમારની કથા તમને આ વાતની ખાતરી કરાવશે.

તપસ્વીનાં બળ પર મહામુનિ વિષ્ણુકુમારની કથા.

પ્રાચીન કાળમાં હસ્તિનાપુરની જાહોજલાલી ઘણી હતી. ત્યાં પદ્મોત્તર નામના રાજા રાજ્ય કરતા હતા. તેમને જ્વાલા રાણીથી બે પુત્રરત્નો ઉત્પન્ન થયાં. તેમાં મોટાનું નામ વિષ્ણુકુમાર હતું અને નાનાનું નામ મહાપદ્મ હતું. બંને પુત્રો તેજસ્વી, પરાક્રમી અને બુદ્ધિનાં નિધાન હતા. વળી કુશલ આચાર્યો પાસે વિવિધ વિદ્યા તથા કલાઓ શીખીને વિદ્યાવંત તથા કલાવંત પણ થયા હતા.

એક વખત જ્વાલાદેવીએ જિનેશ્વરનો મહાન રથ તૈયાર કરાવ્યો, ત્યારે લક્ષ્મીદેવી નામની બીજી રાણીએ ઈર્ષ્યાથી બ્રહ્મરથ તૈયાર કરાવ્યો. પછી રથયાત્રાનો પ્રસંગ આવ્યો ત્યારે લક્ષ્મીદેવીએ પદ્મોત્તર રાજા આગળ માગણી કરી કે 'નગરમાં મારો બ્રહ્મરથ પહેલો ચાલે, નહિ તો હું આપઘાત કરીને મરણ પામીશ.' જ્વાલાદેવી કહે, 'જો મારો જિનરથ પહેલો નહિ ચાલે તો મારે આજથી જ અન્નજળનો ત્યાગ છે, એમ સમજજો.' આ રીતે બન્નેને ચડસ પર આવેલી જોઈ પદ્મોત્તર રાજાએ ત્રીજો જ માર્ગ કાઢ્યો, કે 'કોઇએ પણ રથ કાઢવો નહિ.' જ્યાં બેમાંથી કોઇ નમતું ન આપે, ત્યાં બીજું શું બની શકે ?

આ બનાવથી મહાપદ્મકુમારને ઘણું ખોટું લાગ્યું. રાજ્યમાં પોતે કર્તા-હર્તા અને પોતાની માતાનો જ રથ આ રીતે અટકે, તે તેનાથી સહન થયું નહિ. તેણે એ જ વખતે મનથી સંકલ્પ કર્યો કે 'જ્યારે મારી માતાનો રથ આ નગરમાં હું નિરંકુશપણે ફેરવું ત્યારે જ ખરો.' અને તે જ રાત્રે તેણે હસ્તિનાપુરનો ત્યાગ કર્યો.

સવારે સહુને ખબર પડી કે મહાપદ્મકુમાર એકાએક ચાલ્યા ગયા છે, ત્યારે સહુના શોકસંતાપનો પાર રહ્યો નહિ. વિષ્ણુકુમાર થોડા અનુચરો સાથે તેને શોધવા નીકળી પડ્યા, પરંતુ પત્તો લાગ્યો નહિ. આથી તેઓ નિરાશ થઇને પાછા ફર્યા. ત્યારથી તેમનું મન વૈરાગ્ય તરફ઼ ઢળ્યું અને તેઓ સાધુ-સંતોનો વિશેષ સમાગમ કરવા લાગ્યા.

મહાપદ્મ ચક્રવર્તી થવા સર્જાયેલો હતો, એટલે તેની ભુજામાં અપૂર્વ બળ હતું. તેણે ધીમે ધીમે સૈન્ય એકઠું કર્યું અને એક પછી એક દેશ જિતવા માંડ્યા. એમ કરતાં છ ખંડ ધરતી જિતી લીધી. અને તે વિજયનો નિશાનડંકો વગાડતો હસ્તિનાપુર આવ્યો. પદ્મોત્તર રાજા તેનાં પરાક્રમો જાણી ચૂકયા હતા, એટલે તેમણે એનું ખૂબ ઠાઠથી સ્વાગત કર્યું અને મહાપદ્મે પણ હાથીના હોદ્દા પરથી નીચે ઉતરી માતાપિતાના ચરણે શિર ઝુકાવી પુત્રોચિત વિનય પ્રગટ કર્યો.

આજ અરસામાં શ્રી મુનિસુવ્રત સ્વામીના હાથે દીક્ષિત થયેલા સુવ્રત નામના આચાર્ય વિશાળ મુનિમંડળ સાથે હસ્તિનાપુર આવ્યા. તેમની દેશના સાંભળી પદ્મોત્તર રાજાને સંસાર પરથી વૈરાગ્ય આવ્યો. તેમણે રાજમહેલમાં પાછા ફરી મંત્રીમંડળને એકઠું કર્યું અને તેમની સમક્ષ વિષ્ણુકુમારને ગાદી આપી દીક્ષા લેવાની ભાવના પ્રગટ કરી. પરંતુ વિષ્ણુકુમારે કહ્યું કે 'પિતાજી! મારું મન રાજ્ય ભોગવવા તરફ જરા પણ નથી. હું પણ તમારી જેમ આ સંસારનો ત્યાગ કરી આત્મકલ્યાણ કરવા ઇચ્છું છું. માટે મહાપદ્મને જ ગાદીએ બેસાડો.'

આથી મહાપદ્મકુમારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તે ભરતખંડના નવમા ચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ થયો. પછી તેણે જિનેશ્વરોનો મોટો રથ તૈયાર કરાવી આખા નગરમાં નિરંકુશપણે ફેરવ્યો અને પોતાની માતાની ઇચ્છા પૂર્ણ કરી તથા નમુચિ નામના મંત્રીને મુખ્ય પ્રધાન બનાવ્યો.

કાલક્રમે પદ્મોત્તર મુનિ વ્રતોનું નિરતિચાર પાલન કરીને સિદ્ધ-બુદ્ધ-નિરંજન થયા અને શ્રી વિષ્ણુકુમાર મુનિ આકરી તપશ્ચર્યા કરવા લાગ્યા. આ દીર્ઘકાલીન આકરી તપશ્ચર્યાનાં પરિણામે તેમને અનેક પ્રકારની લબ્ધિઓ થઇ.

હવે એક વાર સુવ્રતાચાર્ય મુનિમંડળ સાથે વિહાર કરતાં હસ્તિનાપુર પધાર્યા અને શ્રીસંઘની વિજ્ઞપ્તિથી ચાતુર્માસ રહ્યા. તેમની વાણીમાં અમૃતનું માધુર્ય હતું, અજબ પ્રકારનું આકર્ષણ હતું, તેથી શાસનની પ્રભાવના ખૂબ થવા લાગી. નમુચિને આ રુચ્યું નહિ. ધરતી જ્યારે લીલીછમ થાય છે, ત્યારે જવાસો સૂકાવા લાગે છે, એ તો તમે જાણો છો ને?

નમુચિને અગાઉ એક વાર આ આચાર્ય સાથે ધર્મ સંબંધી વાદવિવાદ થયેલો. અને તેમાં તે હારી ગયેલો. રાત્રે તે આ આચાર્યનો વધ કરવા માટે ગયેલો, ત્યારે તેનો હાથ થંભી ગયેલો અને મનની મેલી મુરાદ પાર પડેલી નહિ. આ વખતથી તેનાં મનમાં વેર બંધાયું હતું, પછી રાજ્યખટપટને લીધે તેને ઉજ્જયિની છોડવું પડયું અને હસ્તિનાપુરમાં આશ્રય મળેલો. અહીં તેણે સિંહબળ નામના એક મદોન્મત્ત રાજાને વશ કરેલો, તેથી મહાપદ્મકુમાર ખૂબ ખુશ થયેલા અને વચન માગવા કહેલું. તે વચન તેણે માગી ન લેતાં અનામત રાખેલું. હવે પ્રસંગ આવેલો જાણી તેણે મહાપદ્મ રાજાને એ વચનની યાદ આપી, એટલે વચનપાલક રાજાએ તે વચન ખુશીથી માગી લેવા જણાવ્યું. ત્યારે નમુચિએ કહ્યું કે 'મારે એક યજ્ઞ કરવો છે. તે યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી તમારું રાજ્ય મને

સોંપો.' મહાપદ્મ રાજાએ તે પ્રમાણે નમુચિને રાજ્ય સોંપ્યું અને પોતે અંતઃપુરનો આશ્રય લીધો.

નમુચિએ હિંસક યજ્ઞ શરુ કર્યો. આ વખતે રાજ્યના મંત્રીઓ, શેઠ-શાહુકારો તથા જુદા જુદા ધર્મના આચાર્યો તેનો અભિષેકવિધિ કરવા આવ્યા, પણ નગરમાં ચાતુર્માસ રહેલા સુવ્રતાચાર્ય આવ્યા નહિ. આથી નમુચિએ તેમની આગળ જઈને કૃત્રિમ ક્રોધ કરતાં જણાવ્યું કે 'જે રાજા હોય તેનો સર્વ ધર્મના સાધુઓ આશ્રય કરે છે. વળી સર્વ તપોવનો રાજાઓ વડે જ રક્ષાય છે, તેથી તપસ્વીઓ પોતાનાં તપનો છઠ્ઠો ભાગ રાજાને આપે છે. પણ તમે અધમ પાખંડીઓ મારી નિંદા કરો છો, અભિમાનથી અક્કડ થયેલા છો તથા લોકવિરુદ્ધ અને રાજ્યવિરુદ્ધ વર્તનાર છો, તેથી તમને જણાવું છું કે તમારે મારું રાજ્ય છોડીને તાબડતોબ ચાલ્યા જવું, નહિ તો મારે નિરુપાયે તમારો વધ કરવો પડશે.'

સુવ્રતાચાર્ય ક્ષમાશ્રમણ હતા. એટલે તેમણે નમુચિને ઉત્તરમાં એટલું જ કહ્યું કે 'તમને અભિષેક કરે ત્યારે આવવાનો અમારો આચાર નથી, તેથી અમે આવ્યા નથી. બાકી અમે કોઈની નિંદા કરતા નથી કે રાજ્યવિરુદ્ધ વર્તતા નથી.'

નમુચિએ કહ્યું: 'આચાર્ય! મેં તમારો જવાબ સાંભળી લીધો છે. હવે વધારે કંઈ પણ બોલવાની જરૂર નથી. લો તમે અહીં સાત દિવસથી વધારે રહેશો તો રાજાજ્ઞાના ભંગ

બદલ તમને ઉચિત શિક્ષા કરવામાં આવશે.' આટલું કહી તે પોતાને સ્થાને ચાલ્યો ગયો.

સુવ્રતાચાર્યે પોતાની સાથેના મુનિમંડળને પૂછયું કે 'આ સંયોગમાં આપણે શું કરવું?' ત્યારે એક મુનિએ કહ્યું કે 'શ્રી વિષ્ણુકુમાર મુનિએ છ હજાર વર્ષ સુધી આકરું તપ કરેલું છે અને તેના યોગે તેમનામાં અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થયેલી છે. હાલ તેઓ મંદરાચલ પર્વત પર છે. જો તેઓ અહીં આવે તો શાંતિ થાય, કારણ કે તેઓ મહારાજા પદ્મના મોટા ભાઇ છે, એટલે નમુચિ તેમનાં વચનનું ઉલ્લંઘન કરી શકશે નહિ માટે જે સાધુ વિદ્યાલબ્ધિવાળા હોય તે તેમને તેડવાને જાય. શ્રી સંઘનાં કામમાં લબ્ધિનો ઉપયોગ કરવામાં દોષ નથી.'

આ સાંભળી બીજા મુનિએ કહ્યું કે 'હું આકાશમાર્ગે મંદરાચલ પર્વત પર જવાને શક્તિમાન છું, પણ આવવાને સમર્થ નથી, માટે આ સંબંધમાં મારું જે કર્તવ્ય હોય તે જણાવો.'

સુવ્રતાચાર્યે કહ્યું કે 'તમને વિષ્ણુકુમાર મુનિ પાછા લાવશે, માટે તેમને તેડવા જાઓ.'

ગુરુની આજ્ઞા થતાં જ એ મુનિ વિદ્યાનાં બળે મંદરાચલ પર્વત પર ગયા અને તેમણે વિષ્ણુકુમાર મુનિને વંદના કરી સર્વ હકીકત જણાવી, તેઓ કર્તવ્યનો પ્રસંગ ઉપસ્થિત

થયેલો જાણી થોડી જ ક્ષણોમાં પેલા મુનિ સાથે હસ્તિનાપુર આવ્યા અને પોતાના ગુરુ સુવ્રતાચાર્યને વંદના કરી સાધુઓના પરિવાર સાથે નમુચિ આગળ ગયા.

આખી રાજસભાએ શ્રી વિષ્ણુકુમાર મહામુનિને વંદના કરી, પણ નમુચિનું મસ્તક જરાયે નમ્યું નહિ. સાગરસમ વિશાળ હૃદયવાળા એ મહામુનિએ તેના તરફ લક્ષ ન આપતા શાંત ગંભીર અવાજે કહ્યું કે 'હે બુદ્ધિમાન્ રાજા! આવડાં મોટાં નગરોમાં અમારા જેવા થોડા ભિક્ષુકો ભિક્ષુકવૃત્તિથી રહે, તેમાં તમને શી હાનિ છે? વળી વર્ષાઋતુનો સમય ચાલી રહ્યો છે, તેમાં મુનિઓને વિહાર કરવો કલ્પતો નથી, માટે બધા મુનિઓ આ નગરમાં ભલે રહે.'

પરંતુ સત્તાનો નશો એક બૂરી ચીજ છે. તેનાથી મનુષ્ય ભાન ભૂલે છે અને ન કરવાનું કરી બેસે છે. ઉત્તરમાં નમુચિએ કહ્યું કે 'મેં આચાર્યને એક વાર જણાવી દીધું છે કે તમારે અહીંથી સાત દિવસની અંદર ચાલ્યા જવું, અન્યથા તેનું પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવું, એ મારાં વચનમાં હું કંઇ ફેરફાર કરવા માગતો નથી.'

મહામુનિ વિષ્ણુકુમાર અનેક પ્રકારની લબ્ધિઓથી યુક્ત હતા, પણ પોતાના શ્રમણધર્મને યોગ્ય શાંતિ ધારણ કરી કહેવા લાગ્યા કે 'હે રાજન્! જો તમને અમારો નગરનિવાસ કોઈ પણ કારણે ન રુચતો હોય તો આ મુનિઓ નગર બહાર ઉદ્યાનમાં જઇને રહે.'

એ સાંભળી નમુચિએ કહ્યું કે 'હું તમારી ગંધ પણ

સહન કરવાને તૈયાર નથી. જો તમને જીવવું વ્હાલું હોય તો જેમ બને તેમ વહેલા અહીંથી ચાલ્યા જાઓ, નહિ તો તમને મારી નાખીશ.'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું: 'હે રાજન્! આમ ઉતાવળા શા માટે થાઓ છો? તમે રાજ્યસૂત્ર હાથમાં લીધું છે, એટલે ન્યાયનીતિનું પાલન કરવા બંધાયેલા છો. કોઈ પણ નિરપરાધીને દંડ દેવો એ એક ન્યાયી રાજવીને શોભતું નથી. વળી સાધુપુરુષો સાથે તોછડાઈથી વર્તવું એ પણ રાજ્યની સ્વીકૃત નીતિથી તદ્દન વિરુદ્ધ છે.!

પણ નમુચિને સત્તાનો મદ પૂરેપૂરો ચડી ગયો હતો, એટલે તેણે આ મહામુનિનાં સત્ય અને હિતકારી વચનોને લક્ષમાં લીધા નહિ. તેણે પોતાની એ જ ઉદ્દંડતાથી કહ્યું: 'આ સિવાય તમારે બીજું કંઇ કહેવાનું છે?'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું કે રાજન્! સાધુ-મહાત્માઓને આમ વિના વાંકે કાઢી મૂકવા, એ કોઈ પણ રીતે ઉચિત નથી. માટે તેમને રહેવાનું કોઈ પણ સ્થાન આપવું જોઇએ, એટલે તેમને ત્રણ ડગલાં જેટલું સ્થાન રહેવાને માટે આપો, એટલું જ મારે કહેવાનું છે.'

નમુચિએ કહ્યું કે 'વારુ, હું તમને ત્રણ ડગલાં જમીન રહેવા માટે આપું છું, તેમાં તમારે રહેવું. પરંતુ જો કોઇ પણ સાધુ તેની બહાર રહેતો માલુમ પડશે તો તત્કાલ તેનો શિરચ્છેદ કરવામાં આવશે.'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું: 'તથાસ્તુ.' (તેમજ હો) પછી

તેમણે વૈક્રિય લબ્ધિના યોગે પોતાનું શરીર વધારવા માંડયું અને જોતજોતામાં તેને એક લાખ યોજન પ્રમાણવાળા મેરુ-પર્વત જેવડું બનાવી દીધું અને પોતાનો એક પગ લવણ-સમુદ્રના પૂર્વ કિનારે અને બીજો પગ પશ્ચિમ કિનારે મૂકીને ઊભા રહ્યા. તાત્પર્ય કે હવે તેમને ત્રીજું પગલું ભરવાની જરૂર રહી ન હતી.

આ ભયંકર બનાવે પૃથ્વીમાં હાહાકાર મચાવી દીધો. એ જોઈને ઇન્દ્રે દેવાંગનાઓને આજ્ઞા કરી કે 'મહામુનિ વિષ્ણુકુમાર કોપ પામ્યા છે, માટે તમે સર્વજ્ઞનાં કહેલાં શાસ્ત્રોનો ભાવ ગાયનમાં ઉતારી તે ગાયન તેમની આગળ ગાઓ, એટલે તેમનો કોપ શાંત થાય. અન્યથા આ અખિલ વિશ્વ ઘડીકમાં જ અભૂતપૂર્વ આફતમાં સપડાઇ જશે. આથી દેવાંગનાઓ એ પ્રકારનાં ગાયન ગાવા લાગી.

આ બાજુ નમુચિ તેના સિંહાસન પરથી પટકાઈ પડયો હતો અને તેનાં મુખમાંથી લોહી નીકળી રહ્યું હતું. બીજી બાજુ મહારાજા પદ્મ-મહામુનિ વિષ્ણુકુમારને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી રહ્યા હતા કે 'હે મહર્ષિ! હે કરુણાસાગર! આપનો કોપ શાંત કરો. આ નરાધમ નમુચિ સાધુ મહાત્માઓને સતાવી રહ્યો છે, તેની મને હજી સુધી ખબર પડી નહિ, તેમજ કોઈએ મને કહ્યું પણ નહિ પરંતુ નમુચિ મારો સેવક હોવાથી એ અપરાધ મારો છે, માટે મને ક્ષમા આપો.'

દેવો અને દાનવોના રાજા પણ આવી જ સ્તુતિ કરી રહ્યા હતા અને સકળ સંઘ પણ તેમને શાંત થવા વિનવી

રહ્યો હતો, તેથી મહામુનિ વિષ્ણુકુમારે વિચાર કર્યો 'કે શ્રી સંઘ મને માન્ય છે અને મારો ભાઈ તથા દેવ-દાનવ સર્વે અનુકંપા કરવા યોગ્ય છે.' એટલે તેમણે આ રૂપ સંહરી લીધું અને પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયા. પછી સંઘના આગ્રહથી તેમણે નમુચિને છોડી દીધો; એટલે રાજાએ તેને જાકારો દઇ નગરની બહાર કાઢી મૂકયો અને રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી.

આ ત્રણ પગલાંના બનાવથી મહામુનિ વિષ્ણુકુમાર ત્રિવિક્રમની ખ્યાતિ પામ્યા અને ફરી આલોયણા-તપશ્ચર્યા વડે શુદ્ધ થઇને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

આ પરથી આત્માની શક્તિ કેટલી છે ? તેનો તમને પૂરેપૂરો ખ્યાલ આવી શકશે. તમે અક્ષય-અનંત શક્તિના ભંડાર છો, એ કદી ન ભૂલતા.

જો યોગ્ય રીતે પુરુષાર્થ કરશો તો એ શક્તિનો પૂર્ણ વિકાસ કરી શકશો અને તમારૂં સ્થાન અનંત શક્તિમાનની હરોલમાં જરૂર જમાવી શકશો

વિશેષ અવસરે કહેવાશે.





વ્યાખ્યાન પંદરમું.

આત્મસુખ.

(૧)

મહાનુભાવો !

આપણે પંચપરમેષ્ઠીને પ્રણામ કર્યા, ૐકાર તથા ગુરુદેવને વંદના કરી શ્રુતસાગરને નમસ્કાર કરી લઈએ, કારણ કે તેની પ્રચંડ પવિત્ર લહરિઓ આપણાં ચિત્તને પાવન કરે છે અને આપણાં જીવનને ધર્માભિમુખ બનાવે છે. શ્રુતસાગરમાં પણ આપણે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રને વિશિષ્ટભાવે નમસ્કાર કરીએ, કારણ કે તેનાં છત્રીશમા અધ્યયને આપણને અલ્પસંસારી આત્માનો સુંદર પરિચય આપ્યો છે અને આત્મતત્ત્વની ઊંડી વિચારણા કરવાની એક અણમોલ તક પૂરી પાડી છે.

આજે અહીં આત્મસુખ સંબંધી કેટલીક વિચારણા કરવી છે. આ વિચારણા ઘણી મહત્ત્વની છે, તમારાં જીવનને સીધી સ્પર્શ કરનારી છે, માટે તેના પર બરાબર ધ્યાન આપજો, તેની હકીકત પર પૂરો વિચાર કરજો. 'તુમ કહતે હો, હમ સુનતે હૈ' એ રીતિથી કામ નહિ ચાલે, કારણ કે—

નિષ્ફળ શ્રોતા મૂઢ યદિ, વક્તાવચનવિલાસ;
હાવભાવ જ્યૂં સ્ત્રી તણા, પતિ અંધાની પાસ.

વક્તાનો વચનવિલાસ ગમે તેવો સુંદર હોય, પણ શ્રોતાઓ મૂઢ હોય, સારાસારનો વિચાર કરનારા ન હોય, સારું લાગે તે ગ્રહણ કરનારા ન હોય, તો એ વચનવિલાસ નિષ્ફળ જાય છે. એક સ્ત્રી ગમે તેવા હાવભાવ કરે પણ પતિ આંધળો હોય તો એ શા કામના?

દુન્યવી સુખ.

આટલા પ્રાસ્તાવિક સાથે આપણે મૂળ વિષયમાં પ્રવેશ કરીએ. અનાદિ કાલથી સંસારસાગરમાં પરિભ્રમણ કરી રહેલા આ આત્માએ સુખ મેળવવા માટે ઘણા ઘણા પ્રયત્નો–પ્રયાસો કર્યા, કોઈ વાતે મણા ન રાખી, છતાં તેને સુખ મળ્યું નહિ. હા, કયારેક દુન્યવી સુખ–ભૌતિક સુખ–પૌદ્ગલિક સુખ મળ્યું ખરૂં, પણ આત્માનાં સ્વભાવિક સાચાં સુખ આગળ તેની શી ગણના?

શાસ્ત્રકાર મહર્ષિઓ દુન્યવી સુખ અને આત્માનાં સુખની તુલના કરતાં જણાવે છે કે 'ચૌદ રાજલોકમાં રહેલા દરેક આત્માનું ભોગજન્ય–પૌદ્ગલિક સુખ એકઠું કરીને તેને એક બાજુ રાખો અને બીજી બાજુ આત્માનું સાચું સુખ મૂકો તો પેલું સુખ આત્મસુખના અનંતમા ભાગે પણ નહિ આવે.'

અહીં પ્રશ્ન થશે કે 'દુન્યવી સુખ આત્મસુખના અનંતમા ભાગે પણ કેમ ન આવે?' પરંતુ સોનાની સરખામણી તો

સોનાની સાથે જ થાય. એ પીત્તળની સાથે થઈ શકે નહિ. કોઈ પણ સોનાને આપણે સો ટચના સાચા સોના સાથે સરખાવીને કહી શકીએ કે તેમાં કેટલો ફેર છે, કેટલો તફાવત છે, પણ જે સોનું જ નથી, માત્ર પીત્તળ છે, તેને સરખાવીને શું કહીએ? સો (૧૦૦)ની સંખ્યાને કોઇ પણ સંખ્યાથી ભાગો તો ભાગમાં કંઈક પણ આવે, પરંતુ શૂન્યથી ભાગવા બેસો તો શું આવે?

દુનિયાદારીનું સુખ ભ્રમપૂર્ણ, કાલ્પનિક અને તુચ્છ છે, છતાં તમે માની બેઠા છો કે એ સાચું સુખ છે. આવું ભ્રમપૂર્ણ-કાલ્પનિક-તુચ્છ સુખ આત્માનાં અનિર્વચનીય અપાર સુખના-અનંતમા ભાગે પણ કયાંથી આવે?

કેટલાંક નાનાં બાળકો પોતાનો અંગૂઠો ચૂસતા હોય છે તેને છોડાવવાનો પ્રયત્ન કરો તો પણ ન છૂટે, કારણ કે તેમાંથી દૂધ આવે છે, એવો તેમનો ભ્રમ છે, પરંતુ ખરેખર તો તેમને પોતાની લાળ જ મળતી હોય છે.

કૂતરાં હાડકાં ચાટે છે, એ વખતે તેમને લોહીનો એક પ્રકારનો સ્વાદ આવે છે, પણ તેમને ખબર હોતી નથી કે જે હાડકાંને તેઓ ચાટી રહ્યા છે, તેનો કઠણ છેડો તાળવામાં વાગવાથી આ લોહી તેમનાં પોતાનાં મુખમાંથી જ નીકળતું હોય છે.

દુનિયાદારીનાં સુખો-દુન્યવી સુખો પણ આવાં ભ્રમપૂર્ણ છે. તેમાં વાસ્તવિક સુખ નથી, છતાં સુખ હોવાનો ભ્રમ થાય છે.

વસ્તુમાં સુખ આપવાની શક્તિ નથી.

ધન, વૈભવ, પત્નિ, પરિવાર, માનપાન અને અધિકારમાં મનુષ્યો સુખ માને છે, પણ એ કોઇ વસ્તુમાં સુખ આપવાની શક્તિ નથી. માત્ર મનુષ્યે તેમાં સુખની કલ્પના કરી છે, તેથી જ તે સુખ આપનાર ભાસે છે. થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

એક માણસ તદ્દન નિર્ધન હતો. તેની પાસે કૂટી બદામ પણ ન હતી. એ હાલતમાં તેને એકાએક પૈસા મળવા માંડ્યા અને આંકડો પાંચ લાખ ઉપર પહોંચી ગયો. આથી તે અત્યંત ખુશ થયો. તે રોજ પાંચ લાખ રૂપિયા ગણે છે અને આનંદ પામે છે.

હવે પાંચ લાખના વધતા વધતા દશ લાખ થયા. તે વખતે એના આનંદમાં શી મણા હોય ? પણ થોડા વખત બાદ વળતાં પાણી થયાં અને રૂપિયા ઘટવા માંડ્યા. એ ઘટતાં ઘટતાં પાંચ લાખ સુધી આવી પહોંચ્યા ત્યારે એ માણસ ઘણો ખેદ કરવા લાગ્યો અને તદ્દન અસ્વસ્થ બની ગયો, પ્રથમ આટલા રૂપિયાથી આનંદ થયો અને હવે તેને ખેદ થાય છે, તો ફેર કયાં પડ્યો ?

પહેલાં તેને એમ થતું કે મારી મૂડી વધી રહી છે, એ કારણે તેને આનંદ થતો અને હવે તેને એમ લાગે છે કે મારી મૂડી ઘટી રહી છે, એટલે તેને ખેદ થાય છે. એટલે જે ફેર પડયો તે કલ્પનામાં પડયો છે. પહેલાં પાંચ લાખથી જે સુખ જણાયું તે એની કલ્પનામાં હતું અને હાલ પાંચ લાખથી જે

ખેદ જણાયો તે પણ એની કલ્પનામાં જ હતો. જો પાંચ લાખમાં સુખ હોય તો અત્યારે પણ પાંચ લાખ તો હાજર જ છે.

નવાં લગ્ન થાય ત્યારે મનુષ્યો ખુશાલી મનાવે છે અને વરવધૂના આનંદની સીમા હોતી નથી. પતિ પત્નીને સુખનું કારણ માને છે, પણ થોડા દિવસ બાદ નજીવા કારણસર ઝઘડા થાય છે, અબોલાં લેવાય છે, અને એક બીજાનું મોઢું જોવું પણ ગમતું નથી. જો પતિ કે પત્ની એ જ સુખનું કારણ હોય તો બંને વિદ્યમાન છે. છતાં આ હાલત શા માટે? ભર્તૃહરિને પ્રથમ પીંગળા માટે કેટલો પ્રેમ હતો? પણ એ જ પીંગળા અશ્વપાલક સાથે પ્રેમમાં પડી અને ભર્તૃહરિનું દિલ તૂટીને ટૂકડા થઈ ગયુ. તેણે સંસારને સારરહિત સમજીને તેનો ત્યાગ કર્યો. એક સ્ત્રીની સાથે પ્રેમમાં બંધાયેલો માણસ તેને જોઇને જીવનની સફળતા માને છે, તેના સંયોગમાં સુખ માને છે, પરંતુ જ્યારે તે જ માણસનો પ્રેમ બદલાય છે, અને નવી સ્ત્રી સાથે પ્રેમ બંધાય છે, ત્યારે પહેલી ગમતી પણ નથી. પહેલીને જોઇને કંટાળો ચડે છે. સ્ત્રી તે જ છે પણ દિલ ફરી ગયું, હવે પ્રાણપ્યારી બીજી બની. આમાં શું ફર્યું, તેની કલ્પના કરો.

પુત્રનો જન્મ થાય ત્યારે તે અતિ આનંદ પામનારો થઈ પડે છે. એ જ પુત્ર મોટો થાય, વિનય ન સાચવે, સામું બોલે અને પોતાના ઉદ્ધત સ્વચ્છંદી વર્તનથી કુળની આબરૂને કલંક લગાડે, ત્યારે પિતાને કેટલો ખેદ થાય છે?

પુત્ર સારો હોય, તેના પર ઘણો રાગ હોય, તેના વિના

ગમતું ન હોય, તેને જોઇને આનંદ થાય છે જ્યારે કોઈ પણ કારણે બીજું લગ્ન થાય અને ત્યાર પછી નવી સ્ત્રીને પુત્ર થાય ત્યારે રાગ નવા પુત્ર ઉપર વધી જાય છે અને જૂનીનો પુત્ર અળખામણો થઈ પડે છે, તે જોયો ગમતો નથી, તેને જોવાથી દુઃખ થાય છે. પુત્ર એ જ છે, તો તેમાં શું ફર્યું ?

એટલે ધન, સંપત્તિ, પત્ની, પુત્ર વગેરેમાં સુખ આપવાની શક્તિ નથી, પણ તેની કલ્પનાથી મનુષ્યો સુખ માને છે. તેથી જ જ્ઞાનીઓએ આ સુખને કાલ્પનિક કહ્યું છે.

દુન્યવી સુખો ક્ષણિક અને તુચ્છ છે.

દુન્યવી સુખો ચિરસ્થાયી આનંદ આપી શકતા નથી, તે માત્ર ક્ષણિક આનંદ આપી શકે છે. તમને લાખ રૂપિયા મળે ત્યારે જેટલો આનંદ થાય, તેટલો આનંદ એક કલાક પછી થાય ખરો ? અને એક દિવસ બાદ, અઠવાડિયા બાદ, મહિના બાદ, વર્ષ બાદ કેટલો થાય ? કંઈ જ નહિ. એ એનો જવાબ છે અને તેથી જ આવા આનંદને, આવાં સુખોને ક્ષણિક કે ક્ષણભંગુર કહેવામાં આવે છે. જે વસ્તુ ક્ષણભંગુર હોય તે તુચ્છ લેખાય, એટલે આ સુખોને તુચ્છ કહીએ તો કંઈ અનુચિત નથી.

દુન્યવી સુખો રાગદ્વેષની પેદાશ છે.

દુન્યવી સુખો કે જેની પાછળ તમે ભૂલા ભમો છો અને જેને માટે રાત-દિવસ મહેનત કરો છો, તે રાગદ્વેષની પેદાશ છે. જે વસ્તુ પ્રત્યે તમને રાગ હોય તેનો સંયોગ થાય તો તેમાં તમે સુખ માનો છો અને તેનો વિયોગ

થાય તો તેમાં દુઃખ માનો છો. તે જ રીતે જે વસ્તુ પ્રત્યે તમને દ્વેષ-ઘૃણા-નફરત હોય તેનો વિયોગ થાય તો સુખ માનો છો અને સંયોગ થાય તો દુઃખ માનો છો, પરંતુ આ સંયોગ પર તમારો કોઇ કાબૂ નથી. તમે આવતી કાલે લાખ રૂપિયા મળવાની ધારણા રાખી હોય ત્યાં ખોટ જાય છે, અને મનગમતી સુંદર કન્યા પરણવાને જાન જોડી હોય, ત્યાં તેના અકાળ મૃત્યુ થવાના સમાચાર આવે છે. તે જ રીતે તમે રોગથી ડરો છો, દૂર ભાગો છો, તેનો ભેટો થાય એ હરગીઝ ઇચ્છતા નથી, છતાં તે ઝડપથી આવી પહોંચે છે અને તમને આલિંગન આપે છે. શત્રુની ચડાઇ, આસ્માની આફતો વગેરેને સત્કારવા કોણ તૈયાર હોય છે ? છતાં તેમનું આગમન થાય છે અને તમારી સુખવિષયક સર્વ કલ્પનાઓને તે ધૂળમાં રગદોળી નાખે છે.

એટલું યાદ રાખો કે રાગદ્વેષની જેટલી તીવ્રતા, તેટલું દુઃખ વધારે. યુગલીઆઓમાં રાગદ્વેષની તીવ્રતા હોતી નથી, તેથી તેઓ દેવનાં જેવું સુખ ભોગવે છે અને દુઃખનો અનુભવ તો નહિ જેવો જ કરે છે.

તમે રાગદ્વેષ ઘટાડો અને કષાયોને મંદ કરો તો સુખનો અનુભવ જરૂર કરી શકો. શાસ્ત્રકારોએ 'કષાયમુક્તિઃ કિલ-મુક્તિરેવ' એ શબ્દો કહ્યા છે; તેનો અર્થ એ છે કે કષાયો છોડનારને મુક્તાત્મા જેટલું સુખ મળે. 'વીતરાગી સદા સુખી' આ આર્ષવચનનું રહસ્ય પણ આ જ છે.

રાગદ્વેષનો તમને અનાદિ કાલથી સંસર્ગ થયેલો છે, એટલે તે તમારા સ્વભાવરૂપ બની ગયેલ છે, પણ તમે થોડીવાર એ

બંનેનો ત્યાગ કરો અને વીતરાગતાનો અનુભવ કરો, તો તમને તમારાં ઉપર્યુક્ત વચનોની સાર્થકતા સમજાશે.

તમે વેપારી છો, શાણા છો, કુનેહબાજ છો અને કોઈ-પણ જાતનો વેપાર કરતાં પહેલાં પાકી ગણતરી કરો છો કે આમાં લાભ થશે કે નહિ ? થશે તો કેટલો થશે ? વગેરે. આમ છતાં તમે અસલી સુખને બદલે પૌદ્ગલિક સુખ મેળ-વવામાં જબ્બર થાપ ખાધી છે. એક લાખ રૂપિયાનો હીરો શેર ગોળ માટે વેચી માર્યો છે, એમ કહીએ તો પણ ખોટું નથી. અને પાછા મલકાઓ છો કે અમે કેવા શાણા ! કેવા કુનેહબાજ !'

જ્યાં સુધી તમે કાલ્પનિક-ક્ષણભંગુર-તુચ્છ-પૌદ્ગલિક સુખોને છોડો નહિ, ત્યાં સુધી તમને સાચાં આત્મસુખનો આસ્વાદ આવવાનો નહિ. ભમરા અને ગીંગોડાનું દૃષ્ટાંત સાંભળો એટલે તમને અમારાં કથનની ખાતરી થશે.

ભમરા અને ગીંગોડાનું દૃષ્ટાંત.

જંગલમાં એક સરોવર હતું. તેના કિનારે એક ભમરો રહેતો હતો. તેનાથી થોડે દૂર એક ગીંગોડો રહેતો હતો, તે બંનેને દોસ્તી થઈ. ભમરો રોજ ગીંગોડાને ત્યાં જાય, પણ તેનાથી વિષ્ટાની દુર્ગંધ સહન થાય નહિ. છતાં દોસ્તીની ખાતર જા-આવ કરે. એક વખત ભમરાએ ગીંગોડાને કહ્યું, કે 'હું તારે ત્યાં રોજ આવું છું, પણ મારાથી વિષ્ટાની વાસ સહન થઈ શકતી નથી. તું મારે ત્યાં આવ તો બતાવું કે કેવાં સુંદર સ્થાનમાં રહું છું.

ગીંગોડાએ કહ્યું: 'તારૂં સ્થાન આથી કેવું'ક સારૂં હશે? એ તો સહુ પોતાની વસ્તુને જ સારી માને.'

ભમરાએ કહ્યું: 'દોસ્ત! એવું નથી તું એક વાર મારે ત્યાં આવીને થોડી વાર બેસ, એટલે તને મારા કહેવાની ખાતરી થશે.'

આ રીતે ભમરાનો ખૂબ આગ્રહ થવાથી ગીંગોડો તેને ત્યાં જવા તૈયાર થયો. પણ તેને વિષ્ટા વિના ઘડી પણ ચાલે નહિ, એટલે જતી વખતે વિષ્ટાની એક ગોળી પોતાનાં મોઢાં નીચે મૂકી દીધી. જેને જે વસ્તુ પ્રિય હોય તેને તે વિના ચાલતું નથી. તેથી જ કવિએ કહ્યું છે કે—

જેનું મન જેથી મળ્યું, તેને તેજ સુહાય;
દ્રાક્ષ તણો તજી માંડવો, કાગ લીંબોળી ખાય.

અથવા—

જેને ભાવે તે ભલું, નહિ સદ્‌ગુણવિચાર;
તજી ગજમુક્તા[1] ભીલડી, પહેરે ગુંજાહાર.[2]

ગીંગોડો ભમરાને ત્યાં પહોંચ્યો. ભમરાએ તેનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું અને તેને એક કમળ પર બેસાડ્યો. પછી થોડી વારે ગીંગોડાને પૂછવા લાગ્યો કે 'કેમ? અહીં કેવું લાગે છે?' પણ ગીંગોડાની સ્થિતિ તો વિચિત્ર થઇ પડી હતી. કમળની સુગંધને કારણે તેને વિષ્ટાની દુર્ગંધ બરાબર આવતી ન હતી અને વિષ્ટાની દુર્ગંધનાં કારણે કમળની સુવાસ માણી

---

૧ હાથીનાં મસ્તકમાંથી નીકળેલાં મોતી. ૨ ચણોઠીનો હાર.

શકાતી ન હતી. એટલે તેને તો એમ જ લાગતું હતું કે અહીં કયાંથી આવી ચડયો? આ કરતાં તો મારું સ્થાન હજાર દરજ્જે સારું હતું.' એટલે તેણે કહ્યું: 'દોસ્ત! હવે હું રજા લઈશ.'

ભમરાને સમજ પડી નહિ કે આ ગીંગોડો આ રીતે આ સ્થાન આટલું જલ્દી શા માટે છોડી જાય છે? તે વિચારમાં પડ્યો. એવામાં તેની નજર ગીંગોડાનાં મોઢાં નીચે રહેલી વિષ્ટાની ગોળી ઉપર પડી. એટલે કારણ તેના સમજવામાં આવી ગયું. તેણે કહ્યું: 'તું થોડીવાર થોભી જા. આટલી ઉતાવળ શા માટે કરે છે?' પછી તેનાં મોઢાં નીચેની વિષ્ટાની ગોળી કાઢી નખાવી, તેને સરોવરનાં નિર્મળ જળથી સારી રીતે સ્નાન કરાવ્યું અને પછી એક મોટાં કમળ પર બેસાડયો.

હવે ગીંગોડાને કમળની સુગંધ આવવા માંડી અને તેથી તે સ્વર્ગમાં બિરાજતો હોય એવું ભાન થવા માંડયું. તે એમાં લટ્ટુ બની ગયો. થોડીવાર પછી ભમરાએ પૂછયું કે 'કેમ દોસ્ત? હવે ઘરે પાછા જવું છે ખરૂં?' ગીંગોડાએ કહ્યું કે 'એવો મૂર્ખ કોણ હોય કે જે આ સ્વર્ગ છોડીને નરકમાં જાય?'

સગાસંબંધી, સાધનસંપત્તિ, અધિકાર-કીર્તિ વગેરે પરનો મોહ વિષ્ટાની ગોળી જેવો છે. તે તમને આત્મસુખ રૂપી કમળની સુગંધ લેવા દેતો નથી. જ્યારે તમે એ ગોળીને દૂર કરશો, ત્યારે જ તમને આત્મસુખરૂપી કમળની સુગંધ બરાબર આવશે અને તેમાં તમે લીન થઈ જશો.

એક પુદ્ગલનો બીજા પુદ્ગલ સાથે સંયોગ થાય કે તેનાથી

વિયોગ થાય, તેમાં આપણે શું ? આવો વિચાર તમારા મનમાં આવે અને તે દૃઢ થાય, તો પછી નકલી સુખ તરફનું તમારૂં વલણ ઝપાટાબંધ ઘટી જશે અને સાચાં સુખ તરફનું વલણ ઝડપી બનશે.

નકલી સુખનાં ધ્યાનમાં ને ધ્યાનમાં આપણને સાચાં સુખ સામે જોવાની-મીટ માંડવાની ફુરસદ મળતી નથી ? પરંતુ આ નકલી સુખોનું પરિણામ દુઃખ છે. 'પુત્રનાં લક્ષણ પારણા-માંથી' એ કહેવત તમે ઘણી વખત બોલો છો. અંગ્રેજીમાં પણ એક કહેવત છે કે 'આવતા બનાવો તેની છાયા પ્રથમ પાડે છે.' આ કહેવતનો અર્થ-ભાવ તમારે અહીં વિચારવાનો છે. જો દુન્યવી-નકલી સુખ વર્તમાનકાળમાં જ દુઃખો આપતું હોય તો ભવિષ્યમાં તે શું શું ન કરે?

માણસ સ્વાદથી ઉત્પન્ન થતાં સુખને કારણે પેટ ઠાંસીને ભોજન કરે છે. પછી અજીર્ણ થતાં કેટલાક દિવસ સુધી ખાવાનું છોડી દેવું પડે છે, તેમજ ચૂંક, વાઢ વગેરેનાં દર્દથી પીડાવું પડે છે. એ દર્દ મટાડવા દોડાદોડી કરવી પડે છે, વૈદ્ય-હકીમ-ડૉક્ટરનો આશ્રય લેવો પડે છે, ઠપકો સહન કરવો પડે છે અને ખર્ચ પણ થાય છે. તે જ રીતે વસ્ત્રાભૂષ-ણનું સુખ માણવા જતાં ગુંડાઓનો શિકાર બનવું પડે છે; ચપ્પુ, છરી કે તરવારના ઘા ખાવા પડે છે અને વખતે પ્રાણનું બલિદાન આપવું પડે છે. સત્તાનું સુખ ભોગવવા જતાં પણ આવા જ કડવા અનુભવો થાય છે. કયારે દુશ્મન હુમલો કરશે ? એની ચિંતા સતત રહ્યા કરે છે અને ઉપા-ધિઓ એક પછી એક આવ્યે જ જાય છે. આવાઓને સ્વા

મણ રૂની રેશમી તળાઈ આનંદ આપી શકતી નથી. ઘણી વખત તો તે ભડભડ બળતી અગ્નિચિતા સમાન થઈ પડે છે.

શાસ્ત્રકારો કહે છે કે 'આ દુન્યવી સુખ, આ વિષય-ભોગનું સુખ મધુલિપ્ત અસિધારા જેવું છે.' એટલે એક તલવારની ધાર પર મધ ચોપડયું હોય અને તેને ચાટવા જતાં જેવું પરિણામ આવે તેવું પરિણામ લાવનારૂં છે. મધ ચાટતી વખતે તો જીભને સ્વાદ આવે છે, પણ બીજી જ ક્ષણે જીભ તલવારની તીક્ષ્ણ ધાર વડે કપાઈ જાય છે અને ત્યારે દુઃખ-પીડાનો પાર રહેતો નથી.

માણસો અનુકૂળ વિષયને ચાહે છે અને પ્રતિકૂળ વિષયને તિરસ્કારે છે. તેમાંથી આ બરાબી ઉત્પન્ન થાય છે. તીખું ખાનારને મોળું મળે અને મોળું ખાનારને તીખું મળે અથવા ઠંડું ચાહનારને ગરમ મળે અને ગરમ ચાહનારને ઠંડું મળે તો દુઃખ થાય છે, પણ જેને તીખું કે મોળું, ઠંડું કે ગરમ સમાન છે, કોઈ પર આસક્તિ નથી, તેને કંઇ પણ દુઃખ થતું નથી.

માણસો પોતે માનેલી અનુકૂળતા પ્રાપ્ત કરવી તથા પ્રતિકૂળતા દૂર કરવા ખાતર અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે અને તેમાં પ્રાણાતિપાતથી માંડીને મિથ્યાત્વશલ્ય સુધીના અઢારે પાપસ્થાનકોનું સેવન કરે છે. શું આ સ્થિતિ શોચનીય નથી ?

અનુભવીઓએ ફરી ફરીને કહ્યું છે કે 'જેટલા ભોગ તેટલા રોગ.' છતાંયે ભોગો પ્રત્યેની આસક્તિ ઓછી થતી

નથી. જો તમારે રોગ-વ્યાધિ-આતંકથી બચવું હોય અને દુઃખી ન થવું હોય તો ભોગની તૃષ્ણાને ભેટી નાખો, આપણે એમ માનીએ છીએ કે અમે ભોગો ભોગવ્યા, પણ ખરી રીતે તો આપણે ભોગો વડે ભોગવાઇએ છીએ. તેથી જ ભર્તૃહરિ જેવા એક વિરાગી મહાત્માને કહેવું પડયું કે 'भोगा न भुक्ता वयमेव भुक्ताः ।'

દુન્યવી સુખનો લોભી જીવડો એવાં ચીકણાં કર્મ બાંધે છે કે તેનાં ફળ ભોગવવા માટે તેને નરકનિગોદમાં ઉત્પન્ન થવું પડે છે, તિર્યંચ યોનિમાં ભમવું પડે છે અને મનુષ્યાદિ યોનિમાં પણ અનેક પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે. આ રીતે દુન્યવી સુખો માણવા જતાં 'લેને ગઈ પૂત ઔર ખો આઇ ખસમ' જેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે અને વિટંબનાનો પાર રહેતો નથી.

જેને આંગણે સુખી સંસાર કહીએ છીએ, તેની ભીતરમાં પણ દુઃખ-મુંઝવણ-મુશ્કેલીની કેવી આગ ભભકતી હોય છે, તેનો ખ્યાલ તમને શેઠ-શેઠાણીની વાત પરથી આવી શકશે.

શેઠ–શેઠાણીની વાત.

એક શેઠ બહોળો વેપાર ખેડતા અને તેમાં રચ્યાપચ્યા રહેતા, એટલે તેમને ઘડીનીય ફુરસદ મળતી નહિ. બીજી બાજુ શેઠાણીને માથે કામનો બાસ બોજો નહિ. ઘરનું પરચુરણ કામકાજ હોય તે નોકર કરે. આથી તેમને ખૂબ નવરાશ મળતી. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એ કહેવત તો તમે સાંભળી જ હશે. તેનો અર્થ એ છે કે માણસ જ્યારે તદ્દન

નવરો પડે છે ત્યારે તેનાં મનમાં અનેક પ્રકારનાં વિચારો આવે છે અને તે પ્રમાણે વર્તન કરતાં તે પોતાની જાતને તથા બીજાને બહુ મોટું નુકસાન પહોંચાડે છે.

ખૂબ નવરા પડતા શેઠાણી ભટકવા લાગ્યા. શેઠ આવે દશ દશ વાગે અને શેઠાણી આવે બાર વાગે. પરંતુ શેઠ સ્વભાવે નરમ અને શેઠાણી ખૂબ જોરાવર, એટલે કંઈ કહી શકે નહિ. વળી ઝઘડો કરતાં ઘરની એબ ખૂલવાનો તથા આબરૂના કાંકરા થવાનો ડર પણ ખરો. તે કોઈવાર આડી વાત કાઢીને શેઠાણીને સમજાવે, પણ બહાર બહુ રખડવાથી શેઠાણી એવી નફટ થઈ ગયેલ કે તેમને એ સમજાવટની કંઈ પણ અસર થાય નહિ. આખરે એક દિવસ હિંમત લાવી શેઠે બારણાંને સાંકળ ચડાવી દીધી અને પોતે અંદર સૂઈ રહ્યા.

પોતાનો રોજનો સમય થયો, એટલે શેઠાણી આવ્યાં, અને બારણાંને ધક્કો માર્યો, પણ બારણું ખુલ્યું નહિ. શેઠાણી વિચાર કરવા લાગ્યાં કે 'આજે આમ કેમ? મારા ધણીની તો આવી હિંમત ચાલે નહિ, પણ કોઈએ તેને ચડાવ્યો લાગે છે. પરંતુ ફિકર નહિ. હું પણ તેને બરાબર જોઈ લઈશ.' પછી તેણે બૂમ મારીને કહ્યું કે 'બારણાં ખોલો.' શેઠે જવાબ આપ્યો 'બારણાં નહિ ખૂલે. જો રખડવાનું બંધ કર અને કાગળ પર લખી આપ કે હવે પછી કદી પણ નહિ રખડું, તો જ બારણાં ખુલશે.'

શેઠાણીને રખડવાનો ચસકો લાગ્યો હતો, વળી તે માથાભારે હતાં, એટલે તે આ શરત શેનાં કબૂલ કરે? આ

બાજુ શેઠે પણ મનમાં ગાંઠ વાળી હતી, એટલે ઘણી રકઝક થવા છતાં તેમણે બારણાં ખોલ્યાં નહિ ત્યારે શેઠાણીએ કહ્યું કે 'બારણાં ખોલો નહિ તો હું કૂવે પડીશ. પરંતુ તમને લખી તો નહિ જ આપું.'

આમ કહી શેઠાણી નજીકમાં કૂવો હતો, તેના તરફ ચાલ્યા. શેઠે બારણાંની તિરાડમાંથી જોયું કે શેઠાણી ખરેખર કૂવા તરફ જઈ રહ્યાં છે અને વખતે આપઘાત કરી બેસશે, એટલે ઢીલા પડ્યા. આ બાજુ શેઠાણીએ એક મોટો પત્થર ઉંચકીને કૂવામાં નાખ્યો. એનો અવાજ કાને પડતાં જ શેઠ સમજ્યા કે 'નક્કી આણે કૂવામાં પડતું મૂકયું.' એટલે બારણાં ઉઘાડીને કૂવા ભણી દોડ્યા.

અહીં શેઠાણી કૂવામાં પત્થર નાખીને છૂપી રીતે ઘરની પાસે આવી ગયાં હતાં અને દીવાલની ઓથે લપાઇ ગયાં હતાં. તેમણે બારણાં ખુલેલાં જોઇને અંદર દાખલ થઇ બારણાં બંધ કરી દીધાં. તેનો અવાજ કાને પડતાં જ શેઠ ભોંઠા પડી ગયા અને દોડતા પાછા આવ્યા. તેમણે શેઠાણીને બારણાં ઉઘાડવા કહ્યું, પણ હવે શેઠાણીનો હાથ ઉપર હતો, તે એમ શેનાં માને? તેણે જવાબ આપ્યોઃ 'રાત આખી રખડો છો ને ઊજાગરા કરાવો છો તે શરમ નથી આવતી? હવે તો લખી જ આપો કે આ રીતે કોઈ દિવસ બહાર રખડીશ નહિ તો જ બારણાં ઉઘડશે.'

'ચોરી અને વળી શિરજોરી' તે આનું નામ. ગુનેગાર પોતે છે, વાંક પોતાનો છે, છતાં તે શેઠને દબડાવે છે અને

કાગળ લખી આપવાનું કહે છે. શેઠ ઘણી વિનંતિ કરે છે, પણ શેઠાણી માનતા નથી. આટલી મોડી રાતે કોઈ સાંભળી ન જાય તે માટે શેઠ ધીમે બોલે છે, તો શેઠાણીનો ઘાંટો દરેક વખતે મોટો થતો જાય છે, આ પરિસ્થિતિ જોઇને શેઠે કહ્યું: કે તેં કૂવામાં પડવાનો દેખાવ કરીને મને છેતર્યો પણ હું તો સાચેસાચ કૂવામાં પડું છું. આવું જીવન જીવવા કરતાં ન જીવવું શું ખોટું?' એમ કહી તેઓ કૂવા ભણી જવા લાગ્યા.

શેઠાણીનો વિચાર શેઠને નમાવવાનો હતો, પણ વિધવા થવાનો ન હતો, એટલે તેણે બારણાં બોલી નાખ્યાં અને દોડીને શેઠને કૂવા તરફ જતાં અટકાવ્યા. પછી હાથે-પગે લાગીને શેઠને ઘરમાં લાવ્યાં. પરંતુ સીંદરી બળે તો પણ પોતાનો વળ મૂકે નહિ, એ ન્યાયે તે શેઠને કહેવા લાગ્યાં કે 'તમને કાગળ લખી આપવામાં શું વાંધો છે? માત્ર એટલું જ લખી આપો કે હવેથી હું રખડવા જઇશ નહિ.'

શેઠ ખૂબ સરળ હતા, સ્વભાવે નમ્ર હતા એટલે જ શેઠાણીએ આ પ્રમાણે કહેવાની હિંમત કરી. પરંતુ શેઠને તો હવે આ કજિયો કોઇ પણ રીતે શાંત પાડવો હતો, એટલે તેમણે એ પ્રમાણે કાગળ લખીને શેઠાણી તરફ ફેંકયો. શેઠની આ ભલમનસાઈએ શેઠાણીના હૃદય પર ભારે અસર કરી અને તેણે તરત જ એ કાગળ ફાડી નાખી શેઠના પગ પકડી લીધા; પોતાની ભૂલની માફી માગી. પછી બંને જણાએ ગુરુ-મહારાજ આગળ જઇ સદાચારનું વ્રત લીધું. જો કે શેઠ તો સદાચારી જ હતા અને તેમને વ્રત લેવાની જરૂર ન હતી, પણ

પત્ની સદાચારમાં સ્થિર થાય તે માટે જ તેમણે તેની સાથે આ પ્રમાણે વ્રત લીધું હતું.

ત્યાર પછી શેઠાણી કોઇ વાર રખડવા ગયાં નહિ અને પતિની સારી રીતે સેવા કરવા લાગ્યાં, પણ કહેવાતાં સુખી સંસારનું ભીતરી દૃશ્ય કેવું છે, તે આપણે આ વાત પરથી જાણી શકીએ છીએ.

દુન્યવી સુખોની સહુથી મોટી ખરાબી.

દુન્યવી સુખોની સૌથી મોટી ખરાબી એ છે કે તેની લાલસામાં સપડાયેલા જીવને વારંવાર આર્તધ્યાન થયા કરે છે, અને તેમાંથી રૌદ્રધ્યાન પણ ઉત્પન્ન થાય છે. આ બંને ધ્યાનો અશુભ કર્મબંધના હેતુ હોવાથી દુર્ગતિને નિમંત્રણ આપનારાં છે. ભગવંત શ્રી હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રના નવમા પ્રકાશમાં ફરમાવે છે કે—

નાऽસદ્ધ્યાનાનિ સેવ્યાનિ, કૌતુકેનાऽપિ કિંત્વિહ ।
સ્વનાશાયૈવ જાયન્તે, સેવ્યમાનાનિ તાનિ યત્ ॥

'માટે ઇચ્છા વિના, કેવળ કૌતુક માટે પણ અસદ્ધ્યાનોનું આલંબન લેવું નહિ, કેમકે તે અસદ્ધ્યાનો સેવવાથી પોતાના જ વિનાશને માટે થાય છે.'

કેટલાક કહે છે કે 'સુખપ્રાપ્તિ ઇચ્છા–આકાંક્ષા રાખીએ તેમાં આર્તધ્યાન શું?' પરંતુ તેઓ જે સુખપ્રાપ્તિની ઇચ્છા રાખે છે, તેમાં પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેનો પ્રબળ રાગ કારણભૂત હોય છે, તેથી મનમાં તેનું સતત રટણ ચાલતું હોય છે. જો

તેમણે ઇચ્છેલા પદાર્થોની પ્રાપ્તિમાં કંઈ પણ અંતરાય કે વિઘ્ન આવવાની સંભાવના ઊભી થાય તો તેમની માનસિક હાલત અતિ કફોડી બની જાય છે. તેઓ પોતાને કમનસીબ, ભાગ્યહીન કે ભારેકર્મી માની ઘણું દુઃખ અનુભવે છે, એટલે પૌદ્ગલિક સુખોની ઇચ્છા એ આર્તધ્યાનની જનેતા છે, આર્તધ્યાનને પોષનારી એક મોટી નીક છે, આર્તધ્યાનને પુષ્ટ કરનારું એક પ્રબળ ઔષધ છે.

તમારી પાસે લાખો રૂપિયાની મૂડી હોય, રાજદરબાર વગેરેની જબ્બર લાગવગ હોય કે ગવર્નર જનરલનો હોદ્દો હોય, પણ તમારાં ચિત્તમાં કોઈ પ્રકારની શાંતિ ન હોય, તમારા દિલને કોઇ પ્રકારનો કરાર ન હોય તો એ ધન, લાગવગ કે સત્તાનું કોઇ મૂલ્ય ખરૂં ? અશાંતિ એ જ દુઃખ છે, અશાંતિ એ જ કષ્ટ છે અને અશાંતિ એ જ સર્વ સુખનો સંહાર કરનારી ડાકણ છે. સર્વ પૌદ્ગલિક સુખોનું પર્યવસાન અશાંતિમાં જ થાય છે, તેથી કંટક અને વિષની જેમ તે પરિહરવા યોગ્ય છે.

આત્માનાં સુખમાં કદી દુઃખ હોતું નથી, કારણ કે સુખ એ તેનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ પોતાને કદી દુઃખ ન આપે. સિંહને જોઇને આપણે ધ્રુજીએ છીએ, પરંતુ એ તો એના સ્વભાવમાં જ મસ્ત હોય છે.

સુખ એ આત્માનો સહજ સ્વભાવ છે.

સુખ એ આત્માનો સહજ ભાવ છે, સ્વભાવ છે, તેથી જ તેને સચ્ચિદાનંદ, સહજાનંદી, આનંદઘન વગેરે શબ્દોથી

સંબોધવામાં આવે છે. તમે આ શબ્દોના અર્થ પર કદી વિચાર કર્યો છે ખરો? જેમાં સત્, ચિત્, અને આનંદ એ ત્રણ વસ્તુ હોય તો તે સચ્ચિદાનંદ કહેવાય.

આત્મા સત્‌વાળો છે, એટલે તે સત્ય વસ્તુ છે, કોઈ કાલ્પનિક વસ્તુ નથી. આત્માનાં અસ્તિત્વ સંબંધમાં અમે જે પ્રમાણો આપી ગયા છીએ, તે તમે ભૂલ્યા તો નહિ જ હો. આત્મા ચિત્‌વાળો છે, એટલે ચેતનામય છે, ચૈતન્યનો ભંડાર છે. પણ કેટલાક માને છે, તેમ જડ કે જડપરિણતિ નથી. આત્મા આનંદવાળો છે, એટલે આનંદ અનુભવવાની શક્તિવાળો છે, આનંદમય છે, સુખમય છે. જે સહજ આનંદી એટલે સ્વભાવથી જ આનંદ હોય તે સહજાનંદી કહેવાય. કલમ આનંદ પામવાના સ્વભાવવાળી નથી, એટલે તેના વડે ગમે તેવાં રસિક કાવ્યો લખતાં હોય કે ગમે તેવા સુંદર સૂક્તોનું આલેખન થતું હોય તો પણ તેને આનંદ આવતો નથી. કડછી આનંદ પામવાના સ્વભાવવાળી નથી, એટલે તે દૂધપાક કે બાસુંદીના તાવડામાં ગમે તેટલી વાર ફરે તો પણ આનંદ પામતી નથી. આનંદઘન શબ્દ આનંદના ઘનનું–સમૂહનું સૂચન કરે છે, એટલે આત્મા આનંદનો ભંડાર છે, આનંદનું ધામ છે, આનંદનું અકલ્પનીય ઉદ્‌ગમસ્થાન છે.

આત્માનું સુખ ગમે તેટલું ભોગવો તો પણ દુઃખ આપતું નથી, ઉલટું તે વધારે ને વધારે મીઠું લાગે છે. આત્માનું સુખ તો ચક્રવર્તીનાં ભોજન કરતાં પણ વધારે મીઠું છે, જેથી એક પણ વાર તેનો સ્વાદ ચાખ્યો હોય તો કદી ભૂલાતું નથી.

ચક્રવર્તીનું ભોજન.

બ્રહ્મદત્ત ચક્રવર્તી બન્યો, તે પહેલાં ઘણી કઠંગી હાલતમાં ફરતો હતો. એક વાર તેને એક ગામથી બીજે ગામ જતાં એક બ્રાહ્મણનો ભેટો થયો અને તે બંનેએ ત્રણ દિવસ અરણ્યમાં સાથે મુસાફરી કરી. પછી છૂટા પડતી વખતે બ્રહ્મદત્તે પેલા બ્રાહ્મણને કહ્યું કે 'હું ભવિષ્યમાં ચક્રવર્તી રાજા થવાનો છું. જો ચક્રવર્તી થાઉં તો મને જરૂર મળજે.'

કાલક્રમે બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો અને પેલા બ્રાહ્મણને તેની ખબર પડી, એટલે તે બ્રહ્મદત્તની પાસે આવ્યો. બ્રહ્મદત્તે તેનો ખૂબ સ્નેહભર્યો સત્કાર કર્યો અને જે જોઇએ તે માગી લેવા જણાવ્યું. આથી બ્રાહ્મણ મુંઝાયો. શું માગવું ? તેની સમજણ પડી નહિ. એટલે તેણે બ્રહ્મદત્તને કહ્યું કે 'હું મારી પત્નીને પૂછી આવું. પછી માગવું હશે તે માગીશ.' બ્રહ્મદત્તે તે મંજૂર રાખ્યું.

બ્રાહ્મણે ઘરે આવીને પત્નીને બધી વાત કરી. તેની પત્ની ચતુર હતી, તે વિચારવા લાગી કે 'જો આને રાજ્ય માગવાનું કહીશ તો એ ઘણી રાણીઓ પરણશે અને મને ભૂલી જશે. તેમજ અઢળક ધન માગવાનું કહીશ તો તેની વ્યવસ્થામાં મને યાદ નહિ કરે, એટલે એવો માર્ગ સૂચવું કે 'લાકડી ભાંગે નહિ અને સાપ મરે નહિ.' તેણે પતિને કહ્યું કે 'તમારે ચક્રવર્તીના ઘરથી શરૂ કરીને તેનાં રાજ્યના દરેક ઘરમાં આપણ બંનેને એક દિવસનું ભોજન તથા એક સોનામહોરની દક્ષિણા મળે એમ માગવું.'

બ્રાહ્મણ-પત્નીની આ બુદ્ધિ પર ખુશ થયો અને તેણે બ્રહ્મદત્ત પાસે જઈને તે જ પ્રમાણે માગ્યું. આથી બ્રહ્મદત્તને હસવું આવ્યું કે આ બ્રાહ્મણે માગી માગીને શું માગ્યું ? પણ તેને તો માગ્યા પ્રમાણે જ આપવું હતું, એટલે તેણે બ્રાહ્મણની માગણી કબૂલ કરી.

પ્રથમ દિવસે બ્રાહ્મણ અને તેની પત્ની ચક્રવર્તીને ત્યાં જમ્યાં. વિવિધ વ્યંજનો તથા તેની ખાસ પ્રકારની ભોજનની બનાવટના લીધે એ ભોજનમાં અત્યંત સ્વાદ હતો અને તેની સુગંધથી નાક તર થઈ જતું હતું. જગતમાં આવું પણ ભોજન બને છે, એની કલ્પના આ બ્રાહ્મણદંપતીને પહેલી જ વાર આવી. આવાં ભોજન આરોગતાં બત્રીશ કોઠે દીવા થાય એમાં નવાઈ શું ? ભોજન કર્યા પછી એક સોનામહોરની દક્ષિણા લઈ તે પોતાનાં ઘરે ગયાં.

બીજા દિવસે પ્રધાનનો વારો આવ્યો, પછી મંત્રીઓના વારા આવ્યા અને છેવટે સામાન્ય નાગરિકોના વારા આવ્યા, પણ બ્રાહ્મણદંપતીને આ ભોજનો ફીક્કાં લાગ્યાં, કારણ કે તેની દાઢમાં ચક્રવર્તીના ભોજનનો સ્વાદ રહી ગયો હતો !

આત્માનું આ સુખ કેવી રીતે પ્રાપ્ત થાય, તે અમારે તમને સમજાવવું છે, તે જ્ઞાની મહારાજે દેખ્યું હશે તો હવે પછી સમજાવીશું.





વ્યાખ્યાન સોળમું.

આત્મસુખ.

(૨)

મહાનુભાવો !

સર્વ અરિહંત દેવો સર્વ સિદ્ધ પરમાત્માઓ, સર્વ આચાર્ય ભગવંતો, સર્વ ઉપાધ્યાય ભગવંતો અને સર્વ સાધુ ભગવંતો આપણું કલ્યાણ કરો. તેમના અચિંત્ય પ્રભાવથી જ આ જગતમાં સર્વ પ્રાણીઓને સુખ આપનારું ધર્મતીર્થનું પ્રવર્તન અને સંચાલન થઈ રહ્યું છે.

ધર્મતીર્થમાં પ્રવચનની મુખ્યતા છે, કારણ કે તેનાં પુષ્ટ આલંબન વડે જ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ આ સંસારપારાવારનો પાર કરવાને શક્તિમાન થાય છે.

આ પ્રવચન રૂપી મહાવૃક્ષની અનેક શાખા-પ્રશાખાઓ છે, તેમાંની એક શાખા તે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. તેની છત્રીશ પ્રશાખાઓ પૈકી છત્રીશમી પ્રશાખાએ આપણને આ સંસારી આત્માનાં વર્ણનરૂપી સુંદર ફળ આપ્યું અને તેમાંથી આપણે આત્મતત્ત્વ વિચારનો મધુર રસ ચાખ્યો; એટલે આજના આ મંગલ અવસરે તેનું અભિવાદન કરી લઈએ.

આત્માના વિષયમાં આ વ્યાખ્યાન છેલ્લું છે અને તેમાં આત્મસુખ કેમ મેળવવું ? એ વિચારણા અગ્રસ્થાને રહેવાની છે. એટલે તમારી ચિત્તવૃત્તિનો પ્રવાહ આ તરફ જ વહેતો રાખજો.

શાસ્ત્રકાર ભગવંતોએ ચાર દુર્લભ વસ્તુમાં શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણની પણ ગણના કરેલી છે, એટલે શાસ્ત્રશ્રવણના યોગને તમે નાનો સુનો માનશો નહિ. જ્યારે રાગાદિ દોષોની પરિણતિ મંદ થઇ હોય, કષાયોનું જોર નરમ પડયું હોય અને કલ્યાણની કામના પ્રગટી હોય, ત્યારે જ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો સાંભળવાની જિજ્ઞાસા થાય છે અને પ્રબળ પુણ્યના ઉદયે તે સંભળાવનાર સદ્‌ગુરુનો યોગ સાંપડે છે.

અલ્પસંસારી આત્માનું પ્રથમ લક્ષણ જિનવચનની અનુરક્તતા છે, એટલે તમને આ જિનવચનરૂપી પ્રવચનમાં–વ્યાખ્યાનમાં રસ આવતો હોય અને તે સાંભળવાની ઇચ્છા–આકાંક્ષા હરદમ મનમાં રહ્યા કરતી હોય તો જરૂર માનજો કે તમે અલ્પસંસારી છો, હવે તમારો સંસાર બહુ થોડો બાકી રહ્યો છે અને તમારા આત્મવિકાસનો અરુણોદય થઇ ચૂકયો છે.

પૌદ્‌ગલિક સુખો નકલી છે, બનાવટી છે, કાલ્પનિક છે, ક્ષણિક છે, ક્ષણભંગુર છે, તુચ્છ છે, નિઃસાર છે, નિકૃષ્ટ છે, એ વાત અમે ગઇ કાલે વિસ્તારથી સમજાવી ગયા છીએ અને તેને છોડયા સિવાય સાચાં આત્મસુખની પ્રાપ્તિ થવાની નથી, એ હકીકત પણ ભારપૂર્વક જણાવેલી છે.

માનસિક શાંતિની જરૂર.

આત્માનું સુખ મેળવવા માટે પ્રથમ જરૂર માનસિક શાંતિની છે પણ આજે તો તેનો દુકાળ પડયો હોય એવી સ્થિતિ નજરે પડે છે. પ્રાઈમીનીસ્ટરથી માંડીને પટાવાળા સુધી અને શેઠથી માંડીને મજુર સુધી કોઈને શાંતિ નથી. જે મહિને દશ હજાર કમાય છે, તેને પણ હાયવોય છે અને પાંચ હજાર કમાય છે, તેને પણ ઉપાધિ છે. વળી મહિને દશ હજારની પેદાશવાળાને પણ એટલી દોડાદોડી છે અને જબ્બાન પર લાખોના સોદા કરનારનાં મગજ પણ ચિંતાથી મુક્ત નથી. લોકો ઝંખે છે શાંતિ, પણ જીવનક્રમ એવી રીતે ગોઠવાયો છે કે જેમાં શાંતિના દર્શન થાય જ નહિ! આ આખી યે પરિસ્થિતિ સુધારણા માગે છે.

આપણને એક વસ્તુ મેળવાની ઈચ્છા થયા પછી જ્યાં સુધી તે વસ્તુ મળતી નથી, ત્યાં સુધી મનને શાંતિ થતી નથી; અને એ વસ્તુ મળ્યા પછી તરત જ બીજી વસ્તુ મેળવવાની ઈચ્છા જાગૃત થાય છે, એટલે મળેલી શાંતિ ટકતી નથી. આમ ઇચ્છા અને પૂર્તિ, પૂર્તિ અને ઇચ્છાનું જે એક ચક્ર બને છે, તે સદા ચાલતું જ રહે છે, તેથી કયારેય શાંતિ દેખાતી નથી.

તમારો છોકરો શાળામાં ભણતો હોય ત્યારે ચિંતા થાય છે કે તે કયારે મેટ્રીકમાં કે એસ. એસ. સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થશે? તે મેટ્રીક કે એસ. એસ. સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તો તરત જ ચિંતા થાય છે કે તેને કોઇ સારી

કૉલેજમાં પ્રવેશ મળશે કે નહિ? જો કોઇ સારી કૉલેજમાં પ્રવેશ મળી જાય અને અભ્યાસ આગળ ચાલે તો તરત જ એ ચિંતા થાય છે કે તે હવે સ્નાતક (ગ્રેજ્યુએટ) કયારે થશે? કોઈ વિષયનો સ્નાતક થાય તો તરત એ ચિંતા થાય છે કે હવે તેને નોકરી કયી મળશે? અથવા ધંધામાં જોડાઇને સ્થિર કયારે થશે? જો તેને સારી નોકરી મળી જાય કે તેની ધંધામાં સ્થિરતા થાય તો તરત એ ચિંતા થાય છે કે હવે તેને સારા ઘરની સુશીલ કન્યા કયારે મળશે? જો સારાં ઘરની સુશીલ કન્યા મળી જાય અને વિવાહોત્સવ ધામધૂમથી થઈ જાય તો તરત એ ચિંતા થાય છે કે હવે તેમનો સંસાર કેવો ચાલશે? તેમને સંસાર સારો ચાલે તો તરત એ ચિંતા થાય છે કે હવે તેમને ત્યાં પુત્રનું પારણું કયારે બંધાશે? આમ એક પછી એક ચિંતા લાગુ જ પડી હોય છે.

તમે એમ માનો છો કે હવે આ સુખ મળ્યું, તે સુખ મળ્યું, પણ ત્યાં તમારાં માનેલાં બીજા સુખો ચાલ્યાં જાય છે અને તમારી સ્થિતિ દેડકાથી ધડો કરવા જનાર વાણિયા જેવી થઇ પડે છે.

દેડકાથી ધડો કરનાર વાણિયાનું દૃષ્ટાંત.

એક વાણિયો રબારીવાડે ઘી લેવા ગયો. તેને પાંચશેર ઘી જોઇતું હતું, એટલે સાથે પાંચશેરી લીધી. પણ નાનાં-મોટાં બીજા કોઈ કાટલાં લીધા નહિ. ઘી તપેલીમાં લેવાનું હતું, એટલે તેનો ધડો કરવો જોઇએ, પણ ત્યાં ધડો કરી શકાય એવી કોઈ વસ્તુ નજરે પડી નહિ. આથી તે રબારી-વાડાથી થોડે દૂર ગયો, ત્યાં એક નાનાં ખાબોચિયાના કિનારે

કેટલાક દેડકા કૂદાકૂદ કરી રહ્યા હતા. વાણિયાએ તેમાંથી થોડા દેડકા પકડીને બેસની ફાંટમાં નાખ્યા અને તે પાછો આવ્યો. પછી તપેલીની સામે દેડકા મૂકીને ધડો કરવા લાગ્યો. તેણે તપેલીનાં વજનનું અનુમાન કરીને છ દેડકા સામે મૂકયા, પણ તે ઓછા પડ્યા. એટલે ત્રાજવું નીચું મૂકી ફાંટમાંથી બે દેડકા બીજા કાઢ્યા. પરંતુ એટલી વારમાં તો છાબડામાંથી ત્રણ દેડકા કૂદીને બહાર નીકળી ગયા અને ખૂણે-ખાંચરે ભરાઈ ગયા.

વાણિયો બે ત્રણ દેડકાને લેવા દોડયો, ત્યાં બીજા બે ત્રણ દેડકા નાસી છૂટયા. અને વાણિયો નાસી છૂટેલા દેડકાને લાવી છાબડામાં મૂકે અને છાબડામાંના દેડકા નાસતા જાય, એ રીતે ચાલ્યા જ કર્યું. આથી છેવટે તેને દેડકા વડે ધડો કરવાનો વિચાર માંડી વાળવો પડયો અને માટી, પત્થર વગેરે લાવી પોતાનું કામ પતાવવું પડયું. તાત્પર્ય કે સંસારનાં સુખો આ દેડકાના ધડા જેવા છે, એટલે તે પૂરતા પ્રમાણમાં કદી ભેગા થતા નથી. બે સુખો મળે ત્યાં એક જાય, એક મળે ત્યાં એક જાય, એક મળે ત્યાં બે જાય, એમ ચાલ્યા જ કરે છે. આથી દુન્યવી સુખોમાં સંલગ્ન થયેલાં તમારાં મનને શાંતિનો અનુભવ થતો નથી.

પરંતુ આ સંયોગમાં શાંતિનો અનુભવ શી રીતે થાય? એ અમે તમને બતાવવા ઇચ્છીએ છીએ. તમને જે શરીર, રૂપ, સ્થિતિ, સંયોગો મળ્યા હોય તેમાં સંતોષ માનતા શીખો અને તેથી નારાજ થવાની કે તેને નિંદવા-વખોડવાની વૃદ્ધિ રાખો નહિ. સમજો કે તમારાં શરીરનો રંગ સહેજ શ્યામ

છે અને તે તમને ગમતો નથી. પણ તમે એની વારંવાર નિંદા કરશો કે એને વખોડશો તો શું એ સુધરી જશે ખરો? અથવા તમારા કાન પ્રમાણમાં મોટા છે અને દાંત જરા આગળ પડતા છે, અથવા નાક જરા ચીબું છે અને વાળ ખરબચડા છે, તેથી નારાજ થયે શું દહાડો વળશે? 'હું આ કુળમાં–કુટુંબમાં કયાંથી જન્મ્યો?' કોઈ રાજા, શ્રીમંત કે જાણીતા માણસને ત્યાં ન જન્મ્યો?' એવા વિચારો કરવાથી તમારું કુળ કે કુટુંબ બદલાઈ જવાનું નથી, તો પછી શરીર, રૂપ, સ્થિતિ સંયોગો જે પ્રકારના પ્રાપ્ત થાય છે, તેમાંથી સંતુષ્ટ રહીને કામ કેમ ન ચલાવવું? મળેલામાં સંતોષ રાખવો જ જોઇએ! એથી ઉદ્વેગ કે અશાંતિનો અનુભવ થશે નહિ અને મનમાં શાંતિ રહ્યા કરશે.

કર્મનો સિદ્ધાંત આપણને એમ કહે છે કે આત્માએ પૂર્વજન્મમાં જે પ્રકારના કર્મો કર્યા હોય છે, તે પ્રમાણે તેને ગતિ (નરકાદિ), શરીર, ઇંદ્રિયો, રૂપ, રંગ, કુલ–કુટુંબ (ગોત્ર) પ્રાપ્ત થાય છે, એટલે આપણું કરેલું આપણે ભોગવવાનું છે. તેમાં ઊંચા–નીચા થઇએ કે આમણા–દૂમણા થઈએ તો શોક, સંતાપ, દુઃખ, ચિંતા વધે, પણ બીજો લાભ થાય નહિ; તેથી કર્મફળને શાંતિથી વેદી લેવા એ જ હિતાવહ છે.

મનુષ્યને પોતાનું જીવન ચલાવવા માટે કોઇ ને કોઈ પ્રકારનો પુરુષાર્થ કરવો જ પડે છે. પરંતુ ઘણીવાર તેનું ફળ ધાર્યા પ્રમાણે આવતું નથી. આથી માણસો હતાશ-નિરાશ

થઇ જાય છે અને ભારે અશાંતિ ભોગવે છે. તેઓ કહે છેઃ 'અરેરે! અમે આટઆટલી મહેનત કરી છતાં અમને કંઈ મળ્યું નહિ!' અહીં તેમણે એવો વિચાર કરવો જોઇએ કે 'યોગ્ય પુરુષાર્થ કરવો એ મારી ફરજ છે અને તે મેં બરાબર બજાવી છે. તેનું ફળ મળવું એ ભાગ્ય, નશીબ કે કર્મને આધીન છે. તે ઓછું વત્તું મળે એથી મારે હતાશ-નિરાશ શા માટે થવું?' આવો વિચાર કરનારને માનસિક અશાંતિ થશે નહિ.

નવી નવી ઇચ્છાઓ કરવી, અનેક પ્રકારની લાલચો રાખવી, તૃષ્ણાનો તાર ઝણઝણતો રાખવો અને તે પૂર્ણ ન થાય ત્યારે હાયવોય, હૈયાપીટ કે કાગારોળ કરવી તેના કરતાં ઇચ્છા લાલચ કે તૃષ્ણાને તિલાંજલિ આપવી શું ખોટી? ડહાપણ ભરેલો માર્ગ તો એ જ છે કે પાણી જે બાકોરામાંથી આવતું હોય તે બાકોરાંને જ કોઈ પણ પ્રકારે બંધ કરી દેવું.

ઇચ્છારોધનું મહત્ત્વ સમજો.

આર્ય મહાપુરુષોએ આપણને ઇચ્છારોધ, તૃષ્ણાત્યાગ કે સંતોષનો સંદેશો આપેલો છે. તે પ્રમાણે જીવનવ્યવહાર ચલાવીએ તો કદી પણ દુઃખ, કષ્ટ કે અશાંતિનો અનુભવ થાય નહિ, પરંતુ આજે એ સંદેશા તરફ અવગણના થઈ રહી છે અને જડવાદે-ભૌતિકવાદે પ્રચારેલા 'વધારે કમાઓ ને વધારે ખાઓ' ના સિદ્ધાંત તરફ લોકપ્રવાહ વળવા માંડ્યો છે. તેનું જ એ પરિણામ છે કે જીવનમાં અશાંતિનું

પ્રમાણ વધ્યું છે અને એક બાજુ ધનસંગ્રહ તથા બીજી બાજુ બેકારી, હડતાળ, તોફાનો વગેરેનો વંટોળ ઊભો થયો છે. આખી ગાડી ઊંધા પાટે ચાલી રહે છે, પણ ભૌતિકવાદની ભ્રમણામાં ફસેલાઓને તે સીધા પાટે ચાલતી જણાય છે!

વધારે પૈસા મળવાથી મનુષ્ય સુખી થશે, એમ માનવું એ સરાસર ભ્રાંતિ છે. અણસમજુ લોકોના હાથમાં વિશેષ પૈસા આવતા તેનો કેવો ઉપયોગ થાય છે, તે આપણા કોઈથી અજાણ્યું નથી; એટલે તે માટે બરી જરૂર સમજણ કેળવવાની છે, સંતોષ કેળવવાની છે. જો સંતોષ કેળવાય તો માણસ કોઈ પણ પરિસ્થિતિમાં સુખ-આનંદ માણી શકે છે. એક કવિએ કહ્યું છે કે—

सर्पाः पिबन्ति पवनं न च दुबलास्ते,
शुष्कैस्तृणैर्वनगजा बलिनो भवन्ति ।
वन्यैःफलैर्मुनिवरा गमयन्ति कालं,
सन्तोष एव पुरुषस्य परं निधानम् ॥

'સર્પો માત્ર પવનનું ભક્ષણ કરીને રહેવા છતાં દુર્બલ થતાં નથી, વનના હાથીઓ માત્ર સૂકું ઘાસ ખાવા છતાં ખૂબ બલવાન થાય છે અને ઋષિમુનિઓ માત્ર વનના ફૂલો ખાઈને સમય પસાર કરે છે, છતાં સુખી હોય છે. તેથી સંતોષ એ જ પુરુષોનું મોટું નિધાન છે. મોટી મૂડી છે.'

જેમણે સ્મૃતિ એટલે હિન્દુધર્મના કાયદા લખ્યા, તે મનુ મહારાજ કહે છે—

संतोष परमास्थाय सुखार्थी संयतो भवेत् ।
सुखं संतोषमूलं हि, दुःखमूलं विपर्ययः ।

'સુખનું મૂળ સંતોષ છે અને દુઃખનું મૂળ તૃષ્ણા છે. તેથી સુખને ઇચ્છનારા પુરુષે સંતોષનો આશ્રય ગ્રહણ કરીને સંયમી બનવું.'

સંતોષી રોજનું રોજ કમાય તો પણ સુખી હોય છે અને અસંતોષી ધનના ઢગલા પડ્યા હોય તો પણ દુઃખી હોય છે. સંતોષી એકલો હોય, કોઈ સગાં સંબંધી ન હોય તો પણ મસ્ત હોય છે. અસંતોષી અનેક સગાં-વહાલાં અને મિત્રો હોવા છતાં દુઃખી હોય છે.

દુઃખ આવે ત્યારે

તમે કંઈ પણ દુઃખ, કષ્ટ કે આફત આવે ત્યારે ગભરાઈ જાઓ છો અને તમારું મન અસ્વસ્થ બની જાય છે, પણ એ વખતે તમે વિચાર કરો કે 'હે જીવ! આ દુઃખ, કષ્ટ કે આફત વગર આમંત્રણે આવેલ નથી. તેં પૂર્વે તારાં કર્મો દ્વારા આમંત્રણ આપી રાખેલું છે, માટે જ તે આવ્યા છે. તો હવે તેનું સ્વાગત કર. પણ તેથી ગભરાઈને દૂર ભાગ મા. દુઃખો તો વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકરોને પણ આવે છે, તો તું કોણ માત્ર? તું આ બધાં દુઃખોને શાંતિથી સહન કરી લે, જેથી નવું કર્મબંધન થાય નહિ.

આવા વિચારો કરવાથી તમારું મન શાંત રહેશે અને દુઃખ દુઃખરૂપ જણાશે નહિ.

પુદ્ગલ તરફ શા માટે આકર્ષાઓ છો?

પુદ્ગલ તરફ તમે શા માટે આકર્ષાઓ છો? તે કંઈ તમારાં સગાં નથી. પણ પાકા વિરોધી છે, પરમ દુશ્મન છે.

તેમણે તમને આટઆટલા રખડાવ્યા; આટઆટલું દુઃખ દીધું છતાં તમે તેનો સંગ કેમ છોડતા નથી ?

કામસુખની વાસના જેમ ભોગવો તેમ વધે અને ન ભોગવો તો જ ઘટે. કામવાસનાને શાસ્ત્રકારોએ અગ્નિ જેવી કહી છે, એટલે તેમાં ભોગરૂપી ઘી નાખ્યા કરો તો એ પ્રજ્વલિત થાય. તેને ઠંડી પાડવા માટે તો વૈરાગ્યરૂપી જળનો છંટકાવ કરવો જોઈએ. વૈરાગ્ય અભયને આપનારો છે, તેથી જ સર્વ મહાપુરુષોએ તેની જોરદાર હિમાયત કરી છે.

પુદ્ગલનો સંગ છૂટ્યો, એટલે મુક્તિ આવી સમજો. મુક્તિ એટલે મહાસુખ, પરમસુખ, અનન્ય અને અનિર્વચનીય સુખ. આત્માની અંદર સુખનો જે ગેબી ભંડાર છૂપાયેલો છે, તે બધો એ વખતે પ્રકટ થઈ જાય છે. જેમ સૂર્યનો ઉદય થતાં ઘુવડો પોતાનું મુખ છૂપાવી દે છે, તેમ આત્માનું સાચું સુખ પ્રકટ થતાં દુઃખો, કષ્ટો, મુશ્કેલીઓ, મુંઝવણો પોતાનું મુખ છૂપાવી દે છે અને તે બિલકુલ નજરે પડતાં નથી. પરંતુ તમને મુક્તિનો કે મુક્તિનાં સુખનો કંઈ પણ ખ્યાલ નથી! તેથી જ તેના વિષે ચિત્રવિચિત્ર ખ્યાલો સેવો છો!'

પંડિત અને રબારી

એક વાર એક પંડિત રબારી પાસે આવ્યો. તે રબારી સહેજ આડો પડીને હોકો પીતો હતો. તેને પંડિતે કહ્યું, કે 'ભાઈ! આમ પડ્યો ન રહે. તું કંઈક ધર્મ કર.' રબારીએ પૂછયું કે 'ધર્મ એટલે શું? તે કરવાથી શું થાય?' પંડિતે કહ્યું: 'ધર્મ એટલે સારાં કામ. તે કરવાથી મુક્તિ મળે.'

રબારીને મુક્તિની શી ગતાગમ? તેમણે પૂછયું કે 'ત્યાં હોકો મળે?' પંડિતે કહ્યું કે 'ત્યાં હોકો ન મળે, પણ બીજું સુખ ઘણું મળે.' ત્યારે રબારીએ કહ્યું કે 'ભાઈ! એ મુક્તિ મારાં કામની નહિ. મને તો હોકા વિના ઘડી યે ન ચાલે.'

કામભોગ તરફની આસક્તિ.

આ તો રબારી હતો, અભણ હતો, તેણે આવો જવાબ આપ્યો, પણ કેટલાક ખૂબ ભણેલા અને પંડિતની પદવી પામેલા મનુષ્યો પણ એમ કહે છે કે 'જે મુક્તિમાં ખાવા-પીવાનું સુખ નથી. મોજશોખ નથી, ભોગવિલાસ નથી, એ મુક્તિને અમે શું કરીએ? એવી મુક્તિમાં જવા કરતાં તો વૃંદાવનમાં વિશાળ રૂપે અવતરવું સારું કે જેથી સુંદર ગોવાળણોનાં મુખ તો જોવા મળે!'

કામભોગ તરફની પરમ આસક્તિ તેમને આ શબ્દો બોલાવે છે, પણ જેઓ જગત અને જીવનનું તમામ રહસ્ય જાણી ચૂકયા છે, એવા મહાપુરુષો કહે છે કે—

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा।
कामे य पत्थेमाणा, अकामा जंति दोग्गइं ॥।

'કામભોગો શલ્યરૂપ છે, વિષરૂપ છે અને વિષધર સર્પ જેવા અતિ ભયંકર છે. કામભોગની લાલસા રાખનારા પ્રાણીઓ તેને પ્રાપ્ત કર્યા વિના જ અતૃપ્ત દશામાં એક દિવસ દુર્ગતિને પામે છે.'

खणमेत्तसोक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अणिगामसोक्खा।

संसारमोक्खस्स विपक्खभूया,
खाणी अणत्थाण उ कामभोगा ।

'કામભોગો ક્ષણમાત્ર સુખ દેનાર છે અને ચિરકાલ દુઃખ આપનારા છે. તેમાં સુખ બહુ થોડું છે અને દુઃખ ઘણું વધારે છે. તે મોક્ષસુખના ભયંકર શત્રુ છે અને અનર્થોની મોટી ખાણ છે.'

તાત્પર્ય કે જેને ભોગ તરફની આસક્તિ છૂટે તેને જ મુક્તિ, મોક્ષ કે નિર્વાણની વાત રુચે અને તેઓ જ આત્માનું અનિર્વચનીય અપાર સુખ ભોગવી શકે.

જ્યાં કોઇ પણ પ્રકારનું દુઃખ નથી.

આ વિશ્વમાં મુક્તિ, મોક્ષ કે નિર્વાણ જ એક એવી અવસ્થા છે કે જ્યાં કોઈ પણ પ્રકારનું દુઃખ નથી. તમે પૂછશો કે બધે દુઃખ છે અને ત્યાં દુઃખ કેમ નથી? તેનો જવાબ એ છે કે 'આ વિશ્વમાં દુઃખનાં કારણો તરીકે ભૂખ, તરસ, રોગ, શોક, ભય, ખેદ, ઉપદ્રવ, આક્રમણ, પરાધીનતા, પરતંત્રતા, જન્મ, જરા, મૃત્યુ વગેરે ગણાય છે, તેમાંનાં કોઇ કારણની ત્યાં વિદ્યમાનતા નથી.

જ્યારે કોઇ પણ વસ્તુની જરૂર હોય ત્યારે તેની ઇચ્છા થાય અને તે ન મળે ત્યારે દુઃખ-કષ્ટ-અશાંતિ થાય, પરંતુ આ અવસ્થામાં તો કોઈ પણ જાતની ઇચ્છા જ હોતી નથી, કારણ કે તેમના સર્વ અર્થ સિદ્ધ થયેલા હોય છે, પછી ત્યાં દુઃખ, કષ્ટ કે અશાંતિ કયાંથી થાય? એ તો તમે જાણતા જ હશો કે ઇચ્છાઓ વાસનાને લીધે ઉદ્ભવે છે અને મુક્તાવસ્થામાં

તો સર્વ વાસનાઓનો ક્ષય થયેલો હોય છે, તેથી ત્યાં કોઈ પણ પ્રકારની ઇચ્છા જ થતી નથી. વળી ઇચ્છા થવામાં એક પ્રકારનો મોહજન્ય મનોવ્યાપાર નિમિત્તભૂત હોય છે, પરંતુ આ અવસ્થામાં તો નથી હોતો મોહજન્ય વ્યાપાર, નથી હોતી ઇન્દ્રિયો કે નથી હોતું કોઇ પણ પ્રકારનું શરીર! તેમાં માત્ર આત્મા જ શુદ્ધ સ્વરૂપે વિરાજતો હોય છે, એટલે ત્યાં મનોવ્યાપાર થવાનો કે ઇચ્છા ઉઠવાનો પ્રશ્ન જ નથી!

'શરીર અને ઇન્દ્રિયો વિના આત્મા એકલો શી રીતે રહેતો હશે!' એવો પ્રશ્ન પણ કેટલાકને ઉઠે છે. તેનું સમાધાન એ છે કે 'આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય છે, એટલે બીજા દ્રવ્યોની જેમ તે પણ એકલો આકાશમાં રહી શકે છે.'

'શરીર વિનાનો આત્મા આકાશના કયા ભાગમાં રહેતો હશે?' એનો ઉત્તર એ છે કે 'આત્માની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ છે, એટલે જ્યારે તે સકલ કર્મથી રહિત બને છે, ત્યારે સીધી ઉર્ધ્વ ગતિ કરે છે અને લોકના અગ્રભાગે જઇને અટકે છે.

તુંબડાને માટીનો લેપ કરીને તેના પર કપડું વીંટાળ્યું હોય પાછો તેના પર માટીનો લેપ કર્યો હોય અને કપડું વીંટાળ્યું હોય, એમ અનેક લેપો કર્યા હોય, એટલે તે તુંબડું ભારે થવાથી પાણીનાં તળિયે બેસે છે, પણ પાણીનાં જોરથી જ્યારે એ બધા લેપો ધોવાઈ જાય છે અને કપડું ફાટી-તૂટીને દૂર થઇ જાય છે ત્યારે તે તુંબડું તરવાના સ્વભાવ-વાળું હોવાથી સીધું પાણીની સપાટી ઉપર પહોંચી જાય છે,

તે જ રીતે આત્મા પણ સકલ કર્મથી રહિત થતાં સીધી ઉર્ધ્વગતિ કરવાના સ્વભાવવાળો હોવાથી લોકના અગ્રભાગે પહોંચી જાય છે.

તે ત્યાંથી આગળ કેમ જતો નથી? તેનું કારણ પણ સમજી લેવું જોઈએ. ત્યાં આગળ અલોકાકાશ શરૂ થાય છે અને તેમાં ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય નામના ગતિ-સહાયક તથા સ્થિતિસહાયક દ્રવ્યની વિદ્યમાનતા નથી, તેથી તે પ્રદેશમાં આત્માની ગતિ થઈ શકતી નથી.

કર્મરહિત શુદ્ધ આત્માને આપણે સિદ્ધ ભગવંત કે સિદ્ધ પરમાત્મા કહીએ છીએ. આવા સિદ્ધ પરમાત્માઓ આજ સુધીમાં અનંત થઈ ગયા. તે બધા સિદ્ધશિલા ઉપર લોકના અગ્રભાગે સ્થિર થયેલા છે, એટલે તે સ્થાન સિદ્ધશિલા તરીકે ઓળખાય છે.

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત,
વસિયા તેણે કારણ ભવિ, શિરશિખા પૂજંત.

આ દુહો તમે પ્રભુપૂજા કરતી વખતે રોજ બોલો છો. તેનો અર્થ એ છે કે 'લોકના અંતે એટલે અગ્રભાગે સિદ્ધ-શિલા આવેલી છે. તે ઉજ્જવળ ગુણવાળી એટલે સ્ફટિક જેવી નિર્મળ છે. તેના પર લોકના અંતને અડીને પ્રભુ મુક્ત અવસ્થાએ રહેલા છે. પ્રભુની શિરશિખા એ સિદ્ધશિલાનું સ્મરણ કરાવતી હોવાથી અત્યંત પવિત્ર છે અને તે જ કારણે હું તેની પૂજા કરું છું.

કેટલાક કહે છે કે સિદ્ધશિલામાં રહેલા આત્માઓને કોઈ

જાતનું દુઃખ ન હોય, એ અમે સમજી શકીએ છીએ. પણ ત્યાં સુખનો અનુભવ શી રીતે થાય? એ અમારી સમજમાં ઉતરતું નથી, એટલે તેનો ખુલાસો પણ કરી શકીએ.

અહીં પ્રશ્નકાર એમ કહેવા ઈચ્છતા હોય કે સુખ તો અન્ય વસ્તુના સંયોગથી જ થાય, તો આત્મસુખ એ કોઈ સંયોગજન્ય વસ્તુ નથી કે જેનો અનુભવ કરવા માટે તેને અન્ય કોઈ વસ્તુની અપેક્ષા રહે. સુખ એ આત્માનો સ્વભાવ છે, એટલે તેનાં પ્રતિબંધક કારણો દૂર થતાં તે સુખનો અનુભવ કરવા લાગે છે અને અનંતકાળ સુધી એ જ પ્રમાણે સુખનો અનુભવ કર્યા કરે છે.

એક મનુષ્ય લાંબા વખતથી કેદખાનામાં પડયો હોય અને વિવિધ પ્રકારની યાતનાઓ ભોગવતો હોય, તે રાજાને ત્યાં પુત્રનો જન્મ થવાથી એકાએક છૂટો થાય, ત્યારે કેવો આનંદ પામે? તમે કહેશો કે એનું માપ કાઢવું મુશ્કેલ. તો પછી જે આત્મા અનંત ભવોથી કર્મનાં બંધનમાં સબડે છે અને વિવિધ પ્રકારની યાતનાઓ ભોગવે છે, તેનો જ્યારે કર્મબંધનમાંથી સર્વથા છૂટકારો થાય, ત્યારે તેને કેવો આનંદ થતો હશે? કેવું સુખ લાગતું હશે? તેની કલ્પના કરી લ્યો.

મુક્તિનાં સુખ સંબંધી કેટલાંક ઉદાહરણો.

જો આ વિષયમાં તમારી કલ્પના ચાલતી ન હોય તો અમે થોડાં ઉદાહરણોથી તેનો ખ્યાલ આપીશું. માની લો કે એક મનુષ્ય પાસે સુંદર કપડાં છે, મનગમતાં ઘરેણાં છે, મોટો આલીશાન બંગલો છે, પાંચ-સાત મોટરો છે, ઘરમાં કુળવતી

શીલવતી ભાર્યા છે, વિનીત પુત્ર-પુત્રીઓનો પરિવાર છે, વફાદાર નોકર ચાકર છે, નખમાં યે રોગ નથી, કોઈની રોકટોક નથી, માથે કોઇનું કરજ નથી કે રાજ્ય તરફથી કોઇ કનડગત નથી. વળી ધંધો રોજગાર ધમધોકાર ચાલે છે અને પાસે લાખો રૂપિયાની મૂડી છે. આ મનુષ્યને જેટલું સુખ હોય તેના કરતાં મુક્તાત્માને અનંતગણું સુખ હોય છે.

શાસ્ત્રકારોએ ચક્રવર્તીને ભોગપુરુષ કહ્યો છે, કારણ કે માનુષિક ભોગોમાં તે ઇન્દ્ર સમાન હોય છે. આખું ભરતક્ષેત્ર તેને આધીન, સોળ હજાર દેવો તેની સેવામાં. ચોસઠ હજાર સ્ત્રીઓ તેનાં અંતઃપુરમાં, વૈક્રિય લબ્ધિનાં બળે તે ચોસઠ હજાર રૂપ લઈ બધી રાણીઓ સાથે એક જ વખતે ભોગવિલાસ કરે. તેનું મુખ્ય શરીર તો પટરાણી પાસે જ હોય. આ પટરાણી એટલે રૂપનો અંબાર, લાવણ્યનો ભંડાર. તેની જોડ સારા યે ભારતવર્ષમાં મળે નહિ. ઉપરાંત નીરોગી અને તેજસ્વી શરીર, નિશ્ચિંત જીવન, બધાં રાજાઓ, બધી સેના, બધી પ્રજા તેને વફાદાર. આવા ચક્રવર્તીને જે સુખ હોય તેના કરતાં મુક્તાત્માને અનંતગણું સુખ હોય છે.

ઇન્દ્ર અસંખ્યાત દેવોનો માલિક છે. હજારો-લાખો વર્ષે પણ તે ઘરડો થતો નથી. કમજોર થતો નથી. સંખ્યાબંધ રૂપવતી-લાવણ્યવતી દેવાંગનાઓ તેની તહેનાતમાં હાજર હોય છે. આ દેવીઓનાં રૂપ-લાવણ્યની આપણને કલ્પના પણ ન આવે. કુમારનંદિ નામના સોનીએ હાસા પ્રહાસા નામની સામાન્ય દેવીઓનું રૂપ જોયું હતું, તેથી તે ગાંડા જેવો થઇ ગયો હતો.

હજી શ્રી મહાવીર પરમાત્માએ દીક્ષા લીધી ન હતી, તે વખતની આ વાત છે. તેની પાસે કરોડોની મિલકત હતી અને તે સ્ત્રીઓનાં રૂપની પાછળ દીવાનો હતો. કોઈ પણ સુંદર કન્યા જોવામાં આવે કે તે પાંચસો સોનામહોરો ખરચી તેની સાથે લગ્ન કરતો.

આ રીતે તેણે એક એકથી ચડિયાતી એવી પાંચસો સ્ત્રીઓને પોતાના રંગમહેલમાં એકત્ર કરી હતી. પરંતુ તેણે એક વાર હાસા-પ્રહાસાનું રૂપ જોયું કે તે પાંચસો યે સ્ત્રીઓનાં સૌંદર્યને વીસરી ગયો અને હાસા-પ્રહાસાની પાછળ પાગલ બન્યો. તે એને પરણવા માટે ગમે તે કરવા તૈયાર હતો. દેવીઓએ તેની પોતાની બધી મિલકતનું દાન કરી નિયાણું બાંધીને મરવાનું કહ્યું. તે પ્રમાણે તેણે પોતાની બધી મિલકતનું દાન કરી દીધું અને મરતી વખતે હાસા-પ્રહાસાને મળવાની તીવ્ર ઈચ્છા કરી, તેથી બીજા જન્મમાં તે હાસા-પ્રહાસાનો સ્વામી થયો.

તાત્પર્ય કે મનુષ્યલોકની સુંદરમાં સુંદર સ્ત્રીઓનું રૂપ પણ સામાન્ય દેવીઓનાં રૂપ આગળ પાણી ભરે છે, એટલે દેવીઓનું રૂપ આવું હોય છે, તો ઇંદ્રાણીઓનું રૂપ કેવું હશે? તેની કલ્પના કરો. ઇંદ્ર આવી અનુપમ રૂપવતી ઇંદ્રાણીઓ સાથે ભોગ કરતો હોય અને જે સુખ અનુભવે, તેના કરતાં મુક્તાત્માનું સુખ અનંતગણું વધારે હોય છે.

શાસ્ત્રકારો કહે છે કે—

सुरगणसुहं समत्तं, सव्वद्धा पिंडिअ अणंतगुणं ।
न य पावइ मुत्तिसुहं, णंताहिं वग्गवग्गूहि ॥

'દેવોનાં સર્વકાલનાં એકઠાં કરેલા સમસ્ત સુખોને અનંતગણું કરવામાં આવે અને તેના વર્ગનો*વર્ગ અનંત વાર કરવામાં આવે તો પણ તે મુક્તિસુખની બરોબરી કરી શકે નહિ.'

મુક્તાવસ્થામાં-સિદ્ધાવસ્થામાં આત્માનાં જ્ઞાન, દર્શન, બળ અને સુખનો ચરમ વિકાસ હોય છે. આથી શ્રેષ્ઠ અવસ્થા બીજી કોઇ સંભવતી નથી, તેથી સુજ્ઞ પુરુષોનો સર્વ પ્રયત્ન એ અવસ્થા પ્રાપ્ત કરવા માટે જ હોય છે. આ સર્વ પ્રયત્નોનું એક નામ ધર્મ છે. આત્માનું સાચું સુખ માણવા માટે તે તમારે આચરવાનો છે.

ધર્મ સંબંધી અમે તમને આગળ ઉપર વિસ્તૃત સમજ આપવાના છીએ, પણ અહીં ટુંકમાં એટલું જણાવીએ કે દાન-શીલ-તપ-ભાવનું સારી રીતે આરાધન કરે અને દિન-પ્રતિદિન તેમાં કેટલી પ્રગતિ કરી, તેનો આંક તપાસતા રહો.

તમે 'મારી પાસે આટલું ધન છે, તેટલું ધન છે.' વગેરે વિચારથી સંતોષ માનો છો, પણ ધર્મના રસ્તે વાપરો તેટલું જ ધન તમારું છે અને બાકીનું તમારું નથી, નથી ને નથી.

વાપરો તેટલું ધન તમારું એ પર નગરશેઠનું દૃષ્ટાંત

એક ગામમાં ગુરુમહારાજ પધાર્યા. એ ગામના લોકો ભાવિક હતા. તેઓ ઇચ્છતા હતા કે ગુરુમહારાજ આપણા

* એ જ સંખ્યાને તે જ સંખ્યાએ ગુણવી એ વર્ગ (square) કર્યો કહેવાય.

ગામમાં ચોમાસું કરે તો સારું. એટલે તેમણે નગરશેઠને આગળ કર્યા અને બધાની વતી ગુરુમહારાજને ચોમાસાની વિનંતિ કરવા જણાવ્યું.

વ્યાખ્યાન પૂરું થયા પછી નગરશેઠ અને બીજા થોડાક ગુરુમહારાજ પાસે બેઠા. તે વખતે વાત-વાતમાં ગુરુમહારાજે શેઠને પૂછ્યું: 'કેમ શેઠ! આનંદમાં છો ને? તમારી પાસે કેટલી મિલકત છે?' ગુરુમહારાજ પ્રશ્ન પૂછે, એટલે જવાબ તો આપવો જ જોઇએ, એટલે તેમણે જવાબ આપ્યો કે 'મહારાજ! એક લાખ સોનામહોર છે.

હવે ગુરુમહારાજે સાંભળ્યું હતું કે શેઠ પાસે ત્રણ લાખ સોનામહોરો છે, એટલે તેમને લાગ્યું કે આ શેઠ કૃપણ છે. તે ધર્મના માર્ગે પૈસા શું ખર્ચવાના?' છતા શેઠની સચ્ચાઇ ચકાસવા બીજો પ્રશ્ન પૂછ્યો: 'શેઠ! તમારે કેટલા છોકરા છે?' શેઠે કહ્યું: 'મહારાજ મારે એક છોકરો છે.'

શેઠને ત્રણ છોકરા હતા તે આખું ગામ જાણતું હતું અને ગામલોકો પાસેથી ગુરુમહારાજે તો જાણ્યું હતું, એટલે તેમને લાગ્યું કે આ ગામમાં ચોમાસું કરવું યોગ્ય નથી. તેમણે પોતાની સાથેના સાધુઓને વિહારની તૈયારી કરવાની આજ્ઞા કરી.

સાંજે બધા પ્રતિક્રમણ કરવા આવ્યા, ત્યારે વિહારની તૈયારીઓ જોઇ તેમણે શેઠને ખબર આપી. શેઠ ગુરુમહારાજ આગળ આવ્યા. તે વખતે ઓચીંતી વાઇ આવવાથી

તે પડી ગયા અને બેશુદ્ધ બની ગયા. જાણકારોએ શેઠના છોકરાઓને આ વાતની ખબર આપી, એટલે શેઠનો સહુથી નાનો છોકરો દવા લઈને દોડતો આવ્યો.

દવા લીધા પછી થોડીવારે શેઠ શુદ્ધિમાં આવ્યા કે તરત આસપાસ વીંટળાયેલા લોકોને પૂછયું: 'તમે મારી આ સ્થિતિની બધા છોકરાઓને ખબર આપી હતી?' લોકોએ કહ્યું: 'હા, તમારા ત્રણે છોકરાઓને ખબર આપી હતી.' તેમણે શું જવાબ આપ્યો? શેઠે પૂછયું. પેલાઓએ કહ્યું કે 'અમે તમારા સહુથી મોટા છોકરાને ખબર આપી, ત્યારે તે બોલ્યો કે 'આવું તો એમને ઘણીવાર થાય છે. આખો દિવસ તેમની પાછળ કયાં દોડયા કરીએ? પછી બીજા છોકરાને ખબર આપી, ત્યારે તેણે કહ્યુ કે 'અત્યારે હું કામમાં છું. તમે થોડી સારવાર કરો, ત્યાં હું આવી પહોંચું છું.' પછી તમારા સહુથી નાના છોકરા પાસે ગયા, ત્યાં ગ્રાહકોની ધમાલ મચી હતી, એટલે તેને બાજુએ બોલાવીને સમાચાર આપ્યા કે તે બધું કામ પડતું મૂકીને દવા લઈને અહીં દોડતો આવ્યો.

આ બધી વાત ગુરુ મહારાજ સાંભળતા હતા. તેમને ઉદ્દેશીને શેઠ બોલ્યા: 'સવારના મેં આપને કહ્યું હતું કે મારે એક જ છોકરો છે, ત્યારે આપને લાગ્યું હશે કે હું અસત્ય બોલું છું, પણ હવે તો આપને ખાતરી થઈ હશે કે મારે ખરેખર એક જ છોકરો છે. તેવી જ રીતે મારી પાસે ત્રણ લાખ સોનામહોરો છે, પણ તેમાંથી એક લાખ

જ ધર્મના માર્ગે વપરાણી છે, એટલે તે મારી છે; બાકીની મારી નથી. જો આપ અહીં ચોમાસું કરવાની કૃપા કરો તો એક લાખની બે લાખ થાય ખરી.'

શેઠનાં આ વચનો સાંભળતાં જ ગુરુ મહારાજ સત્ય પરિસ્થિતિ સમજી ગયા અને તેમને ખૂબ આનંદ થયો. તેમણે ચોમાસું કરવાની શેઠની વિનંતીનો સ્વીકાર કર્યો. એ ચોમાસામાં ધર્મનું આરાધન ઘણી રૂડી રીતે થયું અને તેમાં શેઠની આગેવાની રહી.

આમ ધર્મમાં રોકો એટલું ધન તમારું, બાકીનું નહિ. તમે તમારા મોજશોખ કે ઐશઆરામ માટે જ ધન વાપરો તેથી કર્મ બંધાય અને તેનાં કટુફળો તમારે અવશ્ય ભોગવવા પડે.

વસ્તુની લાલચ હોય તો અશાંતિ અને લાલચ ન હોય તો શાંતિ. ધર્મક્રિયામાં વસ્તુની લાલચ હોતી નથી, માટે તેમાં શાંતિ છે.

આત્મસુખનો અનુભવ ક્યારે થાય?

શાંત દશા ન હોય ત્યાં સુધી આત્માનું સુખ ન મળે, એક તળાવમાં ભેંસ નહાતી હોય ત્યારે નીચેનો કચરો ઉપર આવે અને પાણીડહોળાવાને લીધે ગંદુ લાગે. એ વખતે તેનું તળિયું દેખાય નહિ. પરંતુ એ કચરો બેસી જાય અને પાણી શાંત થાય ત્યારે તેનું તળિયું દેખાય. એ રીતે ક્ષયોપશમ ભાવથી કર્મનો કચરો બેસી જાય અને

મન સ્થિર થાય, ત્યારે ભીતરમાં રહેલા આત્મસુખનો-આનંદનો અનુભવ થાય. જો કે આ આનંદ વીતરાગી આત્માના અનંતમાં ભાગે છે, છતાં એક વખત તેનો અનુભવ થયા પછી તે વારંવાર મેળવવાનું મન થાય છે.

'હું આત્મા છું, અનંતજ્ઞાનવાળો છું, અનંત શક્તિવાળો છું, અનંત સુખનો ભંડાર છું, મારા ગુણ કે આનંદને કોઈ લૂંટી ગયું નથી. એ તો મારામાં જ છે, આમ આત્માના સ્વભાવ પર વિચાર કરતાં આગળ વધી શકાય.

'હું આત્મા છું, દેહ જડ છે, જગતના પદાર્થો જડ છે. હું એકલો આવ્યો છું અને એકલો જવાનો છું. મારું કોઈ નથી.' આવા વિચાર દૃઢ થતાં ધર્મધ્યાનની વૃદ્ધિ થવા લાગે. એ વખતે જે શાંતિ-સુખ-આનંદનો અનુભવ થાય, તે અપૂર્વ હોય. તેની તુલના આ જગતના કોઈ પાર્થિવ પદાર્થથી થઇ શકે નહિ.

આ સ્થિતિમાંથી આગળ વધવા માટે પરમાત્મા પ્રત્યે અંતરંગ ભક્તિ જોઇએ, સંયમની સાધના જોઇએ અને તપનું પણ આરાધન જોઇએ. પરમાત્માએ સંયમ અને તપ વડે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ કર્યું અને સાચું સુખ માણ્યું, એ વસ્તુ આપણા માટે માર્ગદર્શક છે. આપણે એ જ રસ્તે આગળ વધવાનું અને આત્માનું સાચું સુખ માણવાનું.

આપણું મન માંકડા જેવું છે. તે આપણને નચાવે છે, તેથી ઘડીકમાં આ લેવાની અને ઘડીકમાં તે લેવાની ઇચ્છા થાય છે. એને વશ કરવું સહેલું નથી, પણ અભ્યાસ એક એવી વસ્તુ છે કે તેનાથી સર્વ કાર્ય સિદ્ધ થઈ શકે છે. 'અભ્યાસેન સ્થિરં ચિત્તં' એ મહાપુરુષોનું વચન છે, એટલે ખરી જરૂર તેનો અભ્યાસ કરવાની છે.

ધર્મક્રિયા રાગદ્વેષ ઓછા કરવા માટે છે, કષાયો તોડવા માટે છે. એ ધર્મક્રિયા જો છળકપટ કે દંભથી થાય કે સાંસારિક સુખો મેળવવાની ઇચ્છાથી થાય તો અનંત જન્મ-મરણ કરવાં પડે, અર્થાત્ સંસાર વધી જાય, આત્મા આત્માના સ્વભાવમાં રમે તો બળવાન થાય, પછી ભલે તે કર્મના પાંજરામાં પૂરાયેલો હોય, પણ પરભાવમાં રમવા લાગે કે તેનું બળ ક્ષીણ થઈ જાય.


આટલી વસ્તુ તમે ગોખી રાખો કે આત્મા જેમ વીતરાગતાની નજીક જતો જાય, તેમ તેનો આનંદ વધતો જાય. વીતરાગતાથી જ આત્માનું સાચું સુખ પ્રગટે છે. તમે આ વીતરાગતાને તમારું ધ્યેય બનાવો, એટલે આત્માનું સાચું સુખ માણી શકશો.



આત્મતત્ત્વવિચાર

બીજો ખંડ

કર્મ





વ્યાખ્યાન સત્તરમું

કર્મની ઓળખાણ

મહાનુભાવો !

અત્યાર સુધી અમે આત્માનાં સ્વરૂપ ઉપર વિવેચન કર્યું, તેમાંથી એ ફલિત થયું કે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે, તે દેહાદિથી ભિન્ન છે, અજર-અમર-અખંડ છે અને અનંત-જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ વગેરે ગુણોથી યુક્ત છે, પણ કર્મના સંબંધને લીધે-આવરણને લીધે તેના આ ગુણો મર્યાદિત સ્વરૂપે પ્રગટ થાય છે.

લોકોમાં એમ કહેવાય છે કે સંબંધ જેમ જૂનો તેમ વધારે મીઠો, વધારે લાભદાયી, પણ કર્મનો આત્મા સાથે સંબંધ ઘણો જૂનો હોવા છતાં તેણે કદી આત્મા સાથે મીઠાશ દાખવી નથી કે આત્માને કશો લાભ કર્યો નથી. એટલું જ નહિ, પણ ઉંદર સાથે બિલાડી કે સાપ સાથે નોળિયો જે પ્રકારનું વર્તન કરે, તેવું વર્તન તેણે આત્મા સાથે કર્યું છે અને આત્માને હેરાન-પરેશાન કરવામાં કોઈ બાકી રાખી નથી. તાત્પર્ય કે કર્મ એ આત્માનો પરમ શત્રુ છે, મહાન દુશ્મન છે અને આત્માનું નિતાંત અહિત કરનાર છે. આત્મા, અનંત દુઃખોથી ભરેલા આ સંસારમાં અનાદિ કાલથી રખડી રહ્યો છે, તેનું કારણ તેનો કર્મ સાથેનો આ કુટીલ સંબંધ જ છે.

કેટલાક માણસો ભૂતકાળમાં ઘણી ખરાબ રીતે વર્ત્યા

હોય, પણ પછી પોતાનું વર્તન સુધારે છે અને ભવિષ્યમાં બહુ સારી રીતે વર્તે છે, પણ જેઓ દુર્જન-દુષ્ટ છે, તેઓ પોતાનું વર્તન-ટેવ-આદત-પ્રકૃતિ કદી સુધારતા નથી. એક કવિએ કહ્યું છે કે—

દુષ્ટ ન છોડે દુષ્ટતા, લાખ શિખામણ દેત,
જ્યમ બહુ બહુ ધોયા છતાં, કાજળ હોય ન શ્વેત.

'કાજળને ગમે તેટલીવાર ધૂઓ છતાં તે શ્વેત-સફેદ થતું નથી, તેમ દુષ્ટ માણસને લાખ વાર શિખામણ આપો, પરંતુ તે પોતાની દુષ્ટતા છોડતો નથી.'

કર્મો પણ આ દુષ્ટ મનુષ્યો જેવા છે, તે છેવટ સુધી પોતાની દુષ્ટતા છોડતા નથી, એટલે આપણા આત્મા સાથે તેનો સંબંધ ચાલુ રહે તો તે આફતકારી નીવડવાનો અને આપણી દશા દારુણ દાવાનળમાં સપડાઇ ગયેલી સસલા વગેરે જનાવરો જેવી થવાની.

કર્મના આફતકારી-અનિષ્ટકારી સંબંધોને કાયમી અંત લાવવો હોય તો પહેલાં આપણે તેનું સ્વરૂપ બરાબર જાણી લેવું જોઇએ. કેટલાક કહે છે કે 'આપણે તો આત્માનો વિકાસ કરવા ઇચ્છીએ છીએ, તેથી આત્માનું સ્વરૂપ જાણી લેવું જરૂરનું છે, પણ કર્મનું સ્વરૂપ જાણવાની શી જરૂર?' પરંતુ આમ કહેવું ઉચિત નથી, એક વસ્તુનો વિકાસ કરવા માટે જેમ તેનું સ્વરૂપ જાણવાની જરૂર છે, તેમ એક વસ્તુનો વિનાશ કરવા માટે પણ તેનું સ્વરૂપ જાણવાની જરૂર છે. આરોગ્ય ઇચ્છતા મનુષ્યો વ્યાધિનું સ્વરૂપ ન જાણે તો તેનો વિનાશ—તેનું નિવારણ શી રીતે કરી શકે? અથવા એક સેનાનાયકને શત્રુનો દુર્ગ-

કોટ કિલ્લો તોડવો હોય તો તેની પૂરી માહિતી મેળવ્યા વિના તે શી રીતે તોડી શકે?

કર્મવિષયક ભવ્ય સાહિત્ય

આ વસ્તુસ્થિતિ લક્ષમાં રાખીને શાસ્ત્રકાર ભગવંતોએ જેટલું વર્ણન આત્મસ્વરૂપનું કર્યું છે, તેટલું જ વર્ણન કર્મ સ્વરૂપનું પણ કર્યું છે. જિનાગમોમાં અનેક સ્થળે કર્મનું વર્ણન આવે છે. અને ચૌદ પૂર્વોમાં× કર્મપ્રવાદ (કમ્મપ્પવાય) નામનું એક ખાસ પૂર્વ પણ હતું. વળી બીજા આગ્રાયનીય પૂર્વ (અગ્ગેનીયપૂવ્વ) માં પણ કર્મસંબંધી ઘણું વિવેચન હતું કે જેમાંથી સાર ગ્રહણ કરીને શ્રી શિવશર્મસૂરિએ પ્રાકૃત-ગાથાબદ્ધ કર્મપ્રકૃતિ નામનું એક મહત્ત્વપૂર્ણ પ્રકરણ રચેલું છે. શ્રી મલયગિરિ મહારાજે તથા શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે તેના પર સંસ્કૃત ભાષામાં સુંદર ટીકાઓનું નિર્માણ કરેલું છે. કર્મોનું મૌલિક જ્ઞાન મેળવવા માટે પ્રાચીન કાળમાં છ ગ્રંથો મોજૂદ હતા, જે છ કર્મગ્રંથોના નામે ઓળખાતા હતા. શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે તેના પરથી પાંચ નવીન કર્મગ્રંથની રચના કરી અને શ્રી ચન્દ્ર મહત્તરાચાર્યે સપ્તતિકા નામનો છઠ્ઠો નવીન કર્મગ્રંથ બનાવ્યો. પાંચ નવીન કર્મગ્રંથ ઉપર ગુજરાતીમાં શ્રી જીવવિજયજી મહારાજ તથા શ્રી યશઃસોમગણિએ બનાવેલા ટબા મોજૂદ છે. કર્મ ઉપર બીજું પણ ઘણું સાહિત્ય રચાયેલું છે, તેમાં શ્રી ચન્દ્રર્ષિમહત્તરકૃત પંચસંગ્રહ નામનો ગ્રંથ ખાસ

× બારમા દૃષ્ટિવાદ અંગેનો એક ભાગ ચૌદ પૂર્વ તરીકે ઓળખાતો. તે પૂર્વોનાં નામ આ પ્રમાણે સમજવાઃ—

ઉલ્લેખનીય છે. દિગમ્બર સમ્પ્રદાયમાં પણ કર્મ વિષે ઘણું સાહિત્ય છે.

પરંતુ તમારામાંથી આ કર્મગ્રંથોનું–કર્મ સાહિત્યનું અધ્યયન કરનારા કેટલા ? પ્રથમ તો શ્રાવકોમાં પણ કર્મગ્રંથના સારા અભ્યાસીઓ હતા અને તેઓ ગુરુ મહારાજને અનેક અટપટા પ્રશ્નો પૂછતા. તેથી ગુરુ મહારાજને આનંદ થતો કે અમારા શ્રાવકો આવા સારા જાણકાર છે અને તેઓ એ પ્રશ્નોનું સુંદર સમાધાન કરતા. પરંતુ આજે તો એવા અભ્યાસીઓ અને એવા પ્રશ્ન પૂછનારાઓ આંગળીના ટેરવે ગણાય એટલા પણ રહ્યા નથી ! આમ છતાં તમે આ વિષય જાણવા ઇંતેજાર બન્યા છો, તેથી અમને આનંદ થાય છે. હવે થોડા દિવસ સુધી અમે આ જ વિષય પર વિવેચન કરીશું અને ઉપર્યુક્ત સાહિત્યનું તમામ નવનીત તમારી આગળ રજૂ કરીશું. તેનો કેટલો ઉપયોગ કરવો, તે તમારા હાથની વાત છે. જો તમે એકાગ્ર ચિત્તે આ વસ્તુનું શ્રવણ કરશો તો અમારી ખાતરી છે કે તમને કર્મવિષયક સારો બોધ પ્રાપ્ત થશે અને તે તમારા આત્મવિકાસમાં ખૂબ ઉપયોગી નીવડશે.

કર્મનો અર્થ

'કર્મ' શબ્દ અહીં કયા અર્થમાં વપરાયેલો છે, તે

---

(૧) ઉત્પાદપૂર્વ, (૨) આગ્રાયનીયપૂર્વ, (૩) વીર્યપ્રવાદપૂર્વ, (૪) અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ, (૫) જ્ઞાનપ્રવાદપૂર્વ, (૬) સત્યપ્રવાદપૂર્વ, (૭) આત્મપ્રવાદપૂર્વ, (૮) કર્મપ્રવાદપૂર્વ, (૯) પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ, (૧૦) વિદ્યાપ્રવાદપૂર્વ, (૧૧) કલ્યાણપ્રવાદપૂર્વ (૧૨) પ્રાણાવાયપૂર્વ, (૧૩) ક્રિયાવિશાલપૂર્વ, અને (૧૪) લોકબિન્દુસારપૂર્વ.

તમારે જાણી લેવું જોઇએ, કારણ કે એક જ શબ્દના જુદા જુદા અર્થો થાય છે અને એકની જગાએ બીજો અર્થ કરતાં અનર્થ પેદા થાય છે. અજનો અર્થ વ્રીહિ એટલે ન ઉગે તેવી ડાંગર પણ થાય અને બકરો પણ થાય. તેમાં વ્રીહિને બદલે બકરો અર્થ કરતાં કેવો અનર્થ થયો હતો, તે તમે નારદ, પર્વત અને વસુની વાત પરથી જાણી ચૂકયા હશો.

એક વાર એક કવિએ રાજસભામાં આવીને રાજાને આશીર્વાદ આપતાં નીચેનો શ્લોક કહ્યોઃ

युधिष्ठिरस्य या कन्या ।
नकुलस्य या गेहिनी ॥
भीमसेनस्य या माता ।
सा माता वरदा भव ॥

આ શ્લોક સાંભળતાં જ ત્યાં બેઠેલા સભાજનો ઊંચા-નીચા થયા અને આ કવિએ તો અસંભવિત દોષથી ભરેલી કવિતા કહી એમ જણાવી તેના તરફ કંઇક ઘૃણા પણ બતાવવા લાગ્યા. આ કવિતાનો દેખિતો અર્થ એવો હતો કે 'જે યુધિષ્ઠિરની કન્યા છે, નકુલની સ્ત્રી છે અને ભીમસેનની માતા છે, તે માતા વરદાન આપનારી થાઓ.' હવે યુધિષ્ઠિર, નકુલ અને ભીમસેન તો એક જ માતાના પુત્ર છે, બંધુ છે, તેથી એકની કન્યા તે બીજાની સ્ત્રી અને ત્રીજાની માતા કેમ હોઇ શકે ? પરંતુ આશીર્વાદ આપનાર કવિ એટલો મૂર્ખ ન હતો કે તે આવા અર્થમાં આ શબ્દોનો પ્રયોગ કરે. તેણે બધાને વિચારમગ્ન જોઇ અર્થનો સ્ફોટ કર્યો કે 'જે યુધિષ્ઠિર એટલે યુદ્ધમાં સ્થિર રહેનાર અર્થાત્ પર્વતની પુત્રી છે, જે નકુલ

એટલે કુલ વિનાના એવા શંકરની સ્ત્રી છે અને જે ભીમસેન એટલે જેની સેના બળવાન છે એવા કાર્તિકેયસ્વામીની માતા છે, તે પાર્વતી તમને વરદાન આપનારી થાઓ.' આ અર્થ સાંભળી બધા વિસ્મય પામ્યા અને રાજાએ તેને મોટું ઇનામ આપ્યું.

કર્મ શબ્દ કર્તવ્ય, ફરજ, અનુષ્ઠાન, ધંધો, ઉદ્દેશ કે હેતુ બતાવવા માટે વપરાય છે, પણ અહીં તે અર્થ પ્રસ્તુત નથી. અહીં તો 'पावाणं कम्माणं निग्घायणट्ठाए'[1] छिन्नइ असुहं कम्मं'[2] 'कम्मघणमुक्कं'[3] कम्मट्ठविणासण[4] વગેરે પદોમાં જે અર્થમાં વપરાયેલો છે, તે જ પ્રસ્તુત છે અને તેનું જ અમે સ્પષ્ટીકરણ કરવા ઇચ્છીએ છીએ.

છ દ્રવ્યો

પ્રથમ તો આ લોક ષડ્દ્રવ્યમય અનાદિ કાલથી છે, એ વાત તમારા ખ્યાલમાં બરાબર રહેવી જોઇએ. ઘણા ભાગ્યશાળીઓને છ દ્રવ્યનાં નામ યાદ નહિ હોય. એટલે એ નામો અહીં જણાવી દઇએ. તે છે—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય.

છ દ્રવ્યોમાં આકાશ ક્ષેત્ર છે અને બાકીનાં ક્ષેત્રી છે, એટલે તેની અંદર રહેનારાં છે.

છ દ્રવ્યોમાં પ્રથમનાં પાંચ જડ છે અને છેલ્લું એટલે જીવદ્રવ્ય ચૈતન્યયુક્ત છે. આ વાત અમે અહીં ભારપૂર્વક

---

૧. આ પદ 'तस्स उत्तरी' સૂત્રમાં આવે છે. ૨. આ પદ 'सामाइयवयजुत्तो' સૂત્રમાં આવે છે. ૩. આ પદ 'उवसग्गहरं' સ્તોત્રમાં આવે છે. ૪. આ પદ જગચ્ચિંતામણિ ચૈત્યવંદનમાં આવે છે. આ બધાં સૂત્રો પ્રતિક્રમણનાં પુસ્તકમાં જોઈ શકાશે.

કહેવા ઇચ્છીએ છીએ, કારણ કે કેટલાક જડ એવા પુદ્ગલનાં સંયોજનથી પણ ચૈતન્યની ઉત્પત્તિ માને છે અને આત્મ-તત્ત્વની સ્વતંત્રતા ઉડાવી દે છે, પરંતુ પુદ્ગલમાં ચૈતન્યનો એક અંશ પણ નથી. એટલે ગમે તેટલાં પુદ્ગલોને ગમે તે રીતે, ગમે તે પ્રકારે, એકત્ર કરવામાં આવે તો પણ તેમાંથી ચૈતન્યની ઉત્પત્તિ થઈ શકતી નથી.

છ દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ અને જીવાસ્તિકાય અરૂપી છે અને પુદ્ગલ રૂપી છે. અરૂપીના ગુણો અરૂપી અને રૂપીના ગુણો રૂપી. આમ છતાં અરૂપી પદાર્થો જાણી શકાય છે. સમય પસાર થાય છે, એ દેખાતો નથી. પણ તેનાં કાર્ય વડે જાણી શકાય છે. આત્મા દેખાતો નથી, પણ તેનાં કાર્ય વડે જાણી શકાય છે. તે જ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ પણ તેનાં કાર્યો વડે જાણી શકાય છે.

જેટલું માપ લોકાકાશનું, તેટલું જ માપ ધર્માસ્તિકાયનું. જેટલા પ્રદેશ લોકાકાશના, તેટલા જ પ્રદેશો ધર્માસ્તિકાયના આકાશના એક પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ હોય, પણ બે નહિ, કારણકે તે વ્યાપક છે, એનો સંકોચ થઈ શકતો નથી. ધર્માસ્તિકાયનું પણ એમ જ સમજવું. પરંતુ આકાશના એક પ્રદેશમાં આત્માના અસંખ્યાત પ્રદેશો હોય છે, કારણ કે આત્મા હંમેશાં સર્વવ્યાપક નથી, કવચિત્ જ લોકવ્યાપી બને છે× એટલે તેનો સંકોચ-વિકાસ થઇ શકે છે.

× સમુદ્‌ઘાત વખતે આ સ્થિર બને છે. તેનો ખુલાસો 'આત્માની અખંડતા' વિષયક પાંચમાં વ્યાખ્યાનમાં અપાયેલો છે.

આધુનિક વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર(Physics,)ની મુખ્યતા છે અને તેની બોલબાલા થઈ રહી છે, પરંતુ આ વિષયમાં જૈન દર્શનના બેડાણને કોઇ પહોંચી શકે તેમ નથી. જૈન દર્શનમાં પુદ્ગલોનાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપથી સ્થૂલ સ્વરૂપ સુધીનો વિચાર બરાબર કરવામાં આવ્યો છે અને તેનાથી નિર્મિત થતાં શબ્દ, અંધકાર, પ્રકાશ, કાંતિ, છાયા આતપ, વગેરેનું પણ વિશદ વર્ણન કરેલું છે. જ્યારે ભારતનાં અન્ય દર્શનો શબ્દને આકાશનો ગુણ માનતા હતા, ત્યારે જૈન દર્શને તેને પુદ્ગલનો ગુણ માન્યો હતો અને તે ક્ષણ માત્રમાં લોકના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચવાની શક્તિ ધરાવે છે, એમ જાહેર કર્યું હતું. તે આજે રેડિયોની શોધ થતાં સાબિત થઈ ગયું છે. આ રીતે જૈન દર્શન ઘણું સૂક્ષ્મ તથા સત્ય છે અને દિનપ્રતિદિન વિદ્વાનોને તેની વિશેષ ને વિશેષ ખાતરી થતી જાય છે.

કર્મ એ પૌદ્ગલિક વસ્તુ છે

કર્મની ઓળખાણ કરવા માટે પ્રથમ પુદ્ગલની ઓળખાણ કરી લવી પડશે. કારણ કે કર્મ એ પૌદ્ગલિક વસ્તુ છે.

પુદ્ગલ અણુરૂપે પણ હોય અને સ્કંધરૂપે પણ હોય. એક ઓરડામાં બારીકોરા વાટે સૂર્યનો પ્રકાશ આવતો હોય તો તેમાં અસંખ્ય રજકણો ઉડતાં નજરે પડે છે, તેને આપણે ખૂબ નાના, બારીક કે સૂક્ષ્મ કહીએ છીએ, પણ આ તો વ્યાવહારિક વચન છે. ઘરમાં સીત્તેર વર્ષની ડોસી હોય, પચાસ વર્ષનો પિતા હોય, પચીસ, વીસ કે પંદર વર્ષનાં ભાઈ-બહેનો હોય,

તેથી પાંચ વર્ષનો છોકરો ઘણો નાનો કહેવાય છે, પણ વાસ્તવિક રીતે એ ઘણો નાનો નથી. કોઇ બે વર્ષ બાદ નવો છોકરો આવે તો એ મોટો ગણાશે ને પેલો નાનો ગણાશે. તે જ રીતે પછીના છોકરાથી એ પણ મોટો ગણાશે અને નવો આવેલો નાનો ગણાશે. તાત્પર્ય કે આ રજકણો ખૂબ નાનાં કહેવાય છે, પણ વાસ્તવિક રીતે તે ખૂબ નાનાં કે તદ્દન નાનાં નથી. તેનાથી પણ વધારે નાનાં બીજાં રજકણો હોય છે. આ રજકણોના જ્યારે ભાગ પડે અને તે ભાગના પણ વિશેષ ભાગ પડે, ત્યારે તે એટલા સૂક્ષ્મ બની જાય છે કે ગમે તેવા પ્રકાશનાં બિંબમાં પણ આપણે તેને જોઈ શકીએ નહિ.

આમ છતાં કલ્પનાથી તેનો ખ્યાલ લાવવા ચાહીએ, તો લાવી શકીએ ખરા, જેમકે એક રજકણનો આઠમો ભાગ, સોળમો ભાગ, સોમો ભાગ, હજારમો ભાગ વગેરે. આ રીતે તેના કલ્પનાથી ભાગ કરતાં કરતાં જ્યારે એવી સ્થિતિ આવી પહોંચે કે તેનો ભાગ ન જ થઇ શકે, ત્યારે તેને નાનામાં નાનો, સૂક્ષ્મમાં સૂક્ષ્મ કે સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશ કહેવાય. આવા સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશને જ શાસ્ત્રકારોએ 'અણુ'ની સંજ્ઞા આપી છે. આનાથી કોઈ વસ્તુ નાની નથી. એટલે તેને જ પરમાણુ સમજવાનો છે. જે વસ્તુ સહુથી નાની તે પરમાણું. ગમે તેવા મોટા સૂક્ષ્મદર્શક યંત્રથી પણ તે જોઈ શકાતા નથી.

એક અણુ કે પરમાણુ બીજા અણુ કે પરમાણુ સાથે જોડાય ત્યારે સ્કંધ બને છે. બે પરમાણુનો દ્વયણુક, ત્રણ પરમાણુનો ત્રયણુક, ચાર પરમાણુનો ચતુરણુક, એમ અસંખ્ય પરમાણુનો અસંખ્યાણુક અને અનંત પરમાણુનો અનંતાણુક

બને છે. આ બધાએ સ્કંધના પ્રકારો હોવાથી સ્કંધની સંખ્યા અનંતાનંત છે.

સ્કંધ કેટલો વખત ટકી શકે, તેનો ખુલાસો જૈન શાસ્ત્રોમાં થયેલો છે. જઘન્યથી સ્કંધ એક સમય ટકે, મધ્યમથી લાખો, કોડો, અબજો વર્ષ સુધી ટકે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષ સુધી ટકે. પરંતુ ત્યાર પછી તેનો નાશ થાય અને તે છૂટો પડી અણુ-પરમાણુના રૂપમાં આવી જાય. આવા અણુ-પરમાણુ ફરી પાછા ભેગા મળે અને તેનો સ્કંધ રચાય. આમ પુદ્ગલમાં ભેગા થવાની અને છૂટા પડવાની ક્રિયા થયા જ કરે છે, તેથી શાસ્ત્રકારોએ તેનું 'પુદ્ગલ' એવું ગુણનિષ્પન્ન નામ આપ્યું છે.*

જો પુદ્ગલના અણુ-પરમાણુ ભેગા થતા ન હોય તો કોઈ પણ વસ્તુ બની શકે જ નહિ. તમે પાટ, બાજોઠ, પુસ્તક ઠવણી, થાળ, દીવાલ વગેરે જે કંઈ જુઓ છો, તે બધી વસ્તુઓ પરમાણુ ભેગા થવાથી જ બનેલી છે. તે જ રીતે મોટા સ્કંધમાંથી નાના સ્કંધો અને નાના સ્કંધોમાંથી વધારે નાના સ્કંધો છૂટા પડતા ન હોય તો કોઈ પણ વસ્તુમાં કશો ફેરફાર થઈ શકે જ નહિ, જે વસ્તુ જેવી હોય તેવી જ રહે, પણ આપણે જોઈએ છીએ કે વસ્તુઓ તૂટે છે, ફૂટે છે, બગડે

* તત્ત્વાર્થસૂત્રની સિદ્ધસેનીય ટીકામાં 'पूरणगलनाश्चपुद्गलाः' એમ જણાવેલું છે. અ ૫-૧. દિગમ્બર ગ્રંથ રાજવાર્તિકમાં 'पूरणगलनान्वर्थसंज्ञत्वात् पुद्गलाः' એમ જણાવ્યું છે. અ. ૫. સૂ. ૧ ધવલા હરિવંશ પુરાણ (સર્ગ ૭) વગેરેમાં પણ લગભગ આવી જ વ્યાખ્યાઓ આપેલી છે.

સુધરે છે. અને ખંડ ખંડ ટૂકડા બની નાશ પણ પાશ છે, એટલે સ્કંધો તથા અણુ-પરમાણુ છૂટા પડે છે, એ વાત નિશ્ચિત છે.

અહીં ઉત્પત્તિ અને વિનાશની જે વાત આવી, તે આકૃતિ કે પર્યાય અંગે સમજવાની છે. મૂળ દ્રવ્ય તો ધ્રુવ નિત્ય શાશ્વત હોઇ તેમાં ઉત્પત્તિ કે વિનાશ સંભવતા નથી. આ વસ્તુ બરાબર નહિ સમજવાથી ઘણાં માણસો ઘણી વાર ભ્રમમાં પડે છે અને ઓડનું ચોડ વેતરી નાખે છે.

'એક નવીન વસ્તુની શોધ' એવા સમાચાર છાપામાં વાંચીને એક ભાઈ અમારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે 'આપ તો કહો છો કે કોઇ વસ્તુ તદ્દન નવીન બનતી નથી અને આ છાપાવાળો શું લખે છે ? એક નવીન વસ્તુની શોધ. જ્યારે એક વસ્તુ નવી શોધાઈ હશે, ત્યારે જ તે એમ લખતો હશે ને ?' અમે કહ્યું: 'મહાનુભાવ ! તમે અમારાં કહેવાનો ભાવાર્થ બરાબર સમજ્યા નથી. અમે એમ કહીએ છીએ કે આ જગતમાં જેટલાં દ્રવ્યો છે, તેટલાં જ રહે છે. તેમાં કોઇ દ્રવ્ય નવું ઉત્પન્ન થઈને ઊમેરાતુ નથી કે નાશ પામીને ઘટતું નથી. જ્યારે જુઓ ત્યારે છના છ જ હોય છે. પરંતુ તેના પર્યાયો બદલાતા રહે છે અને જ્યારે આપણા જોવા-જાણવામાં ન હોય તેવો કોઈ પર્યાય જોવા-જાણવામાં આવે છે, ત્યારે આપણે તેને નવીન શબ્દથી સંબોધીએ છીએ. 'કોલંબસે શોધેલો એક નવીન દેશ' એનો અર્થ એમ નહિ સમજવાનો કે પહેલાં એ દેશ હતો જ નહિ અને નવો ઉત્પન્ન થયો. એ દેશ તો લાખો કોડો-અબજો વર્ષોથી ત્યાં જ હતો, પણ તેની કોલંબસને તથા તેના મિત્રોને ખબર ન હતી, એટલે તેણે એને નવીન દેશ

કહ્યો. તે જ રીતે જેને એક નવીન વસ્તુની શોધ કહેવામાં આવે છે, તેનું મૂળ દ્રવ્ય તો આ વિશ્વમાં અનાદિ કાળથી હતું, માત્ર તેના પર્યાયમાં ફેર પડયો, એટલું જ. તેથી અમે જે કહીએ છીએ કે કોઇ વસ્તુ તદ્દન નવીન બનતી નથી, તે બરાબર છે. એક વસ્તુમાંથી રૂપાંતર પામીને બીજી વસ્તુ બને તેને તદ્દન નવીન કહેવાય નહિ, કારણ કે તેનું મૂળ દ્રવ્ય તો પહેલાં પણ હતું જ એટલે અહીં નવીન શબ્દનો જે પ્રયોગ છે, તેને આપેક્ષિક સમજવાનો છે.

આજે અણુ શબ્દ પ્રચલિત બન્યો છે. છાપામાં રોજ અણુબૉંબ, અણુશસ્ત્ર વગેરેની વાતો આવે છે, એટલે નાના નાના વિદ્યાર્થીઓ પણ એ શબ્દોનો ઉપયોગ કરતા થઈ ગયા છે, પરંતુ આજે અણુ શબ્દથી જે વસ્તુ પ્રચારમાં છે, તે વાસ્તવિક રીતે અણુ નથી પણ એક જાતનો સ્કંધ છે. જો એ અણુ હોય તો તેનો સ્ફોટ શી રીતે થઈ શકે ? આજના વૈજ્ઞાનિકો કહે છે કે અણુનો સ્ફોટ થવાને લીધે તેમાંથી મહાન શક્તિ ઉત્પન્ન થાય છે, પણ જે ખરેખર અણુ હોય તેનો સ્ફોટ થઇ શકે નહિ. સ્ફોટ તો સ્કંધનો જ થઈ શકે માટે તે અણુ નહિ પણ સ્કંધ જ છે.

જે સ્કંધો સૂક્ષ્મપરિણામી હોય છે, તે નજરે જોઇ શકાતા નથી. પણ બાદરપરિણામી હોય છે, તે નજરે જોઈ શકાય છે. *છ દ્રવ્યોમાં માત્ર પુદ્ગલ દ્રવ્ય એવું છે કે જે નજરે દેખી

*સૂક્ષ્મતા અને સ્થૂલતાની અપેક્ષાએ પુદ્ગલસ્કન્ધના છ પ્રકારો માનવામાં આવ્યા છે. (૧) અતિસ્થૂલ, (૨) સ્થૂલ, (૩) સ્થૂલસૂક્ષ્મ, (૪) સૂક્ષ્મસ્થૂલ, (૫) સૂક્ષ્મ અને (૬) અતિ સૂક્ષ્મ.

શકાય છે અને બીજી ઇન્દ્રિયોનો વિષય પણ બની શકે છેઃ આ જગતમાં આપણે જે કંઈ જોઇએ છીએ તે બધી પુદ્ગલની જ રચના છે.

સજાતીય અનંત સ્કંધો ભેગા થાય, તેને વર્ગણા કહેવાય. સજાતીય એટલે જેની જાતિ સમાન હોય તેવા. જાતિથી અહીં કેટલીક સમાન લક્ષણવાળી વસ્તુ સમજવાની છે. રજપૂત, વાણીયા, બ્રાહ્મણ, ખેડૂત, સોની, સઇ, સુતાર, લુહાર, મોચી, વણકર વગેરે જાતિસૂચક શબ્દો છે. એક રજપૂત અને બીજો રજપૂત સજાતીય કહેવાય. એક વાણિયો ને બીજો વાણિયો

શ્રી કુંદકુંદાચાર્યે નિયમસારમાં તેનું વર્ણન કરતાં જણાવ્યું છે કે જે પુદ્ગલસ્કન્ધનું છેદન, ભેદન તથા અન્યત્ર વહન સામાન્ય રૂપથી થઇ શકે તે પુદ્ગલ સ્કન્ધને અતિ સ્થૂલ (Solid) સમજવો. જેમકે ભૂમિ, પત્થર, લાકડું વગેરે. જે પુદ્ગલસ્કંધનું છેદન-ભેદન ન થઇ શકે પણ અન્યત્ર વહન થઇ શકે તે પુદ્ગલસ્કંધને સ્થૂલ (Liquid-પ્રવાહ) સમજવો. જેમકે ઘી, તેલ, પાણી આદિ. જે પુદ્ગલસ્કન્ધનું છેદન-ભેદન કે અન્યત્ર વહન થઈ શકે, પણ નેત્રથી દૃશ્યમાન થાય તે પુદ્ગલસ્કંધને સ્થૂલસૂક્ષ્મ સમજવો. જેમકે છાયા, તાપ આદિ. તેમને છોડીને બાકીની ચાર ઇન્દ્રિયોના વિષયભૂત થનાર પુદ્ગલસ્કંધને સૂક્ષ્મસ્થૂલ સમજવો. જેમકે વાયુ તથા અન્ય પ્રકારના ગેસો. જે પુદ્ગલસ્કન્ધ અતીન્દ્રિય હોય તે સૂક્ષ્મ સમજવો. જેમકે મનોવર્ગણા, ભાષાવર્ગણા, કાર્મણવર્ગણાના આદિના પુદ્ગલો અને જે પુદ્ગલ-સ્કન્ધ મનોવાણી આદિથી પણ સૂક્ષ્મ હોય તે સૂક્ષ્મ-સૂક્ષ્મ સમજવો. જેમ કે દ્વિપ્રદેશી સ્કંધ, ત્રિપ્રદેશી સ્કંધ વગેરે.

આ ૭ પ્રકારો ગોમ્મટસારની જીવકાંડ ગાથા ૬૦૨ માં પણ જણાવેલા છે.

સજાતીય કહેવાય. તે રીતે અ પરમાણુવાળો સ્કંધ અને અ પરમાણુવાળો સ્કંધ સજાતીય કહેવાય, બ પરમાણુવાળો સ્કંધ અને બ પરમાણુવાળો સ્કંધ સજાતીય કહેવાય. સજાતીય સ્કંધો અનંત પ્રકારના છે, એટલે વર્ગણાઓ પણ અનંત પ્રકારની છે.

પ્રથમ એક વસ્તુ સામાન્ય રૂપે કહેવાય છે અને પછી તેની વિશેષતાનું વર્ણન થાય છે. તમને ચુનીલાલ શેઠની ઓળખાણ કરાવવી હોય તો પ્રથમ એમ કહેવામાં આવે છે કે આ ચુનીલાલ શેઠ પછી કયાંના રહીશ છે ? કઇ જ્ઞાતિના છે ? કેટલી ઉંમરના છે ? શું ધંધો કરે છે ? કેવા સ્વભાવના છે ? વગેરે જણાવવામાં આવે છે, આથી તમને ચુનીલાલ શેઠની ઓળખાણ બરાબર થઇ જાય છે. પછી ચુનીલાલ શેઠ સામા મળે તો તેમને જુહાર કરો છો અને 'કોઇ વાર ઘરે પધારજો' એવું આમંત્રણ પણ આપો છો.

તત્વનો-શાસ્ત્રીય પદાર્થોનો બોધ કરાવવા માટે પણ આવો જ ક્રમ છે. પ્રથમ તેનો નિર્દેશ થાય છે, પછી તેનો પરિચય કરાવવામાં આવે છે અને છેવટે તેનાં દરેક અંગોપાંગનું બારીકાઇથી વિવેચન કરવામાં આવે છે. આથી તત્ત્વ બોધ બરાબર થાય છે અને કોઈ પણ વાતમાં ગોથા ખાવાનો વખત આવતો નથી.

અનંત વર્ગણાઓમાંથી સોલ વર્ગણાઓ વિશેષ પ્રકારે સમજવા યોગ્ય છે, તેથી પ્રથમ તેનો નામનિર્દેશ કરીશું અને પછી તેનો પરિચય આપીશું. સોળ વર્ગણાનાં નામો નીચે મુજબ છેઃ—

(૧) ઔદારિક શરીર માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૨) ઔદારિક શરીર માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૩) ઔદારિક-વૈક્રિય શરીર માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૪) વૈક્રિય શરીર માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૫) વૈક્રિય-આહારક શરીર માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૬) આહારક શરીર માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૭) આહારક-તૈજસ શરીર માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૮) તૈજસ શરીર માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૯) તૈજસ શરીર અને ભાષા માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૧૦) ભાષા માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૧૧) ભાષા અને શ્વાસોચ્છ્વાસ માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૧૨) શ્વાસોચ્છ્વાસ માટે ગ્રહણયોગ મહાવર્ગણા.
(૧૩) શ્વાસોચ્છ્વાસ અને મન માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૧૪) મન માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.
(૧૫) મન અને કર્મ માટે અગ્રહણયોગ્ય મહાવર્ગણા.
(૧૬) કર્મ માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા.

આ સોળમી વર્ગણાને કાર્મણવર્ગણા કહેવામાં આવે છે.

જેમાં ઘણી પેટાવર્ગણાઓ હોય તે મહાવર્ગણા કહેવાય. આ મહાવર્ગણાઓમાં કેટલીકને અગ્રહણયોગ્ય કહી છે અને કેટલીકને ગ્રહણ યોગ્ય કહી છે, તેનો વાસ્તવિક અર્થ શો છે? તે તમોને સમજાવીશું.

સ્કંધોનો જથ્થો મોટો હોય અને તેમાં પરમાણુ ઓછા

હોય* તો તેનું ઔદારિક શરીર બની શકે નહિ. આવા સ્કંધો પણ દુનિયામાં અનંતા છે. તેને ઔદારિક શરીર માટે અગ્રહણયોગ્ય વર્ગણા કહેવાય છે.

આવા સ્કંધોનું સ્વરૂપ નાનું થાય અને તેમાં પરમાણુની સંખ્યા વધે તો તે ઔદારિક શરીરને માટે યોગ્ય બને. તેને ઔદારિક શરીર માટે ગ્રહણ યોગ્ય કહેવાય.

ઔદારિક શરીર માટે યોગ્ય વર્ગણાના સ્કંધોનું સ્વરૂપ નાનું થાય અને તેમાં પરમાણુઓ વધારે હોય તો તેનું ઔદારિક કે વૈક્રિય શરીર બની શકે નહિ, એટલે તે ઔદારિક તથા વૈક્રિય શરીર માટે અગ્રહણયોગ્ય કહેવાય. તેનું કદ નાનું થાય અને પરમાણુઓની સંખ્યા વધે ત્યારે તે વૈક્રિય શરીર માટે ગ્રહણ યોગ્ય થાય.

આહારક શરીર, તૈજસ શરીર, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મની વર્ગણાઓને માટે પણ આમ જ સમજવું. પરમાણુઓની સંખ્યામાં વધઘટ થવાથી અગ્રહણયોગ્ય વર્ગણાઓ ગ્રહણયોગ્ય બને છે અને ગ્રહણયોગ્ય વર્ગણાઓ અગ્રહણયોગ્ય બને છે. એટલી વાત લક્ષમાં રાખવી.

બધી વર્ગણા એક જ સ્થાનમાં કેમ રહી શકે? એક

---

* રૂનો જથ્થો મોટો હોય છે અને પરમાણુ ઓછા હોય છે. સોનાનો જથ્થો નાનો હોય છે અને તેમાં પરમાણુ વધારે હોય છે. એક મણ રૂ હોય તો તેનો મોટો ગાંસડો બાંધવો પડે છે અને એક મણ સોનું હોય તો લગભગ પોણા ઘન ફુટ જેટલી જગામાં તે આવી જાય. જેમ સ્કંધમાં પરમાણુ વધારે, તેમ તેનો પરીણામ સૂક્ષ્મ.

બીજામાં ભેગી કેમ ન થઈ જાય ? દાખલા તરીકે આત્મા ઔદારિક શરીરને યોગ્ય વર્ગણાઓ ભેગી કરીને ઔદારિક શરીર બનાવતો હોય, ત્યારે તેમાં વૈક્રિય શરીરની વર્ગણાઓ કેમ ન આવી જાય ? એ તમારે જાણવું જોઇએ

પરમાણુઓમાં અને તેના સ્કંધોમાં એવી તાકાત છે કે તેના તે આકાશમાં એક, બે કે અસંખ્યાત અનંત પણ સાથે રહી શકે. દીવાનું દૃષ્ટાંત સામે રાખવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ સમજાશે. એક ઓરડામાં એક દીવાનો પ્રકાશ પણ રહી શકે છે, બે દીવાનો પ્રકાશ પણ રહી શકે છે, બાર દીવાનો પ્રકાશ પણ રહી શકે છે અને બત્રીશ દીવાનો પ્રકાશ પણ રહી શકે છે. તે રીતે સેંકડો અને હજારો દીવાનો પ્રકાશ પણ રહી શકે છે. આમ છતાં તે પ્રકાશો અંદર અંદર અથડાતા નથી, કે ટકરાતા નથી કે એક બીજાનો નાશ કરતા નથી. અને દરેક દીવાનો પ્રકાશ જ્યારે જોઇએ ત્યારે જુદો જ હોય છે. જે દીવાને બહાર લઈ જાઓ તેનો પ્રકાશ પણ તેની સાથે જાય છે.

વળી તેના તે જ ઓરડામાં બત્તીનો પ્રકાશ ઉપરાંત તમારે રહેવું હોય તો પણ રહી શકો છો, તમારા કુટુંબને રાખવું હોય તો પણ રાખી શકો છો અને ઘરવખરીની નાની મોટી વસ્તુઓ રાખવી હોય તો તે પણ રાખી શકો છો. તેમાં કોઇ બાધ આવતો નથી.

આ પ્રકાશ નજરે જોઈ શકાય એવો સ્થૂલ છે, છતાં તે સાથે રહી શકે છે અને તેમાં કંઈ અવરોધ આવતો નથી, તો જે પરમાણુ અતિ સૂક્ષ્મ છે અને નજરે પણ જોઇ શકાતા નથી તેને સાથે રહેવામાં શો અવરોધ આવે ? તાત્પર્ય કે ન જ આવે.

જેમ એક ઘરમાં માતા, પિતા, ભાઇ, બહિની વગેરે જુદી જુદી વ્યક્તિઓ રહી શકે છે, તેમ એક આકાશના પ્રદેશમાં જુદા જુદા દ્રવ્યો રહી શકે છે. તેમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વ્યાપેલા હોય છે, પરમાણુ રૂપે પુદ્ગલ હોય છે અને આત્માઓના પ્રદેશો પણ અનંતાઅનંત હોય છે. પરંતુ તે એક બીજાને ધક્કો લગાડતા નથી.

સમસ્ત લોકમાં પુદ્ગલો ઠાંસી ઠાંસીને ભરેલા છે અને કાર્મણ વર્ગણા પણ સર્વત્ર વ્યાપેલી છે, તેથી ચૌદ રાજલોકના કોઇ પણ ભાગમાં રહેલો આત્મા આ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને તરત જ ગ્રહણ કરી શકે છે આ પુદ્ગલો ગ્રહણ થયા પછી આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત થઇ જાય, ત્યારે તેને કર્મ કહેવામાં આવે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે 'બીજું કંઇ નામ ન આપતાં કર્મ નામ કેમ આપ્યું?' આ પ્રશ્નનો અમે ઉત્તર આપીએ છીએ. આ દુનિયામાં કેટલાંક નામો ગુણનિષ્પન્ન હોય છે અને કેટલાંક નામો રૂઢ હોય છે. તમે છોકરો રુપાળો હોય છતાં કાળિયો કે કાલિદાસ કહો છો, ડાહ્યો હોય છતાં ગાંડો કે ગાંડાલાલ કહો છો અને બડો તોફાની હોય છતાં શાંતિ કે શાંતિલાલ કહો છો. આ બધા રૂઢ નામો છે. ઘણા માણસો નામના શોખીન હોય છે, એટલે તેમને કર્ણમધુર સુંદર નામો ગમે છે. પણ જેવાં તેવાં નામો ગમતાં નથી. આથી તેઓ પોતાનું નામ બદલે છે અને મનમાં ફુલાય છે કે અમારું નામ કેવું સુંદર પડયું! પણ નામમાં શું રાખ્યું

છે? તમે ઠણુઠણુપાલની વાત સાંભળો, એટલે નામ વિષેનો તમારો મોહ ઉડી જશે.

ઠણુઠણુપાલની વાત.

એક શેઠ પાસે પૈસોટકો સારો હતો અને તેઓ બધી વાતે સુખી હતા, પરંતુ તેમનો કોઈ પણ પુત્ર બાર મહિના કરતાં વધુ વખત જીવતો નહિ. તેમને છ પુત્ર થયા અને છયે આ રીતે મરણ પામ્યા. પછી સાતમા પુત્રનો જન્મ થયો, ત્યારે એ પુત્રનું નામ ઠણુઠણુપાલ પાડયું. આ પુત્ર યોગાનુયોગે બાળમરણથી બચી ગયો અને કાલક્રમે યુવાન થયો.

આ વખતે કેટલાક મિત્રો તેને કહેવા લાગ્યા, કે 'તારૂં નામ બીજું કંઈ નહિ ને ઠણુઠણુપાલ કેમ પાડયું? આ નામ તો ઘણું લજામણું લાગે છે! કંઈ નહિ ને ઠણુ....ઠણુ.... પાલ!' આમ ઘણા મિત્રોએ ચીડવવાથી તે પોતાના પિતાને કહેવા લાગ્યો કે 'પિતાજી આ દુનિયામાં નામોની ખોટ કયાં હતી કે તમે મારું નામ ઠણુઠણુપાલ પાડયું? આ નામ બહુ ખરાબ લાગે છે, માટે સારું નામ બદલી નાખો.'

પિતાએ કહ્યું: કે 'બેટા! માણસનું નામ તો જીંદગીમાં એક જ વાર પડે. વળી જે નામ લોકજિહ્વાએ ચડી ગયું હોય તે આપણું બદલ્યું બદલાય નહિ, માટે કોઇ ગમે તેમ કહે, પણ તારે એના પર ધ્યાન આપવું નહિ.'

ઠણુઠણુપાલે કહ્યું: 'પરંતુ પિતાજી! આ નામ તો સાંભળવામાં ઘણું ખરાબ લાગે છે. તે મને જરાય ગમતું નથી.'

પિતાએ કહ્યું: 'બેટા! કોઇને એ નામ સાંભળવામાં

ખરાબ લાગતું હશે, પણ અમને તો એ બહુ મધુર લાગે છે. જ્યાં અમે ઠણુઠણપાલ એ શબ્દો સાંભળીએ છીએ, ત્યાં અમારાં અંતરમાં આનંદ ઉભરાવા લાગે છે, અમારું હૈયું હર્ષના હેલે ચડે છે. બેટા! બધાં નામો કંઈ સાર્થ હોતાં નથી. કોઈનું નામ કચરો હોય છે, કોઈનું નામ પૂંજો હોય છે, કોઈનું નામ ભીખો હોય છે, તેમ આ ઠણુઠણપાલ. સાચી વાત એ છે કે આપણે નામ કરતાં કામ પર જ વિશેષ ધ્યાન આપવું જોઈએ. જે સારાં કામ કરે તેનું નામ સારું, બાકી નામ ગમે તેવા રૂડાંરૂપાળાં હોય તે શા કામનાં? ઋષભનો અર્થ વૃષભ એટલે બળદ થાય છે, પરંતુ તેમણે માનવસમાજ માટે નવયુગ પ્રવર્તાવ્યો અને પોતાનું આત્મકલ્યાણ સાધી લોકોને તારવા માટે ધર્મતીર્થની સ્થાપના કરી, તો આજે તેઓ શ્રી ઋષભદેવ તરીકે સર્વત્ર પૂજાય છે અને લાખો-કરોડો માનવીના આદર્શ બનેલા છે. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, એ નામો પણ અર્થમાં સુંદર નથી, છતાં તેમનાં કામને લીધે જ તે લોકપ્રિય બનેલાં છે, માટે તારે નામ કરતાં કામ પર જ વિશેષ ધ્યાન આપવું.'

પરંતુ પિતાની આ શિખામણથી ઠણુઠણપાલનાં મનનું સમાધાન થયું નહિ, ત્યારે પિતાએ તેને સુંદર નામ શોધી લાવવાનું જણાવ્યું.

હવે થોડા દિવસ બાદ કોઈ કામપ્રસંગે ઠણુઠણપાલ ગામની બહાર ગયો. ત્યાં એક આધેડ ઉંમરની સ્ત્રી તેના જોવામાં આવી. તેનાં વસ્ત્ર ફાટેલાં-તૂટેલાં હતાં અને આખો દિવસ મહેનત-મજૂરી કરવાથી તેનું શરીર શ્યામ બની ગયું હતું. તેણે સવારથી મધ્યાહ્ન સુધી મહેનત કરીને અડાયાં-છાણાંનો

એક મોટો ટોપલો ભરેલો હતો. તેણે ઠણઠણપાલને કહ્યું: 'ભાઇ! આ ટોપલો માથે ચડાવવામાં મને જરા હાથ આપો.' એટલે ઠણઠણપાલ તેની પાસે ગયો અને ટોપલાને હાથ દેતાં બોલ્યો, કે 'બહેન! તમારૂં નામ શું?' પેલી સ્ત્રીએ કહ્યું: કે 'લખમી.'

ઠણઠણપાલને આ નામ સાંભળી કંઈક આશ્ચર્ય થયું. તેણે લખમીને પૂછ્યું: કે 'બહેન! તમારું નામ તો લક્ષ્મી છે અને તમે આ છાણાં વીણવાનું કામ કરો છો?'

લખમીએ કહ્યું: 'ભાઈ! નામને શું કરવાનું? આ દુનિયામાં 'નામ મોટાં અને દરસણ ખોટાં' એવો જ વ્યવહાર ચાલે છે. મારી સ્થિતિ ઘણી ગરીબ છે, તેથી આ રીતે છાણાં-લાકડાં વીણીને બજારમાં વેચું છું અને તેનાથી મારૂં ગુજરાન ચલાવું છું.

આટલું કહી લખમી ચાલતી થઇ અને ઠણઠણપાલ પોતાના રસ્તે પડયો, પણ આખા રસ્તે તેનાં મનમાં બે જ શબ્દો ગુંજ્યા કર્યા: 'લખમી' અને છાણાં.'

તે થોડું આગળ ચાલ્યો, ત્યાં એક માણસ સામો મળ્યો તેને ઠણઠણપાલે પૂછ્યું, કે 'ભાઇ! તમારું નામ શું? પેલાએ જવાબ આપ્યો, કે 'ધનપાલ.' આ નામ સાંભળી ઠણઠણપાલ ખુશ થયો. તેણે કહ્યું: 'વાહ! તમારૂં નામ તો બહુ સુંદર છે! વારુ, આપ હાલમાં શું કામ કરો છો? ધનપાલ છો, એટલે મોટો વેપારવણજ ખેડતા હશો એમ માનું છું.' આ સાંભળી ધનપાલે કહ્યું: 'ભાઇ! મારૂં નામ ધનપાલ છે, એટલું જ. બાકી

મારે અને ધનને બારમો ચંદ્રમા છે, એટલે જે કંઈ ધન આવે તે મારી પાસે ટકતું જ નથી. હાલમાં હું માગી-ભીખીને જેમ તેમ મારૂં પૂરૂં કરૂં છું.'

આ શબ્દો સાંભળતાં જ ઠણઠણપાલ ઠરી ગયો. લક્ષ્મી છાણાં વીણે અને ધનપાલ ભીખ માગે, એ તો ભારે અજાયબી!

આગળ જતાં સ્મશાન આવ્યું, ત્યાં ઘણા માણસો એકત્ર થયા હતા અને એક મડદાંને અગ્નિદાહ દેવાઈ રહ્યો હતો. ઠણઠણપાલે સ્વાભાવિક જિજ્ઞાસાથી એ માણસોને પૂછયું, કે 'અરે ભાઈ! કોણ મરી ગયું?' ત્યારે ડાઘુમાંના એકે જવાબ આપ્યો, કે 'આ તો અમરસીભાઇ ગુજરી ગયા. માણસ બહુ ભલા હતા અને નખમાંયે રોગ ન હતો, છતાં કોણ જાણે કેમ આજે વહેલી સવારમાં ઠરી ગયાં.'

આ સાંભળી ઠણઠણપાલે કહ્યું: 'પણ અમરશીભાઈ મરે ખરા!' પેલાને આ પ્રશ્ન ઘણો વિચિત્ર લાગ્યો, છતાં તેણે શાંતિથી જવાબ આપ્યો, કે 'ભાઇ! આ જગતમાં તો અમરશીભાઇ હોય, અનંતરાય હોય કે અક્ષયકુમાર હોય. વળી ઈશ્વરલાલ, ભગવાનદાસ, મહાદેવપ્રસાદ, મુરારિ, ધ્રુવ અને નિત્યાનંદ સહુને એક દિવસ અવશ્ય મરવાનું છે. મૃત્યુને હજી સુધી કોઇ ટાળી શકયું નથી અને ટળે પણ નહિ.'

આ જવાબ સાંભળતાં ઠણઠણપાલ ચૂપ થઇ ગયો, અને ઘરે આવી પોતાનાં કામે લાગ્યો. થોડા દિવસ પછી પિતાએ પૂછયું: 'કેમ બેટા! તેં કોઇ સુંદર નામ શોધી કાઢયું?' ત્યારે ઠણઠણપાલે કહ્યું:—

લખમી છાણાં વીણંતી, ભીખ માગે ધનપાલ.
અમરશી મરતાં દીઠો, ભલો હું ઠણઠણપાલ.

'લખમીને છાણાં વીણતી જોઇ, ધનપાલને મેં ભીખ માગતાં જોયો અને અમરશીને મેં મરતાં દીઠો, એટલે કોઇમાં પણ નામ પ્રમાણે ગુણ જોયા નહિ, તેથી મારું નામ ઠણઠણપાલ છે, એ જ ઠીક છે.'

આ જવાબથી પિતાએ ખૂબ આનંદ પામી તેને સાબાશી આપી.

આ તો પ્રાસંગિક વાત થઇ, પણ કર્મ નામ ગુણ સંપન્ન છે, એટલે તેનામાં નામ પ્રમાણે અર્થ છે. જે વસ્તુ ક્રિયાજન્ય હોય તે કર્મ કહેવાય. આ કર્મ ક્રિયાજન્ય છે, આત્માની ક્રિયા વડે ઉત્પન્ન થયેલ છે, એટલે તેનું નામ સાર્થક છે.'

આ વિવેચનનાં સારરૂપે એટલું યાદ રાખવાનું કે કર્મ એ કલ્પના નથી. પણ એક વસ્તુ છે; તે પુદ્ગલનો એક પ્રકાર છે, સ્વભાવે જડ છે, અને આત્માનાં વિરોધી તત્ત્વ તરીકે કામ કરે છે. પ્રાણીઓને આ જગતમાં જે કંઈ દુઃખ કષ્ટ, આપત્તિ, કે મુશ્કેલીનો અનુભવ કરવો પડે છે, તે કર્મના સંબંધને આભારી છે. કર્મ આપણા મિત્ર, દોસ્ત કે હિતસ્વી નથી, પણ પરમ શત્રુ છે. મહાન દુશ્મન છે અને આપણું અનેક પ્રકારે અહિત કરનાર છે તેથી તેનો સંબંધ કેમ છૂટે ? તેની જ પેરવીમાં આપણે રહેવું જોઇએ. વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન અઢારમું

કર્મની શક્તિ

મહાનુભાવો !

વૈદકના વિષય સાથે રસાયણનો વિષય જેમ સંબંધ ધરાવે છે, તેમ આત્માના વિષય સાથે કર્મનો વિષય ઘણો નિકટનો સંબંધ ધરાવે છે, તેથી ગઇ કાલે આપણે તેને હાથ ધર્યો છે. પરંતુ આ વિષય સૂક્ષ્મ છે, વધારે સ્પષ્ટ કહીએ તો સોયનાં નાકા જેવો સૂક્ષ્મ છે, પણ પ્રયત્ન કરશો તો તમારો મનરૂપી દોરો તેમાં જરૂર પરોવાઇ જશે.

તમે કક્કો ઘૂંટવા માંડ્યો ત્યારે એ કામ અઘરૂં લાગતું હતું. ક-નો વળાંક કેમે કરી બેસતો ન હતો. ખ પણ તમારાં ખમીરની કસોટી કરતો હતો. પરંતુ તમે પ્રયત્ન ચાલુ રાખ્યો તો ક-ખ અને બાકીના બધા વર્ણો બરાબર શીખી ગયા અને આજે આખી વર્ણમાલા તમે માત્ર એક જ મીનીટમાં લખી શકો છો.

પ્રયત્નને ટકાવનાર શ્રદ્ધા છે, એટલે તે પણ તમારાં હૃદયમાં પૂરતા પ્રમાણમાં હોવી જોઇએ. એક વાર અભણ અબૂઝ ગણાતાં માણસો શ્રદ્ધાપૂર્વકનો પ્રયત્ન કરવાથી પંડિતની પંક્તિમાં બિરાજી શકયા, તો તમારા જેવા ભણેલાગણેલા અને પાંચમાં પૂછાતાં માણસો શ્રદ્ધાપૂર્વકના પ્રયત્નથી શું ન કરી શકે ?

શરૂઆતમાં બાળકોને દૂધ પચાવવું ભારે પડે છે, તેથી તેમાં પાણી ઉમેરવામાં આવે છે. આ પાણીવાળું દૂધ તેઓ સહેલાઇથી પચાવી જાય છે અને ધીમે ધીમે દૂધ પીતા થઈ જાય છે. અમે પણ તમને નક્કર જ્ઞાનરૂપી દૂધ એકદમ નહિ પચે એમ માનીને તેને યુક્તિ, અનુભવ તથા દૃષ્ટાંતરૂપી જળથી મિશ્રિત કરીને પીરસીએ છીએ, એથી આ જ્ઞાન પચાવવામાં તમને જરાપણ મુશ્કેલી નહિ જ પડતી હોય.

અહીં જે કંઇ કહેવાય તે એકાગ્ર ચિત્તે સાંભળો અને સમય મેળવી તેના પર ઊંડો વિચાર કરો. ગાય-ભેંસ વગેરે જનાવરોને જેમ ખાધેલું વાગોળવાથી આનંદ આવે છે તેમ તમને પણ સાંભળેલું સારી રીતે વિચારવાથી આનંદ આવશે અને તમારો આત્મા પ્રસન્ન થશે. જ્ઞાનમાં આનંદ આપવાનો ભારે ગુણ રહેલો છે, તેથી જ મનુષ્ય સાધનરહિત અવસ્થામાં પણ અપૂર્વ આનંદ માણી શકે છે.

કર્મ એ પુદ્ગલ છે, જડ છે, તેથી તેમાં શું શક્તિ હોય ? એમ કોઇ માનશો નહિ. જડ રેખાઓનું બનેલું દોરડું મોટા મોટા હાથીઓને બાંધી રાખે છે અને જડ વસ્તુઓના સંયોગથી બનેલો દારૂ પળવારમાં પ્રાણીઓના પ્રાણ હરી લે છે. સને ૧૯૪૪ ના એપ્રિલ માસની ૧૪મી તારીખે મુંબઇની ગોદીમાં પડેલી એક સ્ટીમરમાં દારૂગોળાનો ધડાકો થયો, તેણે આખા મુંબઇને ધણધણાવી નાખ્યું હતું, એ ધડાકાએ લોખંડના મોટા મોટા ગડરોના ટુકડા કરી નાખ્યા હતા અને તેને હવામાં ઉછાળીને અધા માઇલ દૂર મોકલી આપ્યા હતા. એ વખતે હવામાં

જે દબાણ આવ્યું, તેણે નજીકના અને દૂરનાં મકાનોનાં બંધ બારણાં એક સેંકડમાં જ ઉઘાડી નાંખ્યાં હતાં અને દોઢ દોઢ ઇંચ જાડા પીત્તળના સળીયા વાળીને ધનુષ્યાકાર કરી નાંખ્યા હતા.

બૉંબના ધડાકા આથી પણ વધારે જોરદાર હોય છે અને તે મકાન-માળા, પુલ, રસ્તા વગેરેને ઘડીકમાં તોડી નાંખે છે. હવે તો હાઇડ્રોજન બૉંબ નીકળ્યા છે, તે આ બૉંબ કરતાં સો ગણી વધારે શક્તિ ધરાવે છે અને અણુબૉંબ તો તેથી પણ ઘણા આગળ વધી ગયા છે. છેલ્લા વિશ્વયુદ્ધમાં જાપાનના હીરોસીમાં શહેર પર એક નાનકડો અણુબૉંબ નાખવામાં આવ્યો હતો, તેણે ભયંકર તારાજી કરી હતી. તેમાં ૨૪૦૦૦૦ મનુષ્યો જાનથી માર્યા ગયા હતા, ૧૭૦૦૦૦ ને નાની મોટી ઇજાઓ પહોંચી હતી અને ૭૦૦૦ માણસો બેપત્તા બની ગયા હતા. મોટા અણુબૉંબ તો આખા પ્રદેશની તારાજી કરવાની શક્તિ ધરાવે છે.

તાત્પર્ય કે જડમાં પણ અનંત શક્તિ હોય છે અને તેથી જ તે આત્માની શક્તિને-આત્માના ગુણોને દબાવી શકે છે.

અહીં તમને પ્રશ્ન થશે કે ' આત્માની શક્તિ પણ અનંત અને કર્મની શક્તિ પણ અનંત એ રીતે તો બંને સમાન શક્તિવાળા થયા. તો પછી કર્મ આત્માની શક્તિને આત્માના ગુણોને શી રીતે દબાવી શકે ?' એટલે તેનું સમાધાન કરીશું. આત્માની શક્તિ જ્યારે પૂર્ણ વિકાસ પામે છે, ત્યારે અનંતી હોય છે, તેથી નિશ્ચયનયની દૃષ્ટિએ એમ કહેવાય છે.

કે 'આત્માની શક્તિ અનંત છે.' પરંતુ વ્યવહારથી જોઈએ તો એ શક્તિમાં ઘણી તરતમતા છે, એટલે પ્રારંભમાં તે અતિ અલ્પ શક્તિવાળો હોય છે. પછી ધીમે ધીમે શક્તિનો વિકાસ કરતો જાય છે અને છેવટે અનંત સુધી પહોંચે છે. આ સંયોગોમાં અતિ બળવાન એવી કર્મસત્તા તેને દબાવી શકે એ સ્વાભાવિક છે. પરંતુ અહિં એ જણાવી દઇએ કે આત્માની આ છેવટની અનંત શક્તિ કર્મની અનંત શક્તિ કરતાં ઘણી જોરાવર હોય છે. એટલે તે કર્મશક્તિને મહાત કરી શકે છે અને તેનો સંપૂર્ણ નાશ કરવાને સમર્થ થાય છે. જેમ બે મનુષ્યો વચ્ચે, બે ઘોડાઓ વચ્ચે કે બે હાથીઓ વચ્ચે તફાવત હોય છે, તેમ બે અનંત વચ્ચે પણ તફાવત હોય છે. તેથી એક અનંત મોટું વધારે જોરાવર અને બીજું અનંત નાનું-કમજોર સંભવી શકે છે.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું, ત્યારે ઇંગ્લાંડ અને ફ્રાંસની સેનાઓ સખ્ત હાર પામી રહી હતી અને ચારે બાજુ હિટલરનો જયજયકાર થઈ રહ્યો હતો. એ વખતે એમ જ લાગતું હતું કે હિટલરની સેના બધા દેશોને જોતજોતામાં જીતી લેશે અને હિટલર એક જગવિજેતા તરીકે બહાર આવશે પણ યુદ્ધ આગળ લંબાયું અને પરિસ્થિતિમાં પલટો આવવા લાગ્યો. તે એટલે સુધી કે હિટલર હારી ગયો અને તેને આપઘાત કરીને મરવાનો વખત આવ્યો. આત્મા અને કર્મના યુદ્ધમાં પણ બરાબર આવી જ સ્થિતિ નજરે પડે છે. પ્રથમ કર્મો ઘણું જોર કરે છે, પણ ધીમે ધીમે આત્મા બળવાન થતો જાય છે અને છેવટે તે કર્મોની સત્તાને સંપૂર્ણ રીતે ફગાવી દે છે.

પરંતુ આ તો છેવટની વાત છે, એટલે હાલ તો આપણે કર્મસત્તા બળવાન છે, એમ માનીને જ ચાલવાનું છે.

શાસ્ત્રકારોએ કર્મસત્તા અંગે નીચેનો શ્લોક કહ્યો છેઃ-

नीचैर्गोत्रावतारश्चरमजिनपतेर्मल्लिनाथेऽबलात्व
मान्ध्यं श्रो ब्रह्मदत्ते भरतनृपजय: सर्वनाशश्च कृष्णे ।
निर्वाणं नारदेऽपि प्रशमपरिणति: स्याच्चिलातीसुते वा,
त्रैलोक्याश्चर्यहेतुर्जयति विजयिनी कर्मनिर्माणशक्ति: ॥

સર્વ પદોમાં જિનપતિ એટલે તીર્થંકરનું પદ શ્રેષ્ઠ ગણાય. તેઓ ઊંચા ક્ષત્રિયકુળમાં જન્મ ધારણ કરે એવી પરાપૂર્વની રીતિ, છતાં ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાન દશમા પ્રાણત દેવલોકમાંથી ચ્યવીને ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા દેવાનંદાની કુક્ષિમાં અવતર્યા. બ્રાહ્મણકુળ એટલે ભિક્ષુકનું કુળ. તેથી તેની ગણતરી નીચા કુળમાં થાય. તીર્થંકર છતાં તેમને આવાં નીચાં કુળમાં અવતરવુ પડયું ! કારણ વિના કાર્ય હોય નહિ. એટલે તેનું પણ કંઈ કારણ હોવું જોઈએ. આ કારણ તેમણે મરીચિના ત્રીજા ભવને વિષે કુળમદથી બાંધેલું નીચગોત્ર નામનું કર્મ હતું. 'મારા દાદા તીર્થંકરોમાં પ્રથમ; મારા પિતા ચક્રવર્તીઓમાં પ્રથમ અને હું વાસુદેવોમાં પ્રથમ થઈશ. અહો મારૂં કુળ કેવું ઉત્તમ ? એમ બોલીને તેમણે જાતિમદ કર્યો હતો અને પોતાની ભુજાઓ વારંવાર ઠપકારી હતી. આ કર્મ અનેક ભવોમાં ભોગવવા છતાં બાકી રહેલું તેમને છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું, એટલે નીચા કુળમાં જન્મ થયો. તીર્થંકરનો જન્મ એક બ્રાહ્મણકુળમાં

થવો એ એક આશ્ચર્ય ગણાય, પણ કર્મસત્તાનાં પ્રાબલ્યને લીધે તે બનવા પામ્યું હતું.

બધા તીર્થંકરો પુરુષરૂપે જન્મે, એ પણ પરાપૂર્વની રીતિ. તમે નમોત્થુણં સૂત્રમાં તીર્થંકરદેવની સ્તુતિ કરતાં. ' પુરિસુત્તમાણં, પુરિસસીહાણં પુરિસવરપુંડરીઆણં પુરિસવરગન્ધહત્થીણં' વગેરે પદો બોલો છો ને ? તેનો અર્થ એ છે કે તીર્થંકરો બધા પુરુષોમાં ઉત્તમ હોય છે જો પુરુષોને વનપશુઓની ઉપમા આપીએ તો તીર્થંકરો તેમાં સિંહ સમાન છે. જો પુરુષોને કમલની ઉપમા આપીએ તો તીર્થંકરો તેમાં શ્રેષ્ઠ પુંડરીક (શ્વેત કમળ) કમલ સમાન છે. જો પુરુષોને હાથીની ઉપમા આપીએ તો તીર્થંકરો તેમાં ઉત્તમ ગંધહસ્તી સમાન છે. આમ તીર્થંકરોનું ઉત્તમ પુરુષત્વ સિદ્ધ હોવા છતાં ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ અબળાનો અવતાર પામ્યા એ શું ઓછું આશ્ચર્ય છે ? મહાબલ કુમારના ભવે તેમણે ખૂબ તપશ્ચર્યા કરી હતી પણ તેમાં કેટલુંક માયાનું સેવન થયું હતું, તેથી આ ભવમાં તેમને સ્ત્રી વેદનામનું કર્મ ઉદયમાં આવ્યું હતું.

ચક્રવર્તીઓ ઉત્તમ લક્ષણથી યુક્ત હોય છે અને તેમનું શરીર ઘણું દેખાવડું હોય છે. તેમનાં કોઈ અંગોપાંગમાં ખામી હોતી નથી. આમ છતાં બ્રહ્મદત્ત ચક્રવર્તીને અંધાપો આવ્યો અને તે સોળ વર્ષ સુધી ભોગવવો પડ્યો, એ કર્મજનિત આશ્ચર્ય નહિ તો બીજું શું છે ? બ્રહ્મદત્ત ચક્રવર્તીને અંધાપો શી રીતે આવ્યો, તે પણ અહીં પ્રાસંગિક જણાવી દઈએ.

એક વાર એક બ્રાહ્મણ મિત્રે બ્રહ્મદત્તને આગ્રહ કર્યો કે 'આવતી કાલે મારે કુટુંબ સાથે તમારે ત્યાં ભોજન કરવું છે' બ્રહ્મદત્તે કહ્યું કે 'ભાઈ! મારું ભોજન મને જ પચે એવું છે. તે બીજાથી જીરવી શકાય એવું નથી, માટે મારે ત્યાં જમવું રહેવા દે.' પરંતુ બ્રાહ્મણ-મિત્રે હઠ પકડી, એટલે બ્રહ્મદત્તે તેનું કહેવું મંજૂર રાખ્યું. બીજા દિવસે બ્રાહ્મણ અને તેનું કુટુંબ રાજમહેલ જમવા ગયું. ત્યાં તેઓ પુષ્કળ તેજાના અને માદક પદાર્થોથી બનાવેલું ભોજન જમ્યા. આથી તેમની જ્ઞાન ઠેકાણે ન રહી, મનોવૃત્તિ ખૂબ ચંચળ બની અને તેઓ ભાન ભૂલીને માતા, ભગિની આદિ અકલ્પ્ય, અભોગ્ય, અયોગ્ય ક્રીડા કરવા લાગ્યા. સવારે જ્યારે એ ભોજનનો કેફ ઉતરી ગયો, ત્યારે એ અકલ્પ્ય, અભોગ્ય, અયોગ્ય ક્રીડા કરવા માટે તેઓ બહુ શરમાઈ ગયા. બ્રાહ્મણ સમજ્યો કે બ્રહ્મદત્તે ઈરાદાપૂર્વક મને કંઈક અવડાવી દીધું અને મારી હાલત આવી કરી, તેથી તેને જોઈ લેવો.

એક બ્રાહ્મણ-ચક્રવર્તીને શું કરી શકે? એમ તમને લાગશે, પણ નાનકડો મચ્છર હાથીના કાનમાં પેસી જાય છે તો તેને તોબાહ પોકારાવે છે કે નાનો સરખો અગ્નિનો તણખો ઘાસની ગંજીમાં પડે છે તો તેને બાળી નાખે છે, એ ભૂલતા નહિ. આ બ્રાહ્મણ વેર લેવાના ઈરાદાથી ત્યાંથી ચાલી નીકળ્યો.

હવે તે બ્રાહ્મણ એક જંગલમાંથી પસાર થતો હતો, ત્યારે તેણે એક ભરવાડને ગલોલ વતી પીંપળાનાં પાનમાં કાણાં પાડતો જોયો. તેને લાગ્યું કે આ માણસ મારાં કામનો છે, તેથી તેની

નજીક ગયો અને તેની આગળ સોનામહોરની ઢગલી કરી. આથી ભરવાડ ખૂબ ખૂશ થઇ ગયો અને બોલ્યો કે 'મારા લાયક કંઇ કામકાજ હોય તો કહેજો.' બ્રાહ્મણે કહ્યું કે 'તમારું એક કામ છે. હું તમને જે માણસ બતાવું, તેની બે આંખો તમારે ગલોલ મારીને ફોડી નાખવી' ભરવાડે તે કબૂલ કર્યું. પછી તે બ્રાહ્મણ ભરવાડને લઇને કાંપિલ્યપુર આવ્યો કે જે બ્રહ્મદત્ત ચક્રવર્તીની રાજધાની હતી અને જ્યાં બ્રાહ્મણ પોતે રહેતો હતો. ત્યાં બ્રાહ્મણે બ્રહ્મદત્તને બતાવ્યો અને ભરવાડે એક વખત લાગ જોઇ ગલોલમાંથી બે કાંકરા છોડયા, તે આબાદ બ્રહ્મદત્તની આંખોમાં સોંસરા ઉતરી ગયા અને તેની બંને આંખો ફૂટી જતાં અંધાપો આવ્યો.

રાજાના સિપાઇઓએ ભરવાડને પકડયો અને તે મરણના ભયથી ગભરાયો, એટલે તેણે બનેલી બધી હકીકત કહી દીધી. આથી બ્રહ્મદત્ત ચક્રવર્તીને બ્રાહ્મણો પર ખૂબ ક્રોધ ચઢયો અને તેણે પ્રધાનને હુકમ કર્યો કે હંમેશા થાળ ભરીને બ્રાહ્મણોની આંખો મારી સામે લાવો. પ્રધાન રાજાનો તાબેદાર, એટલે તેને આ કામ કરવું પડયું. તે રોજ સેંકડો બ્રાહ્મણોને મરાવી તેમની આંખો રાજા સમક્ષ રજૂ કરવા લાગ્યો. બ્રહ્મદત્ત બે બધી આંખો હાથમાં લઇ, ચોળી, ફોડી નાખતો અને વેર લેવાયાની તૃપ્તિ અનુભવતો, પરંતુ આવો હત્યાકાંડ કયાં સુધી ચાલે? આખરે પ્રધાનને અરેકારો થયો અને તેણે બ્રાહ્મણોને મારવા બંધ કર્યા. તેમની આંખોને સ્થાને તેણે ઠળિયા વિનાના વડગુંદા મૂકવા માંડ્યા. એ પણ બરાબર આંખો જેવા જ લાગતા અંધ ચક્રવર્તી તેને ચક્ષુ માનીને ચોળી નાખતો.

સોળ વર્ષ સુધી આ કામ ચાલુ રહ્યું અને બ્રહ્મદત્તે છેલ્લો શ્વાસ લીધો, ત્યારે જ તે બંધ પડયું. આવી ઘોર હિંસાથી તે મરણ પામીને સાતમી નરકમા ઉત્પન્ન થયો. ખરેખર! કરેલાં કર્મ કોઈને છોડતાં નથી.

એક કવિએ ઠીક જ કહ્યું છે કે :—

आकाशमुत्पततु गच्छतु वा दिगन्त—
मम्भोनिधिं विशतु तिष्ठतु वा यथेष्टम् ।
जन्मान्तरार्जितशुभाशुभकृन्नराणां,
छायेव न त्यजति कर्म फलानुबन्धि ॥

'તમે આકાશમાં ઉડી જાઓ, દિશાઓની પેલે પાર જાઓ, સાગરનાં તળિયે જઈને બેસો કે તમારી ઇચ્છામાં આવે ત્યાં પહોંચી જાઓ. પણ જન્માંતરમાં જે શુભાશુભ કર્મ કર્યા હોય તે તમારી છાયાની માફક તમને છોડશે નહિ. તે પોતાનું ફળ અવશ્ય આપશે.'

ભરતરાયની ગણના એક મહાબળવાન ચક્રવર્તી રાજામાં થતી. ચક્રવર્તીનું બળ કેટલું હોય છે, તે અમે તમને પૂર્વ વ્યાખ્યાનોમાં જણાવેલું છે. તે કૂવાના કાંઠે બેસીને એક હાથે ન્હાતો હોય અને બીજા હાથે સાંકળ પકડી રાખે; તે એનું આખું લશ્કર ખેંચે તો પણ ચસકાવી શકે નહિ. આવા અતુલ બળવાળા ચક્રવર્તી પોતાના બંધુ બાહુબલિની સાથે દ્વંદ્વયુદ્ધ ખેલતા હારી ગયા. એને કર્મપ્રભાવ સિવાય બીજું શું કહીએ!

શ્રીકૃષ્ણ વાસુદેવ હતા, અપૂર્વ રિદ્ધિસિદ્ધિના સ્વામી હતા અને ગમે તેવાં કઠિન કાર્યને સિદ્ધ કરવાની અજબ શક્તિ ધરાવતા હતા. ધાતકીખંડની અપરકંકા નગરીમાં દ્રૌપદીને પાછી લાવતી વખતે તે દરા શૈાજનના પટવાળી ગંગાનદીને ભુજાઓથી તરી ગયા પરંતુ આખરના સમયે દ્વારિકામાં દાહ લાગ્યેા, પેાતાનેા સર્વ પરિવાર અને સગાં-સંબંધી તેમાં નાશ પામ્યા. માતપિતાને આ સર્વનાશમાંથી ઉગારી લેવાનેા તેમનેા ભગીરથ પ્રયત્ન, છતાં તેમાં સફળ થયા નહિ. વસુદેવ અને દેવકીજી દરવાજાની શિલા તૂટી પડતા મરણ પામ્યા. માત્ર મેાટાભાઈ બલભદ્ર અને તેઓ જ બચી શકયા. ત્યાંથી જંગલમાં જતાં પાણીની ખૂબ તરસ લાગી, બલભદ્ર પાણી લેવા ગયા અને આ બાજુ જરાકુમારનાં બાણથી તેમના પ્રાણ ચાલ્યા ગયા. આ સ્થિતિ કર્મસત્તા સિવાય બીજા કેાને આભારી ગણાય ? તે સંબંધમાં એક દુહેા કહેવાય છે, તે તમે સાંભળ્યેા હશે !

દાઝી નગરી દ્વારિકા, નાઠા બંધવ દેાય;
તરસ્યેા ત્રિકમ વન મૂએા, માન ન કરશેા કેાય.

ચિલાતીપુત્રનું ચમત્કારિક ચરિત્ર

ચિલાતીપુત્રનું ચરિત્ર સાંભળેા. તેમાં પણ તમને કર્મનેા અજબ ચમત્કાર જોવા મળશે. પુણ્યનેા એટલે શુભ કર્મનેા પ્રબળ ઉદય હેાય તેા જ મનુષ્યભવ મળે તેમાં પણ અધિક પુણ્યશાળીનેા જન્મ આર્યદેશમાં અને ઉચ્ચ કુલમાં થાય. ચિલાતીપુત્રનેા જન્મ મગધદેશની રાજધાની રાજગૃહી નગરીમાં

થયેા હતેા, પણ ઉચ્ચ કુળમાં થયેા ન હતેા. પણ ધનદત્ત શેઠની ચિલાતી નામની એક ગરીબ દાસીને પેટે જન્મ્યેા હતેા.

એકનેા જન્મ થતાં બાર પ્રકારના વાજિંત્રેા વાગવા માંડે અને મીઠાઈઓ વહેંચાય, અને બીજાનાં જન્મ વખતે કાંસાની થાળી પણ ન વાગે કે ગેાળની કાંકરી પણ ન વહેચાય, એને પણ આપણે કર્મનેા ચમત્કાર માનવેા રહ્યો. રાજાનેા પુત્ર રાજગાદીનેા ધણી થાય કે મેાટી જાગીર ભેાગવે, શેઠનેા પુત્ર લાખેાની મિલકતનેા માલિક થાય અને બહેાળેા વેપાર-વણજ કરે અને ગરીબનેા પુત્ર મહેનત-મજૂરી કરીને પેટ ભરે, એટલે કુલ-કુટુંબની અસર મનુષ્યનાં જીવન પર બહુ ઘેરી પડે છે, તેમાં પણ શાસ્ત્રકારેાએ કર્મનેા પ્રભાવ માન્યેા છે.

ચિલાતીપુત્ર શેઠને ત્યાં જ મેાટેા થયેા. ઘરનું પરચુરણ કામકાજ કરવું અને બાળકેાને રમાડવાં એ એની ખાસ કામગીરી હતી. ધન્ય સાર્થવાહને ચાર પુત્ર ઉપર એક પુત્રી થઈ હતી. આ પુત્રી રૂપ-લાવણ્યથી ભરપૂર હતી અને માતા-પિતાને દર્શન માત્રથી સુખ ઉપજાવતી હતી, તેથી તેનું નામ સુષુમા રાખ્યું હતું. ચિલાતીપુત્ર આ સુષુમાને રમાડતેા, ખેલ-વતેા અને ફરવા પણ લઈ જતેા એમ કરતાં તેના પર અત્યંત સ્નેહ ઉત્પન્ન થયેા હતેા.

એકને જોતાં સ્નેહ ઉત્પન્ન થાય અને બીજાને જોતાં દ્વેષ કે નફરત ઉત્પન્ન થાય એ પણ કર્મની જ કરામત છે. ગૌતમ-સ્વામી એક ખેડૂતને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી શ્રી મહા-વીર સ્વામી પાસે લાવ્યા. એ ખેડૂતે દૂરથી તેમને જોઈને કહ્યું

કે 'જો આ જ તમારા ગુરુ હોય તો મારે દીક્ષા જોઈતી નથી.' ગૌતમસ્વામીએ પૂછયું: 'પણ તેનું કંઈ કારણ?' બેડૂતે કહ્યું: 'બસ, એમ જ. એ તમારા ગુરુ હોય તો મારે દીક્ષા જોઈતી નથી.' અને તે રજોહરણ વગેરે ત્યાં જ મૂકી દઇ પાછો ફર્યો અને પોતાનું હળ ગ્રહણ કર્યું. એ બેડૂત પૂર્વભવમાં સિંહ હતો, ત્યારે મહાવીર પ્રભુના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તેને માર્યો હતો, એટલે તેમને જોતાં જ આ પ્રમાણેનો દુર્ભાવ તેના મનમાં ઉત્પન્ન થયો હતો.

ચિલાતીપુત્ર સુષુમાને જોતો, રમાડતો અને તેની સાથે વાતો કરતો, ત્યારે જ તેને સંતોષ થતો. આંતરિક રીતે તો સુષુમા જ તેનું જીવન બની ગઈ હતી. હવે કોઈ કારણથી નારાજ થયેલા ધન્ય સાર્થવાહે તેને નોકરીમાંથી રજા આપી, એટલે તેને એમનું ઘર છોડવું પડયું. પણ તેનો જીવ તો સુષુમામાં જ ભરાઇ રહ્યો.

ત્યારપછી ચિલાતીપુત્રે એક-બે સ્થળે નોકરી કરી, પણ તેનું ચિત્ત તેમાં ઠર્યું નહિ. છેવટે તે જુગારીઓની સોબતમાં પડયો અને જુગાર રમવા લાગ્યો. જુગાર રમતાં બીજા પણ ઘણા દોષો ઉત્પન્ન થાય છે, જેમકે ચોરી કરવી, મદ્યપાન કરવું, વેશ્યાગમન કરવું વગેરે. ચિલાતીપુત્ર આ બધાં વ્યસનોમાં પૂરો થયો. સારાં કુટુંબની છાયા હોય, માથે સંસ્કારી વડીલો હોય, ત્યાં આવું ભાગ્યે જ બને, પણ ચિલાતીપુત્રને તો આવું કંઈ હતું જ નહિ. જે ગણો તે એક માતા જ હતી, પરંતુ તે ય અત્યારે મરણ પામી હતી.

ચિલાતીપુત્ર એકવાર ચોરી કરતાં પકડાઈ ગયો, એટલે કોટવાળે તેને રાજા સમક્ષ રજૂ કર્યો. રાજાએ તેને હદપારની શિક્ષા ફરમાવી, એટલે તે રાજગૃહી નગરી છોડી ગયો, ઉપર આભ અને નીચે ધરતી સિવાય એને બીજો કોઈ આધાર ન હતો, એટલે અહીં તહીં રખડવા લાગ્યો અને એમ કરતાં એક ચોરપલ્લીમાં પહોંચ્યો ત્યાં સાહસ, નિર્દયતા વગેરે ગુણો વડે તે પલ્લીપતિની કૃપા પામ્યો. અને પલ્લીપતિ મરણ પામતાં તેના સ્થાને આવ્યો. હવે તો ચોરીઓ કરવી, ધાડો પાડવી, લૂંટફાટ ચલાવવી અને માણસોનાં ખૂન કરવાં એ એનો વ્યવસાય બની ગયો.

એક વાર તેણે સારી તૈયારી કરી રાજગૃહી નગરીમાં પ્રવેશ કર્યો અને ધન્ય સાર્થવાહનાં ઘર પર ધાડ પાડી. ધન્ય સાર્થવાહ માલદાર હતા, એટલે તેના સાથીઓના હાથમાં પુષ્કળ માલમત્તા આવી. ચિલાતીપુત્ર હજી સુષુમાને ભૂલ્યો ન હતો, એટલે તેણે સુષુમાને શોધી કાઢી અને તેનું હરણ કર્યું. પછી તે પોતાના સાથીઓ સાથે ત્યાંથી નાસી છૂટ્યો.

ધન્ય સાર્થવાહે જોયું કે પુષ્કળ ધનમાલ ઉપરાંત પ્યારી પુત્રી સુષુમાનું પણ હરણ થયું છે, એટલે તેઓ પોતાના ચાર પુત્રો અને રાજ્યના કેટલાક સૈનિકો સાથે તેની પાછળ પડ્યા. રસ્તો ઊંચો-નીચો આવ્યો, અટપટો આવ્યો, છતાં ધન્ય સાર્થવાહ વગેરેએ તેનો પીછો છોડ્યો નહિ. એમ કરતાં અટવીનો ભાગ શરૂ થયો.

અહીં ચિલાતીપુત્રને વિચાર આવ્યો કે 'ધન્ય સાર્થવાહને ધનમાલની તો કંઈ પડી નથી, પણ તેઓ સુષુમાની ખાતર જ મારો પીછો પકડી રહ્યા છે. જો હું તેમના હાથમાં પડીશ તો મારા સોયે વર્ષ પૂરા થઈ જવાનાં. આથી તેણે તરવારના એક જ ઝાટકે સુષુમાનું મસ્તક કાપી નાખ્યું અને તે મસ્તક હાથમાં લઈ આગળ ભાગવા માંડયું. સુષુમાનું ધડ ત્યાં જ પડયું રહેવા દીધું. થોડી વારમા ધન્ય સાર્થવાહ વગેરે ત્યાં આવી પહોંચ્યા અને પુત્રીની કરપીણ હત્યા થયેલી જોઈ કલ્પાંત કરવા લાગ્યા. પછી તેઓ ત્યાંથી પાછા ફર્યા.

ચિલાતીપુત્ર અટવીમાં આગળ વધ્યો. આ અટવી ઘોર છે. ઝાડ પર ઝાડ ઉગ્યા હોય એવો એનો દેખાવ છે. તેમાંથી જંગલી જાનવરોના ચિત્કાર સંભળાય છે, પણ તેની છાતી ધડકતી નથી. જે રાત-દિવસ જંગલ વેઠતો હોય અને સાહસથી ભરેલાં નિર્દય કામો કરતો હોય, તેને આવા ચિત્કારો ભય શેનો ઉપજાવે? પરંતુ હવે તેને ભૂખ-તરસ ખૂબ લાગી છે અને થાક પણ જણાય છે, વળી પાછળ જે ભય હતો તે પણ ચાલ્યો ગયો છે, એટલે તે ધીમો પડે છે અને કોઇ ભક્ષણ કરવા યોગ્ય ફળફૂલ મળે તેની શોધ કરે છે. એવામાં એક વૃક્ષની નીચે કોઈ સાધુમુનિરાજ ધ્યાન ધરીને ઊભા રહેલા તેના જોવામાં આવ્યા.

ચિલાતીપુત્રને એ ખ્યાલ હતો કે સાધુ-મહાત્માઓ ધર્મ કહે છે અને તેથી માણસને ઘણો લાભ થાય છે. એટલે તે પેલા સાધુમહાત્માની નજીક ગયો અને કહેવા લાગ્યો કે 'હે

સાધુ ! તમે મને ટુંકમાં ધર્મ કહો. જો નહિ કહો તો તમારા હાલ આ સુષુમા જેવા જ કરીશ.'

મહાપુરુષો આવી ધમકીથી ડરતા નથી. જો ડરતા હોય તો આવાં ઘોર જંગલમાં આવીને તપ-ધ્યાન શા માટે કરે ? વળી દરેક પ્રકારનો ભય જિતવો એ એમનું ખાસ લક્ષ્ય હોય છે, એટલે તેઓ આવી ધમકીને વશ થાય નહિ. પરંતુ તેમનું હૃદય પરોપકારથી પૂર્ણ હોય છે અને કોઇને પણ લાભ થતો હોય તો ધર્મ અવશ્ય સંભળાવે છે. આ સાધુ મહાત્મા ઘણી ઉચ્ચ કોટિના હતા અને ચારણલબ્ધિ પામેલા હતા, એટલે આકાશમાં ઉડવાની શક્તિ ધરાવતા હતા. તેમણે લાભનું કારણ જાણી ચિલાતીપુત્રને કહ્યું : 'ઉપશમ, વિવેક, સંવર' અને તેઓ આકાશમા ગમન કરી ગયા.

ચિલાતીપુત્ર વિચારમાં પડયો કે 'સાધુએ મને આ શું કહ્યું ?' આખી જીંદગી પાપકર્મમાં વીતાવી હતી, કોઇ સાધુ-સંતનો સહવાસ કર્યો ન હતો, એટલે આ શબ્દોના અર્થ તે કયાંથી જાણે ? પરંતુ કહેનાર મહાપુરુષ હતા અને ચમત્કારિક શક્તિ ધરાવતા હતા, એટલે તેમણે કહેલું અતિ ઉપયોગી છે, એટલી વાત તો તેનાં મનમાં બરાબર વસી ગઈ હતી. આથી તે શબ્દના અર્થ પર વિચાર કરવા લાગ્યો.

જ્ઞાન બહારથી આવતું નથી, પણ અંદરથી પ્રગટે છે અને તેમાં ચિંતન-મનન નિમિત્તભૂત બને છે. એટલે થોડી જ વારમાં ચિલાતીપુત્રને ઉપશમનો અર્થ સમજાયો કે 'ઉપશમ

એટલે ઉપશમવું, શાંત પડવું, ક્રોધ છોડી દેવો.' આથી તેણે પોતાના હાથમાં રહેલી ક્રોધના પ્રતિકરૂપ તલવારને છોડી દીધી.

પછી બીજા 'વિવેક' પદ પર વિચાર કરવા લાગ્યો. એ વિચાર નિષ્ઠાપૂર્વકનો હતો. ધગશથી થતો હતો, એટલે તેનો અર્થ પણ સમજ્યો કે 'તન, ધન, અને સ્વજન પરનો મોહ છોડવો એનું નામ વિવેક.' આથી તેણે જેના પર અધિક મોહ હતો, એવી સુષુમાનું મસ્તક હાથમાંથી દૂર ફગાવી દીધું.

પછી ત્રીજા 'સંવર' પદ પર વિચાર કરવા લાગ્યો, કેટલાક ચિંતન પછી તેનો અર્થ પણ સમજ્યો કે 'ઇન્દ્રિયો તથા મનની પ્રવૃત્તિને રોકવી તેનું નામ સંવર.' શરીર હલાવતાં સંવરભાવ રહેતો નથી, માટે શરીર હલાવવાનું બંધ કર્યું. અને વિચારો કરતાં મનની પ્રવૃત્તિ થઈ ગણાય, એટલે તે એ જ સ્થળે શાંત થઈને સ્થિર ચિત્તે ઉભો રહ્યો.

સંવર આવ્યો, એટલે સાધુતા આવી. ચિલાતીપુત્ર ભાવથી સાધુ બન્યો. આ ઘટના ઓછી ચમત્કારી ન ગણાય. માણસો જીવનભર સાધુ-સંતોનાં વ્યાખ્યાનો સાંભળે છે, સારાં સારાં પુસ્તકો વાંચે છે અને અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે, છતાં ઇન્દ્રિય અને મનને વશ રાખી શકતાં નથી, ત્યારે ચિલાતીપુત્રે તો આખું જીવન અધમતામાં વીતાવ્યું હતું.

કદી સાધુ-સંતોનો સમાગમ કર્યો ન હતો કે ધર્મનો ઉપદેશ સાંભળ્યો ન હતો. પરંતુ શુભ કર્મનો ઉદય થવાથી

ભરજંગલમાં સાધુ-મહાત્માનાં દર્શન થયાં, તેમનાં વચન પર શ્રદ્ધા જામી અને તેથી જે કંઈ સમજાયું, તેને તરત અમલમાં મૂકયું. સરજેલું અમલમાં મૂકવું, એ સહેલી વાત નથી. શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કેઃ—

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुइ सद्धा, संजममम्मि वीरियं ॥

'આ સંસારમાં પ્રાણીઓને ચાર વસ્તુની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે; મનુષ્યત્વ, શ્રુતિ (શાસ્ત્રશ્રવણ), શ્રદ્ધા અને સંયમને વિષે પુરુષાર્થ.'

હવે આગળ શું બન્યું તે સાંભળો. ચિલાતીપુત્ર ભાવસાધુની કોટિમાં પહોંચી ગયા છે અને તેઓ ધ્યાનમાં મગ્ન છે, પણ તેમનો દેહ હજી તાજાં લોહીથી ખરડાયેલો છે. તેની ગંધથી આકર્ષાઇને કેટલીક વનકીડીઓ ત્યાં આવી પહોંચી, અને તે ચિલાતીપુત્રનાં શરીર પર ચડીને લોહીનો આસ્વાદ લેવા માટે તેમને ચટકા ભરવા લાગી.

વનકીડીનો ચટકો સામાન્ય ન હોય. એક ચટકો ભરે ત્યાં આપણે ઉંચા-નીચા થઈ જઇએ, ત્યારે અહીં તો સેંકડો કીડીઓ જમા થઈ ગઇ હતી અને તે એક સામટા ચટકા ભરી રહી હતી. પરંતુ ચિલાતીપુત્ર ઉપશમનું રહસ્ય સમજ્યા એટલે તેમણે કીડીઓ પર ક્રોધ કર્યો નહિ, વિવેકનું રહસ્ય સમજ્યા હતા, એટલે તેમણે શરીર પર મમતા

દાખવી નહિ; અને સંવરનું રહસ્ય સમજ્યા હતા, એટલે દુઃખનો કોઈ પણ પ્રકારનો પ્રતિકાર કર્યો નહિ.

ધર્મના માર્ગે ચાલતાં કસોટી પણ થાય છે, પણ એ કસોટીમાંથી પાર ઉતરનારનો બેડો પાર થઈ જાય છે, એ ભૂલવાનું નથી. કીડીઓનો ઉપદ્રવ ઘડી-બે-ઘડી નહિ, પ્રહર-બે પ્રહર નહિ, પણ પૂરા અઢી દિવસ ચાલ્યો અને તેમ છતાં યે ચિલાતીપુત્રે પોતાનાં મનને જરાય ડગવા દીધું નહિ. જ્યારે તેમણે દેહ છોડ્યો, ત્યારે ચિત્તમાં શાન્તિ હતી, સમતા હતી, આથી તેઓ સ્વર્ગે સીધાવ્યા અને દેવતાઈ સુખ ભોગવવા લાગ્યા.

કર્મસત્તા મનુષ્યનાં જીવનમાં કેવું આકસ્મિક પરિવર્તન લાવે છે, તેનું આ જ્વલંત ઉદાહરણ છે. એક કાળે ચિલાતીપુત્રનું નામ લેવું એ પણ પાપ મનાતું, તે ચિલાતીપુત્રનું નામ આજે આપણે પ્રાતઃકાળમાં લઈએ છીએ અને તેમને વંદન કરીએ છીએ !

આ રીતે કર્મશક્તિ ત્રિલોકમાં-સમસ્ત વિશ્વમાં અનેક આશ્ચર્યોને ઉત્પન્ન કરનારી છે, મોટાઓનો પણ પરાભવ કરનારી કોઈ વિજયિની છે અને તે સર્વત્ર જય પામે છે, એટલે પોતાનું કાર્ય અવશ્ય કરે છે.

લૌકિક શાસ્ત્રોમાં પણ કર્મની શક્તિ વિષે આવો જ એક શ્લોક કહેવાય છે :—

ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे,
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासङ्कटे ।

રુદ્રો યેન કપાલપાણિપુટકે ભિક્ષાટનં સેવતે,
સૂર્યો ભ્રામ્યતિ નિત્યમેવ ગગને તસ્મૈ નમઃ કર્મણે ॥

તે કર્મની શક્તિને નમસ્કાર હો કે જેણે બ્રહ્મા જેવા મહાન દેવને આ વિશ્વમાં કુંભારનાં જેવું કામ સોંપ્યું. લૌકિક શાસ્ત્રો એમ માને છે કે આ સૃષ્ટિનું સર્જન બ્રહ્મા કરે છે, એટલે નાના-મોટા સર્વ પદાર્થો તેના વડે જ ઘડાય છે. આ રીતે નાના-મોટા પદાર્થોને નિરંતર ઘડયા કરવા એ કુંભારનાં જેવું જ કામ થયું. પરંતુ કર્મશક્તિ આટલેથી જ અટકી નથી. વિષ્ણુ કે જે આ સૃષ્ટિનો પાલનહાર મોટો દેવ ગણાય, તેને દશ અવતાર લેવાનું ગહન કામ સોંપીને મોટાં સંકટમાં મૂકી દીધો.

અવતાર લેવો એટલે જન્મ, જરા અને મરણની સાંકળમાંથી પસાર થવું, તેથી તેમાં સંકટ પડે એ દેખીતું છે. મત્સ્ય, કચ્છપ, વરાહ, નૃસિંહ વામન, પરશુરામ, કૃષ્ણ, રામ બુદ્ધ, અને કલ્કી એ દશ વિષ્ણુના મોટા અવતારો મનાય છે. તેમાં નવ અવતારો થઈ ગયા અને દશમો કલ્કીનો અવતાર હવે પછી થશે, એમ તેમની માન્યતા છે વિષ્ણુના મોટા અવતારો ચોવીશ મનાય છે, તેમાં આઠમો અવતાર શ્રી ઋષભદેવજીનો ગણે છે. ભાગવતના પંચમસ્કંધના ત્રીજા અધ્યાયમાં તેમનાં માતા-પિતાનાં નામ મરુદેવી અને નાભિરાજ જ આપેલાં છે. વળી તેમના પુત્રોની સંખ્યા પણ સોની જ જણાવેલી છે. એટલે શ્રી ઋષભદેવ એક ઐતિહાસિક પુરુષ હતા, તે આ પરથી સિદ્ધ થાય છે.

રુદ્ર એટલે શંકર, મહાદેવ કે મહેશ તે આ સૃષ્ટિનો સંહાર કરે છે, એવી પૌરાણિક માન્યતા છે, પરંતુ કર્મે તેમને પણ છોડ્યા નથી. તેમને હાથમાં ભિક્ષાનું પાત્ર આપ્યું છે અને તેના વડે તેઓ પોતાનો નિર્વાહ કરે છે!

સૂર્યની ગણના પણ મોટાં દેવમાં થાય છે. નવે ય ગ્રહોમાં તેની મુખ્યતા છે. તે જગતનાં બધા પ્રાણીઓને ઉષ્મા આપીને જીવનક્રિયામાં મદદ કરે છે. પરંતુ તેના હાલ પણ કર્મે બૂરા કર્યા છે. રોજ પરિભ્રમણ કરવાનું અને તે પણ આકાશમાં કે જ્યાં બીજી કોઇ વસ્તુનો આધાર નહિ!

બૌદ્ધ શાસ્ત્રોમાં નીચેનો શ્લોક દૃષ્ટિગોચર થાય છે.

इत एकनवतितमे कल्पे, शक्त्या मे पुरुषो हतः ।
तेन कर्मविपाकेन, पादे विद्धोऽस्मि भिक्षिवः ॥

વિહાર દરમિયાન બુદ્ધના પગમાં કાંટો ભોંકાય છે, ત્યારે તેઓ ભિક્ષુઓને ઉદ્દેશીને કહે છે કે 'હે ભિક્ષુઓ! આજથી એકાણુમા કલ્પે હું જ્યારે રાજા હતો, ત્યારે એક પુરુષને મેં ભાલા વડે હણ્યો હતો, એ કર્મવિપાકથી આજે હું કાંટા વડે વીંધાયો છું.' તાત્પર્ય કે હજારો-લાખો વર્ષ પછી પણ કર્મ પોતાનું ફળ બતાવે છે, એટલે તેની શક્તિ અમોઘ છે.

હવે કર્મની શક્તિ શી રીતે ઓછી કરવી? તે પણ તમને બતાવીશું. દુશ્મનનો દુશ્મન તે આપણો મિત્ર, એ નીતિ વ્યવહારમાં પ્રચલિત છે, આત્માનો દુશ્મન કર્મ છે અને કર્મનો દુશ્મન ધર્મ છે, માટે તે આપણો મિત્ર છે.

તેને આપણે બેલી કે તારણહાર કહીએ તો પણ ચાલે. ધર્મ આપણું ભલું કરનાર છે, પણ તેની આરાધના કર્યા સિવાય ભલું થાય નહિ.

દુનિયામાં લોઢું છે, તેમ પારસમણિ પણ છે, પરંતુ કોઈ પણ ઉપાયે તેનો સ્પર્શ થવો જોઇએ. જો એ સ્પર્શ થાય નહિ તો લોઢાનું સોનું બને નહિ. પારસમણિની વાત આગળ આવી ગયેલી છે.

પાત્રમાં રહેલું પાણી અગ્નિની આંચથી ઓછું થતું જાય છે, તેમ કર્મની શક્તિ ધર્મની આરાધનાથી ઘટતી જાય છે અને છેવટે તે સાવ ઢીલી પડી જાય છે. જેમ ટપાલની ટીકીટ ઉપરથી ગુંદરની ચીકાશ કાઢી નાખો પછી તે પરબીડીયા પર ચોંટે નહિ, એ રીતે ધર્મના આરાધનથી કર્મની ચીકાશ કાઢી નાખો, તો તે તમને વળગી રહેશે નહિ.

તમે અનાદિ કાળથી દુન્યવી સુખોની આરાધના કરતાં આવ્યા છો, પરંતુ હવે ધર્મની આરાધના કરો, દેવગુરુની ભક્તિ કરો અને કર્મોને તોડવાની કોશીશ કરો. કર્મ તૂટી ગયા પછી ધર્મની આરાધનાની જરૂર રહેતી નથી.

તમને લાખની ઇચ્છા હોય અને લાખ મળી જાય તથા વધારે મેળવવાની ઇચ્છા ન હોય તો પછી મહેનત કરવાની કયાં રહી ? એક પાણીનો ઘડો ભરાતો હોય તો તે ભરાય ત્યાં સુધી જ મહેનત કરવાની જરૂર છે. ભરાઇ ગયા પછી મહેનત કરવાની જરૂર રહેતી નથી, કારણ કે વધારાનું પાણી ઘડા બહાર વહી જાય છે, તેથી કર્મ ન તૂટે ત્યાં સુધી ધર્મની આરાધના કરો.

આપણે આ ભવમાં કર્મને સંપૂર્ણ તોડી ન શકીએ તો પણ તેને ઢીલાં તો કરી જ શકીએ. ઢીલા કર્મોનું ફળ પ્રમાણમાં ઓછું ભોગવવું પડે છે, જ્યારે મજબૂત કર્મનું ફળ પ્રમાણમાં ઘણું વધારે ભોગવવું પડે છે. જેમ કાપી નાખેલાં મૂળવાળું વૃક્ષ લાંબો સમય ટકી શકતું નથી, તેમ ઢીલા કરેલાં કર્મો પણ લાંબો સમય ટકી શકતાં નથી.

રસ્તે ચાલ્યો જતો માણસ સામે ખાડો છે, એમ જાણે પણ ચેતે નહિ તો તેમાં પડે અને તેનું ફળ ભોગવે, તેમ આપણે પણ કર્મરૂપી ખાડાને જાણ્યા પછી તેનાથી ચેતીએ નહિ તો તેમાં પડીએ અને તેનાં કડવાં ફળો ભોગવીએ.

કેટલાક કહે છે કે અમને ધર્મનું આરાધન કરવાની તો ઘણી જ ઈચ્છા છે, પણ અનેકવિધ અંતરાયોને લઈને તેમ કરી શકતા નથી. પરંતુ સબળ ઈચ્છા હોય તો ધર્મનું આરાધન અવશ્ય થઈ શકે છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન બોંતેરમું

કર્મબંધ

મહાનુભાવો !

આત્મતત્ત્વનો વિચાર કરતાં કર્મનો વિષય ઉપસ્થિત થયો છે અને તેનું વર્ણન ચાલી રહ્યું છે. રામાયણ વાંચતાં રાવણનું અને મહાવીરચરિત્ર વાંચતાં ગોશાળાનું વર્ણન આવે, એ સ્વાભાવિક છે.

'કર્મ કોને કહેવાય?' તથા 'કર્મની શક્તિ કેટલી?' એ વિષે ગત વ્યાખ્યાનમાં અમે વિસ્તારથી વિવેચન કરેલું છે, પણ આ વિષય ગહન છે અને તે વિષે અમારે હજી ઘણું કહેવાનું છે, માટે તમે બરાબર ધ્યાન આપજો. કાયા અહીં અને મન બીજે, એવી હાલતમાં કોઈ પણ સૂક્ષ્મ વિષય ગ્રહણ થઇ શકે નહિ.'

રંગભૂમિ પર ભજવાતાં નાટકોમાં સજ્જન અને ખલ એ બંને જાતના પાત્રો હોય છે. તેમાં ખલનું કાર્ય સજ્જન પુરુષની વિવિધ રીતે સતામણી કરવાનું હોય છે. આ કાર્યમાં તે કેટલીક વખત ફાવી જાય છે, પણ આખરે તેના હાથ હેઠા પડે છે અને તે ભૂંડા હાલે માર્યો જાય છે. સંસારરૂપી નાટકમાં પણ બરાબર આવી જ ઘટના બને છે. તેમાં સજ્જનને સ્થાને આત્મા છે અને ખલને સ્થાને કર્મ છે.

કર્મનું મુખ્ય કાર્ય આત્માને સતાવવાનું છે. તેમાં તે ઘણી-વાર ફાવી જાય છે, પણ આત્મા બળવાન બનતાં તેના હાથ હેઠા પડે છે અને છેવટે તે નાશ પામે છે.

જો આત્મા એકલો હોત તો તે શુદ્ધ સ્વરૂપી હોત, ચિદાનંદ અવસ્થામાં હોત અને અનંત અનંત સુખનો ઉપભોગ કરતો હોત, પણ તે એકલો નથી, કર્મથી યુક્ત છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેને કર્મનું બંધન છે, એટલે તેને એક ગતિમાંથી બીજી ગતિમાં સંસરણ કરવું પડે છે અને જન્મ, જરા, વ્યાધિ તથા મૃત્યુનાં વિવિધ દુઃખો ભોગવવાં પડે છે.

આત્માને કર્મબંધ કયારે પ્રાપ્ત થયું ?

એક મહાનુભાવ પ્રશ્ન કરે છે કે, 'આત્માને કર્મબંધન કયારે પ્રાપ્ત થયું? તેનો અહીં ઉત્તર આપીશું. આત્મા પ્રથમ શુદ્ધ હતો અને પછી તેને કર્મ વળગ્યા–કર્મબંધન પ્રાપ્ત થયું, એવી કોઈ સ્થિતિ નથી; કારણ કે શુદ્ધ આત્માને કર્મ વળગતા હોય તો મુક્તાવસ્થા કે સિદ્ધાવસ્થા પ્રાપ્ત થયા પછી પણ કર્મબંધનનો પ્રસંગ પ્રાપ્ત થાય અને સિદ્ધોને ફરી સંસારમાં પડવાનો વારો આવે.

કેટલાક એમ માને છે કે સિદ્ધ થયેલા જીવો જગતના લોકોને દુઃખી જોઈ તેમનો ઉદ્ધાર કરવા મૃત્યુલોકમાં જન્મ લે છે, પણ એવી માન્યતા સિદ્ધાંતસિદ્ધ નથી, અને વિચાર કરતા આ વસ્તુ યુક્તિસંગત પણ જણાતી નથી. શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં સિદ્ધનો અર્થ આ પ્રમાણે કર્યો છે.

"दीहकाल-रयं जं तु, कम्मं से सियमट्ठा ।
सियं धंतं ति सिद्धस्स, सिद्धत्तमुवज्जायइ ॥३०२९॥

'પ્રવાહની અપેક્ષાએ દીર્ઘકાલની સ્થિતિવાળું અને સ્વભાવથી આત્માને મલિન કરનારું જે કર્મ તે આઠ પ્રકારે બંધાય છે. આ અષ્ટવિધ બદ્ધકર્મને બાળી નાખે અર્થાત્ તેનો ક્ષય કરે તે સિદ્ધ કહેવાય, કારણ તે જ સિદ્ધની સિદ્ધતા છે.'

શાસ્ત્રોમાં ૧૨ પ્રકારના સિદ્ધોનું વર્ણન આવે છે, (૧) કર્મસિદ્ધ (ક્રિયાસિદ્ધ) (૨) શિલ્પસિદ્ધ, (૩) વિદ્યાસિદ્ધ, (૪) મંત્રસિદ્ધ, (૫) યોગસિદ્ધ, (૬) આગમસિદ્ધ, (૭) અર્થસિદ્ધ, (૮) યાત્રાસિદ્ધ, (૯) અભિપ્રાયસિદ્ધ, (૧૦) તપસિદ્ધ અને (૧૧) કર્મક્ષયસિદ્ધ. તેમાંથી છેલ્લા કર્મક્ષયસિદ્ધને જ આપણે અહીં સિદ્ધ કહીએ છીએ અને તેમને પંચ પરમેષ્ઠિનાં બીજા પદે રોજ સૂતાં-ઉઠતાં-બેસતાં નમસ્કાર કરીએ છીએ.

વિચાર, લાગણી કે ઈચ્છા એ બધી કર્મજન્ય વસ્તુઓ છે, તે આવા સકલકર્મરહિત સિદ્ધાત્માઓને શી રીતે હોઈ શકે? એટલે જગતના લોકોને દુઃખી જોઈ તેમનો ઉદ્ધાર કરવાની ભાવનાથી અહીં આવવું અને જન્મ લેવો એ અસંભવિત છે. વળી જન્મ, જરા અને મૃત્યુ પણ કર્મજન્ય અવસ્થા છે અને સિદ્ધ પરમાત્મા કર્મરહિત હોય છે. સિદ્ધાત્માઓ મૃત્યુલોકમાં આવી કોઈ સ્ત્રીનાં પેટે જન્મ ધારણ કરે, એ પણ સંભવિત નથી. શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે—

निट्ठियन्न-सव्वदुक्खा, जाई-जरा-मरण-बंध-विमुक्का ।
अव्वाबाहं सुक्खं, अणुहवंति सासयं सिद्धा ॥

'સર્વ દુઃખોને સર્વથા તરી ગયેલા અને જન્મ જરા તથા મરણના બંધનથી છૂટા થયેલા સિદ્ધો શાશ્વત અને અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.'

તમે અરિહંત પરમાત્માની સ્તુતિનિમિત્તે રોજ 'નમુત્થુણં સૂત્ર' બોલો છો, તેમાં સિદ્ધગતિને માટે કયા વિશેષણો વપરાયેલાં છે ? ઘણા ભાગ્યશાળી એ સૂત્ર કડકડાટ બોલી જાય છે, પણ તેનો અર્થ વિચારતા નથી. એટલે તેમાં શું કહ્યું છે અને શું નહિ ? તે જાણતા નથી. સૂત્ર ભાવપૂર્વક બોલવું જોઇએ. એ ભાવ અર્થ સમજ્યા વિના આવે નહિ. 'નમુત્થુણં સૂત્ર'નાં પદોમાં ઘણો ગંભીર અર્થ રહેલો છે. તે સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજીએ લલિતવિસ્તરા ચૈત્યવંદનવૃત્તિમાં સમજાવેલો છે. આ વૃત્તિ વાંચી શ્રી સિદ્ધર્ષિગણિની ડગમગી ગયેલી શ્રદ્ધા સ્થિર થઇ હતી. બીજા પણ અનેક જીવો એ વૃત્તિ વાંચીને શ્રી જિનેશ્વરદેવની શ્રદ્ધા-ભક્તિમાં દૃઢ થયેલા છે.

નમુત્થુણં સૂત્રમાં શ્રી અરિહંત દેવોને સિદ્ધિગઇનામધેયં ઠાણં સંપત્તાણં' કહ્યા છે, એટલે જે જે અરિહંત દેવો થાય, તે બધા સિદ્ધિગતિ નામનાં સ્થાનને પ્રાપ્ત થયેલા છે. એમ સમજવાનું છે. આ સિદ્ધિગઇ આદિ પદોની પૂર્વે 'સિવમયલમરુઅમણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ' એ શબ્દો આવે છે, તે સિદ્ધગતિસ્થાનનાં વિશેષણો છે. અયલં એટલે એ સ્થાન અચલ છે, સ્થિર છે, કદી ચલાયમાન ન થાય એવું છે. અરુઅં એટલે એ સ્થાન વ્યાધિ અને વેદનાથી રહિત છે. વ્યાધિનું મૂળ શરીર છે અને વેદનાનું મૂળ અશુદ્ધ મન છે. આ બંને વસ્તુનો ત્યાં અભાવ છે, એટલે વ્યાધિ કે વેદના શી રીતે હોઇ શકે ?

અણંતં એટલે એ સ્થાન અનંત છે, અંતરહિત છે. અક્ખયં એટલે એ સ્થાન અક્ષય છે, જેમાં કદી ઘટાડો ન થાય એવું છે. અવ્વાબાહં એટલે એ સ્થાન અવ્યાબાધ છે, વ્યાબાધાથી રહિત છે, કર્મજન્ય કોઈ પીડા ત્યાં હોતી નથી. અપુણરાવિત્તિ એટલે એ સ્થાન એવું છે કે જ્યાં ગયા પછી પાછા ફરવાનું હોતું નથી.

જો શુદ્ધ એટલે કર્મરહિત આત્માને કર્મનો બંધ માનવામાં આવે તો મુક્તિ એ શાશ્વત સુખનું ધામ બની શકતી નથી, કારણ કે ત્યાં રહેલા આત્માને ગમે ત્યારે કર્મનો બંધ થાય અને પરિણામે દુઃખ ભોગવવું પડે. જો મુક્તિ એ શાશ્વત સુખનું ધામ ન હોત તો તેને મેળવવાથી લાભ શો? કોઈ બુદ્ધિમાન મનુષ્ય તો તેને માટે પ્રયત્ન કરે જ નહિ. વળી ધર્મ પણ મુક્તિને અર્થે જ કરવામાં આવે છે, એટલે તેની આરાધના પણ નિરર્થક ઠરે. આ રીતે શુદ્ધ આત્માને કર્મબંધ માનતા અનેક દોષોનો સંભવ હોવાથી 'આત્મા પ્રથમ શુદ્ધ હતો અને પછી તેને કર્મો વળગ્યાં' એમ માનવું ઉચિત નથી.

સત્ય હકીકત એ છે કે આત્મા પ્રથમથી જ કર્મયુક્ત હોય છે અને કર્મફળ ભોગવવું તથા નવાં કર્મો બાંધવાનું નિરંતર ચાલુ રહે છે, તેથી તે કોઈ વખત સર્વથા કર્મરહિત થયેલો નથી. જો તે સર્વથા કર્મરહિત થયો હોય તો પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી લોકના અગ્રભાગે પહોંચી સિદ્ધશિલામાં વિરાજતો હોય અને ચાર ગતિ તથા ચોરાશી લાખ જીવયોનિરૂપ સંસારમાં ભટકીને વિવિધ દુઃખોનો અનુભવ ન જ કરતો હોત.

'આત્મા પ્રથમથી જ કર્મયુક્ત શી રીતે હોઈ શકે ?' એ પ્રશ્ન પણ કેટલાકનાં મનમાં ઉઠે છે, પણ તેનું સમાધાન સહેલું છે. શરૂઆતમાં સોનું ખાણમાં હોય છે, ત્યારે માટીથી મળેલું હોય છે. લગભગ માટી જેવું જ હોય છે, તેના જેવી આ સ્થિતિ છે. સોનું ખાણમાંથી બહાર નીકળ્યા પછી અનેક પ્રકારના પ્રયોગો વડે શોધાય છે અને ત્યારે જ તે ચકચકિત પીળા રંગની ઉત્તમ ધાતુ તરીકે આપણું ધ્યાન ખેંચે છે. તે જ રીતે આત્મા ધર્મનાં સાધનો પામી જેમ જેમ શુદ્ધ થતો જાય છે, તેમ તેમ તેનો પ્રકાશ-સ્વરૂપ ખીલતું જાય છે અને છેવટે શુભ ધ્યાનની ધારાએ ચઢી સર્વ કર્મનો ક્ષય કરે છે, ત્યારે તેનો પ્રકાશ-સ્વરૂપ પૂર્ણ કળાએ ખીલી ઉઠે છે.

આત્મા કર્મના બંધવાળો છે.

અહીં એ જાણી લેવું જરૂરનું છે કે જો આત્માને કર્મનો બંધ ન હોય તો બધા આત્માઓની અવસ્થા સમાન હોય, કારણ કે બધાનું આત્મત્વ સમાન છે. પણ આપણે જોઇએ છીએ, કે કેટલાક આત્માઓ સ્વર્ગમાં ઉત્પન્ન થઇ દેવનું સુખ ભોગવી રહ્યા છે, કેટલાક આત્માઓ નરકમાં ઉત્પન્ન થઈ નારક તરીકે ઘોર વેદનાનો અનુભવ કરી રહ્યા છે, કેટલાક આત્માઓ તિર્યંચ તરીકે ઉત્પન્ન થઈ અનેક પ્રકારનાં દુઃખો વેઠી રહ્યા છે અને કેટલાક આત્માઓ માનવકુલમાં ઉત્પન્ન થઇને મનુષ્ય તરીકેનું જીવન વીતાવી રહ્યા છે. વળી બધા મનુષ્યો મનુષ્યત્વમાં સમાન હોવા છતાં તેમની અવસ્થા સમાન નથી. તેમાંના કોઇ રાજા છે, તો કોઈ રંક છે; કોઇ શ્રીમંત છે, તો કોઈ ભીખારી

છે; કોઇ પંડિત છે, તો કોઇ મૂર્ખ છે, કોઇ સ્વરૂપવાન છે, તો કોઇ વિરૂપ છે; કોઈ નીરોગી છે, તો કોઇ વિવિધ રોગોથી ઘેરાયેલા છે. જગતનું તમામ વૈચિત્ર્ય કર્મને આભારી છે.

મૂર્ત કર્મોની અમૂર્ત આત્મા પર અસર થાય છે.

'મૂર્ત કર્મોની આત્મા પર અસર થાય ખરી?' આ પ્રશ્ન પણ કેટલાક તરફથી પૂછવામાં આવે છે, એટલે તેનો ખુલાસો કરી દઇએ. મૂર્ત વસ્તુ અમૂર્ત વસ્તુ ઉપર અસર ન જ કરી શકે એવો નિયમ નથી. જ્ઞાન અમૂર્ત છે, છતાં મદિરા, વિષ આદિ મૂર્ત વસ્તુઓથી તેના પર ઉપઘાત (માઠી અસર) થાય છે અને ઘી, દૂધ વગેરે પુષ્ટિકર પદાર્થોથી અનુગ્રહ (સારી અસર) થાય છે. આ રીતે મૂર્ત કર્મો અમૂર્ત એવા આત્માની શક્તિ પર અસર પહોંચાડી શકે છે. પરંતુ અહીં એ સમજી લેવાની જરૂર છે કે સંસારી આત્મા એકાંતે એટલે સર્વથા અમૂર્ત નથી. તે કથંચિત્ મૂર્ત પણ છે. જેમ અગ્નિ અને લોઢાનો સંબંધ થતાં લોઢું અગ્નિરૂપ થઇ જાય છે, તેમ સંસારી આત્મા અને કર્મનો અનાદિ કાળથી પરસ્પર સંબંધ હોવાને કારણે તે કર્મનાં પરિણામરૂપ બની જાય છે, તેથી તે કથંચિત્ મૂર્ત પણ છે અને મૂર્ત વસ્તુની મૂર્ત વસ્તુ પર અસર થવામાં તો કોઇ આપત્તિ નથી, એટલે કર્મની કથંચિત્ મૂર્ત આત્મા પર અસર થાય છે, એમ માનવામાં જરાય વાંધો નથી.

કર્મને કેટલાક સામાન્ય વસ્તુ માની કર્મવાદને નિંદે છે, પણ જૈન ધર્મે પ્રરૂપેલો કર્મવાદ સામાન્ય વસ્તુ નથી, એ તો વિશ્વની અનેક રહસ્યમયી ઘટનાઓનો ઉકેલ કરનારૂં મહા-

વિજ્ઞાન છે અને છેવટે તે પુરુષાર્થનો પ્રશસ્ત પયગામ આપી જાય છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મવાદ ઓતપ્રોત છે, એ વાત પણ તમારે લક્ષમાં રાખવાની છે. નવતત્ત્વો પર એક આછી નજર નાખી જુઓ, એટલે આ વસ્તુ તમારા ખ્યાલમાં બરાબર આવી જશે.

નવતત્ત્વ અને કર્મવાદ

જેમણે પ્રકરણ ગ્રંથનો અભ્યાસ કર્યો હશે, તેઓ નવતત્ત્વોના નામ બરાબર જાણતા હશે. નવતત્ત્વ-પ્રકરણના પ્રારંભમાં જ કહ્યું છે કે—

जीवाऽजीवा पुण्णं, पावासवसंवरो य निज्जरणा ।
बंधो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्या ॥

'જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વો જાણવા યોગ્ય છે.'

આ લોક, વિશ્વ કે દુનિયામાં જેટલી વસ્તુઓ છે, તે બધીનો સમાવેશ જીવ અને અજીવમાં થઈ જાય છે, તેથી આ બે તત્ત્વો વિશેષ પ્રકારે જાણવા યોગ્ય છે.

જીવ એટલે ચેતનાયુક્ત દ્રવ્ય, અર્થાત્ આત્મા.

અજીવ એટલે ચેતનારહિત દ્રવ્ય. તે પાંચ પ્રકારના છે. ધર્મ, અધર્મ, આકાશ, કાલ અને પુદ્ગલ. કર્મ એ પુદ્ગલનું જ પરિણામ છે, એ વાત અમે પૂર્વે સમજાવી ગયા છીએ.

ફલની અપેક્ષાએ કર્મના બે પ્રકારો છે. એક શુભ ફળ

આપનારું કર્મ અને બીજું અશુભ ફળ આપનારું કર્મ. તેમાં શુભ ફળ આપનારું કર્મ તે પુણ્ય અને અશુભ ફળ આપનારું કર્મ તે પાપ. કેટલાકે કર્મના શુકલ અને કૃષ્ણ એવા બે ભેદો બતાવ્યા છે. તો કેટલાકે કુશલ અને અકુશલ એવા બે પ્રકારોનું વર્ણન કર્યું છે, પણ વાત એકની એક છે. જે પુણ્ય છે તે જ શુકલ કે કુશલ કર્મ અને જે પાપ છે તે જ કૃષ્ણ કે અકુશલ કર્મ. તેમાં વાસ્તવિકતાએ કોઇ તફાવત નથી.

સારાનું ફળ સારું અને ખરાબનું ફળ ખરાબ, એમાં કોઇને શંકા છે ખરી? કોઇએ આંબો વાવ્યો હોય અને લીમડો ઉગ્યો હોય કે લીમડો વાવ્યો હોય અને આંબો ઉગ્યો હોય તો કહી દેજો. એક અભણ ખેડુતને પૂછો તો એ પણ કહેશે કે 'ભાઇ! જેવું વાવીએ તેવું લણાય. ઘઉં વાવીએ તો ઘઉં લણીએ અને બાજરી વાવીએ તો બાજરી લણીએ. તેમાં કંઇ ફેર પડે નહિ.' પરંતુ આશ્ચર્ય અને ખેદની વાત છે કે આ સીધી સાદી વાત પણ કેટલાકનાં ગળે ઉતરતી નથી. વાસ્તવમાં તેઓ પુણ્ય-પાપની કોઇ વિચારણા જ કરતા નથી અને ઇચ્છા મુજબનું જીવન જીવી મનુષ્યભવ પૂરો કરે છે. આવાઓ કઇ ગતિએ જવાના? એ વાત તમારા દિલમાં કોતરી રાખો કે આવાઓનો અંત ઘણો કરુણ હોય છે. જ્યારે તેમને એમ લાગે છે કે હવે અમારે જવું પડશે, ત્યારે તેમની હાયવોયનો, તેમના વલોપાતનો પાર રહેતો નથી, તેમની આંખમાંથી ઓર ઓર જેવા આંસુ ટપકે છે અને 'અમે પુણ્યનું ભાતું બાંધ્યું હોત તો સારું' એવા વિચારો આવે છે, પણ રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું?

થોડા દિવસ પહેલાં ભારતના મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે 'ધર્મની બાબતમાં મારી સમજણ ઉંડી નથી, પણ સારાનું ફળ સારુ મળે છે અને બૂરાનું ફળ બૂરું મળે છે, એ બાબતમાં મારો પાકો વિશ્વાસ છે.' આ શબ્દો તેમણે ઘણા અનુભવ પછી ઉચ્ચાર્યા છે. એટલે શુભાશુભ કર્મનાં શુભાશુભ ફળ સંબંધી કોઇએ શંકા રાખવી નહિ.

આશ્રવ એટલે કર્મનું આત્મા ભણી આવવું. જેમ ગરનાળા એ તળાવમાં પાણી આવવાનું સાધન છે, તેમ આશ્રવ એ આત્મામાં કર્મને દાખલ થવાનું સાધન છે.

સંવર એટલે આત્મા ભણી આવી રહેલાં કર્મોની અટકાયત. જેમ ગરનાળાને બંધ કરી દેવાથી તળાવમાં નવું પાણી આવતું નથી, તેમ સંવરને ધારણ કરવાથી આત્મામાં નવીન કર્મો દાખલ થતાં નથી.

નિર્જરા એટલે કર્મોનું ખરી જવું, છૂટા થઈ જવું. જે કર્મો આત્માને વળગેલા છે, આત્મામાં તાદાત્મ્યભાવ પામેલાં છે, તે કર્મો અમુક અંશે આત્મપ્રદેશોથી છૂટા પડે ત્યારે કર્મની નિર્જરા થઇ કહેવાય.

બંધ એટલે કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું આત્મા સાથે જોડાવું, તાદાત્મ્યભાવે પરિણમવું. કર્મનો બંધ કયા હેતુઓથી પડે તે અને તેના કેટલા પ્રકારો હોય છે વગેરે બાબતો અમે હવે પછી વિસ્તારથી સમજાવવાના છીએ, એટલે અહીં વિશેષ વિવેચન કરતા નથી.

મોક્ષ એટલે કર્મના સર્વ બંધનોમાંથી આત્માનો છૂટકારો. મુક્તિ, સિદ્ધિ, શિવપદ, પરમપદ, પંચમગતિ, નિર્વાણ એ તેના પર્યાયશબ્દો છે.

આ નવ તત્ત્વોમાંથી કર્મવાદને કાઢી લો, તો બાકી શું રહે? એટલે જ અમે કહીએ છીએ કે જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મવાદ ઓતપ્રોત છે.

જૈન ધર્મનો કર્મવાદ પુણ્ય-પાપનો સુંદર વિવેક કરી બતાવે છે, તેથી કોઈ પણ મુમુક્ષુ પાપનો પરિહાર કરી પુણ્યનો સંચય કરવાને શક્તિમાન થાય છે. જેઓ પુણ્ય અને પાપનો ભેદ સમજતા નથી કે પાપને પુણ્ય માને છે, તે પાપથી શી રીતે બચવાના? પરંતુ દુનિયાનો ઢંગ એવો છે કે પાપી પણ પોતાને ધર્મી તરીકે ઓળખાવે અને ધર્મીઓની હરોળમાં બિરાજે. અહીં અમને પ્રાચીન કાળની એક વાત યાદ આવે છે.

ધર્મીઓની સંખ્યા કેટલી?

મગધપતિ મહારાજા શ્રેણીક સભા ભરીને બેઠા છે, વિવિધ પ્રશ્નોની ચર્ચા થાય છે, ત્યાં એક પ્રશ્ન ઉઠયો કે 'આપણાં નગરમાં ધર્મીઓ વધારે કે અધર્મીઓ વધારે?' તેનો બધાએ એક જ ઉત્તર આપ્યો કે આપણા નગરમાં ધર્મીઓની સંખ્યા વધારે છે, અધર્મીઓ તો કોઈ ગણ્યા ગાંઠયા જ હશે. પરંતુ અભયકુમારને આ ઉત્તરથી સંતોષ થયો નહિ. તેમણે કહ્યું: 'આ દુનિયામાં નિર્દય વધારે હોય અને દયાવાન ઓછા હોય, અસત્યવાદી વધારે હોય અને સત્યવાદી ઓછા હોય, ચોરવૃત્તિવાળા વધારે હોય અને પ્રમાણિક ઓછા હોય, વિષયી

વધારે હોય અને બ્રહ્મચારી ઓછા હોય. આપણે પણ એજ દુનિયાનો એક ભાગ છીએ, એટલે આપણે ત્યાં ધર્મી કરતા અધર્મીઓનું પ્રમાણ મોટું હોવું જોઇએ.' પરંતુ તેમની એ વાત કોઇએ મંજૂર રાખી નહિ.

મંત્રીશ્વર અભયકુમાર બુદ્ધિના નિધાન હતા અને સમયજ્ઞ હતા, એટલે સમજી ગયા કે અત્યારે વિવાદ કરવો નકામો છે. આ વસ્તુ સમય આવ્યે સિદ્ધ કરી બતાવવી. પછી તેમણે રાજગૃહી નગરીની બહાર બે મોટા મહેલો તૈયાર કરાવ્યા. તેમાં એકને બગલાની પાંખ જેવો ધોળો બનાવ્યો અને બીજાને કાજળ જેવો કાળો બનાવ્યો, આ બે મહેલોની વચ્ચે તેમણે એક સુંદર બગીચો બનાવ્યો અને તેમાં હજારો માણસ બેસી શકે તેવી ગોઠવણ રાખી.

હવે એક દિવસ મંત્રીશ્વર અભયકુમારે તેમાં ઉજાણી રાખી અને તેમાં ભાગ લેવા માટે સંખ્યાબંધ સ્ત્રી પુરુષો હાજર થયાં. અભયકુમારે તેમને ઉદ્દેશીને કહ્યું કે 'સજ્જનો અને સન્નારીઓ! તમારા પૈકી જેઓ ધર્મી હોય તે ધોળા મહેલમાં જાય અને અધર્મી હોય તે કાળા મહેલમાં જાય. ત્યાં ઉજાણીની તમામ વ્યવસ્થા રાખવામાં આવેલી છે.'

આ સૂચના પ્રમાણે હાજર થયેલાઓ એ બે મહેલોમાં દાખલ થઈ ગયા. તેમાં ધોળો મહેલ લોકોથી ખીચોખીચ ભરાઈ ગયો અને કાળા મહેલમાં માત્ર ગણ્યા ગાંઠ્યા માણસો જ દાખલ થયા. થોડી વારે અભયકુમાર તેમને પૂછવા લાગ્યા કે 'તમે શું ધર્મ કરો છો કે આ ધોળા મહેલમાં દાખલ થયા

છો ?' તે વખતે કસાઇએ કહ્યું કે હું જીવને ન મારું અને તેનું માંસ ન વેચું તો માંસ ખાનારની શી વલે થાય ? એટલે તેમને નિયમિત માંસ પૂરું પાડીને મારો ધર્મ બજાવું છું. વળી મારા ધંધા અંગે હું ઘણા જનાવરોનું પોષણ કરું છું. તેથી પણ ધર્મી છું એટલે આ ધોળા મહેલમાં દાખલ થયો છું.'

કલાલે (દારૂ વેચનારે) જણાવ્યું કે 'હું અનેક માણસોની દારૂ પીવાની તલપ બુઝાવીને ધર્મનું પાલન કરી રહ્યો છું. વળી મારો બનાવેલો દારૂ પીતાં માણસો ખૂબ સ્ફૂર્તિમાં આવી જાય છે અને આ દુનિયાનાં તમામ દુઃખ-દર્દો ભૂલી જાય છે. જાણે સ્વર્ગમાં મહાલતા હોય તેવો તેમને અનુભવ થાય છે, તેથી એક ધર્મી તરીકે હું આ ધોળા મહેલમાં દાખલ થયો છું.'

વેશ્યાએ જવાબ આપ્યો કે 'હું પણ અનેક માણસોનાં મનનું રંજન કરું છું તથા તેમના તનમાં પ્રકટેલી વિષયની જ્વાલાને બુઝાવું છું, તેથી એક ધર્મી તરીકે આ ધોળા મહેલમાં દાખલ થઇ છું.'

એડૂતે કહ્યું કે 'તમારા પવિત્ર પુરુષો જે અન્ન ખાય છે, તેને નીપજાવનારો હું છું, એટલે બધા પર મારો મોટો ઉપકાર છે, તેથી હું આ ધોળા મહેલમાં દાખલ થયો છું.'

વેપારીએ જણાવ્યું કે 'લોકો જે જે વસ્તુઓનો ખપ હોય છે, તે બધી હું પૂરી પાડું છું. જો હું મીઠું-મરચું, તેલ -ઘી, અનાજ-દાલ-આટો વગેરે પૂરાં ન પાડું તો લોકોની શી વલે થાય ? તેથી બધા પર મારો મોટો ઉપકાર છે અને તે કારણે જ હું આ ધોળા મહેલમાં દાખલ થયેલો છું.

આ રીતે દરેકે પોતપોતાના ધંધામાં ઉપકાર ગણાવ્યો અને પોતાની ગણતરી એક ધર્મી પુરુષ તરીકે કરાવી.

પછી મંત્રીશ્વર અભયકુમાર કાળા મહેલમાં ગયા. ત્યાં માત્ર ચાર જ પુરુષો બેઠેલા હતા. તે ચારે સદ્‌ગૃહસ્થો હતા, શ્રદ્ધાળુ હતા, વિવેકી હતા અને યથાશક્તિ ધર્મનું આરાધન કરનારા હતા, છતાં તેમાં દાખલ થયા હતા, તેમનાં એક-બેને તો મંત્રીશ્વર ઓળખતા પણ હતા.

મંત્રીશ્વરે પૂછયું કે 'તમે આ કાળા મહેલમાં કેમ દાખલ થયા છો? ધોળા મહેલમાં જગા ન મળી કે શું?' પેલાઓએ જવાબ આપ્યો કે 'મંત્રીશ્વર! એવું નથી. અમે તો જાણીને જ આ મહેલમાં દાખલ થયા છીએ, કારણ કે હજી અમારામાં ધોળા મહેલમાં પેસવા જેટલી યોગ્યતા નથી. અમે અત્યાર સુધીમાં પાપપુણ્ય વિષે ઘણું જાણ્યું છે, તેમ છતાં પાપનો પરિહાર પૂર્ણ રીતે કરી શકતા નથી અને જે છોડયું છે, તેમાં પણ અનેક જાતના અપવાદો રાખેલા છે. આ સંયોગોમાં અમારાથી ધોળા મહેલમાં દાખલ શી રીતે થઇ શકાય?

અમે એટલું સમજીએ છીએ કે જે માણસ હિંસા કરે નહિ, પરિગ્રહ રાખે નહિ, ક્રોધ કરે નહિ, માન સેવે નહિ, માયા આચરે નહિ, લોભને વશ થાય નહિ અને કજિયા-કંકાસમાં પડે નહિ, તેમ જ ખોટી માન્યતા ધરાવે નહિ, તે જ સાચા અર્થમાં ધર્મી કહેવાય અને આવું ધર્મીપણું હજી અમારામાં પ્રગટયું નથી, તેથી અમે અમારી જાતને અધર્મી માનીએ છીએ. અલબત્ત! તેમાંથી જલ્દી કેમ છૂટાય, તેના

મનોરથો સેવીએ છીએ, છતાં અમે ધર્મી છીએ, એવું કહેવાની હિંમત કરતા નથી.

મંત્રીશ્વરે કહ્યું : 'મહાનુભાવો ! ધન્ય છે તમને અને ધન્ય છે તમારી સમજને ! તમારી ધારણા મુજબનો ધર્મ તમે આચરી શકયા નથી, પરંતુ આચરવાનો પ્રયત્ન કરી રહ્યા છો અને તેમાં થતી નાની મોટી સ્ખલનાઓ દૂર કરી રહ્યા છો, માટે તમે જ ખરા ધર્મી છો. ખરેખર તમારા જેવા પુરુષોથી જ આ રાજગૃહી નગરી ઉજળી છે.'

પછી તેમને ધોળા મહેલમાં લઇ ગયા અને તેમની હકીકત સમજાવતાં બધાએ પોતાનું મસ્તક નીચું નમાવ્યું. આ પ્રયોગથી બધાને ખાતરી થઇ કે પોતાનાં નગરમાં ધર્મીઓની સંખ્યા ઓછી છે અને અધર્મીઓની સંખ્યા વધારે છે.

કર્મબંધના કારણો.

આત્મા અનાદિ કાલથી કર્મબદ્ધ છે, એ વસ્તુ વિસ્તારથી જણાવી ગયા. હવે આત્માને કર્મનો બંધ શાથી થાય છે ? તે જણાવીશું. 'કારણ વિના કાર્ય હોય નહિ.' એ સિદ્ધાંત તો તમને બધાને કબૂલ છે ને ? જગતના તમામ વિચારક પુરુષોએ આ સિદ્ધાંત માન્ય રાખેલો છે અને ચારે તરફ જેની બોલબાલા થઇ રહી છે, એ વિજ્ઞાને પણ તેના પર મંજૂરીની મહોર મારી છે.

કર્મબંધ એક પ્રકારનું કાર્ય છે, એટલે તેમાં પણ કંઇક કારણ હોવું જોઇએ. આ કારણમાં જિનેશ્વર દેવોએ ચાર વસ્તુઓ બતાવી છેઃ (૧) મિથ્યાત્વ. (૨) અવિરતિ, (૩) કષાય

અને (૪) યોગ. ×આ ચારે કારણોનું સ્વરૂપ બરાબર સમજી લેશો તો કર્મબંધનથી બચી શકશો.

મિથ્યાત્વ

શાસ્ત્રકારો કહે છે કે 'આ જગતમાં શત્રુઓ ઘણા હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી; વિષ અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઇ વિષ નથી; રોગ અનેક પ્રકારના હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઇ રોગ નથી; અને અંધારું અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઇ અંધારું નથી.' આ પરથી મિથ્યાત્વ એ કેવી ભયંકર વસ્તુ છે, તેનો ખ્યાલ આવી શકશે.

आभिग्गहियं अणभिग्गहियं तह अभिनिवेसियं चेव
संसइयमणाभोगं मिच्छत्तं पंचहा भणियं ॥

× तत्त्वार्थसूत्रना आठमा अध्यायमां कहुं छे के—मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय अने योग એ પાંચ કર્મબંધના હેતુઓ છે.' ગુણસ્થાનના ક્રમમાં પ્રથમ મિથ્યાત્વ જાય છે, પછી અવિરતિ જાય છે, પછી પ્રમાદ જાય છે, પછી કષાય જાય છે અને છેવટે યોગ જાય છે, એટલે અહીં કર્મબંધના પાંચ હેતુઓ આ ક્રમે જણાવેલા છે; પણ પ્રમાદ એ એક પ્રકારનો અસંયમ જ છે અને તેથી તે અવિરતિ કે કષાયમાં આવી જાય છે; એજ દ્રષ્ટિએ કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં કર્મબંધના ચાર કારણો માનવામાં આવ્યાં છે. મિથ્યાત્વ અને અવિરતિ કષાયના સ્વરૂપથી જુદા નથી પડતા; તેથી એક પરંપરા કષાય અને યોગ એ બેને જ કર્મબંધના હેતુઓ માને છે.

આમાં નિરૂપણ શૈલિનો ભેદ છે, તાત્ત્વિક કોઇ તફાવત નથી.

'મિથ્યાત્વ પાંચ પ્રકારનું કહેલું છેઃ આભિગ્રહિક, અનભિગ્રહિક અભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક.'

ખરા-ખોટાની પરીક્ષા કર્યા વિના પોતાની મતિમાં આવ્યું તે જ સાચું માની લેવું, તે આભિગ્રહિક મિથ્યાત્વ. બધા ધર્મોને સારા માનવા, બધાં દર્શનોને રૂડાં માનવાં, સહુને વંદવું, સહુને પૂજવા, એમ વિષ અને અમૃતને સરખાં ગણવાં તે અનભિગ્રહિક મિથ્યાત્વ. સત્ય માર્ગ જાણવા છતાં કોઇ પ્રકારનો આગ્રહ બંધાઈ જવાની અસત્ય માર્ગની પ્રરૂપણા કરવી તે આભિનિવેષિક મિથ્યાત્વ, જે નિહ્નવો× થયા તે આ પ્રકારના મિથ્યાત્વવાળા હતા. પોતાનાં અજ્ઞાનથી જિનવાણીના અર્થ સમજે નહિ અને તેમાં ડગમગતો રહે તે સાંશયિક મિથ્યાત્વ, અને અજાણપણાને લીધે કંઇ સમજે નહિ, તે અનાભોગિક મિથ્યાત્વ. અવ્યક્ત એવા એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને આ પ્રકારનું મિથ્યાત્વ હોય છે. મિથ્યાત્વ એ એક પ્રકારનો દ્રષ્ટિવિપર્યાસ છે. તેના લીધે જીવ અધર્મમાં ધર્મસંજ્ઞાવાળો અને ધર્મમાં અધર્મસંજ્ઞાવાળો થાય છે; અમાર્ગમાં માર્ગ સંજ્ઞાવાળો અને માર્ગમાં અમાર્ગસંજ્ઞાવાળો થાય છે;

× નિહ્નવ એટલે અપલાપ કરનાર. જેને જૈન ધર્મના અન્ય સિદ્ધાંતો કબૂલ હોવા છતાં અમુક સિદ્ધાંતોનો અપલાપ કર્યો, તે નિહ્નવ ગણાયા. સ્થાનાંગસૂત્રમાં આવા સાત નિહ્નવોનો ઉલ્લેખ છે; જમાલી, તિષ્યગુપ્ત, આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર, ગંગ, રોહગુપ્ત (ષડ્લૂક) અને ગોષ્ઠામાહિલ, શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે આઠમા નિહ્નવ તરીકે શિવભૂતિનો ઉલ્લેખ કર્યો છે કે જેણે બોટિક એટલે દિગમ્બર પંથની સ્થાપના કરી છે.

અજીવમાં જીવસંજ્ઞાવાળો અને જીવમાં અજીવસંજ્ઞાવાળો થાય છે; અસાધુમાં સાધુસંજ્ઞાવાળો અને સાધુમાં અસાધુ સંજ્ઞાવાળો થાય છે, તેમાં અમુક્તમાં મુક્તસંજ્ઞાવાળો અને મુક્તમાં અમુક્તસંજ્ઞાવાળો થાય છે. વળી જે દેવ, ગુરુ તથા પર્વો લૌકિક એટલે સામાન્ય કોટિના–માત્ર વ્યાવહારિક સપાટીને જ સ્પર્શનારાં છે, તેમાં પણ અનુરાગવાળો થાય છે અને જે દેવ, ગુરુ અને પર્વો લોકોત્તર એટલે ઉત્તમ કોટિનાં–તાવિત્તક ભૂમિકાને સ્પર્શનારાં છે, તેમના વડે શ્રેયની સાધના કરવાને બદલે પ્રેયની પેરવીમાં પડે છે, આથી તેનું કર્મબંધન ચાલુ જ રહે છે. અને ભયંકર ભવસમુદ્રનો પાર કરી શકાતો નથી.

મિથ્યાત્વનું પ્રતિપક્ષી સમ્યક્ત્વ છે. તેથી પ્રાપ્તિ થાય તો જ મિથ્યાત્વ હઠે, તેથી બધા મુમુક્ષુઓએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહેવાનું છે. તમે 'लोगस्स उज्जोअगरे' આદિ પદોથી તીર્થંકરોની સ્તુતિ કર્યા બાદ શું કહો છો?

कित्तीय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोदिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥

'જેઓ લોકોત્તમ છે, સિદ્ધ છે અને મન, વચન તથા કાયાથી સ્તવાયેલા છે. તેઓ મને આરોગ્ય એટલે ભાવ-આરોગ્ય અર્થાત્ મુક્તિનું સુખ આપો, બોધિલાભ એટલે સમ્યક્ત્વ આપો, અને મરણસમયની શ્રેષ્ઠ સમાધિ આપો.'*

* કીર્તન વડે વાચિત સ્તુતિ, વંદન વડે કાયિક સ્તુતિ અને પૂજન વડે માનસિક સ્તુતિ થાય છે, એટલે અહીં મન, વચન તથા કાયા વડે સ્તવાયેલા એમ સમજવાનું છે. ઉત્તમ શબ્દ મરણ સંબંધી સૂચન કરે છે અને વરનો અર્થ શ્રેષ્ઠ છે, એટલે અહીં મરણ સંબંધી શ્રેષ્ઠ સમાધિ સમજવાની છે.

અવિરતિ.

જેમાં વિરતિ ન હોય તે અવિરતિ કહેવાય. અહીં વિરતિની મુખ્યતાએ અવિરતિ કહેવાય છે, એટલે વિરતિનો અર્થ સમજી લેવો જોઇએ. વિરતિ એટલે વ્રત, નિયમ, ત્યાગ કે પ્રત્યાખ્યાન. જે આત્મા કોઈપણ પ્રકારનું વ્રત લે છે, નિયમ ધારણ કરે છે, ત્યાગ આચરે છે કે પ્રત્યાખ્યાન કરે છે, તે વિરતિમાં છે અને જેને કોઈ પણ વ્રત, નિયમ, ત્યાગ કે પ્રત્યાખ્યાન નથી, તે અવિરતિમાં છે.

અવિરતિના કારણે આત્મા પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મન દ્વારા વિષયસુખમાં તલ્લીન બને છે અને છ કાયના જીવોની હિંસા આચરે છે, તેથી અવિરતિને કર્મબંધનું કારણ માનવામાં આવ્યું છે. બારણાં બંધ ન કર્યાં હોય તો ઘરમાં કચરો આવ્યા જ કરે, તેમ જે આત્માઓએ કોઇ પણ પ્રકારનો વિરતિભાવ ધારણ ન કર્યો હોય, તેને કર્મ લાગતા જ રહે, વળગતા જ રહે, એ દેખીતું છે.

અહીં એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આત્મા પોતે કર્મને ગ્રહણ કરે છે, તો પણ કર્મ લાગ્યા, કર્મ વળગ્યા, એમ કહેવાય છે, તે એક જાતનો ભાષાનો વ્યવહાર છે. આપણે ગુંદર લગાડીને પોસ્ટની ટિકિટને ચોંટાડીએ છીએ, છતાં ટિકિટ ચોંટી એમ કહેવાય છે, તેના જેવો જ આ શબ્દપ્રયોગ છે.

સાધુ મહાત્માઓ તમને રોજ વ્યાખ્યાન–વાણી સંભળાવે છે અને કંઈક પણ વ્રત–નિયમ–ત્યાગ–પ્રત્યાખ્યાન કરવાનું કહે છે, તેનું રહસ્ય એ જ છે કે તમે કર્મબંધનમાંથી બચી શકો અને તમારા આત્માનો ઉદ્ધાર કરી શકો.

કષાય

જીવનાં શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે, તે કષાય કહેવાય છે. અથવા જેનાથી કષ એટલે સંસારનો આય એટલે લાભ થાય, અર્થાત્ સંસાર વૃદ્ધિ પામે તે કષાય કહેવાય છે. આ કષાયના ચાર પ્રકારો છેઃ (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. શાસ્ત્રકારોએ તેને ભયંકર અધ્યાત્મદોષો કહ્યા છેઃ

कोहं च माणं च तहेव मायं, लोभं चउत्थ अज्झत्थदोसा।

ક્રોધ એટલે ગુસ્સો, દ્વેષ કે વૈર લેવાની વૃત્તિ. માન એટલે અભિમાન, અહંકાર કે મદ. માયા એટલે કપટ, દગો કે અન્યને છેતરવાની વૃત્તિઃ અને લોભ એટલે તૃષ્ણા, લાલસા, કે વધારે ને વધારે લેવાની વૃત્તિ.

આ દરેક કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એવા ચાર ચાર પ્રકારો છે, તેનું વર્ણન આગળ પર કરીશું.

આ સોળ પ્રકારના કષાયને જન્મ આપનાર નવ પ્રકારના નોકષાયો છે, એટલે તેનો નિર્દેશ પણ અહીં અવશ્ય કરવો જોઇએ. તે આ પ્રમાણે : (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) ભય, (૫) શોક, (૬) જુગુપ્સા, (૭) પુરુષવેદ, (૮) સ્ત્રીવેદ અને (૯) નપુંસકવેદ. અહીં વેદ શબ્દથી કામસંજ્ઞા sexual instinct સમજવી.

કષાય એ કર્મબંધનું પ્રબળ કારણ છે, તેથી જ શાસ્ત્રકારોએ તેનાથી દૂર રહેવાનો વારંવાર ઉપદેશ આપેલો છે.

યોગ

ચૂલા પર પાણીની દેગ ચડાવી હોય અને પાણી ગરમ થવા લાગે ત્યારે એના પ્રદેશોમાં જે રીતે સ્પંદન થાય છે, આંદોલન જન્મે છે, ચંચળતા પ્રગટે છે, તેજ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર નિમિત્તો મળતાં આત્મપ્રદેશોમાં સ્પંદન થાય છે, આંદોલન જન્મે છે, ચંચળતા પ્રગટે છે, તેને શાસ્ત્રીય પરિભાષામાં યોગ કહેવામાં આવે છે. આ યોગ ત્રણ પ્રકારનો છે. (૧) મનોયોગ, (૨) વચનયોગ અને (૩) કાયયોગ. મનના વિવિધ વ્યાપારો એ મનોયોગ છે, વાણી કે વચનને લગતા વ્યાપારો એ વચનયોગ છે અને શરીર કે કાયાને લગતા વ્યાપારો એ કાયયોગ છે. કર્મનો બંધ થવામાં યોગ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે, એ ભૂલવાનું નથી.

કર્મબંધના પ્રકારો

કર્મબંધના કારણો સમજ્યા પછી કર્મબંધના પ્રકારો પણ સમજી લેવા જોઈએ. કર્મબંધના ચાર પ્રકારો છેઃ (૧) પ્રકૃતિ બંધ, (૨) સ્થિતિબંધ, (૩) રસબંધ અને (૪) પ્રદેશબંધ.

પ્રકૃતિ એટલે સ્વભાવ, સ્થિતિ એટલે કાલની મર્યાદા, રસ એટલે અનુભવ અને પ્રદેશ એટલે પરમાણુઓ.

જેમ કોઈ લાડુ વાયુ કરે, કોઈ લાડુ પિત્ત કરે, કોઈ લાડુ કફ કરે, એ તેનો સ્વભાવ કહેવાય, તેમ કોઈ કર્મ જ્ઞાનને રોકે, કોઈ કર્મ દર્શનને રોકે, કોઈ કર્મ શક્તિને રોકે તે એનો સ્વભાવ કહેવાય. કર્મ બાંધતી વખતે આ સ્વભાવ નક્કી થાય છે.

જેમ વૃક્ષને ફળ આપવાનો કાળ હોય છે, તેમ કર્મને પણ ફળ આપવાનો કાળ હોય છે. આ કાળ ઓછામાં ઓછો અંતર્મુહૂર્તનો અને વધારેમાં વધારે સીત્તેર કોડાકોડી સાગરોપમનો હોય છે. કર્મ બાંધતી વખતે આ કાળ નિયત થાય છે.

કર્મ બાંધતી વખતે તીવ્ર અથવા મંદ જેવા પરિણામ હોય, તેવો રસ પડે છે અને જેવો રસ પડયો હોય, તે પ્રમાણે તેનું અતિ તીવ્ર, તીવ્ર, મંદ, મંદતર ફળ ભોગવવું પડે છે.

આત્મા પોતાની સમીપે રહેલાં કર્મસ્કંધોને યોગનાં કારણે પોતાના ભણી ખેંચે છે અને આત્મપ્રદેશોમાં ઓતપ્રોત બનાવી દે છે, તેને શાસ્ત્રીય પરિભાષામાં પ્રદેશબંધ કહેવામાં આવે છે.

અહીં એ જણાવવું જરૂરનું છે કે જે આકાશપ્રદેશમાં આત્મપ્રદેશ અવગાહીને રહેલા છે, તે જ આકાશપ્રદેશમાં કર્મ યોગ્ય પુદ્ગલસ્કંધો પણ અવગાહીને રહેલા છે. આવા જ પુદ્ગલસ્કંધો જીવ ગ્રહણ કરી શકે છે. જે આકાશપ્રદેશને આત્માએ અવગાહેલા નથી અને જે કર્મસ્કંધો આત્મપ્રદેશથી દૂર છે તેવા કર્મપુદ્ગલ ગ્રહણ કરવાનું કે તેને કર્મરૂપે પરિણમાવવાનું હોતું નથી. આત્માના પ્રદેશો સાથે અવગાઢ કર્મસ્કંધો પણ સ્થિત અર્થાત્ સ્થિર હોય, તેને જ જીવ ગ્રહણ કરી શકે છે; અસ્થિર અથવા ચંચળ કર્મસ્કંધોને જીવ ગ્રહણ કરતો નથી. (એટલે કાર્મણ વર્ગણાના પુદ્ગલોને)

જીવ કર્મબંધ બે પ્રકારે કરે છે. નિકાચિત અને અનિકાચિત. કર્મ બાંધતી વખતે જીવ જો કષાયના તીવ્ર પરિણામ-

વાળો હોય તો તેને નિકાચિત કર્મબંધ થાય છે અને કર્મ બાંધતી વખતે જો કષાયના મંદ પરિણામવાળો હોય તો તેને અનિકાચિત કર્મબંધ થાય છે. અનિકાચિતપણે અશુભ કર્મ બાંધ્યું હોય અને પાછળથી જીવના પરિણામ બદલાઇ જાય તો વ્રત, નિયમ, તપ, ધ્યાન આદિ દ્વારા તે કર્મની રસોદય ભોગવ્યા વિના પણ નિર્જરા થઇ જાય છે.

અનિકાચિત કર્મબંધ પણ ત્રણ પ્રકારનો હોય છે. સ્પૃષ્ટ, બદ્ધ અને નિધત્ત. તેમાં જે કર્મબંધ અતિ શિથિલ હોય તે સ્પૃષ્ટ, શિથિલ હોય તે બદ્ધ અને કંઈક ગાઢ હોય તે નિધત્ત કહેવાય છે. સોયના દૃષ્ટાંતથી આ વાત વધારે સ્પષ્ટ થશે.

સોયનો એક ઢગલો પડયો હોય, એના પર હાથ મૂકીએ તો તે વીખરાઇ જાય છે, એ રીતે જે કર્મોનું બંધન અતિ શિથિલ હોય અને સામાન્ય પશ્ચાત્તાપ આદિથી તૂટી જાય તે સ્પૃષ્ટ કર્મબંધ જાણવો.

સોયોને દોરામાં પરોવી હોય તો તેને ખરતાં, નીકળતાં છૂટી પડતાં વાર લાગે છે, એ રીતે જે કર્મનું બંધન તોડતાં કંઈક વાર લાગે અને વિશિષ્ટ આલોચનાદિથી તૂટે તે બદ્ધ કર્મબંધ જાણવો.

જો સોયોને દોરામાં પરોવી હોય અને કાટ લાગી જવાથી તે અરસપરસ ચોંટી ગયેલી હોય તો તેને છૂટી પાડવામાં મહેનત પડે છે, તેમ જે કર્મબંધન ગાઢ હોય અને જેને તોડવા માટે તપાદિ વિશિષ્ટ અનુષ્ઠાન કરવું પડે છે, તે નિધત્ત કર્મબંધ જાણવો.

જો સોયોને અગ્નિમાં મૂકી ધમવાથી તથા પછી કૂટી કૂટીને તેનો ગઠ્ઠો કરી નાખ્યો હોય તો તે કોઇ રીતે છૂટી પડી શકતી નથી, તેમ જે કર્મબંધન અતિ ગાઢ હોય અને જેનું ફળ ભોગવ્યા વિના છૂટકો જ ન હોય, તેને નિકાચિત કર્મબંધ જાણવો,

અશુભકર્મનો નિકાચિવ બંધ થાય તો જીવને અનેક પ્રકારની યાતનાઓ સહન કરવી પડે છે. માટે તેમાંથી બચવું. હસતાં હસતાં બાંધેલાં કર્મો ગમે તેટલું રોવા છતાં છૂટતાં નથી, એ વાત યાદ રાખવી. શ્રેણીક મહારાજા જ્યારે ધર્મ પામ્યા ન હતા, ત્યારે તેમણે એક હરિણીનો શિકાર કર્યો. હરિણી ગર્ભવતી હતી. રાજા શ્રેણિકનાં બાણથી એક સાથે બન્નેના પ્રાણ ચાલ્યા ગયા. રાજા શ્રેણિકે વિચાર્યું કે 'હું કેવો પરાક્રમી ! કેવો બળવાન કે એક જ બાણે બન્નેને વીંધી નાખ્યાં.' આવા તીવ્ર અધ્યવસાયથી તેમને કર્મનો નિકાચિત બંધ થયો અને નરકમાં અવશ્ય જવું પડ્યું.

અનિકાચિત કર્મબંધમાં શુભ અધ્યવસાયો દ્વારા પાછળથી પરિવર્તન થઈ શકે છે, પણ નિકાચિત કર્મબંધમાં કંઇ પરિવર્તન થઈ શકતું નથી. તેથી જ જ્ઞાનીઓએ એવો કર્મબંધન ન કરવા વારંવાર ચેતવણી આપી છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન વીસમું

યોગબળ

મહાનુભાવો !

આપણે કર્મના વિષયમાં આગળ વધીએ તે પહેલાં એટલું જાણવું જરૂરી છે કે દરેક શાસ્ત્રને પોતાની પરિભાષા હોય છે, તે બરાબર લક્ષમાં રાખવી જોઇએ. જો એ લક્ષમાં ન રહે તો વાત ગોટાળે ચડે અને અર્થનો અનર્થ થાય. કોઈ એમ કહે કે 'સિંધવ લાવો.' અહીં જો ભોજનનો પ્રસંગ હોય તો સિંધાલુણ લાવવું જોઇએ અને રણે ચઢવાનો પ્રસંગ હોય તો ઘોડો હાજર કરવો જોઇએ. પણ ભોજનના પ્રસંગે ઘોડો લાવવામાં આવે અને રણના પ્રસંગમાં સિંધાલુણ હાજર કરવામાં આવે તો તેથી શો અર્થ સરે?

ગત વ્યાખ્યાનમાં અમે કર્મબંધ વિષે કેટલુંક વિવેચન કર્યું અને તેમાં કર્મબંધનાં કારણો એટલે હેતુઓ જણાવ્યા. આ હેતુઓમાં ચોથો હેતુ 'યોગ' હતો. આ યોગ શબ્દનો અર્થ તમારા લક્ષમાં બરાબર રહ્યો છે ને? શાસ્ત્રોમાં અનેક જગાએ યોગ શબ્દનો પ્રસંગ આવે છે અને તેમાં એમ પણ કહેવાયું છે કે 'યોગથી કર્મબંધન તૂટે છે.' પરંતુ અમે અહીં એમ કહેવા ઇચ્છીએ છીએ કે 'યોગથી કર્મ-બંધન થાય છે.' આ બે વસ્તુઓ તમને ભ્રમણામાં ન નાખે એટલા માટે જ આ પ્રશ્ન પૂછીએ છીએ.

તમે આ બંને વાક્યો પર વિચાર કરો અને કંઈ સૂઝ ન પડે તો શું કહેવાના? 'શાસ્ત્રોમાં પણ પરસ્પર વિરુદ્ધ વાતો કહેલી છે,' એ જ કે બીજું કંઈ? પણ તમે ખાતરીથી માનજો કે સર્વજ્ઞ વીતરાગ ભગવંતનાં શાસ્ત્રોમાં પરસ્પર વિરુદ્ધ વાતો કદી પણ હોય જ નહિ. એ તમારી સમજનો દોષ છે અને તેનો ટોપલો તમે શાસ્ત્રોનાં માથે ઓઢાડો તે યોગ્ય નથી. થોડાં સ્પષ્ટીકરણથી આ વસ્તુ બરાબર સમજી શકશો.

જ્યાં એમ કહ્યું છે કે 'યોગથી કર્મબંધન તૂટે છે' ત્યાં યોગનો અર્થ પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો ધર્મ-વ્યાપાર સમજવાનો છે. આવા ધર્મવ્યાપારથી કર્મબંધન તૂટે, એમાં આશ્ચર્ય શું? જે જે મહાપુરુષોનાં કર્મબંધન તૂટ્યાં, તે પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલા ધર્મ વ્યાપાર વડે જ તૂટ્યાં છે.

અહીં અમે એમ કહેવા ઇચ્છીએ છીએ કે 'યોગથી કર્મ-બંધન થાય છે.' આ વાત પણ એટલી જ સાચી છે. પરંતુ અહીં યોગ શબ્દ પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલા ધર્મવ્યાપારના અર્થમાં નથી. એ આત્મપ્રદેશના આંદોલન કે સ્પંદનના અર્થમાં છે. આત્મપ્રદેશનાં આંદોલન કે સ્પંદનરૂપી યોગવડે

× मुक्खेण जोयणाओ, जोगो सव्वेवि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ, ठाणाइगओ विसेसेणं ॥
—શ્રી હરિભદ્રસૂરિકૃત યોગવિંશિકા.

'પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો સર્વ પણ ધર્મવ્યાપાર મોક્ષમાં જોડનારો હોવાથી યોગ જાણવો અને વિશેષથી તો સ્થાનાદિગત એવો જે ધર્મવ્યાપાર તેને યોગ જાણવો.'

આત્મા કાર્મણવર્ગણાને પોતાની અંદર મેળવી દે છે અને એ રીતે કાર્મણવર્ગણાનું આત્મા સાથે મળી જવું એ જ કર્મબંધ છે. એટલું યાદ રાખજો કે કાર્મણવર્ગણાઓ જ્યારે આત્મા સાથે મળી જાય, ત્યારે જ તે કર્મ કહેવાય છે, તે પહેલાં નહિ.

યોગ એટલે પ્રવૃત્તિ.

અહીં તમે પ્રશ્ન કરશો કે, 'આત્મપ્રદેશોનાં આંદોલન સ્પંદનને અન્ય કોઈ સંજ્ઞા ન આપતાં યોગસંજ્ઞા કેમ આપી?' તેનો ખુલાસો એ છે કે યોગ શબ્દનો એક અર્થ વ્યાપાર કે પ્રવૃત્તિ થાય છે અને આત્મપ્રદેશોનું આંદોલન કે સ્પંદન એ આત્માનો વ્યાપાર કે પ્રવૃત્તિ છે, તેથી તેને યોગ-સંજ્ઞા આપવામાં આવી છે. સામાયિક ગ્રહણ કરતી વખતે તમે 'करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि' એ શબ્દો બોલો છો. ત્યાં 'जोगं' એટલે યોગનો અર્થ વ્યાપાર કે પ્રવૃત્તિ જ છે.

આત્મપ્રદેશમાં આંદોલન શાથી થાય છે?

'આત્મપ્રદેશમાં જે આંદોલન કે સ્પંદન થાય છે, તે શાથી થતું હશે?' એ પ્રશ્ન પણ તમારાં મનમાં ઉઠશે. તેનો ઉત્તર એ છે કે 'આત્માનો સ્વભાવ સંયોગ અર્થાત્ કારણ મળતાં આંદોલિત થવાનો છે. કારણ ન હોય તો તે તદ્દન સ્થિર રહે છે. દાખલા તરીકે સિદ્ધ ભગવંતના આત્મપ્રદેશો તદ્દન સ્થિર છે, કારણ કે ત્યાં આત્મપ્રદેશોને આંદોલિત કરનારું કોઈ પણ કારણ વિદ્યમાન નથી.'

અહીં એ સ્પષ્ટતા કરી દઇએ કે આત્માનાં બધા પ્રદેશો આંદોલિત થાય છે, પણ તેની મધ્યમાં જે આઠ રુચક પ્રદેશો છે, તે કદી આંદોલિત થતાં નથી, અર્થાત્ તદ્દન સ્થિર રહે છે. એનું કારણ એ પ્રકારનો તેનો સ્વભાવ છે.

આત્મપ્રદેશોને આંદોલિત કરનારું કારણ બે પ્રકારનું હોય છે: એક બાહ્ય અને બીજું અભ્યંતર. તેમાં બાહ્ય કારણને શાસ્ત્રીય પરિભાષામાં અભિસંધિ કહેવામાં આવે છે, એટલે તેનાથી થતો યોગ તે 'અભિસંધિજ યોગ' છે અને અભ્યંતર કારણને શાસ્ત્રીય પરિભાષામાં અનભિસંધિ કહેવામાં આવે છે, એટલે તેનાથી થતો યોગ તે 'અનભિસંધિજ યોગ' છે.

ખાવું, પીવું, હાલવું, ચાલવું, દોડવું, ખેંચવું, વગેરે બાહ્ય કારણ છે. તેના લીધે આત્મપ્રદેશોમાં આંદોલન થાય છે, તમે દોડતા હો કે કોઈ સાથે કુસ્તી કરતા હો, ત્યારે તમારા શરીરમાં લોહીનો વેગ કેટલો વધી જાય છે? એ અભિસંધિજ યોગ છે. તેમાં પ્રયત્નની મુખ્યતા છે.

તમે શાંત બેઠા હો કે ઊંઘતા હો, ત્યારે પણ તમારા આત્મપ્રદેશોમાં આંદોલન ચાલુ હોય છે, તે વખતે કોઇ તમારી નાડી તપાસે તો તેમાં ધબકારા થાય છે કે નહિ? એ અનભિસંધિજ યોગ છે. તેમાં પ્રયત્નની આવશ્યકતા નથી.

યોગસ્થાનક

યોગનું બળ દરેક વખતે સરખું હોતું નથી. તેમાં સંયોગવશાત્ ઓછાવત્તાપણું થયા જ કરે છે. આ ઓછાવ-

ત્તાપણું સૂચવવા માટે શાસ્ત્રમાં 'યોગસ્થાનક' શબ્દનો ઉપયોગ થયેલો છે; આજે કોઇ પણ મશીનનું બળ બતાવવું હોય તો હોર્સપાવરની સંજ્ઞાનો ઉપયોગ થાય છે. જેમ કે આ મશીનમાં ૫૦ હોર્સપાવરનું બળ છે, ૧૦૦ હોર્સપાવરનું બળ છે, વગેરે. વીજળીનું બળ બતાવવા માટે વોલ્ટની સંજ્ઞાનો ઉપયોગ થાય છે. જેમકે–અહીં વીજળીનું દબાણ ૪૦૦ વોલ્ટ છે, ૬૦૦ વોલ્ટ છે, વગેરે. યોગસ્થાનક એ યોગનું બળ બતાવનારી સંજ્ઞા છે.

યોગબળનું પ્રમાણ અનેક–અસંખ્ય પ્રકારનું હોઈ યોગ-સ્થાનકો પણ અસંખ્ય પ્રકારના સંભવે છે.

પ્રદેશબંધ

આ પરથી એમ સમજવાનું કે દરેક સમયે આત્મામાં કોઈ પણ એક પ્રકારનું યોગસ્થાન અવશ્ય હોય છે અને આત્મા તે યોગસ્થાનક પ્રમાણે જ કાર્મણવર્ગણા ગ્રહણ કરે છે. જો યોગસ્થાનક મંદ હોય તો આત્મા ઓછી કાર્મણવર્ગણા ગ્રહણ કરે અને તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ હોય તો તે પ્રમાણે વધારે કાર્મણવર્ગણા ગ્રહણ કરે, કાપડનો કોઈ સંચો ધીમી ગતિએ ચાલતો હોય તો ઓછું કાપડ વણે અને ઝડપથી ચાલતો હોય તો વધારે કાપડ વણે, એ તમે જાણો છો.

કાર્મણવર્ગણાઓ ગ્રહણ થતાં જ તે આત્મપ્રદેશો સાથે ભળી જાય છે તથા પૂર્વનાં કર્મો સાથે ચોંટી જાય છે. તમે પૂછશો કે નવાં કર્મો પૂર્વનાં કર્મો સાથે શા માટે ચોંટી જાય? એટલે જણાવીએ છીએ કે નવાં કર્મનાં પરમાણુઓમાં ચીકાશ હોય છે, એટલે તે પૂર્વનાં કર્મો સાથે ચોંટી જાય છે.

આ ક્રિયામાં કાર્મણવર્ગણાના પરમાણુઓનો સમૂહ આત્મપ્રદેશો સાથે મિશ્ર થાય છે, એટલે તેને પ્રદેશબંધ કહેવામાં આવે છે.

પ્રકૃતિબંધ પણ યોગબળથી જ પડે છે.

આ પ્રકારનાં કર્મબંધનમાંથી પ્રદેશબંધની વાત થઈ. બાકી રહ્યા ત્રણ કર્મબંધો : પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ; તેમાં પ્રકૃતિબંધ પણ યોગબળથી જ પડે છે.

'એક સાથે બે બંધો શી રીતે પડતા હશે?' એવો પ્રશ્ન કદાચ તમારાં મનમાં ઉઠશે, પણ એકી સાથે અનેક ક્રિયાઓ થઈ શકે છે. એન્જિનમાં કોલસા પૂરાતા હોય છે, પાણી ઉકળી રહ્યું હોય છે, તેની વરાળ થતી હોય છે, તેનો ધક્કો લાગતાં દંડ ઊંચોનીચો થતો હોય છે અને પૈડું ચાલતું હોય છે; વગેરે વગેરે અહીં પણ તેમ જ સમજવું.

જે સમયે કાર્મણવર્ગણા આત્મપ્રદેશો સાથે મિશ્રિત થાય છે. મળી જાય છે, તે જ સમયે યોગસ્થાનકનાં બળ મુજબ તેના ભાગલા પડી જાય છે અને તે દરેક ભાગલાના સ્વભાવનો-કાર્યોનો નિયમ થઈ જવો, તેનું જ નામ પ્રકૃતિબંધ.

જો કર્મના ભાગલા ન થતા હોય અને તેનો જુદો જુદો સ્વભાવ નક્કી ન થતો હોય તો કર્મ એક પ્રકારનું જ રહે અને તેનું પરિણામ પણ એક પ્રકારનું જ આવે. પણ આપણે જાણીએ છીએ કે કર્મનું પરિણામ વિચિત્ર હોય છે, એટલે કર્મનો સ્વભાવ એક સરખો નહિ પણ વિવિધતાવાળો છે. અને તે પ્રદેશબંધ પડતી વખતે જ નિર્માણ થાય છે.

અહીં એટલું યાદ રાખવું કે કાર્મણ વર્ગણાના ભાગલા પડે છે, ત્યારે તે પોતે પોતાના જથ્થામાં ચોંટી જાય છે. એક મોટી વખારમાં અનેક જાતનો માલ આવે છે, પણ તે બધો પોતપોતાની જાતમાં ગોઠવાઈ જાય છે, તેના જેવી જ આ ક્રિયા છે.

કર્મની મૂળ પ્રકૃતિ

કર્મનો સ્વભાવ આઠ પ્રકારનો છે, એટલે કર્મની મૂળ પ્રકૃતિ આઠ માનવામાં આવી છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય.

અહીં એક મહાનુભાવ પ્રશ્ન કરે છે કે 'કર્મની પ્રકૃતિને મૂળ વિશેષણ લગાડવાનું કારણ શું?' તેનો ઉત્તર એ છે કે 'દરેક કર્મની ઉત્તરપ્રકૃતિઓ પણ છે, તેનાથી ભિન્નતા દર્શાવવા માટે અહીં મૂળ એવું વિશેષણ લગાડેલું છે.'

તમે 'અષ્ટકર્મ' એવો શબ્દપ્રયોગ તો ઘણી વાર સાંભળ્યો હશે. ચૈત્યવંદનો, સ્તવનો, સજ્ઝાયો વગેરેમાં તે અનેક વખત આવે છે. ત્યાં અષ્ટકર્મથી આ મૂળ આઠ પ્રકૃતિઓ સમજવાની છે.

આયુષ્યપ્રકૃતિનો બંધ ક્યારે અને કેમ પડે?

કર્મની આઠ પ્રકૃતિઓમાં આયુષ્યપ્રકૃતિનો બંધ એક જ વાર પડે અને બાકીની સાત પ્રકૃતિઓનો બંધ સમયે

સમયે પડતો રહે. કોઇ પણ સંસારી આત્મા એવો ન હોય કે જે પોતાના ભવ દરમિયાન આયુષ્યકર્મ બાંધ્યા વિનાનો રહે.

આયુષ્યકર્મ હોય ત્યાં સુધી જીવાય. એ કર્મ પૂરું થયું કે દેહને છોડવો પડે અને નવો દેહ ધારણ કરવો પડે. તમે મુંબઇથી સુરતની ટીકીટ કઢાવી હોય તો મુંબઇથી સુરત સુધીની મુસાફરી જ કરી શકો. સુરત સ્ટેશને તમારે નીચે ઉતરવું જ પડે. આ સ્થિતિને તેના જેવી જ સમજો.

ગયા જન્મમાં તમે જે આયુષ્ય કર્મ બાંધીને આવ્યા, તે આ જન્મમાં ભોગવવાનું અને વર્તમાન જન્મમાં જે આયુષ્ય કર્મ બાંધશો તે આવતા જન્મમાં ભોગવવાનું. જ્યાં સુધી તમારું આયુષ્ય હોય, ત્યાં સુધી તમે જીંદગી ભોગવી શકો અને તેનો સદુપયોગ કરો તો આત્માનું ભલું કરી શકો. જો એ જીંદગી ગમે તેમ વેડફી નાખો તો ભારે કર્મબંધન થવાનું અને તેનાં ફળો ભોગવવા માટે વિવિધ યોનિઓમાં પરીભ્રમણ કરવાનું. ત્યાં કેવાં કેવાં દુઃખો ભોગવવાં પડે છે, તે તમે સારી રીતે જાણો છો.

આ જન્મમાં કેવું આયુષ્ય બાંધવું, તે તમારા હાથની વાત છે. જો દાન, શીલ, તપ, ભાવ વગેરેનું આરાધન કરશો, તો મનુષ્ય કે દેવનું આયુષ્ય બાંધી શકશો અને આરંભ-સમારંભ પરિગ્રહ ભોગવિલાસ કે દુરાચારમાં પડશો તો તિર્યંચ અને નરકનું આયુષ્ય બાંધશો.

તમે માનો છો કે જેમ જેમ દિવસો જાય છે, તેમ તેમ તમારી ઉંમર વધે છે અને આયુષ્ય મોટું થાય છે, પણ એ એક જાતનો ભ્રમ છે. એક દિવસ ગયો એટલે આયુષ્ય એટલું ઘટયું. પરંતુ આ જગતમાં કેટલોક ભાષા-પ્રયોગ અવળો થાય છે.

આંખોમાં કંઇ રોગ થયો હોય ને તે લાલઘુમ બની જાય ત્યારે આપણે કહીએ છીએ કે 'આંખો આવી.' પરંતુ ખરી રીતે તો એ જવા બેઠી છે. કોઇને પેટનો દુઃખાવો થતો હોય ત્યારે જુનવાણી વિચાર પ્રમાણે લોઢાનો એક સળિયો ધગધગતો ગરમ કરી તેનો ડામ દેવામાં આવે છે, એને કહેવાય છેઃ 'ટાઢો દીધો.' એક માણસને બે પત્ની હોય તે એકબીજાને શોકચ માને અને બીજાની ભયંકર ઈર્ષ્યા કરે, પણ કહેવાય ત્યારે બહેન. આ દેશમાં ગોલા નામની એક જાતિ છે, તે દળવા, ખાંડવા, ભરડવા વગેરે મહેનત-મજૂરીનું કામ કરે છે; પણ કહેવાય છે રાણા. આ રીતે મારી ઉંમર વધી એમ તમે કહો છો; તે પણ એક જાતનો અવળો ભાષાપ્રયોગ છે. ખરી રીતે તમારી ઉંમર વધતી નથી, પણ ઘટે છે.

એક વિદ્વાનને કોઇએ પૂછયું કે 'કેમ ભાઈ કુશલ છો?' એ વિદ્વાને જવાબ આપ્યો કે 'જ્યાં પ્રતિદિન આયુષ્ય ઓછું થતું હોય, ત્યાં કુશલતા કેવી!' પણ તમને એવી કોઇ ફીકર ચિંતા નથી, એટલે પોતાને કુશલ માનો છો અને આયુષ્ય ઝપાટાબંધ ચાલ્યું જાય છે.

મહાપુરુષો કહે છે :

उत्थायोत्थाय बोधव्यं, किमद्य सुकृतं कृतम् ।
आयुषः खण्डमादाय, रविरस्तमयं गतः ॥

'ઉઠી ઉઠીને વિચાર કરો કે આયુષ્યનો એક ટુકડો લઇને સુર્ય તો અસ્તાચલ સમીપે ગયો, તે દરમિયાન મેં શું સુકૃત કર્યું ?'

પણ તમે પ્રમાદ કે મૂઢતાની ઘેરી નિંદ્રામાં પડયા છો, એટલે ઉઠતા નથી, જાગતા નથી. અને કદાચ જાગતા હશો તો આવો વિચાર કરતા નથી.

આયુષ્યકર્મ જીવનમાં એક વાર બંધાય, ત્યારે જેવી ભાવના, મનોવૃત્તિ કે ક્રિયા હોય તે પ્રમાણે બંધાય. જો ભાવના, મનોવૃતિ કે ક્રિયા શુભ હોય તો આયુષ્ય સદ્‌ગતિનું બંધાય અને અશુભ હોય તો દુર્ગતિનું બંધાય. માટે મનુષ્યે સદા શુભ ભાવના, શુભ મનોવૃત્તિ રાખવી જોઇએ અને જ્ઞાનીઓએ બતાવેલી સત્ ક્રિયાઓમાં મશગુલ રહેવું જોઇએ. જેણે આખું જીવન પાપમય પ્રવૃત્તિઓમાં ગાળ્યું હોય, બરાબ કામો કર્યાં હોય, હલકી ભાવના રાખી હોય તે આયુષ્યકર્મ બાંધતી વખતે દુર્ગતિનું આયુષ્ય બાંધે.

જો કે આમાં પણ અપવાદ છે. કેટલાક મનુષ્યો આખી જીંદગી સારુ જીવન ગાળે અને જ્યારે આયુષ્યકર્મનો બંધ પડવાનો વખત આવે, ત્યારે જ તેમની ભાવના કે મતિમાં બગાડો થાય. આથી તે દુર્ગતિનું આયુષ્ય બાંધે. તે જ રીતે કેટલાક માણસોએ આખું જીવન બરાબ ગાળ્યું હોય

પણ જ્યારે આયુષ્યનો બંધ પડવાનો હોય, ત્યારે તેમની મતિ સુધરી જાય અને તેઓ સદ્ગતિનું આયુષ્ય બાંધે. પરંતુ આવા દાખલાઓ ક્વચિત જ બને, તેથી તેને અપવાદરૂપ સમજવા. રાજમાર્ગ તો ઉપર જણાવ્યો તે છે.

આપણને આપણી જન્મ તારીખની ખબર છે, પણ મરણ તારીખની ખબર નથી. આનો અર્થ તો એ થયો કે આપણે બધો વખત સાવચેત રહેવું જોઇએ અને સારાં કાર્યો કરવા જોઇએ.

સંખ્યાત વર્ષની ઉંમરવાળા મનુષ્ય અને તિર્યંચો તેની જીંદગીના ત્રીજા ભાગમાં આયુષ્ય બાંધે. દાખલા તરીકે કોઈની ઉંમર ૬૦ વર્ષની હોય તો ૪૦ વર્ષ સુધી ન બાંધે, પણ ૪૦ વર્ષ પૂરાં થાય તે જ સમયે બાંધે. આ વખતે તેની ઉંમરનો ત્રીજો ભાગ બાકી હોય છે. જો એ વખતે આયુષ્ય ન બાંધે તો જેટલા વર્ષ બાકી રહ્યા તેના ત્રીજા ભાગે બાંધે, અર્થાત્ ૧૩ વર્ષ અને ૪ મહિના જાય ત્યારે બાંધે. ત્યારે ન બાંધે તો બાકી રહેલા ૬ વર્ષ અને ૮ મહિનાના ત્રીજા ભાગે બાંધે. એમ આયુષ્યનો ત્રીજો ભાગ કરતાં જવાનું, જો એ કોઇ સમય દરમિયાન આયુષ્યકર્મ ન બંધાય તો છેવટે મરણ સમયે અંતર્મુહૂર્તમાં પણ બાંધે. પરંતુ બાંધ્યા સિવાય રહે નહિ.

જ્ઞાનીઓ કહે છે કે આયુષ્યનો બંધ મોટા ભાગે પર્વ તિથિને દિવસે પડે છે, એટલે તે દિવસે ધર્મારાધન વિશેષ પ્રમાણમાં કરવું જોઇએ. આપણે ત્યાં પર્વતિથિને દિવસે

પૌષધ કરવાનો રિવાજ છે અને તે ન બની શકે તો યથા-શક્તિ તપશ્ચર્યા તથા ધર્મધ્યાન કરવાનું વિધાન છે. છેવટે અભક્ષ્યનો ત્યાગ, લીલોતરીનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ તો અવશ્ય કરવો ઘટે છે.

પર્વો અનાદિ કાલથી ચાલ્યા આવ્યા છે. એ દિવસે ઉલ્લાસ વધે છે અને ભાવના જાગે છે, તેથી ગુરુકર્મી આત્મા લઘુકર્મી બની જાય છે. આ રીતે કાલ પણ કયારેક કારણ બને છે.

તીર્થક્ષેત્રમાં પણ પવિત્ર વાતાવરણને કારણે ધર્મ કરવાની ભાવના વિશેષ જાગૃત થાય છે. સામાન્ય રીતે કંજુસ ગણાતાં માણસો પણ ત્યાં જતાં ઉદાર બનતાં અને પૈસા ખરચતાં જોવામાં આવે છે. એટલે વારંવાર તીર્થક્ષેત્રમાં જવું અને યથાશક્તિ ધર્મારાધન કરવું. આ રીતે એ ક્ષેત્ર પણ ભાવોલ્લાસનું કારણ બને છે.

આનો અર્થ કોઈ એમ ન સમજશો કે ધર્મ તો પર્વ દિવસે કે તીર્થક્ષેત્રમાં જઈએ ત્યારે કરવા યોગ્ય છે. એ તો દરરોજ કરવા યોગ્ય છે. હર ઘડી ને હર પળે આચરવા યોગ્ય છે. જેઓ દરરોજ ધર્મ કરતા હોય તેમણે પર્વતિથિના દિવસે વધારે ધર્મ કરવાનો, તીર્થક્ષેત્રમાં જાય ત્યારે વધારે ધર્મ આચરવાનો. એ વખતે ઉલ્લાસનું પ્રમાણ વધારવાનું.

ભાવના કે ઉલ્લાસ વિનાની ક્રિયા ધર્મનું ફળ ધીમે ધીમે આપે છે અને ફળ પ્રમાણમાં સ્વલ્પ હોય છે, ત્યારે

ભાવના કે ઉલ્લાસપૂર્વક કરવામાં આવેલી ધર્મક્રિયા પોતાનું ફળ ખૂબ આપે છે.

ધીમી આંચ પ્રસંગ આવ્યે તીવ્ર કે ઉગ્ર બની શકે છે, પણ જ્યાં આંચ જ ન હોય ત્યાં તીવ્ર કે ઉગ્ર બનવાનો પ્રસંગ કયાંથી આવે ? માટે રોજ યથાશક્તિ ધર્મ કરતા રહો, તો એવો સમય પણ આવે કે જ્યારે ભાવોલ્લાસ ખૂબ વધી જાય અને ભવોભવનાં પાપો ખપી જાય અને આપણું કાર્ય થઈ જાય. માત્ર ભોગવિલાસ રહેવાથી તો તમારી સ્થિતિ સાર્થવાહના પુત્રો જેવી થઈ પડશે.

ભોગવિલાસની ભયંકરતા અંગે સાર્થવાહના પુત્રોની કથા

ચંપાનગરીમાં માકંદી નામે એક સાર્થવાહ રહેતો હતો. તેની પાસે પુષ્કળ ધન હતું અને લોકોમાં તે ઘણો પ્રતિષ્ઠિત હતો. તેને બે પુત્રો હતા, તેમાં એકનું નામ જિનપાલિત અને બીજાનું નામ જિનરક્ષિત. આ બંને પુત્રો વિદ્યા, સાહસ અને પરાક્રમથી શોભતા હતા, તેમણે અગિયાર વાર દરિયો ખેડયો હતો અને ઘણું ધન પેદા કર્યું, તો પણ તેઓ બારમી વાર દરિયો ખેડવા તૈયાર થયા. મનુષ્યના લોભને થોભ કયાં છે ?

તેમણે માતા-પિતા પાસે રજા માગી. માતા-પિતાએ કહ્યું: 'પુત્રો ! આપણી પાસે પુષ્કળ ધન છે. સાત પેઢી સુધી ખૂટે તેમ નથી, માટે આવો, પીઓ અને આનંદ કરો. હવે દરિયાની સાહસભરી સફર કરવાની શી જરૂર

છે ? વળી અનુભવીઓનું વચન છે કે ' અતિ સર્વત્ર વર્જયેત્ ' એટલે આ બારમી યાત્રાથી બસ થયું. ' પણ પુત્રો એમના વિચારમાં મક્કમ હતા, એટલે છેવટે માતા-પિતાએ રજા આપી અને તેઓ વહાણમાં વિવિધ કરિયાણું ભરી સાગરની સફર કરવા લાગ્યા.

થોડા દિવસ બધું ઠીક ચાલ્યું અને તેમનો સમય આનંદ-વિનોદમાં પસાર થયો, પણ ત્યારબાદ પવનનું પ્રચંડ તોફાન થયું, વહાણો આમ તેમ ઉછળવા લાગ્યાં અને તેનાં પાટિયાં જોતજોતામાં તૂટી ગયાં. બધા માણસો દરિયામાં પડ્યા અને વહાણોમાં લાખો રૂપિયાનો માલ ભર્યો હતો, તે ડૂબી ગયો. પણ સારાં નશીબે સાર્થવાહના પુત્રોના હાથમાં એક મોટું પાટિયું આવી ગયું. તેઓ એને વળગી પડયા અને તેના આધારે તરતાં તરતાં એક બેટ પાસે જઈ પહોંચ્યા.

એ બેટ અજાણ્યો હતો અને અજાણ્યા બેટમાં ઉતરવું એ એક સાહસ ગણાય, પણ અન્ય કોઈ ઉપાય ન હતો, એટલે બીજું શું કરે ? બંને ભાઇઓ એ બેટમાં ઉતર્યા. ત્યાં વનફળો વીણી લાવીને ભોજન કર્યું અને નાળિયેરનાં પાણીથી પોતાની તૃષા છીપાવી. પછી આરામ લેવા માટે તેઓ પત્થરની એક મોટી શીલા પર બેઠા.

આ વખતે ચંપાનગરી, માતાપિતા, તેમણે કહેલા શબ્દો, પોતાનો આગ્રહ, આશાભર્યું પ્રયાણ, એ બધું યાદ આવ્યું અને ' હવે શું કરવું ? ' તેનો વિચાર કરવા લાગ્યા. એવામાં એક અદ્‌ભુત રમણી તેમની સામે આવીને ઊભી રહી. તેના

હાથમાં ખુલ્લી તલવાર હતી અને મુખ ઉપર એક જાતનો આવેશ હતો. તેણે આંખનાં ભવાં ઊંચાં કરતાં કહ્યું. 'અરે મુસાફરો! તમે કયાં આવ્યા છો, તેનું કંઈ ભાન છે? આ રત્નદ્વીપ નામનો બેટ છે અને હું તેની અધિષ્ઠાયિકા રયણા-દેવી છું. મારી રજા વિના તમે આ બેટ પર કેમ ઉતર્યા?'

સાર્થવાહના પુત્રો શૂરવીર હતા અને કોઈથી ગાંજ્યા જાય તેમ ન હતા, છતાં સમય ઓળખીને તેમણે કહ્યું: 'દેવી! અમે અહીં આવ્યા નથી, પણ સંયોગો અમને અહીં ઘસડી લાવ્યા છે. એમાં કાંઈ અપરાધ થયો હોય તો માફ કરશો.'

રયણાદેવીએ કહ્યું: 'તમારો અપરાધ મોટો છે અને પ્રાણદંડને પાત્ર છે, પણ એક શરતે તમને માફી આપું કે તમે મારી સાથે મારા મહેલમાં ચાલો અને મારી સાથે કામક્રીડા કરીને મને આનંદ આપો.'

માગણી વિચિત્ર હતી, છતાં તેને આધીન થયા વિના છૂટકો ન હતો, એટલે બન્ને ભાઈઓ ચૂપચાપ તેની સાથે ચાલ્યા અને રત્નજડિત મહેલમાં પહોંચ્યા. ત્યાં ભોગવિલાસની અનુપમ સામગ્રી તેમને સ્વાધીન કરવામાં આવી.

બંને ભાઈઓ ભોગવિલાસમાં મસ્ત બન્યા અને નિરંતર આમોદપ્રમોદ કરવા લાગ્યા. એમ કરતાં તેઓ સ્વજન, સંબંધી, ઘરબાર બધું ભૂલી ગયા. માણસનું મન જ્યારે એક વસ્તુમાં ઓતપ્રોત બને છે, ત્યારે તેને બીજી વસ્તુનું ભાન રહેતું નથી.

કેટલોક કાલ આ રીતે વ્યતીત થયા પછી એક દિવસ રયણાદેવીએ કહ્યું કે 'શક્રેન્દ્રની આજ્ઞાથી લવણસમુદ્રના અધિ-

પતિ સુસ્થિતદેવે મને હુકમ કર્યો છે કે ‘ તારે આ લવણ-સમુદ્રમાં જે કંઇ કચરો હોય તે સાફ કરવો અને આવી ક્રિયા કુલ એકવીશ વાર કરવી.’ તેમ કરવાને હું બંધાયેલી છું, એટલે મારે ગયા વિના ચાલે તેમ નથી.

પરંતુ હું પાછી આવું ત્યાં સુધી તમે આ મહેલમાં સુખપૂર્વક રહેજો અને આનંદ-પ્રમોદ કરજો. કદી કંટાળો આવે તો આસપાસના સુંદર વનખંડોમાં ટહેલીને દિલ બહેલાવજો. પણ એક વાત યાદ રાખજો કે દક્ષિણ તરફના વનખંડમાં તમારે જવું નહિ, કારણ કે ત્યાં એક દૃષ્ટિવિષ સર્પ રહે છે, એટલે તમારો જીવ જોખમમાં આવી પડશે.’ આ રીતે બે-ત્રણ વાર શિખામણ આપીને રયણાદેવી પોતાનાં કામે ચાલી ગઈ.

દેવીના ગયા પછી બન્ને ભાઇઓને ચેન પડયું નહિ, એટલે તેઓ ઉત્તર, પૂર્વ અને પશ્ચિમના વનખંડોમાં ગયા અને વિવિધ પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા, પણ તેમનું ચિત્ત પ્રસન્ન થયું નહિ. આખરે તેઓ વિચાર કરવા લાગ્યા કે ‘ કહો ન કહો, પણ દેવીએ આપણને દક્ષિણ વનખંડમાં જવાની મનાઈ ફરમાવી છે, તેમાં કંઇક રહસ્ય છૂપાયેલું છે, માટે તે આપણે શોધી કાઢવું.’

પછી તેઓ દક્ષિણ દિશામાં આવેલા વનખંડમાં દાખલ થયા અને ખૂબ સાવધાનીથી ચાલવા લાગ્યા. આ રીતે તેમણે કેટલુંક અંતર વટાવ્યું, ત્યાં નાકને ફાડી નાખે એવી દુર્ગંધ આવવા લાગી. ‘ આ વનખંડમાં આવી દુર્ગંધ

શાની ?' એ વિચારે તેમનું કુતૂહલ વધ્યું અને તેઓ મક્કમ પગલે આગળ વધ્યા. ત્યાં લોખંડની એક શૂળી જોઇ અને તેના પર પરોવાયેલો એક માણસ જોયો.

તેની નજીકના કૂવામાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી. સાર્થવાહના પુત્રોએ એ કૂવામાં ડોકિયું કર્યું, તો અંદર મનુષ્યોનાં શબ એક પર એક ખડકાયેલાં હતાં અને તે બધાં કોહાઈ રહ્યાં હતાં. તેમને એ સમજતાં વાર ન લાગી કે પ્રથમ આ બધાને શૂળીએ પરોવેલા છે અને તેમનો પ્રાણ ગયા પછી તેમને કૂવામાં ફેંકી દેવામાં આવ્યા છે.

શૂળી પર પરોવાયેલો માણસ હજી જીવતો લાગતો હતો, એટલે બન્ને ભાઈઓ તેની નજીકમાં ગયા અને તેને પૂછવા લાગ્યા કે 'ભાઇ ! તમે કોણ છો ? અહીં કેમ આવ્યા ? અને તમારી આ દુર્દશા કોણે કરી ?'

ઉત્તરમાં પેલા માણસે કહ્યું : 'હું કાકંદી નગરીમાં રહેનારો ઘોડાનો વેપારી છું. એક વાર અનેક જાતના ઘોડા તથા ભાંડ-ઉપકરણ લઈને લવણસમુદ્રની યાત્રાએ નીકળ્યો, ત્યાં તોફાન થતાં વહાણ ભાંગ્યું અને પાટિયાના આધારે આ બેટ પર આવી ચડ્યો, ત્યાં રયણાદેવીના આમંત્રણથી તેની સાથે રહીને ભોગ ભોગવવા લાગ્યો. એક વાર અત્યંત નજીવા કારણસર તે કોપાયમાન થઈ અને મારી આ દુર્દશા કરી. તમારી પણ આવી દુર્દશા ન થાય તે જોશો.'

આ હકીકત સાંભળી બન્ને ભાઇઓ ભય પામ્યા. રયણાદેવી આટલી ક્રૂર-ઘાતકી-નિષ્ઠુર હશે તેની કલ્પના તેમને

આવી ન હતી. તેમણે પેલા પુરુષને પૂછયું : 'રયણાદેવીના પંજામાંથી છૂટવાનો કોઈ ઉપાય ખરો ?' ત્યારે પેલા પુરુષે કહ્યું કે 'પૂર્વદિશાના વનખંડમાં યક્ષનું એક મંદિર છે, તેમાં સેલક નામનો એક યક્ષ રહે છે. તે ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે પ્રકટ થઈને બોલે છે કે, 'કોનું રક્ષણ કરું ? કોને તારું ?' ત્યારે તમે કહેજો કે 'અમારું રક્ષણ કરો, અમને તારો.' હે દેવાનુપ્રિયો ! તમે બન્ને ત્યાં જાઓ અને તેની વિવિધ પ્રકારનાં પુષ્પોથી બહુમાનપૂર્વક પૂજા કરો. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

બંને ભાઈઓ પૂર્વ દિશાના વનખંડમાં ગયા, ત્યાં એક મનોહર વાવમાં સ્નાન કર્યું, નજીકનાં સરોવરમાંથી કમળનાં પુષ્પો ચૂંટ્યાં અને યક્ષમૂર્તિને ભાવપૂર્વક પ્રણામ કરીને તેની કમલપુષ્પો દ્વારા પૂજા કરી, પછી તેની પર્યુપાસના કરતા સામે બેઠા. અનુક્રમે સેલક યક્ષ પ્રકટ થયો અને બોલ્યો કે 'કોનું રક્ષણ કરું ! કોને તારું !' ત્યારે બંને ભાઈઓએ કહ્યું કે 'અમારું રક્ષણ કરો, અમને તારો.'

સેલક યક્ષે કહ્યું: 'હે દેવાનુપ્રિયો ! તમને બચાવવાને માટે હું તૈયાર છું. પણ મારી એક વાત સાંભળી લો. હું અશ્વનું રૂપ ધારણ કરી તમને મારી પીઠ પર બેસાડીશ અને લવણસમુદ્ર ઓળંગી તમારે જ્યાં જવું છે, ત્યાં પહોંચાડી દઈશ. પરંતુ એ રીતે જ્યાં હું લવણસમુદ્રની મધ્યમાં આવીશ, ત્યાં તમારી પુંઠ પકડતી રયણાદેવી આવી પહોંચશે અને પ્રતિકૂળ તથા અનુકૂળ એમ બન્ને પ્રકારના ઉપસર્ગો કરી

તમને ચલાયમાન કરવાનો પ્રયત્ન કરશે. તે વખતે તમે ચલિત થયા અને તેના પ્રત્યે આકર્ષાયા તો તે જ ક્ષણે તમને મારી પીઠ પરથી ફેંકી દઈશ. માટે વિચાર કરીને જવાબ આપો.'

સાર્થવાહના બન્ને પુત્રો કોઈ પણ રીતે રયણાદેવીના પંજામાંથી છૂટવા માંગતા હતા, એટલે તેમણે આ શરત કબૂલ કરી. યક્ષે અશ્વનું રૂપ ધારણ કર્યું અને તેમને પીઠ પર બેસાડીને લવણસમુદ્ર ઓળંગવા લાગ્યો.

રયણાદેવીને જાણ થઈ કે સાર્થવાહના બન્ને પુત્રો રત્નદ્વીપ છોડીને પોતાનાં મૂળ વતન તરફ જઈ રહ્યા છે, એટલે તે અત્યંત કોપાયમાન થઈ અને હાથમાં તરવાર તથા ઢાલ લઈને તેમનો પીછો કરવા લાગી. એમ કરતાં લવણસમુદ્રની મધ્યમાં તેમની પાસે આવી પહોંચી અને કહેવા લાગી કે 'અરે માકંદીપુત્રો! તમે આ શું કર્યું? મારી આજ્ઞા વિના તમે રત્નદ્વીપ શા માટે છોડ્યો? હજી ભલા થઈને મારી સાથે પાછા ફરો, નહિ તો તમારા રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાખીશ.'

પરંતુ સાર્થવાહના પુત્રોએ તેની સામે ન જોયું, સેલક યક્ષ આગળ ને આગળ જવા લાગ્યો. આ રીતે પ્રતિકૂળ ઉપસર્ગ નિષ્ફળ જતાં રયણાદેવીએ અનુકુળ ઉપસર્ગ કરવાનો નિર્ણય કર્યો અને તે કહેવા લાગી કે 'તમે મારી સાથે અનેક વાર હાસ્ય, વિનોદ અને કુતૂહલથી ભરેલી કામક્રીડા કરી છે તથા વન-ઉપવનમાં સાથે ફર્યા છો શું એ બધું

છેક જ ભૂલી ગયા ? આ રીતે નિષ્ઠુરતા ધારણ કરીને મારો ત્યાગ શા માટે કરો છો ? કયાં ગઈ તમારી સજ્જનતા ? અને કયાં ગયો તમારો સ્નેહ !

આ વચનોથી જિનરક્ષિત કંઈક ઢીલો પડયો, એટલે રયણાદેવીએ તેને ઉદ્દેશીને કહ્યું કે, 'હું જિનપાલિતને અપ્રિય હતી અને મને પણ તે અપ્રિય હતો. પણ હે જિનરક્ષિત! તું તો મને અત્યંત પ્રિય હતો અને હું પણ તને અત્યંત પ્રિય હતી. તું મારાં વચનોની ઉપેક્ષા કેમ કરે છે? તું મને એકલી અનાથ મૂકીને કેમ ચાલ્યો જાય છે? તારા વિના હું એક ક્ષણ પણ રહી શકીશ નહિ, માટે ભલો થા અને પાછો ફર. જો મારો કંઈ અપરાધ થયો હોય તો તેની હું વારંવાર માફી માગું છું. ઓ હૃદયવલ્લભ ! તું એક વાર મારી સામે પ્રેમપૂર્ણ દૃષ્ટિપાત કર; જેથી તારું સુંદર મુખકમલ જોઈને મારાં સંતપ્ત મનને શાંત કરું.'

આ પ્રેમપૂર્ણ મધુર વચનોથી જિનરક્ષિતનું ચિત્ત ચલિત થઈ ગયું અને તે પ્રથમ કરતાં પણ વધારે પ્રેમથી રયણાદેવી તરફ આકર્ષિત થયો અને તેના તરફ વિકારયુક્ત દૃષ્ટિથી જોવા લાગ્યો. આ વસ્તુ સેલક યક્ષે પોતાના જ્ઞાન બળથી તરત જ જાણી લીધી અને તેને પોતાની પીઠ પરથી ફેંકી દીધો. તે સમુદ્રનાં અગાધ જળમાં સરકી પડે તે પહેલાં રયણાદેવીએ તેને ખડ્ગની અણી પર ઝીલી વીંધી નાખ્યો.

આ રીતે જિનરક્ષિતના ભૂંડા હાલ કર્યા પછી તે જિનપાલિતની પાછળ પડી અને તેને ચળાવવા માટે અનેક

જાતના પ્રયત્નો કરવા લાગી. પણ તે ચલાયમાન થયો નહિ. આખરે રયણાદેવી અત્યંત નિરાશ થઈને જે દિશામાંથી આવી હતી, તે દિશામાં પાછી ચાલી ગઇ.

સેલક યક્ષે ચંપાનગરીની બહાર આવેલાં એક મનોહર ઉદ્યાનમાં પહોંચીને જિનપાલિતને પોતાની પીઠ પરથી નીચે ઉતાર્યો અને જવાની રજા માગી. જિનપાલિતે તેનો ખૂબ આભાર માન્યો અને વિદાય આપી.

જિનપાલિત પોતાનાં ઘરે પહોંચ્યો અને બધી વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવી. માતાપિતાએ જિનરક્ષિતનો ઘણો શોક કર્યો અને સગાંવહાલાંઓની સાથે મળીને તેની લૌકિક ક્રિયા કરી.

એક વાર પ્રભુ મહાવીર ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધારતાં જિનપાલિત તેમનો ઉપદેશ સાંભળવા ગયો અને વૈરાગ્ય પામી પ્રવ્રજિત થયો. અનુક્રમે તેણે અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને અંત સમયે એક માસનું અનશન કરતાં સૌધર્મકલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં તે ઉત્પન્ન થશે અને સર્વ કર્મબંધનો કાપીને સિદ્ધ, બુદ્ધ, નિરંજન થશે.

આ દુનિયામાં ઘણા મનુષ્યોની સ્થિતિ સાર્થવાહના પુત્ર જેવી જ હોય છે. તેઓ ધનલોભને કાબૂમાં રાખતા નથી તથા વધારે અને વધારે ધન મળે તે માટે ગમે તેવાં સાહસો-દુઃસાહસો કરવા પ્રેરાય છે. આમ કરતાં તેઓ

અણધારી મુસીબતોમાં ફસાઈ જાય છે અને મરણને શરણ થાય છે.

એ વખતે નથી થઇ શકતી અંત સમયની આરાધના કે નથી થઇ શકતું પૂર્વકૃત પાપોનું પર્યાલોચન. પરિણામે તેઓ દુર્ગતિના ભાગી થાય છે અને અનંતકાલ સુધી ભવ-ભ્રમણ કરી ભયાનક દુઃખોનો અનુભવ કરે છે. તેમાંથી જિનપાલિત જેવા બચી જાય છે, પણ એવા બહુ ઓછા હોય છે.

સાર્થવાહના પુત્રો રયણાદેવીથી મોહ પામ્યા અને તેની સાથે અનેક પ્રકારની કામક્રીડા કરવા લાગ્યા, તેમ અનેક મનુષ્યો લલનાઓના હાવભાવ કે અંગમરોડથી મોહિત થાય છે અને તેમના સેવક બનીને રહે છે, તે વખતે તેઓ એમ જ સમજતા હોય છે કે આ જગતમાં સુંદરીના સમાગમ જેવું બીજું સુખ નથી પરંતુ એ સમાગમ આખરે અનેક આફતોને નોંતરનારો થઈ પડે છે અને તેમનું જીવન બરબાદ કરે છે. માટે કંચન અને કામિનીના મોહને છોડો અને દૃષ્ટિ આત્મા તરફ રાખી તેનું કલ્યાણ કરવામાં ઉજમાળ બનો.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન એકવીશમું

આઠ કર્મો

મહાનુભાવો !

કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે અને તેને જ આઠ કર્મો કહેવામાં આવે છે, એ વસ્તુ અમે ગત વ્યાખ્યાનમાં સ્પષ્ટ કરી ગયા છીએ. હવે આ આઠ કર્મોનો કેવો સ્વભાવ છે અને તે શું શું કામો કરે છે તે તમને જણાવવા ઇચ્છીએ છીએ.

કેટલાક કહે છે કે 'કર્મ તો જડ છે, તેને સ્વભાવ શી રીતે હોઈ શકે ?' પણ તેઓ સ્વભાવનો અર્થ સમજ્યા નથી. સ્વભાવ એટલે પોતાનો ભાવ, પોતાના ગુણ તે જડ પદાર્થોને પણ અવશ્ય હોય છે, મીઠાશ એ સાકરનો સ્વભાવ છે, કડવાશ એ કવીનાઇનનો સ્વભાવ છે. તીખાશ એ મરચાંનો સ્વભાવ છે, બે ચકમકને સામસામે અફાળો, એટલે તેમાંથી અગ્નિના તણખા પેદા થાય; લાકડાને અગ્નિમાં નાંખો, એટલે તેમાંથી ભડકા નીકળે. જેનો જે સ્વભાવ હોય તે પ્રમાણે તે કાર્ય કરે.

કેટલાક કહે છે કે 'કર્મના આવા ભેદાનુભેદ ન કરો તો ન ચાલે? આપણે તો કર્મનો નાશ કરવાનો છે, એટલે તેનો જ ઉપદેશ આપો તો કેમ?' પરંતુ મનુષ્યને રોગ થયો છે, એટલું કહેવા માત્રથી તેના રોગનો નાશ કરી શકાતો નથી. એને કયા પ્રકારનો રોગ થયો છે, તે કયા કારણોથી ઉદ્ભવ્યો છે, તે આગળ વધે તો કેવું પરિણામ આવે ? તેનો સિદ્ધ

ઉપાય શું ? વગેરે બાબતો જાણવી પડે છે અને તો જ તેના રોગનો નાશ કરી શકાય છે. રોગનું સ્વરૂપ પૂરેપૂરું જાણ્યા વિના રોગનો નાશ કરી શકાતો નથી, તેમ કર્મનું સ્વરૂપ પૂરેપૂરું જાણ્યા વિના કર્મનો નાશ કરી શકાતો નથી. વળી જુદાં જુદાં સ્વરૂપે તેનું ફલ કેમ મલે છે, તેનાથી પરિચિત થવા માટે પણ કર્મના ભેદો જાણવાની જરૂર છે.

આઠ કર્મોના નામ

અનાદિકાળથી આ રીતેજ છે, છતાં એના ક્રમની ગોઠવણીમાં હેતુ છે. તે સમજાવવામાં આવે છે.

રવિ પછી સોમ, સોમ પછી મંગળ, મંગળ પછી બુધ એ રીતે સાત વારોનાં નામ ગોઠવવામાં જેમ ચોક્કસ હેતુ રહેલો છે, અથવા કારતક પછી માગસર, માગસર પછી પોષ, પોષ પછી માહ, એ રીતે બાર મહિનાનાં નામ ગોઠવવામાં જેમ ચોક્કસ હેતુ રહેલો છે, તેમ જ્ઞાનાવરણીય પછી દર્શનાવરણીય, દર્શનાવરણીય પછી વેદનીય, વેદનીય પછી મોહનીય, મોહનીય પછી આયુષ્ય, આયુષ્ય પછી નામ, નામ પછી ગોત્ર અને ગોત્ર પછી અંતરાય એ રીતે આઠ કર્મોના ક્રમમાં પણ ચોક્કસ હેતુ રહેલો છે. *

---

* नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ॥
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥
नामकम्मं च गोत्तं च, अंतरायं तहेव य ॥
एवमेयाइं कम्माइं, अट्ठेव उ समासओ ॥
—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ૦ ૩૩.

કર્મગ્રંથોમાં પણ નામનો આ ક્રમ જ આપેલો છે.

આત્માના બધા ગુણોમાં જ્ઞાનની મુખ્યતા છે, તેથી તેને રોધ કરનાર કર્મને પ્રથમ મૂકવામાં આવ્યું છે. જ્ઞાન પછીનું સ્થાન દર્શનને પ્રાપ્ત થાય છે, તેથી જ્ઞાનાવરણીય પછીનું સ્થાન દર્શનાવરણીય કર્મને અપાયેલું છે. આ બંને આવરણીય કર્મો પોતપોતાનું ફળ બતાવતાં સુખ-દુઃખરૂપ વેદનીય વિપાકના હેતુ થાય છે. તેથી દર્શનાવરણીય પછી તરત જ વેદનીય કર્મને મૂકેલું છે. વેદનીય કર્મના ઉદયે જીવને કષાયાદિ અવશ્ય થાય છે, તેથી વેદનીય પછીનાં સ્થાનમાં મોહનીય કર્મને મૂકવામાં આવ્યું છે. મોહનીય કર્મથી મુંઝાયેલો જીવ અનેક પ્રકારનો આરંભ-સમારંભ કરે છે અને નરકાદિ આયુષ્ય બાંધે છે, તેથી મોહનીય પછી આયુષ્યકર્મને મૂકેલું છે. આયુષ્યકર્મ શરીર વિના શી રીતે ભોગવે ? માટે આયુષ્ય પછી નામકર્મને રાખેલું છે. નામકર્મનો ઉદય થયે ઉચ્ચ-નીચ ગોત્રનો ઉદય અવશ્ય થાય છે, તેથી નામ પછીનું સ્થાન ગોત્રકર્મને પ્રાપ્ત થયેલું છે. અને ઉચ્ચનીચ ગોત્રના ઉદયે અનુક્રમે દાન-લાભ આદિનો ઉદય તથા વિનાશ થાય છે, તેથી ગોત્રકર્મ પછી અંતરાયકર્મને મૂકવામાં આવ્યું છે.

જ્ઞાનાવરણીય કર્મ

જે કર્મ જ્ઞાનને આવરે, જ્ઞાનને ઢાંકે, જ્ઞાનનો પ્રકાશ ઓછો કરે તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય. જેમ આંખમાં જોવાની શક્તિ છે, પણ તેના પર પાટો બાંધવામાં આવે તો તે જોઈ શકતી નથી, તેમ આત્મામાં સર્વ કંઈ જાણવાની શક્તિ છે, પણ જ્ઞાનાવરણીય કર્મને લીધે તે જાણી શકતો નથી.

જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશય થાય તેટલું જ આત્મા જાણી શકે, તેથી વધારે નહિ. જેનાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઓછો હોય તે ઓછું જાણી શકે અને વધારે હોય તે વધારે જાણી શકે. કેવળી ભગવંતના જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થયેલો હોય છે, તેથી તેઓ બધું જાણી શકે છે. મનુષ્યોમાં જ્ઞાનની જે તરતમતા દેખાય છે, તે આ જ્ઞાનાવરણીય કર્મને આભારી છે.

તમે એક વસ્તુ પૂર્વે જાણી છે અને અત્યારે યાદ કરવા ઈચ્છો છો, પણ તે યાદ આવતી નથી. થોડી વાર પછી યાદ આવે છે. આનો અર્થ એ થયો કે વિસ્મૃતિ થવાના સમયે પણ જ્ઞાન તો હતું જ, નહિ તો થોડી વાર પછી યાદ શી રીતે આવે? હવે જ્ઞાન હતું અને વિસ્મૃત થયું, તેનું કારણ શું? કારણ એ જ કે તે યાદ ન આવ્યું. તે વખતે જ્ઞાન પર આવરણ હતું, જ્ઞાનને રોકનારી કોઈ વસ્તુ ત્યાં મોજૂદ હતી. તે ખસી ગઈ એટલે યાદ આવ્યું. દીવા ઉપર કપડું ઢંકાયું હોય તો પ્રકાશ આવે નહિ. તે લઈ લઈએ કે તરત પ્રકાશ આવે. તે પ્રમાણે જ અહીં સમજવું.

જ્ઞાન પાંચ પ્રકારનું છે. (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યયજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન*

* આ જ્ઞાનોના વિશેષ પરિચય માટે જુઓ વ્યાખ્યાન આઠમું નવમું તથા અગિયારમું.

એટલે જ્ઞાનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ પણ પાંચ પ્રકારની છે. જે મતિજ્ઞાનનું આવરણ કરે તે મતિજ્ઞાનાવરણીય, જે શ્રુતજ્ઞાનનું આવરણ કરે તે શ્રુતજ્ઞાનાવરણીય, જે અવધિજ્ઞાનનું આવરણ કરે તે અવધિજ્ઞાનાવરણીય, જે મનઃપર્યયજ્ઞાનનું આવરણ કરે તે મનઃપર્યયજ્ઞાનાવરણીય અને જે કેવલજ્ઞાનનું આવરણ કરે તે કેવલજ્ઞાનાવરણીય.

જીવ છ કારણે આ જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જે છે.

(૧) જ્ઞાન, જ્ઞાની તથા જ્ઞાનનાં સાધનો પ્રત્યે શત્રુવટ રાખવી, વિરોધભાવ દર્શાવવો. અહીં જ્ઞાનથી મતિ આદિ જ્ઞાન, જ્ઞાનીથી જ્ઞાનવાન એટલે સાધુ, પંડિત વગેરે અને જ્ઞાનનાં સાધનોથી પુસ્તક, પાટી, લેખણ વગેરે સમજવાં.

(૨) જ્ઞાનદાતા ગુરુને ઓળવવા, તેમનું નામ છૂપાવવું.

(૩) જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનનાં સાધનોનો નાશ કરવો.

(૪) જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનનાં સાધનોનો દ્વેષ કરવો.

(૫) જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનનાં સાધનોની આશાતના કરવી.

(૬) કોઇ જ્ઞાનપ્રાપ્તિ કરતો હોય, તેમાં અંતરાય નાખવો.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

विराधयन्ति ये ज्ञानं, मनसा ते भवान्तरे ।
स्युः शून्यमनसो मर्त्या, विवेकपरिवर्जिताः ॥

'જેઓ મન વડે જ્ઞાનની વિરાધના કરે છે, તેઓ પરભવમાં શૂન્ય મનવાળા અને વિવેકરહિત થાય છે.'

विराधयन्ति ये ज्ञानं, वचसापि हि दुर्धियः ।
मूकत्वमुखरोगित्व-दोषास्तेषामसंशयम् ॥

'જે દુષ્ટ બુદ્ધિવાળાઓ વચન વડે પણ જ્ઞાનની વિરાધના કરે છે, તેઓને નક્કી મૂંગાપણું તથા મુખનું રોગીપણું વગેરે દોષો થાય છે.'

विराधयन्ति ये ज्ञानं, कायेनायत्नवर्तिना ।
दुष्टकुष्ठादिरोगाः स्युस्तेषां देहे विगर्हिते ॥

'જેઓ જયણા રહિત કાયાવડે જ્ઞાનની વિરાધના કરે છે, તેઓનાં નિંદનીય શરીરમાં કોઢ વગેરે દુષ્ટ રોગો થાય છે.'

मनोवाक्काययोगैर्ये, ज्ञानस्याशातनां सदा ।
कुर्वते मूढमतयः कारयन्ति परानपि ॥
तेषां परभवे पुत्र-कलत्रसुहृदां क्षयः ।
धनधान्यविनाशश्च तथाधिव्याधिसम्भवः ॥

'જે મૂઢમતિવાળા મન, વચન અને કાયા એ ત્રણે યોગો વડે હંમેશાં જ્ઞાનની આશાતના કરે છે અને બીજાઓ પાસે કરાવે છે, તેઓને પરભવમાં ઘણું સહન કરવું પડે છે. તેમના પુત્ર, સ્ત્રી અને મિત્રોનો ક્ષય થાય છે, ધન-ધાન્યનો વિનાશ થાય છે તથા આધિ અને વ્યાધિની ઉત્પત્તિ થાય છે.'

તમે વરદત્ત અને ગુણમંજરીની કથા સાંભળી હશે× ગુણમંજરી જન્મથી જ રોગિષ્ટ અને મૂંગી થઇ, કારણ કે તેણે પૂર્વે સુંદરીના ભવમાં છોકરાંઓને ભણવા માટેનાં

× જ્ઞાનપંચમી પર્વનું મહાત્મ્ય દર્શાવવા માટે આ કથા કહેવાય છે.

લેખણ, ખડિયાં, પુસ્તક પાનાં વગેરે જ્ઞાનનાં સાધનો બાળી મૂકયાં હતાં.

કેટલાકને ભણવું ગમતું નથી, ભણવા બેસાડીએ તો ઊંઘ આવે છે અને પંદર દિવસે પણ એક ગાથા થતી નથી, તે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય સમજવો. માટે મહાનુભાવો! જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની આશાતના તમારા હાથે કદી પણ થાય નહિ, એ બરોબર જોશો.

દર્શનાવરણીય કર્મ.

જે કર્મ આત્માના દર્શનગુણને આવરે, દર્શનગુણને ઢાંકે તે દર્શનાવરણીય કર્મ કહેવાય. ×દર્શન એટલે વસ્તુનો સામાન્ય બોધ. જેમ રાજાની સાથે મુલાકાત કરવી હોય તો પોળિયો કે દરવાન અટકાવે છે, તેમ આ કર્મ વસ્તુનો સામાન્ય બોધ થતો અટકાવે છે. આ કર્મનો જેટલાં પ્રમાણમાં ક્ષયોપશમ હોય તેટલા પ્રમાણમાં જ આ આત્મા વસ્તુનો સામાન્ય બોધ કરી શકે, તેથી વધારે નહિ. જ્યારે આત્મા આ કર્મનો સંપૂર્ણ ક્ષય કરે, ત્યારે કેવલદર્શનની પ્રાપ્તિ થાય.

દર્શનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ નવ છે. (૧) ચક્ષુ-દર્શનાવરણીય, (૨) અચક્ષુદર્શનાવરણીય, (૩) અવધિદર્શના-વરણીય, (૪) કેવલદર્શનાવરણીય, (૫) નિદ્રા, (૬) નિદ્રાનિદ્રા. (૭) પ્રચલા, (૮) પ્રચલાપ્રચલા અને (૯) સ્ત્યાનર્દ્ધિ (થીણદ્ધી).

× દર્શન સંબંધી વિશેષ વિવેચન આઠમાં વ્યાખ્યાનમાં થયેલું છે.

જે ચક્ષુરિન્દ્રિય દ્વારા થતા વસ્તુના સામાન્ય બોધને (દર્શનને) રોકે તે ચક્ષુદર્શનાવરણીય, જે ચક્ષુ સિવાયની બાકીની ચાર ઇન્દ્રિયો તથા પાંચમા મન દ્વારા થતા સામાન્ય બોધને રોકે તે અચક્ષુદર્શનાવરણીય, જે આત્માને થતાં રૂપી દ્રવ્યના સામાન્ય બોધને રોકે તે અવધિદર્શનાવરણીય અને જે કેવલદર્શનદ્વારા થનારા વસ્તુ માત્રના સામાન્ય બોધરૂપ કેવલદર્શનને રોકે તે કેવલદર્શનાવરણીય.

નિદ્રામાં જીવ ઉપયોગ મૂકવાની સ્થિતિમાં હોતો નથી એટલે તેને વસ્તુનો સામાન્ય બોધ શી રીતે થાય? તેથી, નિદ્રાના પાંચે પ્રકારોને દર્શનાવરણીય કર્મની ઉત્તર-પ્રકૃતિઓ માનવામાં આવી છે.

સુખપૂર્વક એટલે અવાજ માત્રથી ઉઠાવી શકાય એવી નિદ્રા તે નિદ્રા. દુઃખપૂર્વક એટલે ખૂબ ઢંઢોળવા વગેરેથી ઉઠાડી શકાય એવી નિદ્રા તે નિદ્રાનિદ્રા. બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં આવતી એવી નિદ્રા તે પ્રચલા. ચાલતાં ચાલતાં આવતી અને દુઃખપૂર્વક જગાડી શકાય એવી નિદ્રા તે પ્રચલાપ્રચલા. અને જેમાં દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે કરી નાંખવામાં આવે અને જાગે ત્યારે ખબર પણ ન હોય એવી ગાઢ નિદ્રા તે સ્ત્યાનર્દ્ધિ કે થીણદ્ધી. આ નિદ્રા વખતે ઘણું બળ ઉત્પન્ન થાય છે. જે પુરુષ છેવટ્ઠું સંઘયણવાળો હોય છે, તેનું બળ બમણું-તમણું વધી જાય છે, અને જે પુરુષ વજ્ર-ઋષભનારાચસંઘયણવાળો હોય છે, તેનું બળ વાસુદેવનાં અર્ધા બળ જેટલું થાય છે. વાસુદેવનું બળ કેટલું હોય છે? તેનો ખ્યાલ અમે ચૌદમાં વ્યાખ્યાનમાં આપેલો છે.

એક રજપૂત સાધુ થયો. તે પૂર્વજીવનમાં માંસાહારી હતો, પણ સાધુ થયા પછી તો માંસાહારનો ત્યાગ જ હોય. આ સાધુને થીણદ્ધી નિદ્રા આવતી હતી. એક વખત તેણે રસ્તામાં પાડો જોયો. તે ઘણો મસ્ત હતો, માતેલો હતો. આ પાડાને જોઈને તેને વિચાર આવ્યો કે 'આવા માતેલા પાડાનું માંસ ખાવા મળે તો કેવું સારું!' પણ સાધુજીવનને કારણે એ વિચાર વિચાર જ રહ્યો.

હવે રાત પડી અને તેને થીણદ્ધી નિદ્રાનો ઉદય થયો, એટલે તે ઊંઘમાં ને ઊંઘમાં ઉઠયો, તેણે પેલા પાડાને પકડયો અને તેને કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી મારી નાખી તેનું માંસ ખાધું અને બાકી વધ્યું તેટલું અગાસીમાં સૂકવવા નાખી, પોતાના સ્થાને આવીને સૂઈ ગયો.

સવારે કેટલાક સાધુઓ અગાસીમાં ગયા, ત્યાં માંસ જોયું અને સ્તબ્ધ થઈ ગયા. આવી પવિત્ર જગામાં માંસ કયાંથી આવ્યું? તેમણે તપાસ કરવા માંડી તો આ રજપૂત સાધુનાં કપડાં લોહીથી ખરડાયેલાં દીઠાં. તેને આ સંબંધમાં પૂછવામાં આવ્યું તો જવાબ મળ્યો કે 'મને કંઈ ખબર નથી,' પછીથી આસપાસના પૂરાવાઓ ભેગા કરતાં ખબર પડી કે આ રજપૂત સાધુને થીણદ્ધી નિદ્રા આવે છે અને તેણે જ નિદ્રા દરમિયાન પાડાનો વધ કરી આ માંસ અહીં મૂકેલું છે. પછી તે સાધુને કાઢી મૂકયો. કારણ કે થીણદ્ધી નિદ્રાવાળો ચારિત્રને લાયક ગણાતો નથી.

વર્તમાનકાળે થીણદ્ધી નિદ્રાના અનેક દાખલાઓ મળે છે

અને આજનાં માનસવિજ્ઞાને વિચિત્ર પ્રકારની નિદ્રા તરીકે તેની નોંધ લીધી છે.

શાસ્ત્રકારો કહે છે કે જેને થીણદ્ધી નિદ્રાનો ઉદય હોય તે મરણ પામીને અવશ્ય નરક ગતિમાં જાય છે.

જે છ કારણોથી જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે, તે જ છ કારણોથી જીવ દર્શનાવરણીય કર્મ બાંધે છે.

વેદનીય કર્મ.

જે કર્મ આત્માને સુખ-દુઃખનું વેદન કરાવે-અનુભવ કરાવે તે વેદનીય કર્મ કહેવાય. આત્મા સ્વરૂપે આનંદઘન છે, છતાં આ કર્મને લીધે તે કાલ્પનિક સુખ-દુઃખનો અનુભવ કરે છે. મધથી ખરડાયેલી તરવારની ધારને ચાટતાં સુખનો અનુભવ થાય છે અને જીભ કપાતાં દુઃખનો અનુભવ થાય છે.

આ કર્મની ઉત્તરપ્રકૃત્તિઓ બે છે. (૧) સાતાવેદનીય અને (૨) અસાતાવેદનીય. આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણમાંના ગમે તે એક, બે કે ત્રણથી ઘેરાયેલ જીવ જે દુઃખનો અનુભવ કરે છે, તે અસાતાવેદનીયનો ઉદય ગણાય અને શરીર નીરોગી હોય, પાસે પૈસો હોય, ખાસ ચિંતા કરવાનું કારણ ન હોય, કુટુંબની અનુકૂળતા હોય, એવા એવા અનુકૂળ સંયોગોને લઈને જે સુખનો અનુભવ થાય, તે સાતાવેદનીયનો ઉદય ગણાય.

'સાતાવેદનીય અને અસાતાવેદનીય કર્મ શાથી બંધાય?' તેના ઉત્તરમાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

गुरुभत्ति-खंति-करुणा-वय-जोग-कसायविजय-दाणजुओ ।
दढधम्माइ अज्जइ, सायमसायं विवज्जओ ॥

અહીં થોડા શબ્દમાં ઘણી વસ્તુઓ કહેવામાં આવી છે.

(૧) ગુરુભક્તિ એ ધર્માચાર્ય તથા પંચમહાવ્રતધારી મુનિ વગેરે પૂજ્ય વર્ગની સેવા-ભક્તિ કરનારો સાતાવેદનીય કર્મ ઉપાર્જે.

(૨) ખંતિ એટલે ક્ષમાને ધારણ કરનારો સાતાવેદનીય કર્મ ઉપાર્જે.

(૩) કરુણા એટલે જગતના સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા-ભાવ રાખનારો સાતાવેદનીય કર્મ ઉપાર્જે.

(૪) વય એટલે સાધુ કે શ્રાવકનાં વ્રતો પાળનારો સાતા-વેદનીય કર્મ ઉપાર્જે. પંચમહાવ્રત એ સાધુનાં વ્રત છે અને સમ્યક્ત્વસહિત પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષા-વ્રત એ શ્રાવકનાં વ્રતો છે.

(૫) જોગ એટલે સંયમયોગનું પાલન કરનાર સાતાવેદ-નીય કર્મ ઉપાર્જે.

(૬) કસાયવિજય એટલે ક્રોધ, માન, માયા અને લોભને કાબૂમાં રાખનાર સાતાવેદનીય કર્મ ઉપાર્જે.

(૭) દાન આપનાર સાતાવેદનીય કર્મ ઉપાર્જે.

(૭) दढधम्माइ દૃઢ ધર્મી આદિ પણ એ જ રીતે સાતા-વેદનીય કર્મ ઉપાર્જે.

જેનું વર્તન આથી વિપરીત હોય તે બધા અસાતાવેદનીય કર્મ ઉપાર્જે. આજે તમારાં જીવનમાં ધમાલ-હાયવોય-અસાતા વિશેષ જણાય છે; તેનું કારણ એ છે કે તમે ગુરુભક્તિ ભૂલ્યા છો; ક્ષમાવાન્ રહ્યા નથી; દયાળુ ઓછા થયા છો; વ્રત, સંયમ અને કષાયવિજયમાં પાછા પડ્યા છો; શુદ્ધ દાન કઈ શકતા નથી; થોડું દાન કરો તો પણ કીર્તિની આશા રાખો છો, અને જેનું દાન કરો છો તે પ્રાયઃ ન્યાયોપાર્જિત હોતું નથી. વળી ધર્મમાં દૃઢ રહ્યા નથી. કોઈ વાંકું બોલે, અધિકારી આંખ કાઢે કે થોડું નુકશાન સહેવાનો પ્રસંગ આવે ત્યાં ઢીલા પડી જાઓ છો અને ધર્મને છોડી દો છો. આ વસ્તુ-સ્થિતિમાં સુધારો થશે ત્યારે સાતાનું પ્રમાણ વધશે અને તમારાં જીવનમાં કોઈ પણ પ્રકારની હાયવોય નહિ હોય.

મોહનીય કર્મ

જે કર્મને લીધે જીવ મોહગ્રસ્ત બની સંસારમાં અટવાઇ પડે તેને મોહનીય કર્મ કહેવાય. આ કર્મ મદિરાપાન જેવું છે. મદિરાપાન કરવાથી જેમ મનુષ્યનાં સાનભાન ઠેકાણે રહેતા નથી. તેમ આ કર્મને લીધે મનુષ્યની વિવેકબુદ્ધિ તથા વર્તન ઠેકાણે રહેતાં નથી.

આત્માને સંસારી બનાવવામાં, તેની શક્તિઓને દબાવવામાં મોહનીય કર્મનો હિસ્સો સહુથી મોટો છે, એટલે તેને કર્મોનો રાજા ગણવામાં આવે છે. જ્યાં સુધી આ રાજા જોરાવર હોય, ત્યાં સુધી બધાં કર્મો જોરાવર રહે અને જ્યાં આ રાજા ઢીલો પડયો કે બધાં કર્મો ઢીલા પડે.

આત્મા જ્ઞાની હોય તો મોહ ઢીલો પડે, મોહ ઓછો થાય અને અજ્ઞાની હોય તો મોહ જોર કરે, મોહનું પ્રમાણ વધે; એટલે જ્ઞાન મેળવવા સદા તત્પર રહેવું જોઇએ. અહીં જ્ઞાન શબ્દથી ધાર્મિક જ્ઞાન કે આત્મજ્ઞાન સમજવું. કારણ કે વ્યાવહારિક જ્ઞાનથી મોહનું પ્રમાણ ઘટતું નથી. જો તમે મોહનીય કર્મનો પૂરો નાશ કરો તો અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય.

મોહનીય કર્મના મુખ્ય બે વિભાગો છે—(૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય. તેમાં દર્શનમોહનીય માન્યતાને મુંઝવે છે અને દેવગુરુ ધર્મ પ્રત્યે અશ્રદ્ધા પેદા કરે છે અને ચારિત્રમોહનીય વર્તનને વિકૃત બનાવે છે.

માણસ સમજદાર હોય છતાં સત્ય પદાર્થ માનતાં લપસે છે, એટલે માનવું પડશે કે માન્યતાને મુંઝવનારું કોઇ કર્મ છે, તમે રેલ્વેમાં મુસાફરી કરતા હો તો તમારી ગાડી ચાલતી છતાં સ્થિર દેખાય છે અને સામી ગાડી સ્થિર છતાં ચાલતી દેખાય છે. તે જ રીતે દર્શનમોહનીય કર્મના પ્રતાપે આત્માને ભ્રમ થાય છે, તેથી અસત્યને સત્ય સમજે છે અને સત્યને તે અસત્ય સમજે છે. પરિણામે તે પોતાનાં દર્શન, જ્ઞાન અને ચારિત્રગુણની શક્તિ પીછાની શકતો નથી. તેમજ તેનાં મૂળ સ્વરૂપ એવા સત્, ચિત્ અને આનંદનું દર્શન કરી શકતો નથી.

દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારનું છે. (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિશ્રમોહનીય અને (૩) મિથ્યાત્વમોહનીય.

આત્મા પોતાના અધ્યવસાયથી મિથ્યાત્વનાં પુદ્ગલો શુદ્ધ

કરે તે શુદ્ધ થયેલા પુદ્ગલોને સમ્યકત્વમોહનીય કહેવાય. શુદ્ધ થયેલા મિથ્યાત્વના દળિયા પ્રદેશથી વેદે ત્યારે ક્ષાયોપશમિક સમ્યકત્વ થાય છે. જ્યારે આ દળિયા પ્રદેશથી પણ ન વેદે ત્યારે આત્માને ઔપશમિક સમ્યકત્વનો લાભ થાય છે. તે કચરો નીચે બેસી ગયેલ નિર્મળ જળ જેવું જાણવું મિથ્યાત્વના શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ એ ત્રણે દળિયા સર્વથા નાશ પામે ત્યારે જીવને ક્ષાયિક સમ્યકત્વનો લાભ થાય છે. ક્ષાયિક સમ્યકત્વ એ આત્માનો મૂળ ગુણ છે. આથી સમ્યકૃત્વ મોહનીય ક્ષાયિક સમ્યકૃત્વનો રોધ કરે છે, એમ જાણવું.

મિથ્યાત્વના પુદ્ગલો અડધા શુદ્ધ થાય અને અડધા અશુદ્ધ રહે તેને મિશ્ર મોહનીય કહેવાય. તેના ઉદયમાં આત્માઓ અનિશ્ચિત દશામાં વર્તતા હોય છે. તે દહીં અને દૂધ બંનેમાં પગ રાખતા હોય છે. અને બધા ધર્મોને સરખા માનતા હોય છે. તાત્પર્ય કે તેઓ સત્ય-અસત્યનો વિવેક કરતા નથી, સત્યનો આગ્રહ રાખતા નથી.

જેના લીધે આત્મા મિથ્યાત્વમાં રાચે તે મિથ્યાત્વ મોહનીય કહેવાય.

જે ધર્મમાં વિષયનો વિરાગ છે, કષાયનો ત્યાગ છે અને આત્માના ગુણો સાથે અનુરાગ છે, તેમજ સિદ્ધાંત મુજબની ક્રિયા છે, તેનાથી કોઇને હાનિ ન પહોંચે. આવો ધર્મ સાચો

---

* દંસણમોહં તિવિહં સમ્મં મીસં તહેવ મિચ્છત્તં ।
સુદ્ધં અદ્ધવિસુદ્ધં અસુદ્ધં તં હવઇ કમસો ॥
પ્રથમ કર્મગ્રંથ ગાથા. ૧૪

કહેવાય અને તે જ મુક્તિનો ઉપાય બની શકે. જે ધર્મના દેવ વીતરાગી હોય અને ગુરુ તરીકે સાધુ-સંતો ત્યાગી મહાપુરુષો હોય તેનું જ આરાધન કરવું ઘટે. કેટલાક સાધુ થઈને હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે-કરાવે છે, તેમની સેવા ભક્તિ કરવાથી શો લાભ?

બાવાજીની વાત.

એક બાવાજી પોતાના ચેલા સાથે વગડામાં ચાલ્યા જતાં હતાં, ત્યાં રસ્તામાં શેરડીનો સુંદર વાઢ આવ્યો. તે જોઈ તેમનાં મોઢામાં પાણી આવ્યું. તેમણે ચેલાને કહ્યું કે, આ કોથળો લઈને વાઢમાં જા અને તેમાં ભરાય તેટલી શેરડી ભરી લે.' માલિકની રજા સિવાય કંઈ પણ લેવું એ ચોરી છે, પણ સ્વાદના રસિયા એ વાતનો સ્વીકાર કયાં કરે?

ચેલો હોશિયાર હતો. તે ગુરુની આજ્ઞા પ્રમાણે વાઢમાં દાખલ થયો અને પોતાનું કામ કરવા લાગ્યો. બાવાજી બહાર ઊભા રહીને ચોકી કરવા લાગ્યા. એવામાં તેણે ચાર ખેડૂતોને હાથમાં કડિયાળી ડાંગ લઈને આવતા જોયા, એટલે તે ગભરાયા. તેમને થયું કે ચેલો શેરડી કાપતાં પકડાશે તો સારી રીતે ટીપાશે અને તેના ગુરૂ તરીકે મને પણ માર પડશે, માટે કોઈ એવી યુક્તિ કરવા દે કે જેથી આ ખેડૂતો આગળ વધે નહિ અને ચેલો સહીસલામત બહાર નીકળી આવે.'

તેમણે સુંદર રાગમાં ગાવા માંડયું:

સંત પકડ લો, સંત પકડ લો, આ ગયે ગર્ભાચારી.

બાવાજીનો કંઠ મધુર હતો, ગાવાની છટા સુંદર હતી, એટલે ખેડૂતો ઊભા રહ્યા અને આ પદ સાંભળવા લાગ્યા. તેમાં યુક્તિ એ હતી કે ખેડૂતો એક અર્થ સમજે અને ચેલો બીજો અર્થ સમજે. આ પંક્તિથી ખેડૂતોને કહ્યું કે 'તમે ઘણા વખતથી મોહમાયામાં ફસેલા છો અને તેથી લખ-ચોરાશીના ફેરા ફરતા આવ્યા છો, તેમાંથી છૂટવું હોય તો કોઈ સંતને પકડી લો, અર્થાત્ સંતનો સમાગમ કરો. અન્યથા ગર્ભાધારી એટલે યમરાજાના દૂતો આવી ગયા છે, એમ સમજો. ચેલાને કહ્યું કે આ વાઢના-ખેતરના માલીક આવી રહ્યા છે; માટે જલ્દી જલ્દી શેરડીના સાંઠા ભરી લે.'

ભજન આટલે જ અટકે તો ખેડૂતો આગળ વધે અને ચેલો ફસાઈ જાય, એટલે તેમણે બીજી પંક્તિ લલકારી—

'લંબે હો તો છોટે કર લો, કર લો ગુરતાધારી.'

તેમણે ખેડૂતોને કહ્યું: 'તમારો જન્મજન્માંતરનો પંથ લાંબો હોય તો સંતસમાગમથી ટુંકો કરી નાખો. ટુંકા જીવનમાં ઘણા કામ વધારી મૂકયા છે, જેને લઇને ધર્મ માટે ફુરસદ મળતી નથી, માટે આ કામોને ટુંકા કરો અને ધર્મને માટે અને પરમાત્માનાં ભજન માટે ફુરસદ કાઢો. બીજા અર્થમાં ચેલાને ચેતવણી હતી કે 'શેરડીના સાઠાં બહુ મોટા હોય તો એના ટુકડા કરીને નાના કરી નાખ અને થેલામાં ગુપ્ત કરી લે જેથી કોઇને ખબર ન પડે.'

બાવાજીએ પણ કમાલ કરવા માંડી. એક બાજુ ખેડૂતોને અધ્યાત્મનો ઉપદેશ આપવા માંડયો અને બીજી બાજુ ચેલાને

આફ્રતમાંથી ઉગારી લેવાનો પ્રયત્ન આદર્યો. તેમણે ભજનને આગળ લંબાવ્યું—

'ચરમદાસકી માર પડેગી, પૂજા હોશી થારી.'

આથી ખેડુતોને એમ કહ્યું કે 'જો તમે સંતસમાગમ નહિ કરો તો જનાવરોનો અવતાર ધારણ કરવો પડશે અને ચાબૂક-પરોણા વગેરેનો માર આવો પડશે.' અને શિષ્યને ચેતવણી આપી કે 'હવે તું વધારે વાર કરીશ તો ખેડુતો આવી પહોંચશે અને તને પરોણાનો માર મારશે તથા તારી બીજી રીતે પૂજા (!) કરશે.'

બાવાજીનાં મનમાં એમ કે આ શબ્દો સાંભળતાં જ ચેલો બધી પરિસ્થિતિ સમજી જશે અને વાડમાંથી જલ્દી બહાર આવી જશે, પણ ચેલો બહાર આવ્યો નહિ, તેથી ભજનની એક પંક્તિ વિશેષ ઉચ્ચારી—

'અંદર પૂજા થારી હોશી, બાહિર હોશી હમારી.'

આ શબ્દોથી ખેડુતોને એવો બોધ આપ્યો કે 'જો તમે સંતસમાગમ નહિ કરો અને પાપ નહિ છોડો તો અંદરથી તમારી પૂજા થશે. અર્થાત્ નારકી જેવા ભયંકર સ્થાનોમાં પરમાધામીના હાથે મારપીટ રૂપ પૂજા થશે અને હમારી એટલે તમને ઉપદેશ ન દઈએ તો તમારા રોટલા ખાનારની બહાર એટલે તિર્યંચ ગતિમાં તમારા જેવાને હાથે મારપીટ રૂપ પૂજા થશે. ચેલાને માટે તો એ સ્પષ્ટ ચેતવણી જ હતી કે હવે તું જરા પણ વધારે સમય લગાડીશ તો ખેડુતો આવીને તને મારશે અને તારા ગુરુ તરીકે મને પણ માર પડશે.'

ચેલો હોંશિયાર હતો. તેણે શેરડીના દશબાર સારા સાંઠા ઉખેડી લીધા હતા અને કકડા કરી નાખ્યા હતા. તે બધા કોથળામાં ભરી રહ્યો હતો. એ કામ પૂરું થાય કે તરત બહાર નીકળવાની તેની ધારણા હતી. પણ અહીં ગુરુજીની ધીરજનો અંત આવ્યો હતો; એટલે તેમણે એક વિશેષ પંક્તિ લલકારીઃ

રામ નામ કો રટ કર ચેલે, ટપ જા પરલી કયારી.'

આ શબ્દોમાં ખેડૂતોને એવો બોધ થયો હતો કે 'મારા પ્યારાઓ! તમે રામનું નામ લઈને સંસારને પેલી પાર પહોંચી જાઓ.' અને શિષ્યને એવી ચેતવણી હતી કે 'હવે જોખમ બહુ વધી ગયું છે, માટે રામનું નામ લેતો પેલી બાજુની કયારીથી તું બહાર નીકળી જા. આ તરફ આવીશ તો ખેડૂતોની નજરે પડીશ.'

આ વખતે શિષ્યે પોતાનું કામ પૂરું કર્યું હતું. એટલે તે કોથળો લઈને બીજી બાજુનાં ખેતરમાંથી બહાર નીકળ્યો. બાવાજીએ તેને જોતાં જ છૂટકારાનો દમ ખેંચ્યો અને આગળ ચાલવા માંડયું. ખેડુતો તો ભજન સાંભળવામાં એવા લીન થઈ ગયા હતા કે તેમને ખરેખર શું બની ગયું, તેનો કંઈ પણ ખ્યાલ આવ્યો ન હતો.

પરંતુ આ રીતે ચોરી કરનાર તથા કરાવનારની ગતિ કેવી થવાની?

સદ્‌ગુરુ તો પોતે પણ તરે અને શિષ્યને પણ તારે. તે શિષ્યનું અહિત થાય એવો ઉપદેશ કે આદેશ કદી પણ કરે નહિ, માટે ત્યાગી અને નિઃસ્પૃહી ગુરુ ખોળીને તેમની તન, મન અને ધનથી ખૂબ સેવા કરી પોતાનું કલ્યાણ કરવું.

અમે તમને કર્મનું સ્વરૂપ સમજાવી રહ્યા છીએ, તે તમારું હિત થાય એટલા માટે જ સમજાવી રહ્યા છીએ. આજ સુધીમાં કર્મોએ તમારું ખૂબ ખૂબ અહિત કર્યું છે, નુકશાન કર્યું છે, છતાં તમે એની દોસ્તી છોડતા નથી! 'નાદાનકી દોસ્તી જાનકા ખતરા' એ કહેવત તમે સાંભળી હશે, પરંતુ નાદાન દોસ્તની સોબત છોડો છો કયાં? અમે તમારી એ દોસ્તી છોડાવવા ઇચ્છીએ છીએ અને તેથી જ તેની દુષ્ટ પ્રકૃતિથી-દુષ્ટ સ્વભાવથી તમને વાકેફ કરી રહ્યા છીએ.

જેના લીધે આત્માનાં મૂળ ગુણરૂપ ચારિત્રનો રોધ થાય તે ચારિત્રમોહનીય કર્મ કહેવાય. એક વસ્તુ સમજવા છતાં આચરણમાં મૂકી શકાતી નથી, એટલે માનવું પડશે કે ચારિત્રનો રોધ કરનારી કોઈ વસ્તુ છે.

ચારિત્રમોહનીય કર્મની કુલ ૨૫ પ્રકૃતિઓ છે, તેમાં ૧૬ પ્રકૃતિઓ 'કષાય' કહેવાય છે અને ૯ પ્રકૃતિઓ 'નોકષાય' કહેવાય છે. તેમાં દર્શનમોહનીય કર્મની ૩

પ્રકૃતિઓ મેળવતાં મોહનીય કર્મની કુલ ઉત્તરપ્રકૃતિઓ ૨૮ થાય છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર મુખ્ય કષાયો છે. તે દરેકના તીવ્રાતિતીવ્ર, તીવ્ર, મધ્યમ અને જઘન્ય એવા પ્રકારો પાડતાં કષાયની સંખ્યા ૧૬ની બને છે. શાસ્ત્રીય પરિભાષામાં તીવ્રાતિતીવ્ર કષાયને 'અનંતાનુબંધી' કહેવામાં આવે છે, તીવ્ર કષાયને 'અપ્રત્યાખ્યાની' કહેવામાં આવે છે. મધ્યમ કષાયને 'પ્રત્યાખ્યાની' કહેવામાં આવે છે અને જઘન્ય કષાયને 'સંજ્વલન' કહેવામાં આવે છે.

આ સોળે કષાયનું સ્વરૂપ સમજવા માટે શાસ્ત્રમાં

ક્રોધ

સંજ્વલન—પાણીમાં દોરેલી રેખા જેવો. પાણીમાં રેખા દોરી હોય તો તરત લય પામે છે, તેમ આ ક્રોધ પણ તરત શાંત થઈ જાય છે.×

પ્રત્યાખ્યાનીય—રેતીમાં દોરેલી રેખા જેવો. રેતીમાં દોરેલી રેખા હોય તો પવનનો સપાટો આવતાં લય પામે છે, તેમ આ ક્રોધ થોડા વખતમાં શાંત થાય છે.

× શાસ્ત્રમાં સંજ્વલનની સમયમર્યાદા પંદર દિવસની, પ્રત્યાખ્યાનીયની સમયમર્યાદા ચાર માસની, અપ્રત્યાખ્યાનીયની સમયમર્યાદા એક વર્ષની અને અનંતાનુબંધીની સમયમર્યાદા યાવજ્જીવ બતાવેલી છે. જુઓ કર્મગ્રંથ પહેલો, ગાથા ૧૮.

અપ્રત્યાખ્યાનીય—પૃથ્વીમાં પડેલી રેખા-ફાટ જેવો. પૃથ્વીમાં ફાટ પડી હોય તો વરસાદ આવે ત્યારે ટળે છે, તેમ આ ક્રોધ ઘણા વખતે શાંત થાય છે.

અનંતાનુબંધી—પર્વતમાં પડેલી રેખા-ફાટ જેવો. પર્વતમાં ફાટ પડી હોય તો તે સંધાતી નથી, તેમ આ ક્રોધ ઉત્પન્ન થયો હોય તો જીવનભર શાંત થતો નથી.

માન

સંજ્વલન—નેતરની સોટી જેવો, જે સહેલાઈથી નમી જાય.

પ્રત્યાખ્યાનીય—કાષ્ટ જેવો, જે ઉપાયે નમે.

અપ્રત્યાખ્યાનીય—હાડકાં જેવો, જે મહાકાષ્ટે નમે.

અનંતાનુબંધી—પથ્થરના થાંભલા જેવો, જે કોઇ રીતે નમે જ નહિ.

માયા

સંજ્વલન—વાંસની છોલ જેવી, જે સરળતાથી પોતાની વક્રતા છોડે.

પ્રત્યાખ્યાનીય—બળદનાં મૂત્રની ધારા જેવી, જે પવન આવતાં દૂર થાય.

અપ્રત્યાખ્યાનીય—ઘેટાનાં શીંગડા જેવી, જે ઘણા પ્રયત્ને પોતાની વક્રતા છોડે.

અનંતાનુબંધી—વાંસના કઠણ મૂળ જેવી કે જે કોઇ રીતે પોતાની વક્રતા છોડે નહિ.

લોભ

સંજ્વલન—હળદરના રંગ જેવો કે જે સૂર્યનો તડકો લાગતાં દૂર થાય.

પ્રત્યાખ્યાનીય—વસ્ત્રે લાગેલા દીવાના કાજળ જેવો કે જે થોડા પ્રયત્ને દૂર થાય.

અપ્રત્યાખ્યાનીય—ગાડાનાં પૈડામાં હોય તે મળી જેવો કે જેનો ડાઘ લાગ્યો હોય તો ઘણા પ્રયત્ને દૂર થાય.

અનંતાનુબંધી—કિરમજના રંગ જેવો કે જે એક વખત ચડયો હોય તો દૂર ન થાય.

આત્માને ક્રોધ શાથી આવે છે? મોહનીય કર્મના ઉદયથી. એ નશો લાવનારી ચીજ છે. જેમ નશામાં રહેલો માણસ ભાન ભૂલી જાય છે અને ન કરવાનું કરી બેસે છે, તેમ ક્રોધમાં આવેલો મનુષ્ય વિવેક, સંબંધ, પરિણામ બધું ભૂલી ન કરવાનું કરી બેસે છે. ક્રોધથી મનુષ્ય શાંત મટી અશાંત બને છે, એટલું જ નહિ પણ તે બીજાનેય અશાંત કરી મૂકે છે.

માન, માયા અને લોભ પણ આત્મામાં અશાંતિ પેદા કરવાનું જ કામ કામ કરે છે. ક્રોધ અને માન ગરમ પ્રકારની અશાંતિ છે, જ્યારે માયા અને લોભ ઠંડા પ્રકારની અશાંતિ છે. લોભમાં ઝઘડો કે વેર નથી, પણ તેનાં કારણે આત્માને વધુ ને વધુ મેળવવાની ઈચ્છા થાય છે અને તે અસંતોષમાંથી અશાંતિ જન્મે છે.

લાલચને કારણે માણસો જૂઠું બોલે છે, કપટ કરે છે અને અનીતિ કરવા પ્રેરાય છે. આ બધી વસ્તુઓથી આત્મા ગુંગળાય છે, તેને ચેન પડતું નથી. જેને શાંત દશાનો સાચો અનુભવ હોય તે જ શાંત દશાનું સાચું મૂલ્યાંકન કરી શકે, પરંતુ જે હરદમ અશાંત દશા જ અનુભવતો હોય તે શાંતિનું મૂલ્ય શું આંકી શકે? જેના જીવનમાં ક્રોધ, માન, માયા અને લોભ ન હોય તેને જ સાચી શાંત દશાનો અનુભવ થાય.

આ દુનિયામાં લડાઈ-ઝગડા કરાવનારા કષાયો છે. તે કોઈ જગાએ માન-અભિમાન-અહંકારથી કરાવે છે, કોઈ જગાએ માયા-કપટ-લુચ્ચાઈથી કરાવે છે, તો કોઈ જગાએ લોભલાલચથી કરાવે છે. દરેક લડાઈ-ઝઘડામાં મોહનીય કર્મનું કોઈને કોઈ સ્વરૂપ જવાબદાર હોય છે જ.

નરકમાં ગયેલા આત્માને પરમાધામી મારે છે, કાપે છે, તેના શરીરના ટુકડા કરે છે અને તેને અનેક રીતે સતાવે છે. આ રીતે પરમાધામી એક આત્માને અસંખ્યાત વર્ષ સુધી સતાવી શકે, તેથી વધુ નહિ.

પરંતુ મોહનીય કર્મજન્ય કષાયો આ પરમાધામી કરતાં પણ ભૂંડા છે. તે અનાદિકાળથી આત્માને અશાંતિ કરતા આવ્યા છે, સતાવતા આવ્યા છે, છતાં આપણને આ પરમાધામીની જેટલી બીક છે, તેટલી આ કષાયોની નથી, તેનું કારણ શું? આ વસ્તુનો શાંત ચિત્તે વિચાર કરીએ, તો કષાયોની ભૂરાઈ ખ્યાલમાં આવી જાય અને કષાયોને

ઘટાડવાની બુદ્ધિ થાય તથા ક્રમે ક્રમે અભ્યાસ કરતાં કષાયો મંદ થઇ જાય અને બંધ પણ થઇ જાય.

કષાયો મોહનીય કર્મને લઇને છે, એ વાત ફરી પણ એક વાર ધ્યાનમાં રાખો. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ આવેલાં એકદમ જતા નથી, લાંબો વખત રહે છે. તેના ઉદયમાં સમ્યકત્વ હોય નહિ. હોય તે જાય, આવેલું ટકે નહિ. કારણ કે તે ટકવા દે નહિ.

જો આ કષાયમાં રહીને આપણો આત્મા આયુષ્ય બાંધે તો તે નરકનું જ બાંધે. આ કષાયના આવેશમાં એક અંતર્મુહૂર્તમાં–બે ઘડીમાં એક ક્રોડ પૂર્વનું પુણ્ય નાશ પામે. એક પૂર્વ એટલે ૮૪ લાખ × ૮૪ લાખ વર્ષ (૮૪૦૦૦૦૦ × ૮૪૦૦૦૦૦ = ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦ તેને ૧૦૦૦૦૦૦૦ ક્રોડથી ગુણતા ઉપરની સંખ્યા પર સાત મીંડાં વધે)

અનંતાનુબંધી કષાયો સમ્યકત્વનો ઘાત કરે એટલે તેના ઉદયે સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય. અપ્રત્યાખ્યાની કષાયો દેશવિરતિનો ઘાત કરે એટલે તેના ઉદયે શ્રાવકધર્મની પ્રાપ્તિ ન થાય. પ્રત્યાખ્યાની કષાયો સર્વવિરતિનો ઘાત કરે એટલે તેના ઉદયે સાધુધર્મની–સંયમની પ્રાપ્તિ ન થાય. અને સંજ્વલન કષાયો યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે. એટલે તેના ઉદયે વીતરાગતાની પ્રાપ્તિ ન થાય.

કષાયને ઉદ્દીપન કરનારા નવ પ્રકારના નોકષાયો છેઃ (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) ભય, (૫) શોક, (૬) જુગુપ્સા, (૭) પુરુષવેદ, (૮) સ્ત્રીવેદ અને (૯) નપુંસકવેદ.

જીવને હસવું આવે છે, તે આ હાસ્યમોહનીય કર્મનો પ્રભાવ જાણવો. વિષયસામગ્રી મલવાથી રતિ અર્થાત્ પ્રીતિ થાય છે, તે રતિ મોહનીય કર્મનો પ્રભાવ જાણવો. જીવને ઇષ્ટની અપ્રાપ્તિ અને અનિષ્ટની પ્રાપ્તિનાં કારણે અરતિ અર્થાત્ અપ્રીતિ થાય છે, આ અરતિમોહનીય કર્મનો પ્રભાવ જાણવો. તેજ રીતે ભય, શોક, જુગુપ્સા-ધૃણા-સૂગ પણ તે તે પ્રકારનાં મોહનીય કર્મને લીધે થાય છે.

જીવને સ્ત્રીસંસર્ગની લાલસા કરાવનાર પુરુષવેદ મોહનીય કર્મ છે, પુરુષસંસર્ગની લાલસા કરાવનાર સ્ત્રીવેદ મોહનીય કર્મ છે અને સ્ત્રી તથા પુરુષ બંનેના સંસર્ગની લાલસા કરાવનાર નપુંસકવેદમોહનીય કર્મ છે.

જેમ ચપળ વાંદરો કદી એક ઠેકાણે બેસે નહિ અને આમથી તેમ ઠેકડા માર્યા કરે, તેમ મોહનીય કર્મનાં કારણે આત્મા ચંચળ બની જાય અને અનેક પ્રકારનાં સાવદ્ય કાર્યો કર્યા કરે, તેથી મોહનીય કર્મને આત્માનો કટ્ટો શત્રુ સમજવો.

મોહરાયનો ચાર અક્ષરનો મંત્ર તે 'अहं मम' અર્થાત્ 'હું અને મારું.' અભિમાન-અહંકાર એ મોહનાં ઘરની મિલકત છે, તે આત્માને દબાવે છે, છતાં તમે રોજ રોજ એ મંત્ર ગોખ્યા કરો છો.

જ્ઞાની પુરુષો તમને આ ચાર અક્ષરના મંત્રમાં ફક્ત એક એક અક્ષર વધારવાનું કહે છે. 'नाहं-नमम.' 'હું કોઇનો નથી, મારું કોઇ નથી.' આ મંત્રનો જાપ કરવાથી તમે

મોહરાજાને જરુર જીતી શકો અને ભયંકર ભવસાગરનો પાર પામી શકો.

ઉન્માર્ગની માર્ગરૂપે દેશના આપનાર, સન્માર્ગનો નાશ કરનાર, દેવદ્રવ્યનું હરણ કરનાર તથા જિન, મુનિ, ચૈત્ય અને સંઘનો વિરોધ કરનાર દર્શનમોહનીય કર્મ બાંધે અને કષાય તથા નોકષાય કરનાર કરાવનાર ચારિત્રમોહનીય કર્મ બાંધે.

આઠકર્મો પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય કર્મનો તમને પરિચય કરાવ્યો. બાકીનાં કર્મોનો પરિચય અવસરે આપાશે.





વ્યાખ્યાન બાવીશમું

આઠ કર્મો

[૨]

મહાનુભાવો !

'અપ્પા સો પરમપ્પા' એ મહાપુરુષોનું ટંકશાળી વચન છે. તેનો અર્થ એ છે કે 'આત્માની શક્તિઓ પૂર્ણ પણે પ્રકટે તો જ તે પરમાત્મા બને છે. પરમાત્મા એ આત્માથી અતિરિક્ત કોઈ ભિન્ન વસ્તુ નથી.'

અહીં પ્રશ્ન ઉઠે છે કે 'આત્માની શક્તિઓ પૂર્ણપણે કેમ પ્રકટતી નથી ?' ઉત્તરમાં કહેવું પડે છે કે 'તેના પર જડ કર્મની અસર છે, જડ કર્મોનું દબાણ છે, એટલે તે પૂર્ણપણે પ્રકટતી નથી.'

કર્મ એ શું વસ્તુ છે ? તેની શક્તિ કેટલી છે ? આત્માને તેનો બંધ કેવી રીતે પડે છે ? એ વસ્તુ તમને પૂર્વે સમજાવી ગયા છીએ. હવે આઠ કર્મોનું વર્ણન ચાલે છે. તેમાં ચાર કર્મોનું વર્ણન થઈ ગયું છે અને ચાર કર્મોનું બાકી છે, તે આજે કહેવાશે.

આયુષ્યકર્મ

જે કર્મને લીધે આત્માને એક શરીરમાં અમુક મુદત સુધી રહેવું પડે તે આયુષ્યકર્મ કહેવાય. આ કર્મ બેડના જેવું

છે. બેડમાં પૂરાયેલા ચોરને તેની મુદત પૂરી થાય ત્યાં સુધી તેમાં રહેવું જ પડે છે. તેમ આત્માએ જે આયુષ્ય બાંધ્યું હોય, તે પૂરું થાય ત્યાં સુધી, તેને એક શરીરમાં રહેવું જ પડે છે.

આયુષ્યકર્મની ઉત્તર પ્રકૃતિઓ ચાર છેઃ (૧) દેવતાનું આયુષ્ય, (૨) મનુષ્યનું આયુષ્ય, (૩) તિર્યંચનું આયુષ્ય અને (૪) નરકનું આયુષ્ય.

દેવતાનાં આયુષ્યને કારણે જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને દેવતાનું જીવન ભોગવે છે. મનુષ્યનાં આયુષ્યને કારણે જીવ મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે અને મનુષ્યનું જીવન ભોગવે છે. તિર્યંચનાં આયુષ્યનાં કારણે જીવ તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે અને તિર્યંચનું જીવન ભોગવે છે. અહીં તિર્યંચ શબ્દથી જળચર, ખેચર અને ભૂચર એ તિર્યંચો જ નહિ પણ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય. ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ સમજવા. નરકનાં આયુષ્યને કારણે જીવ નરકમાં ઉત્પન્ન થાય છે અને નારકીનું જીવન ભોગવે છે.

દેવ, મનુષ્ય અને તિર્યંચને પોતાનું જીવન પ્રિય હોય છે, તેથી એ ત્રણે પ્રકારનું આયુષ્ય શુભ સમજવું. નારકીના જીવો મરણને વાંછે છે, માટે તેનું આયુષ્ય અશુભ સમજવું.

તમે કહેશો કે એમ તો મનુષ્યમાં પણ ઘણા મરણને ઇચ્છે છે તો એ આયુષ્યને અશુભ કેમ ન સમજવું ?' પણ મનુષ્યમાં મરણને ઇચ્છનારા બહુ જ થોડા હોય છે અને તે પણ દુઃખી દશામાં, દુઃખનો નાશ થતાં અને સુખનો સમય આવતાં એ વિચાર પણ પલટાઇ જાય છે, એટલે તેમને જીવન અતિ પ્રિય છે. નારકી જીવોને તો જીવવું જ ગમતું નથી.

મોત માગનાર કઠિયારાની વાત

એક કઠિયારો હતો. તે આખો દિવસ મહેનત-મજૂરી કરીને લાકડાં ભેગા કરતો અને બજારમાં વેચતો, ત્યારે માંડ માંડ તેનું પેટ ભરાતું. તેની પાસે કોઇ જાતની મિલકત ન હતી. પહેરવા માટે પૂરતાં વસ્ત્ર પણ ન હતા. એક કપડાંની લંગોટી વાળતો અને પોતાનું કામ ચલાવતો. તે ગામ બહાર એક કૂટીતૂટી ઝુંપડીમાં રહેતો.

અનુક્રમે તે એંશી વર્ષનો થયો, ત્યારે શરીરે અશક્ત બની ગયો અને તેનાથી કંઈ પણ કામકાજ થઇ શકે એવી સ્થિતિ રહી નહિ. ત્યારે એ જંગલમાં ઊભો રહીને ભગવાન પાસે મોત માગવા લાગ્યોઃ, હે ભગવન્! હવે તો મોતને મોકલો તો સારું.'

આ જંગલમાં આંબલીનું એક ઝાડ હતું તેમાં એક ભૂત રહેતું હતું. ભૂતને આપણે વ્યંતર જાતિનો દેવ માનીએ છીએ. એ દેવનું જીવન મનુષ્ય કરતાં ઘણું સુખી હોય છે, કોઇ જાતની ઉપાધિ હોતી નથી. વ્યંતરોના ઉપભોગ માટે સુંદર દેવીઓ હોય છે અને તેઓ ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું આયુષ્ય ભોગવે છે.

ભૂતે કઠિયારાની માંગણી સાંભળી, એટલે તેને પરીક્ષા કરવાનું મન થયું. એ તો વૈક્રિય શરીરવાળું એટલે ક્ષણમાત્રમાં ધાર્યું રૂપ કરી શકે. તેણે પિશાચનું ભિહામણું રૂપ ધારણ કર્યું અને 'ખાઉં ખાઉં' કરતું સામે આવ્યું. એને જોતાં જ કઠિયારો ખૂબ ગભરાઇ ગયો, છતાં હતી તેટલી હિંમત એકઠી કરીને તેને પૂછ્યું કે 'તમે કોણ છો?'

પિશાચે જવાબ આપ્યો કે 'થોડીવાર પહેલાં તું જેની માગણી કરતો હતો, તે હું મૌત છું. ભગવાને મને મોકલ્યું છે.'

આ તો ભારે થઈ ! મૌત આટલું ઝડપથી અને આવી રીતે આવી પહોંચશે એની તો કલ્પના પણ ન હતી. હવે શું કરવું ! ગમે તેમ પણ તેને અત્યારે મરવું ન હતું, એટલે તેણે બુદ્ધિ લડાવીને જવાબ આપ્યો કે આસપાસ કચાંય પણ મેં આ લાકડાનો ભારો ઉંચકાવનાર કોઇને જોયો નહિ. પરંતુ મને ખબર હતી કે મૌત બધે હોય છે, એટલે મેં ભગવાન પાસે મૌત માગ્યું કે જેથી તે આવીને મને લાકડાનો ભારો ઉચકાવે.'

ભૂત બધી વાત સમજી ગયું. તેને તો માત્ર પરીક્ષા જ કરવી હતી, એટલે ભારો ઉચકાવીને તે પોતાને રસ્તે પડયું. આમ દુઃખમાં પણ માણસને મૌત ગમતું નથી.

આયુષ્ય બે પ્રકારનું છે : (૧) સોપક્રમ અને (૨) નિરુપક્રમ. તેમાં શસ્ત્ર, વિષ, અગ્નિ તથા બીજા અકસ્માતને કારણે જેની કાલમર્યાદા હીન થઇ જાય તે સોપક્રમ અને હીન ન થઇ શકે તે નિરુપક્રમ સમજવું.

તિર્યંચ અને મનુષ્ય સોપક્રમ આયુષ્યવાળા હોય છે, પરંતુ તેમાં કેટલોક અપવાદ છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ, યુગલિક મનુષ્યો, ચરમ શરીરી એટલે જેને એ જ ભવમાં મોક્ષે જવાનું છે તે તથા શલાકા પુરુષ એટલે તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ એ નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે.

આત્મા ચારે પ્રકારનું આયુષ્ય શી રીતે બાંધે ? તે પણ તમને જણાવીશું. જે આત્માને મહારંભ અને મહા-પરિગ્રહમાં તીવ્ર આસક્તિ હોય, પરિગ્રહ રાખે અને રૌદ્રપરિણામી હોય તે નરકનું આયુષ્ય બાંધે. બીજા પ્રાણીઓને દુઃખ આપવાની કષાયયુક્ત પ્રવૃત્તિ એ આરંભ કહેવાય અને ભોગ-ઉપભોગની વસ્તુના સંગ્રહની કષાયયુક્ત પ્રવૃત્તિ એ પરિગ્રહ કહેવાય. આજે આરંભ અને પરિગ્રહ બંનેની વૃત્તિ જોર પકડી રહી છે, એ શું સૂચવે છે ?

જે આત્મા માયાનું સેવન કરે તે તિર્યંચનું આયુષ્ય બાંધે. માયા એટલે છળ-પ્રપંચ, દગો, કપટ, કુટિલતા, દંભ કે સ્વાર્થ.

જે આત્મા અલ્પારંભી, અલ્પપરિગ્રહી સ્વાભાવિક રીતે ઋજુ અને મૃદુ સ્વભાવવાળો હોય તે મનુષ્યનું આયુષ્ય બાંધે. અલ્પારંભી એટલે ઓછી હિંસા કરનારો સ્વાભાવિક રીતે ઋજુ અને મૃદુસ્વભાવવાળો એટલે સરળતા અને દયાના પરિણામ રાખનારો.

જે આત્મા સરાગસંયમ કે સંયમાસંયમ પાળે, અકામ નિર્જરા કરે, બાલતપ કરે તે દેવનું આયુષ્ય બાંધે. સંપૂર્ણ કષાય છૂટ્યા પહેલાનું ચારિત્ર તે સરાગસંયમ. અંશતઃ વિરતિ એટલે દેશવિરતિ કે સંયમાસંયમ, ઈચ્છા વિનાના ત્યાગને લીધે કર્મનિર્જરા તે અકામનિર્જરા અને અજ્ઞાન સહિત કરાતું તપ તે બાલતપ. આનો અર્થ એ થયો કે વ્રતનિયમ અને તપ-જપ ભલે વગર સમજ્યે કરે તો પણ દેવતાનું આયુષ્ય બાંધે.

નામકર્મ

જે કર્મને લીધે આત્મા મૂર્તપણાને પામે અને શુભ અશુભ શરીરાદિ ધારણ કરે તેને નામકર્મ કહેવાય. આ કર્મ ચિતારા જેવું છે. ચિતારો જેમ જુદી જુદી જાતનાં ચિત્રોનું નિર્માણ કરે છે, તેમ નામકર્મ પણ આત્માને ધારણ કરવાનાં સારાં-નરસાં રૂપ, રંગ, અવયવ, યશ, અપયશ, સૌભાગ્ય, દુર્ભાગ્ય વગેરેનું નિર્માણ કરે છે.

નામકર્મની ઉત્તરપ્રકૃતિ ૪૨ છેઃ ૧૪, પિંડપ્રકૃતિ. ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ સ્થાવરદશક અને ૧૦ ત્રસદશક તેમાં પિંડપ્રકૃતિના પેટા ભેદ ૬૫ છે, તેની સાથે પ્રત્યેક પ્રકૃતિના ૮. સ્થાવર દશકના ૧૦ અને ત્રશદશકના ૧૦ ભેદ અને ૧૦ બંધન મેળવતાં નામકર્મની કુલ ઉત્તરપ્રકૃતિ ૧૦૩ થાય છે.

કેટલાક કહે છે કે વસ્તુના ભેદાનુભેદ જોઈને અમને કંટાળો આવે છે. એમાં અમારું મગજ કામ કરતું નથી. વાત સીધી અને સાદી હોય તે ઝટ ગ્રહણ થઈ શકે. પરંતુ આમ કહેવું યોગ્ય નથી. માત્ર 'વર્ષ' કહીએ તો બધો વ્યવહાર ચાલે ખરો ? તેના માસ, માસના પક્ષ અને પક્ષની તિથિઓ વગેરે ભેદાનુભેદ કરવામાં આવે છે, તો જ બધો વ્યવહાર સરલતાથી ચાલે છે. તત્ત્વજ્ઞાનમાં પણ તેમ જ સમજવું. વસ્તુનું સ્વરૂપ બરાબર સમજાય તેટલા માટે જ તેના ભેદાનુભેદ કરવામાં આવે છે. જો તેમાં રસ હોય તો એ ભેદાનુભેદ ગ્રહણ કરતાં કંટાળો નહિ, પણ આનંદ આવે. મૂળ વાત રસની છે. તે બરાબર દાખવો તો આ ભેદો હસ્તામલકવત્ સ્પષ્ટ સમજાઈ જશે.

જેમાં બે, ત્રણ કે તેથી વધુ પ્રકૃતિ સાથે હોય તે પિંડ-પ્રકૃતિ કહેવાય. તેના ચૌદ પ્રકારો છેઃ (૧) ગતિ, (૨) જાતિ, (૩) શરીર, (૪) ઉપાંગ, (૫) બંધન, (૬) સંઘાત, (૭) સંહનન, (૮) સંસ્થાન, (૯) વર્ણ, (૧૦) રસ, (૧૧) ગંધ, (૧૨) સ્પર્શ, (૧૩) આનુપૂર્વી અને (૧૪) વિહાયોગતિ.

ગતિ શબ્દનો સામાન્ય અર્થ છે જવું, પણ અહીં એક ભવમાંથી બીજા ભવમાં જવાની ક્રિયાને માટે તે ખાસ વપરાયેલો છે. દાખલા તરીકે જ્યારે કોઈ આત્મા મનુષ્યભવનું આયુષ્ય પૂર્ણ કરીને દેવતાના ભવમાં જવા માટે પ્રસ્થાન કરે છે, તે ક્ષણથી લઈને તે જ્યાં સુધી દેવના ભવમાં રહે છે, ત્યાં સુધી દેવગતિ કહેવાય છે. બીજી ગતિનું પણ એમ જ સમજવું.

ગતિ ચાર છેઃ (૧) નારક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવ શાસ્ત્રોમાં પંચમગતિ એવો શબ્દ પણ જોવામાં આવે છે, પરંતુ એ ગતિને માત્ર કર્મરહિત આત્માઓ જ પ્રાપ્ત કરે છે, કર્મવાળાઓ નહિ. કર્મવાળા આત્માઓ તો આ ચાર ગતિમાં જ ભમતાં રહે છે અને પોતાના કર્મોનું ફળ ભોગવે છે. આ ચાર ગતિમાંની ગમે તે એક ગતિમાં ઉત્પન્ન કરાવનારું કર્મ તે ગતિનામકર્મ.

જાતિ પાંચ છે. (૧) એકેન્દ્રિય, (૨) બેઇન્દ્રિય, (૩) તેઇન્દ્રિય, (૪) ચઉરિન્દ્રિય અને (૫) પંચેન્દ્રિય. આ પાંચ જાતિમાંની ગમે તે એક જાતિમાં ઉત્પન્ન કરાવનારું કર્મ તે જાતિનામકર્મ. સંસારના સર્વ જીવો આ પાંચ જાતિમાં સમાઈ જાય છે.

શરીર જીવને ક્રિયા કરવાનું સાધન છે, તેના પાંચ પ્રકારો છેઃ (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ અને (૫) કાર્મણ, તેનું વર્ણન અમે ચોથા વ્યાખ્યાનમાં કરેલું છે. પાંચ શરીરમાંથી કોઈ પણ શરીરની પ્રાપ્તિ કરાવે તે શરીરનામકર્મ.

ઉપાંગ છેઃ (૧) મસ્તક, બે હાથ, બે સાથળ, ઉદર, પીઠ અને હૃદય એ આઠ વગેરે અંગો કહેવાય. આંગળાં, નાક, આંખ, કાન, જીભ આદિ ઉપાંગો કહેવાય તથા નખ, રેખા, વાળ, રોમ, વેઢા આદિ અંગોપાંગો કહેવાય. એ પહેલાં ત્રણ શરીરને હોય છે, તેથી ઉપાંગના ત્રણ ભેદો માનવામાં આવ્યા છેઃ ઔદારિક ઉપાંગ, વૈક્રિય ઉપાંગ અને આહારક ઉપાંગ. અહીં ઉપાંગ શબ્દથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ સમજવાનાં છે.

બંધન : પૂર્વે બાંધેલાં અને નવા બંધાતાં ઔદારિકાદિ પુદ્ગલોનો સંબંધ કરનાર તે બંધનનામકર્મ કહેવાય. તેના પાંચ પ્રકારો છેઃ ઔદારિક બંધન, વૈક્રિય બંધન, આહારક બંધન, તૈજસ બંધન, અને કાર્મણ બંધન.

કર્મની સત્તાને આશ્રીને બંધનના નવ પ્રકારો ગણાય છે, તે આ રીતેઃ ઔદારિક, વૈક્રિય અને આહારકને પોતાની સાથે તથા તૈજસ અને કાર્મણ સાથે યુક્ત કરતાં ત્રણ ત્રણ એમ નવ બંધન થાયઃ (૧) ઔદારિકઔદારિક બંધન, (૨) ઔદારિકતૈજસ બંધન, (૩) ઔદારિકકાર્મણ બંધન, (૪) વૈક્રિય-વૈક્રિય બંધન, (૫) વૈક્રિયતૈજસ બંધન, (૬) વૈક્રિયકાર્મણ બંધન, (૭) આહારક આહારક બંધન, (૮) આહારક તૈજસ

બંધન અને (૯) આહારકકાર્મણ બંધન. વળી તે ત્રણને તૈજસ અને કાર્મણ સાથે યુક્ત કરતા ત્રણ બંધન થાય. (૧૦) ઔદારિકતૈજસકાર્મણબંધન, (૧૧) વૈક્રિય તૈજસકાર્મણ બંધન અને (૧૨) આહારકતૈજસકાર્મણ બંધન અને તૈજસ કાર્મણના પરસ્પર ત્રણ બંધનનો વિશેષ થાય, (૧૩) તૈજસતૈજસ બંધન (૧૪) તૈજસકાર્મણ બંધન અને (૧૫) કાર્મણ કાર્મણ બંધન. આ રીતે બંધનના ૧૫ પ્રકારો થાય.

અહીં એવો પ્રશ્ન થઈ શકે છે કે પાંચ શરીરના દ્વિકાદિ સંયોગે ૨૬ ભાંગા થાય છે, તો તેટલાં બંધનો કેમ નહિ? તેનો શાસ્ત્રકારોએ ઉત્તર આપ્યો છે કે 'ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરો પરસ્પર વિરુદ્ધ હોવાથી તેનો સંબંધ થતો નથી; તેથી પંદર જ બંધન થાય છે; તેથી અધિક થતાં નથી.'

સંઘાત : દંતાળી જેમ ઘાસના સમૂહને એકઠો કરે; તેમ સંઘાતનામકર્મ ઔદારિકાદિ પુદ્ગલોને એકઠા કરે. તેના પાંચ પ્રકારો છેઃ (૧) ઔદારિકસંઘાતનામકર્મ, (૨) વૈક્રિય સંઘાતનામકર્મ, (૩) આહારકસંઘાતનામકર્મ, (૪) તૈજસસંઘાતનામકર્મ અને (૫) કાર્મણસંઘાતનામકર્મ.

સંહનન : એટલે સંઘયણ, શરીરનો બાંધો. તે ૬ પ્રકારનો હોય છે; વજ્રઋષભનારાચ આદિ.

સંસ્થાન એટલે આકૃતિ, તે પણ ૬ પ્રકારની હોય છે; સમચતુરસ્રાદિ.*

* ૬ સંઘયણ તથા ૬ સંસ્થાનની વિગત માટે જુઓ વ્યાખ્યાન ત્રીજું, પાદનોંધ.

વર્ણ : શરીર, અંગ, ઉપાંગ, અંગોપાંગ વગેરેના વર્ણનું કારણ વર્ણનામકર્મ છે વર્ણ પાંચ પ્રકારના છે. (૧) કૃષ્ણવર્ણ (કાળો રંગ) કાજલ જેવો. (૨) નીલવર્ણ (લીલો રંગ) પોપટની પાંખ જેવો. (૩) રક્તવર્ણ (રાતો રંગ) મજીઠ જેવો. (૪) પીત વર્ણ (પીળો રંગ) હળદર જેવો. અને (૫) શ્વેતવર્ણ (ધોળો રંગ) શંખ, દૂધ વગેરે જેવો.

રસ : શરીર વગેરેના રસનું કારણ રસનામકર્મ છે. રસ પાંચ પ્રકારના છે. (૧) તિક્તરસ (કડવો) લીંબડા જેવો. (૨) કટુરસ (તીખો) સૂંઠ-મરિ જેવો. (૩) કષાયરસ (તૂરો) ત્રિફળા વગેરે જેવો. (૪) આમ્લ (ખાટો) આંબલી વગેરે જેવો. (૫) મધુર (મીઠો) સાકર વગેરે જેવો. સંસ્કૃત ભાષામાં તિક્તનો અર્થ કડવો અને કટુનો અર્થ તીખો થાય છે. એ વાત બરાબર લક્ષમાં રાખવી.

ગંધ : શરીર વગેરેનાં ગંધનું કારણ ગંધનામકર્મ છે. ગંધ બે પ્રકારના છે. (૧) સુગંધ-કસ્તૂરી વગેરે જેવો. (૨) દુર્ગંધ-લસણ વગેરે જેવો.

સ્પર્શ : શરીર વગેરેના સ્પર્શનું કારણ સ્પર્શનામકર્મ છે. સ્પર્શ આઠ છે. (૧) ભારે, લોહાદિ જેવો. (૨) હલકો આકડાના રૂ વગેરે જેવો. (૩) મૃદુ માખણ જેવો. (૪) ખર કર્કશ-કરવત જેવો. (૫) શીત-બરફ જેવો. (૬) ઉષ્ણ-અગ્નિ જેવો. (૭) સ્નિગ્ધ (ચીકણો)-તલાદિ જેવો અને (૮) રુક્ષ (લૂખો) ભસ્મ વગેરે જેવો.

આનુપૂર્વી : જીવ દેહ છોડ્યા પછી બાંધેલી ગતિ અનુસાર

નવી ગતિમાં વક્ર ગતિએ પહોંચે તેને આ ગતિમાં પહોંચાડનારું જે કર્મ તે આનુપૂર્વી, નામકર્મ. આ કર્મ બળદની નાથ જેવું છે. જેમ નાથને પકડીને બળદને ધારેલ સ્થળે લઈ જવાય છે તેમ આ કર્મ જીવની સાથે રહીને તેને ધારેલાં સ્થળે લઈ જાય છે. તેના ચાર પ્રકારો છે. (૧) દેવાનુપૂર્વી, (૨) મનુષ્યાનુપૂર્વી, (૩) તિર્યંચાનુપૂર્વી અને (૪) નરકાનુપૂર્વી.

વિહાયોગતિ : જીવની ગમનાગમન પ્રવૃત્તિમાં નિયામક થનારું જે કર્મ તે વિહાયોગતિ નામકર્મ. તેના બે પ્રકારો છે. શુભ વિહાયોગતિ અને અશુભ વિહાયોગતિ. હંસ અને હાથીની ગતિ શુભ ગણાય છે અને ઊંટ રાસભતીડ તથા કાગડાની ગતિ અશુભ ગણાય છે. આગળ ગતિ નામની એક પેટા પ્રકૃતિ આવેલી છે. તેનાથી ભિન્નતા દર્શાવવા માટે અહીં વિહાયોગતિ એવો શબ્દપ્રયોગ કરેલો છે. વિહાયોગતિ એટલે આકાશમાં થતી ગમનક્રિયા.

આ રીતે ૧૪ પિંડપ્રકૃતિની ૬૫ પેટા પ્રકૃતિ થઈ.+

+ પાઠકને બરાબર ખ્યાલમાં રહે તે માટે તેની તાલિકા નીચે આપી છે:-

૧ ગતિ	૪	૮ સંસ્થાન	૬
૨ જાતિ	૫	૯ વર્ણ	૫
૩ શરીર	૫	૧૦ રસ	૫
૪ ઉપાંગ	૩	૧૧ ગંધ	૨
૫ બંધન	૫	૧૨ સ્પર્શ	૮
૬ સંઘાત	૫	૧૩ આનુપૂર્વી	૪
૭ સંહનન	૬	૧૪ વિહાયોગતિ	૨
		કુલ	૬૫

જે પ્રકૃતિ એકલી હોય પણ પિંડરૂપ ન હોય તે પ્રત્યેક પ્રકૃતિ કહેવાય. તેના આઠ પ્રકારો છેઃ (૧) અગુરુલઘુ, (૨) ઉપઘાત, (૩) પરાઘાત, (૪) આતપ, (૫) ઉદ્યોત, (૬) શ્વાસોચ્છ્વાસ, (૭) નિર્માણ અને (૮) તીર્થંકર.

અગુરુલઘુનામકર્મ : આ કર્મના ઉદયથી જીવને અતિ ભારે પણ નહિ અને અતિ હલકું પણ નહિ, એવું સમ શરીર પ્રાપ્ત થાય.

ઉપઘાતનામકર્મ : આ કર્મના ઉદયથી જીવ ચોરદાંત, રસોળી, વધારે આંગળાં, ઓછાં આંગળાં વગેરેથી ઉપઘાત પામે, દુઃખ પામે.

પરાઘાતનામકર્મ : આ કર્મના ઉદયથી જીવ પોતાની હાજરી અથવા વચનબલ વડે બીજા પર પોતાનો પ્રભાવ પાડી શકે છે.

આતપનામકર્મ : આ કર્મના ઉદયથી જીવનું શરીર તાપયુક્ત હોય. સૂર્યનાં વિમાનમાં પૃથ્વીકાયના જીવો છે, તેમનું શરીર શીતળ હોવા છતાં દૂરથી તે બીજાને તાપ કરે છે. તેમને આ આતપનામકર્મનો ઉદય જાણવો. તેમના સિવાય બીજા જીવોને આતપનામકર્મનો ઉદય હોતો નથી. અહીં કોઈ પ્રશ્ન કરે કે 'અગ્નિમાં રહેલા જીવોને આતપ નામકર્મનો ઉદય હોય કે નહિ ?' તેનો ઉત્તર એ છે કે 'તેમને આતપનામકર્મનો ઉદય હોતો નથી, ઉષ્ણસ્પર્શનો અને રાતા વર્ણનો ઉદય હોય છે.'

ઉદ્યોતનામકર્મ : આ કર્મના ઉદયથી જીવનું શરીર

અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોત કરે. જ્યોતિષીનાં વિમાનના જીવો આ પ્રકારના હોય છે. વળી ખદ્યોત એટલે આગિયો અને કેટલીક વનસ્પતિ વગેરેના જીવો પણ આ પ્રકારના હોય છે. યતિ અને દેવનાં ઉત્તરવૈક્રિય શરીરમાં પણ ઉદ્યોતનામકર્મનો ઉદય હોય છે.

શ્વાસોચ્છ્વાસનામકર્મ : આ કર્મના ઉદયથી જીવને શ્વાસોચ્છ્વાસ (ઊંચો શ્વાસ અને નીચો શ્વાસ) લેવાની લબ્ધિ પ્રાપ્ત થાય છે.

નિર્માણનામકર્મ : આ કર્મના ઉદયથી જીવ અંગોપાંગનું નિર્માણ કરે છે.

તીર્થંકરનામકર્મ : આ કર્મના ઉદયથી જીવ ત્રણે ભુવનને પૂજનીય થાય છે, તથા ચોત્રીશ અતિશય, પાંત્રીશ ગુણવાળી વાણી તથા અષ્ટ મહાપ્રતિહાર્યથી યુક્ત બને છે. તીર્થંકરનામકર્મનો ઉદય કેવલજ્ઞાન પામે ત્યારે થાય, પણ પહેલાં ન થાય.

સ્થાવરદશક અને ત્રસદશક એ બે પ્રતિપક્ષી છે. એટલે તેનો વિચાર સાથે કરીશું. તે વિના એ બરાબર સમજાશે નહિ. સ્થાવરનામકર્મથી શરૂ થતી ૧૦ પ્રકૃતિઓ તે સ્થાવરદશક અને ત્રસનામકર્મથી શરૂ થતી ૧૦ પ્રકૃતિઓ તે ત્રસદશક. બંનેની કુલ ૨૦ પ્રકૃતિઓ થાય.

સ્થાવરનામકર્મથી જીવને સ્થાવરપણું પ્રાપ્ત થાય. તે એક સ્થાનેથી બીજા સ્થાને ગમનાગમન કરી શકે નહિ. ત્રસનામકર્મથી જીવને ત્રસપણું પ્રાપ્ત થાય. તે એક સ્થાનેથી બીજા સ્થાને ગમનાગમન કરી શકે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય

વાઉકાય અને વનસ્પતિકાયના જીવો સ્થાવર છે. બેઇન્દ્રિય અને તેની આગળના જીવો ત્રસ છે.

સૂક્ષ્મનામકર્મથી જીવને અતિ સૂક્ષ્મ શરીર પ્રાપ્ત થાય કે જે કોઇ પણ ઇન્દ્રિયથી જાણી ન શકાય અને બાદર નામકર્મથી જીવને બાદર શરીર પ્રાપ્ત થાય કે જે ઇન્દ્રિય વડે જાણી શકાય.

અપર્યાપ્તનામકર્મથી જીવ પોતાને પ્રાપ્ત કરવા યોગ્ય પર્યાપ્તિ પૂરી કરી શકે નહિ. પર્યાપ્તનામકર્મથી જીવ પોતાને પ્રાપ્ત કરવા યોગ્ય પર્યાપ્તિ પૂરી શકે. પર્યાપ્તિ ૬ છે, તેનો પરિચય આગળ આવી ગયેલો છે, કોઇપણ જીવ આહારપર્યાપ્તિ શરીરપર્યાપ્તિ અને ઇન્દ્રિયપર્યાપ્તિ એ ત્રણ તો પૂર્ણ કરે જ, જ્યારે તેની આગળની પર્યાપ્તિમાં ભજના હોય છે. તેથી જ જીવના પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બે ભેદો પડે છે.

સાધારણનામકર્મથી અનંત જીવોનું એક સાધારણ શરીર હોય અને પ્રત્યેકનામકર્મથી દરેક જીવને પોતાનું સ્વતંત્ર શરીર હોય.

અસ્થિરનામકર્મથી પોતાનાં સ્થાને રહેલાં અવયવો અસ્થિર હોય, જેમ કે જીભ, આંગળાં, હાથ, પગ વગેરે અને સ્થિરનામકર્મથી પોતાનાં સ્થાને રહેલાં અવયવો સ્થિર હોય, જેમ કે દાંત, હાડકાં વગેરે.

અશુભ નામકર્મથી નાભિ નીચેનું શરીર અપ્રશસ્ત હોય એટલે કે તેના સ્પર્શથી બીજાને અપ્રીતિ થાય અને શુભનામકર્મથી નાભિ ઉપરનું શરીર પ્રશસ્ત હોય, એટલે કે તેના સ્પર્શથી બીજાને પ્રીતિ થાય.

દુઃસ્વરનામકર્મથી સ્વર કર્કશ અને અરુચિકર હોય અને સુસ્વરનામકર્મથી સ્વર મધુર અને સુખદાયી હોય.

દુર્ભગનામકર્મથી જીવ સહુને અળખામણો લાગે અને સુભગનામકર્મથી સહુને વહાલો લાગે.

અનાદેયનામકર્મથી જીવનાં વચન બીજા વડે માન્ય ન થાય અને આદેયનામકર્મથી જીવનું વચન બીજા વડે માન્ય થાય.

અયશઃકીર્તિનામકર્મથી જીવ ગમે તેટલું કામ કરવા છતાં યશ કે કીર્તિ પામે નહિ અને યશઃ કીર્તિનામકર્મથી જીવ થોડું કામ કરવા છતાં યશઃ કે કીર્તિ પામે. અહીં યશ શબ્દથી અમર્યાદિત ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી ખ્યાતિ સમજવાની છે.

નામકર્મના શુભ અશુભ એવા બે સામાન્ય ભાગો છે. તેમાં શુભનામકર્મથી બધી વસ્તુઓ શુભ મળે અને અશુભનામકર્મથી અશુભ મળે. જે જીવો મન, વચન, કાયાની પ્રવૃત્તિમાં એકસૂત્રતા જાળવતા નથી તથા દાંભિક પ્રવૃત્તિ કરે છે, તેને અશુભનામકર્મ બંધાય છે અને તેથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારને શુભનામકર્મ બંધાય છે.

દર્શનશુદ્ધિ, વિનયસંપન્નતા આદિ વીશ સ્થાનકોમાંથી એક, બે કે વધારે સ્થાનકોને સ્પર્શનાર તીર્થંકરનામકર્મ બાંધે છે.

ગોત્રકર્મ

જેના લીધે જીવને ઊંચા–નીચાપણું પ્રાપ્ત થાય તે ગોત્રકર્મ કહેવાય. તેના બે પ્રકારો છેઃ (૧) ઉચ્ચગોત્ર અને (૨) નીચગોત્ર. તેમાં ખ્યાતિવાળા કુળવાન કુળમાં જન્મ અપાવે તે

ઉચ્ચગોત્ર કહેવાય અને અખ્યાત કે નિંદ્ય કુળમાં જન્મ અપાવે તે નીચગોત્ર કહેવાય.

સ્વનિંદા, પરપ્રશંસા, બીજાના સદ્‌ગુણોનું ઉદ્‌ભાવન અને દોષોનું આચ્છાદન, તેમજ વિનય અને નમ્રતા વડે તથા મદરહિત પઠન-પાઠનની પ્રવૃત્તિ વડે જીવ ઉચ્ચગોત્ર બાંધે છે અને પરનિંદા, આત્મપ્રશંસા, પોતાના ગુણોનું ઉદ્‌ભાવન અને દોષોનું આચ્છાદન અને મદ વગેરેથી નીચગોત્ર બાંધે છે.

પોતાની ભૂલો જોવી અને આત્માને ઠપકો આપવો એ સ્વનિંદા અને બીજાનું ઘસાતું બોલવું, વાંકું બોલવું તે પરનિંદા. બીજાના સારા ગુણોની પ્રશંસા કરવી તે પરપ્રશંસા અને પોતાની વડાઈ પોતે કરવી તે આત્મપ્રશંસા. બીજાના સદ્‌ગુણોને પ્રકાશવા, બે માણસ બેઠા હોય ત્યાં કહી બતાવવા, એ સદ્‌ગુણોનું ઉદ્‌ભાવન અને બીજાના દુર્ગુણોને પ્રકાશવા, બે માણસ બેઠા હોય ત્યાં કહી બતાવવા, એ અસદ્‌ગુણોનું ઉદ્‌ભાવન. કોઈના દુર્ગુણ ઢાંકવા, ઐબ ઢાંકવી એ અસદ્‌ગુણોનું આચ્છાદન અને કોઈના ગુણ ઢાંકવા, ગુણની વાત આવે ત્યાં પડદો પાડવો તે સદ્‌ગુણોનું આચ્છાદન.

અંતરાયકર્મ

જે કર્મને લીધે આત્માની લબ્ધિ (શક્તિ) માં અંતરાય પડે, વિઘ્ન આવે તે અંતરાયકર્મ કહેવાય. તેની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છેઃ (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય અને (૫) વીર્યાંતરાય.

આપણે કોઈની પાસે કંઈક લેવા ગયા. આપનાર સુયોગ્ય

છે, એને આપવાનું મન છે, આપવાની સામગ્રી મોજૂદ છે. છતાં આપવાનો ઉત્સાહ થતો નથી. ત્યાં આપનાર માટે દાનાંતરાય અને લેનાર માટે લાભાંતરાય છે. જો લાભાંતરાય તૂટ્યો હોય તો લાભ થાય, નહિ તો થાય નહિ.

રોજને રોજ નવી વસ્તુ ભોગવવામાં આવે તો ભોગ અને એકની એક વસ્તુ ભોગવાય તે ઉપભોગ. સુંદર મજાનાં પકવાન તૈયાર છે, થાળીપાટલા મંડાયા છે, તમે જમવા બેસો છો, બધું પીરસાઈ ગયું છે, તમે હાથમાં કોળિયો લ્યો છો, એવામાં પિત્તપ્રકોપ થાય છે કે ઝાડાની હાજત થાય છે અને ખાવાનું ખાવાની જગાએ રહી જાય છે. એ તમારાથી ખવાતું નથી, એ ભોગાંતરાય.

તમે વિવાહિત થયા હો, પત્ની સાથે ભોગ ભોગવવાની તાલાવેલી હોય, એવામાં પતિને ટી. બી. નો રોગ થાય, ડોકટર હવાફેર કરવાનું કહે, ઋીસહવાસની બંધી ફરમાવે અને તમે લગ્નનું સુખ ભોગવી શકો નહિ. આ રીતે ઉપભોગમાં અંતરાય લાવનાર તે ઉપભોગાંતરાય.

કોઇક કહેશે કે આવું પાપનું સાધન ન મળે, તેમાં અંતરાય આવે તો આપણે પાપથી બચી જઈએ, પણ એમ કહેવું બરાબર નથી, કારણ કે ત્યાં ભોગ-ઉપભોગની ઇચ્છા છે છતાં તે ભોગવી શકતા નથી, એટલે દુઃખ થાય છે. જો તમે સમજીને ભોગ-ઉપભોગ ન કરો તો પાપથી બચી શકો અને તમારા આત્માને સુખ શાંતિનો અનુભવ થાય.

માણસ યુવાન છે, જોઈતું ખાવાનું-પીવાનું મળે છે,

કસરત કરે છે, મહેનત કરે છે, છતાં શક્તિ આવતી નથી, તેનું કારણ વીર્યાંતરાય છે, વ્રત-નિયમો સ્વીકારવામાં, તેમજ ત્યાગવૃત્તિ કેળવવામાં જે ઉત્સાહ પ્રગટવો જોઇએ, તે ન પ્રગટવાનું કારણ પણ વીર્યાંતરાય છે.

જિનપૂજાનો નિષેધ, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ રાત્રિભોજન વગેરેમાં તત્પરતા, મોક્ષમાર્ગમાં દોષ બતાવી વિઘ્ન નાખવું, સાધુઓને ભાત-પાણી, ઉપાશ્રય-ઉપકરણ ઔષધ વગેરે આપવાનો નિષેધ કરવો, બીજા જીવોના દાન-લાભ-ભોગ-ઉપભોગમાં અંતરાય કરવો, મંત્રાદિકના પ્રયોગથી બીજાનું વીર્ય હણવું, છેદન-ભેદનાદિથી બીજાની ઇંદ્રિયોની શક્તિનો નાશ કરવો વગેરે કારણોથી અંતરાયકર્મ બંધાય છે.

આ રીતે આઠ કર્મોની ઉત્તરપ્રકૃતિ ૧૫૮ થઇ. તેનો તાળો અહીં મેળવી લઇએ.

જ્ઞાનાવરણીય કર્મની		ઉત્તરપ્રકૃતિ	૫
દર્શનાવરણીય	,,	,,	૯
વેદનીય	,,	,,	૨
મોહનીય	,,	,,	૨૮
આયુષ્ય	,,	,,	૪
નામ	,,	,,	૧૦૩
ગોત્ર	,,	,,	૨
અંતરાય	,,	,,	૫
			કુલ ૧૫૮

આઠ કર્મમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય

અને અંતરાય એ ચાર કર્મો ઘાતી કહેવાય છે, કારણ કે આત્માના મૂળ ગુણો જ્ઞાન દર્શન, ક્ષાયિક સમ્યકત્વ તથા ચારિત્ર અને વીર્યનો ઘાત કરે છે. બાકીના ચાર કર્મો વેદનીય, આયુષ્ય નામ એને ગોત્ર અઘાતી કહેવાય છે, કારણ કે તે આત્માના મૂળ ગુણોનો ઘાત કરતા નથી.

આત્માની ખરી લડાઇ ઘાતીકર્મો સાથે જ છે. ઘાતીકર્મો દૂર થાય, એટલે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રકટે તથા તે આત્મા અવશ્ય મોક્ષે જાય. બાકીના ચાર કર્મોનો અંત સમયે નાશ થાય જ.

કર્મ સંબંધી હજી ઘણું કહેવાનું છે, તે અવસરે કહેવાશે.





વ્યાખ્યાન ત્રેવીશમું

અધ્યવસાયો

મહાનુભાવો !

કર્મના વિષયમાં આપણે આગળ વધી રહ્યા છીએ અને તેની પરિભાષાથી ક્રમશઃ પરિચિત થઇ રહ્યા છીએ. આજે કર્મસાહિત્યમાં વારંવાર વપરાતા અધ્યવસાય શબ્દથી તમને પરિચિત કરવા છે.

અધ્યવસાયનો અર્થ

કોઇ સાહિત્યકારને પૂછીએ કે અધ્યવસાયનો અર્થ શું ? તો તે તરત જ કહેશે કે ' પ્રયત્ન, મહેનત કે ઉત્સાહ.' પરંતુ આ જ પ્રશ્ન કોઈ દાર્શનિકને પૂછીએ તો તેનો ઉત્તર જુદો મળશે. નૈયાયિક કહેશે કે અધ્યવસાયનો અર્થ નિશ્ચય છે; વેદાંતી કહેશે કે અધ્યવસાયનો અર્થ બુદ્ધિધર્મ છે અને સાંખ્ય મતવાળાઓ કહેશે કે અધ્યવસાયનો અર્થ વૃત્તિ કે જ્ઞાન છે. પરંતુ આપણે જૈનો તો આત્માના પરિણામને સૂચવવા માટે જ તેનો ઉપયોગ કરીએ છીએ. અધ્યવસાય એટલે આત્માના પરિણામ.

અધ્યવસાયની મહત્તા

વિચાર, લાગણી, ઇચ્છા એ બધું આત્માના પરિણામ પર અવલંબે છે, એટલે અધ્યવસાયનું સ્થાન જીવનઘડતરમાં બહુ

મોટું છે. જો અધ્યવસાયો શુભ હોય તો જીવન ઉત્તમ પ્રકારે ઘડાય અને અશુભ હોય તો બરાબર થવામાં કંઈ બાકી રહે નહિ. અધ્યવસાયોથી જ ચડવાનું છે અને અધ્યવસાયોથી જ પડવાનું છે, એ વાત તમારાં મનમાં બરાબર ઠસવી જોઈએ. પ્રસન્નચંદ્ર રાજર્ષિની કથા સાંભળો, એટલે તમને આ વાતની પૂરી પ્રતીતિ થશે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિની કથા

એક વાર ત્રિભુવનતારક જગદ્‌વંદ્ય ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ રાજગૃહી નગરીની બહાર ઉદ્યાનમાં સમવસર્યા. તેમની સાથે તપસ્વી, જ્ઞાની અને ધ્યાની મુનિવરોનો મોટો સમુદાય હતો. તેમાં પ્રસન્નચંદ્ર નામના રાજર્ષિ ધ્યાનના અભ્યાસી હતા. તેઓ મોટા ભાગે પોતાનો સમય ધ્યાનમાં જ વ્યતીત કરતા હતા. તેમણે ઉદ્યાનના એક છેડે ધ્યાન લગાવ્યું, તેમાં એક પગે ઊભા રહ્યા, બંને હાથ ઊંચા રાખ્યા અને દૃષ્ટિ સૂર્યની સામે સ્થાપન કરી. આગળ આવાં ઉગ્ર ધ્યાનોનો આશ્રય ઘણો લેવાતો, આજે એ પ્રવૃત્તિ મંદ છે, વધારે સ્પષ્ટ કહીએ તો અતિ મંદ છે.

શ્રેણિક રાજાને ઉદ્યાનપાલક દ્વારા સમાચાર મળ્યા કે સર્વજ્ઞ અને સર્વદર્શી એવા શ્રમણ ભગવાન મહાવીરસ્વામી નગર બહાર ઉદ્યાનમાં સમવસર્યા છે, એટલે તેમણે પોતાના પુત્ર-પરિવાર સાથે દર્શને જવાની તૈયારી કરી. દેવ કે ગુરુનાં દર્શને જવું હોય તો હૃદયમાં ઉલ્લાસ ધારણ કરવો જોઈએ અને વસ્ત્રાલંકાર પણ રૂડી રીતે પહેરવાં જોઈએ. ગૃહસ્થોનો

આ આચાર છે. જો રાજા હોય તો એ પૂરા ઠાઠથી જાય, જેથી બીજા આત્માઓને પણ દર્શનની ભાવના જાગે.

શ્રેણિક રાજા મોટી સવારી કાઢીને પ્રભુના દર્શને ચાલ્યા. તેમાં અનેક હાથી હતા, અનેક ઘોડા હતા, રથ અને પાયદળનો પાર ન હતો. આ સવારીના મોખરે બે સિપાઈઓ ચાલતા હતા. તેમાં એકનું નામ સુમુખ હતું અને બીજાનું નામ દુર્મુખ હતું.

તેમણે ઉદ્યાનના છેડે ધ્યાન ધરી રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયા, એટલે સુમુખ બોલ્યો : 'જોયા આ મુનિવર ? તેમણે કેવું ઉગ્ર ધ્યાન ધર્યું છે ? આવું ધ્યાન તો કોઈક જ ધરે, એટલે હું તેમને વારંવાર ધન્યવાદ આપું છું.'

આ શબ્દો સાંભળી દુર્મુખે કહ્યું : 'હા, જોયા એ મુનિવર! એમને હું બરાબર ઓળખું છું. એ છે પોતનપુરના રાજા પ્રસન્નચંદ્ર. એમણે પોતાના દૂધ પીતાં બાળક પર રાજ્યનો ભાર નાખી આ રસ્તો લીધો છે, પણ પાછળ હાલત કેવી થઈ છે, તેની એમને શી ખબર ! એમણે જે મંત્રીઓને રાજ્યનો કારભાર સોંપ્યો હતો, તેમની દાનત બગડી છે અને તેઓ રાજ્ય હસ્તગત કરવા અનેક પ્રકારના કાવતરાં કરી રહ્યા છે. એમનાં અંતઃપુરની બધી રાણીઓ આજ કારણે નાસી છૂટી છે અને બાળરાજા તેમના કબજે પડ્યો છે, એટલે બિચારાનું આજકાલમાં કાસળ કાઢી નાખશે ! જે પિતા પોતાના પુત્રનાં હિતમાં બેદરકાર રહે, તેને હું અધર્મી, પાપી સમજું છું અને તેને સેંકડો વાર ધિક્કારું છું.'

આ રીતે વાત કરતા તેઓ ત્યાંથી પસાર થઇ ગયા, થોડીવારે શ્રેણિક રાજા ત્યાં આવ્યા અને તેમણે ધ્યાનમગ્ન મુનિવરને વંદન કર્યું. પછી તેઓ પ્રભુ મહાવીરની સમીપે પહોંચી તેમની ધર્મદેશના સાંભળવા લાગ્યા. ત્યાં અવસર જોઈને તેમણે પૂછયું કે 'હે પ્રભો ! મેં રસ્તામાં ધ્યાનમગ્ન પ્રસન્નચંદ્ર રાજર્ષિને વાંદ્યા. તેઓ એ સ્થિતિમાં કદી કાલધર્મ પામ્યા હોત તો કઇ ગતિએ જાત ?' પ્રભુએ કહ્યું: 'સાતમી નરકમાં.'

ક્ષણવાર પછી તેમણે ફરી પ્રશ્ન કર્યો. 'હે પ્રભો ! પ્રસન્નચંદ્ર રાજર્ષિ કદી હમણાં કાલધર્મ પામે તો કઇ ગતિમાં જાય ?' પ્રભુએ કહ્યું: 'તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં *દેવપણે ઉત્પન્ન થાય.' અને ક્ષણ પછી તો ત્યાં દુંદુભિ વાગવા લાગી અને જયનાદ થવા લાગ્યા, એટલે શ્રેણિક રાજાએ પૂછયું: 'હે પ્રભો ! આ દુંદુભિ શેની વાગી ? અને જયનાદ શેનો થાય છે ?'

પ્રભુએ કહ્યું : હે રાજન્ ! પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન થયું, તેથી દેવો દુંદુભિ વગાડે છે અને જયનાદ કરે છે.

પ્રભુ મહાવીરે કહ્યું: 'રાજન્ ! તું અહીં વંદન કરવાને આવી રહ્યો હતો, ત્યારે તારી સવારીના મોખરે ચાલનારા બે સિપાઇઓએ પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિષે અરસપરસ વાત કરી અને તે તેમના સાંભળવામાં આવી, એટલે તેઓ ધ્યાન ચૂકયા.

* વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ વિમાનો સહુથી ઊંચે આવેલાં છે. તે સર્વથી શ્રેષ્ઠ હોવાને લીધે અનુત્તર કહેવાય છે.

એ વખતે તેમને એવો વિચાર આવ્યો કે જેમનો મેં આજ સુધી સુંદર સત્કાર કર્યો. જેમના પર પૂરો વિશ્વાસ રાખ્યો તેજ આવા એવફા નીવડ્યા? શું તે મારા બાળકુંવરને મારી નાંખશે? ના, ના, હું તેમ થવા નહિં જ દઉં. હું એ દુષ્ટોની સાન જરૂર ઠેકાણે લાવી દઈશ આવો વિચાર કરતાં તેઓ ક્રોધાયમાન થયા અને એ ક્રોધ વધતો જ ગયો. એમ કરતાં તેઓ પોતાનું સામાયિકવ્રત ચૂકી ગયા અને એ મંત્રીઓ જાણે પોતાની સામે બડા હોય અને લડાઈ કરવા લાગ્યા હોય એવો ખ્યાલ તેમને પેદા થયો, એટલે તેઓ એની સાથે લડવા માટે તૈયાર થયા. તેઓ એક પછી એક શસ્ત્રો તેમની સામે ફેંકવા લાગ્યા અને તેનો જોરદાર સામનો કરવા લાગ્યા એમ કરતાં તેમની પાસેનાં બધાં શસ્ત્રો ખૂટી ગયાં અને સામનો કરનારા પણ ખત્મ થયા, પરંતુ એક સામનો કરનાર બાકી રહ્યો, ત્યારે તેમણે વિચાર કર્યો કે 'મારાં મસ્તકનો મુગટ ફેંકીને હું તેનો નાશ કરું.' આમ વિચારી તેઓ અત્યંત ક્રોધાયમાન થયા, તે જ વખતે હે શ્રેણિક! તેં એમને પ્રણામ કર્યા હતા, એટલે તારા પ્રથમ પ્રશ્નનો ઉત્તર મેં એમ આપ્યો કે 'તે સાતમી નરકે જાય.'

ત્યાર પછી તેમણે જેવો મસ્તક પર હાથ મૂક્યો કે મુંડેલું (લોચ કરેલું) મસ્તક યાદ આવ્યું અને તેમનો ક્રોધ ઉતરી ગયો. તે વિચારવા લાગ્યા કે મેં તો જીવનભર સામાયિકનું વ્રત (ચારિત્ર) લીધું છે અને મન, વચન, કાયાથી કોઈ પણ જીવની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે અને આ શું કર્યું! ખરેખર! હું ધર્મધ્યાન ચૂકી ગયો અને

રૌદ્ર ધ્યાનમાં ચડી ગયો ! જ્યાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ રાખવાનો છે, ત્યાં પુત્ર પ્રત્યે રાગ કેવો અને મંત્રીઓ પ્રત્યે દ્વેષ દેવો ? હા ! હા ! મારાં આ દુષ્ટ કૃત્યને ધિક્કાર છે. હું એ દુષ્કૃત્યની નિંદા કરું છું, ગર્હા કરું છું અને એ દુષ્ટ અધ્યવસાયોમાંથી મારા આત્માને પાછો ખેંચી લઉં છું.' હે રાજન્ ! જ્યારે તેઓ આવો વિચાર કરી રહ્યા હતા, ત્યારે તેં બીજો પ્રશ્ન કર્યો, એટલે મેં કહ્યું કે, ' તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય.'

પછી પણ એમના અધ્યવસાયોની શુદ્ધિ ચાલુ જ રહી અને તે ઉત્તરોત્તર આગળ વધતા ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયા. ત્યાં તેમનાં ચારે ઘાતીકર્મોનો નાશ થયો અને તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.'

પ્રભુ પાસેથી આવો ઉત્તર સાંભળતાં શ્રેણિક મહારાજના મનનું સમાધાન થયું. આત્મા શુભ અધ્યવસાયોથી ચડે છે અને અશુભ અધ્યવસાયોથી પડે છે, એ આ કથાનો મુખ્ય બોધ છે. ઉપરાંત તેમાંથી નીચેની બાબતો પણ તરી આવે છે :

(૧) આત્માના અધ્યવસાય બધો વખત એક સરખા રહેતા નથી, પણ તે બદલાયા કરે છે.

(૨) આત્મા શુભ અધ્યવસાયમાંથી અશુભ અધ્યવસાયમાં અને અશુભ અધ્યવસાયમાંથી શુભ અધ્યવસાયમાં આવી જાય છે.

(૩) અધ્યવસાયો બદલાવામાં નિમિત્તો કામ કરે છે. જો ખરાબ નિમિત્ત મળી જાય તો અશુભ અધ્યવસાયો શરૂ થાય છે અને સારું નિમિત્ત મળી જાય તો શુભ અધ્યવસાયો શરૂ થાય છે.

અધ્યવસાયોની સંખ્યા.

આત્માના અધ્યવસાયો બદલાયા કરે છે અને નવા નવા અધ્યવસાયો ઉત્પન્ન થાય છે, એટલે અધ્યવસાયોની સંખ્યા ઘણી મોટી છે. જેમ આકાશના તારા અને પૃથ્વીપટ પરનાં રેતીનાં કણો ગણી શકાતાં નથી તેમ અધ્યવસાયોની સંખ્યા પણ ગણી શકાતી નથી. તાત્પર્ય કે અધ્યવસાયનાં સ્થાનકો અસંખ્યાત છે.

આત્માના અધ્યવસાયો બદલાતા ન હોત ને બધો વખત એક સરખા રહેતા હોત તો ચડતી કે પડતીનો અનુભવ થાત નહિ, તેમજ કર્મની સ્થિતિમાં જે વૈચિત્ર્ય દેખાય છે, તે પણ દેખાત નહિ.

અધ્યવસાયો કોને કહેવાય.

પ્રશ્ન–આત્મા નિગોદમાં જડપ્રાયઃ અવસ્થામાં હોય છે, ત્યારે તેને અધ્યવસાયો થતા હશે ખરા ?

ઉત્તર–આત્મા નિગોદમાં જડપ્રાયઃ અવસ્થામાં હોય છે, ત્યારે પણ તેને અધ્યવસાયો હોય છે. જો અધ્યવસાયો ન હોય તો તેનામાં અને જડમાં ફેર જ શું રહે ? અધ્યવસાયોનાં કારણે તો તેનું કર્મબંધન ચાલુ રહે છે. અહીં પ્રાસંગિક એ પણ જણાવી દઇએ કે જ્યારે નિગોદ અવસ્થામાં અધ્યવસાયો હોય છે, ત્યારે તેનાથી ચડિયાતી સ્થિતિમાં એટલે પ્રત્યેક વનસ્પતિકાય આદિ એકેન્દ્રિય જીવોમાં, બેઇન્દ્રિય જીવોમાં, તેઇન્દ્રિય જીવોમાં, ચઉરિન્દ્રિય જીવોમાં અને પંચેન્દ્રિય જીવોમાં પણ અધ્યવસાયો હોય એ સ્વાભાવિક છે. માત્ર વીતરાગ દશાને

પામેલા સર્વજ્ઞ પરમાત્માને સંકલ્પ-વિકલ્પરૂપ અધ્યવસાયો હોતા નથી.

પ્રશ્ન–વનસ્પતિને અધ્યવસાયો હોય છે એનું કાંઇ પ્રમાણ બરૂં ?

ઉત્તર–વનસ્પતિને અધ્યવસાયો હોય છે, એમ આપણાં શાસ્ત્રો કહે છે અને તે જ મોટું પ્રમાણ છે. તમારે લૌકિક પ્રમાણો જોઈતાં હોય તો તે પણ મળી શકે એમ છે. બંગાળના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે પ્રયોગોથી સિદ્ધ કરી આપ્યું છે કે વનસ્પતિને પણ આપણી માફક હર્ષ, શોક, ભય, ચિંતા વગેરે લાગણીઓ હોય છે અને તેની તેમનાં જીવન-વ્યવહાર પર અસર પડે છે. લાગણીઓ અધ્યવસાય વિના સંભવે નહિ, એટલે વનસ્પતિને પણ અધ્યવસાયો હોય છે, એ નક્કી છે.

પ્રશ્ન–તિર્યંચોને શુભ અધ્યવસાય હોય બરા ?

ઉત્તર–હા. નિમિત્ત મળતાં તિર્યંચોને પણ શુભ અધ્યવસાય જાગે છે. શાસ્ત્રોમાં તેવા અનેક દાખલાઓ નોંધાયેલા છે. અહીં તેમાંનો એક દાખલો આપીશું.

દેડકાને થયેલા શુભ અધ્યવસાય.

નંદ મણિયાર પ્રથમ સમકિતી હતો, પછી નિર્ગ્રંથ ગુરુઓનો પરિચય ન રહેતાં અને મિથ્યાત્વીઓનો સંસર્ગ વધતાં મિથ્યાત્વી થયો. તેણે વાવકૂવા ગળાવવામાં તથા લોકોને અન્ન-પાણીનું દાન કરવામાં આત્માનો ઉદ્ધાર માન્યો. ભૂખ્યાને અન્ન

આપવું. તરસ્યાને પાણી પાવું એ પુણ્યનું કામ છે, પણ આત્માનો ઉદ્ધાર કરવો હોય, આત્માને કર્મની કુટિલ જંજીરોમાંથી મુક્ત કરવો હોય તો સંવર અને નિર્જરા એટલે સંયમ અને તપનો માર્ગ ગ્રહણ કરવો જોઈએ, પણ આ વસ્તુમાં તેની શ્રદ્ધા રહી નહિ. તેણે પોતાની માન્યતા અનુસાર એક સુંદર વાવ બનાવી અને તેની ચારે બાજુ અન્નછત્ર, આરામગૃહ વગેરે બનાવ્યાં. તેને ધીમે ધીમે એ વાવ પર આસક્તિ થઈ અને અંત સમયે પણ તેનું મન એ વાવમાં ભરાઈ રહ્યું. તેથી મરણ બાદ એ જ વાવમાં તે દેડકારૂપે ઉત્પન્ન થયો.

એ દેડકો પાણીના મેલ વગેરેથી પોતાની આજીવિકા કરે છે અને કાલ નિર્ગમન કરે છે. એવામાં તેણે વાવમાં પાણી ભરવા આવનાર પનિહારીઓનાં મુખેથી સાંભળ્યું કે 'શ્રમણ ભગવાન મહાવીર નજીકમાં પધાર્યા છે અને તેમનાં દર્શન કરવા હજારો માણસો જઈ રહ્યા છે.' આ શબ્દો સાંભળતાં જ તેના મનમાં એવો અધ્યવસાય ઉત્પન્ન થયો કે 'મેં આવું નામ કયાંક સાંભળેલું છે.' તેના પર વારંવાર ઊહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને પોતે મહાવીર પ્રભુ પાસે વ્રતો ગ્રહણ કર્યાં હતાં, તેમાં શિથિલતા આવી, વાવ બંધાવવાનો મનોરથ ઉત્પન્ન થયો અને તેની આસક્તિથી મારી આ હાલત થઈ, વગેરે બાબતોનો ખ્યાલ આવી ગયો. આથી તેણે એવો વિચાર કર્યો કે 'હું પણ મહાવીર પ્રભુનાં દર્શન કરું.'

દેવ-ગુરુનાં દર્શન-સમાગમનો વિચાર એ શુભ અધ્યવસાય કહેવાય. તેનાથી પ્રાણીને શુભ કર્મનો બંધ થાય અને

તેનાં ફળરૂપે અનેક શુભ વસ્તુની પ્રાપ્તિ થાય. હવે આ દેડકો ઘણા પ્રયત્ને વાવમાંથી બહાર નીકળ્યો અને ઠેકતો ઠેકતો પ્રભુ મહાવીરની દિશામાં જવા લાગ્યો. ત્યાં શ્રેણિક રાજાની સવારીના એક ઘોડાનો પગ તેના પર પડ્યો અને તે ઘણો જખમી થયો.

તમે કોઇ ગાડી કે મોટરની હડફેટમાં આવી ગયા હો ને તમારો હાથ કે પગ ચગદાઈ ગયો હોય તો શું કરો? એ મોટરવાળાને પકડો, મારો અને પોલીસ ચોકીએ લઈ જાવ તથા તેના પર કોર્ટમાં કામ ચલાવી ભારે દંડ કરાવો, પરંતુ આ દેડકાએ તો ઘોડેસ્વાર કે ઘોડા કોઈ પર ક્રોધ કર્યો નહિ. તે હળવેથી બાજુએ ખસી ગયો ને રસ્તાની એક બાજુ પર પહોંચી વિચાર કરવા લાગ્યો કે 'હા! હા! હું કેવો હતભાગી કે પ્રભુ આટલા નજીક હોવા છતાં મને તેમનાં દર્શન થયાં નહિ! હવે આ ભગ્ન શરીરે તેમની પાસે તો પહોંચી શકું તેમ નથી, માટે અહીંથી જ તેમને વંદન કરી લઉં. હે પ્રભો! ભવોભવ મને તમારું જ શરણ હજો.'

આવા શુભ અધ્યવસાયમાં તેણે દેહ છોડ્યો, એટલે મરીને તે દર્દુરાંક નામનો વૈમાનિક મહર્દ્ધિક દેવ થયો.

અધ્યવસાયોમાં પરિવર્તન.

આત્મા શુભ અધ્યવસાયમાંથી અશુભ અધ્યવસાયમાં ને અશુભ અધ્યવસાયમાંથી શુભ અધ્યવસાયમાં આવી જાય છે, એ વસ્તુ તો તમે પણ અનુભવી જ હશે. તમે અહીં આવીને વ્યાખ્યાન સાંભળો છો, ત્યારે તમને એવો અધ્યવસાય થાય

છે કે હવે ક્રોધ કરવો નહિ, અભિમાન કરવું નહિ, કોઈ જાતનું છળકપટ કરવું નહિ, લોભ બિલકુલ રાખવો નહિ વગેરે, પરંતુ અહીંથી બહાર ગયા પછી અને વ્યવહાર કે વ્યાપારમાં પડ્યા પછી એ અધ્યવસાયો રહે છે ખરા ? ત્યાં કોઈ તમારું અપમાન કરે કે ગાળ દે તો તરત લડવા તૈયાર થાઓ છો ને સામી બે-ચાર ગાળ ચોપડી દો છો.

તમને કેટલીક વાર શુભ અધ્યવસાયો થાય છે, પણ તે ટકતા નથી અને તેથી જ જે આત્મવિકાસ કે આત્મ-પ્રગતિ થવી જોઈએ તે થતી નથી.

તમે કોઈવાર ગુસ્સામાં આવી ગયા હો અને અશુભ અધ્યવસાયોમાં ચડી ગયા હો, પણ કોઈ મુરબ્બી કે સજ્જન આવીને તમને બે શબ્દો હિતના કહે, તો શાંત થઈ જાઓ છો અને શુભ અધ્યવસાયમાં આવી જાઓ છો.

અધ્યવસાયો બદલવામાં નિમિત્તો કામ કરે છે, એ પણ ભૂલવા જેવું નથી. તમે અભિમાનમાં આવી ગયા હો અને બીજાને તુચ્છ ગણતા હો એવામાં બાહુબલીજીની ધ્યાનસ્થ મૂર્તિનું ચિત્ર જોવામાં આવે તો તમારા અધ્યવસાય તરત બદલાઈ જાય અને 'હે જીવ ! તું શું કરી રહ્યો છે !' એવો પ્રશ્ન તમારાં મનમાં જરૂર ખડો થાય. 'બાહુબલિ સર્વસ્વનો ત્યાગ કરીને ધ્યાનમાં ઊભા રહ્યા, પણ અભિમાનનો થોડો અંશ રહી જવાથી કેવળજ્ઞાન ન પામ્યા. જ્યારે પરમાત્મા ઋષભદેવ સ્વામીએ બ્રાહ્મી અને સુંદરીને મોકલી. તેમણે બાહુબલીને સમજાવ્યા, બાહુબલિ મહામુનિએ અભિમાન છોડ્યું અને અધ્યવસાયો પરમ શુદ્ધ થયા કે તરત જ કેવલજ્ઞાન

પામ્યા. તો હે જીવ ! તું તો અભિમાનથી છકી ગયો છે, તારું શું થશે ? આવો અધ્યવસાય તમને થયા વિના રહે નહિ, તીર્થો, મંદિરો, ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, સદ્‌ગુરુસમાગમ, ઉત્સવ-મહોત્સવો એ બધાં અધ્યવસાયોને શુદ્ધ કરવાનાં પ્રબળ નિમિત્તો છે. તેથી જ મહાપુરુષોએ તેની જોરદાર હિમાયત કરી છે, એ તમારે ભૂલવાનું નથી. નિમિત્તો નબળાં પડ્યાં કે અશુભ અધ્યવસાયો તમારા પર જોરદાર હુમલો કરશે અને તમારાં જીવનની બાજી બગાડી નાખશે.

આત્માના પરિણામો કે અધ્યવસાયોની શુદ્ધિ એ જ ભાવધર્મ છે અને ભગવાને તેને દાન, શીલ તથા તપ કરતાં પણ ઉત્તમ માન્યો છે, કારણ કે ભાવ ન હોય તો આ કોઈ ક્રિયા શોભતી નથી કે પોતાનું વાસ્તવિક ફળ આપી શકતી નથી. હજાર રૂપિયાની આશા રાખી હોય, ત્યાં દશ મળે એ વાસ્તવિક ફળ કહેવાય નહિ.

સ્થિતિબંધમાં અધ્યવસાયો કારણભૂત છે.

કર્મનો પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ પડવામાં યોગબળ કારણભૂત છે, તેમ કર્મનો સ્થિતિબંધ પડવામાં અધ્યવસાયો કારણભૂત છે. આત્મા જે અધ્યવસાયસ્થાને વર્તતો હોય તે પ્રમાણે કર્મની સ્થિતિનો બંધ પડે છે.

સ્થિતિના પ્રકારો

સ્થિતિ અર્થાત્ કાલમર્યાદા ત્રણ પ્રકારની છે: (૧) જઘન્ય, (૨) મધ્યમ અને (૩) ઉત્કૃષ્ટ. જે સ્થિતિ ટૂંકામાં ટૂંકી હોય તેને જઘન્ય કહેવાય; જે સ્થિતિ લાંબામાં લાંબી હોય તેને

ઉત્કૃષ્ટ કહેવાય; અને જે સ્થિતિ એ બે વચ્ચેની હોય તે મધ્યમ કહેવાય.

આઠ કર્મની સ્થિતિ.

અહીં આઠે કર્મની સ્થિતિ કેટલી હોય છે? તે તમને જણાવીશું.

કર્મ	જઘન્ય સ્થિતિ	ઉત્કૃષ્ટ સ્થિતિ
૧ જ્ઞાનાવરણીય	અંતર્મુહૂર્ત	૩૦ કોટાકોટિ સાગરોપમ
૨ દર્શનાવરણીય	,,	,,
૩ વેદનીય	બાર મુહૂર્ત	,,
૪ મોહનીય	અંતર્મુહૂર્ત	૭૦ કોટાકોટિ સાગરોપમ
૫ આયુષ્ય	,,	૩૩ સાગરોપમ
૬ નામ	આઠ મુહૂર્ત	૨૦ કોટાકોટિ સાગરોપમ
૭ ગોત્ર	,,	,,
૮ અંતરાય	અંતર્મુહૂર્ત	૩૦ કોટાકોટિ સાગરોપમ

જઘન્ય સ્થિતિથી એક સમય વધારે અને ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય ઓછો હોય ત્યાં સુધી મધ્યમ સ્થિતિ જાણવી.

જ્યાં વિજ્ઞાન હોય ત્યાં ગણિત હોય, અને જ્યાં ગણિત હોય ત્યાં નાની–મોટી અનેક પ્રકારની ગણતરીઓ હોય. આજના કોઇ પણ વૈજ્ઞાનિકને પૂછો કે તેને ગણિત વગર જરા પણ ચાલે છે ખરું? આજના વિજ્ઞાને સેકંડના પણ હજારો ભાગ કર્યા છે અને અમુક ક્રિયાઓ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે, પણ આપણું કાલમાન તેથી પણ ઘણું સૂક્ષ્મ છે.

જેના કલ્પનાથી પણ બે ભાગ ન થઈ શકે એવા કાળના સૂક્ષ્મ ભાગને 'સમય' કહેવાય. આવા અસંખ્ય સમય એકઠા થાય ત્યારે આવલિકા કહેવાય. આવી સંખ્યાત આવલિકા ભેગી થાય ત્યારે શ્વાસ કહેવાય. એક શ્વાસોશ્વાસને પ્રાણ કહેવાય અને સાત પ્રાણનો સ્તોક કહેવાય. એવા સાત સ્તોક ભેગા થાય ત્યારે લવ કહેવાય અને એવા ૭૭ લવ ભેગા થાય ત્યારે એક મુહૂર્ત કહેવાય. આવાં ત્રીશ મુહૂર્તથી એક અહોરાત્ર બને. (દિવસ અને રાત બે મળીને એક અહોરાત્ર કહેવાય છે.)

આ શબ્દો બરાબર લક્ષમાં રાખશો, કારણ કે શાસ્ત્રોમાં તેનો ઉપયોગ થયેલો છે અને તેથી વસ્તુસ્થિતિ સમજવામાં સરળતા પડશે.

પંદર અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો માસ અને બાર માસનું વર્ષ એ ગણતરી જગતમાં પણ પ્રસિદ્ધ છે.

પાંચ વર્ષનો યુગ કહેવાય અને આવા ૨૦ યુગની એક શતાબ્દિ કહેવાય. આજે યુગ શબ્દ કાળના બહુ મોટા પ્રમાણ માટે પ્રચલિત છે, પણ તેને આનાથી ભિન્ન સમજવો.

દશ શતાબ્દિને સહસ્રાબ્દિ કહેવાય ને આઠ હજાર ચારસો સહસ્રાબ્દિને એટલે ૮૪ લાખ વર્ષને એક પૂર્વાંગ કહેવાય. પૂર્વનું માપ કેટલું મોટું છે, તેનો ખ્યાલ આથી આવી શકશે. એક પૂર્વમાં ૭૦૫૬૦ અબજ વર્ષો આવે.

ત્યારપછી ત્રુટિતાંગ, ત્રુટિત, અટ્ટાંગ, અટટ વગેરે અનેક પ્રકારનાં માપો છે. તેમાં ૧૯૪ અંકની સંખ્યાને શીર્ષ-પ્રહેલિકા કહેવામાં આવે છે.

આ રીતે સંખ્યાતની ગણત્રી એનાથી પણ મોટી છે. ત્યારબાદ અસંખ્યાતની શરૂઆત થાય છે, પલ્યોપમ અને સાગરોપમ એ પણ આ જાતનાં માપો છે. એક યોજન લાંબો, એક યોજન પહોળો અને એક યોજન ઊંડો ખાડો ઝીણામાં ઝીણા વાળના એટલે એક વાળના અસંખ્યાત ટૂકડા થાય તેવા ઝીણા ટૂકડાથી ભરવામાં આવે અને તેના પર થઇને ચક્રવર્તીની સેના ચાલી જાય તો પણ દબાય નહિ, એ રીતે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે, પછી તેમાંથી સો વર્ષે એક વાળનો ઝીણામાં ઝીણો ટુકડો કાઢતાં જેટલા વર્ષે એ ખાડો ખાલી થાય તેટલા કાલને પલ્યોપમ કહેવાય. અને આવા દશ કોડાકોડિ એટલે ૧૦ ક્રોડ × ક્રોડ પલ્યોપમના કાલને સાગરોપમ કહેવાય.

કોને કેવો સ્થિતિબંધ હોય ?

હવે તમને સાગરોપમનો ખ્યાલ બરાબર આવી ગયો હશે.

અહીં આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩૩ સાગરોપમનો જણાવ્યો છે, તે સર્વાર્થસિદ્ધ વિમાનવાસી જીવને તથા સાતમી નરકના જીવને હોય છે. બાકીની સાત પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવને હોય છે.

અંતર્મુહૂર્તની આયુષ્યની જઘન્ય સ્થિતિ તિર્યંચ અને મનુષ્ય એ બે પ્રકારના જીવોને હોય છે. અને બાકીની પ્રકૃતિની જઘન્ય સ્થિતિ સૂક્ષ્મસંપરાય એટલે દશમા ગુણસ્થાને વર્તતા જીવને–મનુષ્યને હોય છે. ગુણસ્થાનકનો વિચાર આગળ આવશે પણ હાલ તો તેનું નામ યાદ રાખો.

અધ્યવસાય વિશેષ એટલે આત્માના પરિણામ વિશેષનું નામ લેશ્યા.

કૃષ્ણ આદિ દ્રવ્યની સહાયતાથી આત્માના પરિણામ વિશેષ થાય તેને લેશ્યા કહેવામાં આવે છે. અને તે રસ-બંધનું મુખ્ય કારણ છે. કર્મ બાંધતી વખતે જેવો તીવ્ર-મંદ રસ બાંધ્યો હોય અને પછી ફેરફાર થયો હોય તો તે પ્રમાણે, તેનું તીવ્ર-મંદ ફળ ભોગવવું પડે છે.

લેશ્યાનું સ્વરૂપ સમજવા માટે શાસ્ત્રમાં જંબૂવૃક્ષ અને છ પુરુષોનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે, તે બરાબર સમજી લેવું જોઇએ.

જંબૂવૃક્ષ અને છ પુરુષો

છ મુસાફરો એક જંબૂવૃક્ષ નીચે આવ્યા. તેમાંનાં પહેલાએ કહ્યું : 'આ જાંબૂડાને તોડી પાડીએ તો મનગમતાં ફળ ખવાય.' બીજાએ કહ્યું : આખાં ઝાડને તોડી પાડવાની શી જરૂર છે ? તેનું એક મોટું ડાળું તોડી પાડીએ તો પણ આપણું કામ થશે.' ત્રીજાએ કહ્યું : 'અરે ભાઇઓ ! મોટું

× શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યક ટીકા પૃ ૬૪૫ પર નીચેનો શ્લોક આ પ્રમાણરૂપે ટાંકયો છે.

कृष्णादिद्रव्यसाचिव्यात्परिणामोऽयमात्मनः ।
स्फटिकस्येव तत्राऽयं लेश्याशब्दः प्रवर्तते ॥

'આત્માનું સહજ રૂપે સ્ફટિકની સમાન નિર્મળ છે. તેના ભિન્ન ભિન્ન પરિણામ જે કૃષ્ણ, નીલ, આદિ અનેક રંગવાળા પુદ્ગલ વિશેષની અસરથી થાય છે તેને લેશ્યા કહેવામાં આવે છે.'

ડાળું તોડી પાડવાની જરૂર નથી. તેની એક નાની ડાળી તોડી પાડશો તો પણ ચાલશે.' ચોથાએ કહ્યું : 'મોટું કે નાનું ડાળું તોડવાની શી જરૂર છે ? આપણે તેમાંથી ફળવાળા ગુચ્છા જ તોડી લ્યો ને ?' પાંચમાએ કહ્યું : 'મને તો એ પણ વ્યાજબી જણાતું નથી. જો આપણે જાંબૂડા ખાવાનું જ કામ છે, તો તેમાંથી જાંબૂડાં જ શા માટે વીણી ન લેવાં ?' છઠ્ઠાએ કહ્યું : 'ભાઈઓ મારો મત તમારા બધાથી જુદો પડે છે. ભૂખ શમાવવી એ જ આપણું પ્રયોજન હોય તો અહીં જે તાજાં જાંબૂ ખરી પડ્યાં છે, તેને જ શા માટે વીણી ન લેવાં ! તેમાંથી આપણી ભૂખ જરૂર ભાંગશે.'

અહીં પ્રથમ પુરુષના અધ્યવસાયો ઘણા અશુભ-તીવ્રતમ હોવાથી તેને કૃષ્ણલેશ્યા સમજવી, બીજા પુરુષના અધ્યવસાયો તીવ્રતર હોવાથી તેને નીલલેશ્યા સમજવી, ત્રીજા પુરુષના અધ્યવસાયો તીવ્ર હોવાથી તેને કાપોતલેશ્યા સમજવી. કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ લેશ્યાઓની ગણના અશુભ લેશ્યાઓમાં થાય છે, તેમાં પૂર્વ પૂર્વની વધારે અશુદ્ધ છે.

ચોથાના અશુભ અધ્યવસાયો મંદ હોવાથી તેને તેજોલેશ્યા સમજવી, પાંચમા પુરુષના અશુભ અધ્યવસાયો મંદતર

× શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં ચોવીશમા અધ્યયનમાં લેશ્યાઓનાં નામ દર્શાવનારી ગાથા નીચે મુજબ છે.

કિણ્હા નીલાય કાઉય તેઉ પમ્હા તહેવ ય ।
સુક્કલેસાય છટ્ઠાય, નામાહં તુ જહક્કમં ॥ ૩ ॥

'છ લેશ્યાનાં નામ ક્રમાનુસાર આ પ્રમાણે છે. કૃષ્ણ લેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા.

હોવાથી તેને પદ્મલેશ્યા સમજવી અને છઠ્ઠા પુરુષનાં અશુભ અધ્યવસાયો મંદતમ હોવાથી તેને શુકલલેશ્યા સમજવી. તેઓ, પદ્મ અને શુકલ લેશ્યાઓની ગણના શુભ લેશ્યાઓમાં થાય છે અને તે ઉત્તરોત્તર વધારે શુભ છે.

આટલું યાદ રાખો

આટલી વસ્તુ યાદ રાખો કે જેમ રસ વધુ તેમ કર્મનો બંધ તીવ્ર અને રસ ઓછો તેમ કર્મનો બંધ ઢીલો. પુણ્ય બાંધતી વખતે જે વિચાર કરીએ તે રસથી-વીર્યોલ્લાસથી કરીએ તો તે તીવ્ર રૂપે બંધાય અને તેનું ફળ ઘણું શુભ મળે. પુણ્ય મળે. પરંતુ તે રસ વિનાનું હોવાનાં કારણે તેનું ફળ સાધારણ મળે, પહેલાં જેવું ન મળે. માટે જ્યારે ધર્મક્રિયા કરો, ત્યારે આનંદ-ઉત્સાહ-રસપૂર્વક કરો. જેથી તેનું ફળ સુંદર મળે અને સાંસારિક કે પાપમય કાર્યો કરવાં પડે ત્યારે દુભાતા દિલે કરો, જેથી કર્મનો બંધ ઢીલો પડે અને તેનું વિશેષ દુઃખ ભોગવવાનો વખત આવે નહિ.

લેશ્યા વિષે કેટલાક પ્રશ્નો

પ્રશ્ન–લેશ્યાઓનાં નામ રંગ પ્રમાણે ગોઠવાયાં છે, તેમાં કોઈ હેતુ છે ?

ઉત્તર–આત્માએ ગ્રહણ કરેલાં જે પુદ્ગલો લેશ્યારૂપે પરિણમે છે, તે દ્રવ્યલેશ્યા કહેવાય અને આત્માના જે અધ્યવસાયો તે ભાવલેશ્યા કહેવાય. દ્રવ્યલેશ્યાને વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ હોય છે, તેમાં જે લેશ્યાનો જેવો વર્ણ અર્થાત્ રંગ હોય તે નામથી તેને સૂચિત કર્યો છે. પ્રથમ સહુથી ઘેરો

રંગ, પછી તેનાથી ઉતરતો રંગ, એ પ્રમાણે ગોઠવણપૂર્વક અશુદ્ધમાંથી શુદ્ધનો ક્રમ બતાવ્યો છે. જેના અધ્યવસાય અધમાધમ હોય તેની દ્રવ્યલેશ્યા કૃષ્ણ એટલે કાળા રંગની હોય, એ પ્રમાણે બધી લેશ્યાનું સમજી લેવું.

પ્રશ્ન-આનો અર્થ તો એજ ને કે અધ્યવસાયોને પણ રંગ હોય છે ?

ઉત્તર-આમાં થોડી સમજ ફેર થાય છે. અધ્યવસાયોને રંગ હોતો નથી, પણ તે વખતે જે દ્રવ્યલેશ્યા વર્તે છે, તેને રંગ હોય છે.

પ્રશ્ન-લેશ્યાનો વિચાર બીજા કોઇએ કર્યો છે ખરો ?

ઉત્તર-ગોશાલકના મતમાં જીવોની કૃષ્ણ, નીલ, લોહિત, પીત, શુકલ અને અતિશુકલ એવી છ અભિજાતિઓ દર્શાવેલી પતંજલિ મુનિએ યોગ્યદર્શનમાં કૃષ્ણ, શુકલકૃષ્ણ, શુકલ અને અશુકલકૃષ્ણ એવા ચાર ભેદો બતાવ્યા છે. થિયોસોફીવાળાઓ મનુષ્યમાંથી જુદા જુદા પ્રકારની રંગ ધારાઓ વહે છે, એમ માને છે અને જુદા જુદા અધ્યવસાયોનું પરિણામ ગણાવે છે. હાલના મનોવિજ્ઞાને પણ વિચારોના પ્રકાર પ્રમાણે રંગની ધારા વહેવાના સિદ્ધાંતને માન્ય રાખ્યો છે, કારણ કે જેઓ 'કલેરવોયન્ટ' છે, તે એ રંગો જોઇ શકે છે, અને તેના પરથી મનુષ્ય કયા વિચારો કરી રહ્યો છે, તે કહી શકે છે. કેટલાક 'કલેરવોયન્ટ' નો અર્થ અવધિજ્ઞાની કરે છે, પણ તે ખોટો છે. એવા પુરુષોની ઇન્દ્રિયશક્તિનો વિશિષ્ટ રીતે વિકાસ થયેલો હોય છે.

પ્રશ્ન-લેશ્યાઓને ગંધ હોય છે, એમ આપે કહ્યું, તો કઈ લેશ્યાનો કેવો ગંધ હોય છે?

ઉત્તર-કૃષ્ણ, નીલ, અને કાપોત, એ ત્રણ અશુભ લેશ્યાનો ગંધ મરેલી ગાય કે મરેલા કૂતરાની વાસ આવે તેના કરતાં પણ વધારે ખરાબ હોય છે. જ્યારે તેજો પદ્મ અને શુકલ લેશ્યાનો ગંધ કેવડા વગેરે પુષ્પો કરતાં પણ વધારે સારો હોય છે.

પ્રશ્ન-લેશ્યાનો રસ કેવો હોય છે?

ઉત્તર-કૃષ્ણ લેશ્યાનો રસ અતિ કડવો હોય છે, નીલ લેશ્યાનો રસ અતિ તીખો હોય છે, કાપોતલેશ્યાનો રસ અતિ તૂરો હોય છે, તેજોલેશ્યાનો રસ ખટમીઠો હોય છે. પદ્મલેશ્યાનો રસ મીઠો હોય છે અને શુકલલેશ્યાનો રસ મધુર માત્ર ગળ્યો હોય છે.

પ્રશ્ન લેશ્યાઓનો સ્પર્શ કેવો હોય છે?

ઉત્તર-પહેલી ત્રણ લેશ્યાઓનો સ્પર્શ અતિ કર્કશ ખરબચડો હોય છે અને પછીની ત્રણ લેશ્યાઓનો સ્પર્શ અતિ કોમળ હોય છે.

જ્ઞાની ભગવંતોએ આ બધું પોતાનાં જ્ઞાનથી જોયું છે અને તે મુમુક્ષુઓના હિતાર્થે પ્રકટ કરેલું છે. આવું સૂક્ષ્મજ્ઞાન જૈન દર્શન વિના બીજે કોઈ ઠેકાણેથી મળી શકે તેમ નથી.

વિશેષ અવસરે કહેવાશે.

પહેલો ભાગ સમાપ્ત.

નમસ્કાર અનાદિ કાલનો છે.

'જો જૈન ધર્મ અનાદિ છે, તો અરિહંતો અનાદિ ખરા કે નહિ? જો અરિહંતો ન હોય તો ધર્મનું પ્રવર્તન ન થાય, માટે તેમને પણ અનાદિ જ માનવા પડે. હવે અરિહંતો નિર્વાણ પામ્યા પછી અવશ્ય સિદ્ધ થાય છે, તેમજ જે જીવો પોતાના સકલ કર્મ ખપાવે છે, તે પણ સિદ્ધ થાય છે. એટલે સિદ્ધોને પણ અનાદિ જ માનવા પડે. આ વાત તમારા અંતરમાં લખી રાખો કે સિદ્ધશિલાની ઓપનીંગ સેરીમની એટલે ઉદ્‌ઘાટન ક્રિયા કોઈના હાથે થઈ નથી. એ સ્થાન તો અનાદિ કાળથી ત્યાં જ છે અને મુક્ત જીવોને પોતાના અગ્રભાગે સ્થાન આપી રહેલ છે. ત્યાં ગમે તેટલા જીવો ભેગા થાય તો પણ સંકડાશ પડે એમ નથી, કારણ કે જીવ સ્વભાવે અરૂપી છે; એટલે એક સ્થાનમાં ગમે તેટલી સંખ્યામાં રહી શકે છે.

અરિહંતો નિયમા ધર્મતીર્થને સ્થાપનારા હોય છે, એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરેને પણ અનાદિ કાળના જ માનવા પડે. હવે વિચાર કરો કે જ્યાં સાધુ-સાધ્વીનો વિશાળ સમુદાય હોય ત્યાં આચાર્ય અને ઉપાધ્યાય હોય કે નહિ? જો આચાર્ય ન હોય તો ગચ્છને સાચવે કોણ અને સાધુઓની સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરે કોણ? વળી ઉપાધ્યાય ન હોય તો સાધુઓને દ્વાદશાંગીનું જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક સ્વરૂપ સમજાવે કોણ! તાત્પર્ય કે સાધુઓને અનાદિ માનીએ તેની સાથે આચાર્ય તથા ઉપાધ્યાયને પણ અનાદિ જ માનવા પડે. હવે પંચપરમેષ્ઠિ હોય ત્યાં તેમને નમસ્કાર કરવાની ક્રિયા હોય કે નહિ? તેનો વિચાર કરો.'

[નમસ્કાર-મહિમામાંથી]

એક કાવ્ય

આત્મતત્ત્વવિચાર

આત્મતત્ત્વવિચાર એ જ છે, જૈન ધર્મનો સાર
આત્મતત્ત્વવિચાર એ જ છે, જીવનનો આધાર
આત્મતત્ત્વવિચાર એ જ છે, અંતરનો ટહુકાર
આત્મતત્ત્વવિચાર એ જ છે, મુક્તિનો સથવાર
લક્ષ્મણસૂરિ આચાર્ય દેવની, મંગળમય આ વાણી
જુગ જુગનાં તરસ્યા જીવોને, પાયે નિર્મળ-પાણી
આત્મતત્ત્વને ઓળખવાની, દૃષ્ટિએ બતલાવે
માનવભવની સાર્થકતાનો, સંદેશો સંભળાવે
સકલ ધર્મનો સાર સૂરિએ, અહીં સમજાવી દીધો
આત્મ વીણા ઝંકાર મધુરો, અહીં સંભળાવી દીધો
જીવન પંથ ભૂલ્યા પથિકોને, સાચો રાહ બતાવી દીધો
'આત્મતત્ત્વવિચાર' ગ્રન્થ છે, સૂરીશ્વરજીની સિદ્ધિ
ઘર ઘરમાં વંચાતા એની, જગમાં થઈ પ્રસિદ્ધિ.

રચયિતા,
પ્રસિદ્ધ સંગીતરત્ન,
શ્રી શાંતિલાલ શાહ

ॐ એક અભિપ્રાય ॐ

પ્રખર પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીના આત્મા પરનાં પ્રવચનોનાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં પ્રકાશનો "આત્મ-તત્ત્વ વિચાર" ભાગ-૧ તથા ભાગ-૨ આત્માર્થી જીવોને જરૂર વાંચવા જેવા છે. ક્રાઉન ૧૬ પેજી ૪૯૪ પેજનો પ્રથમ ભાગ તથા ૪૯૪ પેજનો બીજો ભાગ એવા ફળદાર ગ્રન્થને હાથમાં લેતાં જ બાહ્યદૃષ્ટિએ અવશ્ય ગમી જાય તેમ છે, ને અંદર અભ્યંતર વિષયો તરફ દૃષ્ટિપાત કરતાં બન્ને ભાગોમાં આલેખાયેલ વિષય ખૂબ જ મૌલિક, તાત્વિક અને રસ પ્રચુર છે.

આત્મતત્વની યથાર્થ વિચારણા ઝીણવટભરી હોવા છતાં હળવી શૈલિમાં સરળ ભાષામાં સર્વ કોઇને ગ્રાહ્ય થઈ શકે તેવી રીતે આ બંને ભાગમાં ખૂબજ હૃદયંગમ પદ્ધતિથી દલીલો, દૃષ્ટાંતો તેમજ વિસ્તારથી સૂક્ષ્મેક્ષિકા પૂર્વક રજૂ થઇ છે. તેમ જ અદ્ભુત તત્વ જ્ઞાનને રજૂ કરે છે.

આ ગ્રન્થ જૈનશાસનના ચારેય અનુયોગને જે રીતે સરલ, સ્વચ્છ બાલ તથા લોકભોગ્ય શૈલિએ રજૂ કરે છે. સમગ્રરીતે જોતાં આ બંને ભાગમાં કેવું હળવું અને કેવુ સરસ, સરળ અને મનનીય રીતે થયું છે તે ખૂબીની વાત છે. સાહિ-ત્યિક જગતમાં આ ગ્રન્થ રત્ન સમો છે. જૈન શાસનને તેમ જ જગતને જાણવા [illegible] છે ને ગાગરમાં સાગરરૂપે સમસ્ત [illegible] છે.

[illegible] થી)

[illegible] ક્ષિવર

(હાલ પૂ[illegible] રિજી મ.)

Serving JinShas
071675
gyanmandir@kobatirth.org